# શ્રીમદ્ ભગવદ્
# ગીતા
**(માહાત્મ્ય - શ્લોકઅનુવાદ - વિવરણ)**

**વિષ્ણુ મહંત**

-: પ્રકાશક :-
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**Shreemad Bhagwat Geeta**
by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**વિષ્ણુ મહંત**

-: ટાઈપ સેટીંગ :-
Mayur's

-: વિક્રેતા :-
**એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-
**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

**પિતાશ્રી ગોવિંદરામ**

**તથા**

**માતૃશ્રી શાંતાબેન**

# પ્રસ્તાવના

વ્હાલા વાંચક મિત્રો,

ઘણાં વર્ષોથી જે મારુ પથદર્શક બન્યું છે તેવું પુસ્તક ભગવદ્ગીતાનું મને આપમેળે અધ્યયન થતું રહ્યું છે. અધ્યયનમાં લંબાઈ, પહોળાઈ મહત્ત્વની ચીજ નથી, મહત્ત્વ છે ગંભીરતાનું અને ઊંડાણનું. બહુ વખત સુધી કલાકોના કલાક હું આ પુસ્તકનું અધ્યયન કરતો રહ્યો છું. તે અધ્યયન કરતાં મારી બુદ્ધિ પ્રજ્ઞામાં નવી કૂપણો ફૂટતી રહી. તેમાં એક એવો વિચાર સ્ફુર્યો કે, દરેક અધ્યાયનું ગીતાજીમાં અલગ માહાત્મ રહેલું છે. દરેક શ્લોકની સમજૂતિ હોવી જરૂરી છે અને પછી જો દરેક અધ્યાયને અંતે તેના વિષે સત્સંગ જેવો વિવરણ અધ્યયન લેખ હોય તો વાંચકને રસ અને જાગૃતિ લાભ મળે. આ એક વિચારથી મેં આ પુસ્તકનું લેખન કાર્ય શરૂ કર્યું. જો કે તે માટે મેં મારા અનુભવીવિચારો સાથે અમુક પુસ્તકો સહારા લીધા. 'ગીતાજી' પર લખાયેલા લેખો, પુસ્તકો, નિબંધોનું ગહનતાથી વાંચન કર્યું. જેમાં મને શ્રી યોગ વેદાંત સમિતિ, સંતશ્રી લીલાશાહજી મહારાજ, ગોવિંદભવનના પુસ્તકો, વિનોબાજીના પ્રવચનો, વિવિધ દૃષ્ટિકોણથી વિવેચિત થયેલ શ્રીમદ્ ભગવદ્ ગીતા, અખંડ આનંદ સરસ્વતીજી મહારાજનાં લખાણો, ગાંધીજીનાં દૃષ્ટિકોણથી ગીતા અભ્યાસ વગેરે બાબતોના સંદર્ભ અને સંકલનથી હું આ પુસ્તક આપના હાથમાં મૂકી રહ્યો છું. આ પુસ્તકમાં મેં આપની આગળ ત્રણ સ્વાદિષ્ટ વાંચનભૂખ સંતોષતાં પકવાન મૂક્યાં છે. જેમાં દરેક અધ્યાયનું આગવું ધાર્મિક માહાત્મ્ય રહેલું છે. તે દરેક અધ્યાયની શરૂઆતમાં છે, જેથી આપશ્રીને અધ્યાય વાંચવાની આંતરિક પ્રેરણા, શક્તિ તથા શ્રદ્ધા મળે. પછી મેં દરેક અધ્યાયના શ્રીભગવદ્ગીતાના મૂળ શ્લોકો મૂક્યા છે. જોકે તે ગુજરાતી અક્ષરોમાં સંસ્કૃત શ્લોકો છે. જેથી આપ તેનું સ્પષ્ટ ઉચ્ચારણ, વાંચન કરી શકો.

જેથી દોષરહિત પાઠ થઈ શકે. જેણે ઓછા સમયમાં માત્ર પાઠ જ કરવો છે તો દરેક અધ્યાયના માત્ર શ્લોકનું પઠન કરી શકે છે. જો શ્લોકની સંસ્કૃત ભાષાનો અર્થ જાણવાની જીજ્ઞાસા હોય તો દરેક શ્લોક નીચે ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે. જો કોઈને આ દરેક અધ્યાય પર સત્સંગ કરવાની ઈચ્છા હોય તો દરેક અધ્યાય પછી તેનું વિવેચન વિવરણ મૂક્યું છે. જેથી આપ દરેક અધ્યાયના શબ્દાર્થ સાથે ભાવાર્થને પણ માણી શકો. જો કે આ દરેક અધ્યાયનું આ આટલું જ વિવરણ કે ગુઢાર્થ નથી. તે ઉપરાંત આપ પણ તેમાં વિચારો ઉમેરી આપની સુઝ પ્રજ્ઞાથી તેના ભાવાર્થને વધારી શકો છો. આ વિવરણ તો માત્ર આપના અધ્યયનને પથદર્શન કરવા પ્રકાશ ફેંક્યો છે.

જો કે શ્રીમદ્ ભગવદ્ ગીતા એક જીવન સમસ્યાનો ઉકેલ આપતો રહસ્યમય ગ્રંથ છે. આમાં સકળ વેદોના સારનો સંગ્રહ કરી લેવામાં આવ્યો છે. જો કે આ પુસ્તક મેં એવુ બનાવ્યું છે કે આપ આના અભ્યાસથી ગીતાજીના ગંભીર રહસ્યને સરળતાથી સમજી શકો અને તેના દરેક અધ્યાયના વાંચન માટે શ્રદ્ધા કેળવી આપની આત્મશક્તિને નવો જોશ આપી શકો, આપની પ્રજ્ઞાને નવો આયામ આપી શકો.

ગીતા ભગવાનનો શ્વાસ અને હૃદય છે. આપે આ પુસ્તક પર દૃષ્ટિ કરી પસંદ કર્યું તે જ બતાવે છે કે આપનામાં કોઈ સુજ્ઞ પવિત્ર આત્મા વસી રહ્યો છે. મને મારા આત્મા દ્વારા આપનામાં વસેલા આત્માની આ પુસ્તક દ્વારા સેવા કરવાની તક મળી તે બદલ હું જગત પિતા યોગપુરુષ શ્રીકૃષ્ણભગવાનનો વંદન સાથે આભાર માનું છું.
જય શ્રીકૃષ્ણ

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫, ૯૯૯૮૧ ૯૯૯૨૮



# શ્રીમદ્ ભગવદ્ ગીતા

## પ્રથમ અધ્યાયનું માહાત્મ્ય

શ્રી પાર્વતીજી બોલ્યાં : ભગવન્ ! આપ સર્વ તત્ત્વોના જ્ઞાતા છો. આપની કૃપાથી મને શ્રીવિષ્ણુ-સંબંધી વિવિધ ધર્મો જાણવા મળ્યા, જે સમસ્ત લોકોનો ઉદ્ધાર કરનારા છે. હે દેવેશ! હવે હું ગીતામાહાત્મ્ય સાંભળવા ઈચ્છું છું, જેનું શ્રવણ કરવાથી શ્રીહરિમાં ભક્તિ વધે છે.

શ્રીમહાદેવજી બોલ્યા : જેમનો શ્રીવિગ્રહ (શરીર) અળસીના ફૂલ જેવો શ્યામળ છે, પક્ષીરાજ ગરુડજી જેમનું વાહન છે, જેઓ પોતાના મહિમાથી ક્યારેય ચ્યુત થતા નથી તથા શેષનાગની શૈયા ઉપર શયન કરે છે, તે ભગવાન મહાવિષ્ણુની આપણે ઉપાસના કરીએ છીએ.

એક સમયની વાત છે. મુર દૈત્યનો નાશ કરનાર ભગવાન વિષ્ણુ શેષનાગનાં રમણીય આસન પર સુખપૂર્વક બિરાજમાન હતા. તે સમયે સમસ્ત લોકને આનંદ આપનાર ભગવતી લક્ષ્મીજીએ આદરપૂર્વક પૂછ્યું :

શ્રી લક્ષ્મીજી બોલ્યાં : ભગવન્ ! આપ સમગ્ર જગતનું પાલન કરનારા હોવા છતાં પોતાની સમૃદ્ધિ પ્રત્યે ઉદાસીન જેવા થઈ આ ક્ષીરસાગરમાં પોઢી રહ્યાં છો. તેનું શું કારણ છે?

શ્રી ભગવાન બોલ્યા : હે સુમુખી ! હું માત્ર સૂઈ જ નથી રહ્યો પરંતુ તત્ત્વોનું અનુસરણ કરનારી અંતર્દષ્ટિથી મારા પોતાના માહેશ્વર તેજનો સાક્ષાત્કાર કરી રહ્યો છું. હે દેવી ! આ તેજ એ જ છે જેનું યોગી પુરુષો કુશાગ્ર બુદ્ધિથી પોતાના અંતઃકરણમાં દર્શન કરે છે તથા જેનાથી મીમાંસાના વિદ્વાનો (મીમાંસકો) વેદનાં સાર તત્ત્વોનો નિર્ણય કરે છે. તે માહેશ્વર તેજ એક અજર, પ્રકાશસ્વરૂપ, આત્મરૂપ, રોગ-શોકથી રહિત, અખંડ આનંદ-પુંજ, નિષ્પંદ (નિરીહ) તથા દ્વૈતરહિત છે. આ સંસારનું જીવન તેને જ આધીન છે. હું તેનો જ અનુભવ કરું છું. હે દેવેશ્વરી ! એ જ કારણથી હું તમને નિદ્રાધીન હોઉં એમ લાગે છે.

શ્રી લક્ષ્મીજી બોલ્યાં : હે હૃષીકેશ ! આપ જ યોગી પુરુષોના ધ્યેય છો. આપના સિવાય પણ કોઈ ધ્યાન કરવા યોગ્ય તત્ત્વ છે, એ જાણીને મને ઘણું કૌતુક થાય છે. આ ચરાચર જગતનું સર્જન અને સંહાર કરનાર સ્વયં આપ જ છો. આપ સર્વ સમર્થ છો. આવી સ્થિતિમાં હોવા છતાં જો આપ પરમ તત્ત્વથી ભિન્ન હો તો કૃપા કરીને તેનો બોધ કરાવો.



શ્રી ભગવાન બોલ્યાં : હે પ્રિયે ! આત્માનું સ્વરૂપ દ્વૈત અને અદ્વૈતથી અલગ, ભાવ અને અભાવથી મુક્ત તથા આદિ અને અંતથી રહિત છે. શુદ્ધ જ્ઞાનના પ્રકાશથી ઉપલબ્ધ થનાર તથા પરમાનંદ સ્વરૂપ હોવાથી એકમાત્ર સુંદર છે. તે જ મારું ઈશ્વરીય રૂપ છે. આત્માનું એકત્વ જ બધા માટે જાણવા યોગ્ય છે. ગીતાશાસ્ત્રમાં તેનું જ પ્રતિપાદન થયું છે.

અમિત તેજસ્વી ભગવાન વિષ્ણુનાં આ વચનો સાંભળી લક્ષ્મીજીએ શંકા કરતાં કહ્યું : ભગવન્ ! જો આપનું સ્વરૂપ સ્વયં પરમાનંદમય અને મન વાણીની ગતિથી પર છે તો ગીતા તેનો બોધ કઈ રીતે કરાવે છે? મારી આ શંકાનું નિવારણ કરો.

શ્રી ભગવાન બોલ્યા : હે સુંદરી ! સાંભળો. હું ગીતામાં મારી સ્થિતિનું વર્ણન કરું છું. ક્રમશઃ પાંચ અધ્યાયોને મારં પાંચ મુખ જાણો, દસ અધ્યાયોને મારી દસ ભુજાઓ, એક અધ્યાયને ઉદર તથા બે અધ્યાયને બંને પગ જાણો. આમ આ અઢાર અધ્યાયોની વાઙ્મયી ઈશ્વરીય મૂર્તિ સમજવી જોઈએ. આ જાણવા માત્રથી જ મહાન પાપોનો નાશ થાય છે. જે ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ ગીતાના એક કે અડધા કે ચતુર્થાંશ શ્લોકનો જ દરરોજ અભ્યાસ કરે છે તે સુશર્માની જેમ ભક્ત થઈ જાય છે.

શ્રી લક્ષ્મીજી બોલ્યાં : હે દેવ ! સુશર્મા કોણ હતો? કઈ જ્ઞાતિનો હતો? અને કયા કારણે તેની મુક્તિ થઈ?

શ્રી ભગવાન બોલ્યાં : હે પ્રિયે ! સુશર્મા બહુ જ દુષ્ટ બુદ્ધિનો માણસ હતો. પાપીઓનો તો એ શિરોમણિ હતો. તેનો જન્મ વૈદિક જ્ઞાન વગરના તથા ક્રૂર કર્મો કરનાર બ્રાહ્મણના કુળમાં થયો હતો. તે ધ્યાન, જપ, પૂજા કંઈ કરતો ન હતો. હોમ, યજ્ઞ કે અતિથિસત્કાર પણ કરતો ન હતો. તે લંપટ અને વિષય-ભોગમાં આસક્ત રહેતો હતો. ખેતી કરતો અને ઘાસ-પાન વેચીને આજીવિકા ચલાવતો હતો. તે બ્રાહ્મણ હોવા છતાં માંસ-મદિરાનું સેવન પણ કરતો હતો. આ રીતે તેણે જીવનનો મોટો ભાગ પસાર કરી દીધો.

એક દિવસ મૂર્ખ બુદ્ધિવાળો સુશર્મા પાંદડાં લેવા માટે કોઈ ઋષિની વાડીમાં આંટા મારતો હતો. એટલામાં કાળનું રૂપ ધારણ કરીને કાળા સાપે તેને દંશ દીધો. તેથી સુશર્મા મૃત્યુ પામ્યો. તે પછી તે અનેક પ્રકારની નરક યાતનાઓ ભોગવી પાછો મૃત્યુલોકમાં એક ભાર ઉપાડનાર બળદ તરીકે અવતર્યો. તે સમયે કોઈ લંગડા માણસે પોતાનું જીવન આરામથી પસાર કરવા તેને ખરીદી લીધો. બળદે પોતાની પીઠ ઉપર તે લંગડાનો ભાર ઉપાડતાં ઉપાડતાં સાત-આઠ વર્ષ ઘણાં કષ્ટો સાથે પસાર કર્યાં.

એક દિવસ લંગડાએ કોઈ ઊંચા સ્થાને ઘણા લાંબા સમય સુધી ખૂબ ઝડપથી તે બળદને ફેરવ્યો. એથી તે થાકીને લોથ થઈ જમીન ઉપર ઢળી પડ્યો અને બેહોશ થઈ ગયો. તે સમયે ત્યાં



કૌતુકવશ ઘણા લોકો ભેગા થઈ ગયા. જનસમુદાયમાંથી કોઈ પુણ્યાત્માએ તે બળદનું કલ્યાણ કરવા તેને પોતાનાં પુણ્યોનું દાન કર્યું. તે પછી થોડાક બીજા માણસોએ પણ પોતપોતાનાં પુણ્યોને યાદ કરી તેના માટે દાન કર્યું. એ ભીડમાં એક વેશ્યા પણ ઊભી હતી. તેણીને પોતાનાં પુણ્યોનો ખ્યાલ ન હતો, તો પણ તેણીએ લોકોના દેખાદેખી તે બળદ માટે કંઈક ત્યાગ કર્યું.

તે પછી યમરાજાના દૂતો તે મરણ પામેલ પ્રાણીને પહેલાં યમપુરીમાં લઈ ગયા. વેશ્યાના આપેલ પુણ્યથી આ પુણ્યશાળી બની ગયો છે એમ વિચારીને તેને ત્યાંથી છોડી મૂકવામાં આવ્યો. પછી ભૂલોકમાં આવી ઉત્તમ કુળ અને ચારિત્ર્યવાન બ્રાહ્મણના ઘેર જન્મ્યો. તે સમયે પણ તેને પોતાના પૂર્વજન્મની વાતોનું સ્મરણ રહ્યું. ઘણા દિવસો પછી પોતાના અજ્ઞાનને દૂર કરનારાં કલ્યાણ-તત્ત્વોનો જિજ્ઞાસુ થઈ તે પેલી વેશ્યા પાસે ગયો અને તેના દાનની વાત કરતાં તેને પૂછ્યું :

"તેં કયાં પુણ્યનું દાન કર્યું હતું?"

વેશ્યાએ ઉત્તર આપ્યો : "પેલાં પાંજરામાં બેઠેલો પોપટ દરરોજ કંઈક બોલે છે તેનાથી મારું અંતઃકરણ પવિત્ર થઈ ગયું છે. તેનું પુણ્ય મેં તારા માટે દાન આપેલું." તે પછી તે બંનેએ પેલા પોપટને પૂછ્યું ત્યારે પોપટ પોતાના પૂર્વ જન્મનું સ્મરણ કરી પ્રાચીન ઈતિહાસ કહેવા લાગ્યો :

પોપટ બોલ્યો : ‘‘પૂર્વ જન્મમાં હું એક વિદ્વાન હતો. હું મારી વિદ્વતાના અભિમાનમાં મોહિત હતો. મારામાં રાગ-દ્વેષ એટલા વધી ગયા હતા કે હું ગુણવાન વિદ્વાનો પ્રત્યે પણ ઈર્ષ્યા રાખવા લાગ્યો. પછી સમયાનુસાર મારું મૃત્યું થયું અને હું અનેક ઘૃણિત લોકોમાં ભટકતો રહ્યો. અંતે આ લોકમાં આવ્યો. સદ્ગુરુની નિંદા કરવાથી પોપટ કુળમાં મારો જન્મ થયો. પાપી હોવાને કારણે નાનપણથી જ માતાપિતાનો વિયોગ થયો. એક દિવસ હું ગ્રીષ્મઋતુમાં તપી ગયેલા માર્ગ ઉપર પડ્યો હતો. ત્યાંથી કોઈ શ્રેષ્ઠ મુનિ મને ઉપાડી લાવ્યા. પાંજરામાં તેમણે મને મુકી દીધો. ત્યાં મને ભણાવવામાં આવ્યો. ઋષીઓનાં બાળકો પણ ઘણા આદર સાથે ગીતાના પ્રથમ અધ્યાયની આવૃત્તિ કરતાં હતાં. તેમની પાસેથી સાંભળીને હું પણ વારંવાર પાઠ કરવા લાગ્યો. એ ગાળામાં જ એક ચોરી કરનાર પક્ષી પકડનારાઓને મને ત્યાંથી ચોરી લીધો. તે પછી આ દેવીએ મને ખરીદ્યો. આ મારી કથા છે જે મેં આપને કહી બતાવી. પૂર્વ કાળમાં મેં આ પ્રથમ અધ્યાયનો અભ્યાસ કર્યો હતો જેનાથી મેં પોતાનાં પાપો મટાડ્યાં છે. વળી એનાથી જ આ વેશ્યાનું અંતઃકરણ પણ શુદ્ધ થયું છે અને તેના જ પુણ્યથી આ દ્વિજશ્રેષ્ઠ સુશર્મા પણ પાપ મુક્ત થયા છે.’’

આ રીતે પરસ્પર વાર્તાલાપ અને ગીતાના પ્રથમ



અધ્યાયના માહાત્મ્યની પ્રશંસા કરી તે ત્રણેય જણ હંમેશાં પોતપોતાના ઘેર ગીતાનો અભ્યાસ કરવા લાગ્યાં. પછી જ્ઞાન મેળવી તેઓ મુક્ત થયાં. માટે, જેઓ ગીતાના પ્રથમ અધ્યાયને વાંચે, સાંભળે તથા અભ્યાસ કરે છે તેમને આ ભવસાગર તરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી.

## પ્રથમ અધ્યાય

**ધૃતરાષ્ટ્ર ઉવાચ**

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।**
**મામકા : પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ ૧॥**

ધૃતરાષ્ટ્ર બોલ્યા : હે સંજય ! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા, યુદ્ધના ઈચ્છુક, મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું? ॥૧॥

**સંજય ઉવાચ**

**દૃષ્ટ્વા તુ પાણ્ડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા ।**
**આચાર્યમુપસઙ્ગમ્ય રાજા વચનમબ્રવીત્ ॥૨॥**

સંજય બોલ્યા : તે વખતે રાજા દુર્યોધને વ્યૂહાં ગોઠવાયેલી પાંડવોની સેનાને જોયા પછી દ્રોણાચાર્ય પાસે જઈને આ વચન કહ્યાં : ॥૨॥

**પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ્ ।**
**વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥૩॥**

હે ગુરુદેવ ! આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન વડે વ્યૂહાકારે ઊભી કરાયેલી પાંડુપુત્રોની આ અત્યંત વિશાળ સેનાને જુઓ.



**અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ।**
**યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥૪॥**
**ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કશિરાજશ્ચ વીર્યવાન્ ।**
**પુરુજિત્કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુઙ્ગવઃ ॥૫॥**
**યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।**
**સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથા : ॥૬॥**

આ સેનામાં મોટાં ધનુષ્યો ધારણ કરનારા તથા યુદ્ધમાં ભીમ અને અર્જુન જેવા શૂરવીર - સાત્યકિ, વિરાટ, મહારથી રાજા દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, બળવાન કાશિરાજ, પુરુજિત્, કુન્તિભોજ અને પુરુષશ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ તથા બળવાન ઉત્તમૌજા, સુભદ્રાપુત્ર અભિમન્યુ તેમજ દ્રૌપદીના પાંચેય પુત્રો - બધા જ મહારથીઓ છે.

**અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।**
**નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે ॥૭॥**

હે દ્વિજશ્રેષ્ઠ ! હવે આપણા સૈન્યમાં પણ જે મુખ્ય શૂરવીરો છે તેમને પણ આપ જાણી લો, આપની જાણ ખાતર મારી સેનાના જે જે સેનાપતિઓ છે, તેમને હું કહું છું. ॥૭॥

**ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ ।**
**અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥૮॥**

આપ સ્વયં, પિતામહ ભીષ્મ તથા કર્ણ, સંગ્રામવિજયી

કૃપાચાર્ય તેમજ અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા - ॥૮॥

**અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।**
**નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ ॥૯॥**

આ સિવાય બીજા પણ મારા માટે જીવનને ત્યજનારા ઘણા શૂરવીરો અનેક પ્રકારનાં શસ્ત્રાશસ્ત્રથી સજ્જ છે તેમજ સર્વે યુદ્ધમાં નિપુણ છે. ॥૯॥

**અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્ ।**
**પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્ ॥૧૦॥**

ભીષ્મ પિતામહ વડે રક્ષાયેલી આપણી તે સેના અપિરમિત હોવાને લીધે બધી જ રીતે અજેય છે, જ્યારે ભીમ વડે રક્ષાયેલી આ લોકોની આ સેનાને તો પરિમિત હોવાને કારણે જીતવી સાવ સહેલી છે. ॥૧૦॥

**અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતા : ।**
**ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ ॥૧૧॥**

આથી બધાં વ્યૂહદ્વારો પર પોતપોતાની જગ્યાએ રહેલા તમે બધાય સજાગ રહીને ભીષ્મપિતામહનું જ બધી બાજુથી રક્ષણ કરો. ॥૧૧॥

**તસ્ય સંજનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।**
**સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શઙ્ખં દધ્મૌ પ્રતાપવાન્ ॥૧૨॥**



કૌરવોમાં વૃદ્ધ મહાન પ્રતાપી પિતામહ ભીષ્મે તે દુર્યોધનના હૃદયમાં હરખ જન્માવતાં જોરથી સિંહની જેમ ગરજીને શંખ વગાડ્યો. ॥૧૨॥

**તતઃ શઙ્ખાશ્ચ ભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।**
**સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોઽભવત્ ॥૧૩॥**

પછી શંખ, નગારાં, ઢોલ, મૃદંગ તેમજ રણશિંગાં વગેરે વાદ્યો એક સાથે જ વાગી ઊઠ્યાં; તેમનો એ અવાજ ઘણો ભયંકર થયો. ॥૧૩॥

**તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।**
**માધવઃ પાણ્ડવશ્ચૈવ દિવ્યૌ શઙ્ખૌ પ્રદધ્મતુઃ ॥૧૪॥**

ત્યાર પછી શ્વેત અશ્વો જોડેલા ઉત્તમ રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ મહારાજે અને અર્જુને પણ અલૌકિક શંખ વગાડ્યા.

**પાઞ્ચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનઞ્જયઃ ।**
**પૌણ્ડ્રં દધ્મૌ મહાશઙ્ખં ભીમકર્મા વૃકોદરઃ ॥૧૫॥**

શ્રીકૃષ્ણ મહારાજે પાંચજન્ય નામનો, અર્જુને દેવદત્ત નામનો અને ભયાનક કર્મ કરનાર ભીમસેને પૌણ્ડ્ર નામનો મહાશંખ વગાડ્યો.

**અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ ।**
**નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥૧૬॥**

કુન્તીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો અને નકુળ

તથા સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા. ॥૧૬॥

**કાશ્યશ્ચપરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથઃ ।**
**ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ ॥૧૭॥**
**દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।**
**સૌભદ્રશ્ચ મહાબાહુઃ શઙ્ખાન્દધ્મુઃ પૃથક્ પૃથક્ ॥૧૮॥**

શ્રેષ્ઠ ધનુર્ધારી કાશિરાજ, મહારથી શિખણ્ડી, ધૃષ્ટદ્યુમ્ન, રાજા વિરાટ, અજેય સાત્યકિ, રાજા દ્રુપદ, દ્રૌપદીના પાંચેય પુત્રો અને મહાબાહુ સુભદ્રાપુત્ર અભિમન્યુ - આ સૌએ હે રાજન્ ! બધી બાજુએથી જુદા જુદા શંખો વગાડ્યા. ॥૧૭-૧૮॥

**સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્ ।**
**નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥૧૯॥**

તે ભયાનક નાદે આકાશ અને પૃથ્વીને પણ ગજાવતા ધાર્તરાષ્ટ્રોના એટલે કે આપના પક્ષધારીઓનાં હૃદય ચીરી નાખ્યાં. ॥૧૯॥

**અથ વ્યવસ્થિતાન્દષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ ।**
**પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ ॥૨૦॥**
**હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।**

**અર્જુન ઉવાચ**

**સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત ॥૨૧॥**



હે રાજન્ ! તે પછી કપિધ્વજ અર્જુને યુદ્ધ માટે સજ્જ થયેલા ધૃતરાષ્ટ્ર-સંબંધીઓને જોઈને, શસ્ત્રપ્રહારની તૈયારી વેળાએ ધનુષ ઉપાડીને હૃષીકેશ શ્રીકૃષ્ણ મહારાજને આ વચન કહ્યું, “હે અચ્યુત! મારા રથને બન્ને સેનાઓની વચ્ચે ત્યાં સુધી ઊભો રાખો. ॥૨૦-૨૧॥”

**યાવદેતાન્નિરીક્ષેઽહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।**
**કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્ રણસમુદ્યમે ॥૨૨॥**

જ્યાં સુધીમાં રણભૂમિમાં ભેગા થયેલા યુદ્ધની અભિલાષા રાખનારા આ વિપક્ષી યોદ્ધાઓને સારી પેઠે હું જોઈ ન લઉં; કે આ યુદ્ધમાં મારે કોની કોની સાથે લડવાનું છે એ હું જોઈ તો લઉં! ॥૨૨॥

**યોત્સ્યમાનાનવેક્ષેઽહં ય એતેઽત્ર સમાગતાઃ ।**
**ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥૨૩॥**

દુર્બુદ્ધિ દુર્યોધનનું યુદ્ધમાં હિત ઈચ્છનારા જે જે રાજાઓ આ સૈન્યમાં આવ્યા છે તે સૌ યુદ્ધ કરનારાઓને હું સારી રીતે જોઉં તો ખરો!” ॥૨૩॥

**સંજય ઉવાચ**

**એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।**
**સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥૨૪॥**
**ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।**

**ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરૂનીતિ ॥૨૫॥**

સંજય બોલ્યા : હે ધૃતરાષ્ટ્ર ! ગુડાકેશ અર્જુન દ્વારા આ પ્રકારે કહેવાયેલા હૃષીકેશ શ્રીકૃષ્ણચંદ્રે બન્ને સેનાઓની મધ્યમાં ભીષ્મ અને દ્રોણાચાર્યની તેમજ સમસ્ત રાજાઓની સામે ઉત્તમ રથને ઊભો રાખીને આ પ્રમાણે કહ્યું, ''હે પાર્થ ! યુદ્ધ માટે એકઠા થયેલા આ કૌરવોને જો.'' ॥૨૪-૨૫॥

**તત્રાપશ્યત્સ્થિતાન્ પાર્થઃ પિતૃનથપિતામહાન્ ।**
**આચાર્યાન્માતુલાન્ભ્રાતૃન્પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા ॥૨૬॥**
**શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।**

ત્યાં પૃથાપુત્ર અર્જુને એ બન્ને સેનાઓમાં રહેલા વડીલો, કાકાઓ, પિતામહો, ગુરુઓ, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ તેમજ સુહૃદોને જ જોયા. ॥૨૬-૨૭નો પૂર્વાર્ધ॥

**તાન્ સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્બન્ધૂનવસ્થિતાન્ ॥૨૭॥**
**કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।**

તે ઉપસ્થિત સઘળા બાંધવોને જોઈને એ કુન્તીપુત્ર અર્જુન અત્યંત કરુણાથી ઘેરાઈને વિષાદ કરતાં આ વચનો બોલ્યાં :- ॥૨૭ નો ઉત્તરાર્ધ-૨૮ નો પૂર્વાર્ધ ॥

**અર્જુન ઉવાચ**

**દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥૨૮॥**



**સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।**
**વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥૨૯॥**

અર્જુન બોલ્યા : હે કૃષ્ણ ! યુદ્ધક્ષેત્રમાં ઊભેલા યુદ્ધ કરવા ઈચ્છતા આ સ્વજન-સમુદાયને જોઈને મારાં અંગો શિથિલ થઈ રહ્યાં છે, મોં સુકાઈ રહ્યું છે તથા મારા શરીરમાં કંપ અને રોમાંચ થઈ રહ્યો છે. ॥૨૮નો ઉત્તરાર્ધ-૨૯॥

**ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે ।**
**ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥**

હાથમાંથી ગાંડીવ ધનુષ સરી રહ્યું છે, ચામડી પણ ઘણી બળી રહી છે તથા મારું મન જાણે ભમે છે, માટે હું ઊભો રહેવાને પણ સમર્થ નથી. ॥૩૦॥

**નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।**
**ન ચ શ્રેયોડનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥૩૧॥**

હે કેશવ ! હું તો લક્ષણો પણ અવળાં જ જોઉં છું અને યુદ્ધમાં સ્વજનોને મારીને કલ્યાણ પણ નથી જોતો. ॥૩૧॥

**ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।**
**કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥૩૨॥**

હે કૃષ્ણ ! હું ન તો વિજય ઈચ્છું છું કે ન તો રાજ્ય કે ન સુખ પણ; હે ગોવિંદ ! અમારે આવા રાજ્યનું શું પ્રયોજન? અથવા આવા ભોગો અને જીવનથી પણ અમને શો લાભ?

**યેષામર્થે કાઙ્ક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।**
**ત ઈમેઽવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ॥૩૩॥**

અમે જેમના માટે રાજ્ય, ભોગ અને સુખો ઈચ્છીએ છીએ, તે જ બધા લોકો તો ધન અને જીવવાની આશા જતી કરીને યુદ્ધમાં ઊભા છે! ॥૩૩॥

**આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।**
**માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્તથા ॥૩૪॥**

અહીં ગુરુજનો, વડીલો, પુત્રો તેમજ દાદા, મામા, સસરા, પૌત્રો, સાળા તથા બીજા બધા સંબંધીઓ જ છે. ॥૩૪॥

**એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન ।**
**અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ॥૩૫॥**

હે મધુસૂદન ! હું હણાઉં છતાં પણ અથવા ત્રણે લોકનું રાજ્ય મેળવવા માટે પણ હું આ બધાને હણવા નથી ઈચ્છતો, તો પછી પૃથ્વી માટે તો કહેવું જ શું? ॥૩૫॥

**નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।**
**પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાતતાયિનઃ ॥૩૬॥**

હે જનાર્દન ! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને કયો આનંદ મળશે? આ આતતાયીઓને હણીને તો અમને પાપ જ લાગશે. ॥૩૬॥



**તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાન્ધવાન્ ।**
**સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥૩૭॥**

માટે હે માધવ ! પોતાના જ બાંધવ ધૃતરાષ્ટ્રપુત્રોને હણવા માટે અમે યોગ્ય નથી, પોતાના જ સ્વજનોને હણીને અમે કેમ સુખી થઈશું ? ॥૩૭॥

**યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।**
**કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥૩૮॥**
**કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્નિવર્તિતુમ્ ।**
**કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્જનાર્દન ॥૩૯॥**

જોકે લોભને લીધે ભ્રષ્ટચિત્ત થયેલા આ લોકો કુળના નાશથી ઉત્પન્ન થતા દોષને તથા મિત્રોનો વિરોધ કરવાથી ઉત્પન્ન થતા પાપને જોતા નથી, છતાં પણ હે જનાર્દન ! કુળ-નાશના કારણે લાગતા દોષને જાણનારા અમોએ આ પાપથી બચવા માટે કેમ ન વિચારવું? ॥૩૮-૩૯॥

**કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।**
**ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત ॥૪૦॥**

કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં સમસ્ત કુળમાં પાપ પણ ખૂબજ ફેલાઈ જાય છે. ॥૪૦॥

**અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।**
**સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસઙ્કરઃ ॥૪૧॥**

હે કૃષ્ણ ! પાપ ઘણું વધી જતાં કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. ॥૪૧॥

**સઙ્કરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।**
**પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ ॥૪૨॥**

વર્ણસંકર સંતતિ કુળના હણનારાઓને તથા કુળને નરકમાં લઈ જવા માટે જ હોય છે; પિંડ અને તર્પણક્રિયાથી વંચિત એમના પિતૃઓ પણ અધોગતિને પામે છે. ॥૪૨॥

**દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસઙ્કરકારકૈઃ ।**
**ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥૪૩॥**

આ વર્ણસંકરકારક દોષોથી કુળઘાતીઓના સનાતન કુળધર્મો અને જાતિધર્મો સમૂળા નષ્ટ થઈ જાય છે. ॥૪૩॥

**ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।**
**નરકેઽનિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥**

એટલું જ નહીં, હે જનાર્દન ! જેમના કુળધર્મો સમૂળા નષ્ટ થઈ ગયા હોય એવા મનુષ્યોને અનિશ્ચિત કાળ સુધી નરકમાં વાસ થાય છે, એમ અમે સાંભળતા આવ્યા છીએ. ॥૪૪॥



**અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।**
**યદ્રાજ્યસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥૪૫॥**

અરેરે ! ઘણા દુઃખની વાત છે કે અમે બુદ્ધિમાન હોવા છતાં પણ એવું મોટું પાપ કરવા તત્પર થયા છીએ, જે રાજ્ય અને સુખના લોભે સ્વજનોને હણવા તૈયાર થયા છીએ ! ॥૪૫॥

**યદિ મામપ્રતીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।**
**ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥**

એ કરતાં શસ્ત્રરહિત અને સામનો ન કરનાર એવા મને જો હાથમાં શસ્ત્ર લીધેલા ધૃતરાષ્ટ્રના પુત્રો રણમાં હણી નાખે, તો તે મરવું પણ મારા માટે વધુ કલ્યાણકારક થશે. ॥૪૬॥

**સંજય ઉવાચ**

**એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।**
**વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥૪૭॥**

સંજય બોલ્યા : રણભૂમિમાં શોકથી ઉદ્વિગ્નિ મનનો અર્જુન આમ કહીને બાણસહિત ધનુષ ત્યજીને રથના પાછળના ભાગમાં બેસી ગયો. ॥૪૭॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદેઽર્જુનવિષાદયોગો નામ પ્રથમોઽધ્યાયઃ ॥૧॥

**॥ અર્જુનવિષાદયોગ નામનો પહેલો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય પહેલો

## પ્રાસ્તાવિક આખ્યાયિકા - અર્જુનનો વિષાદ

પ્રિય જ્ઞાતી બંધુઓ આજથી હું શ્રીમદ્ ભગવદ્‌ગીતા વિષે વાતો કરવાનો છું. ગીતાનો અને મારો સંબંધ તર્કની પેલી પારનો છે. મારું શરીર માના દૂધથી પોષાયું છે, પણ તેથીયે વધુ મારા હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધથી થયું છે. અંતરની ઊંડી મમતાનો સંબંધ હોય છે ત્યાં તર્કને જગ્યા રહેતી નથી. તર્કને છોડી, શ્રદ્ધા ને પ્રયોગની બે પાંખોથીગીતાના આકાશમાં મારાથી જવાય તેટલું ઊંચે હું ઊડું છું. ઘણુંખરું હું ગીતાના વાતાવરણમાં હોઉં છું. ગીતા એટલે મારું પ્રાણતત્ત્વ. બીજા કોઈકની સાથે ગીતા વિષે હું કોઈક વાર વાતો કરું છું ત્યારે ગીતાના સમુદ્રના તરંગો પર તરતો હોઉં છું અને એકલો હોઉં છું ત્યારે એ અમૃતના સાગરમાં ઊંડે ડૂબકી મારીને બેસું છું. આવી આ ગીતામાઈનું ચરિત્ર દર મારે એવું કર્યું છે.

ગીતાની ગોઠવણ મહાભારતમાં કરવામાં આવી છે. આખાયે મહાભારત પર પ્રકાશ નાખતા ઊંચા દીવાની માફક



ગીતા તેની વચ્ચોવચ ઊભી છે. એક બાજુ મહાભારતના છ અને બીજી બાજુ બાર પર્વ એમ મધ્યભાગે અને તેવી જ રીતે એક તરફ સાત અક્ષૌહિણી અને બીજી તરફ અગિયાર અક્ષૌહિણી સેનાની વચ્ચે એમ પણ મધ્યભાગે રહીને ગીતાનો ઉપદેશ થયેલો છે.

મહાભારત અને રામાયણ આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. એમાંની વ્યક્તિઓ આપણા જીવન સાથે એકરૂપ થયેલી છે. રામ, સીતા, ધર્મ, દ્રૌપદી, ભીષ્મ, હનુમાન વગેરેનાં ચરિત્રોએ મંત્રની જેમ આખાયે ભારતીય જીવનને હજારો વર્ષોથી વશ કરેલું છે. દુનિયાનાં બીજાં મહાકાવ્યોમાંનાં પાત્રો આવી રીતે લોકજીવનમાં ભળી ગયેલાં જોવાનાં મળતાં નથી. આ રીતે જોઈએ તો મહાભારત અને રામાયણ બંને ખરેખર અદ્‌ભુત ગ્રંથો છે. રામાયણ મધુર નીતિકાવ્ય છે અને મહાભારત વ્યાપક સમાજશાસ્ત્ર છે. એક લાખ શ્લોકો રચીને વ્યાસે અસંખ્ય ચિત્રો, ચરિત્રો અને ચારિત્ર્યો ઘણી કાબેલિયતથી આબેહૂબ દોર્યાં છે. તદ્દન નિર્દોષ એક પરમેશ્વર વગર કોઈ નથી અને તેવી જ રીતે આ જગતમાં કેવળ દોષથી ભરેલું એવું પણ કંઈ નથી એ વાત મહાભારતે ચોખ્ખેચોખ્ખી કહી છે. એમાં ભીષ્મ ને યુધિષ્ઠિર જેવાના દોષો બતાવેલા છે અને તેથી ઊલટું કર્ણ ને દુર્યોધન વગેરેના ગુણો પણ પ્રગટ કરી બતાવ્યા છે. માનવીનું જીવન

ધોળાં ને કાળા ધાગાનો બનેલો પટ છે એ વાત મહાભારત કહે છે. વિશ્વમાંના વિરાટ સંસારનું છાયાપ્રકાશમય ચિત્ર ભગવાન વ્યાસ તેનાથી લેપાયા વગર અળગા રહીને બતાવે છે. વ્યાસની આ અત્યંત અલિપ્ત તેમ જ ઉદાત્ત ગૂંથણીની કુશળતાને લીધે મહાભારતનો ગ્રંથ સોનાની એક ઘણી મોટી ખાણ બન્યો છે. જેને જોઈએ તે એમાંથી શોધન કરીને ભરપટ્ટે સોનું લૂંટી શકે છે.

આવું મોટું મહાભારત વ્યાસે લખ્યું તો ખરું પણ તેમને પોતાને પોતાનું એવું ખાસ કંઈ કહેવાનું હતું કે નહીં? પોતાનો વિશિષ્ટ સંદેશ તેમણે ક્યાંયે આપ્યો છે ખરો? મહાભારતમાં કયે ઠેકાણે વ્યાસ સમાધિમાં તન્મય થયા છે? અનેક જાતનાં તત્ત્વજ્ઞાનનાં અને તરેહતરેહના ઉપદેશનાં વનમાં વન ઠેકઠેકાણે મહાભારતમાં ફેલાયેલાં છે પણ એ બધાં તત્ત્વજ્ઞાનનું, એ બધા ઉપદેશો અને એકંદરે આખા ગ્રંથનું સારભૂત રહસ્ય તેમણે કોઈ ઠેકાણે રજૂ કર્યું છે કે નથી? હા, કર્યું છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસે ભગવદ્‌ગીતામાં આપ્યું છે. ગીતા વ્યાસની મુખ્ય શીખ અને તેમના મનનનો પૂરેપૂરો સંઘરો છે. એના આધારથી 'મુનિઓમાં હું છું વ્યાસ' એ વિભૂતિ સાર્થક સાબિત કરવાની છે. પ્રાચીન કાળથી ગીતાને ઉપનિષદની પદવી મળેલી છે. ગીતા ઉપનિષદોનુંયે ઉપનિષદ છે. કેમકે બધાં ઉપનિષદોનું દોહન કરીને આ ગીતારૂપી દૂધ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવી જગતને



આપ્યું છે. જીવનના વિકાસને માટે જરૂરી એવો લગભગ એકેએક વિચાર ગીતામાં સમાયેલો છે. એથી જ ગીતા ધર્મજ્ઞાનનો કોષ છે એમ અનુભવી પુરુષોએ યથાર્થ કહ્યું છે. ગીતા નાનો સરખો તોયે હિંદુ ધર્મનો મુખ્યગ્રંથ છે.

ગીતા શ્રીકૃષ્ણે કહી છે એ બીના સૌ કોઈ જાણે છે. આ મહાન ઉપદેશ સાંભળનારો અર્જુન એ બોધ સાથે એવો સમરસ થયો કે તેને પણ 'કૃષ્ણ' સંજ્ઞા મળી, ઈશ્વર અને તેના ભક્તના હૃદયનું રહસ્ય પ્રગટ કરતાં કરતાં વ્યાસદેવ પીગળીને એટલા સમરસ થઈ ગયા કે તેમનેય લોક 'કૃષ્ણ' નામથી ઓળખવા લાગ્યા. કહેનારો કૃષ્ણ, સાંભળનારો કૃષ્ણ અને રચનારો પણ કૃષ્ણ એવું એ ત્રણેમાં જાણે કે અદ્વૈત પેદા થયું. ત્રણેની જાણે કે એકચિત્ત બની સમાધિ લાગી. ગીતાનો અભ્યાસ કરનારે એવી જ એકાગ્રતા રાખવાની છે.

## અર્જુનની ભૂમિકાનો સંબંધ

કેટલાક લોકોને એવું લાગે છે કે ગીતાનો આરંભ બીજા અધ્યાયથી ગણવો જોઈએ. તો પછી બીજા અધ્યાયના અગિયારમા શ્લોકથી ઉપદેશની સીધી શરૂઆત થાય છે ત્યાંથી જ આરંભ સમજવામાંયે શો વાંધો છે? એક જણે તો મને એટલે સુધી કહેલું, ''અક્ષરોમાં અકારને ખુદ ભગવાને પોતે ઈશ્વરી વિભૂતિ ગણાવી છે. 'अशोच्यानन्वशोचस्त्वं' ના શબ્દચમત્કારને

બાજુએ રાખીએ તો પણ એ આરંભ ઘણી રીતે યોગ્ય છે એમાં શંકા નથી. આમ છતાં તેની આગળના પ્રાસ્તાવિક ભાગનુંયે મહત્ત્વ છે. અર્જુન કઈ ભૂમિકા પર છે, કઈ વાત કહેવાની એકંદરે ગીતાની પ્રવૃત્તિ છે એ બધું આ પ્રાસ્તાવિક કથાભાગ વગર બરાબર ધ્યાનમાં આવે એવું નથી.

અર્જુનની નામર્દાઈ દૂર કરી તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાને સારુ ગીતાનો ઉપદેશ કરવામાં આવ્યો છે એવું કેટલાક લોકોનું કહેવું છે. તેમના અભિપ્રાય મુજબ ગીતામાં કર્મયોગનો ઉપદેશ છે એટલું જ નહીં, તેમાં યુદ્ધયોગનો પણ ઉપદેશ છે. થોડો વિચાર કરવાથી આ વાતમાં રહેલી ભૂલ દેખાશે. અઢાર અક્ષૌહિણી સેના લડવાને તૈયાર ઊભી હતી. તો શું આપણે એમ કહીશું કે આખી ગીતા સંભળાવીને શ્રીકૃષ્ણે અર્જુનને તે સેનાની લાયકાતનો બનાવ્યો? અર્જુન ગભરાઈ ગયો હતો, તે સેનાને ગભરાટ થયો નહોતો. એટલે શું તે સેનાની લાયકાત અર્જુન કરતાં વધારે હતી? આવો તો વિચાર સરખો થાય એમ નથી. અર્જુન બીકણ હતો તેથી લડાઈથી મોઢું ફેરવીને ઊભો રહ્યો હતો એવું નથી. સેંકડો લડાઈઓ ખેલી ચૂકેલો તે મહાવીર હતો. ઉત્તરગોગ્રહણ એટલે કે વિરાટની ગાયો છોડાવવાને પ્રસંગે તેણે એકલાએ એકલે હાથે ભીષ્મ, દ્રોણ અને કર્ણને હરાવી તેમનું બળ હરી લીધું હતું. હંમેશ વિજય મેળવનારની અને બધા નરમાં



એક જ સાચા નર તરીકેની તેની ખ્યાતિ હતી. તેના રોમેરોમમાં વીરવૃત્તિ ભરેલી હતી. અર્જુનને ચીડવવા માટે તેને નામર્દાઈનો ટોણો તો કૃષ્ણે પણ મારી જોયો હતો. એ બાણ જોકે ફોકટ ગયું ને પછી જુદા જ મુદ્દાઓ પર જ્ઞાન-વિજ્ઞાનનાં કેટલાંયે ભાષણો આપવાં પડ્યાં. તેથી નામર્દાઈ કાઢવા જેવું સરળ તાત્પર્ય ગીતાનું નથી એ બીના ચોખ્ખી છે.

બીજા કેટલાક કહે છે કે અર્જુનની અહિંસાવૃત્તિ દૂર કરી તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાને સારું ગીતાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. મારી સમજ પ્રમાણે આમ કહેવું બરાબર નથી. એ કેવી રીતે તે જોવાને આપણે અર્જુનની ભૂમિકા ઝીણવટથી તપાસવી પડશે. એ માટે પહેલો અધ્યાય અને બીજાની શરૂઆતમાં પેઠેલો અખાત જેવો ભાગ ઘણો કામનો છે.

અર્જુન રણમેદાન પર લડવાનો પાકો નિશ્ચય કરી કર્તવ્યની ભાવનાથી ઊભો રહ્યો હતો. ક્ષાત્રવૃત્તિ તેના સ્વભાવમાં હતી. યુદ્ધમાંથી ઊગરી જવાની પૂરેપૂરી કોશિશ કરવા છતાં તે ટાળી શકાયું નહોતું. સમજૂતીને માટે કૌરવો પાસે ઓછામાં ઓછી માગણી અને શ્રીકૃષ્ણ જેવાની મધ્યસ્થી બંને ફોકટ ગયાં હતાં. આ સંજોગોમાં દેશદેશના રાજાઓને એકઠા કરી કૃષ્ણ પાસે પોતાનું સારથિપણું કરવાનું સ્વીકારાવી તે રણમેદાન પર ઊભો રહે છે અને વીરવૃત્તિના ઉત્સાહથી કૃષ્ણને કહે છે, "કોણ કોણ

મારી સાથે લડવાને એકઠા મળ્યા છે તે બધાનાં મોઢાં એક વાર હું જોઈ લઉં તેટલા માટે બંને સેનાની વચ્ચોવચ મારો રથ લઈ જઈ ઊભો રાખો.'' કૃષ્ણ તેના કહેવા મુજબ કરે છે અને અર્જુન ચારેકોર નજર ફેરવે છે ત્યારે તેને શું દેખાય છે? બંને બાજુ પર પોતાના સ્વજનોનો, સગાંવહાલાંનો પ્રચંડ જમાવ ઊભો છે. 'બાપ ને બેટા, દાદા, પોતા વળી ઘણા' એમ આપ્ત સંબંધની પાંચ-પાંચ પેઢી મારવાનો ને મરવાનો છેવટનો નિશ્ચય કરી એકઠી મળી છે એવું તેણે જોયું. આ વાતનો ખ્યાલ પહેલાં તેને નહીં આવ્યો હોય એવું નથી. પણ સ્થિતિ પ્રત્યક્ષ નજરે પડે છે ત્યારે તેની અસર જુદી જ થાય છે. એ આખો સગાંવહાલાંનો સમૂહ જોતાંવેંત તેનું દિલ ડહોળાવા માંડે છે. તેને બહુ ખરાબ લાગે છે. અત્યાર સુધીમાં અનેક લડાઈઓમાં તેણે અનેક વીરોનો સંહાર કર્યો હતો ત્યારે કોઈ વખતે તેને ખરાબ લાગ્યું નહોતું. તેનું ગાંડીવ તેના હાથમાંથી સરી નહોતું. તેના શરીરમાં કંપારી આવી નહોતી અને તેની આંખ ભીની થઈ નહોતી. ત્યારે આ વખતે જ આમ કેમ? તેનામાં શું અશોકની માફક અહિંસાવૃત્તિનો ઉદય થયો હતો? ના. આ બધી સ્વજનાસક્તિ હતી. એ ઘડીએ પણ સામા ગુરુ, ભાઈઓ ને સગાંવહાલાં ન હોત તો તેણે રમતમાં દડા ઉછાળે તેમ શત્રુઓનાં માથાં ઉડાવ્યાં હોત. પણ આસક્તિથી જન્મેલો મોહ તેની કર્તવ્યનિષ્ઠાને ગળી ગયો હતો અને પછી



તેને તત્ત્વજ્ઞાન યાદ આવ્યું. કર્તવ્યનિષ્ઠ માણસ મોહમાં પડે તોયે ખુલ્લેખુલ્લી કર્તવ્યચ્યુતિ તેનાથી સહન થઈ શકતી નથી. તે પોતાની કર્તવ્યચ્યુતિને એકાદ સારા વિચારનો વેશ ઓઢાડે છે. અર્જુનનું પણ એવું જ થયું. યુદ્ધ મૂળમાં જ પાપ છે એવા ઉછીના લીધેલા વિચારનું તે હવે પ્રતિપાદન કરવા લાગ્યો. યુદ્ધથી કુળનો ક્ષય થશે, ધર્મનો લોપ થશે, સ્વૈર આચાર બેફામ બનશે, વ્યભિચારવાદ ફેલાશે, દુકાળ આવી પડશે, સમાજ પર આફતો ઊતરશે, એવા એવા કેટલાયે મુદ્દા તે ખુદ શ્રીકૃષ્ણને સમજાવવા બેઠો !

મને અહીં એક ન્યાયાધીશની વાત યાદ આવે છે. એક ન્યાયાધીશ હતો. સેંકડો ગુનેગારોને તેણે ફાંસીની સજા કરી હતી. પણ એક દિવસ તેના પોતાના દીકરાને ખૂની તરીકે તેની સામે ખડો કરવામાં આવ્યો. દીકરા પર મૂકાયેલો ખૂનનો આરોપ સાબિત થયો ને તેને ફાંસીની સજા કરવાનું એ ન્યાયાધીશને માથે આવ્યું. પણ તેમ કરતાં તે ન્યાયાધીશ અચકાયો. એટલે તેણે બુદ્ધિવાદભરી વાતો કરવા માંડી. ''ફાંસીની સજા અમાનુષી છે, એવી સજા કરવાનું માણસને શોભતું નથી, માણસના સુધરવાની આશા એને લીધે રહેતી નથી, ખૂન કરનારે લાગણીના આવેશમાં આવી ખૂન કર્યું પણ તેની આંખ પરનાં લોહીનાં પડળ ઊતરી ગયા પછી પણ ગંભીરતાથી તે માણસને ઊંચકીને ફાંસીએ

લટકાવીને મારવાનું કામ સમાજની માણસાઈને નીચું જોવડાવનારું તેમ જ ડાઘ લગાડનારું છે.'' આ ને આવા મુદ્દા ન્યાયાધીશે રજૂ કરવા માંડ્યા. આ છોકરો સામો આવ્યો ન હોત તો મરતાં સુધી ન્યાયાધીશ સાહેબ ખાસા ફાંસીની સજાઓ ટીપતા રહ્યા હોત. દીકરા પરના મમત્વને લીધે ન્યાયાધીશ આ પ્રમાણે બોલવા લાગ્યો હતો. તેનું એ બોલવું અંતરનું નહોતું. તે આસક્તિજન્ય હતું. ''આ મારો દીકરો છે'' એવા મમત્વમાંથી નિર્માણ થયેલો એ મોહ હતો.

અર્જુનની ગતિ એ ન્યાયધીશ જેવી થયેલી તેણે રજૂ કરેલા મુદ્દા ખોટા કે ભૂલભરેલા નહોતા. ગયા મહાયુદ્ધના આવાં અચૂક પરિણામ દુનિયાએ જોયાં છે. પણ વિચારવા જેવી વાત એટલી છે કે અર્જુનની ફિલસૂફી એ નહોતી. એ તેનો પ્રજ્ઞાવાદ હતો. શ્રીકૃષ્ણને એની બરાબર ખબર હતી. તેથી એ મુદ્દો જરાયે ધ્યાનમાં ન લેતાં તેમણે સીધો મોહનાશ માટેનો ઈલાજ અખત્યાર કર્યો. અર્જુન ખરેખર અહિંસાવાદી બન્યો હોત તો બીજાં આડ જ્ઞાન-વિજ્ઞાન ગમે તેણે ગમે તેટલાં સમજાવ્યાં હોત તોયે મૂળ મુદ્દાનો જવાબ મળ્યા વગર તેને સમાધાન થયું ન હોત. પણ આખી ગીતામાં ક્યાંયે એ મુદ્દાનો જવાબ નથી. અને છતાં અર્જુનને સમાધાન થયેલું છે. આ બધી વાતનો સાર એટલો કે અર્જુનની લાગણી અહિંસાવૃત્તિની નહોતી, તે યુદ્ધપ્રવૃત્ત જ હતો.



તેની દૃષ્ટિએ યુદ્ધ તેનું સ્વભાવપ્રાપ્ત અને અપરિહાર્ય ઠરેલું કર્તવ્ય હતું. મોહમાં ફસાઈ ને એ કર્તવ્ય તે હવે ટાળવા માગતો હતો. અને ગીતાનો મુખ્ય હુમલો એ મોહ પર જ છે.

ગીતાનું પ્રયોજન : સ્વધર્મવિરોધી મોહનો નિરાસ

અર્જુન એકલી અહિંસાની જ નહીં, સંન્યાસની ભાષા પણ બોલવા મંડ્યો હતો. આ લોહીથી ખરડાયેલા ક્ષાત્રધર્મ કરતાં સંન્યાસ સારો એવું અર્જુન કહે છે. પણ એ અર્જુનનો સ્વધર્મ હતો કે? તેની વૃત્તિ એવી હતી ખરી કે? સંન્યાસીનો વેશ અર્જુન સહેજે લઈ શક્યો હોત પણ સંન્યાસીની વૃત્તિ તે કેવી રીતે ને ક્યાંથી લાવે? સંન્યાસનું નામ લઈ તે વનમાં જઈ રહ્યો હોત તો ત્યાં તેણે હરણાં મારવા માંડ્યાં હોત. તેથી ભગવાને સાફ કહ્યું, ''અરે અર્જુન, લડાઈ કરવાની ના પાડે છે એ તારો કેવળ ભ્રમ છે. આજ સુધીમાં તારો જે સ્વભાવ ઘડાયો છે તે તને લડાઈમાં ખેંચ્યા વગર રહેવાનો નથી.''

અર્જુનને સ્વધર્મ વિગુણ એટલે કે ફીકો લાગે છે. પણ સ્વધર્મ ગમે તેટલો વિગુણ હોય તોયે તેમાં જ રહીને માણસે પોતાનો વિકાસ સાધવો જોઈએ કેમકે સ્વધર્મમાં રહીને જ વિકાસ થઈ શકે છે. એમાં અભિમાનનો સવાલ નથી. વિકાસનું એ સૂત્ર છે. સ્વધર્મ મોટો છે માટે સ્વીકારવાનો હોતો નથી અને નાનો હોય માટે ફેંકી દેવાનો હોતો નથી. હકીકતમાં તે મોટોયે

નથી હોતો ને નાનોયે નથી હોતો. તે મારા માપનો, લાયકનો હોય છે. 'શ્રેયાન્ સ્વધર્મો વિગુણ:' એ ગીતાવચનમાંના ધર્મ શબ્દનો અર્થ હિંદુ ધર્મ, મુસલમાન ધર્મ, ખ્રિસ્તી ધર્મ એ બધામાં વપરાતા ધર્મ શબ્દના અર્થ જેવો નથી. દરેક વ્યક્તિનો ધર્મ અલગ અલગ હોય છે. અહીં મારી સામે બેઠેલા આ તમારા બસો લોકોના બસો ધર્મો છે. મારો ધર્મ પણ દસ વરસ પહેલાં હતો તે આજે નથી, અને આજનો દસ વરસ પછી રહેવાનો નથી. ચિંતનથી અને અનુભવથી વૃત્તિ પલટાતી જાય છે તેમ તેમ પહેલાંનો ધર્મ ખરતો જાય છે અને નવો આવી મળે છે. મમત કે જબરજસ્તીથી એમાં કંઈ કરવાપણું હોતું નથી.

બીજાનો ધર્મ સારામાં સારો લાગે તોયે તે સ્વીકારવામાં મારું કલ્યાણ નથી. સૂરજનું અજવાળું મને ગમે છે. એ પ્રકાશથી પોષાઈને હું વધું છું. સૂર્ય મારે સારુ વંદવાયોગ્ય પણ ખરો. પણ એટલા ખાતર મારું પૃથ્વી પરનું રહેવાનું છોડી હું તેની પાસે જવા નીકળું તો બળીને ખાખ થઈ જાઉં. એથી ઊલટું પૃથ્વી પર રહેવાનું વિગુણ લાગે. ફીકું લાગે, સૂર્યની આગળ પૃથ્વી ભલે તદ્દન તુચ્છ હોય, તે પોતાના તેજથી ભલે ન પ્રકાશતી હોય, તો પણ સૂર્યનું તેજ સહન કરવાની શક્તિ કે તેવું સામર્થ્ય મારામાં ન હોય ત્યાં સુધી સૂરજથી આઘે પૃથ્વી પર રહીને જ મારે મારો વિકાસ સાધવો જોઈએ. માછલીને કોઈ કહે કે, 'પાણી કરતાં



દૂધ કીમતી છે. દૂધમાં જઈને રહે.' તો માછલી એ વાત કબૂલ રાખશે કે? માછલી પાણીમાં સલામત રહેશે ને દૂધમાં મરી જશે.

અને બીજાનો ધર્મ સહેલો લાગે તેથીયે સ્વીકારવાનો ન હોય. ઘણી વાર તો સહેલાપણાનો ખાલી ભાસ હોય છે. સંસારમાં સ્ત્રી-બાળકોનું જતન બરાબર થઈ શકતું ન હોય તેથી થાકીને કે કંટાળીને કોઈ ગૃહસ્થ સંન્યાસ લે તો તે ઢોંગ થાય અને અઘરું પણ પડે. તક મળતાં વેંત તેની વાસનાઓ જોર કર્યા વગર નહીં રહે. સંસારનો ભાર ખેંચાતો નથી માટે ચાલ જીવ વનમાં જઈને રહું એવું વિચારી વનમાં જઈને રહેનારો સંસારી પહેલાં ત્યાં જઈને નાની સરખી ઝૂંપડી ઊભી કરશે, પછી તેના બચાવને માટે તેની ફરતે વાત કર્યા વગર નહીં રહે. એમ કરતાં કરતાં ત્યાં તેને સવાયો સંસાર ઊભો કરવાનો વારો આવ્યા વગર પણ નહીં રહે. વૈરાગ્યવૃત્તિ હોય તો સંન્યાસમાં અઘરું શું છે? સંન્યાસ સહેલો છે એણ બતાવનારાં સ્મૃતિવચનો પણ ક્યાં નથી? પણ અસલ મુદ્દો વૃત્તિનો છે. જેની જેવી સાચી વૃત્તિ હશે. તે મુજબ તેનો ધર્મ રહેશે. શ્રેષ્ઠ કે કનિષ્ઠ, સહેલો કે અઘરો એ સવાલ નથી. સાચો વિકાસ થવો જોઈએ. સાચી પરિણતિ જોઈએ.

પણ કોઈ કોઈ ભાવિક સવાલ કરે છે, 'યુદ્ધ કરવાના ધર્મ કરતાં સંન્યાસ કોઈ પણ સંજોગોમાં વધારે ચડિયાતો હોય તો ભગવાને અર્જુનને સાચો સંન્યાસી શા સારુ ન બનાવ્યો?

ભગવાનથી શું એ બને એવું નહોતું?' તેમનાથી ન પરમેશ્વર બધી જાતની છૂટ આપનારો છે. મહેનત જેણે તેણે જાતે કરવી રહે છે. એમાં જ ખરી મીઠાશ છે. નાનાં છોકરાંને જાતે ચિત્ર કાઢવામાં મોજ પડે છે. તેમનો હાથ પકડી કોઈ ચિત્ર કઢાવે તે તેમને ગમતું નથી. શિક્ષક છોકરાંઓને ઝપાટાબંધ એક પછી એક દાખલા કરી આપે તો છોકરાંઓની બુદ્ધિ વધે ક્યાંથી? માબાપે, ગુરુએ સૂચના કરવી. પરમેશ્વર અંદરથી સૂચના આપ્યા કરે છે. એથી વધારે બીજું કંઈ તે કરતો નથી. કુંભારની માફક ઈશ્વર ઠોકીને કે ટીપીને અથવા થાપીને હરેકનું માટલું ઘડે તેમાં સાર શો? અને આપણે કંઈ માટીનાં માટલાં નથી, આપણે ચિન્મય છીએ.

સ્વધર્મની આડે આવનારો જે મોહ છે, તેના નિવારણને માટે ગીતાનો જન્મ છે એ બીના આ બધા વિવેચન પરથી તમારા સૌના ખ્યાલમાં આવી હશે. અર્જુન ધર્મસંમૂઢ થયો હતો, સ્વધર્મની બાબતમાં તે મોહમાં ફસાયો હતો. શ્રીકૃષ્ણે આપેલા પહેલા ઠપકા પછી આ વાત અર્જુન જાતે કબૂલ કરે છે. એ મોહ, એ આસક્તિ, એ મમત્વ દૂર કરવાં એ જ ગીતાનું મુખ્ય કામ છે. આખી ગીતા સંભળાવી રહ્યા પછી ભગવાન પૂછે છે, "અર્જુન, મોહ ગયો?" અર્જુને જવાબ આપ્યો "ભગવાન, મોહ મરી ગયો, સ્વધર્મનું ભાન થયું." આમ ગીતાનો ઉપક્રમ અને



ઉપસંહાર બંનેનો મેળ બેસાડીને જોતાં મોહનિરાકરણ એ જ ગીતાનું ફળ દેખાય છે. એકલી ગીતાનો નહીં, ખુદ મહાભારતનો પણ એ જ ઉદ્દેશ છે. વ્યાસે છેક મહાભારતના આરંભમાં કહ્યું છે કે લોકોના હૃદય પર છવાયેલા મોહના પડદાને હઠાવવાને હું આ ઈતિહાસ-પ્રદીપ ચેતાવું છું.

## ઋજુ બુદ્ધિવાળો અધિકારી

હવે પછીની આખી ગીતા સમજવામાં અર્જુનની આ ભૂમિકા આપણને ઉપયોગી થઈ તે સારુ આપણે જરૂર તેનો આભાર માનીશું. એ સિવાય બીજો પણ તેનો એક ઉપકાર છે. અર્જુનની આ ભૂમિકામાં તેના મનની અત્યંત ઋજુતા ચોખ્ખી દેખાય છે. અર્જુન શબ્દનો અર્થ ઋજુ એટલે કે સરળ સ્વભાવનો એવો થાય છે. તેના મનમાં જે કંઈ વિચાર અથવા વિકાર ઊઠ્યા તે બધા તેણે નિખાલસપણે કૃષ્ણની આગળ રજૂ કર્યા. પોતાના ચિત્તમાં તેણે કશું રહેવા ન દીધું. અને છેવટે તે શ્રીકૃષ્ણને શરણ ગયો. હકીકતમાં તે આગળથી કૃષ્ણશરણ હતો. શ્રીકૃષ્ણને પોતાના સારથિને પદે સ્થાપી પોતાના રથના ઘોડાની લગામ તેના હાથમાં સોંપી તે જ વખતે તેણે પોતાની મનોવૃત્તિની લગામ પણ તેના હાથમાં સોંપવાની તૈયારી રાખી હતી. ચાલો, આપણે પણ એમ જ કરીએ. અર્જુન આગળ તો કૃષ્ણ હતા. પણ આપણને શ્રીકૃષ્ણ ક્યાંથી મળશે? આપણે એમ ન કહીએ. કૃષ્ણ એટલે એ

નામવાળી કોઈક એક વ્યક્તિ છે એવી ઐતિહાસિક ઉર્ફે ભ્રામક સમજમાં આપણે ન ફસાઈએ. અંતર્યામી સ્વરૂપે કૃષ્ણ આપણા દરેકના હૃદયમાં વિરાજમાન છે. આપણી પાસેમાં પાસે તે જ છે. આપણા દિલોમાંનો બધો મેલ આપણે તેની આગળ ખુલ્લો કરીએ ને તેને કહીએ, ''હે ઈશ્વર, હું તારે શરણે છું. તું મારો અનન્ય ગુરુ છે. મને ગમે તે એક રસ્તો બતાવ. તું બતાવશે તે જ રસ્તે જઈશ.'' આપણે આમ કરીશું તો તે પાર્થસારથિ આપણું પણ સારથિપણું કર્યા વગર રહેવાનો નથી. ખુદ પોતાને શ્રીમુખે તે આપણને ગીતા સંભળાવશે અને વિજયલાભ અપાવશે.



## બીજા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી ભગવાન બોલ્યા : હે લક્ષ્મી ! પ્રથમ અધ્યાયના માહાત્મ્યનું ઉત્તમ ઉપાખ્યાન મેં તમને સંભળાવ્યું. હવે બીજા અધ્યાયનું માહાત્મ્ય સાંભળો.

દક્ષિણ દિશામાં વેદજ્ઞ બ્રાહ્મણોના પુરંદરપુર નામના નગરમાં શ્રીમાન દેવશર્મા નામનો એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. તેઓ અતિથિઓનો સત્કાર કરનાર, સ્વાધ્યાયી, વેદશાસ્ત્રોના વિશેષજ્ઞ, યજ્ઞાદિ અનુષ્ઠાનો કરનારા અને તપસ્વીઓના પ્રિયપાત્ર હતા. તેમણે ઉત્તમ દ્રવ્યો વડે અગ્નિમાં હવન કરી દીર્ઘકાળ સુધી દેવતાઓને તૃપ્ત કર્યા હતા, પરંતુ તે ધર્માત્મા બ્રાહ્મણને સ્થાયી શાંતિ પ્રાપ્ત ન થઈ. તેઓ પરમ કલ્યાણમય તત્ત્વના જ્ઞાનની પ્રાપ્તિની ઈચ્છાથી પ્રતિદિન વિવિધ સામગ્રીઓ દ્વારા સત્ય-સંકલ્પવાળા તપસ્વીઓની સેવા કરવા લાગ્યા. આ રીતે શુભ આચરણ કરતાં તેમને ઘણો સમય વીતી ગયો. ત્યાર પછી એક દિવસ પૃથ્વી ઉપર તેમની સમક્ષ એક ત્યાગી મહાત્મા પ્રગટ થયા. તેઓ પૂર્ણ અનુભવી,

આકાંક્ષારહિત, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખનારા તથા શાંતચિત્ત હતા. સતત પરમાત્માના ચિંતનમાં એકચિત્ત થઈ તેઓ હંમેશાં આનંદવિભોર રહેતા હતા. દેવશર્માએ તે નિત્યસંપુટ તપસ્વીને શુદ્ધભાવથી વંદન કરી પૂછ્યું :

"મહાત્મન્ ! મને શાંતિમય સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થશે?"

ત્યારે તે આત્મજ્ઞાની સંતે દેવશર્માને સૌપુર ગામના નિવાસી મિત્રવાન જે બકરીઓ ચરાવતા હતા તેમની ઓળખ આપી અને કહ્યું : "તે જ તમને ઉપદેશ આપશે."

આ સાંભળી દેવશર્માએ મહાત્માનાં ચરણોમાં વંદના કરી અને સમૃદ્ધિશાળી સૌપુર ગામમાં પહોંચી તેના ઉત્તર ભાગમાં એક વિશાળ વન જોયું. તે જ વનમાં નદીના કિનારે એક શિલા ઉપર મિત્રવાન બેઠેલા હતા. તેમનાં નેત્રો આનંદાતિરેકથી નિશ્ચલ હતાં. તેઓ અપલક દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. તે સ્થાન પરસ્પરના સ્વાભાવિક વેરભાવને છોડીને એક સાથે રહેતાં પરસ્પર વિરોધી પ્રકૃતિનાં પ્રાણીઓથી ઘેરાએલું હતું. ત્યાં બગીચામાં મંદ મંદ હવા ચાલી રહી હતી. મૃગોનાં ટોળાં શાંતભાવથી બેઠેલાં હતાં અને મિત્રવાન દયાયુક્ત આનંદમયી મનોહારિણી દૃષ્ટિથી પૃથ્વી પર જાણે અમૃત વરસાવી રહ્યા હતા. તે રૂપમાં તેમને જોઈ દેવશર્માનું મન પ્રસન્ન થઈ ગયું. તેઓ ઉત્સુક થઈ ઘણા વિનય સાથે મિત્રવાન પાસે ગયા. મિત્રવાને પણ



પોતાના મસ્તકને સહેજ નમાવી દેવશર્માને સત્કાર્યા. તે પછી વિદ્વાન દેવશર્મા અનન્યભાવે મિત્રવાનની પાસે બેસી ગયા અને જ્યારે તેમનો ધ્યાનનો સમય સમાપ્ત થયો ત્યારે તેમણે પોતાના મનની વાત પૂછી :

"હે મહાભાગ ! હું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છું છું. મારા આ મનોરથની પૂર્તિ માટે મને કોઈ એવા ઉપાયનો ઉપદેશ આપો કે જેના વડે સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે."

દેવશર્માની વાત સાંભળી મિત્રવાન ક્ષણવાર વિચારમાં પડ્યા. તે પછી આ પ્રમાણે બોલ્યા :

"હે વિદ્વન્ ! એક સમયની વાત છે. હું વનમાં બકરીઓની રક્ષા કરી રહ્યો હતો. એટલામાં એક ભયંકર વાઘ ઉપર મારી દૃષ્ટિ પડી. એ જાણે બધાને ખાઈ જવા તત્પર હતો. હું મૃત્યુથી ડરતો હતો તેથી વાઘને આવતો જોઈ બકરાંનાં ટોળાંને આગળ કરી ત્યાંથી ભાગી ગયો. પરંતુ એક બકરી તરત જ સમગ્ર ભયનો ત્યાગ કરી નદી કિનારે પેલા વાઘ પાસે બેધડક જઈ પહોંચી. પછી વાઘ પણ દ્વેષ છોડી ચુપચાપ ઊભો રહી ગયો. તેને આ અવસ્થામાં જોઈ બકરી બોલી : 'હે વાઘ ! તને તો ઈચ્છિત ભોજન મળી ગયું છે. મારા શરીરનું માંસ કાઢી પ્રેમથી ખાઈ જા. તું આટલી વારથી ઊભો કેમ છે? તારા મનમાં મને ખાઈ જવાનો વિચાર કેમ નથી?'

વાઘ બોલ્યો : 'હે બકરી ! આ સ્થાન પર આવતાં જ મારા મનમાંથી દ્વેષભાવ નીકળી ગયો છે. ભૂખ તરસ પણ મટી ગઈ છે તેથી પાસે આવ્યા છતાં હું તને ખાવા ઈચ્છતો નથી.'

વાઘના આમ કહેવાથી બકરી બોલી : 'મને પણ સમજાતું નથી કે હું પણ કેમ નિર્ભય થઈ ગઈ છું. આમાં કંઈ કારણ છે. જો તને ખબર હોય તો મને કહે.'

આ સાંભળી વાઘ બોલ્યો : 'હું પણ નથી જાણતો. ચાલો, સામે ઊભેલ પેલા મહાપુરુષને પૂછી જોઈએ.' આમ નિશ્ચય કરી તેઓ બંને ત્યાંથી ચાલ્યાં. તે બંનેના સ્વભાવમાં આ વિચિત્ર વર્તન જોઈ હું ખૂબ જ આશ્ચર્યમાં પડ્યો હતો. એટલામાં તેમણે મને જ આવીને પ્રશ્ન કર્યો. ત્યાં વૃક્ષની ડાળી ઉપર વાનરરાજ બેઠેલા હતા. પેલા બેની સાથે મેં પણ વાનરરાજને પૂછ્યું. મારા પૂછવાથી વાનરરાજે આદરપૂર્વક કહ્યું :

'હે અજપાલ ! સાંભળ. આ બાબતે હું તને પ્રાચીન વૃત્તાંત કહું છું. આ સામે વનની અંદર જે એક મોટું મંદિર છે તેની તરફ જુઓ. એમાં બ્રહ્માજી વડે સ્થાપિત કરાએલ શિવલિંગ છે. પૂર્વકાળમાં અહીં સુકર્મા નામે એક બુદ્ધિમાન મહાત્મા રહેતા હતા. તેઓ તપસ્યામાં સંલગ્ન થઈ આ મંદિરમાં ઉપાસના કરતા હતા. તેઓ વનમાંથી ફૂલો વીણી લાવતા અને નદીના પાણીથી પૂજનીય ભગવાન શિવજીની સ્નાનાદિથી પૂજા કરતા. આ રીતે



આરાધના કરતા સુકર્મા અહીં નિવાસ કરતા. ઘણો સમય વીત્યા પછી એક દિવસ તેમની પાસે એક અતિથિનું આગમન થયું. સુકર્માએ ભોજન માટે ફળો લાવી તે અતિથિને અર્પણ કર્યા અને કહ્યું : 'હે બ્રહ્મન્ ! આનાથી તમારા આત્મજ્ઞાન સંબંધી મનોરથો આપોઆપ પૂર્ણ થઈ જશે.' આમ કહી તે બુદ્ધિમાન તપસ્વી સુકર્માની સામે જ જોતજોતામાં અંતર્ધાન થઈ ગયા. સુકર્મા ચકિત થઈ તેમની આજ્ઞાનુસાર ગીતાના બીજા અધ્યાયનો અભ્યાસ કરવા લાગ્યા. તે પછી ઘણા સમય બાદ અંતઃકરણ શુદ્ધ થતાં તેમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ. પછી તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં શાંતિ પ્રસરી ગઈ. ત્યાંથી ઠંડી-ગરમી અને રાગ-દ્વેષનાં વિઘ્નો દૂર થઈ ગયાં. એટલું જ નહિ, તે સ્થાનોમાંથી ભૂખ-તરસની પીડાઓ પણ નષ્ટ થઈ ગઈ તથા ભય તો સર્વથા દૂર થઈ ગયો. બીજા અધ્યાયનું અધ્યયન કરનાર સુકર્મા બ્રાહ્મણની તપસ્યાનો આ બધો પ્રભાવ હતો.'

મિત્રવાન બોલ્યા : વાનરરાજના આમ કહેવાથી હું પ્રસન્નતાપૂર્વક બકરી અને વાઘની સાથે તે મંદિરમાં ગયો. ત્યાં જઈ શિલાખંડ ઉપર લખેલ ગીતાનો બીજો અધ્યાય જોયો અને વાંચ્યો. તેની જ આવૃત્તિ કરવાથી હું તપસ્યાનો પાર પામ્યો છું. માટે હે ભદ્રપુરુષ ! તમે પણ હંમેશાં ગીતાના બીજા અધ્યાયની આવૃત્તિ કરો. આમ કરવાથી મુક્તિ તમારાથી દૂર નહિ રહે.'

શ્રી ભગવાન બોલ્યા : હે પ્રિયે ! મિત્રવાને આ પ્રમાણે આદેશ આપ્યા પછી દેવશર્માએ તેમનું પૂજન કર્યું અને તેમને પ્રણામ કરી પુરંદરપુરનો રસ્તો લીધો. ત્યાં કોઈ દેવાલયમાંથી તે આત્મજ્ઞાની મહાત્માને મેળવી તેમની સમક્ષ બધો વૃત્તાંત રજૂ કરી સર્વપ્રથમ તેમની પાસેથી જ બીજા અધ્યાયનો અભ્યાસ કર્યો. તેમનાથી ઉપદેશ મેળવી શદ્ધ અંતઃકરણવાળા સુકર્મા પ્રતિદિન શ્રદ્ધા સાથે બીજા અધ્યાયનો પાઠ કરવા લાગ્યા. ત્યારથી તેઓ અનવધ્ય (પ્રશંસનીય) પરમપદને પામ્યા. હે લક્ષ્મી ! આ બીજા અધ્યાયનું ઉપાખ્યાન છે.



# દ્વિતીય અધ્યાય

**સંજય ઉવાચ**

**તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।**
**વિષીદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ ॥**

સંજય બોલ્યા : આ પ્રમાણે કરુણાથી ઘેરાયેલા તેમજ આંસુ ભરેલા અને વ્યાકુળ નેત્રોના તથા શોક કરતા તે અર્જુનને ભગવાન મધુસૂદને આ વાક્ય કહ્યું : ॥૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**કૃતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।**
**અનાર્યજુષ્ટમસ્વર્ગ્યકીર્તિકરમર્જુન ॥૨॥**

શ્રીભગવાન બોલ્યા : હે અર્જુન ! તારા જેવા શૂરવીરને અસમયે વિષાદ માટે અયોગ્ય એવી રણભૂમિમાં આવો મોહ ક્યાંથી થયો? કારણ કે ન તો આ શ્રેષ્ઠ પુરુષોએ આચરેલો છે, ન તો સ્વર્ગ આપનારો છે કે ન તો યશ આપનારો છે.

**ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।**
**ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ ॥૩॥**

આથી હે પાર્થ ! નપુંસકતાને વશ ન થા, તને એ શોભતી નથી; હે શત્રુઓને તપાવનાર ! હૃદયની તુચ્છ દુર્બળતાને ત્યજીને યુદ્ધ માટે ઊભો થઈ જા. ॥૩॥

**અર્જુન ઉવાચ**

**કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન।**
**ઈષુભિઃ પ્રતિ યોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન॥૪॥**

અર્જુન બોલ્યા : હે મધુસૂદન ! રણભૂમિમાં હું બાણોથી કઈ રીતે ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય વિરુદ્ધ લડીશ? કેમ કે હે અરિસૂદન ! તેઓ બન્નેય પૂજનીય છે. ॥૪॥

**ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્**
**શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે।**
**હત્વાર્થકામાંસ્તુ ગુરૂનિહૈવ**
**ભુઞ્જીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્॥૫॥**

માટે આ મહાનુભાવ ગુરુજનોને નહિ હણીને હું આ લોકમાં ભિક્ષાવૃત્તિ વડે જીવનનિર્વાહ કરવાનું પણ કલ્યાણકારી સમજું છું; કેમકે ગુરુજનોને હણીને પણ આ લોકમાં લોહીથી ખરડાયેલા અર્થ અને કામરૂપ ભોગોને જ ભોગવીશ ને! ॥૫॥

**ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયો**
**યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ।**
**યાનેવ હત્વા ન જિજીવિષામ-**
**સ્તેઽવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ॥૬॥**

વળી, અમે એ પણ જાણતા નથી કે અમારા માટે યુદ્ધ કરવું કે ન કરવું એ બન્નેમાંથી કયું શ્રેષ્ઠ છે, અથવા એ પણ નથી જાણતા કે તેમને અમે જીતીશું કે તેઓ અમને જીતશે. જેમને હણીને અમે જીવવા પણ માગતા નથી, તે જ અમારા આત્મીય ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સામે યુદ્ધ માટે ઊભા છે! ॥૬॥




**કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ**
**પૃચ્છામિ ત્વાં ધર્મસંમૂઢચેતાઃ।**
**યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે**
**શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્॥૭॥**

આથી કાયરતારૂપી દોષને લીધે જેનો સ્વભાવ નાશ પામ્યો છે એવો તથા ધર્મની બાબતમાં મોહિતચિત્ત થયેલો હું આપને પૂછું છું કે જે નિશ્ચિતરૂપે કલ્યાણકારી સાધન હોય, તે મને કહો; કેમકે હું આપનો શિષ્ય છું, માટે આપને શરણે આવેલા મને ઉપદેશ આપો. ॥૭॥

**ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્**
**યચ્છોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્।**
**અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં**
**રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્॥૮॥**

કેમકે પૃથ્વીનું નિષ્કંટક અને ધનધાન્યથી સંપન્ન રાજ્ય તેમજ દેવતાઓનું આધિપત્ય પામીને પણ હું એવો ઉપાય નથી જોતો, જે મારી ઈન્દ્રિયોને સૂકવનારા શોકને નિવારી શકે. ॥૮॥



શ્રી ભગવાનનો અર્જુન પ્રત્યે ઉપદેશ પ્રારંભ



**સંજય ઉવાચ**

**એવમુક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરંતપ ।**
**ન યોત્સ્ય ઈતિ ગોવિન્દમુક્ત્વા તૂષ્ણીં બભૂવ હ ॥૯॥**

સંજય બોલ્યા : હે રાજા, નિદ્રાને જીતનારા અર્જુન અંતર્યામી શ્રીકૃષ્ણ મહારાજ પ્રત્યે આમ કહીને પછી શ્રીગોવિંદ ભગવાનને 'યુદ્ધ નહીં કરું' એમ સ્પષ્ટ કહીને ચુપ થઈ ગયા.॥૯॥

**તમુવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત ।**
**સેનયોરુભયોર્મધ્યે વિષીદન્તમિદં વચઃ ॥૧૦॥**

હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર ! અંતર્યામી શ્રીકૃષ્ણ મહારાજ બન્ને સેનાઓની મધ્યે શોક કરતા અર્જુન પ્રત્યે મલકાતા હોય એમ આ વચન બોલ્યા : ॥૧૦॥

**શ્રી ભગવાન્ ઉવાચ**

**અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।**
**ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥૧૧॥**

શ્રી ભગવાન બોલ્યા : હે અર્જુન ! જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે તું શોક કરે છે અને જ્ઞાનીજનો જેવાં વચનો બોલે છે, પરંતુ જેમના પ્રાણ જતા રહ્યા છે તેમના માટે કે જેમના પ્રાણ નથી ગયા તેમના માટે જ્ઞાનીજનો શોક નથી કરતા.॥૧૧॥

**ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।**
**ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥૧૨॥**

હું કોઈ કાળમાં ન હતો એવું નથી, તું ન હતો કે આ રાજાઓ ન હતા એવું પણ નથી અને એવું પણ નથી કે હવે પછી આપણે બધા નહીં હોઈએ. ॥૧૨॥

**દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા ।**
**તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥૧૩॥**

જેમ જીવાત્માને આ શરીરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે બીજા શરીરની પ્રાપ્તિ થાય છે, એ બાબતમાં ધીર પુરુષ મોહિત થતો નથી. ॥૧૩॥

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદા ।**
**આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥૧૪॥**

હે કુંતીપુત્ર ! ઠંડી-ગરમી અને સુખ-દુઃખ દેનારા ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો તો ઉત્પત્તિ-વિનાશશીલ છે, અનિત્ય છે; માટે હે ભારત ! તેમને તું સહન કર. ॥૧૪॥

**યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।**
**સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ॥૧૫॥**

કેમકે હે પુરુષશ્રેષ્ઠ ! દુઃખ-સુખને સમાન સમજનાર જે ધીર પુરુષને આ ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો વ્યાકુળ નથી કરતા, તે મોક્ષને પાત્ર થાય છે. ॥૧૫॥



**નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।**
**ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥૧૬॥**

અસત્ પદાર્થની સત્તા નથી અને સત્‌નો અભાવ નથી; આ બન્નેનું તત્ત્વ તત્ત્વજ્ઞાની પુરુષોએ જોયું છે. ॥૧૬॥

**અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્ ।**
**વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ॥૧૭॥**

નાશરહિત તો તું તેને જાણ, જેનાથી આ સકળ જગત-દૃશ્યવર્ગ વ્યાપ્ત છે. આ અવિનાશીનો વિનાશ કરવા કોઈ પણ સમર્થ નથી. ॥૧૭॥

**અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।**
**અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્યુધ્યસ્વ ભારત ॥૧૮॥**

આ નાશરહિત, અપ્રમેય, નિત્યસ્વરૂપ જીવાત્માનાં આ સઘળાં શરીરો નાશવંત કહેવાયાં છે, માટે હે ભરતવંશી અર્જુન ! તું યુદ્ધ કર. ॥૧૮॥

**ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।**
**ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥૧૯॥**

જે આ આત્માને હણનાર સમજે છે તથા જે એને હણાયેલ માને છે, તે બન્નેય જાણતા નથી; કેમકે આ આત્મા વાસ્તવમાં નથી કોઈને હણતો કે નથી કોઈના દ્વારા હણાતો. ॥૧૯॥

**ન જાયતે મ્રિયતે વા કદાચિ -**
**ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥**

આ આત્મા કોઈ પણ કાળમાં જન્મ લેતો હોય એમ નથી કે મરણ પામતો હોય એમ નથી, તેમજ ઉત્પન્ન થઈને ફરીથી સત્તાવાન થતો હોય એમ પણ નથી, કારણ કે તે અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે, શરીરના હણાવા છતાં પણ તે હણાતો નથી. ॥૨૦॥

**વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ્ ।**
**કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ॥૨૧॥**

હે પાર્થ ! જે પુરુષ આ આત્માને નાશરહિત, નિત્ય, અજન્મા તેમજ અવ્યય જાણે છે, તે પુરુષ કઈ રીતે કોઈને હણાવે છે અને કઈ રીતે કોઈને હણે છે? ॥૨૧॥

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય**
**નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણા-**
**ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥૨૨॥**

જેમ માણસ જૂનાં વસ્ત્રો ત્યજીને બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે, તેમજ જીવાત્મા જૂનાં શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો



પામે છે. ॥૨૨॥

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥૨૩॥**

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, આને અગ્નિ બાળી શકતો નથી, આને પાણી ઓગાળી શકતું નથી અને પવન આને સુકવી શકતો નથી. ॥૨૩॥

**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ ।**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ ॥૨૪॥**

કેમકે આ આત્મા અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય, અશોષ્ય તથા નિત્ય, સર્વવ્યાપી, અચળ, સ્થિર તેમજ સનાતન છે. ॥૨૪॥

**અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમવિકાર્યોઽયમુચ્યતે ।**
**તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુમર્હસિ ॥૨૫॥**

આ આત્મા અવ્યક્ત, અચિંત્ય અને વિકારરહિત કહેવાય છે, તેથી હે અર્જુન ! આ આત્માને આ પ્રમાણે જાણીને તું શોક કરવાને યોગ્ય નથી એટલે કે તારે શોક કરવો ઉચિત નથી ॥૨૫॥

**અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ ।**
**તથાપિ ત્વં મહાબાહો નૈવં શોચિતુમર્હસિ ॥૨૬॥**

અને જો તું આ આત્માને સદા જન્મ લેનાર તથા સદા મૃત્યુ પામનાર માનતો હોય, તો પણ હે મહાબાહો ! આવી રીતે

શોક કરવો તારા માટે યોગ્ય નથી. ॥૨૬॥

**જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।**

**તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥૨૭॥**

કેમકે આ માન્યતા મુજબ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે, તેથી પણ આ ઉપાય વિનાના વિષયમાં શોક કરવો તારા માટે યોગ્ય નથી. ॥૨૭॥

**અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।**

**અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥૨૮॥**

હે અર્જુન ! સઘળાં પ્રાણીઓ જન્મ પૂર્વે અપ્રગટ હતાં અને મર્યા પછી પણ અપ્રગટ થઈ જનાર છે, કેવળ વચગાળામાં જ પ્રગટ છે, તો પછી આવી સ્થિતિમાં શો શોક કરવાનો?॥૨૮॥

**આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેન -**

**માશ્ચર્યવદ્વદતિ તથૈવ ચાન્યઃ ।**

**આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શ્રૃણોતિ**

**શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્ ॥૨૯॥**

કોઈ એક વિરલ મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્યની જેમ જુએ છે, તેમજ બીજો કોઈ મહાપુરુષ જ આત્મતત્ત્વને આશ્ચર્યની જેમ વર્ણવે છે તથા બીજો કોઈ અધિકારી પુરુષ જ આને આશ્ચર્યની પેઠે સાંભળે છે અને કોઈ તો સાંભળીને પણ આને જાણતો નથી. ॥૨૯॥



**દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત ।**

**તસ્માત્સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ॥૩૦॥**

હે અર્જુન ! આ આત્મા સૌનાં શરીરોમાં હંમેશાં અવધ્ય (જેનો વધ ન કરી શકાય એવો) છે, એ કારણે તારે સમસ્ત પ્રાણીઓ માટે શોક કરવો ઉચિત નથી. ॥૩૦॥

**સ્વધર્મમપિ ચાવેક્ષ્યં ન વિકમ્પિતુમર્હસિ ।**

**ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ॥૩૧॥**

વળી, સ્વધર્મને જોતાં પણ તારે ભય પામવો ન જોઈએ, કેમકે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધથી વધીને બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી. ॥૩૧॥

**યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્ ।**

**સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમીદૃશમ્ ॥૩૨॥**

હે પાર્થ ! આપમેળે પ્રાપ્ત થયેલા તેમજ ઊઘડેલા સ્વર્ગના દ્વારરૂપી આવા યુદ્ધને ભાગ્યશાળી ક્ષત્રિયો જ મેળવે છે. ॥૩૨॥

**અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ ।**

**તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ ॥૩૩॥**

આમ છતાં પણ જો તું આ ધર્મયુક્ત યુદ્ધ નહીં કરે, તો સ્વધર્મ અને કીર્તિને ગુમાવીને પાપને પામીશ. ॥૩૩॥

**અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્ ।**

**સમ્ભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે ॥૩૪॥**

એટલું જ નહીં, બધા લોકો ઘણા લાંબા કાળ સુધી રહેનારી તારી અપકીર્તિ પણ કહેશે અને ગૌરવશાળી પુરુષ માટે અપકીર્તિ મરણથીયે અધિક છે. ॥૩૪॥

**ભયાદ્રણાદુપરતં મંસ્યન્તે ત્વાં મહારથા : ।**
**યેષાં ચ ત્વં બહુમતો યાસ્યસિ લાઘવમ્ ॥૩૫॥**

તારા અતુલનીય પ્રભાવને લીધે જેઓ તને ઘણા સન્માનની દૃષ્ટિએ જોતા આવ્યા છે, તેમની દૃષ્ટિમાં તું તુચ્છતાને પામીશ, તે મહારથીઓ તને ભયને લીધે યુદ્ધથી વિમુખ થયેલો માનશે. ॥૩૫॥

**અવાચ્યવાદાંશ્ચ બહૂન્ વદિષ્યન્તિ તવાહિતાઃ ।**
**નિન્દન્તસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ॥૩૬॥**

તારા વેરીઓ તારા સામર્થ્યની નિંદા કરતાં તને ઘણાં બધાં ન કહેવા જેવાં વચનો પણ કહેશે, એનાથી વધારે દુઃખ બીજું શું હશે? ॥૩૬॥

**હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।**
**તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥૩૭॥**

કાં તો તું યુદ્ધમાં હણાઈને સ્વર્ગ પામીશ અથવા તો સંગ્રામમાં જીતીને ભૂમંડળનું રાજ્ય ભોગવીશ, માટે હે અર્જુન! તું યુદ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થઈ જા. ॥૩૭॥



**સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।**
**તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥૩૮॥**

જય-પરાજય, લાભ-હાનિ અને સુખ-દુઃખને સમાન સમજ્યા પછી યુદ્ધ માટે કટિબદ્ધ થઈ જા, આ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં. ॥૩૮॥

**એષા તેઽભિહિતા સાઙ્ખ્યે બુદ્ધિયોગે ત્વિમાં શ્રૃણુ ।**
**બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ કર્મબન્ધં પ્રહાસ્યસિ ॥૩૯॥**

હે પાર્થ ! આ બુદ્ધિ તારે માટે જ્ઞાનયોગના વિષયમાં કહેવામાં આવી અને હવે તું એને કર્મયોગના વિષયમાં સાંભળ, જે બુદ્ધિથી યુક્ત થયેલો તું કર્મોના બંધનને સારી પેઠે ત્યજી દઈશ એટલે કે કર્મબંધનમાંથી છૂટી જઈશ. ॥૩૯॥

**નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।**
**સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥૪૦॥**

આ કર્મયોગમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ નથી અને પ્રત્યવાય દોષ અર્થાત્ અવળા ફળરૂપી દોષ પણ નથી, બલકે આ કર્મયોગરૂપી ધર્મનું થોડું પણ આચરણ જન્મ-મૃત્યુરૂપી મહાન ભયમાંથી ઉગારે છે. ॥૪૦॥

**વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।**
**બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥૪૧॥**

હે અર્જુન ! આ કર્મયોગમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ એક જ

હોય છે, જ્યારે અસ્થિર વિચારના વિવેકહીન સકામ માણસોની બુદ્ધિઓ ખરેખર ઘણા પ્રકારની અને અપાર હોય છે. ॥૪૧॥

**યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ ।**
**વેદવાદરતાઃ પાર્થ નાન્યદસ્તીતિ વાદિનઃ ॥૪૨॥**
**કામાત્માનઃ સ્વર્ગ જન્મકર્મફલપ્રદામ્ ।**
**ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ ॥૪૩॥**
**ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાપહૃતચેતસામ્ ।**
**વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ॥૪૪॥**

હે અર્જુન ! જેઓ ભોગોમાં તન્મય થયેલા છે, જેઓ કર્મફળનાં પ્રશંસક વેદવાક્યોમાં જ પ્રીતિ સેવે છે, જેમની બુદ્ધિમાં એકમાત્ર સ્વર્ગ જ પરમ પ્રાપ્ય વસ્તુ છે અને જેઓ સ્વર્ગથી ચઢિયાતું બીજું કશું જ નથી - એણ બોલનારા છે, એવા અવિવેકી માણસો આ પ્રકારની પુષ્પિત એટલે કે માત્ર સાંભળવામાં જ મધુર અને મનોહર વાણી બોલ્યા કરે છે કે જે જન્મરૂપી કર્મફળ દેનારી તેમજ ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થે વિવિધ જાતની ઘણી-બધી ક્રિયાઓનું વર્ણન કરનારી છે, તે વાણી દ્વારા જેમનું ચિત્ત હરાયેલું છે, જેઓ ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્ત છે, એવા માણસોની પરમાત્મામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નથી હોતી. ॥૪૨-૪૪॥



**ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।**
**નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥૪૫॥**

હે અર્જુન ! વેદો ઉપર જણાવ્યા અનુસાર ત્રણેય ગુણોના કાર્યરૂપ સઘળા ભોગો તથા એમનાં સાધનોનું પ્રતિપાદન કરનારા છે; માટે તું એ ભોગો અને એમનાં સાધનોમાં આસક્તિરહિત અને હરખ-શોક વગેરે દ્વન્દ્વોથી રહિત બનીને નિત્યવસ્તુ પરમાત્મામાં સ્થિત થઈ જા, તેમજ યોગક્ષેમ (અપ્રાપ્તની પ્રાપ્તિનું નામ 'યોગ' અને પ્રાપ્તની રક્ષાનું નામ 'ક્ષેમ' છે.)ને ન ઈચ્છનાર એટલે કે શરીરનિર્વાહની ચિંતા પણ ન કરનાર તથા સ્વાધીન અન્તઃકરણનો અર્થાત્ જિતેન્દ્રિય થા. ॥૪૫॥

**યાવાનર્થ ઉદપાને સર્વતઃ સમ્પ્લુતોદકે ।**
**તાવાન્ સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥૪૬॥**

બધી બાજુથી ભરપૂર જળાશય મળી જતાં નાનકડા જળાશયમાં મનુષ્યનું જેટલું પ્રયોજન રહે છે, બ્રહ્મને તત્ત્વથી જાણનાર બ્રાહ્મણનું સઘળા વેદોમાં એટલું જ પ્રયોજન રહે છે. (અર્થાત્ જેમ મોટું જળાશય પ્રાપ્ત થઈ જતાં જળ માટે નાનાં જળાશયોની જરૂર રહેતી નથી, તેમજ બ્રહ્માનંદની પ્રાપ્તિ થતાં આનંદ માટે વેદોક્ત કર્મોના ફળરૂપી ભોગોની જરૂર રહેતી નથી.)॥૪૬॥

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।**
**મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ ॥૪૭॥**

તારો કર્મ કરવામાં જ અધિકાર છે, એનાં ફળોમાં કદીયે નહીં, માટે તું કર્મોના ફળનો હેતુ થા મા, અર્થાત્ ફલાપેક્ષાથી રહિત થઈને કર્તવ્યબુદ્ધિથી કર્મ કર તથા તારી કર્મ ન કરવામાં પણ આસક્તિ ન થાઓ. ॥૪૭॥

**યોગસ્થઃ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનઞ્જય।**
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥૪૮॥**

હે ધનંજય ! તું આસક્તિ ત્યજીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્યકર્મો કર, ‘સમત્વ’ (જે કંઈ પણ કર્મ કરવામાં આવે, એ પૂરું થાય કે ન થાય તેમજ તેનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ મળે, તેમાં સમભાવ રહેવો તેનું નામ ‘સમત્વ’ છે.) એ જ યોગ કહેવાય છે. ॥૪૮॥

**દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનઞ્જય।**
**બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥૪૯॥**

આ સમત્વરૂપ બુદ્ધિયોગ કરતાં સકામ કર્મ ઘણું જ નીચલી કક્ષાનું છે, માટે હે ધનંજય! તું સમબુદ્ધિમાં જ રક્ષણનો ઉપાય શોધ અર્થાત્ બુદ્ધિયોગનો જ આશરો લે; કેમકે ફળનો હેતુ બનનારા અર્થાત્ ફલાપેક્ષી જનો દયાને પાત્ર છે. ॥૪૯॥



**બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે।**
**તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥૫૦॥**

સમબુદ્ધિયુક્ત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે - તેમનાથી મુક્ત થઈ જાય છે, માટે તું સમત્વરૂપ યોગમાં જોડાઈ જા, આ સમત્વરૂપ યોગ એ જ કર્મોમાં કુશળતા છે અર્થાત્ કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે. ॥૫૦॥

**કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણ :।**
**જન્મબન્ધવિનિર્મુક્તાઃ પદં ગચ્છન્ત્યનામયમ્ ॥૫૧॥**

કેમકે સમબુદ્ધિથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈ નિર્વિકાર પરમ પદને પામે છે. ॥૫૧॥

**યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ।**
**તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ॥૫૨॥**

જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કળણને (એ ભૂમિ જેમાં ખૂંપી ગયા પછી માણસ બહાર નીકળવાનો જેટલો પ્રયત્ન કરે, એટલો એ ભૂમિમાં વધુ ને વધુ ઊંડો ખૂંપતો જાય.) સારી રીતે ઓળંગી જશે, તે વખતે તું સાંભળેલા અને સાંભળવા બાકી રહેલા આ લોક તેમજ પરલોક સંબંધી બધાય ભોગો પ્રત્યે વૈરાગ્ય પામીશ. ॥૫૨॥

**શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા ।**
**સમાધાવચલા બુદ્ધિસ્તદા યોગમવાપ્સ્યસિ ॥૫૩॥**

જાત-જાતનાં વચનો સાંભળવાને લીધે વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરમાત્મામાં અચળ અને સ્થિરભાવે સ્થાયી થઈ જશે, ત્યારે તું યોગને પામીશ, અર્થાત્ તારો પરમાત્મા સાથે નિત્યસંગોય થઈ જશે. ॥૫૩॥

**અર્જુન ઉવાચ**

**સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।**
**સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥૫૪॥**

અર્જુન બોલ્યા : હે કેશવ ! સમાધિમાં સ્થિત પરમાત્માને પામેલા સ્થિરબુદ્ધિ પુરુષનું શું લક્ષણ છે? તે સ્થિરબુદ્ધિ પુરુષ કેવી રીતે બોલે છે, કેવી રીતે બેસે છે તથા કેવી રીતે ચાલે છે, અર્થાત્ તેનાં આચરણ કેવાં હોય છે? ॥૫૪॥

**શ્રીભગવાન ઉવાચ**

**પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્ ।**
**આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥૫૫॥**

શ્રી ભગવાન બોલ્યા : હે પાર્થ ! જે વખતે આ પુરુષ મનમાં રહેલી સઘળી કામનાઓને સમ્યક્ રીતે ત્યજી દે છે અને આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ॥૫૫॥



**દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।**
**વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૫૬॥**

દુઃખોની પ્રાપ્તિ થતાં જેના મનમાં ઉદ્વેગ નથી થતો, સુખો મળતાં જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હોય છે તથા જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે, એવો મુનિ સ્થિરબુદ્ધિ કહેવાય છે. ॥૫૬॥

**યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।**
**નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥**

જે પુરુષ સર્વત્ર સ્નેહરહિત થયેલો તે તે શુભ કે અશુભ વસ્તુ પામીને નથી પ્રસન્ન થતો કે નથી દ્વેષ કરતો, તેની બુદ્ધિ સ્થિર છે. ॥૫૭॥

**યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥**

કાચબો બધી બાજુથી પોતાનાં અંગોને જેમ સંકોરી લે છે, તેમજ જ્યારે આ પુરુષ ઈન્દ્રિયોના વિષયોથી ઈન્દ્રિયોને સર્વ પ્રકારે ખેંચી લે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર છે (એમ સમજવું)॥૫૮॥

**વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥૫૯॥**

ઈન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરનાર પુરુષનાય માત્ર

વિષયો તો નિવૃત્ત થઈ જાય છે, પરંતુ એમના પ્રત્યેની આસક્તિ નિવૃત્ત નથી થતી, જ્યારે આ સ્થિતપ્રજ્ઞ પુરુષની તો આસક્તિ પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને નિવૃત્ત થઈ જાય છે, અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર થવાને લીધે એની સંસાર પ્રત્યે લેશમાત્ર આસક્તિ રહેતી નથી. ।।૫૯।।

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।**
**ઈન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ।।૬૦।।**

હે કુન્તીપુત્ર ! આસક્તિનો નાશ ન થવાને લીધે મંથન કરી નાખવાના સ્વભાવની આ ઈન્દ્રિયો યત્ન કરતા બુદ્ધિમાન મનુષ્યના મનને પણ પરાણે હરી લે છે. ।।૬૦।।

**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પર : ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।।૬૧।।**

માટે સાધક માટે જરૂરી છે કે પોતે એ સમસ્ત ઈન્દ્રિયોને વશમાં કરી સમાહિતચિત્ત થયેલો મારા પરાયણ થઈને ધ્યાનમાં બેસે, કેમકે જે પુરુષની ઈન્દ્રિયો વશમાં હોય છે, તેની જ બુદ્ધિ સ્થિર થાય છે. ।।૬૧।।

**ધ્યાયતો વિષયાન્ પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે ।**
**સઙ્ગાત્સઞ્જાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ।।૬૨।।**

વિષયોનું ચિંતન કરનારા પુરુષને તે વિષયોમાં આસક્તિ જન્મે છે, આસક્તિથી તે વિષયોની કામના ઉત્પન્ન થાય છે અને



કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે. ।।૬૨।।

**ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ।।૬૩।।**

ક્રોધથી ઘણી મૂઢતા આવે છે, મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે, સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી બુદ્ધિ અર્થાત્ જ્ઞાનશક્તિનો નાશ થઈ જાય છે અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરુષનું પોતાની સ્થિતિથી પતન થાય છે. ।।૬૩।।

**રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।**
**આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ।।૬૪।।**

પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષ વિનાની ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અન્તઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતાને પામે છે. ।।૬૪।।

**પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।**
**પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ।।૬૫।।**

અન્તઃકરણ પ્રસન્ન થતાં આનાં સર્વ દુઃખોનો અભાવ થઈ જાય છે અને એ પ્રસન્ન-ચિત્ત કર્મયોગીની બુદ્ધિ તત્કાળ બધી બાજુએથી દૂર થઈને એક પરમાત્મામાં જ સારી પેઠે સ્થિર થઈ જાય છે. ।।૬૫।।

**નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।**
**ન ચાભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખમ્ ।।૬૬।।**

જે પુરુષે મન અને ઈન્દ્રિયો જીત્યાં નથી તેનામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નથી હોતી તેમજ એ અયુક્ત માણસના અન્તઃકરણમાં ભાવના પણ નથી હોતી તથા ભાવનાહીન માણસને શાંતિ નથી મળતી અને શાંતિ વિનાના માણસને સુખ ક્યાંથી મળે? ॥૬૬॥

**ઈન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોઽનુ વિધીયતે ।**
**તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥૬૭॥**

કેમકે જેમ વાયુ જળમાં વહેતી નૌકાને ખેંચી જાય છે, તે જ પ્રમાણે વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોમાંથી જે ઈન્દ્રિયની સાથે મન રહે છે, તે એકલી ઈન્દ્રિય આ અયુક્ત પુરુષની બુદ્ધિને હરી લે છે. ॥૬૭॥

**તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણિન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૮॥**

તેથી હે મહાબાહો ! જે પુરુષની ઈન્દ્રિયો ઈન્દ્રિયોના વિષયોથી સર્વ પ્રકારે નિગૃહીત કરાયેલી છે, એની બુદ્ધિ સ્થિર છે. ॥૬૮॥

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥૬૯॥**

સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રિ સમાન છે, તે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનન્દની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે,



અને જે નાશવંત સાંસારિક સુખની પ્રાપ્તિમાં સઘળાં પ્રાણીઓ જાગે છે, પરમાત્માના તત્ત્વને જાણનાર મુનિ માટે તે રાત્રિ સમાન છે. ॥૬૯॥

**આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં**
**સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ ।**
**તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે**
**સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ॥૭૦॥**

જે પ્રમાણે બધી બાજુથી ભરપૂર, અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં અનેક નદીઓનાં પાણી તેને વિચલિત કર્યા વિના જ સમાઈ જાય છે, તે જ પ્રમાણે સર્વ ભોગો જે સ્થિતપ્રજ્ઞ પુરુષમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વિના જ સમાઈ જાય છે, તે જ પુરુષ પરમ શાંતિને પામે છે, ભોગોને ઈચ્છનારો નહીં.॥૭૦॥

**વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥૭૧॥**

જે પુરુષ સઘળી કામનાઓ છોડીને મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઈને વિચરે છે તે જ શાંતિને પામે છે અર્થાત્ તે શાંતિને પામેલો છે. ॥૭૧॥

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।**
**સ્થિત્વાસ્યામન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥૭૨॥**

હે પાર્થ ! આ બ્રહ્મને પામી ચુકેલા પુરુષની સ્થિતિ છે, આને પામીને યોગી કદી મોહિત નથી થતો અને અંતકાળે પણ આ બ્રાહ્મી સ્થિતિમાં સ્થિત થઈને બ્રહ્માનંદને પામી જાય છે. ॥૭૨॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગો નામ દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥

**॥સાંખ્યયોગ નામનો બીજો અધ્યાય સમાપ્ત ॥**



# અધ્યાય બીજો

## બધો ઉપદેશ ટૂંકમાં : આત્મજ્ઞાન અને સમત્વબુદ્ધિ

**ગીતાની પરિભાષા :**

ભાઈઓ, ગયે વખતે આપણે અર્જુનનો વિષાદયોગ જોયો. અર્જુનના જેવી ઋજુતા અને હરિશરણતા હોય તો વિષાદનો પણ યોગ બને છે. એને જ હૃદયમંથન કહે છે. સંકલ્પકારોની માફક ગીતાની આ ભૂમિકાને અર્જુન-વિષાદયોગ એવું વિશેષનામ ન આપતાં મેં વિષાદયોગ એવું સર્વસામાન્ય નામ આપ્યું છે, કેમકે ગીતાને માટે અર્જુન કેવળ એક નિમિત્ત છે. પંઢરીના પાંડુરંગનો અવતાર એકલા પુંડલીકને સારુ થયો છે એવું નથી. પુંડલીકને નિમિત્ત બનાવી તે આપણા જડ જીવોના ઉદ્ધારને સારુ આજ હજારો વરસોથી ઊભો છે એ આપણે જોઈએ છીએ. એ જ પ્રમાણે ગીતાની કૃપા અર્જુનને નિમિત્તે થઈ હોવા છતાં તે આપણા સૌને સારુ છે. એથી ગીતાના પહેલા અધ્યાયને વિષાદયોગનું સામાન્ય નામ જ શોભે છે. અહીંથી ગીતાનું વૃક્ષ

વધતું વધતું છેલ્લા અધ્યાયમાંના પ્રસાદયોગરૂપી ફળ સુધી પહોંચવાનું છે. ઈશ્વરની ઈચ્છા હશે તો આપણી આ જેલની કારકિર્દીમાં આપણે પણ ઠેઠ ત્યાં જઈ પહોંચીશું.

બીજા અધ્યાયથી ગીતાની શીખનો આરંભ થયો છે અને શરૂઆતમાં જ ભગવાન જીવનના મહાસિદ્ધાંતો બતાવે છે. જેના પર જીવનની ઈમારત ઊભી કરવાની છે તે જીવનના મહાસિદ્ધાંતો બતાવે છે. જેના પર જીવનની ઈમારત ઊભી કરવાની છે તે જીવનનાં મુખ્ય તત્ત્વો પહેલાં ગળે ઊતરી જાય તો પછી આગળનો રસ્તો સહેલો થઈ જાય એવી દૃષ્ટિ એમાં રહેલી છે. ગીતાના બીજા અધ્યાયમાંના સાંખ્યબુદ્ધિ શબ્દનો અર્થ હું જીવનના મૂળભૂત સિદ્ધાંત એવો કરું છું. એ મૂળ સિદ્ધાંત હવે આપણે જોવાના છે. પણ તે પહેલાં આ સાંખ્ય શબ્દના પ્રસંગથી ગીતામાં વપરાયેલા પારિભાષિક શબ્દોના અર્થની બાબતમાં થોડો ખુલાસો કરી લેવો સારો.

જૂના શાસ્ત્રીય શબ્દો નવા અર્થમાં વાપરવાની ગીતાની ખાસિયત છે. જૂના શબ્દો પર નવા અર્થોની કલમ બાંધવી એ વિચારક્રાંતિની અહિંસક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં વ્યાસની ખાસ હથોટી બેસી ગયેલી છે. આથી ગીતામાં વપરાયેલા શબ્દોને વ્યાપક સામર્થ્ય મળ્યું હોઈ ગીતા તાજી, નરવી ને પ્રફુલ્લિત રહી છે અને અનેક વિચારકો પોતપોતાની જરૂર તેમ જ



પોતપોતાનાં અનુભવ પ્રમાણે તેમાંથી અનેક અર્થ ઘટાવી શક્યા છે. એ બધા અર્થો જેની તેની ને જે તે ભૂમિકા પરથી સાચા હોઈ શકે, અને તે અર્થોનો વિરોધ કરવાની જરૂર ન રહેતાં આપણે સ્વતંત્ર અર્થ કરી શકીએ છીએ એવી મારી પોતાની દૃષ્ટિ છે.

આ સંબંધમાં ઉપનિષદમાં એક મજાની વાત છે. એક વખત દેવ, દાનવ અને માનવ ઉપદેશ લેવાને પ્રજાપતિ પાસે પહોંચ્યા. પ્રજાપતિએ ત્રણેને ઉપદેશમાં 'द' એટલો એક જ અક્ષર આપ્યો. દેવોએ કહ્યું, ''અમે દેવો કામી રહ્યા, અમને ભોગવિલાસનો ચસકો પડી ગયેલો. અમને પ્રજાપતિએ 'द' અક્ષરથી દમન કરો એમ શીખવ્યું.'' દાનવોએ કહ્યું, ''અમે દાનવો ક્રોધી, દયાથી અમે આઘા રહેલા. પ્રજાપતિએ 'द' અક્ષર વડે અમને દયા કરો એમ શીખવ્યું.'' માનવોએ કહ્યું, ''અમે માનવો લોભી, અમે સંઘરો કરવા પાછળ પડેલા. 'द' અક્ષરથી દાન કરો એવું પ્રજાપતિએ અમને શીખવ્યું.'' પ્રજાપતિએ બધાયના અર્થ સાચા ગણ્યા કેમકે બધાયને તે પોતાના અનુભવમાંથી લાધ્યા હતા. ગીતામાં આવતી પરિભાષાનો અર્થ કરતી વખતે ઉપનિષદમાંની આ વાર્તા આપણે ખસૂસ ધ્યાનમાં રાખવી.

**જીવનસિદ્ધાંત - ૧. દેહ વડે સ્વધર્માચરણ**

બીજા અધ્યાયમાં જીવનના ત્રણ મહાસિદ્ધાંત રજૂ થયેલા

છે. (૧) આત્માની અમરતા ને અખંડતા (૨) દેહની ક્ષુદ્રતા અને (૩) સ્વધર્મની અબાધ્યતા. આવા આ ત્રણ સિદ્ધાંતો છે. આમાંનો સ્વધર્મનો સિદ્ધાંત કર્તવ્યરૂપ છે એટલે કે આચરણમાં મૂકવાનો છે. અને બાકીના બે જ્ઞાતવ્ય છે એટલે કે જાણવાના છે. ગયે વખતે સ્વધર્મની બાબતમાં મેં થોડું કહ્યું હતું. આ સ્વધર્મ આપણને કુદરતી રીતે આવી મળે છે. સ્વધર્મને શોધવો પડતો નથી. એવું કંઈ નથી કે આપણે આકાશમાંથી પડ્યા ને ભૂમિનો આધાર મળતાં ખડા થઈ ગયા. આપણો જન્મ થયો તે પહેલાં આ સમાજ હસ્તીમાં હતો. આપણાં માબાપ હતાં ને આપણાં પડોશી પણ હતાં. આમ આપણો જન્મ આ ચાલુ પ્રવાહમાં થાય છે. જે માબાપને પેટે મેં જન્મ લીધો તેમની સેવા કરવાનો ધર્મ મને ચાલતા આવેલા પ્રવાહમાંથી આપોઆપ આવી મળે છે. આપણા જન્મની આગળથી આપણે માટે તૈયાર હોય છે એમ કહેવુંયે ખોટું નથી. એનું કારણ એ કે તે આપણા જન્મનો હેતુ છે. તે પાર પાડવાને આપણે જન્મ્યા છીએ. કોઈ કોઈ લોકો સ્વધર્મને પત્નીની ઉપમા આપે છે, અને પત્નીનો સંબંધ અવિચ્છેદ્ય એટલે કે તોડ્યો તોડી ન શકાય એવો મનાયો છે તેમ સ્વધર્મનો ને આપણો સંબંધ અવિચ્છેદ્ય છે એવું તેનું વર્ણન કરે છે. મને આ ગૌણ લાગે છે. હું સ્વધર્મને માની ઉપમા આપું છું. મારી માની પસંદગી મારે આ જન્મમાં કરવાની બાકી રહેલી નથી. તે આગળથી થઈ ચૂકેલી



છે, સિદ્ધ છે. મા ગમે તેવી હોય, મા મટી શકતી નથી. એવી જ સ્થિતિ સ્વધર્મની છે. આ જગતમાં આપણને સ્વધર્મ વગર બીજો કોઈ આશ્રય કે આધાર નથી. સ્વધર્મને આશ્રયે જ આપણે આગળ જઈ શકીએ છીએ. અને તેથી એ આશ્રય અથવા આધાર કોઈએ કદી પણ છોડવાનો હોય નહીં. આ જીવનનો એક મૂળભૂત સિદ્ધાંત ઠરે છે.

સ્વધર્મ એવો સહેજે આવી મળનારો છે કે માણસને હાથે સહેજે તેનું આચરણ અથવા પાલન થયા વગર રહે નહીં. પણ તરેહતરેહના મોહને લીધે એમ થતું નથી. અથવા તેમાં પાર વગરની મુશ્કેલી પડે છે, અને પાલન થાય છે તોયે તેમાં ઝેર ભેળવેલું હોય છે. સ્વધર્મના રસ્તામાં કાંટા પાથરનારા મોહનાં બાહ્યરૂપોની સંખ્યાનો પાર નથી. છતાં તે બધાં રૂપોનું પૃથક્કરણ કરતાં તે બધાંના મૂળમાં જે એક મુખ્ય વાત જોવાની મળી છે તે સંકુચિત તેમ જ છીછરી એવી દેહબુદ્ધિની છે. હું અને મારી સાથે મારા શરીર સંબંધથી બંધાયેલા માણસો, તેટલી જ મારી વ્યાપ્તિ. એની બહારના તે બધા મારા નહીં, પારકા અથવા દુશ્મન. એવી ભેદની દીવાલ આ સંકુચિત ને છીછરી એવી દેહબુદ્ધિ ઊભી કરે છે. અને એ દેહબુદ્ધિ મારી પોતાની બાબતમાં અથવા જેમને મેં મારાં માન્યાં હોય તેમની બાબતમાં પણ શરીરને જ જુએ છે. દેહબુદ્ધિના આ બેવડા કૂંડાળામાં ફસાઈને આપણે આપણા

જીવનમાં જાતજાતનાં ખાબોચિયાં બનાવીએ છીએ. ઘણુંખરું સૌ કોઈ એ ખાબોચિયાં બાંધવાનાં ધંધામાં જ મંડ્યા રહે છે. કોઈનાં ખાબોચિયાં નાનાં તો કોઈનાં મોટાં એટલો જ ફેર. પણ આખરે એ ખાબોચિયાંનું ઊંડાણ કે ફેલાવો આગળ વધતો નથી. કોઈ કુટુંબના અભિમાનનું બંધિયાર ખાબોચિયું બાંધી તેમાં મગ્ન રહે છે. તો કોઈ વળી દેશાભિમાનના જરા મોટા ખાબોચિયા સુધી પહોંચે છે. બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનાં ખાબોચિયાં, હિંદુ-મુસલમાનનાં ખાબોચિયાં એણ એક યા બીજે નામે ખાબોચિયાંનો સુમાર નથી. જ્યાં જોશો ત્યાં આ બંધિયાર નાનાં કે પછી મોટાં ખાબોચિયાં વગર બીજું જોવાનું નહીં મળે. અરે, આ જેલમાં સુધ્ધાં આપણે રાજદ્વારી કેદીઓ ને ઈતર કેદીઓ એવાં ખાબોચિયાં બનાવ્યા વિના રહ્યા નથી ! કેમ જાણએ એ વગર આપણને જીવવાનું ફાવતું જ નથી ! પણ એનું પરિણામ શું આવે છે? એક જ હલકા વિચારોનાં જંતુઓ ફેલાયા કરે છે અને સ્વધર્મરૂપી તંદુરસ્તીનો નાશ થયા કરે છે.

**જીવનસિદ્ધાંત - ૨. દેહાતીત આત્માનું ભાન**

આવી દશામાં એકલી સ્વધર્મની નિષ્ઠાથી પહોંચી નહીં વળાય. એ માટે બીજા બે સિદ્ધાંતોનું ભાન જાગતું રાખવાની જરૂર છે. આજ મરે કે કાલ મરે એવો આ નબળો દેહ હું નથી. શરીર કેવળ ઉપરનો નજીવો પોપડો છે. એ એમાંનો એક સિદ્ધાંત



છે. હું કદીયે ન મરનારો અખંડ તેમ જ વ્યાપક આત્મા છું. એ એમાંનો બીજો સિદ્ધાંત છે. એ બંને મળીને એક સંપૂર્ણ તત્ત્વજ્ઞાન બને છે.

ગીતાને આ તત્ત્વજ્ઞાન એટલું બધું અગત્યનું લાગ્યું છે કે તેનું આવાહન તેણે પહેલું કર્યું ને પછી સ્વધર્મનો અવતાર કર્યો. કોઈ કોઈ પૂછે છે કે તત્ત્વજ્ઞાનના આ શ્લોકો શરૂઆતમાં શા માટે? પણ મને પોતાને એમ લાગે છે કે જેની જગ્યા બિલકુલ બદલી ન શકાય એવા ગીતાના કોઈ શ્લોક હોય તો તે આ શ્લોકો છે.

આટલું તત્ત્વજ્ઞાન મનમાં બરાબર ઠસી જાય તો સ્વધર્મ અને તેનું પાલન જરાયે અઘરું નથી. એટલું જ નહીં. પછી સ્વધર્મ સિવાય બીજી કોઈ બાબતનું પાલન કે આચરણ અઘરું થઈ જાય. આત્મતત્ત્વનું અખંડપણું અને દેહનું નજીવાપણું એ બે વાતો સમજવી અઘરી નથી. કેમ કે બંને સત્ય વસ્તુઓ છે પણ એ બંને વાતોનો વિચાર કરતા રહેવું જોઈએ, તેમને વારંવાર ચિત્તમાં વાગોળવી જોઈએ. આપણી આ બહારની ચામડીનું મહત્ત્વ ઓછું કરી અંદર રહેલા આત્માને મહત્ત્વનો ગણતાં આપણે શીખવું જોઈએ.

આ દેહ ક્ષણે ક્ષણે બદલાયાં કરે છે. બાળપણ, જુવાની અને ઘડપણના ચક્રનો સૌને અનુભવ છે. આજના શાસ્ત્રજ્ઞો

આગળ જઈને એટલે સુધી કહે છે કે સાત વરસમાં શરીર તદ્દન બદલાઈ જાય છે અને જૂના લોહીનું એક પણ ટીપું શરીરમાં બાકી રહેતું નથી. આપણા જૂના લોકો માનતા કે બાર વરસમાં જૂનું શરીર મરી જાય છે. અને તેથી પ્રાયશ્ચિતો, તપશ્ચર્યા, અધ્યયન વગેરેની મુદત એમણે બાર વરસની ઠરાવેલી. આપણે એવી વાતો સાંભળીએ છીએ કે ઘણાં વરસના વિયોગ પછી દીકરો માને મળ્યો ત્યારે તે તેને ઓળખી ન શકી ! તો શું આવો આ ક્ષણે ક્ષણે પલટાતો ને પ્રતિક્ષણે મરી જનારો દેહ એ તારું સાચું સ્વરૂપ છે? રાત ને દિવસ જેમાં મળમૂત્રની નીકો વહે છે અને તારા જેવો જબરો ધોનારો મળેલો હોવા છતાં જેનું અસ્વચ્છતાનું વ્રત છૂટતું નથી તે તું છે કે? તે અસ્વચ્છ, તું તેને સ્વચ્છ કરવાવાળો, તે રોગી, તું તેનાં દવાદારૂ કરવાવાળો, તે માત્ર સાડા ત્રણ હાથ જમીન પર પડી રહેનારો ને તું ત્રિભુવનહારી, તે નિત્ય પરિવર્તન પામનારો ને તું તેના પલટાઓનો જોવાવાળો સાક્ષી, તે મરવાવાળો ને તું તેના મરણની વ્યવસ્થા જોવાવાળો, આવો તારી ને તેની વચ્ચેનો ભેદ ચોખ્ખો હોવા છતાં તું સંકુચિત શાને રહે છે? દેહના સંબંધો તેટલા જ મારા એમ શું કહ્યા કરે છે? અને આવા આ દેહના મરણનો શોક શાને કરે છે? ભગવાન પૂછે છે, ‘દેહનો નાશ એ વળી શોક કરવા જેવી બાબત હોય ખરી કે?’

દેહ વસ્ત્ર જેવો છે, જૂનો ફાટી જાય છે તેથી તો નવો લઈ



શકાય છે. આત્માને એકનો એક દેહ કાયમનો વળગી રહેતો હોત તો તેનું ઠેકાણું ન રહેત. બધોયે વિકાસ થંભી જાત. આનંદનો લોપ થાત અને જ્ઞાનની પ્રભા ઝાંખી પડી જાત. એથી દેહનો નાશ હરગિજ શોક કરવા યોગ્ય નથી. આત્માનો નાશ થતો હોત તો તે બીના ખરેખર ઘણો શોક કરવા જેવી થાત. પણ આત્મા તો અવિનાશી છે, આત્મા એક અખંડ વહેતો ઝરો છે. તેના પર અનેક દેહ આવે છે ને જાય છે. તેથી દેહની સગાઈમાં ફસાઈને શોક કરવો ને આ મારા ને આ પારકા એવા કકડા પાડવા એ તદ્દન ખોટું છે. બ્રહ્માંડ એક સુંદર વણેલું લૂગડું છે. નાનું છોકરું કાતર હાથમાં લઈ લૂગડાનાં કકડા કરે તે પ્રમાણે આ દેહ જેવડી કાતર લઈ આ વિશ્વાત્મા કકડા પાડવા એના જેવી બીજી કોઈ નાદાની છે ખરી કે? બીજા કોઈ હિંસા છે ખરી કે?

જે ભારતભૂમિમાં બ્રહ્મવિદ્યાનો જન્મ થયો તે જ આ ભૂમિમાં નાનામોટા વાડાઓ અને નાનીમોટી ન્યાતોનો રાફડો ફાટી નીકળેલો જોવાનો મળે છે એ ખરેખર બહુ ખેદની વાત છે. અને અહીં મરણનો તો એટલો બધો ડર ઘર કરીને બેઠો છે કે તેટલો ભાગ્યે જ બીજે ક્યાંયે હશે. ઘણા લાંબા વખતથી ઊતરી આવેલી પરતંત્રતાનું એ પરિણામ છે એમાં જરાયે શક નથી, પણ મરણનો આવો ડર પરતંત્રતાનું એક કારણ છે એ વાત પણ ભૂલી ગયે ચાલે એવું નથી.

અરે ! મરણ શબ્દ કે તેનો ઉચ્ચાર પણ આપણે સહન કરી શકતા નથી ! મરણનું નામ લેવું આપણે ત્યાં અભદ્ર લેખાય છે. 'अगा मर हा बोल न साहती । आणि मेलिया तरी रडती' અરે, મર એવો બોલ સહી શકતા નથી, અને મરે છે ત્યારે રડે છે, એવું જ્ઞાનદેવને બહુ દુઃખ સાથે લખવું પડ્યું. કોઈ મરી જાય ત્યારે આપણે ત્યાં કેવી રડારોળ ને કેવી બૂમાબૂમ થાય છે ! અને આપણને એમ કરવાનું જાણે ખાસ કર્તવ્ય લાગે છે ! રડવાવાળાંને મજૂરી આપીને ભાડે બોલાવા સુધી આપણે ત્યાં વાત પહોંચી છે! મરણ સામું આવી ઊભું હોય છતાં આપણે રોગીને તેની વાત કરતા નથી, દાકતર કહે કે આ હવે બચે એમ નથી તો પણ માંદાને ભરમમાં રખાય છે, દાકતર પણ ચોખ્ખું કહેતો નથી અને છેવટ સુધી ગળામાં દવા રેડ્યા કરે છે. રોગીને સાચી વાત જણાવી ધીરજ આપી તેને ઈશ્વરના સ્મરણ તરફ વાળીએ તો તેના પર કેટલો ઉપકાર થાય ! પણ સૌને એક જ ધાક કે ધક્કો લાગવાથી માટલું આગળથી ફૂટી જાય તો? પણ ફૂટતાં પહેલાં માટલું કેવી રીતે ફૂટવાનું હતું? અને બે કલાક પછી જે ફૂટ્યા વગર રહેવાનું નથી તે જરા વહેલું ફૂટી ગયું તોયે શું થવાનું હતું? આનો અર્થ એવો નથી કે આપણે કઠોર અને પ્રેમશૂન્ય થવું. પણ દેહાસક્તિ કંઈ પ્રેમ નથી. ઊલટું દેહાસક્તિમાંથી છૂટ્યા વગર ખરા પ્રેમનો કદી ઉદય થતો નથી.



દેહાસક્તિ છૂટી જાય તો દેહ સેવાનું સાધન છે એ વાત સમજાય. અને પછી દેહને તેને લાયકની સાચી પ્રતિષ્ઠા પણ મળ્યા વગર નહીં રહે. પણ આજે દેહની પૂજાને જ આપણે સાધ્ય માની બેઠા છીએ. આપણું સાધ્ય સ્વધર્મનું આચરણ છે એ વાત આપણે સાવ વીસરી ગયા છીએ. સ્વધર્મનું આચરણ બરાબર થાય તે સારુ દેહનું જતન કરવું જોઈએ અને તેને ખાવાનું ને પીવાનું આપવું જોઈએ પણ જીભના ચસકા પૂરા કરવાની જરાયે જરૂર નથી. કડછી શિખંડમાં બોળો કે કઢીમાં બોળો, તેને તેનું સુખ નથી કે દુઃખ નથી. જીભનું એવું થવું જોઈએ તેને રસનું એટલે કે સ્વાદનું જ્ઞાન હોવું જોઈએ પણ તેનું સુખ કે દુઃખ ન હોવું જોઈએ. શરીરનું ભાડું શરીરને ચૂકવી દીધું કે કામ પત્યું. રેંટિયા પાસેથી સૂતર કંતાવવું છે માટે તેમાં તેલ પૂરવું જોઈએ. તેવું જ શરીર પાસેથી કામ લેવાનું છે માટે તેમાં કોલસો પૂરવો જોઈએ. આ ઢબે દેહનો ઉપયોગ કરવાથી તે અસલમાં ક્ષુદ્ર હોવા છતાં કિંમતમાં વધી શકે અને તેને પોતાને છાજતી પ્રતિષ્ઠા પણ મળે.

પણ દેહને સાધન તરીકે ન વાપરતાં આપણે તેમાં ડૂબી જઈ આત્માનો સંકોચ કરીએ છીએ. એથી મૂળમાં ક્ષુદ્ર એવો દેહ વધારે ક્ષુદ્ર બને છે. એથી જ સંતો ઠોકી ઠોકીને કહે છે કે 'देह आणि देहसंबंधे निंदावीं । इतरें वंदावीं श्वानसूकरें ।' દેહ અને દેહના

સંબંધોને વખોડી કાઢો ને છોડો, નહીં તો કૂતરાં ને ડુક્કરની પૂજા કરવી શી ખોટી? અરે જીવ! દેહની અને દેહની સાથે જેમનો સંબંધ બંધાય છે તેમની જ આખો વખત પૂજા કર મા. બીજાંને પણ ઓળખતાં શીખ. સંતો આપણને આ રીતે આપણી જાતને વ્યાપક બનાવવાને આગ્રહ કરે છે. આપણાં સગાંવહાલાં ને મિત્રો સિવાય બીજાંઓની પાસે પોતાનો થોડો સરખોયે આત્મા આપણે લઈ જઈએ છીએ ખરાં કે? 'जीव जीवांत घालावा। आत्मा आत्म्यांत मिसळावा' - જીવને જીવમાં પરોવવો ને આત્માને આત્મામાં ભેળવવો, એવું આપણે કરીએ છીએ ખરા કે? આપણા આત્મહંસલાને આ પિંજર બહારની હવા આપણે લગાડીએ છીએ ખરા કે? મારા માની લીધેલા કૂંડાળાને ભેદીને કાલે મેં દસ નવા મિત્રો બનાવ્યા, આજે તેના પંદર થયા, કાલે પચાસ થશે, આમ કરતાં કરતાં એક દિવસ આખું વિશ્વ મારું ને હું આખાયે વિશ્વનો એવો અનુભવ કર્યા વિના હું રહેવાનો નથી, એવું કદી તમારા મનમાં થાય છે ખરું કે? પણ જેલમાંથી છૂટેલા એકાદ નવા દોસ્તને, રાજદ્વારી કેદી નહીં, ચોર કેદીને એકાદ કાગળ લખશો કે?

આપણો આત્મા વ્યાપક થવાને ખરેખર તરફડિયાં મારે છે. આખા જગતને ક્યારે ભેટું એમ તેને થયા કરે છે. પણ આપણે તેને ગોંધી રાખીએ છીએ. આત્માને આપણે કેદી બનાવી રાખ્યો છે. આપણને તે યાદ સરખો આવતો નથી. સવારથી માંડીને



સાંજ સુધી આપણે દેહની સેવામાં મચ્યા રહીએ છીએ. એ દેહનું પોષણ કેટલું થયું. તે કેટલો વધ્યો કે તે કેટલો સુકાયો એ વગર આપણે બીજી ફિકર કરતા નથી. જાણે કે આપણે સારુ બીજો કોઈ આનંદ જ નથી. ભોગ અને સ્વાદનો આનંદ તો જાનવરો પણ ભોગવે છે. હવે ત્યાગનો અને સ્વાદને તોડવાનો આનંદ કેવો હોય છે તે તારો જોવું છે કે નહીં? પોતાને કકડીને ભૂખ લાગી હોય છતાં સામેની ભરેલી થાળી બીજા કોઈ ભૂખ્યાને આપી દેવામાં કેવો આનંદ છે તેનો અનુભવ કરવા માંડ, એની મીઠાશ ચાખી જો. મા છોકરાને માટે ઘસાય છે ત્યારે તેને આ મીઠાશ થોડી સરખી ચાખવાની મળે છે. માણસ 'મારું' કહીને જે સાંકડું કૂંડાળું બનાવે છે તેમાંયે અજાણપણે આત્મવિકાસની મીઠાશ ચાખવાનો તેનો ઉદ્દેશ હોય છે. એ રીતે દેહમાં વીંટળાયેલો ને પુરાયેલો આત્મા થોડો ને થોડા વખત પૂરતો બહાર નીકળે છે. પણ એ બહાર નીકળવાનું કેવું છે? જેલની કોટડીમાં પુરાયેલા કેદીનું કામને બહાને જેલના ચોગાનમાં નીકળવાનું થાય તેવું. પણ એટલું બહાર નીકળવાથી આત્માનું કામ પાર પડતું નથી. આત્માને મુક્તાનંદ જોઈએ છે.

ટૂંકમાં (૧) અધર્મ અને પરધર્મ એમ બંને આડા રસ્તા છોડી સાધકે સ્વધર્મનો સહેલો ને સીધો રસ્તો પકડવો. સ્વધર્મની કેડ કદી ન છોડવી. (૨) દેહ ક્ષણભંગુર છે એ વાત બરાબર

ગોખી રાખી તેને સ્વધર્મના પાલનને અર્થે વાપરવો અને સ્વધર્મને સારુ જરૂર પડ્યે ફેંકી દેતાં જરાયે અચકાવું નહીં. (૩) આત્માના અખંડપણાનું અને વ્યાપકપણાનું ભાન સતત જાગ્રત રાખી ચિત્તમાંથી સ્વ-પર ભેદ કાઢી નાખવો. જીવનના આ મુખ્ય સિદ્ધાંત ભગવાને બતાવ્યા છે. એને આચરનારો માણસ એક દિવસ 'नरदेहाचेनि साधनें, सच्चिदानंद पदवी घेणें' -- આ મનખા દેહના સાધન વડે સચ્ચિદાનંદ પદવી લેવાનો અનુભવ હાથ કરશે એમાં શંકા નથી.

**બંનેનો મેળ સાધવાની યુક્તિ - ફળત્યાગ**

ભગવાને જીવનના સિદ્ધાંત તો બતાવ્યા ખરા, પણ ખાલી સિદ્ધાંત બતાવી મૂકવાથી કામ પાર પડતું નથી. ગીતામાં વર્ણવેલા આ સિદ્ધાંતો ઉપનિષદોમાં અને સ્મૃતિઓમાં એ પહેલાં બતાવેલાં છે. ગીતાએ તે ફરી રજૂ કર્યા તેમાં ગીતાની અપૂર્વતા નથી. આ સિદ્ધાંતો આચરવા કેવી રીતે, એ દેખાડવામાં ગીતાની અપૂર્વતા છે. આ મહાપ્રશ્ન ઉકેલવામાં ગીતાનું ખાસ કાબેલપણું છે.

જીવનના સિદ્ધાંત અમલમાં મૂકવાની હથોટી અથવા યુક્તિને જ યોગ કહે છે. સાંખ્ય એટલે સિદ્ધાંત અથવા શાસ્ત્ર, અને યોગ એટલે કળા. 'योगियां साधली जीवनकळा' યોગીઓએ જીવનની કળા હાથ કરી છે એવી સાખ જ્ઞાનદેવે ક્યારની પૂરેલી છે. ગીતા સાંખ્ય ને યોગ, શાસ્ત્ર ને કળા બંને વડે પરિપૂર્ણ છે.



શાસ્ત્ર ને કળા બંને મળીને જીવનનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. એકલું શાસ્ત્ર ખાલી હવામાં અધ્ધર રહેશે. સંગીતનું શાસ્ત્ર સમજાય તોયે ગળામાંથી સંગીત પ્રગટ કરવાની કળા હાથ લાગ્યા વગર નાદબ્રહ્મ પૂરું ખીલી નહીં ઊઠે. આટલા સારુ ભગવાને સિદ્ધાંત બતાવ્યા. તેની સાથે તેમનો વિનિયોગ શીખવનારી કળા પણ બતાવી છે. એ કળા કઈ છે? દેહને તુચ્છ લેખી આત્માનું અમરપણું ને અખંડપણું ધ્યાનમાં રાખી, સ્વધર્મનું આચરણ કરવાની આ કળા કઈ છે?

કર્મ કરનારાઓની વૃત્તિ બેવડી હોય છે. અમે કર્મ કરીએ તો તે કર્મનાં ફળ અમે ચાખ્યા વગર ન રહીએ, અમારો એ હક છે. એ એક વૃત્તિ છે. અને એથી ઊલટી બાજુ, અમને ફળ ચાખવાનાં ન મળવાનાં હોય તો અમે કર્મ કરવાના નથી, એ ઊઠવેઠ અમે શા સારુ કરીએ? એ બીજી વૃત્તિ છે. ગીતા ત્રીજી એક વૃત્તિનું પ્રતિપાદન કરે છે. ગીતા કહે છે, ''કર્મ તો કરો જ પણ ફળનો અધિકાર રાખશો નહીં.'' કર્મ કરનારને ફળનો હક છે. પણ તમારો એ હક રાજીખુશીથી છોડી દો. રજોગુણ કહે છે, 'લઈશ તો ફળની સાથે લઈશ.' તમોગુણ કહે છે, 'છોડીશ, ફેંકી દઈશ તો ફળ સાથે કર્મને પણ ફેંકી દઈશ.' બંને એકબીજાના પિતરાઈ છે. એનાથી ઉપર જઈ શુદ્ધ સત્ત્વગુણી થાઓ. કર્મ કરી તેનું ફળ છોડો, અને ફળ છોડી કર્મ કરો. આગળ કે પાછળ, કર્મ

કરતાં પહેલાં કે તે પાર પાડ્યા પછી ફળની આશા રાખો મા.

ફળની આશા રાખો મા એમ કહેતી વખતે કર્મ સારામાં સારું થવું જોઈએ એણ ગીતા ઠોકી ઠોકીને કહે છે. સકામ પુરુષના કર્મ કરતાં નિષ્કામ પુરુષનું કર્મ વધારે સારું થવું જોઈએ, એ અપેક્ષા તદ્દન બરાબર છે. કેમકે સકામ પુરુષ ફળને વિષે આસક્તિવાળો હોવાથી ફળ બાબતના સ્વપ્ન-ચિંતનમાં તેનો થોડોઘણો વખત બગડ્યા વગર નહીં રહે અને તેની થોડીઘણી શક્તિ વેડફાયા વગર નહીં રહે. પણ ફળની ઈચ્છા વગરના પુરુષની એકેએક ક્ષણ અને બધી શક્તિ કર્મ પાર પાડવામાં વપરાશે. નદીને રજા હોતી નથી. પવનને વિસામો ખાવાનો હોતો નથી. સૂર્યને હંમેશ બળતા રહેવા સિવાય બીજી પ્રવૃત્તિ નથી. એ જ પ્રમાણે નિષ્કામ કર્તાને મંડ્યા રહેનાર પુરુષનું કામ સારામાં સારું નહીં થાય તો બીજા કોનું થવાનું હતું? આ ઉપરાંત કુશલતા માટે ચિત્તનું સમત્વ, બીજો એક મોટો જરૂરી ગુણ છે. અને તેના પર નિષ્કામ પુરુષનો ખાસ માલિકીનો હક છે. એકાદું તદ્દન બહારની કામગરીનું કામ લઈએ તો પણ તેમાં હાથની કુશળતાની સાથે ચિત્તની સમતાનો મેળ હશે તો કામ વધારે સુંદર થશે એ વાત દીવા જેવી ખુલ્લી છે. વારું, વળી સકામ અને નિષ્કામ પુરુષ બંનેની કર્મ કરવાની દૃષ્ટિમાં જે ફરક છે. તે પણ નિષ્કામ પુરુષના કર્મને વધારે અનુકૂળ છે. સકામ પુરુષ કર્મ



તરફ સ્વાર્થની દૃષ્ટિથી જુએ છે. મારું જ કર્મ અને મારું જ ફળ એવી તેની નજર હોય છે. એથી કર્મમાં જરા બેધ્યાન થવાય તોયે તેમાં તે નૈતિક દોષ માનતો નથી. બહુ તો વહેવારુપણાનો દોષ માને છે. પણ નિષ્કામ પુરુષની સ્વકર્મની બાબતમાં નૈતિક કર્તવ્યબુદ્ધિ હોવાથી તેમાં જરાયે ઊણપ ન રહે તે માટે તે ચીવટ રાખે છે. એથી પણ તેનું કર્મ વધારે ખામી વગરનું નીવડે છે. કોઈ પણ રીત જોતાં ફળત્યાગનું તત્ત્વ અત્યંત કુશળ અને સફળ સાબિત થાય છે. એથી ફળત્યાગને યોગ એટલે કે જીવનની કળાના નામથી ઓળખવો જોઈએ.

નિષ્કામ કર્મની વાત બાજુએ રહેવા દઈ બીજી રીતે જોઈએ તો પણ પ્રત્યક્ષ કર્મમાં જે આનંદ છે તે તેના ફળમાં નથી. સ્વકર્મ કરતાં કરતાં તેમાં જે એક જાતની તન્મયતા થાય છે તે આનંદનો ઝરો છે. ચિત્રકારને કહીએ કે, ‘ચિત્ર કાઢવાનું રહેવા દે, એ માંડી વાળવાને જેટલા જોઈએ તેટલા પૈસા તને આપીશું.’ તો એ આપણી વાત નહીં સાંભળે. ખેડૂતને કહો કે, “તું ખેતરમાં જઈશ મા, ઢોર ચારીશ નહીં, કોસ હાંકવાનું માંડી વાળ. અમે તને તારે ત્યાં જોઈએ તેટલું અનાજ ભરી આપીશું.” હાડનો સાચો ખેડૂત હશે તો એને આ સોદો નહીં ખપે. ખેડૂત સવારના પહોરમાં ખેતરે જાય છે. સૂર્યનારાયણ તેનું સ્વાગત કરે છે. પંખીઓ તેને સારુ ગીતો ગાય છે. ગાય-વાછરડાં તેની ફરતે એકઠાં મળેલાં

છે. પ્રેમથી અને ઊલટથી તે તેમના પર હાથ ફેરવી તેમને પંપાળે છે. પોતે રોપેલાં ઝાડ તે જોઈ વળે છે. આ બધાં કાર્યોમાં એક સાત્ત્વિક આનંદ રહેલો છે. એ કર્મનું મુખ્ય અને સાચું ફળ આ આનંદ છે. તેની સરખામણીમાં તેનું બહારનું ફળ છેક ગૌણ બની જાય છે.

ગીતા માણસોની નજર કર્મફળ પરથી હઠાવી લેવાને કહે છે ત્યારે એ તરકીબથી તેની કર્મ સાથેની તન્મયતા સેંકડો ગણી વધારી આપે છે. ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરનારા પુરુષની પોતાના કામ સાથેની તન્મયતા સમાધિના દરજ્જાની હોય છે. આ રીતે જોતાં નિષ્કામ કર્મ એ જ મોટું ફળ છે એ બીના સમજાય છે. ‘‘ઝાડને ફળ બેસે છે પણ ફળને બીજું કયું ફળ આવશે?’’ એમ જ્ઞાનદેવે સવાલ કર્યો છે તે તદ્દન બરાબર છે. આ દેહરૂપી વૃક્ષને નિષ્કામ સ્વધર્માચરણ જેવું મજાનું ફળ બેસે પછી બીજા કયા ફળની અને શા સારુ અપેક્ષા રાખવી? ખેડૂત ખેતરમાં ઘઉં પકવે તે વેચીને જુવાર લાવી તેના રોટલા તેણે શા સારુ ખાવા? કેળની રસાળ વાડી બનાવી પછી તેમાંનાં કેળાં વેચીને મરચાં લાવી તે શા માટે ખાય? અરે, એ કેળાં જ ખાને! પણ લોકમતને આજે એ વાત મંજૂર નથી. કેળાં ખાવાનું સદ્ભાગ્ય સામું આવીને ઊભું હોવા છતાં લોકો મરચાં ખાવા બેસી જાય છે. ગીતા કહે છે, એવું ન કરશો. કર્મ જ ખાઓ, કર્મ જ પીઓ,



કર્મ જ પચાવો. જે કંઈ છે તે બધું કર્મ કર્યામાં સમાઈ જાય છે. છોકરાં રમવાનો આનંદ મેળવવાને રમે છે. એથી કસરતનું ફળ તેમને આપોઆપ સહેજે મળે છે. પણ એ ફળ પર તેમની નજર હોતી નથી. તેમનો સર્વ આનંદ રમત રમવામાં હોય છે.

**ફળત્યાગનાં બે ઉદાહરણ**

સંતોએ પોતાના જીવનથી આ વાત ચોખ્ખી બતાવી છે. તુકારામની ભક્તિ જોઈ શિવાજી મહારાજને તેમને માટે ઘણા માનની લાગણી થતી. એક વખત પાલખી વગેરે મોકલી તેમણે તેમનું સન્માન કરવાનું શરૂ કર્યું. પોતાના સ્વાગતનો આવો ઠઠ જોઈ તુકારામને ખૂબ દુઃખ થયું. તેમણે પોતાના મનમાં વિચાર કર્યો, ‘‘મારી ભક્તિનું આ ફળ? આને સારુ હું ઈશ્વરની ભક્તિ કરું છું?’’ તેમને થયું કે માન સન્માનનું ફળ બતાવી ઈશ્વર જાણે કે પોતાને અળગા કરવા માગે છે. તેમણે કહ્યું,

‘‘जाणूनि अंतर । टाळिशील करकर ।
तुज लागली हे खोडी । पांडुरंगा बहु कुडी ॥’’

મારું અંતર જાણી લઈ તું મારી કચકચ ટાળવાના પ્રયાસ કરીશ. હે પાંડુરંગ, તને આ બહુ બૂરી ટેવ છે. હે ઈશ્વર, તારી ટેવ સારી નથી. તું આવી નજીવી લોભામણી બતાવી મને કાઢવા માગતો હશે. તારા મનમાં તું કહેતો હશે કે આ બલા બારણેથી ટળે તો સારું ! પણ હું કંઈ કાચો નથી. હું તારા પગ જોરથી પકડીને

બેસીશ. ભક્તિ ભક્તનો સ્વધર્મ છે અને ભક્તિને બીજાં ફળોના ફણગા ફૂટવા ન દેવા એ જ તેની જીવનકળા છે.

પુંડલીકનું ચરિત્ર ફળત્યાગનો આનાથીયે વધારે આદર્શ બતાવે છે. પુંડલીક માબાપની સેવા કરતો હતો. એ સેવાથી પ્રસન્ન થઈ પાંડુરંગ તેને મળવાને દોડી આવ્યા. પણ પાંડુરંગને છંદે ચડીને હાથમાંની સેવા પડતી મૂકવાનો તેણે ઈન્કાર કર્યો. માબાપની આ સેવા તેની ઊંડી અંતરની મમતાવાળી ઈશ્વરભક્તિ હતી. કોઈક દીકરો બીજાને લૂંટીને માબાપને સુખસગવડ લાવી આપતો હશે; અથવા કોઈક દેશસેવક બીજા દેશોનો દ્રોહ કરી સ્વદેશની ચડતી કરવા ધારતો હશે, પણ એ બંનેની એ ભક્તિ નહીં કહેવાય, આસક્તિ કહેવાશે. પુંડલીક એવી આસક્તિમાં ફસાયો નહોતો. ઈશ્વરની મૂર્તિ સામે આવી ઊભી રહી પણ પરમેશ્વર તેવડો જ હતો કે? એ રૂપનું દર્શન થયું તે પહેલાં સૃષ્ટિ ખાલી મડદું હતી કે? પુંડલીકે ઈશ્વરને કહ્યું, ‘‘હે ભગવાન, તું સાક્ષાત્ ઈશ્વર મને મળવાને સામો ચાલીને આવ્યો છે તે હું સમજું છું. પરંતુ હું ‘પણ-સિદ્ધાંત’ માનવાવાળો છું. તું એકલો જ ઈશ્વર છે એ વાત મને મંજૂર નથી. તું પણ ઈશ્વર છે ને આ મારાં માબાપ પણ મારે સારુ ઈશ્વર છે. એમની સેવામાં હું છું તે વખતે તારા તરફ ધ્યાન આપી શકતો નથી. માટે તું મને માફ કરજે.’’ આમ કહી પાંડુરંગને ઊભા રહેવાને તેણે એક ઈંટ આગળ સરકાવી



અને પોતે પોતાના સેવાકાર્યમાં મશગૂલ થઈ ગયો. તુકારામ કૌતુક અને વિનોદમાં કહે છે.

‘‘कां रे प्रेमें मातलासी । उभे केलें विठ्ठलासी ॥

ऐसा कैसा रे तूं धीट । मागें भिरकाविली वीट ॥’’

અલ્યા પ્રેમથી કેવો ફાટ્યો છે ! ખુદ વિઠ્ઠલને પણ ઊભો રાખ્યો ! અને ધીટ પણ કેવો કે પાછું ફરીને જોયા વગર તેને ઊભા રહેવાને પાછળ ઈંટ ફેંકી !

પુંડલીકે વાપરેલો આ ‘પણ સિદ્ધાંત’ ફળત્યાગની તરકીબનું એક અંગ છે. ફળત્યાગી પુરુષની કર્મસમાધિ જેમ ઊંડી હોય છે તેમ તેની વૃત્તિ વ્યાપક, ઉદાર અને સમ હોય છે. એથી તરેહતરેહનાં તત્ત્વજ્ઞાનોની જંજાળમાં તે ફસાતો નથી અને પોતાનું જે હોય તેને છોડતો નથી. ‘नान्यदस्तीतिवादिनः’ ‘આ જ છે અને બીજું નથી, એવા વાદવિવાદમાં પણ તે પડતો નથી. ‘આ પણ છે અને તે પણ છે. પરંતુ મારા પૂરતું આ જ છે.’ એવી તેની નમ્ર તેમ જ નિશ્ચયી વૃત્તિ રહે છે. એક વખત એક સાધુ પાસે જઈને એક ગૃહસ્થે તેને પૂછ્યું, ‘‘મોક્ષને માટે શું ઘર છોડવું જ પડે?’’ સાધુએ કહ્યું, ‘‘એવું કોણ કહે છે? ઘરમાં રહીને એમ આરામથી મોક્ષ મળી જતો હોય તો શુક જેવાએ ઘર છોડ્યું તે શું બેવકૂફ હતા?’’ પછી એ બેઉ ગૃહસ્થોનો ભેટો થયો અને તેમની વચ્ચે ઝઘડો પડ્યો. એક કહે સાધુએ ઘર છોડવાનું કહ્યું છે. બીજો

કહે ઘર છોડવાની જરૂર નથી એવું કહ્યું છે. જેવી જેની વૃત્તિ તેવો તેને માટે રસ્તો. અને જેવો જેનો સવાલ તેવો તેને જવાબ. ઘર છોડવાની જરૂર નથી એ પણ ખરું છે અને ઘર છોડવાની જરૂર છે એ પણ ખરું છે.' આનું નામ 'પણ સિદ્ધાંત' છે.

પુંડલીકના દાખલા પરથી ફળત્યાગ કેટલી હદ સુધી પહોંચે છે એ જોવાનું મળે છે. ઈશ્વર તુકારામને જે લોભામણી આપીને ટાળવા માગતો હતો તેની સરખામણીમાં પુંડલીકને આપવા ધારેલી લોભામણીની ચીજ કેટલીયે મોહક હતી. પણ તેનાથીયે તે ભરમાયો નહીં. ભરમાઈ જાત તો ઠગાઈ જાત. એક વખત સાધનનો નિશ્ચય થઈ ગયા પછી છેવટ સુધી તેનું પાલન અને તેનો આચાર ચાલુ રહેવો જોઈએ. વચમાં સાક્ષાત્ ઈશ્વરનું દર્શન આડું આવીને ઊભું રહે તો તેને ખાતર સાધન છોડવાનું હોય નહીં. આ દેહ બાકી રહ્યો હોય તો સાધનને માટે છે. ઈશ્વરનું દર્શન તો જ્યારે જોઈએ ત્યારે હાથમાં જ છે. તે ક્યાં જવાનું હતું? 'सर्वात्मकपण माझें हिरोनि नेतो कोण? मनीं भक्तीची आवडी' – મારું સર્વાત્મકપણું હરી જનારું કોણ છે? મનમાં ભક્તિની રુચિ છે. તે ભક્તિ પૂરી કરવાને આ જન્મ છે. 'मा ते संगोऽस्त्वकर्मणि' એ ગીતાવચનના અર્થમાં એવી અપેક્ષા છે કે નિષ્કામ કર્મ કરતાં કરતાં અકર્મની એટલે કે છેવટની કર્મયુક્તિની એટલે જ મોક્ષની વાસના પણ રાખવી નહીં. વાસનામાંથી



છુટકારાનું નામ જ મોક્ષ છે. મોક્ષને વાસનાની શી જરૂર? ફળત્યાગથી આટલો પંથ કાપ્યો એટલે જીવનની કળા સોળે કળાએ સિદ્ધ થઈ જાણવી.

**આદર્શ ગુરુમૂર્તિ**

શાસ્ત્ર બતાવ્યું. કળા બતાવી. પણ એટલાથી પૂરેપૂરું ચિત્ર નજર સામે ઊભું થતું નથી. શાસ્ત્ર નિર્ગુણ છે. કળા સગુણ છે. પણ સગુણ સુધ્ધાં આકાર ધારણ ન કરે ત્યાં સુધી વ્યક્ત થતું નથી. કેવળ નિર્ગુણ જેમ હવામાં અધ્ધર રહે છે તેવું નિરાકાર સગુણનું પણ બને એવો પૂરો સંભવ છે. ગુણ જેનામાં ઠરીને મૂર્તિમંત થયો હોય તેવા ગુણીનું દર્શન એ જ આ મુશ્કેલીનો ઈલાજ છે. તેથી અર્જુન કહે છે, "હે ભગવાન, જીવનના મુખ્ય સિદ્ધાંતો તો તમે કહી બતાવ્યા. એ સિદ્ધાંતોને અમલમાં મૂકવાની કળા પણ તમે બતાવી. છતાં હજી મને ચોખ્ખો ખ્યાલ આવતો નથી. હવે મારે ચરિત્ર સાંભળવું છે. સાંખ્યનિષ્ઠા જેની બુદ્ધિમાં સ્થિર થઈ હોય, ફળત્યાગરૂપ યોગ જેના જીવન સાથે વણાઈ ગયો હોય એવા પુરુષનાં લક્ષણો મને વર્ણવી બતાવો. ફળત્યાગનું પૂરેપૂરું ઊંડાણ બતાવનારો, કર્મસમાધિમાં મગ્ન રહેનારો, અઢળ નિશ્ચયનો મહામેરુ - જેને સ્થિતપ્રજ્ઞ કહીને ઓળખાવાય તે પુરુષનું બોલવાનું કેવું હોય છે. બેસવા-ઊઠવાનું કેવું હોય છે. ચાલવાનું કેવું હોય છે, તે બધું મને કહો. એ મૂર્તિ કેવી હોય છે?

તેને ઓળખવી કેવી રીતે? હે ભગવાન, આ બધું કહો.''

અર્જુનના આ સવાલોના જવાબમાં બીજા અધ્યાયના છેવટના અઢાર શ્લોકોમાં સ્થિપ્રજ્ઞનું ગંભીર તેમ જ ઉદાત્ત ચરિત્ર ભગવાને વર્ણવ્યું છે. આ અઢાર શ્લોકોમાં ગીતાના અઢાર શ્લોકોમાં ગીતાના અઢારે અધ્યાયનો જાણે કે સાર સંઘર્યો છે. સ્થિતપ્રજ્ઞ ગીતાની આદર્શમૂર્તિ છે. એ શબ્દ પણ ગીતાનો સ્વતંત્ર યોજેલો છે. આગળ પાંચમા અધ્યાયમાં જીવન્મુક્તનું, બારમામાં ભક્તનું, ચૌદમામાં ગુણાતીતનું અને અઢારમામાં જ્ઞાનનિષ્ઠનું આવું જ વર્ણન છે. પણ એ બધાં કરતાં સ્થિતપ્રજ્ઞનું વર્ણન વધારે વિસ્તારથી તેમ જ ખુલાસાવાર કરેલું છે. તેમાં સિદ્ધનાં લક્ષણોની સાથે સાધકનાં લક્ષણો પણ બતાવ્યાં છે. હજારો સત્યાગ્રહી સ્ત્રીપુરુષો રોજ સાંજની પ્રાર્થનામાં આ લક્ષણો બોલી જાય છે. દરેકેદરેક ગામમાં અને દરેકેદરેક ઘરમાં એ પહોંચાડી શકાય તો કેટલો આનંદ થાય ! પણ પહેલાં તે આપણા હૃદયમાં વસશે ત્યારે બહાર સહેજે આપોઆપ પહોંચી જશે. રોજ બોલાય તે પાઠ યાંત્રિક બની જાય તો ચિત્તમાં ઠસી જવાની વાત આથી રહી, ઊલટો તે ભુંસાઈ જાય. પણ એ નિત્યપાઠનો વાંક નથી, મનનના અભાવની ખામી છે. નિત્યપાઠની સાથે સાથે નિત્ય મનન અને નિત્ય આત્મપરીક્ષણ બંનેની જરૂર રહે છે.

સ્થિતપ્રજ્ઞ એટલે સ્થિર બુદ્ધિવાળો પુરુષ એ તો એના



નામ પરથી ચોખ્ખું સમજાય છે. પણ સંયમ વગર બુદ્ધિ સ્થિર ક્યાંથી થાય? એથી સ્થિતપ્રજ્ઞને સંયમનો મૂર્તિ કહ્યો છે. બુદ્ધિ આત્મનિષ્ઠ અને અંતર્બાહ્ય ઈન્દ્રિયો બુદ્ધિના તાબામાં એ સંયમનો અર્થ છે. સ્થિતપ્રજ્ઞ બધી ઈન્દ્રિયોને લગામ ઘાલી કર્મયોગમાં રોળવે છે. ઈન્દ્રિયોરૂપી બળદ પાસે તે નિષ્કામ સ્વધર્માચરણની ખેતી વ્યવસ્થિત રીતે કરાવે છે. પોતાના એકેએક શ્વાસોચ્છ્વાસનો તે પરમાર્થમાં ઉપયોગ કરે છે.

ઈન્દ્રિયોનો આવો સંયમ સહેલો નથી. ઈન્દ્રિયોને બિલકુલ ઉપયોગ ન કરવાનું એક રીતે સહેલું હોય એમ બને. મૌન, નિરાહાર વગેરે વાતો એટલી બધી અઘરી નથી. અને ઈન્દ્રિયોને બેલગામ છોડી મૂકવાનું તો સૌ કોઈ કરી શકે એવું છે. પણ કાચબો જેમ જોખમની જગ્યાએ પોતાના અવયવ પૂરેપૂરા અંદર ખેંચી લે છે અને વગર જોખમની જગ્યાએ વાપરે છે, તેવી જ રીતે વિષયોપભોગમાંથી ઈન્દ્રિયોને ફેરવીને વાળી લેવી અને પરમાર્થકાર્યમાં તેમનો પૂરો ઉપયોગ કરવો એ સંયમ મહા કપરો છે. એ માટે ભારે પ્રયત્ન જોઈએ. જ્ઞાન પણ જોઈએ. અને એ બધી કોશિશ કરવા છતાં તે હંમેશ પૂરેપૂરો પાર પાડે જ એવું નથી. તો શું નિરાશ થઈ મહેનત કરવાનું માંડી વાળવું? ના, સાધકથી કદી નિરાશ ન થવાય. તેણે પોતાની સાધક તરીકેની બધી યુક્તિ વાપરવી, અને તે અધૂરી પડે ત્યાં ભક્તિનો સાથ

લેવો એવી અત્યંત કીમતી સૂચના આ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં ભગવાને આપી રાખી છે. આ સૂચના તદ્દન માપસરના થોડા શબ્દોમાં કરી છે. પણ ઢગલાબંધ વ્યાખ્યાનો કરતાં તેનું મૂલ્ય વધારે છે. કેમકે ભક્તિની જ્યાં ખાસ જરૂર છે ત્યાં જ તે હાજર કરી છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું સવિસ્તર વિવરણ આજે આપણે અહીં કરવું નથી. પણ આપણી આખી સાધનામાં ભક્તિની આ અચૂક જગ્યા આપણે ચૂકી ન જઈએ તેટલાખાતર તેના પર ખાસ ધ્યાન ખેંચ્યું છે. પૂર્ણ સ્થિતપ્રજ્ઞ આ જગતમાં કોણ થઈ ગયો હશે તે એક ભગવાન જાણે. પણ સેવાપરાયણ સ્થિતપ્રજ્ઞના નમૂના તરીકે પુંડલીકની મૂર્તિ કાયમ મારી આંખો સામે તર્યા કરે છે. મેં તે તમારી આગળ રજૂ કરી છે.

થયું ત્યારે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પૂરાં થયાં અને બીજો અધ્યાય પણ સમાપ્ત થયો.

(નિર્ગુણ) સાંખ્યબુદ્ધિ + (સગુણ) યોગબુદ્ધિ + (સાકાર) સ્થિતપ્રજ્ઞ

મળીને

સંપૂર્ણ જીવનશાસ્ત્ર બને છે.

આમાંથી બ્રહ્મનિર્વાણ અર્થાત્ મોક્ષ એ સિવાય બીજું શું ફલિત હોય?



## ત્રીજા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી ભગવાન બોલ્યા : હે પ્રિયે ! જનસ્થાનમાં એક જડ નામે બ્રાહ્મણ રહેતો હતો, જે કૌશિક વંશમાં જન્મ્યો હતો. તે પોતાની જાતિ પ્રમાણે બ્રાહ્મણ કર્મને છોડી વૈશ્યવૃત્તિમાં પડી ગયો. તેને પરાઈ સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરવાની આદત પડી ગઈ હતી. તે જુગાર રમતો, સુરાપાન કરતો અને શિકાર કરી જીવોની હિંસા પણ કરતો હતો. આ રીતે સમય પસાર કરતો તે ધન નષ્ટ થતાં વ્યાપાર અર્થે ઘણે દૂર ઉત્તર દિશા તરફ ગયો. ત્યાંથી ધન કમાઈ પાછો ઘર તરફ ફર્યો. સારો એવો માર્ગ પસાર કર્યા પછી એક દિવસ સૂર્યાસ્ત થતાં બધી દિશાઓમાં અંધકાર છવાઈ ગયો. ત્યારે એક વૃક્ષ નીચે તેને લુંટારાઓએ ઘેરી લીધો અને મારી નાખ્યો. તેણે ધર્મનો ત્યાગ કર્યો હતો તેથી તે ભયંકર પ્રેત થયો.

તેનો પુત્ર ધર્માત્મા અને વેદોનો જ્ઞાતા હતો. તેણે ઘણા સમય સુધી પિતાના આવવાની રાહ જોઈ. જ્યારે તેઓ ન આવ્યા ત્યારે તેમનો પત્તો મેળવવા તે ઘેરથી નીકળી પડ્યો. તેણે ઘણી જગ્યાએ શોધ કરી. રાહદારીઓને પૂછવા છતાં કંઈ પત્તો લાગ્યો

નહિ. એક દિવસ એક માણસ તેને મળ્યો જે તેના પિતાનો સહાયક હતો. તેની પાસેથી બધી વિગત જાણી. તેણે પિતાના મૃત્યુ ઉપર ઘણો શોક કર્યો. તે ઘણો બુદ્ધિમાન હતો. ખૂબ વિચારના અંતે પિતાની પારલૌકિક ક્રિયા કરવાની ઈચ્છાથી જરૂરી સામગ્રી લઈ કાશી જવા નીકળ્યો. રસ્તામાં સાત-આઠ જગ્યાએ રોકાણ કરતો નવમા દિવસે તે જ વૃક્ષ નીચે પહોંચ્યો જ્યાં તેના પિતાનું મૃત્યું થયું હતું. ત્યાં તેણે સંધ્યોપાસના કરી અને ગીતાના ત્રીજા અધ્યાયનો પાઠ કર્યો. તે જ સમયે આકાશમાંથી એક ભયાનક અવાજ સંભળાયો. તેણે પોતાના પિતાને ભયાનક સ્વરૂપમાં જોયા. પછી તરત જ પોતાની સામે આકાશમાં એક સુંદર વિમાન દેખાયું જે વિમાન ખૂબ જ તેજોમય હતું. તેમાં નાની ઘંટડીઓ લાગેલી હતી. તેના તેજથી બધી દિશાઓમાં પ્રકાશ ફેલાઈ ગયો હતો. આ દૃશ્ય જોઈ તેના ચિત્તની વ્યગ્રતા દૂર થઈ ગઈ. તેણે વિમાન ઉપર પોતાના શરીર ઉપર પીતાંબર શોભી રહ્યું હતું અને મુનિઓ તેમની સ્તુતિ કરી રહ્યા હતા. તેમને જોતાં જ પુત્રે પ્રણામ કર્યા ત્યારે પિતાએ પણ તેને આશીર્વાદ આપ્યા.

તે પછી તેણે પિતાને સમગ્ર વૃત્તાંત વિષે પૂછ્યું. તેના ઉત્તરમાં પિતાએ તેને બધી વાત સમજાવતાં કહ્યું : 'બેટા ! દૈવયોગથી મારી પાસે ગીતાના તૃતીય અધ્યાયનો પાઠ કરી તેં મને આ શરીર દ્વારા થયેલાં દુસ્ત્યજ્ય કર્મબંધનોથી છોડાવ્યો છે.



માટે હવે ઘેર પાછો જા કારણ કે જે કાર્ય માટે તું કાશી જઈ રહ્યો હતો તે કાર્ય અહીં તૃતીય અધ્યાયના પાઠથી જ સંપન્ન થઈ ગયું છે.'

પિતાના આમ કહેવાથી પુત્રે પૂછ્યું : 'હે તાત ! મારા હિત માટે ઉપદેશ આપો અને મારા યોગ્ય કોઈ કાર્ય હોય તો મને જણાવો.'

ત્યારે પિતાએ તેને કહ્યું : 'હે અનઘ ! તારે આ જ કામ ફરી કરવાનું છે. મેં જે કર્મો કર્યાં છે તેવા જ કર્મો મારા ભાઈએ પણ કર્યાં હતાં. તેથી તેઓ ઘોર નરક ભોગવી રહ્યા છે. તેમનો ઉદ્ધાર પણ તારે કરવો જોઈએ તથા મારા કુળના બીજા પણ જે લોકો નરકમાં પડ્યા છે તેમનો ઉદ્ધાર થવો જોઈએ. એ જ મારી ઈચ્છા છે. બેટા ! જે સાધનથી તેં મને સંકટમાંથી મુક્ત કર્યો તે જ અનુષ્ઠાન બીજાઓ માટે કરવું ઉચિત છે. તેનું અનુષ્ઠાન કરી તેનાથી ઉત્પન્ન પુણ્ય પેલા નારકીય જીવો માટે સમર્પણ કરવાનું. તેનાથી તે સમસ્ત પૂર્વજો મારી જેમ યાતનાઓથી મુક્ત થઈ થોડા જ સમયમાં શ્રીવિષ્ણુના પરમપદને પામશે.'

પિતાનો આ સંદેશ સાંભળી પુત્ર બોલ્યો : 'હે તાત ! જો આ જ વાત હોય અને આપની પણ આ જ ઈચ્છા હોય તો હું સમસ્ત નારકીય જીવોનો નરકમાંથી ઉદ્ધાર કરીશ.'

આ સાંભળી તેના પિતા બોલ્યા : 'બેટા ! એવમસ્તુ.

તારું કલ્યાણ થાઓ. મારું અત્યંત પ્રિય કાર્ય સંપન્ન થયું.'

આ પ્રમાણે પુત્રને આશ્વાસન આપી તેના પિતા ભગવાન વિષ્ણુના પરમધામમાં સિધાવ્યા. તે પછી તે પણ જનસ્થાનમાં પાછો ફર્યો અને પરમ સુંદર ભગવાન શ્રીકૃષ્ણના મંદિરમાં તેમની સમક્ષ બેસી પિતાની આજ્ઞાનુસાર ગીતાના તૃતીય અધ્યાયનો પાઠ કરવા લાગ્યો. તેણે નારકીય જીવોના ઉદ્ધારની ઈચ્છાથી સંકલ્પ કરીને ગીતા-પાઠજનિત સમસ્ત પુણ્ય આપી દીધું.

એ દરમ્યાન ભગવાન વિષ્ણુના દૂતો યાતના ભોગવતા નારકીય જીવોને છોડાવવા યમરાજ પાસે ગયા. યમરાજે અનેક પ્રકારે સત્કારી તેમનું પૂજન કર્યું અને કુશળ પૂછ્યા. તેઓ બોલ્યાઃ 'ધર્મરાજ ! અમારા માટે તો બધી બાજુ આનંદ જ આનંદ છે.' આ પ્રકારે સત્કાર કરી પિતૃલોકના રાજા, પરમ બુદ્ધિમાન યમરાજે વિષ્ણુદૂતોને યમલોકમાં આવવાનું કારણ પૂછ્યું.

વિષ્ણુદૂત બોલ્યા : 'હે યમરાજ ! શેષશાયી ભગવાન વિષ્ણુએ અમને આપની પાસે સંદેશો આપવા મોકલ્યા છે. ભગવાને અમારા મુખેથી આપની કુશળતા પૂછી છે અને આજ્ઞા આપી છે કે આપ નરકમાં પડેલ સમસ્ત જીવોને છોડી મૂકો.'

અમિત તેજસ્વી ભગવાન વિષ્ણુની આ આજ્ઞા સાંભળી યમરાજે મસ્તક ઝુકાવી તેનો સ્વીકાર કર્યો અને મનોમન કંઈક વિચારમાં પડ્યા. તે પછી મદોન્મત્ત નારકીય જીવોને નરકથી



મુક્ત થયેલા જોઈ તેમની સાથે જ તેઓ ભગવાન વિષ્ણુના નિવાસસ્થાને ગયા. યમરાજ શ્રેષ્ઠ વિમાન વડે જ્યાં ક્ષીરસાગર છે ત્યાં જઈ પહોંચ્યા. તેની અંદર કરોડો સૂર્યસમાન કાન્તિમાન નીલકમળદલ જેવા શ્યામસુંદર લોકનાથ જગદ્ગુરુ શ્રીહરિનાં તેમણે દર્શન કર્યાં. ભગવાનનું તેજ તેમની શય્યા બનેલ શેષનાગના ફણીઓના મણિઓના પ્રકાશથી દ્વિગુણિત થઈ ગયું હતું. તેઓ આનંદયુક્ત દેખાતા હતા. તેમનું હૃદય પ્રસન્નતાથી પરિપૂર્ણ હતું. ભગવતી લક્ષ્મીજી પોતાની સરળ દૃષ્ટિથી પ્રેમપૂર્વક તેમને વારંવાર નિહાળી રહ્યાં હતાં. ચારે તરફ યોગીઓ ભગવાનની સેવામાં ઉપસ્થિત હતા. તે યોગીઓની આંખોના તારા ધ્યાનસ્થ હોવાના લીધે નિશ્ચલ પ્રતીત થતા હતા. દેવરાજ ઈન્દ્ર પોતાના વિરોધીઓને પરાસ્ત કરવાના ઉદ્દેશ્યથી ભગવાનની સ્તુતિ કરી રહ્યા હતા. બ્રહ્માજીના મુખથી નીકળેલાં વેદાંત વાક્યો મૂર્તિમાન થઈને ભગવાનના ગુણોનું ગાન કરી રહ્યાં હતાં. ભગવાન પૂર્ણતઃ સંતુષ્ટ હોવાની સાથે સમસ્ત યોનિઓ તરફથી ઉદાસીન લાગતા હતા. જીવોમાંથી જેમણે યોગ સાધના દ્વારા અધિક પુણ્યો અર્જિત કર્યાં હતાં તે બધાને એકીસાથે તઓ કૃપાદૃષ્ટિથી નિહાળી રહ્યા હતા. શેષનાગની પ્રભાથી ઉદ્ભાસિત તથા સર્વત્ર વ્યાપક દિવ્ય શરીર ધારણ કરેલ નીલકમળ સમાન શ્યામ વર્ણવાળા શ્રીહરિ એવા લાગતા હતા જાણે ચાંદનીથી વ્યાપ્ત આકાશ સુશોભિત

થઈ રહ્યું છે. આવા ભગવાનનાં દર્શન કરતાં જ યમરાજ પોતાની વિશાળ બુદ્ધિ વડે તેમની સ્તુતિ કરવા લાગ્યા.

યમરાજ બોલ્યા : 'સંપૂર્ણ જગતનું નિર્માણ કરનાર હે પરમેશ્વર ! આપનું અંતઃકરણ અત્યંત નિર્મળ છે. આપના મુખેથી જ વેદોનો પ્રાદુર્ભાવ થયો છે. આપ જ વિશ્વસ્વરૂપ અને તેના વિધાયક બ્રહ્મ છો. આપને નમસ્કાર છે ! પોતાના બળ અને વેગને લીધે જેઓ અત્યંત દુર્ધર્ષ લાગે છે એવા દાનવેન્દ્રોના અભિમાનના ચૂરેચૂરા કરનાર ભગવાન વિષ્ણુને નમસ્કાર છે. પાલન વખતે સત્ત્વમય શરીર ધારણ કરનારા પરમાત્માને નમસ્કાર છે. જેમના લલાટમાં વિદ્યમાન નેત્રના સહેજ ખુલવાથી જ આગની જ્વાલાઓ નીકળવા લાગે છે એળા રુદ્રરૂપધારી આપ પરમેશ્વરને નમસ્કાર છે. આપ સંપૂર્ણ વિશ્વના ગુરુ છો, આત્મા અને મહેશ્વર છો. તેથી સમસ્ત વૈષ્ણવજનોને સંકટથી મુક્ત કરી તેમના ઉપર અનુગ્રહ કરો છો. આપ માયાથી વિસ્તૃત સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત હોવા છતાં ક્યારેય માયા અથવા તેના ગુણોથી મોહિત થતા નથી. માયા તથા માયાજનિત ગુણોની વચ્ચે સ્થિત હોવા છતાં આપ પર તેમનો કોઈ પ્રભાવ પડતો નથી. આપનો મહિમા અનંત છે. કારણ કે આપ અસીમ છો. તેથી વાણી આપનું વર્ણન કઈ રીતે કરી શકે? માટે, મારે મૌન રહેવું જ ઉચિત છે.' આ પ્રમાણે સ્તુતિ કરી યમરાજ હાથ જોડીને



બોલ્યા :

'હે જગદ્ગુરો ! આપના આદેશથી મેં આ જીવોને ગુણોથી રહિત હોવા છતાં છોડી દીધા છે. હવે મારા યોગ્ય બીજું કંઈ કાર્ય હોય તો બતાવો.'

તેમને આ પ્રમાણે કહ્યા બાદ ભગવાન મધુસૂદન મેઘ સમાન ગંભીર વાણીથી જાણે અમૃતરસ વરસાવતા હોય તેમ બોલ્યા :

'ધર્મરાજ ! તમે સર્વ પ્રત્યે સમાનભાવ રાખી લોકોનો પાપથી ઉદ્ધાર કરો છો. તમારા ઉપર દેહધારીઓનો ભાર મૂકી હું ખરેખર નિશ્ચિંત છું. માટે તમે તમારું કાર્ય કરો અને પોતાના લોકમાં પાછા ફરો.'

આટલું કહી ભગવાન અંતર્ધાન થઈ ગયા. યમરાજ પણ પોતાની નગરીમાં પાછા ફર્યા. ત્યારે તે બ્રાહ્મણ પણ પોતાની જાતિ તેમજ સમસ્ત નારકીય જીવોનો ઉદ્ધાર કરી સ્વયં પણ શ્રેષ્ઠ વિમાન દ્વારા શ્રી વિષ્ણુધામમાં પહોંચ્યો.

# તૃતીય અધ્યાય

**અર્જુન ઉવાચ**

**જ્યાયસી ચેત્કર્મણસ્તે મતા બુદ્ધિર્જનાદન ।**
**તત્કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ ॥**

અર્જુન બોલ્યા : હે જનાર્દન ! જો તમે કર્મ કરતાં જ્ઞાનને ચઢિયાતું માનો છો, તો પછી હે કેશવ ! મને આ યુદ્ધરૂપી ભયાનક કર્મમાં કેમ જોડો છો? ॥૧॥

**વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયસીવ મે ।**
**તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્ ॥૨॥**

તમે ભળતાં જેવાં વચનોથી મારી બુદ્ધિને જાણે ભરમાવી રહ્યા છો, તો એવી એક વાતને નિશ્ચિત કરીને કહો, કે જેનાથી હું કલ્યાણ પામું. ॥૨॥



શ્રીભગવાન ઉવાચ

**લોકેઽસ્મિન્દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ ।**
**જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્ ॥૩॥**

શ્રીભગવાન બોલ્યા : હે નિષ્પાપ ! આ લોકમાં બે પ્રકારની નિષ્ઠા (સાધનની પરિપક્વ અવસ્થા અર્થાત્ પરાકાષ્ઠાનું નામ 'નિષ્ઠા' છે.) મારા વડે પહેલાં કહેવાઈ ચુકી છે; એમનામાંથી સાંખ્યયોગીઓની નિષ્ઠા જ્ઞાનયોગ (માયાથી જન્મેલા બધા ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ સમજીને તેમજ મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા થતી સમસ્ત ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈને સર્વવ્યાપી સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત રહેવું તેનું નામ 'જ્ઞાનયોગ' છે, આને જ 'સંન્યાસ,' 'સાંખ્યયોગ' વગેરે નામો અપાયાં છે.) દ્વારા અને યોગીઓની નિષ્ઠા કર્મયોગ (ફળ તેમજ આસક્તિને છોડીને ભગવદાજ્ઞા પ્રમાણે કેવળ ભગવદર્થે સમત્વબુદ્ધિથી કર્મ કરવું તેનું નામ 'નિષ્કામ કર્મયોગ' છે, આને જ 'સમત્વયોગ', 'બુદ્ધિયોગ', 'કર્મયોગ', 'તદર્થકર્મ', 'મદર્થકર્મ', 'મત્કર્મ' વગેરે નામો દ્વારા ઓળખાવ્યું છે.) દ્વારા થાય છે. ॥૩॥

**ન કર્મણામનારમ્ભાન્નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।**
**ન ચ સંન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥૪॥**

માણસ ન તો કર્મોનો આરંભ કર્યા વિના અર્થાત્ આચરણ

કર્યા વિના નિષ્કર્મતાને (જે સ્થિતિને પામેલા પુરુષનાં કર્મો અકર્મ બની જાય છે એટલે કે તે કર્મો ફળ ઉત્પન્ન નથી કરી શકતાં, એ સ્થિતિનું નામ 'નિષ્કર્મતા' છે.) એટલે કે યોગનિષ્ઠાને પામી શકે છે કે ન તો કર્મોના કેવળ ત્યાગમાત્રથી સિદ્ધિ એટલે કે સાંખ્યનિષ્ઠાનેય પામી શકે છે. ।।૪।।

**ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।**
**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ।।૫।।**

ખરેખર કોઈ પણ માણસ કદીયે ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના નથી રહેતો, કેમકે આખાય મનુષ્યસમુદાયને પ્રકૃતિજન્ય ગુણો વડે પરવશ થઈને કર્મ તો કરવું જ પડે છે. ।।૫।।

**કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।**
**ઈન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ।।૬।।**

જે મૂઢબુદ્ધિનો મનુષ્ય સઘળી ઈન્દ્રિયોને હઠપૂર્વક ઉપર-ઉપરથી રોકીને મનથી તે ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે. તે મિથ્યાચારી અર્થાત્ દંભી કહેવાય છે. ।।૬।।

**યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન ।**
**કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમસક્તઃ સ વિશિષ્યતે ।।૭।।**

પરંતુ હે અર્જુન ! જે પુરુષ મન વડે ઈન્દ્રિયોને વશમાં કરી અનાસક્ત થઈને સઘળી ઈન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે, તે યોગી શ્રેષ્ઠ છે. ।।૭।।



**નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।**
**શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદકર્મણઃ ।।૮।।**

આથી તું શાસ્ત્રવિહિત સ્વધર્મરૂપી કર્તવ્યકર્મ કર, કેમકે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે, તેમજ કર્મ ન કરવાથી તારો શરીર-નિર્વાહ પણ સિદ્ધ નહીં થાય. ।।૮।।

**યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધનઃ ।**
**તદર્થં કર્મ કૌન્તેય મુક્તસઙ્ગઃ સમાચર ।।૯।।**

યજ્ઞનિમિત્તે કરવામાં આવતાં કર્મો સિવાયનાં બીજાં કર્મોમાં જોડાઈને જ આ મનુષ્ય-સમુદાય કર્મોથી બંધાય છે, માટે હે અર્જુન ! તું આસક્તિ વિનાનો થઈને તે યજ્ઞનિમિત્તે જ સારી રીતે કર્તવ્યકર્મ કર. ।।૯।।

**સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।**
**અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ।।૧૦।।**

પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના આદિમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને બધાને ઈચ્છિત ભોગ આપનાર થાઓ. ।।૧૦।।

**દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ।।૧૧।।**

તમે બધા આ યજ્ઞ વડે દેવતાઓને ઉન્નત કરો અને તે

દેવતાઓ તમને બધાને ઉન્નત કરે; આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એક-બીજાને ઉન્નત કરતા રહીને તમે બધા પરમ કલ્યાણને પામશો. ॥૧૧॥

**ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।**
**તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્ક્તે સ્તેન એવ સઃ ॥૧૨॥**

યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા દેવતાઓ તમને બધાને વણમાગ્યે જ ઈચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે, આ રીતે તે દેવતાઓ દ્વારા અપાયેલા ભોગોને જે પુરુષ તે દેવતાઓને નહીં આપીને પોતે ભોગવે છે, તે ચોર જ છે. ॥૧૨॥

**યજ્ઞશિષ્યાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।**
**ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥૧૩॥**

યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા શ્રેષ્ઠ પુરુષો સર્વપાપોથી મુક્ત થઈ જાય છે અને જે પાપીઓ પોતાના શરીરના પોષણ માટે જ અન્ન રાંધે છે, તેઓ તો પાપને જ ખાય છે.

**અન્નાદ્ભવતિ ભૂતાનિ પર્જન્યાદન્નસંભવઃ ।**
**યજ્ઞાદ્ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥૧૪॥**
**કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।**
**તસ્માત્સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ ॥૧૫॥**

સઘળાં પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત



કર્મોથી ઉત્પન્ન થનારો છે, કર્મસમુદાયને તું વેદથી ઉદ્ભવેલો અને વેદને અવિનાશી પરમાત્માથી ઉદ્ભવેલો જાણ, આથી સિદ્ધ થાય છે કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદાય યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. ॥૧૪-૧૫॥

**એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।**
**અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥૧૬॥**

હે પાર્થ ! જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને નથી અનુસરતો, અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન નથી કરતો, તે ઈન્દ્રિયો વડે ભોગોમાં રમનારો પાપાયુ મનુષ્ય ફોગટ જ જીવે છે. ॥૧૬॥

**યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચ માનવઃ ।**
**આત્મન્યેવ ચ સંતુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧૭॥**

પણ જે માણસ આત્મામાં જ રમનારો અને આત્મામાં જ તૃપ્ત તેમજ આત્મામાં જ સંતુષ્ટ હોય, તેના માટે કશું કરવાનું બાકી નથી રહેતું. ॥૧૭॥

**નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।**
**ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ॥૧૮॥**

એ મહાપુરુષનું આ સંસારમાં ન તો કર્મ કરવાથી કશું પ્રયોજન રહે છે કે ન તો કર્મ ન કરવાથીયે કશું પ્રયોજન રહે છે તેમજ સઘળા જીવો સાથે આ મહાપુરુષનો લેશમાત્ર પણ સ્વાર્થનો

સંબંધ નથી રહેતો. ॥૧૮॥

**તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચાર ।**
**અસક્તો હ્યાચરન્કર્મ પરમાપ્નોતિ પૂરુષઃ ॥૧૯॥**

આથી તું નિરંતર આસક્તિ વિનાનો થઈ હંમેશા કર્તવ્યકર્મોને સમ્યક્ રીતે કરતો રહે, કેમકે આસક્તિ વિનાનો થઈને કર્મ કરતો માણસ પરમાત્માને પામે છે. ॥૧૯॥

**કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ।**
**લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ ॥૨૦॥**

જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ વિનાના કર્માચરણ દ્વારા જ પરમ સિદ્ધિને પામ્યા હતા, તેથી તથા લોકસંગ્રહને જોતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે, અર્થાત્ તારા માટે કર્મ કરવું એ જ ઉચિત છે. ॥૨૦॥

**યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।**
**સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥૨૧॥**

શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તેને તેને જ આચરે છે, તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે. ॥૨૧॥

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિઞ્ચન ।**
**નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥૨૨॥**



હે પાર્થ ! મારે આ ત્રણેય લોકોમાં ન તો કશું કર્તવ્ય છે કે ન કશીયે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ અપ્રાપ્ત છે, છતાંય હું કર્મમાં જ વર્તું છું. ॥૨૨॥

**યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૨૩॥**

કેમકે હે પાર્થ ! જો કદાચ હું સાવધાન થઈને કર્મોમાં ન વર્તું તો ભારે હાનિ થઈ જાય, કારણ કે માણસો બધી રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે. ॥૨૩॥

**ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।**
**સઙ્કરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥૨૪॥**

આથી જો હું કર્મ ન કરું તો આ બધા માણસો નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય અને હું સંકરપણાનો કરનાર બનું તથા આ આખી પ્રજાને નષ્ટ કરનારો બનું. ॥૨૪॥

સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।
કુર્યાદ્વિદ્વાંસ્તથાસક્તશ્ચિકીર્ષુર્લોકસંગ્રહમ્ ॥૨૫॥

માટે હે ભારત ! કર્મમાં આસક્ત થયેલા અજ્ઞાનીજનો જે પ્રમાણે કર્મ કરે છે, આસક્તિ વિનાનો વિદ્વાન પણ લોકસંગ્રહની ઈચ્છા રાખતો તે જ પ્રમાણે કર્મ કરે. ॥૨૫॥

**ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।**
**જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ ॥૨૬॥**

પરમાત્માના સ્વરૂપમાં અચળભાવે સ્થિત થયેલો જ્ઞાની પુરુષ શાસ્ત્રવિહિત કર્મોમાં આસક્તિ રાખનારા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભ્રમ અર્થાત્ એ કર્મો પ્રત્યે અશ્રદ્ધા ન ઉપજાવે, પરંતુ પોતે શાસ્ત્રવિહિત સઘળાં કર્મો સારી પેઠે કરતો રહી એમની પાસે પણ તે જ પ્રમાણે કર્મ કરાવે. ॥૨૬॥

**પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।**
**અહઙ્કારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥૨૭॥**

વાસ્તવમાં સઘળાં કર્મો સર્વ પ્રકારે પ્રકૃતિના ગુણો વડે કરવામાં આવે છે, છતાં પણ અહંકાર દ્વારા મોહિત થયેલા અંતઃકરણનો અજ્ઞાની 'હું કર્તા છું' એમ માને છે. ॥૨૭॥

**તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।**
**ગુણા ગુણેષુ વર્તન્ત ઈતિ મત્વા ન સજ્જતે ॥૨૮॥**

પણ હે મહાબાહો ! ગુણવિભાગ અને કર્મવિભાગના (ત્રિગુણાત્મક માયાનાં કાર્ય એવા પાંચ મહાભૂત તથા મન, બુદ્ધિ, અહંકાર તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને શબ્દ વગેરે પાંચ વિષયો - આ સર્વના સમૂહનું નામ 'ગુણવિભાગ' છે અને એમની પરસ્પરની ચેષ્ટાઓનું નામ 'કર્મવિભાગ' છે.) તત્ત્વને (ઉપર કહેલા 'ગુણવિભાગ' અને 'કર્મવિભાગ'થી આત્માને અળગો એટલે કે નિર્લેપ જાણવો, એ જ એમના તત્ત્વને જાણવું છે.



**પ્રકૃતેર્ગુણસમ્મૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ ।**
**તાનકૃત્સ્નવિદો મન્દાન્કૃત્સ્નવિન્ન વિચાલયેત્ ॥૨૯॥**

પ્રકૃતિના ગુણોથી અત્યંત મોહિત થયેલા મનુષ્યો ગુણોમાં અને કર્મોમાં આસક્ત રહે છે, એવા સંપૂર્ણપણે ન સમજનાર મંદબુદ્ધિના અજ્ઞાનીઓને સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની વિચલિત ન કરે. ॥૨૯॥

**મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।**
**નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥૩૦॥**

મુજ અન્તર્યામી પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત દ્વારા સઘળાં કર્મોને મારામાં સમર્પીને ઈચ્છા વિનાનો, મમત્વ વિનાનો અને સંતાપ વિનાનો થઈને તું યુદ્ધ કર. ॥૩૦॥

**યે મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ ।**
**શ્રદ્ધાવન્તોઽનસૂયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ ॥૩૧॥**

જે માણસો દોષદૃષ્ટિ વિનાના અને શ્રદ્ધાળુ બનીને મારા આ મતને સદા અનુસરે છે, તેઓ પણ સર્વ કર્મોથી છૂટી જાય છે. ॥૩૧॥

**યે ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્ ।**
**સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્વિદ્ધિ નષ્ટાનચેતસઃ ॥૩૨॥**

પણ જે માણસો મારામાં દોષારોપણ કરીને મારા આ મત અનુસાર નથી ચાલતા, એ મૂર્ખાઓને તો તું સર્વ જ્ઞાનોમાં મોહિત

અને નષ્ટ થયેલા જ સમજ. ॥૩૨॥

**સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥૩૩॥**

સર્વ પ્રાણીઓ પ્રકૃતિને પામે છે એટલે કે પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે, જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે, એમાં કોઈનો દુરાગ્રહ શો કરવાનો? ॥૩૩॥

**ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ॥૩૪॥**

ઈન્દ્રિય-ઈન્દ્રિયના અર્થમાં એટલે કે પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છુપાઈને રહેલા છે, માણસે એ બન્નેને વશ ન થવું, કેમ કે તે બન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્નો ઊભા કરનારા મહાશત્રુઓ છે. ॥૩૪॥

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥૩૫॥**

સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે, પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારી છે, જ્યારે અન્યનો ધર્મ તો ભયપ્રદ છે. ॥૩૫॥



**અર્જુન ઉવાચ**

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષઃ ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ ॥૩૬॥**

અર્જુન બોલ્યા : હે કૃષ્ણ ! તો પછી આ માણસ પોતે ન ઈચ્છતો હોવા છતાં પણ પરાણે જોડ્યો હોય એમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે? ॥૩૬॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥૩૭॥**

શ્રી ભગવાન બોલ્યા : રજોગુણમાંથી ઉદ્ભવેલો આ કામ જ ક્રોધ છે, આ ઘણું ખાનારો એટલે કે ભોગોથી કદી ન ધરાતો અને મહાપાપી છે, આને જ તું આ બાબતમાં વેરી જાણ. ॥૩૭॥

**ધૂમેનાવ્રિયતે વહ્નિર્યથાદર્શો મલેન ચ ।**
**યથોલ્બેનાવૃતો ગર્ભસ્તથા તેનેદમાવૃતમ્ ॥૩૮॥**

જેમ ધૂમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ ઢંકાઈ જાય છે તથા જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમજ એ કામ વડે આ જ્ઞાન ઢંકાયેલું રહે છે. ॥૩૮॥

**આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।**
**કામરૂપેણ કૌન્તેય દુષ્પૂરેણાનલેન ચ ॥૩૯॥**

હે કૌન્તેય ! આ અગ્નિની પેઠે કદી પૂર્ણ ન થનારા કામરૂપી

જ્ઞાનીઓના નિત્ય વેરી વડે માણસનું જ્ઞાન ઢંકાયેલું છે. ॥૩૯॥

ઈન્દ્રિયાણિ મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમુચ્યતે ।
એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥૪૦॥

ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ - એ સર્વ આનું રહેઠાણ કહેવાય છે, આ કામ આ મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો દ્વારા જ જ્ઞાનને ઢાંકી દઈને જીવાત્માને મોહિત બનાવે છે. ॥૪૦॥

**તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।**
**પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ ॥૪૧॥**

માટે હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ ! તું પહેલાં ઈન્દ્રિયોને વશમાં કરીને, જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ મહાપાપી કામને અવશ્ય બળપૂર્વક હણી નાખ. ॥૪૧॥

**ઈન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।**
**મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥૪૨॥**

ઈન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર અર્થાત્ શ્રેષ્ઠ, બળવાન તેમજ સૂક્ષ્મ કહે છે, આ ઈન્દ્રિયો કરતાં મન પર છે, મન કરતાંય બુદ્ધિ પર છે અને જે બુદ્ધિ કરતાં પણ સાવ પર છે, તે આત્મા છે. ॥૪૨॥

**એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।**
**જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ॥૪૩॥**

આ પ્રમાણે બુદ્ધિ કરતાં પર એટલે કે સૂક્ષ્મ, બળવાન



અને ઘણા શ્રેષ્ઠ આત્માને ઓળખીને અને બુદ્ધિ વડે મનને વશ કરીને હે મહાબાહો ! તું આ કામરૂપી દુર્જય શત્રુને હણ. ॥૪૩॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મયોગો નામ તૃતીયોઽધ્યાયઃ ॥૩॥

**॥ કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય ત્રીજો

## ફળત્યાગી અનંત ફળ મેળવે છે

ભાઈઓ, બીજા અધ્યાયમાં આપણે સંપૂર્ણ જીવનશાસ્ત્ર જોયું. ત્રીજામાં તે જ જીવનશાસ્ત્રની વધારે ફોડ પાડી છે. પહેલાં તત્ત્વો જોયાં. હવે વિગત જોઈએ. પાછલા અધ્યાયમાં કર્મયોગ સંબંધમાં વિવેચન કર્યું હતું. કર્મયોગમાં ફળનો ત્યાગ મહત્ત્વની વાત છે. હવે સવાલ એ છે કે કર્મયોગમાં ફળનો ત્યાગ કરવાનો ખરો પણ પછી ફળ મળે છે કે નહીં? ત્રીજો અધ્યાય બતાવે છે કે કર્મના ફળનો ત્યાગ કરવાથી કર્મયોગી અનંતગણું ફળ મેળવે છે.

મને લક્ષ્મીની વાત યાદ આવે છે. તેનો સ્વયંવર રચાયો. બધા દેવો ને દાનવો તેની વરવાની આશાએ આવીને એકઠા મળ્યા હતા. લક્ષ્મીએ પસંદગીની શરત જાહેર કરી નહોતી. સભામંડપમાં આવીને તેણે કહ્યું, 'જેને મારી ઈચ્છા નહીં હોય તેને હું વરમાળા પહેરાવવાની છું.' પેલા તો બધા તેને મેળવવાની લાલચના માર્યા આવેલા. પછી લક્ષ્મી ઈચ્છા વગરનો વર શોધતી



શોધતી નીકળી. શેષનાગ પર શાંત સૂતેલી ભગવાન વિષ્ણુની મૂર્તિ તેણે જોઈ. વિષ્ણુના ગળામાં વરમાળા પહેરાવી હજી અત્યાર સુધી તે તેના ચરણ ચાંપતી બેઠી છે. 'न मागे तयाची रमा होय दासी' ન માગે તેની રમા થાય દાસી, એ જ તો ખરી ખૂબી છે.

સામાન્ય માણસ પોતાના ફળની આજુબાજુ વાડ કરે છે. પોતાને મળે એવું અનંત ફળ તે એ રીતે ગુમાવી બેસે છે. સંસારી માણસ પાર વગરનં કર્મ કરી તેમાંથી નજીવું ફળ પામે છે અને કર્મયોગી થોડું સરખું કરીને અનંતગણું મેળવે છે. આ ફેર માત્ર ભાવનાને લીધે પડે છે. ટોલ્સટોયે એક ઠેકાણે લખ્યું છે કે, ''લોકો ઈશુ ખ્રિસ્તના ત્યાગની સ્તુતિ કરે છે, પણ આ બિચારા સંસારી જીવો રોજ કેટલું લોહી સૂકવે છે ! અને કેટલી માથાફોડ કરી મહેનતમજૂરી કરે છે ! ખાસો બે ગધેડાંનો ભાર પીઠ પર લઈ હાંફળા ફાંફળા ફરનારા આ સંસારી જીવોને ઈશુના કરતાં કેટલાં વધારે કષ્ટ વેઠવાં પડે છે અને તેના કરતાં તેમના કેટલાયે વધારે હાલહવાલ થાય છે! ઈશ્વરને માટે એ લોકો એનાથી અડધા ભાગની મહેનત કરે અને અડધા જ ભાગના હાલહવાલ વેઠે તો ઈશુના કરતાંયે મોટા બન્યા વગર ન રહે.''

સંસારી માણસની તપસ્યા મોટી હોય છે પણ તે ક્ષુદ્ર ફળને સારુ હોય છે. જેવી વાસના તેવું ફળ. આપણી ચીજની આપણે

કરીએ તેનાથી વધારે કિંમત જગતમાં થતી નથી. સુદામા ભગવાનની પાસે તાંદુળ લઈને ગયા. એ મૂઠીભર તાંદુળના પૌઆની કિંમત પૂરી એક પાઈ પણ નહીં હોય. પણ સુદામાને મન તે અમોલ હતા. તે પૌઆમાં ભક્તિભાવ હતો. તે મંતરેલા હતા. તે પૌઆના કણેકણમાં ભાવના ભરેલી હતી. ચીજ ગમે તેટલી નાની કે નજીવી હોય છતાં મંત્રથી તેની કિંમત તેમ જ તેનું સામર્થ્ય વધે છે. ચલણની નોટનું વજન કેટલું હોય છે? સળગાવીએ તો એક ટીપું પાણી ગરમ નહીં થાય. પણ એ નોટ પર છાપ હોય છે. એ છાપથી તેની કિંમત થાય છે.

કર્મયોગમાં આ જ મુખ્ય ખૂબી છે. કર્મનું ચલણની નોટના જેવું છે. કર્મના કાગળિયાની કે પતાકડાની કિંમત નથી, ભાવનાની છાપની કિંમત થાય છે. આ એક રીતે હું મૂર્તિપૂજાનો મર્મ સમજાવું છું. મૂર્તિપૂજાની મૂળ કલ્પનામાં પાર વગરનું સૌંદર્ય છે. આ મૂર્તિને કોણ ભાંગી શકશે? મૂર્તિ પહેલાં એક પથ્થરનો ટુકડો નહોતી કે? મેં તેમાં મારો પ્રાણ રેડ્યો, મારી ભાવના રેડી. એ ભાવનાને ભાંગીને શું તેના ટુકડા થાય ખરા કે? ટુકડા પથ્થરના થાય, ભાવનાના નથી થતા. મૂર્તિમાંથી હું મારી ભાવના પાછી ખેંચી લઉં એટલે ત્યાં પથરો બાકી રહી જશે અને પછી તેના ટૂકડેટૂકડા ઊડી જશે.

કર્મ પથ્થર, પતાકડું, કાગળનો કકડો છે. માએ પત્તા પર



વાંકીચૂકી ચાર લીટી લખી મોકલી હોય અને બીજા કોઈકે પચાસ પાનાં ભરીને ઘણું સટરપટર લખી મોટું પાકીટ મોકલ્યું હોય તો તે બેમાંથી વધારે વજન શાનું? માની એ ચાર લીટીમાં જે ભાવ છે તે અમોલ છે, પવિત્ર છે. પેલા બીજા પસ્તી જેવા કાગળમાં એના જેટલી લાયકાત ક્યાંથી? કર્મમાં ભીનાશ જોઈએ, ભાવના જોઈએ. આપણે મજૂરે કરેલા કામની કિંમત ઠારવી તેને કહીએ છીએ કે આ તારા મજૂરીના પૈસા થયા તે લઈ જા. પણ દક્ષિણા એમ નથી આપતા. દક્ષિણાનું નાણું પલાળીને આપવું પડે છે. દક્ષિણા કેટલી આપી એવો સવાલ હોતો નથી. દક્ષિણામાં ભાવનાની ભીનાશ છે કે નહીં એ વાતને મહત્ત્વ છે. મનુસ્મૃતિમાં મોટી ખૂબી કરી છે. બાર વરસ ગુરુને ઘેર રહી શિષ્ય જાનવરમાંથી માણસ બન્યો. હવે તેણે ગુરુને આપવું શું? પહેલાંના વખતમાં ભણાવવાને આગળથી ફી લેવાતી નહોતી. બાર વરસ ભણી રહ્યા પછી જે આપવા જેવું લાગે તે આપવાનો રિવાજ હતો. મનુ કહે છે, ‘ગુરુને એકાદ ફૂલ, એકાદ પંખો, એકાદ પાવડીની જોડ, એકાદ પાણીનો ભરેલ કળશ આપજે.’ આ કંઈ મજાક નથી. જે કંઈ આપવાનું હોય તે શ્રદ્ધાની નિશાની દાખલ આપવાનું છે. ફૂલમાં વજન નથી. પણ તેમાં રહેલી ભક્તિનું આખા બ્રહ્માંડ જેટલું વજન હોય છે.

‘रुक्मिणीनें एक्या तुळसीदळानें गिरिधर प्रभु तुळिला।’

રુખમણીએ એક તુળસીદળથી ગિરધરને તોળ્યા. સત્યભામાના ખાંડી વજનના દરદાગીનાથી એ કામ ન થયું. પણ ભાવભક્તિથી ભરેલું એક તુળસીપત્ર રુખમણીમાતાએ પલ્લામાં મૂકતાંવેંત કામ પાર પડ્યું. એ તુળસીપત્ર મંતરેલું હતું. તે સાદું તુળસીના છોડનું પાંદડું રહ્યું નહોતું. કર્મયોગીના કર્મનું પણ એવું છે. જેમ કે બોડાણાનાં પત્ની ગંગાબાઈએ માત્ર વારીથી ભગવાનને તોળ્યા હતા.

ધારો કે બે જણ ગંગામાં સ્નાન કરવાને જાય છે. તેમાંનો એક કહે છે, ‘‘અરે, આ ગંગા ગંગા કરો છો, પણ તે છે શું? બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓક્સિજન, એ પ્રમાણમાં બે વાયુ એકઠા કરો કે થઈ ગંગા!’’ બીજો કહે છે, ‘‘ભગવાન વિષ્ણુના ચરણકમળમાંથી એ નીકળી, શંકરની જટામાં અટવાઈ પડી, હજારો બ્રહ્મર્ષિ અને હજારો રાજર્ષિઓએ એને કાંઠે તપ કર્યા, અને પાર વગરનાં પુણ્યનાં કામો એને કાંઠે થયાં. આવી આ પવિત્ર ગંગામા છે.’’ આવી ભાવનાથી પલળીને તે સ્નાન કરે છે. પેલો ઓક્સિજન-હાઈડ્રોજનવાળો પણ સ્નાન કરે છે. દેહશુદ્ધિનું ફળ બંનેને મળ્યા વગર ન રહ્યું. પણ પેલા ભક્તને જે ગંગા પવિત્ર સમજે છે તેને દેહશુદ્ધિની સાથે સાથે ચિત્તશુદ્ધિનું ફળ પણ મળ્યું. ગંગામાં બળદને પણ દેહશુદ્ધિ ક્યાં નથી મળતી? શરીરનો મેલ ધોવાશે પણ મનનો મેલ ક્યાંથી ધોવાશે? એકને



દેહશુદ્ધિનું નજીવું ફળ મળ્યું, બીજાને તે ઉપરાંત ચિત્તશુદ્ધિનું અમોલ ફળ મળ્યું.

નાહ્યા પછી સૂર્યને નમસ્કાર કરનારને વ્યાયામનું ફળ મળ્યા વગર નહીં રહે. પણ સૂર્યનમસ્કાર કરનારો શરીરના આરોગ્યને માટે નહીં પણ ઉપાસનાન હેતુથી નમસ્કાર કરે છે. એટલે એનાથી શરીરને તંદુરસ્તી તો મળે જ છે પણ સાથે તેની બુદ્ધિની પ્રભા પણ પાંગરે છે. શરીરની તંદુરસ્તીની સાથે એને સૂર્ય પાસેથી સ્ફૂર્તિ ને પ્રતિભા પણ પ્રાપ્ત થશે. આત્માને બાંધનારું નીવડે છે. કર્મયોગી ખેડૂત સ્વધર્મ સમજીને ખેતી કરશે. તેથી તેને પેટને માટે અનાજ મળશે. પણ ખાલી પેટ ભરવાને માટે તે ખેતીનું કર્મ નથી કરતો. ખેતી કરીશકાય તે માટે ખાવાની વાતને તે એક સાધન ગણશે. સ્વધર્મ તેનું સાધ્ય ને ખોરાક ખાવો એ તેનું સાધન છે. પણ બીજા ખેડૂતની બાબતમાં પેટ ભરવાને અનાજ મળે એ સાધ્ય અને ખેતીનો સ્વધર્મ સાધન બને છે. આમ બંનેની બાબતમાં વાત ઊલટાસૂલટી થઈ જાય છે.

બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં આ વાત મજાની રીતે કહી છે. બીજા લોકો જાગે છે ત્યારે કર્મયોગી ઊંઘે છે. બીજા જ્યારે ઊંઘે છે ત્યારે કર્મયોગી જાગતો રહે છે. આપણે પેટને સારુ કંઈ મળશે કે નહીં એ વાતની ફિકરમાં જાગતા રહીશું. કર્મયોગી કર્મ વગરની એક ક્ષણ પણ ફોગટની તો ગઈ નથી ને

એ વાતની ફિકરથી જાગતો રહેશે. બીજો ઈલાજ નથી માટે તે ખાય છે. જીવવા માટે ખાવું તો પડશે, તે માટે તે ખાય છે. સંસારી જીવને જમતી વખતે આનંદ થાય છે, યોગી પુરુષને જમતાં કષ્ટ થાય છે. એથી તે સ્વાદ કરતો કરતો નહીં ખાય. સંયમ રાખશે. એકની રાત તે બીજાનો દિવસ હોય છે અને એકનો દિવસ તે બીજાની રાત હોય છે. એટલે એકનો જે આનંદ તે બીજાનું દુઃખ અને એકનું દુઃખ તે બીજાનો આનંદ હોય છે. એવો આનો અર્થ છે. સંસારી અને સંન્યાસી બંનેનાં કર્મ તેનાં તે હોય છે. પણ સંન્યાસી ફળ પરની આસક્તિ છોડી દઈ માત્ર કર્મમાં મશગૂલ રહે છે એ વાત મુખ્ય છે. સંસારી માણસની માફક જ ખાશે, ઊંઘશે, પણ તે બાબતોમાં તેની ભાવના જુદી હશે.

સંસારી પુરુષ અને કર્મયોગી બંનેનાં કર્મમાં રહેલું સરખાપણું અને તેમની વચ્ચે રહેલો ફેર તરત જ ચોખ્ખો દેખાઈ આવે છે. ધારો કે કર્મયોગી ગોરક્ષાનું કામ કરે છે. એ કામ તે કઈ દૃષ્ટિથી કરશે? ગાયની સેવા કરવાથી સમાજને જોઈએ તેટલું દૂધ પૂરું પાડી શકાશે, ગાયને બહાને કેમ ન હોય પણ માણસથી નીચેની આખીયે પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકાશે એવી ભાવનાથી તે ગોરક્ષાનું કામ કરશે. એમાંથી પગાર મેળવવાના આશયથી નહીં કરે.

કર્મયોગીનું કર્મ તેને આખાયે વિશ્વની સાથે સમરસ કરે



છે. તુળસીના છોડને પાણી પાયા વગર જમવું નહીં એ નિયમમાં વનસ્પતિ-સૃષ્ટિ સાથે જોડાયેલો પ્રેમનો સંબંધ છે. તુળસીને ભૂખ્યાં રાખી હું પહેલો કેમ જમી લઉં? ગાય સાથે એકરૂપતા, વૃક્ષ-વનસ્પતિ સાથે એકરૂપતા અને એમ કરતાં કરતાં આખા વિશ્વ સાથે એકરૂપતાનો અનુભવ લેવાનો છે. મહાભારતની લડાઈમાં સાંજ પડતાંવેંત બધા લડનારા સંધ્યા વગેરે કર્મ આટોપવાને જતા. પણ ભગવાન શ્રીકૃષ્ણ રથના ઘોડા છોડી તેમને પાણી પાવાને લઈ જતા, તેમને ખરેરો કરતા, તેમના શરીરમાંના કાંટા વીણી કાઢતા. આ સેવામાં ભગવાનને એવો તો આનંદ આવતો! કવિ એ વર્ણન કરતાં થાકતા નથી. પોતના પીતંબરમાં ચંદી લઈ જઈ ઘોડાને આપનારા તે પાર્થસારથિની મૂર્તિ નજર સામે લાવો અને કર્મયોગમાં રહેલાઆનંદનો ખ્યાલ સમજી લો. દરેક કર્મ જાણે કે એકએકથી ચડિયાતું આધ્યાત્મિક કર્મ છે.

### કર્મયોગનાં વિવિધ પ્રયોજનો

નિષ્કામ કર્મયોગમાં અદ્‌ભુત સામર્થ્ય છે. તે કર્મ વડે વ્યક્તિનું તેમ જ સમાજનું પરમ કલ્યાણ થાય છે. સ્વધર્મ આચરનારા કર્મયોગીની શરીરયાત્રા ચાલ્યા વગર રહેતી નથી, પણ હંમેશ ઉદ્યોગમાં મંડ્યો રહેતો હોવાથી તેનું શરીર નીરોગી તેમ જ ચોખ્ખું પણ રહે છે. વળી પોતાના એ કર્મને પરિણામે જે સમાજમાં તે રહે છે તે સમાજનું ભરણપોષણ પણ બરાબર થાય

છે. કર્મયોગી ખેડૂત વધારે પૈસાની આવક થાય તેટલા ખાતર અફીણ અને તંબાકુની ખેતી નહીં કરે. પોતાની ખેતીના કર્મનો સંબંધ સમાજના કલ્યાણની સાથે છે, એવી તેની ભાવના હોય છે. સ્વધર્મરૂપ કર્મ સમાજના કલ્યાણનું હશે. મારું વેપારનું કર્મ જનતાના હિતને માટે છે, એવું સમજનારો વેપારી પરદેશી કાપડ નહીં વેચે. તેનો વેપાર સમાજને ઉપકારક હશે. પોતાની જાત વીસરી જઈ પોતાની આસપાસના સમાજ સાથે સમરસ થનારા આવા કર્મયોગી જે સમાજમાં નીપજે છે તે સમાજમાં સુવ્યવસ્થા, સમૃદ્ધિ તેમ જ મનની શાંતિ પ્રવર્તે છે.

કર્મયોગીના કર્મને લીધે તેની શરીરયાત્રા ચાલે છે, સાથે દેહ તેમ જ બુદ્ધિ સતેજ રહે છે અને સમાજનું પણ કલ્યાણ થાય છે. આ બંને ફળ ઉપરાંત ચિત્તશુદ્ધિનું મોટું ફળ પણ તેને મળે છે. 'કર્મણા શુદ્ધિઃ' કર્મથી શુદ્ધિ એમ કહ્યું છે. કર્મ ચિત્તશુદ્ધિનું સાધન છે. પણ બધા લોકો કરે છે તે એ કર્મ નથી. કર્મયોગી ભાવનાના મંત્રથી કર્મ કરે છે, તેનાથી ચિત્તશુદ્ધિનું ફળ મળે છે. મહાભારતમાં તુલાધાર વૈશ્યની કથા છે. જાજલિ નામનો એક બ્રાહ્મણ તુલાધાર પાસે જ્ઞાન લેવાને જાય છે. તુલાધાર તેને કહે છે, ભાઈ, ''આ ત્રાજવાની દાંડી સીધી રાખવી પડે છે.'' એ બહારનું કર્મ કરતાં કરતાં તુલાધારનું મન પણ સરળ, સીધું બન્યું. નાનું છોકરું દુકાને આવે કે મોટું માણસ આવે પણ દાંડીનું રૂપ



તેનું તે, નહીં નીચી, નહીં ઊંચી. ઉદ્યોગની મન પર અસર થાય છે. કર્મયોગીનું કર્મ એક જાતનો જપ જ હોય છે. તેમાં તેની ચિત્તશુદ્ધિ થાય છે. અને પછી નિર્મળ ચિત્તમાં જ્ઞાનનું પ્રતિબિંબ ઊઠે છે. પોતપોતાના જે તે કર્મમાંથી કર્મયોગી છેવટે જ્ઞાન મેળવે છે. ત્રાજવાની દાંડીમાંથી તુલાધારને સમવૃત્તિ જડી. ખેતરમાં વધી પડેલું નીંદણ કાઢવામાં કર્મયોગી ખેડૂતને બુદ્ધિ ઊગે છે કે મારા અવગુણ દૂર કરુ. માટી ગૂંદી ગૂંદીને ગાર બનાવી સમાજને પાકાં માટલાં પૂરાં પાડનારો ગોરો કુંભાર પોતાના જીવનનું પણ પાકું વાસણ કરવું જોઈએ, એવી મનમાં ગાંઠ વાળે છે. હાથમાં ટીપણી રાખી, 'માટલાં કાચાં કે પાકાં' એવી સંતોની પરીક્ષા કરનારો તે પરીક્ષક બને છે. જે તે કર્મયોગીને પોતાના જે તે ધંધાની ભાષામાંથી ભવ્યજ્ઞાન મળ્યું છે. એ કર્મો તેમની અધ્યાત્મની નિશાળો છે. એ તેમનાં કર્મો ઉપાસનામય સેવાવાળાં છે. દેખાવમાં વહેવારનાં છતાં અંતરમાં તે કર્મો આધ્યાત્મિક છે.

કર્મયોગીના કર્મમાંથી તેને બીજું એક ઉત્તમ ફળ મળે છે. એ ફળ તે તેના કર્મ વડે સમાજને જે આદર્શ મળે છે તે. સમાજમાં પહેલા જન્મનારા ને પછી જન્મનારા એવો ફેર છે જ. એમાંથી આગળ જન્મેલા લોકોએ પાછળ જન્મનારાઓને ધડો બેસાડવાનો હોય છે. મોટા ભાઈએ નાના ભાઈને, માબાપે છોકરાંને, આગેવાનોએ અનુયાયીઓને અને ગુરુએ શિષ્યને પોતપોતાની

કૃતિથી દાખલો બેસાડવાનો હોય છે. આવા દાખલા કર્મયોગી વગર બીજા કોણ બેસાડી શકે?

કર્મયોગી કર્મમાં જ આનંદ માનનારો હોવાથી હંમેશ કર્મ કરતો રહે છે. એથી સમાજમાં દંભ ફેલાતો નથી. કર્મયોગી સ્વયંતૃપ્ત એટલે કે પોતાની જાતથી જ સંતોષ મેળવનારો હોવા છતાં કર્મ કર્યા વગર રહેતો નથી. તુકારામ કહે છે, ''ભજન કરવાથી ઈશ્વર મળ્યો, હવે પછી શું મારે ભજન છોડી દેવું? ભજન હવે, મારો સહજ ધર્મ થયો.''

'आधीं होता संतसंग । तुका झाला पांडुरंग
त्याचें भजन राहीना । मूळ स्वभाव जाईना'

પહેલાં સંતસંગ થયો તેથી તુકો પાંડુરંગ બન્યો. પણ તેનું ભજન અટકતું નથી. કેમકે તેનો મૂળ સ્વભાવ ક્યાં જાય? કર્મની નિસરણી વડે ઠેઠ ટોચે પહોંચ્યા છતાં કર્મયોગી તે નિસરણી છોડી દેતો નથી. તેનાથી તે છોડી શકાતી નથી. તેની ઈન્દ્રિયોને તે કર્મનું કુદરતી વળણ બેસી ગયેલું હોય છે. અને એ રીતે સ્વધર્મકરૂરૂપી સેવાની નિસરણીનું મહત્ત્વ તે સમાજને બતાવતો રહે છે.

સમાજમાંથી દંભ નાબૂદ કરવાની વાત બહુ મોટી છે. દંભથી સમાજ ડૂબી જાય છે. જ્ઞાની કંઈ પણ કર્મ કર્યા વગર બેસી રહે તો તેનું જોઈને બીજા પણ તેવું કરવા માંડે. જ્ઞાની નિત્યતૃપ્ત હોવાથી અંતરમાં સુખથી ને આનંદથી મસ્ત રહી કંઈ



પણ કર્યા વગર શાંત રહી શકશે, પણ બીજો મનમાં રડતો રહી કર્મશૂન્ય બનશે. એક અંતસ્તૃપ્ત હોઈને શાંત છે. બીજો મનમાં બળતો, અકળાતો હોવા છતાં શાંત છે. એની આ દશા ભયાનક છે. એથી દંભ જોરાવર થાય છે. એથી બધા સંતો સાધનાને શિખરે પહોંચ્યા પછી પણ સાધનાને ચીવટથી વળગી રહ્યા અને મરણ સુધી સ્વકર્મ આચરતા રહ્યા. મા છોકરાંની ઢીંગલાઢીંગલીની રમતમાં રસ લે છે. એ રમત છે એવું જાણતી હોવા છતાં છોકરાંની રમતમાં ભળીને તે મીઠાશ પેદા કરે છે. મા રમતમાં ભાગ ન લે તો છોકરાંને તેમાં મજા નહીં પડે. કર્મયોગી તૃપ્ત થઈ કર્મ છોડી દે, તો બીજા અતૃપ્ત રહ્યા હોવા છતાં કર્મ છોડી બેસશે અને છતાં મનમાં ભૂખ્યા રહી આનંદ વગરના થઈ જશે.

તેથી કર્મયોગી સામાન્ય માણસની માફક કર્મ કરવાનું ચાલુ રાખે છે. હું કંઈક ખાસ છું એવું તે પોતાની બાબતમાં માનતો નથી. બીજાના કરતાં બહારથી તે હજારગણી વધારે મહેનત કરે છે. અમુક એક કર્મ પારમાર્થિક છે એવી તેના પર છાપ મારેલી હોતી નથી. કર્મની જાહેરાત કરવાની પણ હોતી નથી. તું સારામાં સારો બ્રહ્મચારી હોય તો બીજા લોકોના કરતાં તારા કર્મમાં સોગણો ઉત્સાહ જણાવા દે. ઓછું ખાવાનું મળે તોયે ત્રણગણું કામ તારે હાથે થવા દે. તારે હાથે સમાજની વધારે સેવા થવા દે. તારું બ્રહ્મચર્ય તારા આચરણમાં પ્રગટ થવા દે. ચંદનની સુવાસ

આપમેળે બહાર ફેલાવા દે.

ટૂંકમાં, કર્મયોગી ફળની ઈચ્છા છોડવા છતાં, આવાં પાર વગરનાં ફળો મેળવશે. તેની શરીરયાત્રા ચાલશે, શરીરને બુદ્ધિ બંને સતેજ રહેશે, જેમાં રહી તે પોતાનો વહેવાર ચલાવે છે તે સમાજ સુખી થશે, તેનું ચિત્ત શુદ્ધ થવાથી તે જ્ઞાન મેળવશે અને સમાજમાંથી દંભ નાબૂદ થઈ જીવનનો પવિત્ર આદર્શ ખુલ્લો થશે. કર્મયોગનો આવો મોટો અનુભવસિદ્ધ મહિમા છે.

**કર્મયોગ-વ્રતમાં અંતરાય**

કર્મયોગી પોતાનું કર્મ બીજાઓના કરતાં વધારે સારી રીતે કરશે. તેને સારુ કર્મ ઉપાસના છે, કર્મ પૂજા છે. મેં દેવની પૂજા કરી. તે પૂજાનો નૈવેદ્ય મેં પ્રસાદ તરીકે લીધો. પણ એ નૈવેદ્ય તે માત્ર પૂજાનું ફળ જ નથી? નૈવેદ્ય પર નજર રાખી પૂજા કરનારને માત્ર પ્રસાદનો ટુકડો તાબડતોબ મળશે. પણ કર્મયોગી પોતાના પૂજાકર્મ વડે પરમેશ્વરદર્શનનું ફળ મેળવવા માગે છે. ખાવાને મળનારા નૈવેદ્ય જેટલી નજીવી કિંમત તે પોતાના કર્મની કરતો નથી. પોતાના કર્મની કિંમત ઓછી આંકવા તે તૈયાર નથી. સ્થૂળ માપથી તે પોતાના કર્મને માપતો નથી. જેની દૃષ્ટિ સ્થૂળ તેને સ્થૂળ ફળ મળશે. ખેતીવાડીની એક કહેવત છે, 'खोली पेर पण ओलीं पेर' ઊંડું ઓર પણ ભીનામાં ઓર. એકલું ઊંડું ઓરવાથી કામ નહીં થાય નીચે જમીનમાં ભેજ પણ જોઈશે.



ઊંડી ખેડ ને જમીનમાં ભેજ, બંને હશે તો અનાજનાં કણસલાં માતબર થશે. કર્મ ઊંડું એટલે કે સારામાં સારું કરવું જોઈએ. વધારામાં તેમાં ઈશ્વરભક્તિની, ઈશ્વરાર્પણતાની ભાવનાની ભીનાશ પણ જોઈએ. કર્મયોગી ઊંડાણથી કર્મ કરી તે ઈશ્વરને અર્પણ કરે છે.

આપણા લોકોમાં પરમાર્થના ગાંડાઘેલા ખ્યાલો પેદા થયા છે. જે પરમાર્થી હોય તેણે હાથપગ હલાવવાના હોય નહીં, કામકાજ કરવાનું નહીં, એવું લોકો માને છે. જે ખેતી કરે છે, ખાદી વણે છે તે ક્યાંનો પરમાર્થી, એવું પુછાય છે. પણ જે જમે છે તે ક્યાંનો પરમાર્થી, એવો સવાલ કોઈ કદી પૂછતું નથી! કર્મયોગીનો પરમેશ્વર તો ઘોડાને ખરેરો કરતો ઊભો છે; રાજસૂય યજ્ઞ પ્રસંગે તે હાથમાં છાણ લઈ વાસીદું કાઢે છે; વનમાં ગાયો ચારવા જાય છે; દ્વારકાનો રાજા ફરી કોઈ વાર ગોકુળ જતો ત્યારે મોરલી વગાડીને ગાયો ચારતો આ ઘોડાની ચાકરી કરવાવાળો, ગાયો ચારવાવાળો, રથ હાંકવાવાળો, છાણાં થાપનારો કર્મયોગી પરમેશ્વર સંતોએ ઊભો કર્યો છે. અને સંતો પણ કોઈ દરજીકામ તો કોઈ કુંભારકામ, કોઈ કાપડ વણવાનું કામ તો કોઈ માળીકામ, કોઈ દળવાનું કામ તો કોઈ વાણિયાનું કામ, કોઈ હજામનું કામ તો કોઈ મરેલાં ઢોર ખેંચી જવાનું કામ કરતાં કરતાં કર્મયોગ કરીને મુક્ત થઈ ગયા છે.

આવા આ કર્મયોગના દિવ્ય વ્રતમાંથી બે કારણે માણસ તરી જાય છે. ઈન્દ્રિયોનો ખાસ સ્વભાવ આપણે ધ્યાનમાં રાખવો જોઈએ. 'અમુક જોઈએ ને અમુક નહીં' એવા દ્વંદ્વમાં ઈન્દ્રિયો વીંટળાયેલી હોય છે. જે જોઈએ તેના પર રાગ એટલે કે પ્રીતિ અને જે ન જોઈએ તેના પર દ્વેષ પેદા થાય છે. આવા આ રાગદ્વેષ અને કામક્રોધ માણસને ફાડી ખાય છે. કર્મયોગ એટલો સુંદર, કેટલો રમણીય ને કેવો અનંત ફળ આપનારો છે! પણ આ કામક્રોધ 'આ લે ને પેલું ફેંકી દે' એવી લપ વળગાવીને કાયમ આપણી પાછળ પડ્યા છે. એમની સંગત છોડો, એવી જોખમની ચેતવણી આપતી સૂચના આ અધ્યાયને છેડે ભગવાન આપે છે. સ્થિતપ્રજ્ઞ જેવો સંયમની મૂર્તિ છે, તેવા જ કર્મયોગી પુરુષે થવું જોઈએ.



# ચોથા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી ભગવાન બોલ્યા : હે પ્રિયે ! હવે હું ચોથા અધ્યાયનું માહાત્મ્ય કહું છું તે સાંભળો.

ભાગીરથીના કિનારે વારાણસી નામની એક નગર છે. ત્યાં વિશ્વનાથજીના મંદિરમાં ભરત નામના એક યોગનિષ્ઠ મહાત્મા રહેતા હતા. તેઓ દરરોજ આત્મચિંતનમાં તત્પર થઈ આદરપૂર્વક ગીતાના ચોથા અધ્યાયનો પાઠ કરતા હતા. તેના પાઠથી તેમનું અંતઃકરણ નિર્મળ થઈ ગયું હતું. તેઓ ગરમી-ઠંડી વગેરે દ્વન્દ્વોથી ક્યારેય પીડિત થતા ન હતા.

એક સમયની વાત છે. તે તપસ્વી મહાત્મા નગરની ભાગોળે રહેલાં દેવસ્થાનોનાં દર્શન કરવાની ઈચ્છાથી ભ્રમણ કરતા કરતા નગરની બહાર નીકળી ગયા. ત્યાં બે બોરડી ઊભેલી હતી. તેમની નીચે તેઓ વિશ્રામ કરવા બેઠા. એક બોરડીના થડીયે માથું ટેકવ્યું અને બીજી બોરડીના થડીયે પગ ટેકવ્યા. થોડીવાર વિશ્રામ કરી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી પેલી બંને બોરડીઓ પાંચ-છ દિવસમાં જ અંદરથી સુકાઈ ગઈ. તેમનાં

પાંદડાં અને ડાળીઓ પણ ખતમ થઈ ગઈ. તે પછી તે બંને બોરડીઓ કોઈ બ્રાહ્મણોના પવિત્ર કુળમાં બે કન્યાઓ તરીકે જન્મી.

તે બંને કન્યાઓ જ્યારે સાત વર્ષની થઈ ત્યારે એક દિવસ તેમણે દૂર દેશોથી ભ્રમણ કરીને આવતા પેલા ભરત મુનિને જોયા. તેમને જોતાં જ તે બંને તેમનાં ચરણોમાં પડી ગઈ અને મીઠાં વચનો બોલી :

'હે મુનિવર્ય ! આપની જ કૃપાથી અમારો બંનેનો ઉદ્ધાર થયો છે. અમે બોરડીની (વૃક્ષની) યોનિ ત્યજી માનવ-શરીર પ્રાપ્ત કર્યું છે.'

તેમના આ પ્રમાણે કહેવાથી મુનિ ઘણાં વિસ્મયમાં પડ્યા. તેમણે પૂછ્યું : 'પુત્રીઓ ! મેં ક્યારે અને કઈ રીતે તમને મુક્ત કરી છે? સાથે એ પણ કહો કે તમે બોરડી રૂપે કેમ અવતરી હતી? કારણ કે આ બાબતે હું કંઈ જાણતો નથી.'

ત્યારે તે કન્યાઓ પહેલાં તેમને બોરડી થવાનું કારણ કહેતાં બોલી :

'હે મુને ! ગોદાવરી નદીના કિનારે છિન્નપાપ નામે એક ઉત્તમ તીર્થ છે. આ તીર્થ બહુ પુણ્ય આપનારું છે. તે અત્યંત પવિત્ર તીર્થ ગણવામાં આવે છે. તે તીર્થસ્થાને સત્યતપા નામના એક તપસ્વી કઠોર તપ કરતા હતા. તેઓ ગ્રીષ્મ ઋતુમાં



પ્રજ્જવલિત અગ્નિઓ વચ્ચે બેસતા, વર્ષા ઋતુમાં પાણીની ધારાઓથી તેમનું મસ્તક હંમેશાં ભીંજાયેલું રહેતું તથા શિયાળામાં પાણીમાં નિવાસ કરવાના કારણે તેમના શરીરની રુંવાટી હંમેશાં ઊભી રહેતી હતી. તેઓ હંમેશાં આંતર-બાહ્ય રીતે શુદ્ધ રહેતા હતા. સમયસર તપ કરતા અને મન તથા ઈન્દ્રિયોને સંયમમાં રાખી પરમ શાંતિપૂર્વક આત્મામાં જ રમમાણ રહેતા. તેઓ પોતાની વિદ્વત્તાથી જે વ્યાખ્યાન આપતા તેને સાંભળવા સાક્ષાત્ બ્રહ્માજી પણ હંમેશાં તેમની પાસે ઉપસ્થિત રહેતા અને તેમને પ્રશ્નો કરતા. બ્રહ્માજી સાથે તેમને કોઈ સંકોચ ન હતો તેથી તેમના આવવા છતાં તેઓ તપમાં મગ્ન રહેતા. પરમાત્માના ધ્યાનમાં હંમેશાં મગ્ન રહેવાને લીધે તેમનું તપોબળ હંમેશાં વૃદ્ધિ પામતું.

સત્યતપાને જીવન્મુક્ત સમાન માની ઈન્દ્રને પોતાના સમૃદ્ધ પદ સંબંધમાં કંઈક ભય જેવું લાગ્યું, તેથી તેમણે સત્યતપાના તપમાં સેંકડો વિઘ્નો નાખવાં શરુ કર્યાં. અપ્સરાઓના સમૂહમાંથી અમને બેને બોલાવી ઈન્દ્રે આ મુજબ આજ્ઞા કરી : 'તમે બંને તપસ્વી મુનિના તપમાં વિઘ્ન નાખો. તેઓ મને ઈન્દ્રપદથી દૂર કરી ઈન્દ્રાસન લેવા માગે છે.'

ઈન્દ્રની આ આજ્ઞા મેળવી અમે બંને ત્યાંથી નીકળી ગોદાવરી નદીના કિનારે જ્યાં તે મુનિ તપસ્યા કરતા હતા ત્યાં

આવી. ત્યાં મંદ અને ગંભીર સ્વરથી વાગતા મૃદંગ અને મધુર વેણુનાદ સાથે બીજી અપ્સરાઓ સહિત અમે મધુર સ્વરમાં ગાવાનું શરુ કર્યું. એટલું જ નહિ, તે યોગી મહાત્માને વશ કરવા અમે સ્વર, તાલ અને લય સાથે નૃત્ય કરવાનું પણ શરુ કર્યું. વચ્ચે વચ્ચે થોડો પાલવ ખસેડી અમારી છાતીને પણ ખુલ્લી કરતી. અમારી ઉન્મત્ત ચેષ્ટાઓ કામોદ્દીપન કરનારી હતી. પરંતુ આ ચેષ્ટાઓએ તે નિર્વિકારી મહાત્માના મનમાં ક્રોધનો સંચાર કર્યો. ત્યારે તેમણે હાથથી પાણી છાંટી અમને ક્રોધપૂર્વક શાપ આપ્યો : 'અરે ! તમે બંને ગંગાનાં કિનારા ઉપર બોરડીઓ થઈ જાઓ.' આ સાંભળી અમે ખૂબ જ વિનય સાથે પ્રાર્થના કરી : 'મહાત્મન્ ! અમે તો પરાધીન છીએ એથી અમારા વડે જે દુષ્કર્મ થયું છે તે આપ ક્ષમા કરો.'

આ રીતે અમે મુનિને પ્રસન્ન કર્યા ત્યારે એ પવિત્ર મુનિએ અમારા શાપોદ્ધારનો સમય નક્કી કરતાં કહ્યું : 'ભરત મુનિના આગમન સુધી જ તમારા ઉપર આ શાપ રહેશે. તે પછી તમારો જન્મ મૃત્યુલોકમાં થશે. તમારી પૂર્વસ્મૃતિ જળવાઈ રહેશે.'

હે મુનિવર ! જ્યારે અમે બંને બોરડીના વૃક્ષ રૂપે ઊભેલી હતી ત્યારે આપે અમારી સમીપ પધારી ગીતાના ચતુર્થ અધ્યાયનો પાઠ કરી અમારો ઉદ્ધાર કર્યો છે. માટે અમે આપને વંદન કરીએ છીએ. આપે માત્ર શાપથી જ નહિ, આ ભયાનક સંસારમાંથી



પણ ગીતાના ચતુર્થ અધ્યાયના પાઠ દ્વારા અમને મુક્તિ અપાવી છે.'

શ્રી ભગવાન બોલ્યા : તે બંનેના આ પ્રમાણે કહેવાથી મુનિ ખૂબ જ પ્રસન્ન થયા અને તેમનાથી પૂજા સ્વીકારી વિદાય લઈ જેવા આવ્યા હતા તેવા ચાલ્યા ગયા. તે કન્યાઓ પણ આદર સાથે દરરોજ ગીતાના ચતુર્થ અધ્યાયનો પાઠ કરવા લાગી. જેથી તેમનો ઉદ્ધાર થયો.

# ચતુર્થ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્ ।**
**વિવસ્વાન્મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેડબ્રવીત્ ॥૧॥**

શ્રી ભગવાન બોલ્યા : આ અવિનાશી યોગ મેં સૂર્યનો કહ્યો હતો, સૂર્યે પોતાના પુત્ર વૈવસ્વત મનુને કહ્યો અને મનુએ પોતાના પુત્ર રાજા ઈક્ષ્વાકુને કહ્યો. ॥૧॥

**પરમ્પરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુઃ ।**
**કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ ॥૨॥**

હે પરંતપ ! આમ પરંપરાથી પ્રાપ્ત આ યોગને રાજર્ષિઓએ જાણ્યો, પણ ત્યાર બાદ તે યોગ ઘણા સમયથી આ પૃથ્વીલોકમાં લગભગ લુપ્તપ્રાય થઈ ગયો. ॥૨॥

**સ એવાયં મયા તેડદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ ।**
**ભક્તોડસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ॥૩॥**

તું મારો ભક્ત અને પ્રિય સખા છે, માટે એ જ આ પુરાતન યોગ આજે મેં તને કહ્યોછે, કેમકે આ ઘણું ઉત્તમ રહસ્ય છે એટલે



કે ગુપ્ત રાખવા યોગ્ય વિષય છે. ॥૩॥

**અર્જુન ઉવાચ**

**અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ ।**
**કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાનિતિ ॥૪॥**

અર્જુન બોલ્યા : આપનો જન્મ તો અર્વાચીન હાલનો છે, જ્યારે સૂર્યનો જન્મ તો ઘણો પહેલાંનો છે એટલે કે કલ્પના આરંભે થયેલો છે, તો હું એ વાતને કેમ સમજું કે તમે જ કલ્પના આરંભે સૂર્યને આ યોગ કહ્યો હતો? ॥૪॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।**
**તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ ॥૫॥**

શ્રી ભગવાન બોલ્યા : હે પરંતપ અર્જુન ! મારા અને તારા ઘણા બધા જન્મો થઈ ચુક્યા છે, એ બધાને તું નથી જાણતો, પણ હું જાણું છું. ॥૫॥

**અજોડપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોડપિ સન્ ।**
**પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥૬॥**

હું અજન્મા અને અવિનાશીસ્વરૂપ હોવા છતાં પણ, તેમજ બધાંય પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાંય પોતાની પ્રકૃતિને આધીન કરીને પોતાની યોગમાયાથી પ્રગટ થાઉં છું. ॥૬॥

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**

**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૭॥**

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું. ॥૭॥

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥૮॥**

સાધુપુરુષોનો ઉધ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્ રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું. ॥૮॥

**જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥૯॥**

હે અર્જુન ! મારા જન્મ અને કર્મ દિવ્ય અર્થાત્ નિર્મળ અને અલૌકિક છે - એમ જે માણસ તત્ત્વથી (સર્વશક્તિમાન, સચ્ચિદાનંદઘન પરમાત્મા અજ, અવિનાશી અને સર્વ જીવોની પરમ ગતિ અને પરમ આશ્રય છે, તેઓ કેવળ ધર્મને સ્થાપવા તેમજ સંસારનો ઉદ્ધાર કરવા માટે જ પોતાની યોગમાયાથી સગુણરૂપ ધરીને પ્રગટ થાય છે, માટે પરમેશ્વર જેવું સુહૃદ્, પ્રેમી અને પતિતપાવન બીજું કોઈ નથી, એમ સમજીને જે માણસ પરમેશ્વરનું અનન્ય પ્રેમથી નિરંતર ચિંતન કરતો આસક્તિ વિના સંસારમાં વર્તે છે, એ જ એમને તત્ત્વથી જાણે છે.) જાણી લે છે,



તે દેહ છોડીને પુનર્જન્મ નથી પામતો, પણ મને જ પામે છે.॥૯॥

**વીતરાગભયક્રોધા મન્મયા મામુપાશ્રિતાઃ ।**
**બહવો જ્ઞાનતપસા પૂતા મદ્ભાવમાગતાઃ ॥૧૦॥**

જેમના રાગ, ભય તથા ક્રોધ સંપૂર્ણપણે નાશ પામી ચુક્યા હતા તેમજ જેઓ મારામાં અનન્ય પ્રેમભાવે સ્થિત રહેતા હતા, એવા મારે આશ્રયે રહેનારા ઘણાય ભક્તો આ પહેલા પણ ઉપર કહેલા જ્ઞાનરૂપી તપ વડે પવિત્ર થઈને મારા સ્વરૂપને પામી ચુક્યા છે. ॥૧૦॥

**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાં પાર્થ સર્વશઃ ॥૧૧॥**

હે પાર્થ ! જે ભક્તો મને જેવા ભાવથી ભજે છે, હું પણ તેમને એવા જ ભાવથી ભજું છું, કેમકે સૌ મનુષ્યો સર્વ રીતે મારા જ માર્ગને અનુસરે છે. ॥૧૧॥

**કાઙ્ક્ષન્તઃ કર્મણાં સિદ્ધિં યજન્ત ઈહ દેવતાઃ ।**
**ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ભવતિ કર્મજા ॥૧૨॥**

આ મનુષ્યલોકમાં કર્મોના ફળને ઈચ્છનારા માણસો દેવતાઓનું પૂજન કરતા રહે છે, કેમકે એમને કર્મોથી ઉત્પન્ન થનારી સિદ્ધિ સત્વરે મળે છે. ॥૧૨॥

**ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ ।**
**તસ્ય કર્તારમપિ માં વિદ્ધ્યકર્તારમવ્યયમ્ ॥૧૩॥**

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચાર વર્ણોનો સમૂહ ગણ અને કર્મોના વિભાગ પ્રમાણે મારા દ્વારા સર્જાયેલો છે, આ પ્રમાણે એ સૃષ્ટિરચના વગેરે કર્મોનો કર્તા હોવા છતાં પણ મુજ અવિનાશી પરમેશ્વરને તું વાસ્તવમાં અકર્તા જ જાણ. ॥૧૩॥

**ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા।**
**ઈતિ માં યોઽભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥૧૪॥**

કર્મોના ફળમાં મારી સ્પૃહા નથી, માટે મને કર્મો લિપ્ત નથી કરતાં - આ પ્રમાણે જે મને તત્ત્વથી જાણી લે છે, તે પણ કર્મોથી નથી બંધાતો. ॥૧૪॥

**એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ।**
**કુરુ કર્મૈવ તસ્માત્ત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્ ॥૧૫॥**

પૂર્વકાળના મુમુક્ષુઓએ પણ આ પ્રમાણે જાણીને જ કર્મો કર્યા છે, માટે તું પણ પૂર્વજો વડે સદાકાળથી આચરવામાં આવેલાં કર્મોને જ કર. ॥૧૫॥

**કિં કર્મ કિમકર્મેતિ કવયોઽપ્યત્ર મોહિતાઃ।**
**તત્તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧૬॥**

કર્મ શું છે? અને અકર્મ શું છે? - એનો નિર્ણય કરવામાં બુદ્ધિશાળી પુરુષો પણ મોહિત થઈ જાય છે, માટે તે કર્મતત્ત્વ હું તને સમ્યક્ રીતે સમજાવીને કહું છું, જેને જાણીને તું અશુભથી એટલે કે કર્મબંધનમાંથી મુક્ત થઈ જઈશ. ॥૧૬॥



**કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।**
**અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥૧૭॥**

કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ અને અકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, તેમજ વિકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, કેમકે કર્મની ગતિ અતિગહન છે. ॥૧૭॥

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ।**
**સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥**

જે માણસ કર્મમાં અકર્મ જુએ છે અને જે અકર્મમાં કર્મ જુએ છે, એ માણસ સઘળા માણસોમાં બુદ્ધિશાળી છે તેમજ એ યોગી સમસ્ત કર્મો કરનારો છે. ॥૧૮॥

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસંકલ્પવર્જિતાઃ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ ॥૧૯॥**

જેનાં સર્વ શાસ્ત્રસંમત કર્મો કામના કે સંકલ્પ વિના થાય છે તથા જેનાં બધાંય કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે, એ મહાપુરુષને જ્ઞાનીજનો પણ પંડિત કહે છે. ॥૧૯॥

**ત્યક્ત્વા કર્મફલાસઙ્ગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિઞ્ચિત્કરોતિ સઃ ॥૨૦॥**

જે માણસ સર્વ કર્મો પ્રત્યેની તેમજ એમનાં ફળ પ્રત્યેની આસક્તિને બધી રીતે ત્યાગીને સંસારના આશ્રયથી રહિત થઈ ગયો છે તથા પરમાત્મામાં સદાય તૃપ્ત છે, તે કર્મોમાં યોગ્ય રીતે

વર્તતો હોવા છતાં પણ વાસ્તવમાં કંઈ જ નથી કરતો. ॥૨૦॥

**નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ।**
**શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્રોતિ કિલ્બિષમ્ ॥૨૧॥**

જેને કશાયની ખેવના નથી, અંતઃકરણ અને ઈન્દ્રિયો સહિત જેણે શરીર જીત્યું છે તેમજ સઘળી ભોગોની સામગ્રીનો જેણે પરિત્યાગ કરી દીધો છે એવો સાંખ્યયોગી કેવળ શરીરસંબંધી કર્મ કરતો હોવા છતાં પણ પાપને નથી પામતો. ॥૨૧॥

**યદચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥૨૨॥**

ઈચ્છા વિના આપમેળે મળેલા પદાર્થમાં જે સદાય સંતુષ્ટ રહે છે, અદેખાઈનો જેનામાં સર્વ રીતે અભાવ થઈ ગયો છે, હરખ-શોક વગેરે દ્વંદ્વોથી જે સંપૂર્ણપણે અતીત થઈ ગયો છે - એવો સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમ રહેનાર કર્મયોગી કર્મ કરતો હોવા છતાં પણ કર્મોથી નથી બંધાતો. ॥૨૨॥

**ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ।**
**યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ॥૨૩॥**

જેની આસક્તિ સર્વથા નાશ પામી ચુકી છે, જે દેહાભિમાન તથા મમત્વ વિનાનો થઈ ચૂક્યો છે, જેનું ચિત્ત નિરંતર પરમાત્માના જ્ઞાનમાં સ્થિત રહે છે - એવા કેવળ યજ્ઞસંપાદનને અર્થે કર્મ કરનાર મનુષ્યનાં સમસ્ત કર્મો પૂર્ણ રીતે



વિલીન થઈ જાય છે. ॥૨૩॥

**બ્રહ્માર્પણં હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્।**
**બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥૨૪॥**

બ્રહ્મયજ્ઞ કે જેમાં અર્પણ એટલે કે સ્રુવા આદિ ઉપકરણ પણ બ્રહ્મ છે, હવન કરવા માટેનું દ્રવ્ય પણ બ્રહ્મ છે, બ્રહ્મરૂપી હોતા દ્વારા બ્રહ્મરૂપી અગ્નિમાં હોમવારૂપી ક્રિયા પણ બ્રહ્મ છે અને સર્વત્ર બ્રહ્મબુદ્ધિ કરવારૂપી બ્રહ્મકર્મમાં સ્થિત રહેનાર એ યોગીને મળનારું ફળ પણ બ્રહ્મ જ છે. ॥૨૪॥

**દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે।**
**બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥૨૫॥**

બીજા કેટલાક યોગીજનો દેવતાઓની પૂજારૂપી યજ્ઞનું જ સમ્યક્ પ્રકારે અનુષ્ઠાન કરે છે, જ્યારે અન્ય યોગીજનો પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં અભેદદર્શનરૂપી યજ્ઞ દ્વારા જ આત્મારૂપી યજ્ઞનો હોમ (પરબ્રહ્મ પરમાત્મામાં જ્ઞાન દ્વારા એકાત્મભાવે સ્થિત થવું એને જ બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞ દ્વારા 'યજ્ઞનો હોમ કરવો' કહેવાય છે.) કરે છે. ॥૨૫॥

**શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ।**
**શબ્દાદીન્વિષયાનન્ય ઈન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥૨૬॥**

અન્ય કેટલાક યોગીઓ શ્રોત્ર વગેરે સઘળી ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિઓમાં હોમે છે, તો વળી બીજા કેટલાક

યોગીજનો શબ્દ વગેરે સર્વ વિષયોને ઈન્દ્રિયોરૂપી અગ્નિઓમાં હોમતા રહે છે. ॥૨૬॥

**સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।**
**આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥૨૭॥**

અન્ય યોગીજનો ઈન્દ્રિયોની સર્વ ક્રિયાઓને તથા પ્રાણોની સમસ્ત ક્રિયાઓને જ્ઞાન વડે પ્રજ્વલિત આત્મસંયમયોગરૂપી અગ્નિમાં હોમી દે (સચ્ચિદાનંદઘન પરમાત્મા સિવાય અન્ય કોઈનુંય ચિંતન ન કરવું એ જ એ તમામને 'હોમી દેવા' કહેવાય છે.) છે. ॥૨૭॥

**દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે ।**
**સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥૨૮॥**

અન્ય કેટલાક માણસો દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે, કેટલાક તપરૂપી યજ્ઞ કરનારા છે, બીજા કેટલાક પુરુષો અષ્ટાંગ યોગરૂપી યજ્ઞ કરનારા છે અને વળી કેટલાક અહિંસા આદિ લોકોત્તર વ્રતો પાળનારા પ્રયત્નશીલ માણસો સ્વાધ્યારૂપી જ્ઞાનયજ્ઞ કરનારા છે. ॥૨૮॥

**અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાપરે ।**
**પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ॥૨૯॥**
**અપરે નિયતાહરાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ ।**
**સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥૩૦॥**



બીજા કેટલાય યોગીજનો અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે, તેમજ અન્ય યોગીજનો પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે, તો અન્ય કેટલાય નિયમ પ્રમાણે આહાર કરનારા પ્રાણાયામ પરાયણ માણસો પ્રાણ અને અપાનની ગતિને રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હોમે છે, આ સઘળાય સાધકો યજ્ઞો દ્વારા પાપોનો નાશ કરનારા તેમજ યજ્ઞોને જાણનારા છે. ॥૨૯-૩૦॥

**યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।**
**નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ્ ॥૩૧॥**

હે કુરુશ્રેષ્ઠ ! યજ્ઞમાંથી બચેલા અમૃતનો અનુભવ કરનારા યોગીજનો સનાત પરબ્રહ્મ પરમાત્માને પામે છે, જ્યારે યજ્ઞ ન કરનાર માણસ માટે તો આ મનુષ્ય-લોક પણ સુખદાયક નથી, તો પરલોક ક્યાંથી સુખદાયક હોય? ॥૩૧॥

**એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।**
**કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાનેવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ॥૩૨॥**

આવા બીજા પણ અનેક જાતના યજ્ઞો વેદની વાણીમાં વિસ્તારથી કહેવાયેલા છે, એ સર્વેને તું મન, ઈન્દ્રિયો અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા જાણ, આ પ્રમાણે તત્ત્વથી જાણીને એમના અનુષ્ઠાન દ્વારા તું કર્મબંધનથી પૂર્ણ રીતે છૂટી જઈશ. ॥૩૨॥

**શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજજ્ઞાનયજ્ઞઃ પરન્તપ ।**

**સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥૩૩॥**

હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞની અપેક્ષાએ જ્ઞાનયજ્ઞ ઘણો ચઢિયાતો છે તથા હે પાર્થ ! સઘળાં કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે. ॥૩૩॥

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥૩૪॥**

એ જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે, એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મતત્ત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે - ॥૩૪॥

**યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમેવં પાણ્ડવ ।**
**યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ॥૩૫॥**

જેને જાણ્યા પછી ફરીથી તું આ રીતે મોહને નહીં પામે, તેમજ હે પાંડુપુત્ર ! જે જ્ઞાનથી તું સમગ્ર ભૂતોને નિઃશેષભાવે પહેલાં પોતાનામાં અને પછી મુજ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જોઈશ.

**અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ ।**
**સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સન્તરિષ્યસિ ॥૩૬॥**

જો તું બીજા સમસ્ત પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનાર



હોય, તો પણ તું જ્ઞાનરૂપી નાવડા દ્વારા નિઃસંદેહ આખા પાપ-સાગરને સારી રીતે પાર કરી જઈશ. ॥૩૬॥

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેઽર્જુન ।**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥૩૭॥**

કેમકે હે અર્જુન ! જે રીતે ભડભડતો અગ્નિ ઘણાંબધાં ઈંધણોને ભસ્મીભૂત કરી નાખે છે, તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે. ॥૩૭॥

**ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।**
**તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥૩૮॥**

માટે આ સંસારમાં જ્ઞાનના જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી, એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્તઃકરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે. ॥૩૮॥

**શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥૩૯॥**

જિતેન્દ્રિય, સાધનપરાયણ અને શ્રદ્ધાવાન માણસ જ્ઞાનને પામી જાય છે અને જ્ઞાનને પામીને એ વિના વિલંબે તત્કાળ જ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ શાન્તિને પ્રાપ્ત થઈ જાય છે. ॥૩૯॥

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।**
**નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥૪૦॥**

પણ વિવેકહીન, અશ્રધ્ધાળુ તેમજ સંશયગ્રસ્ત માસ પરમાર્થથી નિશ્ચિતપણે ભ્રષ્ટ થઈ જાય છે, આવા સંશયગ્રસ્ત મનુય માટે ન આ લોક છે, ન તો પરલોક કે ન સુખ ॥૪૦॥

**યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।**
**આત્મવન્તં ન કર્માણિ નિબ્ધનન્તિ ધનઞ્જય ॥૪૧॥**

હે ધનંજય ! જેણે કર્મયોગના આચરણ દ્વારા સમગ્ર કર્મો પરમાત્મામાં અર્પી દીધાં છે તથા જેણે વિવેક વડે સંકળ સંશયોનો નાશ કર દીધો છે, એવા વશ કરેલ અન્તઃકરણના પુરુષને કર્મો નથી બાંધતાં. ॥૪૧॥

**તસ્માદજ્ઞાનસમ્ભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ ।**
**છિત્વૈનં સંશયં યોગમાતિષ્ઠોત્તિષ્ઠ ભારત ॥૪૨॥**

માટે હે ભરતવંશી ! તું હૃદયમાં રહેલા આ અજ્ઞાનજનિત પોતાના સંશયને વિવેકાજ્ઞાનરૂપી તલવાર વડે છેદીને સમત્વરૂપ કર્મયોગમાં સ્થિત થઈ જા અને યુદ્ધ માટે ઊભો થઈ જા. ॥૪૨॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવેદો જ્ઞાનકર્મસંન્યાસયોગો નામ ચતુર્થોઽધ્યાયઃ ॥૪॥

**॥ જ્ઞાનકર્મસંન્યાસયોગ નામનો ચોથો અધ્યાય સમાપ્ત ॥**



# અધ્યાય ચોથો

## કર્મયોગ - સહકારી સાધના : વિકર્મ

### કર્મને વિકર્મનો સાથ હોવો જોઈએ

સ્વધર્મને અળગો કરી બીજો ધર્મ સ્વીકારવાથી નિષ્કામપણાનું ફળ મળવું અસંભવિત જ છે. સ્વદેશી માલ વેચવાનો વેપારીનો સ્વધર્મ છે. પણ એ સ્વધર્મ છોડી સાત હજાર માઈલ દૂરથી આણીને તે પરદેશી માલ વેચે છે ત્યારે તેની નજર સામે માત્ર વધારે નફો કરવાનો ખ્યાલ હોય છે. પછી તેના એ કામમાં નિષ્કામતા ક્યાંથી હોય? એથી જ કર્મ નિષ્કામ રહે તેટલા ખાતર સ્વધર્મના આચરણની ખૂબ જરૂર રહે છે. પણ આવું સ્વધર્માચરણ પણ સકામ હોય એમ બને. આપણે અહિંસાની જ વાત લઈએ. અહિંસાના ઉપાસકને હિંસ વર્જ્ય છે એ સાફ છે. પણ બહારથી અહિંસક દેખાતો છતાં તે હિંસક હોય એમ બને, કેમકે હિંસા મનનો ધર્મ છે. બહારનું હિંસાકર્મ ન કરવા માત્રથી મન અહિંસામય થઈ જાય એવું નથી. હાથમાં તલવાર લેવાથી

લેનારની હિંસાવૃત્તિ સાફ દેખાય છે. પણ તલવાર છોડી દેવાથી માણસ અહિંસામય થઈ જ જાય એવું નથી. સ્વધર્માચરણની વાત બરાબર આના જેવી છે. નિષ્કામતાને માટે પરધર્મથી અળગા રહેવું જોઈએ. પણ એ માત્ર નિષ્કામતાની શરૂઆત જ ગણાય. તેથી સાધ્ય સુધી પહોંચી ગયા એમ માની લેવાનું નથી.

નિષ્કામતા મનનો ધર્મ છે. મનનો એ ધર્મ પ્રગટ થાય તે માટે એકલું સ્વધર્માચરણનું સાધન પૂરતું નથી. બીજાં સાધનોનો આધાર લેવાની પણ જરૂર રહે છે. માત્ર તેલ ને દિવેટથી દીવો થતો નથી. સાથે જ્યોતની જરૂર પડે છે. જ્યોત હશે તો જ અંધારું મટે. એ જ્યોત કેવી રતે ચેતાવવી? એ માટે મનનું સંશોધન જરૂરી છે. આત્મપરીક્ષણ કરી ચિત્તનો મળ ધોઈ કાઢવો જરૂરી છે. ત્રીજા અધ્યાયને છેડે આ મહત્ત્વની સૂચના ભગવાને કરી છે. એ સૂચનામાંથી ચોથા અધ્યાયનો જન્મ થયો છે.

ગીતામાં એ શબ્દ સ્વધર્મના અર્થમાં વપરાયો છે. આપણે ખાઈએ છીએ, પીએ છીએ અને ઊંઘીએ છીએ એ બધાં પણ કર્મો છે. પણ ગીતામાં વપરાયેલા શબ્દ વડે એ ક્રિયાઓ સૂચવાઈ નથી. કર્મ શબ્દનો અર્થ સ્વધર્માચરણ કરવાનો છે. પણ સ્વધર્માચરણરૂપી એ કર્મ કરતાં કરતાં નિષ્કામતા કેળવવાને સારુ બીજી એક મહત્ત્વની મદદ લેવી જરૂરની છે. એ મદદ છે કામ અને ક્રોધને જીતવાની વાતની. ચિત્ત ગંગાજળ જેવું નિર્મળ ને



પ્રશાંત ન થાય ત્યાં સુધી નિષ્કામતા કેળવાતી નથી. આ રીતે ચિત્તના સંશોધનને માટે જે કર્મો કરવાનાં હોય છે તેને ગીતાએ વિકર્મ નામ આપેલું છે. કર્મ, વિકર્મ અને અકર્મ એ ત્રણ શબ્દો આ ચોથા અધ્યાયમાં મહત્ત્વના છે. કર્મ એટલે બહારની સ્વધર્માચરણની સ્થૂલ ક્રિયા. આ બહારની ક્રિયામાં ચિત્ત રેડવું તેનું જ નામ વિકર્મ છે. બહારથી આપણે નમસ્કાર કરીએ છીએ. પણ બહારની એ માથું નમાવવાની ક્રિયાની સાથોસાથ અંદરથી મન નમ્યું નહીં હોય તો બહારની ખાલી ક્રિયા ફોગટ છે. અંતર્બાહ્ય એક થવું જોઈએ. બહારથી શંકરના લિંગ પર એકસરખી ધાર કરીને હું અભિષેક કરું છું. પણ પાણીની એ ધારની સાથોસાથ માનસિક ચિંતનની અખંડ ધાર ચાલતી નહીં હોય તો એ અભિષેકની કિંમત શી? પછી તો સામેનું શિવનું લીંગ એ એક પથ્થર ને હું પણ પથ્થર. પથ્થર સામે પથ્થર બેઠો છે એટલો જ અર્થ થાય. બહારના કર્મની સાથે અંદરનું ચિત્તશુદ્ધિનું કર્મ જોડાય તો જ નિષ્કામ કર્મયોગ પ્રાપ્ત થાય.

निष्काम कर्म શબ્દપ્રયોગમાં કર્મ એ પદના કરતાં નિષ્કામ એ પદનું મહત્ત્વ વધારે છે. જેમ अहिंसात्मक असहकार શબ્દપ્રયોગમાં અસહકાર શબ્દના કરતાં અહિંસાત્મક એ વિશેષણનું મહત્ત્વ વધારે છે. અહિંસાને કાઢી નાખી પોકારવામાં આવેલો અસહકાર ભયંકર વસ્તુ બની જાય, તે પ્રમાણે

સ્વધર્માચરણનું કર્મ કરતાં કરતાં મનનું વિકર્મ સાથે નહીં હોય તો મોટું જોખમ રહે છે.

આજકાલ સાર્વજનિક સેવા કરનારા લોકો સ્વધર્મનું જ આચરણ કરે છે. જે વખતે લોકો ગરીબીમાં અને વિપત્તિમાં ઘેરાયેલા હોય તે વખતે તેમની સેવા કરી, તેમને સુખી કરવાનો ધર્મ સમાજસ્થિતિના ચાલુ પ્રવાહમાંથી આપોઆપ આવી મળે છે. પણ એટલી વાત પરથી જાહેર કામગીરી અદા કરનારા બધાયે લોકો કર્મયોગી બની ગયા એ અનુમાન કાઢી નહીં શકાય. લોકસેવા કરતી વખતે મનમાં શુદ્ધ ભાવના નહીં હોય તો તે લોકસેવા ભયાનક નીવડવાનો પણ સંભવ રહે છે. પોતાના કુટુંબની સેવા કરવામાં જેટલો અહંકાર, જેટલો દ્વેષ-મત્સર અને જેટલો સ્વાર્થ આપણે જગાડીએ છીએ તેટલો બધો લોકસેવામાં પણ આપણે જગાડીશું, અને આ વાતનો પરચો આજના લોકસેવકોના સમૂહમાં જોવામાં પણ આવે છે.

## બંનેના સંયોગથી અકર્મરૂપી સ્ફોટ

કર્મની સાથે મનનો મેળ હોવો જોઈએ. આ મનના મેળને જ ગીતા વિકર્મ કહીને ઓળખાવે છે. બહારનું તે સાદું કર્મ, અંદરનું આ વિશેષ કર્મ તે વિકર્મ. આ વિશેષ કર્મ જેની તેની માનસિક જરૂર મુજબ જુદું જુદું હોય છે. વિકર્મના એવા અનેક પ્રકાર ચોથા અધ્યાયમાં દાખલારૂપે બતાવેલા હોઈ તે જ વાતનો



વિસ્તાર આગળ છઠ્ઠા અધ્યાયથી કરેલો છે. વિશેષ કર્મનું આવું માનસિક અનુસંધાન કર્મની જોડ બંધાવાથી ધીરે ધીરે નિષ્કામતા કેળવાતી જાય છે. શરીર અને મન બંને જુદી જુદી ચીજો હોય તો તે બંનેને માટે સાધનો પણ અલગ અલગ જોઈએ. એ બંનેનો મેળ બેસતાંવેંત સાધ્ય હાંસલ થાય છે. મન એક બાજુ અને શરીર બીજી બાજુ એવી સ્થિતિ ન થાય માટે શાસ્ત્રકારોએ બેવડો રસ્તો બતાવ્યો છે. ભક્તિયોગમાં બહાર તપ અને અંદર જપ બતાવ્યો છે. ઉપવાસ વગેરે બાહ્ય તપસ્યા ચાલતી હોય ત્યારે અંદર માનસિક જપ ચાલુ નહીં હોય તો તે બધું તપ ફોગટ ગયું જાણવું. જે ભાવનાથી હું તપ કરતો હોઉં તે અંદર એકસરખી સળગતી રહેવી જોઈએ. ઉપવાસ શબ્દનો અર્થ મૂળમાં ઈશ્વરની પાસે બેસવું એવો છે. ચિત્ત પરમેશ્વરની પાસે રહે તે સારુ બહારના ભોગોને મનાઈ હોવી જોઈએ. પણ બહારના ભોગ વર્જ્ય કરી મનમાં ભગવાનનું ચિંતન નહીં હોય તો તે બાહ્ય ઉપવાસનો અર્થ શો? ઈશ્વરનું ચિંતન કરવાને બદલે મનમાં ખાવાપીવાની ચીજોનું ચિંતન કરીએ તો એ બહુ ભયાનક ભોજન નીવડે. આ મનમાં થતું ભોજન, મનમાં થતું વિષય-ચિંતન એના જેવી ભયાનક ચીજ બીજી નથી. તંત્ર સાથે મંત્ર જોઈએ. કેવળ બહારના તંત્રનું મહત્ત્વ નથી. કેવળ કર્મહીન મંત્રનું પણ મહત્ત્વ નથી. હાથમાં સેવા હોવી જોઈએ. તેવી હૃદયમાં પણ સેવા હોવી જોઈએ. એ

રીતે જ આપણે હાથે સાચી સેવા થાય.

હૃદયની ભીનાશ બાહ્ય કર્મમાં નહીં હોય તો તે સ્વધર્માચરણ સૂકું રહેશે. તેને નિષ્કામતાનાં ફળફૂલ નહીં બેસે. ધારો કે આપણે માંદાની સારવારનું કામ માથે લીધું. પણ એ સેવાકર્મની સાથોસાથ દિલમાં કોમળ દયાભાવ નહીં હોય તો રોગીની સેવાનું એ કામ કંટાળો આપનારું અને નીરસ થઈ જશે. એ એક બોજો લાગશે. ખુદ રોગીને પણ તેનો ભાર લાગશે. એ સારવારમાં મનનો સહકાર નહીં હોય તો એ સેવામાંથી અહંકાર પેદા થયા વગર નહીં રહે. હું આજે એને ઉપયોગી થાઉં છું માટે એણે મને ઉપયોગી થવું જોઈએ, એણે મારાં વખાણ કરવાં જોઈએ, લોકોએ મારી કદર કરવી જોઈએ એવી એવી અપેક્ષા ચિત્તમાં ઉત્પન્ન થશે. અથવા આપણે આટલી આટલી સેવા કરીએ છતાં આ રોગી નાહક ચિડાઈને કચકચ કર્યા કરે છે, એમ આપણે કંટાળીને બબડ્યા કરીશું. માંદો માણસ કુદરતી રીતે ચીડિયો થઈ જાય છે. તેની કચકચ કરવાની આદતથી જેના મનમાં સાચો સેવાભાવ નહીં હોય તેવા સેવા કરવાવાળાને કંટાળો આવશે.

કર્મની જોડે આંતરિક મેળ હશે તો તે કર્મ જુદું જ પડશે. તેલ ને દિવેટની જોડીની સાથે જ્યોત ભળવાથી પ્રકાશ થાય છે. કર્મની સાથે વિકર્મ જોડાવાથી નિષ્કામતા કેળવાય છે. દારૂગોળાને આંચ લગાડવાથી ભડાકો થાય છે. એ દારૂગોળામાં



શક્તિ નિર્માણ થાય છે. કર્મ આ બંદૂકના દારૂ જેવું છે. તેમાં વિકર્મની આંચ લાગતાંવેંત કામ પાર પડે છે. વિકર્મ દાખલ થયું ન હોય ત્યાં સુધી એ કર્મ જડ રહે છે. તેમાં ચૈતન્ય હોતું નથી. વિકર્મની ચિનગારી જડ કર્મમાં પડતાંની સાથે તે કર્મમાં જે સામર્થ્ય ઉત્પન્ન થાય છે. હાથમાં રમાડી શકાય છે. પણ તેને આંચ લગાડતાંની સાથે શરીરના ફુરચેફુરચા ઊડી જાય છે. સ્વધર્માચરણમાં રહેલું અનંત સામર્થ્ય એવું જ ગુપ્ત હોય છે. તેને વિકર્મનો સાથ આપી જુઓ, પછી કેવી ઉથલપાથલ થાય છે તે જોજો. અહંકાર, કામ, ક્રોધ એ બધાના એ ધડાકાથી ફુરચેફુરચા ઊડી જશે અને તેમાંથી પછી પરમ જ્ઞાનની નિષ્પત્તિ થશે.

કર્મ જ્ઞાનને ચેતાવનારી આંચ છે. લાકડાની એકાદ ડગળી ખાલી પડી રહે છે. પણ તેને સળગાવો. તે ધગધગતો અંગાર બને છે. પેલી લાકડાની ડગળી અને આ ધગધગતો દેવતા બેમાં કેવો ફેર હોય છે! પણ એ લાકડાનો જ એ અગ્નિ છે એમાં કંઈ શક છે કે? કર્મમાં વિકર્મ રેડવાથી કર્મ દિવ્ય દેખાવા માંડે છે. મા દીકરાની પીઠ પર હાથ ફેરવે છે. એક વાંસો અને તે વાંસા પર એક વાંકોચૂકો હાથ ફરેછે. પણ એટલા સાદા કર્મથી તે મા-દીકરાના દિલમાં જે ભાવના ઊછળે છે તેનું વર્ણન કરી શકાશે? આટલી લંબાઈ-પહોળાઈની આવી એક પીઠ પર આવો, આટલા વજનનો એક સુંવાળો હાથ ફેરવવાથી પેલોઆનંદ નિર્માણ થશે

એવું સમીકરણ કોઈ બેસાડવા જાય તો તે એક મજાક ગણાશે. હાથ ફેરવવાની એ નજીવી ક્રિયા છે. પણ તે ક્રિયામાં માએ પોતાનું હૃદય ઠાલવેલું છે. તે કર્મમાં વિકર્મ રેડેલું હોવાથી પેલો અપૂર્વ આનંદ મળે છે. તુલસીરામાયણમાં એક પ્રસંગ આવે છે.

**राम कृपा करि चितवा सबही ।**
**भये बिगतस्त्रम वानर तबही ॥**

રાક્ષસો સાથે લડ્યા પછી વાનર પાછા આવે છે. તે બધા જખમી થયેલા હોય છે. તેમનાં શરીરમાંથી લોહી વહેતું હોય છે. પણ પ્રભુ રામચંદ્રે માત્ર તેમના બધાના તરફ પ્રેમપૂર્વક જોયું તેની સાથે તે બધાયની વેદના શાંત થઈ ગઈ. તે વખતે રામે ઉઘાડેલી આંખનો ફોટો પાડી લઈ તે પ્રમાણે બીજું કોઈ પોતાની આંખ ઉઘાડે તો એવી અસર થાય ખરી કે? એવું કોઈ કરે તો હસવાનું થાય.

કર્મની સાથે વિકર્મની જોડી બાંધવાથી શક્તિસ્ફોટ થાય છે અને તેમાંથી અકર્મ નિર્માણ થાય છે. લાકડું બળી જવાથી રાખ નીપજે છે. પેલી પહેલાં લાકડાની ખાસી મોટી ડગળી હતી પણ તેની આખરે ચપટીભર નિરુપદ્રવી રાખ બની રહે છે. પછી હાથમાં લઈ તેને ખુશીથી શરીરે ચોળો. કર્મને વિકર્મની આંચ લગાડવાથી અકર્મ નીપજે છે. પેલું લાકડું ક્યાં ને પેલી રાખ ક્યાં? कः केन संबंधः ! બંનેના ગુણધર્મમાં હવે જરાયે



સરખાપણું નથી. પણ પેલી ડગળીની જ એ રાખ બની છે એમાં કંઈ શંકા છે કે?

કર્મમાં વિકર્મ રેડવાથી અકર્મ નીપજે છે એ વાતનો અર્થ શો? એનો અર્થ એટલો કે કર્મ કર્યા જેવું લાગતું નથી, તેનો ભાર લાગતો નથી. મા દીકરાને મારે છે પણ તમે જરા કોઈના દિકરાને મારી જોજો! તમારું મારવું છોકરો સહન નહીં કરે. મા મારશે તોયે તે તેના પાલવમાં માથું મારતો જશે. એનું કારણછે. માના એ બાહ્ય કર્મમાં ચિત્તશુદ્ધિ છે. તેનું મારવું નિષ્કામ હોય છે. એ કર્મમાં તેનો સ્વાર્થ નથી. વિકર્મને લીધે, મનની શુદ્ધિને લીધે, કર્મનું કર્મપણું ઊડી જાય છે. રામની પેલી નજર આંતરિક વિકર્મને લીધે કેવળ પ્રેમસુધાસાગર બની હતી, પણ રામને તે કર્મનો થાક નહોતો લાગ્યો. ચિત્તશુદ્ધિથી કરેલું કર્મ નિર્લેપ હોય છે. તેનું પાપ કે પુણ્ય કંઈ બાકી રહી જતું નથી.

નહીં તો વિચાર કરો કે કર્મનો કેટલો બોજો આપણી બુદ્ધિ પર ને હૃદય પર પડે છે! તેની કેટલી બધી તાણ પહોંચે છે! આવતી કાલે બધા રાજદ્વારી કેદીઓ છૂટવાના છે એવી હમણાં બે વાગ્યે ખબર આવે, પછી કેવું બજાર ભરાય છે તે જોજો. ચારે બાજુ બસ ધાંધલ, ધાંધલ. કર્મના સારા-નરસાપણાને કારણે આપણે વ્યગ્ર હોઈએ છીએ. કર્મ આપણને ચારેકોરથી ઘેરી લે છે. કર્મ જાણે કે આપણી બોચી પર ચડી બેસે છે. સમુદ્રનો પ્રવાહ જોરથી જમીનમાં

પેસી જઈ જેમ અખાત નિર્માણ કરે છે તે પ્રમાણે કર્મનો પસારો ચિત્તમાં ફેલાઈ, ઘૂસી જઈ તેમાં ખળભળાટ મચાવે છે. સુખદુઃખનાં દ્વંદ્વો નિર્માણ થાય છે. બધીયે શાંતિ નાશ પામે છે. કર્મ થયું, અને થઈ ગયું હોવા છતાં તેનો વેગ બાકી રહી જાય છે. કર્મ ચિત્તનો કબજો કરી બેસે છે. અને પછી કર્મ આચરનારને ઊંઘ આવતી નથી.

પણ આવા આ કર્મમાં વિકર્મ મેળવવાથી ગમે તેટલું કર્મ કરવા છતાં થાક લાગતો નથી. ધ્રુવની માફક મન શાંત, સ્થિર અને તેજોમય રહે છે. કર્મમાં વિકર્મ રેડવાથી તે અકર્મ બની જાય છે. કર્મ કરવા છતાં તે જાણે ભૂંસી નાખ્યું હોય તેવી સ્થિતિ થાય છે.

અકર્મની કળા સમજવાને સંતો પાસે જાઓ

કર્મનું આમ અકર્મ કેવી રીતે બનતું હશે? એ કળા કોની પાસે જોવા મળશે? સંતો પાસેથી. આ અધ્યાયને છેડે ભગવાન કહે છે, સંતોની પાસે જઈને બેસ અને પાઠ લે. કર્મનું અકર્મ કેવી રીતે થઈ જાય છે તેનું વર્ણન કરતાં ભાષા પૂરી થઈ જાય છે. તેનો ખ્યાલ મેળવવાને સંતોને ચરણે બેસવું જોઈએ. પરમેશ્વરનું વર્ણન સાંભળ્યું છે ને કે शान्ताकारं भुजगशयनम्। પરમેશ્વર હજાર ફેણવાળા શેષ પર પોઢેલો હોવા છતાં શાંત છે. સંતો હજારો કર્મોમાં ગૂંથાયેલા હોવા છતાં જરા સરખો ક્ષોભતરંગ પોતાના માસરોવરમાં ઊઠવા દેતા નથી. આ ખૂબી સંતોને ઘેર ગયા વગર સમજી શકાતી



નથી.

આજના વખતમાં ચોપડીઓ સોંઘી થઈ છે. આના-બે આનામાં ગીતા, मनाचे श्लोक વગેરે ચોપડીઓ મળે છે. ગુરુ જોઈએ તેટલા છે. શિક્ષણ ઉદાર અને સોંઘું છે. વિશ્વ વિદ્યાલયો જ્ઞાનની ખેરાત કરે છે. પણ જ્ઞાનામૃતભોજનની તૃપ્તિનો ઓડકાર કોઈને આવતો દેખાતો નથી. પુસ્તકોના આવા ઢગલાના ઢગલા જોઈને દિવસે દિવસે સંતોની સેવાની જરૂર વધારે ને વધારે ભાસતી જાય છે. જ્ઞાન પુસ્તકોની મજબૂત કાપડની બાંધણીની બહાર નીકળતું નથી. આવે પ્રસંગે મને એક અભંગ હંમેશ યાદ આવે છે.

**कामक्रोध आड पडिले पर्वत ।**
**राहिला अनंत पैलीकडे ॥**

આડા પડ્યા કામક્રોધના પહાડ ને અનંત રહ્યો પેલી પાર. કામક્રોધના પર્વતોની પેલી કોર નારાયણ વસે છે. તે પ્રમાણે આ ચોપડાઓના ઢગની પાછળ જ્ઞાનરાજા લપાઈને બેઠો છે. પુસ્તકાલયોને ગ્રંથાલયોનો રાફડો ફાટ્યો છે. પણ માણસ હજી બધે સંસ્કાર વગરનો ને જ્ઞાન વગરનો વાંદરો રહી ગયેલો દેખાય છે. વડોદરામાં એક મોટી લાઈબ્રેરી છે. એક વખત એક ગૃહસ્થ તેમાંથી એક ખાસું મોટું પુસ્તક લઈને જતા હતા. તે પુસ્તકમાં ચિત્રો હતાં. અંગ્રેજી પુસ્તક છે એવું માની તે ભાઈ લઈ જતા

હતા. મેં પૂછ્યું, આ શાનું પુસ્તક છે? તેમને જવાબ દેવાને બદલે તે સામું ધર્યું, મેં કહ્યું, આ તો ફ્રેંચ છે. તે ગૃહસ્થ બોલ્યા, અરે, ફ્રેંચ આવી ગયું લાગે છે! પરમ પવિત્ર રોમન લિપિ, સુંદર ચિત્રો, મજાનું બાઈંડિંગ, પછી જ્ઞાનની ખોટ હોય ખરી કે ! માટે બાહ્ય દેખાવથી કિંમત ના અંકાય.

અંગ્રેજી ભાષામાં દર સાલ દસ દસ હજાર નવાં પુસ્તકો તૈયાર થઈને બહાર પડે છે. બીજી ભાષાઓમાં પણ એવું જ છે. જ્ઞાનનો આટલો બધો ફેલાવો હોવા છતાં માણસનું માથું ખાલી ખોખું કેમ રહ્યું છે? કોઈ કહે છે, યાદદાસ્ત ઘટી છે. કોઈ કહે છે, એકાગ્રતા થઈ શકતી નથી. કોઈ કહે છે, જે જે વાંચીએ છીએ તે બધું જ સાચું લાગે છે. અને કોઈ વળી કહે છે, વિચાર કરવાનો વખત જ રહેતો નથી. શ્રીકૃષ્ણ કહે છે, અરે અર્જુન, તરેહતરેહની વાત સાંભળીને ગોટાળે ચડેલી તારી બુદ્ધિ સ્થિર થયા વગર યોગ તને હાથ લાગવાનો નથી. સાંભળવાનું ને વાંચવાનું પતાવીને હવે સંતોને શરણે જા. ત્યાં જીવનનો ગ્રંથ તને વાંચવાનો મળશે. ત્યાંનું મૂંગું પ્રવચન સાંભળી તું છિન્નસંશય થશે. એકધારાં સેવાનાં કર્મો કરતા રહેવા છતાં અત્યંત શાંત કેમ રહેવું, બહારનાં કર્મોનું ઝાઝું જોર હોવા છતાં હૃદયમાં અખંડ સંગીતની સિતાર કેમ મેળવવી એ ત્યાં જવાથી સમજાશે.



# પાંચમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી ભગવાન બોલ્યા : ‘હે દેવી ! હવે સર્વજનો વડે સન્માનિત પાંચમા અધ્યાયનું માહાત્મ્ય કહું છું તે ધ્યાન દઈને સાંભળો.

મદ્રદેશમાં પુરુકુત્સપુર નામે એક નગર છે. તેમાં પિંગલ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે સર્વથા નિષ્કલંક વેદપાઠી બ્રાહ્મણોના પ્રસિદ્ધ વંશમાં જન્મ્યો હતો. તેણે પોતાના કુળને યોગ્ય વેદ-શાસ્ત્રોના સ્વાધ્યાયનો ત્યાગ કરી ઢોલ નરઘાં વગાડી નાચ-ગાનમાં મન લગાવ્યું. ગીત, નૃત્ય અને વાજિંત્રો વગાડવાની કલામાં પરિશ્રમ કરી પિંગલે ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી અને તેના દ્વારા તે રાજભવન સુધી પહોંચી શક્યો હતો. હવે તે રાજાની સાથે રહેવા લાગ્યો અને પરાયી સ્ત્રીઓ સાથે ભોગ-વિલાસમાં રહેવા લાગ્યો. તેનું ચિત્ત સ્ત્રીઓમાં જ રમતું હતું. ધીરે ધીરે અભિમાન વધવાથી ઉચ્છૃંખલ થઈ તે એકાંતમાં રાજા આગળ બીજાઓના દોષ વર્ણવતો. પિંગલને એક સ્ત્રી હતી જેનું નામ

અરુણા હતું. તે નીચ કુલમાં જન્મેલી હતી અને કામી પુરુષો સાથે વિહાર કરવાની ઈચ્છાથી હંમેશાં આવા પુરુષોની શોધમાં રહેતી હતી. તેણે પતિને પોતાના માર્ગનો કાંટો સમજી એક દિવસ અડધી રાત્રે તેનું માથું કાપી મારી નાખ્યો. તેની લાશ જમીનમાં દાટી દીધી. આ રીતે પ્રાણમુક્ત થઈ પિંગલ યમલોક પહોંચ્યો અને ભીષણ નરકને ભોગવી નિર્જન વનમાં ગીધ થયો.

અરુણા પણ ભગંદર રોગથી પીડિત થઈ સુંદર શરીરનો ત્યાગ કરી ઘોર નરક ભોગવ્યા બાદ તે જ વનમાં મેના થઈ. એક દિવસ તે દાણા ચણવા માટે આમ તેમ ઊડતી હતી ત્યાં પેલા ગીધે પૂર્વજન્મના વેરને લીધે તેને પોતાના તીવ્ર નખોથી ચીરી નાખી. મેના ઘાયલ થઈ પાણીથી ભરેલી માનવ-ખોપડીમાં પડી. ગીધે ફરીથી તેની ઉપર ઝાપટ મારી. એટલામાં જાળ પાથરનાર શિકારીએ તેને બાણથી વીંધી નાખ્યું. તેના પૂર્વજન્મની પત્ની મેના તે ખોપડીના પાણીમાં મરણ પામી હતી. પછી તે ક્રૂર પક્ષી પણ તેમાં જ પડી ડૂબી ગયું. ત્યારે યમદૂતો તે બંનેને યમલોકમાં લઈ ગયા. ત્યાં પોતાનાં પહેલાનાં પાપોને યાદ કરી બંને ભયભીત થઈ રહ્યાં હતાં. તે પછી યમરાજે જ્યારે તેમનાં ઘૃણિત કર્મો ઉપર દૃષ્ટિપાત કર્યો ત્યારે તેમને ખબર પડી કે મૃત્યુ વખતે અકસ્માત્ ખોપડીના જળમાં સ્નાન કરવાથી બંનેનાં પાપો નષ્ટ થઈ ચૂક્યાં છે. ત્યારે યમરાજે તે બંનેને ઈચ્છિત લોકમાં જવાની આજ્ઞા કરી.



આ સાંભળી પોતાનાં પાપોને યાદ કરતાં તેઓ બંને ઘણા આશ્ચર્યમાં પડ્યાં અને ધર્મરાજ પાસે જઈ તેમનાં ચરણોમાં વંદન કરી પૂછ્વા લાગ્યાં :

'હે ભગવન્ ! અમે બંનેએ પૂર્વજન્મમાં અત્યંત ઘૃણિત પાપો કર્યાં છે. પછી અમને મનોવાંછિત લોકમાં મોકલવાનું શું કારણ? કૃપા કરી જણાવો.'

યમરાજ બોલ્યા : 'ગંગાના કિનારે વટ નામના એક ઉત્તમ બ્રહ્મજ્ઞાની રહેતા હતા. તેઓ એકાંતવાસ કરનારા, મમતારહિત, શાંત, વિરકત અને કોઈની સાથે દ્વેષ ન રાખનારા હતા. દરરોજ ગીતાના પાંચમા અધ્યાયનો પાઠ કરવાનો તેમનો નિયમ હતો. પાંચમો અધ્યાય સાંભળીને પણ મહાપાપી પુરુષ પણ સનાતન બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે જ પુણ્યના પ્રભાવથી શુદ્ધચિત્ત થઈ તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. ગીતાના પાઠથી તેમની કાયા નિર્મળ બની હતી. તેઓ આત્મજ્ઞાન મેળવી ચૂક્યા હતા. તે જ મહાત્માની ખોપડીનું પાણી લાગવાથી તમે બંને જણાં પવિત્ર થઈ ગયાં. માટે હવે તમે મનોવાંછિત લોકમાં જાઓ. કારણ કે ગીતાના પાંચમા અધ્યાયના માહાત્મ્યથી તમે બંને શુદ્ધ થઈ ગયાં છો.'

શ્રી ભગવાન બોલ્યા : સર્વ પ્રત્યે સમાનભાવ રાખનાર ધર્મરાજ વડે આ રીતે સમજાવતાં તેઓ બંને ખુબ જ પ્રસન્ન થયાં અને વિમાનમાં બેસી વૈકુંઠધામ તરફ ગયાં.

## પંચમ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ ।**
**યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ॥૧॥**

અર્જુન બોલ્યા : હે કૃષ્ણ ! તમે એક બાજુ કર્મોના સંન્યાસની અને વળી બીજી બાજુ કર્મયોગની પ્રશંસા કરો છો, તો આ બન્નેમાંથી જે એક મારા માટે ચોક્કસપણે કલ્યાણકારી સાધન હોય, તે કહો. ॥૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।**
**તયોસ્તુ કર્મસંન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે ॥૨॥**

શ્રીભગવાન બોલ્યા : કર્મસંન્યાસ (મન, ઈન્દ્રિયો અને શરીર દ્વારા થનારાં સઘળાં કર્મોમાં કર્તાપણાનો ત્યાગ.) અને કર્મયોગ (સમત્વબુદ્ધિથી ભગવદર્થે કર્મો કરવાં.) આ બેય પરમ કલ્યાણ કરનારાં છે, પરંતુ એ બન્નેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ સાધનમાં સુગમ હોવાથી શ્રેષ્ઠ છે. ॥૨॥



**જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ ।**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥૩॥**

હે મહાબાહો ! જે માણસ ન તો કોઈનોય દ્વેષ કરે છે કે ન તો કશાયની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે, કેમકે રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વો વિનાનો માણસ સુખપૂર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. ॥૩॥

**સાઙ્ખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદન્તિ ન પણ્ડિતાઃ ।**
**એકમપ્યાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ્ ॥૪॥**

ઉપર કહેલા સંન્યાસ અને કર્મયોગને બાળકબુદ્ધિના માણસો અલગ-અલગ ફળ આપનાર કહે છે, ડાહ્યા માણસો નહીં, કેમકે બન્નેમાંથી એકમાં પણ સમ્યક્ રીતે સ્થિત માણસ બેયના ફળસ્વરૂપ પરમાત્માને પામે છે. ॥૪॥

**યત્સાઙ્ખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।**
**એકં સાઙ્ખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૫॥**

જ્ઞાનયોગીઓ વડે જે પરમધામ પ્રાપ્ત કરાય છે, કર્મયોગીએ વડે પણ એ જ પ્રાપ્ત કરવામાં આવે છે, આથી જે માણસ જ્ઞાનયોગ અને કર્મયોગને ફળરૂપે એક જુએ છે, તે જ યથાર્થ જુએ છે. ॥૫॥

**સંન્યાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુમયોગતઃ ।**
**યોગયુક્તો મુનિર્બ્રહ્મ નચિરેણાધિગચ્છતિ ॥૬॥**

તેમ છતાં પણ હે મહાબાહો ! કર્મયોગ વિના સંન્યાસ (મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા થતાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ) પ્રાપ્ત થવો મુશ્કેલ છે, જ્યારે ભગવત્સ્વરૂપનું મનન કરનાર કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામી જાય છે. ॥૬॥

**યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેન્દ્રિયઃ ।**
**સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ॥૭॥**

જેનું મન પોતાને વશ છે, જે જિતેન્દ્રિય છે, જેનું અંતઃકરણ વિશુદ્ધ છે તથા સઘળા પ્રાણીઓના આત્માસ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવો કર્મયોગી કર્મ કરતો હોવા છતાં પણ તેનાથી લેપાતો નથી. ॥૭॥

**નૈવ કિઞ્ચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વચિત્ ।**
**પશ્યઞ્શ્રૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્ ॥૮॥**
**પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઈતિ ધારયન્ ॥૯॥**

તત્ત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, જમતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો, તેમજ આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ, 'સર્વ ઈન્દ્રિયો પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયોમાં વર્તી રહી છે' એમ સમજીને નિઃશંકપણે એમ માને કે હું કશું જ નથી કરી રહ્યો. ॥૮-૯॥



**બ્રહ્મણ્યાધાય કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ ।**
**લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવામ્ભસા ॥૧૦॥**

જે માણસ બધાં કર્મોને પરમાત્મામાં અર્પીને તેમજ આસક્તિને છોડીને કર્મ કરે છે, એ માણસ જળથી કમળનાં પાંદડાંની પેઠે પાપથી લેપાતો નથી. ॥૧૦॥

**કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ ।**
**યોગિનઃ કર્મ કુર્વન્તિ સઙ્ગં ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥૧૧॥**

કર્મયોગીઓ મમત્વભાવ રાખ્યા વિનાનાં કેવળ ઈન્દ્રિય, મન, બુદ્ધિ તેમજ શરીર દ્વારા થનારી સઘળી ક્રિયાઓમાં આસક્તિ ત્યજીને અન્તઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. ॥૧૧॥

**યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્ ।**
**અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે ॥૧૨॥**

કર્મયોગી કર્મોના ફળને ત્યજીને ભગવત્પ્રાપ્તિસ્વરૂપ શાંતિ પ્રાપ્ત કરે છે, જ્યારે સકામ માણસ કામનાની પ્રેરણાથી ફળમાં આસક્ત થઈને બંધાય છે. ॥૧૨॥

**સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી ।**
**નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન્ ॥૧૩॥**

અન્તઃકરણ જેના વશમાં છે, એવો સાંખ્યયોગનું આચરણ કરનાર મનુષ્ય કશું ન કરતો કે ન કરાવતો રહીને જ નવ દ્વારોના

શરીરરૂપી ઘરમાં સઘળાંય કર્મોને મનથી ત્યજીને આનંદપૂર્વક સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં સ્થિત રહે છે. ॥૧૩॥

**ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।**
**ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥૧૪॥**

પરમેશ્વર માણસોના ન તો કર્તાપણાને, ન કર્મોને કે ન તો કર્મફળના સંયોગને સર્જે છે, પણ સ્વભાવ અર્થાત્ ત્રિગુણમયી પ્રકૃતિ જ પ્રવર્તે છે. ॥૧૪॥

**નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥૧૫॥**

સર્વવ્યાપી પરમેશ્વર ન તો કોઈના પાપકર્મને ગ્રહણ કરે છે કે ન કોઈના શુભકર્મને, પરંતુ અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, એનાથી જ બધા અજ્ઞાની માણસો મોહ પામે છે. ॥૧૫॥

**જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ।**
**તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥૧૬॥**

પણ જેમનું એ અજ્ઞાન પરમાત્માના તત્ત્વજ્ઞાન વડે નષ્ટ કરી નાખવામાં આવ્યું છે, એમનું એ જ્ઞાન સૂર્યની જેમ એ સચ્ચિદાનંદઘન પરમાત્માને પ્રકાશિત કરી દે છે, એટલે કે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. ॥૧૬॥

**તદ્બુદ્ધયસ્તદાત્માનસ્તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ ।**
**ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥૧૭॥**



પરમાત્મામાં જેમનું મન તદ્રૂપ થઈ રહ્યું છે, પરમાત્મામાં જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે અને સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ જેમની નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે, એવા પરમાત્મપરાયણ મનુષ્યો જ્ઞાન દ્વારા પાપરહિત થઈને અપુનરાવૃત્તિને એટલે કે પરમગતિને પામે છે. ॥૧૭॥

**વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।**
**શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥૧૮॥**

એવા જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરા અને ચાંડાળમાંયે સમાન દૃષ્ટિવાળા જ હોય છે. ॥૧૮॥

**ઈહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।**
**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૧૯॥**

જેમનું મન સમભાવમાં સ્થિત છે, તેમણે આ જીવંત અવસ્થામાં જ સકળ જીતી લીધો છે, (એટલે કે તેઓ જીવિત અવસ્થામાં જ સંસારથી મુક્ત છે.) કેમકે સચ્ચિદાનંઘન પરમાત્મા નિર્દોષ અને સમ છે, માટે તેઓ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સ્થિત છે. ॥૧૯॥

**ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।**
**સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ॥૨૦॥**

જે માણસ પ્રિયને પામીને હરખાય નહીં તેમજ અપ્રિયને

પામીને અકળાય નહીં, એ સ્થિરબુદ્ધિનો અને સંશય વિનાનો બ્રહ્મવેત્તા મનુષ્ય સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે કાયમ સ્થિત છે. ॥૨૦॥

**બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્ ।**
**સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ॥૨૧॥**

બહારના વિષયોમાં આસક્તિ વિનાના અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાનજનિત સાત્ત્વિક આનંદ છે, એને પામે છે, એ પછી એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત માણસ અક્ષય આનંદને અનુભવે છે. ॥૨૧॥

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥૨૨॥**

જે આ ઈન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો છે, તે બધા - જો કે વિષયી માણસોને સુખસ્વરૂપ ભાસે છે, તો પણ - નિઃશંકપણે દુઃખના જ હેતુ છે, વળી આદિ-અન્તવાળા એટલે કે અનિત્ય છે, માટે હે કૌન્તેય ! ડાહ્યો અને વિવેકી માણસ એમનામાં આસક્ત રહેતો નથી. ॥૨૨॥

**શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ।**
**કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥૨૩॥**

જે સાધક આ મનુષ્યશરીરમાં, દેહનો નાશ થયા પહેલાં



જ કામ-ક્રોધમાંથી ઉદ્ભવતા વેગને સહેવા સમર્થ બની જાય છે, એ જ માણસ યોગી છે અને એ જ સુખી છે. ॥૨૩॥

**યોઽન્તઃસુખોઽન્તરારામસ્તથાન્તર્જ્યોતિરેવ યઃ ।**
**સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોઽધિગચ્છતિ ॥૨૪॥**

જે માણસ અંતરાત્મામાં જ આનંદ અનુભવનારો છે, આત્મામાં જ રમાનારો છે અને જે આત્મામાં જ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનો અનુભવ કરનારો છે, એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માની સાથે ઐક્ય પામેલો સાંખ્યયોગી શાન્ત બ્રહ્મને પામે છે. ॥૨૪॥

**લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ ।**
**છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨૫॥**

જેમનાં સઘળાં પાપ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચુક્યા છે, જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં રત છે તેમજ જેમનું જિતાયેલું મન નિશ્ચળભાવે પરમાત્મામાં સ્થિત છે, એવા બ્રહ્મવેત્તા માણસો શાન્ત બ્રહ્મને પામે છે. ॥૨૫॥

**કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્ ।**
**અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥૨૬॥**

કામ-ક્રોધ વિનાના, જીતેલા, ચિત્તવાળા પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચુકેલા જ્ઞાનીજનો માટે ચારેકોર

શાન્ત પરબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે. ॥૨૬॥

**સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ ।**
**પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ ॥૨૭॥**
**યતેન્દ્રિયમનોબુદ્ધિર્મુનિર્મોક્ષપરાયણઃ ।**
**વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥૨૮॥**

બહારના વિષયભોગોનું ચિંતન કર્યા વિના તેમને બહાર જ ત્યજીને અને આંખોની દૃષ્ટિને ભ્રમરોની મધ્યમાં સ્થાપીને તથા નાસિકામાં વિચરતા પ્રાણ અને અપાન વાયુને સમ કરીને જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યાં છે, એવો જે મોક્ષપરાયણ મુનિ (પરમાત્માના સ્વરૂપનું હંમેશ ચિંતન કરનાર) ઈચ્છા, ભય અને ક્રોધ વિનાનો થઈ ગયો છે, તે સદા મુક્ત જ રહે છે. ॥૨૭-૨૮॥

**ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।**
**સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥૨૯॥**

મારો ભક્ત મને સર્વ યજ્ઞો અને તપોનો ભોગવનાર, સકળ લોકોના ઈશ્વરનોય ઈશ્વર તેમજ સઘળાં પ્રાણીઓનો સુહૃદ્ એટલે કે સ્વાર્થ વિના દયાળુ અને પ્રેમ કરનાર એવો તત્ત્વથી જાણીને શાન્તિને પામે છે. ॥૨૯॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મસંન્યાસયોગો નામ પઞ્ચમોઽધ્યાયઃ ॥૫॥

॥ કર્મસંન્યાસયોગ નામનો પાંચમો અધ્યાય સમાપ્ત ॥



# બેવડી અકર્મ અવસ્થા : યોગ અને સંન્યાસ

## મનની આરસી - બાહ્યકર્મ :

આ ચર્ચા માટે હું બત્રીસ વિચારો ટાંકુ છું.

સંસાર બહુ ભયાનક ચીજ છે. ઘણી વાર તેને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. સમુદ્રમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાય છે. સંસારનું પણ એવું જ છે. સંસાર બધે ઠેકાણે ભરેલો છે. કોઈ એક જણ ઘરબાર છોડી જાહેર કામમાં પડે છે તો ત્યાં પણ સંસાર તેના મનમાં અડ્ડો જમાવીને બેઠેલો જ હોય છે. બીજો કોઈ વળી ગુફામાં જઈ બેસે છે તો ત્યાં પણ તેની વેંતભર લંગોટીમાં સંસાર ભારોભાર ભરેલો હોય છે. પેલી લંગોટી તેની માયામમતાનું સારસર્વસ્વ થઈ બેસે છે. નાની સરખી નોટમાં જેમ હજાર રૂપિયા સમાયેલા હોય છે તેમ એ નાનકડી લંગોટીમાં પણ પાર વગરની આસક્તિ ભરેલી હોય છે. વિસ્તાર છેડો, ફેલાવો ઓછો કરો તેટલાથી સંસાર ઓછો થતો નથી. દરપચીસાંશ શું કે બેપંચમાંશ શું, બંનેનો અર્થ એક જ છે. ઘરમાં બેસો કે વનમાં બેસો, આસક્તિ કેડો છોડતી નથી, પાસે ને પાસે

રહે છે. સંસાર લેશમાત્ર ઓછો થતો નથી. બે યોગી હિમાલયની ગુફામાં જઈને બેસે છતાં ત્યાંયે એકબીજાની કીર્તિ કાને પડતાવેંત બળી ઊઠે છે. સાર્વજનિક સેવામાં પણ આવું જ જોવાનું મળે છે.

સંસાર આમ ખાઈ-પીને આપણી પાછળ પડેલો હોવાથી આપણે આપણી જાત પર સ્વધર્માચરણની મર્યાદા મૂકી હોય છતાં ત્યાંયે સંસાર છૂટતો નથી. અનેક ઊથલપાથલ કરવાનું છોડી, બીજો વિસ્તાર ઘટાડી પોતાનો સંસાર આપણે ટૂંકો કરીએ છતાં ત્યાંયે બધી માયામમતા ભરાઈ રહે છે. રાક્ષસ જેમ નાના થઈ જતા ને વળી મોટા થતા તેવું સંસારનું છે. નાના થાય કે મોટા થાય પણ આખરે રાક્ષસ તે રાક્ષસ. સંસારનું અસ્તિત્વ હવેલીમાં કે ઝૂંપડીમાં સરખું છે. સ્વધર્મનું બંધન મૂકી સંસાર પ્રમાણસરનો કરવા છતાં ત્યાંયે અનેક ઝઘડા ઊભા થયા વગર રહેતા નથી, અને તમને થઈ જાય છે કે હવે આ નથી જોઈતું. ત્યાં પણ અનેક વ્યક્તિઓ ને અનેક સંસ્થાઓ સાથે સંબંધમાં આવવું પડે છે અને તમે ત્રાસી જાઓ છો. તમને થાય છે કે આ હવે બહુ થયું. હવે નહીં જોઈએ. પણ તમારા મનની કસોટી એ વખતે થાય છે. સ્વધર્મનું આચરણ કરવા માંડવા માત્રથી અલિપ્તતા કેળવાઈ જતી નથી. કર્મનો પસારો ઘટાડ્યો એટલે ચાલો અલિપ્ત થઈ ગયા, એવું નથી.

ત્યારે અલિપ્તપણું મેળવવું કેવી રીતે? તે માટે મનોમય



પ્રયત્નની જરૂર છે. મનના સહકાર વગર કોઈ વાત પાર પડતી નથી. માબાપ કોઈક સંસ્થામાં પોતાના છોકરાને મૂકી આવે છે. ત્યાં તે પ્હો ફાટતાં ઊઠે છે. સૂર્યનમસ્કારની કસરત કરે છે, અને ચા પીતો નથી. પણ ઘેર આવી બે દિવસમાં તે એ બધું છોડી દે છે એવો અનુભવ થાય છે. માણસ કંઈ માટીનો પિંડો નથી. જે ઘાટ તેના મનને આપવા ધારો તે તેના મનમાં પહેલાં ઊતરવો જોઈએ ખરો કે નહીં? મન તે ઘાટમાં બેસે નહીં તો બહારની પેલી બધી તાલીમ નકામી ગઈ એમ કહેવું જોઈએ. એટલા સારુ સાધનામાં માનસિક સહકારની ખૂબ જરૂર રહે છે.

સાધના માટે બાહ્ય સ્વધર્માચરણ અને અંદરથી મનનું વિકર્મ બંને જોઈએ. બાહ્ય કર્મની પણ જરૂર છે. કર્મ કર્યા વગર મનની પરીક્ષા થતી નથી. સવારના પ્રશાંત પહોરે આપણું મન અત્યંત શાંત હોય એમ લાગે છે. પણ છોકરું જરા રડ્યું કે પછી મનની એ શાંતિની ઊંડાઈ કેટલી તે પરખાઈ જશે. બાહ્ય કર્મો ટાળવાથી કશો અર્થ સરતો નથી. બાહ્ય કર્મોમાં આપણા મનનું સ્વરૂપ ખુલ્લું થાય છે. ખાબોચિયાનું પાણી ઉપરથી નિર્મળ દેખાય છે.પણ અંદર પથરો નાખો. નાખતાવેંત ગંદવાડ ઉપર તરી આવશે. આપણા મનનું પણ એવું છે. મનના અંતઃસરોવરમાં ઢગલેઢગલા ગંદવાડ ઉઘાડો દેખાઈ આવે છે. આપણે કહીએ છીએ કે ફલાણાને ગુસ્સો આવ્યો. એ ગુસ્સો શું બહારથી આવ્યો?

તે મૂળે અંદર જ હતો.મનમાં ન હોત તો બહાર દેખાત ક્યાંથી?

લોકો કહે છે કે, ''અમારે સફેદ ખાદી નથી જોઈતી. તે મેલી થાય છે. રંગીન ખાદી મેલી નથી થતી.'' રંગીન પણ મેલી થાય છે પણ તેવી દેખાતી નથી. ધોળી ખાદી મેલી થયેલી વરતાઈ આવે છે. તે બોલે છે, 'હું મેલી થઈ છું. મને ધુઓ.' આવી આ બોલકી ખાદી માણસને ગમતી નથી. એવી જ રીતે આપણું કર્મ પણ બોલે છે. તમે મિજાજી હો કે સ્વાર્થી હો કે બીજું ગમે તે હો, તે બધુંયે તમારું કર્મ ખુલ્લું કરી દેખાડે છે. કર્મ આપણું અસલ સ્વરૂપ દેખાડનારી આરસી છે. એ સારુ કર્મનો આભાર માનવો જોઈએ. આરસીમાં મોઢું મેલું દેખાય, તેથી શું આપણે આરસી ફોડી નાખીશું? ના, ઊલટું તે આરસીનો આભાર માનીશું. પછી મોઢું ચોખ્ખું કરી પાછું તેમાં જોઈશું. તે પ્રમાણે આપણા મનમાંનો મેલ કર્મ વડે બહાર આવે છે, તેથી શું તને ટાળવાનું હોય? એ કર્મ ટાળવાથી, તેનાથી અળગા રહેવાથી મન નિર્મળ થવાનું છે? એથી કર્મ કરતા રહેવું જોઈએ અને નિર્મળ થાય તે માટેની કોશિશમાં મંડ્યા રહેવું જોઈએ.

કોઈક માણસ ગુફામાં જઈને બેસે છે. ત્યાં તેને કોઈનાયે સંબંધમાં આવવું પડતું નથી. તેને થાય છે, ચાલો આપણે તદ્દન શાંતમતિ થયા. એને ગુફા છોડી કોઈક ઘેર ભિક્ષા માગવાને જવા દો, પછી જુઓ શું થાય છે તે. ત્યાં એકાદ રમતિયાળ છોકરું



બારણાની સાંકળ ખખડાવીને રમે છે. તે બાળબ્રહ્મ નાદબ્રહ્મમાં લીન છે. પણ એ નિષ્કામ બાળકની સાંકળ ખખડાવવાની ક્રિયા પેલા યોગીથી સહેવાતી નથી. તે કહે છે, આ છોકરો કેવી ગરબડ મચાવે છે ! ગુફામાં રહીને તેણે પોતાનું મન એટલું બધું નબળું પાડી દીધું છે કે જરા સરખો ધક્કો તેનાથી સહેવાતો નથી. જરા સાંકળ ખખડી કે ખલાસ, તેની શાંતિની બેઠક તૂટી જાય છે. આવી દૂબળી સ્થિતિ કંઈ સારી નથી.

ટૂંકમાં, આપણા મનનું સ્વરૂપ સમજાય તે સારુ કર્મ ઘણું ઉપયોગી છે. દોષ દેખાય તો તેને કાઢવાનું બની શકે. દોષ માલૂમ ન પડે તો પ્રગતિ અટકી જાય, વિકાસ થંભી જાય. કર્મ કરતાં કરતાં દોષ દેખાશે. તેમને કાઢવાને વિકર્મની યોજના કરવી. અંદર આવી વિકર્મની કોશિશ કરતાં દોષ દેખાશે. તેમને કાઢવાને વિકર્મની સ્વધર્મનું આચરણ કરતાં કરતાં અલિપ્ત કેમ રહેવું. કામક્રોધાતીત લોભમોહાતીત કેમ થવું એ બધું સમજાશે ને આવડશે. કર્મ નિર્મળ કરવાના એકધારા પ્રયાસમાં મંડ્યા રહેવાથી પછી તમારે હાથે નિર્મળ કર્મ સહેજે થવા માંડશે. નિર્વિકાર કર્મ આપમેળે સહજપણે થવા માંડશે એટલે પછી કર્મ ક્યારે થયું તેનો ખ્યાલ સરખો નહીં રહે, કર્મ સહજ થવાથી તેનું અકર્મ બને છે. સહજ કર્મને જ અકર્મ કહે છે, એ આપણે ચોથા અધ્યાયમાં જોયું. કર્મનું અકર્મ કેવી રીતે બને છે તે વાત સંતોના ચરણ સેવવાથી

સમજાય છે, એમ પણ ભગવાને ચોથા અધ્યાયને છેડે કહ્યું. આ અકર્માવસ્થાનું વર્ણન કરવાને વાણી અધૂરી પડે છે.

## અકર્મ દશાનું સ્વરૂપ

કર્મની સહજતા સમજવાને માટે એક જાણીતો દાખલો લઈએ. નાનું છોકરું પહેલવહેલું ચાલતાં શીખે છે, તે વખતે તેનું કેટલું કષ્ટ પડે છે ! તે ચાલે છે તેનું આપણે પણ કૌતુક કરીએ છીએ. આપણે કહીએ છીએ કે ભાઈ ચાલતો થયો! પણ પછી તેનું ચાલવાનું સહજ થઈ જાય છે. એક તરફ ચાલે છે ને સાથે બીજી તરફથી વાતો કરતો જાય છે. ચાલવા તરફ તેને ધ્યાન સરખું રાખવું પડતું નથી. એવું જ ખાવાનું છે. નાના છોકરાને માટે આપણે પહેલું ખાતાં શીખવવાને અબોટણું એટલે અન્નપ્રાશન નામનો સંસ્કાર પણ કરીએ છીએ. કેમ જાણે ખાવાનું એ કોઈ મોટું કામ ન હોય ! પણ પછી એ ખાવાની ક્રિયા સહજ કર્મ બની જાય છે. માણસ તરતાં શીખે છે ત્યારે તેને કેટલી મહેનત પડે છે? શરૂઆતમાં તરતાં તરતાં તે થાકી જાય છે. પણ પાછળથી બીજી મહેનત કરીને થાકે છે ત્યારે કહે છે, ચાલો જરા તરવા જઈએ તો થાક ઊતરશે ને સારું લાગશે. પછી તે તરવાનું કાર્ય મહેનતનું લાગતું નથી. શરીર સહેજે પાણી પર તરે છે. થાકવાનો ધર્મ મનનો છે. મન જે તે કામમાં ગૂંથાયેલું હોય ત્યારે તેનો થાક ચડે છે. પણ કર્મો સહજ થવા લાગે છે ત્યારે તેનો ભાર લાગતો



નથી. કર્મ જાણે કે અકર્મ બને છે. કર્મ આનંદમય બની જાય છે.

કર્મનું અકર્મ બને એ આપણું ધ્યેય છે. એ ધ્યેય હાંસલ કરવાને સારુ સ્વધર્માચરણરૂપી કર્મ કરવાનાં હોય છે. એ કર્મ કરતાં કરતાં દોષ દેખાય તે દૂર કરવાને વિકર્મને વળગી રહેવાનું છે. અને આવો અભ્યાસ પાડતાં પાડતાં મનની એક એવી બેઠક બંધાઈ જાય છે કે કર્મનો જરા સરખો ત્રાસ પડતો નથી. આપણે હાથે હજારો કર્મો થાય છતાં મન નિર્મળ, શાંત રહે છે. તમે આકાશને પૂછો, અરે ભાઈ આકાશ ! તું તડકાથી ચીમળાઈ જતું હશે, વરસાદમાં પલળી જતું હશે. ઠંડીમાં ઠરીને શિંગડું થઈ જતું હશે ! આકાશ શું કહેશે ? તે કહેશે, 'મને શું શું થતું હશે તે તમે જ નક્કી કરો. મને કશી ખબર નથી.'

આખી વાતનો ભાવાર્થ એટલો કે સ્વધર્માચરણનાં કર્મો વિકર્મની સહાયથી નિર્વિકાર કરવાની ટેવ કેળવાતાં કેળવાતાં તે બધાં સ્વાભાવિક થઈ જાય છે. મોટા મોટા પ્રસંગો પણ પછી કઠણ લાગતા નથી. કર્મયોગની આવી આ કૂંચી છે. કૂંચી નહીં હોય તો તાળું તોડતાં હાથે ફોલ્લા ઊઠ્યા વગર નહીં રહે. પણ કૂંચી જડી કે એક ક્ષણમાં કામ ખલાસ ! કર્મયોગની આ કૂંચીને લીધે બધાં કર્મો નિરુપદ્રવી લાગે છે. આ કૂંચી મનને જીતવાથી મળે છે. મનોજયને સારુ એકધારી ને ચીવટથી કોશિશ કરવી જોઈએ. કર્મ આચરતાં આચરતાં મનના જે મેલ દેખાય તે બધા

ધોઈ કાઢવાના પ્રયત્નમાં મંડ્યા રહેવું જોઈએ. એ પછી બાહ્ય કર્મો ત્રાસરૂપ લાગતાં નથી. કર્મનો અહંકાર ખુદ નાબૂદ થાય છે. કામક્રોધના વેગ નાશ પામે છે. કલેશનો ખ્યાલ સરખો રહેતો નથી. અરે, ખુદ કર્મ કર્યાનો ખ્યાલ પણ બાકી રહેતો નથી.

એક વાર મને એક ભલા માણસે કાગળ લખ્યો કે, અમુક આટલા રામનામના જપ કરવાના છે. તમે પણ તેમાં ભાગ લેજો અને રોજ કેટલા જપ કરશો તે જણાવજો. તે ભાઈ પોતાની સમજ મુજબ આ બધી મહેનત કરતા હતા. હું આ તેનો દોષ કાઢવાને નથી કહેતો, પણ રામનામ કંઈ ગણવાની ચીજ નથી. મા પોતાના બાળકની સેવા કરે છે. તે શું તેનો રિપોર્ટ પ્રસિદ્ધ કરે છે? રિપોર્ટ પ્રસિદ્ધ કરે તો 'થેંક યૂ' કહીને તેના ઋણમાંથી તાબડતોબ છૂટા થવાય. પણ મા પોતાની સેવાનો રિપોર્ટ આપતી નથી. તે કહે છે, મેં શું કર્યું? મેં કંઈ કર્યું નથી. મેં કર્યું તેનો શું મને કંઈ ભાર લાગ્યો? વિકર્મની મદદથી મન પરોવીને, હૃદય રેડીને માણસ કર્મ કરે છે ત્યારે તે કર્મ જ રહેતું નથી. તે અકર્મ બને છે. પછી તેમાં કલેશ, કષ્ટ, વાંકુંચૂંકું કશું રહેતું નથી.

આવી આ સ્થિતિનું વર્ણન કર્યું કરાય તેવું નથી. એ સ્થિતિની બહુ તો ઝાંખી કલ્પના આપી શકાય. સૂર્ય ઊગે છે. પણ હવે હું અંધારું દૂર કરીશ, પંખીઓને ઊડતાં કરીશ, લોકોને કામ કરવામાં પ્રવૃત્ત કરીશ, એવું બધું તેના મનમાં હોય છે ખરું



કે? તે ઊગે છે ને ત્યાં સામો આવીને ઊભો રહે છે. તેનું એ અસ્તિત્વ વિશ્વને ચાલના આપે છે. પણ સૂર્યને તેનું ભાન સરખું નથી. તમે સૂર્યને કહેશો કે, "અરે સૂરજ, તારા ઉપકારનો પાર નથી. તેં કેટલું બધું અંધારું દૂર કર્યું?" તો તેથી સૂર્ય મૂંઝાશે. તે કહેશે, "ચપટીભર અંધારું મને લાવીને બતાવો. પછી તેટલું જો હું દુર કરી શકું તો કહું કે એમાં મેં કંઈક કર્યું છે." અંધારાને સૂર્યની પાસે લઈ જઈ શકાય ખરું કે? સૂર્યની હયાતીથી અંધારું દૂર થતું હશે, તેના અજવાળામાં કોઈ સદ્‌ગ્રંથ વાંચતા હશે તો બીજા વળી કોઈ અસદ્‌ગ્રંથ પણ વાંચતા હશે, કોઈ આગ લગાડતા હશે તો બીજા કોઈ વળી પરોપકારનાં કામો કરતાં હશે. પણ એ બધાં પાપ-પુણ્યની જવાબદારી સૂરજની નથી. પ્રકાશ મારો સહજ ધર્મ છે. મારી પાસે પ્રકાશ નહીં હોય, તો બીજું શું હોય? હું પ્રકાશ આપું છું તેની મને ખબર નથી. મારું હોવું તેનું જ નામ પ્રકાશ છે. પ્રકાશ આપવાની ક્રિયાની મહેનત મેં જાણી નથી. હું કંઈક કરું છું, એમ મને લાગતું નથી.

સૂર્યનું આ પ્રકાશ આપવાપણું સ્વાભાવિક છે તેવું જ સંતોનું છે. તેમનું જીવવું એ જ પ્રકાશ આપવાપણું છે. તમે જ્ઞાની પુરુષને જઈને કહેશો કે, તમે મહાત્મા, સત્યવાદી છો, તો તે કહેશે, 'હું સત્યથી ન ચાલું તો બીજું શું કરું? હું વિશેષ શું કરું છું?' જ્ઞાની પુરુષમાં અસત્યપણું સંભવતું જ નથી.

અકર્મની આ આવી ભૂમિકા છે. સાધન એટલાં નૈસર્ગિક તેમ જ સ્વાભાવિક બની જાય છે કે તે નીપજ્યાં ને ગયાં એનો ખ્યાલ પણ રહેતો નથી. ઈન્દ્રિયોને એવું સહજ વલણ પડી જાય છે. 'सहज बोलणे हित उपदेश'- જે સહેજે બોલે તે હિતોપદેશ. એવું બને છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે કર્મ અકર્મ બને છે. જ્ઞાની પુરુષને સત્કર્મો સહજ થઈ જાય છે. કલબલ કલબલ કરવું એ પંખીઓનો સહજ ધર્મ છે, માની યાદ આવવી એ બચ્ચાંનો સહજ ધર્મ છે, તે જ પ્રમાણે ઈશ્વરનું સ્મરણ થવું એ સંતોનો ફરજ ધર્મ બની જાય છે. પરોઢિયે કૂકડે કૂક કરવાનો કૂકડાનો સહજ ધર્મ છે. સ્વરોની સમજ આપતાં ભગવાન પાણિનિએ કૂકડાના બોલવાનો દાખલો આપ્યો છે. પાણિનિના જમાનાથી આજ સુધી કૂકડો પરોઢિયે બોલતો આવ્યો છે તેટલા સારુ તેને શું કોઈએ માનપત્ર આપ્યું છે? કૂકડાનો એ સહજ ધર્મ છે. તેવી જ રીતે સાચું બોલવું, ભૂત માત્ર પર દયા રાખવી, કોઈની ખામી ન જોવી, સર્વની સેવા ચાકરી કરવી વગેરે સત્પુરુષનું કર્મ સહજ ચાલ્યા કરે છે. તે કર્યા વગર તેનાથી જિવાશે નહીં. કોઈ જમે તેટલા સારુ આપણે તેનું ગૌરવ કરીએ છીએ કે? ખાવું, પીવું, ઊંઘવું એ બધાં સંસારી માણસોનાં સહજ ધર્મો છે. તેવાં જ સેવાકર્મો જ્ઞાનીનાં સહજ કર્મો છે. ઉપકાર કરવાનો તેનો સ્વભાવ થઈ જાય છે. હું ઉપકાર નહીં કરું. એવું તે કહે તો



પણ એ તેના માટે અશક્ય છે. એવા જ્ઞાની પુરુષનું એ કર્મ અકર્મ દશાએ પહોંચ્યું છે એમ સમજવું. આ દશાને જ 'સંન્યાસ' એવી અત્યંત પવિત્ર પદવી આપવામાં આવી છે. સંન્યાસ આવી પરમ ધન્ય અકર્મ સ્થિતિ છે. એ દશાને જ કર્મયોગ પણ કહેવો. કર્મ કરવાનું ચાલુ હોય છે માટે તે યોગ છે પણ કરવા છતાં કરું છું એમ કરનારને લાગતું નથી એટલે તે સંન્યાસ છે. તે કંઈક એવી તરકીબથી કર્મ કરે છે કે તેનાથી તે લેપાતો નથી, માટે તે યોગ છે અને કરવા છતાં તેણે કંઈ કર્યું ન હોવાથી તે સંન્યાસ છે.

## અકર્મની એક બાજુ - સંન્યાસ

સંન્યાસની કલ્પના શી છે? કેટલાંક કર્મો કરવાનાં છોડી દેવાં ને કેટલાંક કર્મો કરવાં, એવી એ કલ્પના છે કે? સંન્યાસનો ખ્યાલ એવો નથી. સંન્યાસની વ્યાખ્યા મૂળમાં એવી છે કે બધાં કર્મો છોડી દેવાં. સર્વ કર્મોમાંથી મુક્ત થવું. કર્મો બિલકુલ ન કરવાં તેનું નામ સંન્યાસ છે. પણ કર્મ ન કરવું એટલે શું? કર્મ બહુ ચમત્કારિક છે. સર્વકર્મસંન્યાસ થાય કેવી રીતે? આગળ-પાછળ સર્વત્ર કર્મ વ્યાપીને રહેલું છે. અરે! બેસી રહો તો પણ તે એક ક્રિયા થઈ. બેસવું એ ક્રિયાપદ છે. કેવળ વ્યાકરણની દૃષ્ટિથી એ ક્રિયા છે એવું નથી, સૃષ્ટિશાસ્ત્રમાં પણ બેસવું એ ક્રિયા જ છે. બેઠાં બેઠાં જાંઘ દુખવા માંડે છે. બેસવામાં પણ મહેનત છે. ન કરવું એ સુધ્ધાં ક્રિયા ઠરે છે ત્યાં કર્મસંન્યાસ થાય કેવી રીતે?

ભગવાને અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું. ચારે બાજુ ફેલાઈ રહેલા વિશ્વરૂપને જોઈ અર્જુન બી ગયો. ગભરાટના માર્યા તેણે આંખ મીંચી દીધી. પણ આંખ બંધ કરીને જુએ છે તો અંદર દેખાવા લાગ્યું. આંખ બંધ કરવા છતાં જે દેખાય ? તેનાથી અળગા રહેવું કેવી રીતે? ન કરવાથી પણ જે થઈને ઊભું રહે છે તેને ટાળવું કેમ?

એક માણસની વાત છે. તેની પાસે સોનાના મોટા મોટા કીમતી દાગીના હતા. તે બધા તેને એક મોટી પેટીમાં બંધ કરીને રાખવા હતા. નોકર એક ખાસી મોટી લોઢાની પેટી કરાવી લાવ્યો. તે જોઈને દાગીનાના ધણીએ કહ્યું, કેવો મૂરખો છે! અરે ડફોળ, તને સૌંદર્યનો કંઈ ખ્યાલ છે કે નહીં? આવા સુંદર કીમતી દાગીના તે આવી ભૂંડી લોઢાની પેટીમાં મૂકવાના હોય? જા, મજાની સોનાની પેટી કરાવી લાવ. સોનાની પેટીને સોનાનું તાળું જ શોભે. પેલો ભાઈ દાગીના સંતાડવા ગયો, સોનું ઢાંકવા ગયો. પણ તે સોનું ઢંકાયું કે ઉઘાડું પડ્યું? ચોરને દાગીના શોધવાની માથાફોડ જ રહી નહીં !પેટી જ આખી ઉઠાકી કે કામ પત્યું. સારાંશ કે કર્મ ન કરવું એ પણ કર્મનો જ એક પ્રકાર છે. આવું ને આટલું જે વ્યાપક કર્મ, તેનો સંન્યાસ કઈ રીતે થાય?

આવા આ કર્મનો સંન્યાસ કરવાની રીત જ એ છે કે જેટલાં જેટલાં કર્મો કરવાનાં હોય તે બધાંયે કરતા રહેવા છતાં તે બધાં



ખરી જાય એવી તરકીબ સાધવી. એવું થાય ત્યારે જ સંન્યાસ સધાયો જાણવો. કર્મો કરવા છતાં તે બધાંયે ખરી જાય, એ વાત કોના જેવી છે? સૂર્યના જેવી છે. સૂર્ય રાત ને દિવસ કર્મમાં મંડ્યો રહે છે. રાત્રે પણ તેનું કર્મ ચાલુ હોય છે. તેનો પ્રકાશ બીજા ગોળાર્ધમાં પોતાનું કામ કરે છે. પણ આટલાં બધાં કર્મો કરતો હોવા છતાં તે કંઈ જ કરતો નથી એમ પણ કહી શકાય. એથી તો ચોથા અધ્યાયમાં ભગવાન કહે છે, ‘‘મેં આ યોગ પહેલાં સૂર્યને બતાવ્યો. અને પછી વિચાર કરનારો, મનન કરનારો મનુ સૂર્ય પાસેથી તે યોગ શીખ્યો.’’ ચોવીસે કલાક કર્મ કરવામાં મંડ્યો રહેવા છતાં સૂર્ય લેશમાત્ર કર્મ આચરતો નથી. ખરેખર આ સ્થિતિ અદ્‌ભુત છે, એમાં જરાયે શક નથી.

## અકર્મની બીજી બાજુ - યોગ

પણ સંન્યાસનો આ માત્ર એક પ્રકાર થયો. સંન્યાસી કર્મ કરવા છતાં કરતો નથી એવી સ્થિતિનું જેમ વર્ણન કર્યું તેવો તેનો બીજો પ્રકાર પણ છે. તે કોઈ પણ કર્મ કરતો નથી. છતાં આખી દુનિયા પાસે કર્મ કરાવે છે. એ તેની બીજી બાજુ છે. તેનામાં પાર વગરની પ્રેરક શક્તિ છે. અકર્મની એ જ ખૂબી છે. અનંત કાર્યને સારુ જરૂરી શક્તિ અકર્મમાં ભરેલી હોય છે. વરાળનું એવું નથી કે? વરાળને પૂરી રાખો તો પ્રચંડ કામ કરે છે. એ પૂરી રાખેલી વરાળમાં અપરંપાર શક્તિ પેદા થાય છે. મોટી મોટી આગગાડી

તે સહેજે રમતમાં ખેંચી જાય છે. સૂર્યનું પણ એવું જ છે. તે લેશમાત્ર કર્મ કરતો નથી. અને છતાં ચોવીસે કલાક કાર્યમાં મંડ્યો રહે છે. તેને પૂછશો તો તે કહેશે કે, 'હું કંઈ કરતો નથી.' રાત ને દિવસ કર્મ કરવા છતાં કંઈ ન કરવું એ જેવી સૂર્યની એક રીત છે, તેવી જ કશું ન કરવા છતાં રાતદિવસ અનંત કર્મો કરવાં એ બીજી રીત છે. સંન્યાસનાં આવાં બે પાસાં છે.

બંને અસામાન્ય છે. એક પ્રકારમાં કર્મ ખુલ્લું દેખાય છે અને અકર્માવસ્થા ગુપ્ત હોય છે. બીજામાં અકર્માવસ્થા ખુલ્લી દેખાય છે, પણ તેને લીધે અનંત કર્મોનો વહેવાર ચાલે છે. આ અવસ્થામાં અકર્મમાં કર્મ ઠાંસીને ભરેલું હોવાથી પ્રચંડ કાર્ય પાર પાડે છે. જેને આવી અવસ્થા સિદ્ધ થઈ હોય તેની અને આળસુ માણસની વચ્ચે બહુ મોટો ફેર છે. આળસુ માણસ થાકી જશે, કંટાળી જશે. આ અકર્મમાં સંન્યાસી કર્મશક્તિને પૂરી રાખે છે. જરા સરખું કર્મ તે આચરતો નથી હાથપગ કે ઈન્દ્રિયો વડે તે કંઈ કર્મ કરતો નથી પણ કશું ન કરવા છતાં તે અનંત કર્મો કરે છે.

કોઈ માણસ ગુસ્સે થાય છે. આપણી ભૂલને લીધે તે ગુસ્સે થયો હોય તો આપણે તેની પાસે જઈએ છીએ, પણ તે બોલવાનું જ બંધ કરે છે. તેના ન બોલવાની, તેના એ કર્મત્યાગની કેટલી બધી અસર થાય છે ! તેની જગ્યાએ બીજો હશે તે તડફડ બોલી નાખશે. બંને ગુસ્સે થયેલા છે. પણ એક મૂંગો રહે છે ને બીજો



બોલે છે. બંને ગુસ્સો બતાવવાની રીત છે. ન બોલવું એ પણ ગુસ્સે થવાની રીત છે. એ રીતે પણ કામ થાય છે. બાપ કે મા છોકરાં સાથે બોલવાનું બંધ કરે છે ત્યારે કેટલી ભારે અસર થાય છે! બોલવાનું એ કર્મ છોડી દેવું, તે કર્મ ન કરવું, એથી પ્રત્યક્ષ કર્મ કર્યું હોત તોયે ન નીપજે એટલી બધી અસર નીપજે છે. એ અબોલાની જે અસર થઈ તે બોલવાની ન થઈ હોત. જ્ઞાની પુરુષનું એવું જ છે. તેનું અકર્મ, તેનુ શાંત રહેવું પ્રચંડ કર્મ કરે છે. પ્રચંડ સામર્થ્ય ઉત્પન્ન કરે છે. અકર્મી રહીને તે આટલું બધું કર્મ કરે છે કે તેટલું ક્રિયાથી કદી પ્રગટ ન થાત. આવો એ સંન્યાસનો બીજો પ્રકાર છે.

આવા સંન્યાસીની બધી પ્રવૃત્તિ, તેનો સર્વ ઉદ્યોગ, એક આસન પર આવીને બેસી જાય છે.

'उद्योगाची धांव बैसली आसनीं । पडिलें नारायणीं मोटळें हें
सफळ निश्चिंती झाली हा भरंवसा । नाहीं गर्भवासा येणें ऐसा
आपुलिया सत्ते नाहीं आम्हां जिणें । अभिमान तेणें नेला देवें
तुका म्हणे चळे एकाचिये सत्ते । आपुलें भी रितेपणें असें ॥'

- 'ઉદ્યોગની, પ્રવૃત્તિની બધી દોડાદોડ એક આસને થંભી ગઈ છે. આ પોટલું નારાયણમાં જઈને પડ્યું છે. બધી નિરાંત થઈ ગઈ છે ને ફરી ગર્ભવાસમાં જવાનું નતી એવો ભરોસો પડ્યો છે. હવે અમારી સત્તાથી જીવવાનું નથી. તે અભિમાન દેવે હરી

લીધું. તુકો કહે છે કે હવે બધું એક પરમાત્માની જ સત્તાથી ચાલે છે અને હું ખાલી કોથળો થઈને પડ્યો છું.'

તુકારામ મહારાજ કહે છે કે ''હવે હું મોકળો છું. કોથળો થઈને પડ્યો છું, બધી પ્રવૃત્તિ પૂરી થઈ.'' તુકારામ કોથળો થઈને પડ્યા પણ એ ખાલી કોથળામાં પ્રચંડ પ્રેરક શક્તિ છે. સૂર્ય જાતે કશા હોકારા કરતો નથી. પણ તેને જોતાંની સાથે પંખીઓ ઊડવા માંડે છે. ઘેટાંબકરાંનાં બચ્ચાં નાચવા માંડે છે, ગાયો વગડામાં ચરવાને નીકળે છે, વેપારીઓ દુકાન ઉઘાડે છે, ખેડૂતો ખેતરે જાય છે, અને એમ જગતના જાતજાતના વહેવારો ચાલુ થાય છે. સૂર્ય કેવળ હોય છે. તે હોય એટલું જ પૂરતું છે. એટલાથી જ અનંત કર્મો ચાલુ થાય છે. આ અકર્માવસ્થામાં અનંત કર્મોની પ્રેરણા ભરેલી છે. જેમાં ઠાંસીને સામર્થ્ય ભર્યું છે એવો સંન્યાસનો આ બીજો અદ્ભુત પ્રકાર છે.

## બંનેની સરખામણી, શબ્દોની પેલે પાર

પાંચમા અધ્યાયમાં સંન્યાસના બે પ્રકારની તુલના કરી છે. એકમાં કર્મ કરનારો ચોવીસે કલાક કર્મમાં મચ્યો રહે છે છતાં કશું કરતો નથી અને બીજામાં ક્ષણભર પણ કર્મ ન કરવા છતાં સર્વ કંઈ કરે છે. એક બોલવા છતાં ન બોલવાની રીત છે અને બીજી ન બોલવા છતાં બોલવાની રીત છે. આવા આ બે પ્રકારની અહીં હવે સરખામણી કરવામાં આવી છે. આ જે બે



દિવ્ય પ્રકારો છે તેમનું અવલોકન કરવામાં, તેમનો વિચાર કરવામાં, મનન કરવામાં અપૂર્વ આનંદ છે.

આ વિષય જ અપૂર્વ ને ઉદાત્ત છે. ખરેખર સંન્યાસની આ કલ્પના ઘણી પવિત્ર તેમ જ ભવ્ય છે. આ વિચાર, આ કલ્પના જેણે પહેલવહેલી શોધી કાઢી તેને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. એ કલ્પના અત્યંત ઉજ્જવળ છે. આજ સુધીમાં માણસની બુદ્ધિએ, માણસના વિચારે જે જે ઊંચા કૂદકા માર્યા છે તેમાંનો સૌથી ઊંચો કૂદકો આ સંન્યાસ સુધી પહોંચ્યો છે. એનાથી ઊંચે હજી કોઈએ કૂદકો માર્યો નથી. આવા કૂદકા મારવાનું હજીયે ચાલ્યા કરે છે. પણ વિચારનો તેમ જ અનુભવનો આવો ઊંચો કૂદકો માર્યાની મને માહિતી નથી. આ બે પ્રકારે યુક્ત એવા સંન્યાસીની માત્ર કલ્પના પણ નજર સામે લાવવામાં આનંદ, અપૂર્વ આનંદ છે. ભાષાની અને વહેવારની દુનિયામાં ઊતરવાથી એ આનંદ ઓછો થઈ જાય છે. જાણે કંઈ નીચા ઊતરી પડ્યા હોઈએ એવું લાગે છે. મારા મિત્રો સાથે આ બાબતની હું હંમેશ વાતો કરું છું. આજે કેટલાંયે વર્ષોથી આ દિવ્ય વિચારનું હું મનન કરતો આવ્યો છું. અહીં ભાષાનું સાધન અધૂરું પડે છે. શબ્દોની કક્ષામાં આ વિષય સમાય એવો નથી.

ન કરવા છતાં બધું કરવું અને બધું કરતા રહેવું છતાં લેશમાત્ર કરવું નહીં. આ કેટલી ઉદાત્ત, રસમય અને કાવ્યમય

કલ્પના છે ! આથી વધારે કાવ્ય બીજું કયું રહ્યું ? કાવ્ય કાવ્ય કહીને જેની વાતો થાય છે તે આ કાવ્યની આગળ ફિકું પડી જાય છે. આ કલ્પનાંમાં જે આનંદ, જે ઉત્સાહ, જે સ્ફૂર્તિ અને જે દિવ્યતા છે તે કોઈ પણ કાવ્યમાં નથી. આવો આ પાંચમો અધ્યાય ખૂબ જ ઊંચી એવી ભૂમિકા પર બેસાડેલો છે. ચોથા અધ્યાય સુધી કર્મ ને વિકર્મની વાત કરી અહીં ખૂબ ઊંચો કૂદકો માર્યો છે. અહીં અકર્મ અવસ્થાના બે પ્રકારોની સીધી સરખામણી કરી છે. અહીં ભાષાલથડી પડે છે. કર્મયોગી ચડે કે કર્મસંન્યાસી ચડે? કોણ કર્મ વધારે કરે છે એ કહી જ શકાતું નથી. બધું કરવું તે છતાં કશું ન કરવું, અને કશું ન કરવું તે છતાં બધુંયે કરવું, બંને યોગ જ છે. પણ સરખામણી કરવા પૂરતો એકને યોગ કહ્યો છે ને બીજાને સંન્યાસ કહ્યો છે.

## ભૂમિતિનું અને મીમાંસકોનું દૃષ્ટાંત

હવે આ બેની તુલના કેવી રીતે કરવી ? કોઈક દાખલો આપીને જ તે કરવી પડશે. દાખલા આપી વાત સમજાવતાં કંઈક નીચે ઊતર્યા જેવું લાગે છે. પણ નીચે ઊતર્યા વગર છૂટકો નથી. સાચું જોવા જઈએ તો પૂર્ણ કર્મસંન્યાસ અથવા પૂર્ણ કર્મયોગ એ બંને કલ્પનાઓ આ દેહમાં સમાઈ શકે એવી નથી. એ કલ્પનાઓ આ દેહને ફોડી નાખે એવી છે. પણ એ કલ્પનાઓની નજીકમાં નજીક પહોંચી ગયેલા મહાપુરુષોના દાખલા લઈને આપણે



આગળ ચાલવું પડશે. દાખલા મૂળ વાતના કરતાં કંઈક અધૂરા જ રહેવાના. પણ તે પૂર્ણ છે એવું ઘડીભર માની લઈએ.

ભૂમિતિમાં નથી કહેતા કે अ ब क એક ત્રિકોણ છે. એમ 'ધારો'. ધારો શા સારુ? ધારવાનું એટલા માટે કે એ ત્રિકોણમાંની રેખાઓ યથાર્થ રેખા નથી. મૂળમાં રેખાની વ્યાખ્યા જ એ છે કે તેને લંબાઈ હોય છે પણ પહોળાઈ નથી. પણ પહોળાઈ વગરની એવી લીટી પાટિયા પર દોરવી કેવી રીતે? લંબાઈની સાથે પહોળાઈ આવ્યા વગર રહે કેમ? જે રેખા દોરો તેની થોડી સરખી પહોળાઈ તો હશે જ. એથી ભૂમિતિશાસ્ત્રમાં રેખા માની લીધા વગર ચાલતું નથી. ભક્તિશાસ્ત્રમાં પણ એવું નથી કે? તેમાં પણ ભક્ત કહે છે કે આ નાનકડા શાલિગ્રામના પિંડમાં સર્વ બ્રહ્માંડનો ધણી છે એમ માનો. કોઈ પૂછે કે આ શું ગાંડપણ માંડ્યું છે? તો તેને કહો કે તારું આ ભૂમિતિનું શું ગાંડપણ છે? ખાસી જાડી પહોળી લીટી દેખાય છે ને કહે, 'આ પહોળાઈ વગરની છે એમ માનો!' એ શું ગાંડપણ લઈ બેઠા છો? સૂક્ષ્મદર્શક કાચમાંથી જોઈએ તો ખાસી અરધો ઈંચ પહોળી દેખાશે.

જેમ તમે તમારા ભૂમિતિશાસ્ત્રમાં માની લો છો તેવી જ રીતે ભક્તિશાસ્ત્ર કહે છે કે માનો, આ શાલિગ્રામમાં પરમેશ્વર છે એવું માનો. 'પરમેશ્વર તો તૂટતો નથી, ફૂટતો નથી. તમારા શાલિગ્રામના કકડા ઊડી જશે. ઉપર કરું ઘા?' એવું કોઈ કહે તો

તે વિચારવાળું નહીં કહેવાય. ભૂમિતિમાં માનો ચાલે તો ભક્તિશાસ્ત્રમાં કેમ નહીં? કહે છે, બિંદુ છે એમ માનો. પછી પાટિયા પર બિંદુ કાઢે છે. અરે, બિંદુ શાનું, ખાસું વર્તુળ હોય છે! બિંદુની વ્યાખ્યા એટલે બ્રહ્મની જ વ્યાખ્યા સમજી લેવી, બિંદુને નથી જાડાઈ, નથી લંબાઈ, નથી પહોળાઈ, કંઈ જ નથી. પણ વ્યાખ્યા આવી કર્યા પછી પાટિયા પર કાઢ્યા વગર રહેતા નથી. બિંદુ કેવળ અસ્તિત્વ માત્ર છે. તે ત્રિપરિમાણ વગરનું છે. સારાંશ, સાચી રેખા, સાચું બિંદુ વ્યાખ્યામાં જ છે. પણ આપણે માનીને ચાલવું પડે છે. આપણે પણ એવા જ કાલ્પનિક દાખલાઓ લઈ સરખામણી કરવાની છે.

મીમાંસકોએ તો વળી જબરી મજા કરી છે. ઈશ્વર ક્યાં છે, એ વાતની મીમાંસા કરતાં એ લોકોએ મજાનું વિવરણ કર્યું છે. વેદમાં ઈંદ્ર, અગ્નિ, વરુણ વગેરે દેવો છે. આ દેવોની બાબતમાં મીમાંસામાં વિચાર થાય છે ત્યારે એક સવાલ એવો પૂછવામાં આવે છે કે, ‘આ ઈંદ્ર કેવો છે, તેનું રૂપ કેવું છે અને તે રહે છે ક્યાં? મીમાંસકો જવાબ આપે છે, इंद्र શબ્દ એજ ઈંદ્રનું રૂપ. इंद्र શબ્દમાં જ તે રહે છે. इ ને તેના પર અનુસ્વાર અને પછી द्र, એ ઈંદ્રનું સ્વરૂપ છે. એ જ તેની મૂર્તિ છે, એજ પ્રમાણ છે. વરુણ દેવ કેવો? એવો જ. પહેલાં · પછી र પછી ण, વ-રુ-ણ એ વરુણનું રૂપ. એ પ્રમાણે અગ્નિ વગેરે દેવોનું સમજવું. એ સર્વ



દેવો અક્ષરરૂપધારી છે. દેવ બધાયે, અક્ષરમૂર્તિ છે એ કલ્પનામાં, એ વિચારમાં ખૂબ મીઠાશ છે. દેવ એ કલ્પના છે. એ વસ્તુ કોઈ આકારમાં સમાઈ શકે એવી નથી. તે કલ્પના બતાવવાને અક્ષર જેટલી ને જેવડી જ નિશાની પૂરતી છે. ઈશ્વર કેવો છે? તો કહે છે પહેલાં ઈ પછી ઈ અને પછી ર. પછી લ એ તો હદ કરી. લ એ એક અક્ષર એટલે જ ઈશ્વર. ઈશ્વરને એક સંજ્ઞા જ કરી આપી. આવી સંજ્ઞાઓ નિર્માણ કરવી પડે છે. મૂર્તિમાં, આકારમાં, આ વિશાળ કલ્પનાઓ માતી નથી. પણ માણસની ઈચ્છા બહુ જોરાવર છે. તે આ કલ્પનાઓને મૂર્તિમાં બેસાડવાની કોશિશ કર્યા વગર રહેતો નથી.

## સંન્યાસી અને યોગી બંને એક જ છે : શકુ-જનકની જેમ

સંન્યાસ અને યોગ એ બે બહુ જ ઊંચા કૂદકા છે. પૂર્ણ સંન્યાસ અને પૂર્ણ યોગ એ બે કલ્પનાઓ આ દેહમાં સમાય એવી નથી. દેહમાં એ ધ્યેય સમાય એવાં નહીં હોય તોયે વિચારમાં સમાય એવાં છે. પૂર્ણ યોગી ને પૂર્ણ સંન્યાસી વ્યાખ્યામાં જ રહેવાના, ધ્યેયભૂત અને અપ્રાપ્ય જ રહેવાના. પણ દાખલા લેખે એ કલ્પનાઓની નજીકમાં નજીક પહોંચેલી વ્યક્તિઓને લઈ ભૂમિતિમાં કહીએ છીએ તેમ કહીશું કે અમુકને પૂર્ણ સંન્યાસી અને અમુકને પૂર્ણ યોગી માનો. સંન્યાસીનો દાખલો આપતાં

શુક-યાજ્ઞવલ્કયનાં નામ લેવામાં આવે છે. જનક-શ્રીકૃષ્ણ એ કર્મયોગી છે એમ ખુદ ભગવદ્‌ગીતામાં કહ્યું છે. લોકમાન્યે તો ગીતારહસ્યમાં એક આખી યાદી આપી છે. 'જનક, શ્રીકૃષ્ણ વગેરે આ રસ્તે ગયા. શુક-યાજ્ઞવલ્કય વગેરે આ રસ્તે ગયા.' પણ થોડો વિચાર કરતાં માલૂમ પડશે કે પાટી પર લખેલું જેમ ભીનો હાથ ફેરવીને ભૂંસી નાખી શકાય તેમ આ યાદીઓ ભૂંસી શકાય તેવી છે. યાજ્ઞવલ્કય સંન્યાસી હતા અને જનક કર્મયોગી હતા. એટલે સંન્યાસી યાજ્ઞવલ્ક્યના શિષ્ય કર્મયોગી જનક હતા. પણ એ જ જનકના શિષ્ય શુકદેવ સંન્યાસી પાક્યા. યાજ્ઞવલ્કયના શિષ્ય જનક અને જનકના શિષ્ય શુકદેવ. સંન્યાસી-કર્મયોગી-સંન્યાસી એવી એ માળા છે. એનો અર્થ એટલો કે યોગ અને સંન્યાસ એક જ પરંપરામાં આવે છે.

શુકદેવને વ્યાસે કહ્યું, "અલ્યા શુક, તું જ્ઞાની છે. પણ ગુરુની છાપ તને મળી નથી. તું જનક પાસે જા." શુકદેવ નીકળ્યા. જનક ત્રીજે માળે દીવાનખાનામાં હતા. શુક વનના રહેનારા. તે નગર જોતા જોતા ચાલ્યા. જનકે શુકદેવને પૂછ્યું, 'કેમ આવ્યો?' શુકે કહ્યું, 'જ્ઞાન માટે.' 'કોણે મોકલ્યો?' 'વ્યાસે'. 'ક્યાંથી આવ્યો?' 'આશ્રમમાંથી.' 'આશ્રમમાંથી આવતાં આવતાં અહીં બજારમાં શું જોયું?' 'જ્યાં ત્યાં બસ એક જ ખાંડની મીઠાઈ માંડી રાખેલી જોવાની મળી.' 'બીજું શું?' 'બોલતાંચાલતાં



ખાંડનાં પૂતળાં દીઠાં.' 'પછી આગળ શું જોયું?' 'અહીં આવતાં ખાંડનાં કઠણ પગથિયાં ચડીને આવ્યો.' 'આગળ શું?' 'ખાંડનાં ચિત્રો અહીં પણ બધે જોયાં.' 'હવે શું જુએ છે?' 'એક ખાંડનું પૂતળું ખાંડના બીજા પૂતળા સાથે વાત કરે છે.' જનકે કહ્યું, 'જાઓ, તમને બધું જ્ઞાન મળી ગયું છે.' જનકની સહીનું પ્રમાણપત્ર જોઈતું હતું તે મળી ગયું. વાતનો મુદ્દો એટલો કે કર્મયોગી જનકે સંન્યાસી શુકદેવને શિષ્ય તરીકે સફળ ગણ્યા. શુકદેવ સંન્યાસી, પણ બીજી આ પ્રસંગની ખૂબી જુઓ. પરીક્ષિતને શાપ મળ્યો કે, 'તું સાત દિવસ રહીને મરી જશે.' પરીક્ષિતને મરણની તૈયારી કરવી હતી. કેમ મરવું એ બતાવનારો ગુરુ તેને જોઈતો હતો. તેણે શુકદેવની માગણી કરી. શુકદેવ આવીને બેઠા અને ૨૪૮૭=૧૬૮ કલાક સુધી એકી પલાંઠીએ બેસીને ભાગવ સંભળાવ્યું. તેમણે પોતાની પલાંઠી છોડી નહીં. એકધારી કથા કહેતા હતા. આમાં ખાસ શું છે? એટલું કે સાત દિવસ તેમની પાસેથી એકધારી મહેનત લીધી છતાં તેમને તેનો કશો ભાર લાગ્યો નહીં. સતત એકધારું કર્મ કર્યું હોવા છતાં તે કર્મ જાણે કે પોતે કરતા જ નહોતા. થાક કે મહેનતની લાગણી ત્યાં નહોતી. સારાંશ, સંન્યાસ અને કર્મયોગ જુદા છે જ નહીં.

તેથી ભગવાન કહે છે, 'एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति' સંન્યાસ અને યોગ બંનેમાં જે એકરૂપતા જોશે તે જ

સાચું રહસ્ય સમજ્યો જાણવો. એક કર્મ ન કરવાં છતાં કરે છે અને બીજો કરવા છતાં કરતો નથી. જે સાચો મહાન સંન્યાસી છે, જેની સદા સમાધિ લાગી રહી છે, જે કેવળ નિર્વિકાર છે એવો સંન્યાસી પુરુષ દસ દિવસ આપણી વચ્ચે આવીને રહે પછી શું થાય તે જોજો. તે કેટલો પ્રકાશ, કેટલી સ્ફૂર્તિ આપશે! વરસો સુધી ઢગલેઢગલા કામ કરવા છતાં જે પાર પડ્યું નહીં હોય તે તેના માત્ર દર્શનથી, તેના કેવળ અસ્તિત્વથી પાર પડશે. માત્ર ફોટો જોવાથી મનમાં પાવનતા ઉત્પન્ન થાય છે. મરણ પામેલા લોકોનાં ચિત્રોથી ભક્તિ, પ્રેમ, પવિત્રતા હૃદયમાં પેદા થાય છે, તો પછી જીવંત સંન્યાસીના દર્શનથી કેટલી બધી પ્રેરણા મળે!

સંન્યાસી અને યોગી બંને લોકસંગ્રહ કરે છે. એકનામાં બહારથી કર્મનો ત્યાગ દેખાતો હોવા છતાં એ કર્મત્યાગમાં ઠાંસીને કર્મ ભરેલું હોય છે. તેમાં પાર વગરની, અનંત સ્ફૂર્તિ ભરેલી છે. જ્ઞાની સંન્યાસી અને જ્ઞાની કર્મયોગી બંને એક જ સિંહાસન ઉપર બેસવાવાળા છે. સંજ્ઞા જુદી જુદી હોવા છતાં અર્થ એક છે. એક જ તત્ત્વના એ બે પ્રકાર છે. યંત્રનું પૈડું જોરથી ફરે છે ત્યારે તે ફરતું નહીં પણ સ્થિર ઊભું હોય એવું દેખાય છે. જે સંન્યાસી છે તેનું પણ એવું જ હોય છે. તેની શાંતિમાંથી, સ્થિરતામાંથી અનંત શક્તિ, અપાર પ્રેરણા બહાર પાડે છે. મહાવીર, બુદ્ધ, નિવૃત્તિનાથ



એ બધા એવી વિભૂતિઓ હતા. સંન્યાસીની બધી મહેનત એક આસન પર સ્થિર થયેલી હોવા છતાં તે પ્રચંડ કર્મ આચરે છે. સારાંશ, યોગી એટલે સંન્યાસી અને સંન્યાસી એટલે યોગી. બંને વચ્ચે જરા સરખો ફેર નથી. શબ્દ જુદા પણ અર્થ એક જ છે. જેમ પાણી એટલે પથ્થર અને પથ્થર એટલે પાણો, તેમ કર્મયોગી એટલે સંન્યાસી અને સંન્યાસી એટલે કર્મયોગી.

## બેમાંહી કર્મનો યોગ, કર્મ-સંન્યાસથી ચડે

આમ હોવા છતાં ભગવાને ઉપર એક ટપકું મૂકી રાખ્યું છે. સંન્યાસ કરતાં કર્મયોગ ચડિયાતો છે એમ ભગવાન કહે છે. બંને સરખા છે, તો પછી ભગવાન આમ કેમ કહે છે? આ વળી બીજી શી ગમ્મત છે? કર્મયોગને ભગવાન ચડિયાતો કહે છે ત્યારે તેઓ સાધકની દૃષ્ટિથી એમ કહે છે. જરાયે કર્મ ન કરવા છતાં સર્વ કર્મ કરવાનો પ્રકાર એકલા સિદ્ધને માટે શક્ય છે, સાધકને માટે શક્ય નથી. પણ સર્વ કર્મો કરતા રહેવા છતાં કશું ન કરવું એ પ્રકારનું થોડું સરખું અનુકરણ થઈ શકે એવું છે. પહેલો પ્રકાર સાધકને માટે પણ વત્તાઓછા પ્રમાણમાં શક્ય છે. જરાયે કર્મ ન કરવા છતાં કર્મ કેવી રીતે કરવું એ સાધકને ગૂઢ લાગશે. સમજાશે નહીં. સાધકને માટે કર્મયોગ રસ્તો છે તેમ મુકામ પણ છે, પણ સંન્યાસ મુકામ ઉપરની સ્થિતિ છે, રસ્તામાંની નથી. એથી સાધકની દૃષ્ટિએ સંન્યાસ કરતાં કર્મયોગ ચડિયાતો છે.

આ જ ન્યાયે આગળ ઉપર બારમા અધ્યાયમાં ભગવાને નિર્ગુણ કરતાં સગુણને વિશેષ માન્યું છે. સગુણમાં બધી ઈન્દ્રિયોને કામ મળી રહે છે. નિર્ગુણમાં એવું નથી. નિર્ગુણમાં હાથ નકામા, પગ નકામા, ને આંખ પણ નકામી. બધી ઈન્દ્રિયો કામ વગરની રહે છે. સાધકથી એ બની શકતું નથી, પણ સગુણમાં એવું નથી. આંખથી રૂપ નીરખી શકાય છે, કાનથી ભજનકીર્તન સાંભળી શકાય છે. હાથ વડે પૂજા થઈ શકે છે, લોકોની સેવા થઈ શકે છે અને પગ વડે તીર્થયાત્રા થાય છે. આમ બધી ઈન્દ્રિયોને કામ આપી, જેનું તેનું કામ જેની તેની પાસે કરાવતાં કરાવતાં આસ્તેઆસ્તે કેળવી તેમને હરિમય બનાવવાનું સગુણમાં બની શકે છે. પણ નિર્ગુણમાં બધુંયે બંધ, જીભ બંધ, કાન બંધ, હાથપગ બંધ, આ બધી બંધી જોઈ સાધક ગભરાઈ જાય. તેના ચિત્તમાં નિર્ગુણ ઠસે કેવી રીતે? કંઈ પણ કર્યા વગર હાથપગ જોડી બેસી રહેવા જાય તો તેના ચિત્તમાં ભળતા જ વિચારો રમવા માંડશે. ઈન્દ્રિયોને સ્વભાવ એવો છે કે આ કરશો નહીં એમ તેમને ફરમાવો એટલે અચૂક તે જ કરે. જાહેરખબરનો આપણને એવો અનુભવ નથી કે? ઉપર લખે છે, 'વાંચશો નહીં' એટલે વાચક અચૂક મનમાં કહે છે, ''આ શું વાંચવાનું નથી? તો એ જ પહેલું વાંચી લઈએ.'' પેલું 'વાંચશો નહીં' છાપેલું હોય છે તે વાંચનાર નીચેનું વાંચે એ જ ઉદ્દેશથી છાપેલું છે. માણસ જે ન વાંચવાનું કહ્યું હોય તે જ



અચૂક કાળજીથી વાંચી જાય છે. નિર્ગુણમાં મન ભટકતું રહેશે. સગુણ ભક્તિમાં એવું નથી. તેમાં આરતી છે, પૂજા છે, સેવા છે, ભૂતદયા છે. ઈન્દ્રિયોને ત્યાં પૂરતું કામ મળી રહે છે. એ બધી ઈન્દ્રિયોને બરાબર કામે વળગાડી પછી મનને કહો, 'હવે જા તારે જવું હોય ત્યાં,' પણ પછી મન નહીં જાય. તેમાં જ રમમાણ થઈ જશે, ખબર ન પડે તેમ એકાગ્ર થશે. પણ મનને ખાસ જાણીબૂઝીને એક ઠેકાણે બેસાડવા જશો તો તે અચૂક ભટકવા નાસી ગયું જાણો. જુદી જુદી ઈન્દ્રિયોને સારામાં સારા સુંદર વ્યવસાયોમાં રોકો ને પછી મનને કહો, હવે ખુશીથી જ્યાં ભટકવું હોય ત્યાં જા. પણ તે નહીં જાય. જવાની સદર પરવાનગી મળશે ત્યારે તે કહેશે, 'આ આપણે બેઠા.' પણ 'ગુપચૂપ બેસ,' એવો હુકમ તેને કરશો તો લાગલું કહેશે, 'હું ઊઠી જઈશ.'

દેહધારી માણસને સારુ સુલભપણાની દૃષ્ટિથી નિર્ગુણ કરતાં સગુણ સારું છે. કર્મ કરતા રહેવા છતાં તેને ઉડાવી દેવાની યુક્તિ કર્મ ન કરવા છતાં કરતા રહેવાની વાતથી ચડિયાતી છે. કેમકે તેમાં સહેલાપણું છે. કર્મયોગમાં પ્રયત્ન, અભ્યાસ એ બધાને અવકાશ છે. બધી ઈન્દ્રિયોને તાબામાં રાખી આસ્તે આસ્તે બધી પ્રવૃત્તિમાંથી મનને કાઢી લેવાનો મહાવરો કર્મયોગમાં થઈ શકે છે. આ યુક્તિ તાબડતોબ હાથમાં ન આવે એમ બને, પણ હાથમાં આવે એવી છે. કર્મયોગ અનુકરણસુલભ છે. એ સંન્યાસની

સરખામણીમાં તેની ખૂબી છે. પણ પૂર્ણાવસ્થામાં કર્મયોગ અને સંન્યાસ બંને સરખા છે. પૂર્ણ સંન્યાસ અને પૂર્ણ યોગ બંને એક જ વસ્તુ છે. નામ બે, દેખાવે જુદા, પણ બંને એક જ છે. એક પ્રકારમાં કર્મનું ભૂત બહાર નાચતું દેખાય છે પણ અંદર શાંતિ છે. બીજા પ્રકારમાં કશું ન કરવા છતાં ત્રિભુવનને હલાવવાની શક્તિ છે. જેવું દેખાય તેવું ન હોય એ બંનેનું સ્વરૂપ છે. પૂર્ણ કર્મયોગ એ સંન્યાસ છે તો પૂર્ણ સંન્યાસ કર્મયોગ છે. જરાયે ફેર નથી. પણ સાધકની દૃષ્ટિએ કર્મયોગ સુલભ છે. પૂર્ણાવસ્થામાં બંને એક જ છે.

જ્ઞાનદેવને ચાંગદેવે એક પત્ર મોકલ્યો. એ પત્ર કોરો કાગળ હતો. ચાંગદેવ કરતાં જ્ઞાનદેવ ઉંમરે નાના હતા. ચિરંજીવી લખવા જાય તો બીજી બાજુથી જ્ઞાનદેવ જ્ઞાનાં મોટા હતા. તીર્થસ્વરુપ લખવા જાય તો ઉંમરમાં નાના હતા. સંબોધન કેમ કરવું તે નક્કી ન થાય. એટલે ચાંગદેવે કોરો કાગળ પત્રરૂપે મોકલ્યો. એ કાગળ પહેલો નિવૃત્તિનાથના હાથમાં આવ્યો. તેમણે તે કોરો કાગળ વાંચીને જ્ઞાનદેવના હાથમાં મૂક્યો. જ્ઞાનદેવે વાંચીને મુક્તાબાઈને આપ્યો. મુક્તાબાઈએ એ વાંચીને કહ્યું, 'અલ્યા ચાંગા, આવડો મોટો થયો તોયે હજી કોરો જ રહ્યો!' નિવૃત્તિનાથના વાંચવામાં જુદો અર્થ આવ્યો હતો. તેમણે કહ્યું. 'ચાંગદેવ કોરા છે, શુદ્ધ છે, નિર્મળ છે અને ઉપદેશ આપવાને



લાયક છે.' એવું કહીને તેમણે જ્ઞાનદેવને જવાબ લખવાને જણાવ્યું. જ્ઞાનદેવે પાંસઠ ઓવીનો કાગળ મોકલ્યો. તેને चांगदेव पासष्टी કહે છે. આવી એ પત્રની ગંમતભરેલી હકીકત છે. લખેલું વાંચવું સહેલું છે, પણ ન લખેલું વાંચવું અઘરું છે. તેમાંનું વાંચવાનું પૂરું થતું નથી. એ પ્રમાણે સંન્યાસી ખાલી, કોરો દેખાય તો પણ અપરંપાર કર્મ તેનામાં ભરેલું હોય છે.

સંન્યાસ અને કર્મયોગ, પૂર્ણ રૂપમાં બંનેની કિંમત સરખી છે. પણ કર્મયોગની એ ઉપરાંત વહેવારુ કિંમત છે. ચલણની એકાદ નોટની પાંચ રૂપિયા કિંમત હોય છે પાંચ રૂપિયાનું રોકડ નાણું પણ હોય છે. સરકાર જ્યાં સુધી સ્થિર હોય ત્યાં સુધી બંનેની કિંમત સરખી રહે છે. પણ સરકાર પલટાઈ જાય તો વહેવારમાં તે નોટની કિંમત એક પાઈ પણ નહીં રહે. સોનાના નાણાની અલબત્ત કંઈક ને કંઈક કિંમત ઊપજ્યા વગર નહીં રહે, કારણ કે તે સોનું છે. પૂર્ણાવસ્થામાં કર્મત્યાગ અને કર્મયોગ બંનેની કિંમત તદ્દન સરખી છે કેમકે બંને પક્ષે જ્ઞાન હોય છે. જ્ઞાનની કિંમત અનંત છે. અનંતતામાં કંઈ પણ ઉમેરો તોયે કિંમત અનંત જ રહે છે. ગણિતશાસ્ત્રનો એ સિદ્ધાંત છે. કર્મત્યાગ અને કર્મયોગ એ બંનેને પરિપૂર્ણ જ્ઞાનમાં ઉમેરવાથી બંનેની કિંમત સરખી રહે છે. પણ બંને બાજુ પરનું જ્ઞાન કાઢી લો તો માત્ર કર્મત્યાગની સરખામણીમાં સાધકની દૃષ્ટિથી કર્મયોગ ચડિયાતો સાબિત થાય

છે. અસલ નક્કર જ્ઞાન બંને બાજુ ઉમેરો તો કિંમત એક જ રહેશે. છેવટને મુકામે પહોંચ્યા પછી જ્ઞાન + કર્મ + જ્ઞાન + કર્મભાવ. પણ જ્ઞાન બંને બાજુથી બાદ કરો એટલે કર્મના અભાવ કરતાં સાધકની દષ્ટિએ કર્મ ચડિયાતું સાબિત થાય છે. સાધકને ન કરવા છતાં કરવું એટલે શું તે સમજાતું નથી. કરવા છતાં ન કરવું એમાં તેને સમજ પડશે. કર્મયોગ રસ્તા પર છે ને ઠેઠ મુકામ પર પણ છે. પણ સંન્યાસ એકલા મુકામ પર છે, રસ્તામાં નથી. શાસ્ત્રની ભાષામાં આ વાત કહેવી હોય તો એમ કહેવાય કે કર્મયોગ સાધન પણ છે અને નિષ્ઠા પણ છે, પણ સંન્યાસ એકલી નિષ્ઠા છે. નિષ્ઠા એટલે અંતિમ અવસ્થા.



## છઠ્ઠા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી ભગવાન બોલ્યા : હે સુમુખિ, હવે હું છઠ્ઠા અધ્યાય માહાત્મ્ય કહું છું જેને સાંભળનાર મનુષ્યોને મુક્તિ હસ્તગત થઈ જાય છે.

ગોદાવરી નદીના કિનારે પ્રતિષ્ઠાનપુર (પૈઠણ) નામે એક નગર છે. ત્યાં હું પિપ્પલેશના નામે પ્રસિદ્ધ થઈને રહું છું. તે નગરમાં જાનશ્રૃતિ નામે એક રાજા રહેતા હતા. તેમનો પ્રભાવ માર્તંડ મંડળના પ્રખર તેજની જેમ પ્રસરેલો હતો. તે મંડળના પ્રખર તેજની જેમ પ્રસરેલો હતો. તે રાજા વડે પ્રતિદિન થતા યજ્ઞોના ધુમાડાથી નંદનવનનાં કલ્પવૃક્ષો એ રીતે કાળાં પડી ગયાં હતાં કે જાણે કે રાજાની અસાધારણ દાનશીલતા જોઈ લજ્જિત થઈ ગયાં હોય. તેમના યજ્ઞથી પ્રાપ્ત થયેલ પુરોડશના રસસ્વાદમાં આસક્ત હોવાને લીધે દેવતાઓ પ્રતિષ્ઠાનપુરને છોડીને બહાર જતા ન હતા. તેમના દાન વખતે મૂકેલ જળની ધારા, પ્રતાપ રૂપી તેજ અને યજ્ઞધૂમોથી પુષ્ટ થયેલ મેઘ સમય ઉપર વરસાદ આપતા હતા. તે રાજાના શાસનકાળ દરમ્યાન ઈતિઓ (ખેતીમાં

થનારા છ પ્રકારના ઉપદ્રવો) માટે સહેજ પણ સ્થાન ન હતું અને ઉત્તમ નીતિઓનો પ્રસાર થતો હતો. તેઓ વાવ, કૂવા અને તળાવ ખોદવાના બહાને દરરોજ ભૂગર્ભના નિધિઓનું અવલોકન કરતા રહેતા હતા. એક વખત રાજાનાં દાન, તપ, યજ્ઞ અને પ્રજાપાલનથી સંતુષ્ટ થઈ સ્વર્ગના દેવતાઓ તેમને વરદાન આપવા આવ્યા. તેઓ કમળની નાળ જેવા ઉજ્જવલ હંસોનું રૂપ ધારણ કરી પાંખ ફફડાવતા આકાશ માર્ગે ચાલવા લાગ્યા. ઘણી ઉતાવળમાં ઉડતા તે બધા હંસો પરસ્પર વાતો પણ કરતા જતા હતા. તેમાંથી ભદ્રાશ્વ વગેરે જેવા બે-ત્રણ હંસ ઝડપથી ઊડી આગળ નીકળી ગયા. ત્યારે પાછળવાળા હંસોએ આગળ જનારા હંસોને સંબોધી કહ્યું :

'અરે ભાઈ ભદ્રાશ્વ ! તમે ઝડપથી આગળ કેમ નીકળી ગયા છો? આ માર્ગ ખૂબ દુર્ગમ છે. આ માર્ગમાં આપણે બધાએ સાથે રહેવું જોઈએ. નથી જોતા આ સામે જ પુણ્યમૂર્તિ મહારાજ જાનશ્રુતિનું તેજ અત્યંત સ્પષ્ટ રૂપમાં પ્રકાશી રહ્યું છે? (એ તેજથી ભસ્મ થવાની આશંકા છે તેથી સાવધાનીથી આગળ વધવું જોઈએ.)

પાછળવાળા હંસોનાં આ વચન સાંભળી આગળવાળા હંસો હસી પડ્યા અને ઉચ્ચ સ્વરે તેમનાં વચનોની અવગણના કરતાં બોલ્યા :



'અરે ભાઈ ! આ રાજા જાનશ્રુતિનું તેજ બ્રહ્મવાદી મહાત્મા રૈકવના તેજ કરતાં ચઢિયાતું છે?'

હંસોની આ વાત સાંભળી રાજા જાનશ્રુતિ પોતાના ઊંચા મહેલની અટારીએથી ઊતરી ગયા. પછી સુખપૂર્વક આસન ઉપર બિરાજમાન થઈ પોતાના સારથિને બોલાવી કહેવા લાગ્યા :

'જા, મહાત્મા રૈકવને અહીં લઈ આવ.'

રાજાની આ અમૃતવાણી સાંભળી મહ નામનો સારથિ પ્રસન્ન થઈ નગરની બહાર ચાલ્યો. સૌથી પહેલાં તેણે મુક્તિદાયિની કાશીપુરીની યાત્રા કરી, જ્યાં ભગવાન વિશ્વનાથ લોકોને ઉપદેશ આપતા હતા. પછી જ્યાં પ્રફુલ્લનેત્ર ભગવાન ગદાધર સંપૂર્ણ લોકનો ઉદ્ધાર કરવા નિવાસ કરે છે તે ગયા ક્ષેત્રમાં પહોંચ્યો. તે પછી વિભિન્ન તીર્થોનું ભ્રમણ કરતો તે સારથિ પાપનાશિની મથુરાપુરીમાં ગયો. આ ભગવાન શ્રીકૃષ્ણનું મૂળ સ્થાન છે જે પરમ પવિત્ર અને મોક્ષ આપનારું છે. વેદશાસ્ત્રોમાં આ તીર્થ ત્રિભુવનપતિ ભગવાન ગોવિંદનાં અવતાર-સ્થાનના નામથી પ્રસિદ્ધ છે. વિવિધ દેવો અને બ્રહ્મર્ષિઓ તેનું સેવન કરે છે. મથુરા નગરી કાલિન્દી (યમુના) ના કિનારે શોભે છે. તેની આકૃતિ અર્ધચંદ્ર સમાન છે. તે બધાં તીર્થોના નિવાસથી પરિપૂર્ણ છે. તે પરમ આનંદ પ્રદાન કરનારી અને સુંદર લાગે છે. ગોવર્ધન પર્વત હોવાથી મથુરા-મંડપની શોભા વિશેષ વધી ગઈ છે. તે

પવિત્ર વૃક્ષો અને લતાઓથી આવૃત્ત છે. તેમાં બાર વનો છે. તે પરમ પુણ્યમય તથા સૌને વિશ્રાંતિ આપનાર શ્રુતિઓના સારભૂત ભગવાન શ્રીકૃષ્ણની આધારભૂમિ છે.

ત્યારબાદ મથુરાની પશ્ચિમ અને ઉત્તર દિશા તરફ ઘણે દૂર સુધી ગયા પછી તે સારથિને કાશ્મીર નામનું નગર દેખાયું, જ્યાં શંખ સમાન ઉજ્જવલ ગગનચુંબી મહેલોની હારમાળા ભગવાન શંકરના અટ્ટહાસ્યની જેમ શોભતી હતી, જ્યાં બ્રાહ્મણોના શાસ્ત્રીય આલાપો સાંભળી મૂંગા માણસો પણ સુંદર વાણી અને પદોનું ઉચ્ચારણ કરતાં કરતાં દેવસમાન થઈ જાય છે, જ્યાં સતત ચાલતા યજ્ઞોના ધુમાડાથી વ્યાપ્ત હોવાને કારણે આકાશમંડળ મેઘોના વરસતા રહેવા છતાં પોતાની શ્યામતા છોડતું નથી, જ્યાં ઉપાધ્યાયની પાસે આવી વિદ્યાર્થીઓ જન્મકાલીન અભ્યાસથી જ સંપૂર્ણ કળાઓ સ્વતઃ મેળવી લે છે, જ્યાં માણિક્યેશ્વર નામથી પ્રસિદ્ધ ભગવાન ચંદ્રશેખર દેહધારીઓને વરદાન આપવા નિત્ય નિવાસ કરે છે. કાશ્મીરમાં રાજા માણિક્યેશે દિગ્વિજયમાં સમસ્ત રાજાઓને જીતી ભગવાન શિવનું પૂજન કર્યું હતું ત્યારથી તેમનું નામ માણિક્યેશ્વર પડ્યું. તેમના મંદિરના દરવાજે મહાત્મા રૈકવ એક નાની રેંકડીમાં બેઠેલા પોતાનાં અંગોને ખંજવાળતા વૃક્ષની છાયાનું સેવન કરતા હતા. એ જ સ્થિતિમાં સારથિએ તેમને જોયા. રાજાએ બતાવેલી જુદી



જુદી નિશાનીઓથી તેણે તરત જ રૈકવને ઓળખી લીધા અને તેમનાં ચરણોમાં પ્રણામ કરી કહેવા લાગ્યો :

'બ્રહ્મન્ ! આપ કયા સ્થાને બિરાજો છો? આપનું પૂરું નામ શું છે? આપ તો હંમેશાં સ્વચ્છંદ વિહાર કરનારા છો, પછી અહીં કેમ રોકાયા છો? હવે આગળ આપને શું કરવાની ઈચ્છા છે?'

સારથિનાં આ વચનો સાંભળી પરમ આનંદમાં નિમગ્ન મહાત્મા રૈકવે કંઈક વિચારીને કહ્યું :

'જો કે અમે પૂર્ણકામ છીએ, અમારે કોઈ વસ્તુની આવશ્યકતા નથી, તો પણ કોઈ પણ અમારી મનોવૃત્તિ અનુસાર પરિચર્યા કરી શકે છે.'

રૈકવના હાર્દિક અભિપ્રાયને આદરપૂર્વક ગ્રહણ કરી સારથિ ધીરેથી રાજા પાસે ચાલ્યો. ત્યાં પહોંચી રાજાને પ્રણામ કરી તેમને હાથ જોડી બધા સમાચાર નિવેદન કર્યા. તે સમયે સ્વામીના દર્શનથી તેનું મન ઘણું પ્રસન્ન હતું. સારથિનાં વચનો સાંભળી રાજાનાં નેત્ર આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમના હૃદયમાં રૈકવનો સત્કાર કરવાની શ્રદ્ધા જાગ્રત થઈ. તેમણે બે ખચરી જોડી એક ગાડીમાં યાત્રા કરી. સાથે મોતીનો હાર, સુંદર વસ્ત્રો અને એક હજાર ગાયો પણ લીધી. કાશ્મીર મંડળમાં મહાત્મા રૈકવ જ્યાં રહેતા હતા તે સ્થાને પહોંચી રાજાએ બધી વસ્તુઓ

તેમની આગળ નિવેદન કરી અને પૃથ્વી ઉપર પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા. મહાત્મા રૈકવ અત્યંત ભક્તિ સાથે ચરણોમાં પડેલા રાજા જાનશ્રુતિ ઉપર ગુસ્સે થઈ ગયા અને બોલ્યા :

'રે શુદ્ર ! તું દુષ્ટ રાજા છે. શું તું મારા વૃત્તાન્તને નથી જાણતો? આ ખચરીઓથી જોડાયેલી તારી ઊંચી ગાડી લઈ જા. આ વસ્ત્રો, આ મોતીઓનો હાર, આ દૂધ આપનારી ગોય પણ તું લઈ જા.'

આ પ્રમાણે આજ્ઞા આપી રૈકવે રાજાના મનમાં ભય ઉત્પન્ન કરી દીધો. ત્યારે રાજાએ શાપના ભયથી મહાત્મા રૈકવનાં બંને ચરણ પકડી લીધાં અને ભક્તિપૂર્વક બોલ્યા :

'બ્રહ્મન્ ! મારા પર પ્રસન્ન થાઓ ભગવન્ ! આપમાં આ અદ્‌ભુત માહાત્મ્ય કઈ રીતે આવ્યું ? પ્રસન્ન થઈ મને બરાબર જણાવો.'

રૈકવ બોલ્યા : 'રાજન્ ! હું પ્રતિદિન ગીતાના છઠ્ઠા અધ્યાયનો પાઠ કરું છું, એથી જ મારી તેજોરાશિ દેવતાઓ માટે પણ દુઃસહ થઈ છે.'

તે પછી પરમ બુદ્ધિમાન રાજા જાનશ્રુતિએ પ્રયત્નપૂર્વક મહાત્મા રૈકવ પાસેથી ગીતાના છઠ્ઠા અધ્યાયનો અભ્યાસ કર્યો. એથી તેમને મોક્ષની પ્રાપ્તિ થઈ. આ બાજુ રૈકવ પણ ભગવાન માણિક્યેશ્વરની પાસે મોક્ષદાયક ગીતાના છઠ્ઠા અધ્યાયનો પાઠ-



જપ કરતા સુખેથી રહેવા લાગ્યા. હંસ રૂપ ધારણ કરી વરદાન આપવા માટે આવેલા દેવતાઓ પણ વિસ્મિત થઈ સ્વેચ્છાનુસાર ચાલ્યા ગયા. જે માણસ હંમેશાં આ એક જ અધ્યાયનું અધ્યયન કરે છે. તે પણ ભગવાન વિષ્ણુના સ્વરૂપને પ્રાપ્ત કરે છે તેમાં જરા પણ સંદેહ નથી.

# ષષ્ઠ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।**
**સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : જે માણસ કર્મફળનો આશ્રય લીધા વિના કરવા યોગ્ય કર્મ (કર્તવ્ય-કર્મ) આચરે છે, તે સંન્યાસી તેમજ યોગી છે, જ્યારે કેવળ અગ્નિનો ત્યાગ કરનારો સંન્યાસી નથી અને માત્ર ક્રિયાઓનો ત્યાગ કરનારો યોગી નથી. ॥૧॥

**યં સંન્યાસમિતિ પ્રાહુર્યોગં તં વિદ્ધિ પાણ્ડવ ।**
**ન હ્યસંન્યસ્તસઙ્કલ્પો યોગી ભવતિ કશ્ચન ॥૨॥**

હે પાંડવ ! જેને 'સંન્યાસ' કહે છે, એને જ તું યોગ જાણ, કેમકે સંક્લપોનો ત્યાગ ન કરનાર કોઈ પણ માણસ યોગી નથી હોતો. ॥૨॥

**આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમુચ્યતે ।**
**યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમુચ્યતે ॥૩॥**

યોગમાં આરૂઢ થવા ઈચ્છુક મનનશીલ માણસ માટે



દુષ્કામભાવે કર્મ કરવું એ જ યોગની પ્રાપ્તિમાં હેતુ કહેવાય છે અને યોગારૂઢ થયા બાદ એ યોગારૂઢ માણસનો જે સમસ્ત સંકલ્પોનો અભાવ છે, એ જ કલ્યાણમાં હેતુ કહેવાય છે. ॥૩॥

**યદા હિ નેન્દ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે ।**
**સર્વસઙ્કલ્પસંન્યાસી યોગારૂઢસ્તદોચ્યતે ॥૪॥**

જે વખતે નથી તો ઈન્દ્રિયોના ભોગોમાં આસક્ત થતો કે નથી કર્મોમાંય આસક્ત થતો, તે વખતે સઘળા સંકલ્પોનો ત્યાગી માણસ યોગારૂઢ કહેવાય છે. ॥૪॥

**ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।**
**આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥૫॥**

પોતાના વડે પોતાનો સંસાર-સાગરથી ઉદ્ધાર કરે અને પોતાને અધોગતિમાં ન નાંખે, કારણ કે માણસ પોતે જ તો પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે. ॥૫॥

**બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।**
**અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥૬॥**

જે જીવાત્મા દ્વારા મન અને ઈન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું છે, એ જીવાત્માનો એ પોતે જ મિત્ર છે, અને જેના વડે મન તથા ઈન્દ્રિયોસહિત શરીર નથી જીતવામાં આવ્યું, એના પ્રત્યે એ પોતે જ શત્રુની જેમ શત્રુતામાં વર્તે છે. ॥૬॥

**જિતાત્મનઃ પ્રશાન્તસ્ય પરમાત્મા સમાહિતઃ ।**

**શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ ॥૭॥**

ઠંડી-ગરમીમાં, સુખ-દુઃખાદિમાં તથા માન તેમજ અપમાનમાં જેના અન્તઃકરણની વૃત્તિઓ સમ્યક્ રીતે શાંત છે, એવા સ્વાધીન આત્માવાળા મનુષ્યના જ્ઞાનમાં સચ્ચિદાનંદઘન પરમાત્મા સમ્યક્ પ્રકારે સ્થિત છે એટલે કે એના જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું છે જ નહીં. ॥૭॥

**જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા કૂટસ્થો વિજિતેન્દ્રિયઃ ।**
**યુક્ત ઈત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ॥૮॥**

જેનું અંતઃકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ વિકારરહિત છે, જેની ઈન્દ્રિયો સારી પેઠે જિતાયેલી છે તેમજ જેના માટે માટી, પથ્થર અને સુવર્ણ સમાન છે. એ યોગી યુક્ત અર્થાત્ ભગવત્પ્રાપ્ત કહેવાય છે. ॥૮॥

**સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ**
**સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥૯॥**

સુહૃદ્ (સ્વાર્થ વિના સૌનું હિત કરનાર), મિત્ર, શત્રુ, ઉદાસીન (પક્ષપાત વિનાનો), મધ્યસ્થ (બેય તરફનું ભલું ચાહનાર), દ્વેષ્ય તેમજ બંધુગણોમાં, ધર્માત્માઓમાં અને પાપીઓમાં પણ સમાન ભાવ રાખનાર ઘણો શ્રેષ્ઠ છે. ॥૯॥

**યોગી યુઞ્જીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥૧૦॥**



મન અને ઈન્દ્રિયોસહિત શરીરને વશમાં રાખનાર, કશાયની ખેવના ન રાખનાર અને સંગ્રહરહિત યોગી એકલો જ એકાન્ત સ્થળે સ્થિત થઈને આત્માને નિરંતર પરમાત્મામાં જોડે. ॥૧૦॥

**શુચૌ દેશે પ્રતિષ્ઠાય સ્થિરમાસનમાત્મનઃ ।**
**નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્ ॥૧૧॥**

પવિત્ર ભૂમિ પર કે જેના ઉપર ક્રમ પ્રમાણે દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર પાથરેલાં છે, તેમજ ન ઘણા ઊંચા અને ન ઘણા નીચા એવા પોતાના આસનને સ્થિરરૂપે સ્થાપીને - ॥૧૧॥

**તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિયયક્રિયઃ ।**
**ઉપવિશ્યાસને યુઞ્જ્યાદ્યોગમાત્મવિશુદ્ધયે ॥૧૨॥**

એ આસન પર બેસીને ચિત્ત અને ઈન્દ્રિયોની ક્રિયાઓને વશમાં રાખી, મનને એકાગ્ર કરીને, અન્તઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે. ॥૧૨॥

**સમં કાયશિરોગ્રીવં ધારયન્નચલં સ્થિરઃ ।**
**સમ્પ્રેક્ષ્યં નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ॥૧૩॥**

કાયા, મસ્તક અને ડોકને સીધાં તેમજ ટટ્ટાર ધારણ કરીને અને સ્થિર થઈ પોતાની નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ ટેકવીને અન્ય દિશાઓને ન જોતો - ॥૧૩॥

**પ્રશાન્તાત્મા વિગતભર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ ।**

**મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ ॥૧૪॥**

બ્રહ્મચારીના વ્રતમાં સ્થિત, નિર્ભય તથા સમ્યક્ રીતે શાન્ત અન્તઃ કરણનો સાવધાન યોગી મનને સંયત કરી મારામાં ચિત્ત જોડી અને મારા પરાયણ થઈને ધ્યાનમાં બેસે. ॥૧૪॥

**યુઞ્જન્નેવં સદાત્માનં યોગી નિયતમાનસઃ ।**
**શાન્તિં નિર્વાણપરમાં મત્સંસ્થામધિગચ્છતિ ॥૧૫॥**

વશ કરેલા મનનો યોગી આ રીતે આત્માને નિરંતર મુજ પરમેશ્વરના સ્વરૂપમાં જોડતો મારામાં રહેલી પરમ આનંદની પરાકાષ્ઠાસ્વરૂપ શાન્તિને પામે છે. ॥૧૫॥

**નાત્યશ્નતસ્તુ યોગોऽસ્તિ ન ચૈકાન્તમનશ્નતઃ ।**
**ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ॥૧૬॥**

હે અર્જુન ! આ યોગ ખૂબ ખાનારનો સિદ્ધ થતો નથી તેમજ બિલકુલ ન ખાનારનો પણ સિદ્ધ થતો નથી તથા ઘણું ઊંઘનારનો સિદ્ધ થતો નથી તેમજ હંમેશાં જાગનારનોયે સિદ્ધ થતો નથી. ॥૧૬॥

**યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।**
**યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥૧૭॥**

દુઃખોનો નાશ કરનાર યોગ તો યથાયોગ્ય આહાર-વિહાર કરનારનો, કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટા કરનારનો તથા યથાયોગ્ય ઊંઘનાર તેમજ જાગનારનો જ સિદ્ધ થાય છે. ॥૧૭॥



**યદા વિનિયતં ચિત્તમાત્મન્યેવાવતિષ્ઠતે ।**
**નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો યુક્ત ઈત્યુચ્યતે તદા ॥૧૮॥**

સંપૂર્ણ વશમાં કરેલું ચિત્ત જે વખતે પરમાત્મામાં જ સમ્યક્ રીતે સ્થિત થઈ જાય છે, એ વખતે સમસ્ત ભોગોથી નિઃસ્પૃહ થયેલો માણસ યોગયુક્ત કહેવાય છે. ॥૧૮॥

**યથા દીપો નિવાતસ્થો નેઙ્ગતે સોપમા સ્મૃતા ।**
**યોગિનો યતચિત્તસ્ય યુઞ્જતો યોગમાત્મનઃ ॥૧૯॥**

જે રીતે વાયુ વિનાના સ્થાનમાં રહેલી દિવાની જ્યોત ડોલતી નથી, એવી જ ઉપમા પરમાત્માના ધ્યાનમાં લાગેલા યોગીના જિતાયેલા ચિત્તની કહેવાઈ છે. ॥૧૯॥

**યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગસેવયા ।**
**યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્નાત્મનિ તુષ્યતિ ॥૨૦॥**

યોગના અભ્યાસથી નિરુદ્ધ થયેલું ચિત્ત જે અવસ્થામાં ઉપરતિ પામે છે અને જે અવસ્થામાં પરમાત્માના ધ્યાનને લીધે શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરતો સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સંતુષ્ટ રહે છે - ॥૨૦॥

**સુખમાત્યન્તિકં યત્તદ્બુદ્ધિગ્રાહ્યમતીન્દ્રિયમ્ ।**
**વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ ॥૨૧॥**

ઈન્દ્રિયોથી અતીત, માત્ર શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ થઈ શકે એવો જે અનંત આનંદ છે, એને જે અવસ્થામાં

અનુભવે છે અને જે અવસ્થામાં સ્થિત આ યોગી પરમાત્માના સ્વરૂપથી કદીય વિચલિત થતો જ નથી. ॥૨૧॥

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥૨૨॥**

પરમાત્માની પ્રાપ્તિરૂપી જે લાભને પામીને એનાથી વધુ બીજા કશા લાભને નથી માનતો અને પરમાત્મપ્રાપ્તિસ્વરૂપ જે અવસ્થામાં રહેલો યોગી ઘણા ભારે દુઃખથી પણ વિચલિત નથી થતો - ॥૨૨॥

**તં વિદ્યાદ્ દુઃખસંયોગવિયોગં યોગસંજ્ઞિતમ્ ।**
**સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ॥૨૩॥**

જન્મ-મરણના દુઃખરૂપ સંસાર સાથેના સંયોગથી જે રહિત છે, તથા જેનું નામ યોગ છે, એને જાણવો જોઈએ, એ યોગ નહીં કંટાળેલા અર્થાત્ ધૈર્યશીલ અને ઉત્સાહી ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો જોઈએ. ॥૨૩॥

**સઙ્કલ્પપ્રભવાન્કામાંસ્ત્યક્ત્વા સર્વાનશેષતઃ ।**
**મનસૈવેન્દ્રિયગ્રામં વિનિયમ્ય સમન્તતઃ ॥૨૪॥**

સંકલ્પથી ઉત્પન્ન થતી સઘળી કામનાઓને સમૂળી ત્યજીને, તેમજ મન વડે ઈન્દ્રિયોના સમુદાયને બધી બાજુથી સમ્યક્ રીતે રોકીને - ॥૨૪॥

**શનૈઃ શનૈરુપરમેદ્બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।**



**આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિઞ્ચિદપિ ચિન્તયેત્ ॥૨૫॥**

ક્રમે-ક્રમે અભ્યાસ કરતો ઉપરતિને પામે તથા ધૈર્યશીલ બુદ્ધિ દ્વારા મનને પરમાત્મામાં સ્થિત કરીને પરમાત્મા સિવાય બીજા કશાયનું ચિંતન ન કરે. ॥૨૫॥

**યતો યતો નિશ્ચરતિ મનશ્ચઞ્ચલમસ્થિરમ્ ।**
**તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્ ॥૨૬॥**

આ સ્થિર ન રહેનારું અને ચંચળ મન જે-જે શબ્દાદિ વિષયના નિમિત્તે સંસારમાં વિચરે છે, તે - તે વિષયમાંથી રોકીને એને વારંવાર પરમાત્મામાં જ નિરુદ્ધ કરવું. ॥૨૬॥

**પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।**
**ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ॥૨૭॥**

કેમકે જેનું મન સમ્યક્ રીતે શાન્ત છે, જે નિષ્પાપ છે અને જેનો રજોગુણ શાંત થઈ ચુક્યો છે, એવા સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકાત્મતાને પામેલા આ યોગીને ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે. ॥૨૭॥

**યુઞ્જન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।**
**સુખેન બ્રહ્મસંસ્પર્શમત્યન્તં સુખમશ્નુતે ॥૨૮॥**

એ પાપ વિનાનો યોગી આ પ્રમાણે નિરંતર આત્માને પરમાત્મામાં જોડતો સુખેથી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિસ્વરૂપ અનંત આનંદનો અનુભવ કરે છે. ॥૨૮॥

**સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ।**
**ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ ॥૨૯॥**

સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવારૂપી યોગથી યુક્ત આત્મવાન તેમજ સૌમાં સમભાવે જોનાર યોગી આત્માને સર્વ ભૂતોમાં રહેલો અને સર્વ ભૂતોને આત્મામાં કલ્પિત જુએ છે. ॥૨૯॥

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥૩૦॥**

જે માણસ સઘળાં ભૂતોમાં સહુના આત્મારૂપ મુજ વાસુદેવને જ વ્યાપેલ જુએ છે અને સઘલાં ભૂતોને મુજ વાસુદેવની અન્તર્ગત જુએ છે, એને માટે હું અદશ્ય નથી હોતો અને એ મારે માટે અદશ્ય નથી હોતો. ॥૩૦॥

**સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમાસ્થિતઃ।**
**સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ॥૩૧॥**

જે માણસ એકાત્મભાવમાં સ્થિત થઈને સર્વ ભૂતોમાં આત્મારૂપે રહેલા મુજ સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે, એ યોગી સર્વ રીતે વર્તવા છતાં મારામાં જ વર્તે છે. ॥૩૧॥

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન।**
**સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ ॥૩૨॥**

હે અર્જુન ! જે યોગી પોતાની જેમ (જે રીતે માણસ પોતાના



મસ્તક, હાથ, પગ અને ગદા વગેરેની સાથે બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર અને મલેચ્છ વગેરે જેવી વર્તણૂક કરવા છતાં પણ એમનામાં આત્મભાવ એટલે કે પોતાપણું સમાન હોવાને લીધે, સુખ અને દુઃખને સમાન જ જુએ છે, એ જ રીતે સઘળાં પ્રાણીઓમાં જોવું 'પોતાની જેમ' સમ જોવું છે.) સઘળાં ભૂતોમાં સમ જુએ છે, તેમજ સુખ અથવા દુઃખનેય બધામાં સમ જુએ છે, એ યોગી પરમ શ્રેષ્ઠ મનાયો છે. ॥૩૨॥

**અર્જુન ઉવાચ**

**યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૂદન।**
**એતસ્યાહં ન પશ્યામિ ચઞ્ચલત્વાત્સ્થિતિં સ્થિરામ્ ॥૩૩॥**

અર્જુન બોલ્યા : હે મધુસૂદન ! જે આ યોગ આપે મને સમભાવે કહ્યો, મન ચંચળ હોવાને લીધે હું આની નિત્ય સ્થિતિને નથી જોતો. ॥૩૩॥

**ચઞ્ચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥૩૪॥**

કેમ કે હે શ્રીકૃષ્ણ ! મન ઘણું ચંચળ, પ્રમથન સ્વભાવનું, અત્યંત દૃઢ અને બળવાન છે, આથી એને વશમાં કરવાનું હું વાયુને રોકવાની પેઠે ઘણું દુષ્કર માનું છું. ॥૩૪॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્।**

**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥૩૫॥**

શ્રીભગવાન બોલ્યા : હે મહાબાહો ! નિઃસંદેહ મન ચંચળ તેમજ મુશ્કેલીથી વશ થનારું છે, છતાં પણ હે કુન્તીપુત્ર ! એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે. ॥૩૫॥

**અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઈતિ મે મતિઃ ।**
**વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તુમુપાયતઃ ॥૩૬॥**

જેનું મન વશમાં કરાયેલું નથી એવા માણસ દ્વારા યોગ દુષ્પ્રાપ્ય એટલે કે પ્રાપ્ત થવો મુશ્કેલ છે અને જેણે મનને વશ કર્યું છે એવા પ્રયત્નશીલ માણસ દ્વારા સાધન વડે એ પ્રાપ્ત થવો સહજ છે - આ મારો મત છે. ॥૩૬॥

**અર્જુન ઉવાચ**

**અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાચ્ચલિતમાનસઃ ।**
**અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ ॥૩૭॥**

અર્જુન બોલ્યા : હે શ્રીકૃષ્ણ ! જે યોગમાં શ્રદ્ધા તો ધરાવે છે, પરંતુ સંયમી નથી, એ કારણે અન્તકાળે જેનું મન યોગથી વિચલિત થઈ ગયું છે, એવો સાધક યોગી યોગની સિદ્ધિને એટલે કે ભગવત્સાક્ષાત્કારને ન પામતાં કઈ ગતિને પામે છે? ॥૩૭॥

**કચ્ચિન્નોભયવિભ્રષ્ટશ્છિન્નાભ્રમિવ નશ્યતિ ।**
**અપ્રતિષ્ઠો મહાબાહો વિમૂઢો બ્રહ્મણઃ પથિ ॥૩૮॥**

હે મહાબાહો ! શું એ ભગવત્પ્રાપ્તિના માર્ગમાં મોહ પામેલો



અને આશ્રય વિનાનો માણસ છિન્ન ભિન્ન થયેલા વાદળની પેઠે બેય બાજુથી ભ્રષ્ટ થઈને નાશ તો નથી પામતો ને? ॥૩૮॥

**એતન્મે સંશયં કૃષ્ણ છેત્તુમર્હસ્યશેષતઃ ।**
**ત્વદન્યઃ સંશયસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે ॥૩૯॥**

હે શ્રીકૃષ્ણ ! મારા આ સંશયને સમૂળો છેદવા માટે આપ જ લાયક છો, કેમકે આપના વિના બીજો આ સંશયનું છેદન કરનાર મળવો સંભવિત નથી. ॥૩૯॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।**
**ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ॥૪૦॥**

શ્રીભગવાન બોલ્યા : હે પાર્થ ! એ માણસનો ન તો આ લોકમાં વિનાશ થાય છે કે ન પરલોકમાંય, કેમકે હે વહાલા ! આત્મોદ્ધાર માટે અર્થાત્ ભગવત્પ્રાપ્તિ અર્થે કર્મ કરનાર કોઈ પણ મનુષ્ય દુર્ગતિને પામતો નથી. ॥૪૦॥

**પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતીઃ સમાઃ ।**
**શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ॥૪૧॥**

યોગભ્રષ્ટ માણસ પુણ્યશાળીઓના લોકોને એટલે કે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને પામીને ત્યાં ઘણાં વર્ષો સુધી નિવાસ કર્યા પછી શુદ્ધ આચરણશીલ ધનવાનોના ઘરે જન્મ લે છે. ॥૪૧॥

**અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ ।**

**એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદીદૃશમ્ ॥૪૨॥**

અથવા આ સિવાયના જે વૈરાગ્યવાન યોગભ્રષ્ટ હોય છે, એવા માણસો એ લોકોમાં ન જતાં જ્ઞાનવાન યોગીઓના જ કુળમાં જન્મે છે, પરંતુ આ પ્રકારનો જે આ જન્મ છે, એ સંસારમાં ખરેખર ઘણો દુર્લભ છે. ॥૪૨॥

**તત્રં તં બુદ્ધિસંયોગં લભતે પૈર્વદેહિકમ્ ।**
**યતતે ચ તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનન્દન ॥૪૩॥**

ત્યાં તે પૂર્વજન્મના શરીરમાં સંઘરેલા બુદ્ધિસંયોગને એટલે કે સમબુદ્ધિસ્વરૂપ યોગના સંસ્કારોને અનાયાસે જ પામે છે અને હે કુરુનંદન ! એ પ્રભાવને લીધે એ ફરીથી પરમાત્માની પ્રાપ્તિરૂપી સિદ્ધિ માટે પહેલાં કરતાં પણ વધુ પ્રયત્ન કરે છે. ॥૪૩॥

**પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ ।**
**જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ॥૪૪॥**

તથા જે શ્રીમંતોના ઘરે જન્મ લેનાર યોગભ્રષ્ટ છે, તે પરાધીન હોવા છતાં એ પૂર્વજન્મના અભ્યાસના બળે જ નિઃશંકપણે ભગવાન પ્રત્યે આકર્ષાય છે અને સમબુદ્ધિસ્વરૂપ યોગનો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલા સકામ કર્મોના ફળને ઓળંગી જાય છે. ॥૪૪॥

**પ્રયત્નાદ્યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ ।**
**અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૪૫॥**



પરંતુ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી તો પાછલા અનેક જન્મોના સંસ્કારબળે આ જ જન્મે સંસિદ્ધ થઈ સમગ્ર પાપોથી રહિત થયા બાદ તત્કાળ જ પરમ ગતિને પામે છે. ॥૪૫॥

**તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ ।**
**કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુનઃ ॥૪૬॥**

યોગી તપસ્વીઓ કરતાં શ્રેષ્ઠ છે, શાસ્ત્રજ્ઞોથીય શ્રેષ્ઠ મનાયો છે અને સકામ કર્મ કરનારાઓથીય યોગી શ્રેષ્ઠ છે, માટે હે અર્જુન ! તું યોગી થા. ॥૪૬॥

**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥૪૭॥**

સઘળા યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી મારામાં જોડાયેલા અન્તરાત્માથી મને નિરંતર ભજે છે, એ યોગી મને સૌથી શ્રેષ્ઠ મનાય છે. ॥૪૭॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે આત્મસંયમયોગો નામ ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥

**॥ આત્મસંયમયોગ નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય છઠ્ઠો

## ચિત્તવૃત્તિ-નિરોધ

### આત્મોદ્ધારની આકાંક્ષા

માણ,નો ઊંચામાં ઊંચો કૂદકો કેટલે સુધી પહોંચી શકે છે તે કલ્પનાથી તેમ જ વિચારથી આપણે પાંચમા અધ્યાયમાં જોઈ શક્યા. કર્મ, વિકર્મ અને અકર્મ મળીને સર્વ સાધના પૂર્ણ થાય છે. કર્મ સ્થૂળ વસ્તુ છે. જે સ્વધર્મકર્મ આપણે કરીએ તેમાં આપણા મનનો સહકાર હોવો જોઈએ. મનની કેળવણીને માટે જે કર્મ કરવાનું છે તે વિકર્મ, વિશેષ કર્મ અથવા સૂક્ષ્મ કર્મ છે. કર્મ ને વિકર્મ બંને જોઈએ. એ બંનેનો પ્રયોગ કરતાં કરતાં અકર્મની ભૂમિકા તૈયાર થાય છે. પાછલા અધ્યાયમાં આપણે જોયું કે એ ભૂમિકામાં કર્મ અને સંન્યાસ બંને એકરૂપ જ થઈ જાય છે. હવે છઠ્ઠા અધ્યાયની શરૂઆતમાં ફરીથી કહ્યું છે કે કર્મયોગની ભૂમિકા સંન્યાસની ભૂમિકા કરતાં અલગ દેખાતી હોય તો પણ અક્ષરશઃ એકરૂપ છે. ફક્ત દૃષ્ટિમાં ફેર છે. હવે પછીના અધ્યાયનો વિષય



પાંચમા અધ્યાયમાં વર્ણવેલી અવસ્થાનાં સાધનો વિચારવાનો છે.

કેટલાક લોકોના મનમાં એવો ભ્રામક ખ્યાલ ઘર કરી ગયો છે કે પરમાર્થ, ગીતા વગેરે ગ્રંથો કેવળ સાધુઓને માટે છે. એક ગૃહસ્થે મને કહ્યું, ‘હું કંઈ સાધુ નથી.’ એમનો કહેવાનો અર્થ એવો હતો કે સાધુ નામે ઓળખાતાં જે કેટલાંક પ્રાણી છે તેમાંના પોતે નથી. જેવાં ઘોડા, સિંહ, રીંછ, ગાય વગેરે જાનવરો છે તેવાં સાધુ નામનાં પણ જાનવરો છે, અને પરમાર્થની કલ્પના માત્ર તેમને માટે છે. બાકીના બીજા વહેવારમાં રહેનારા તે જાણે કંઈક જુદા, તેમના વિચાર જુદા, આચાર પણ જુદા ! આ ખ્યાલને લીધે સાધુસંતો અને વહેવારુ લોકોને એકબીજાથી અળગા પાડી નાખવામાં આવ્યા છે. ગીતારહસ્યમાં લોકમાન્ય તિલકે આ બાબત પર ખાસ ધ્યાન ખેંચ્યું છે. ગીતા એ ગ્રંથ સર્વસાધારણ વહેવારુ લોકોને માટે છે એ લોકમાન્યની ભૂમિકા હું અક્ષરશઃ ખરી માનું છું. ભગવદ્‌ગીતા તમામ દુનિયાને સારુ છે. પરમાર્થમાં આવતું એકએક સાધન હરેક વહેવારુ માણસને માટે છે. આપણો વહેવાર શુદ્ધ તેમ જ નિર્મળ થાય અને મનને સમાધાન તેમ જ શાંતિ કઈ પેરે મળે એ વાત પરમાર્થ શીખવે છે. વહેવાર કેમ શુદ્ધ કરવો તે શીખવવાને માટે ગીતા છે. તમે જ્યાં જ્યાં વહેવાર કરો ત્યાં બધે ગીતા આવે છે. પણ તે તમને ત્યાં ને ત્યાં રહેવા દેવી

માગતી નથી. તમારો હાથ ઝાલીને તે તમને છેવટને મુકામે પહોંચાડશે. પેલી પ્રસિદ્ધ કહેવત છે ને કે 'पर्वत महंमद पासे आवतो नहीं होय तो महंमद पर्वत पासे जशे' પોતાનો સંદેશો જડ પર્વતને પણ પહોંચે એવી ફિકર મહંમદને છે. પર્વત જડ હોવાથી તેના આવવાની વાટ જોઈને મહમદ બેસી રહેવા માગતો નથી. એ જ વાત ગીતા ગ્રંથને પણ લાગુ પડે છે. ગરીબ, દૂબળા, અણઘડમાં અણઘડ જે કોઈ હોય તે સૌની પાસે ગીતા પહોંચી જશે. પણ તે જ્યાં હશે ત્યાં ને ત્યાં તેને કાયમ રાખવાને નહીં. તેનો હાથ ઝાલી તેને આગળ લઈ જવાને, ઊંચે ઉઠાવવાને જશે. માણસ પોતાનો વહેવાર શુદ્ધ કરતો કરતો પરમોચ્ચ સ્થિતિએ પહોંચે એટલી જ ગીતાની ઈચ્છા છે, એટલા ખાતર જ ગીતાની હયાતી છે.

એથી જ જડ છું, વહેવારિયો છું, સંસારી જીવ છું એવું એવું કહીને તમારી આજુબાજુ વાડ ઊભી ન કરશો. મારાથી શું થાય, આ સાડાત્રણ હાથના દેહમાં જ મારું સારસર્વસ્વ છે એમ કહેશો મા. આ બંધનોની દીવાલ અથવા તુરંગ પોતાની આજુબાજુ ઊભી કરીને પશુઓ વર્તે છે તેમ વર્તશો મા. આગળ વધવાની, ઊંચે ચડવાની હિંમત રાખો. 'उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्' - હું મારી જાતે ખચીત ઊંચે લઈ જનાર છું એવી હિંમત રાખો. હું ક્ષુદ્ર સંસારી જીવ છું એવું કહીને મનની



શક્તિને હણો મા. કલ્પનાની પાંખો તોડી નાખશો મા. કલ્પનાને વિશાળ કરો. ચંડોળનું એવું નથી કે? સવારમાં સૂર્યને જોઈને તે કહે છે, હું ઊંચે ઊડીને સૂર્યને પહોંચીશ. આપણું પણ એમ જ હોવું જોઈએ. પોતાની કમજોર પાંખો વડે ચંડોળ ગમે તેટલું ઊંચે ઊડશે તોયે સૂર્યને કેવી રીતે પહોંચશે? પણ કલ્પનાની શક્તિથી સૂર્યને તે જરૂર પહોંચી શકે છે. આપણે સૌ એથી ઊલટી રીતે ચાલીએ છીએ. આપણે જેટલા ઊંચે જઈ શક્યા હોત તેટલુંયે ન જતાં કલ્પનાની, ભાવનાની આડે બંધારો બાંધી દીધો હોવાથી આપણે પંડે થઈને આપણી જાતને નીચી પાડીએ છીએ. આપણામાં રહેલી શક્તિને આપણે હીનભાવને લીધે મારી નાખીએ છીએ. ખુદ કલ્પનાના પગ તોડી નાખો તો નીચે પડવા સિવાય બીજું શું થાય? કલ્પનાનો ઝોક હમેશ ઉપર રહેવો જોઈએ. કલ્પનાની સહાયથી માણસ આગળ જાય છે. તેથી કલ્પનાને સંકોચી ન નાખશો. 'धोपटमार्गा सोडू नको, संसारामधिं ऐस आपुला उगाच भटकत फिरुं नको' - ધોરી રસ્તો છોડીશ મા, તું તારે સંસારને જ વળગી રહે અને નાહકનો ભટકી મરીશ મા, એવાં રોદણાં રડ્યા કરશો મા. આત્માનું અપમાન ન કરશો. સાધકોમાં વિશાળ કલ્પના હશે, આત્મવિશ્વાસ હશે તો જ તે ટકવાના છે. એમ કરવાથી જ ઉદ્ધાર થશે. પણ "ધર્મ કેવળ સંતોને સારું છે. સંતોના પાસે જવાનું તે પણ 'તમારી ભૂમિકામાં તમે જે રીતે વર્તો છો તે

જ બરાબર છે' એવું તેમની પાસે પ્રશસ્તિપત્ર લેવા પૂરતું જવાનું.'' એવા એવા ખ્યાલો છોડી દો. આવા ભેદાત્મક ખ્યાલો રાખી જાતને બાંધી ન લો. ઊંચી આકાંક્ષા રાખ્યા વગર આગળ પગલું કદી ઊપડવાનું નથી.

આ દૃષ્ટિ, આ આકાંક્ષા, આવી મહાન ભાવના હોય તો પછી સાધનો શોધવાની પંચાત જરૂરી થાય. નહીં તો વાત ત્યાંથી જ પૂરી થઈ જાણવી. બહારના કર્મના સાથમાં માનસિક સાધન વિકર્મનું કહ્યું છે. કર્મની મદદમાં વિકર્મ હંમેશ રહેવું જોઈએ. એ બંનેની મદદથી અકર્મની જે દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે તેની અને તેના પ્રકારોની વાત પાંચમા અધ્યાયમાં આપણે જોઈ ગયા. આ છઠ્ઠા અધ્યાયથી વિકર્મના પ્રકારો બતાવવાનું શરૂ થાય છે. માનસિક સાધનાની વાત પણ બતાવી છે. એ માનસિક સાધનાની વાત સમજાવતાં પહેલાં ગીતા કહે છે કે, 'અરે જીવ ! તું ઈશ્વર બની શકશે એવી દિવ્ય આકાંક્ષા રાખ. મન મોકળું રાખી પાંખ બરાબર મજબૂત રાખ.' સાધનાના, વિકર્મના જુદા જુદા પ્રકારો છે. ભક્તિયોગ, ધ્યાન, જ્ઞાનવિજ્ઞાન, ગુણવિકાસ, આત્માનાત્મવિવેક વગેરે નાના પ્રકારો છે. છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગ નામનો સાધનાનો પ્રકાર વર્ણવ્યો છે.

## ચિત્તની એકાગ્રતા

ધ્યાનયોગમાં ત્રણ બાબતો મુખ્ય છે. ૧. ચિત્તની



એકાગ્રતા ૨. ચિત્તની એકાગ્રતાને માટે જરૂરી જીવનની પરિમિતતા એટલે કે તેનું માપસરપણું અને ૩. સામ્યદશા અથવા સમદૃષ્ટિ. આ ત્રણ બાબતો વગર સાચી સાધના થાય નહીં. ચિત્તની એકાગ્રતાનો અર્થ છે ચિત્તની ચંચળતા પર અંકુશ. જીવનની પરિમિતતા એટલે સર્વ ક્રિયાઓ માપસર હોય તે. અને સમદૃષ્ટિ એટલે વિશ્વ તરફ જોવાની ઉદાર દૃષ્ટિ. આ ત્રણ વાતો મળીને ધ્યાનયોગ બને છે. આ ત્રણે સાધનોની કેળવણીને માટે વળી બીજાં બે સાધનો છે. તે છે અભ્યાસ અને વૈરાગ્ય. આ પાંચે બાબતોની થોડી ચર્ચા કરીએ.

પહેલી ચિત્તની એકાગ્રતા. કોઈ પણ કામને માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. વહેવારની વાતોમાં પણ એકાગ્રતા જોઈએ છે. વહેવારના ગુણો જુદા ને પરમાર્થના ગુણો જુદા એવું કંઈ નથી. વહેવાર શુદ્ધ કરવાનો તેનું જ નામ પરમાર્થ છે. કોઈ પણ વહેવાર કેમ ન હોય, તેમાંનો જશ-અપજશ તમારી એકાગ્રતા પર આધાર રાખે છે. વેપાર, વહેવાર, શાસ્ત્રશોધન, રાજકારણ, મુત્સદ્દીગીરી ગમે તે લો, હરેકમાં જે સફળતા મળશે તેનો આધાર તે તે પુરુષની ચિત્તની એકાગ્રતા પર છે. નેપોલિયનને વિષે એમ કહેવાય છે કે એક વખત યુદ્ધની વ્યવસ્થા બરાબર ગોઠવી દીધા પછી રણક્ષેત્ર પર તે ગણિતના સિદ્ધાંત ઉકેલવા બેસી જતો. તંબૂ પર ગોળા પડે. માણસો મરતાં હોય પણ નેપોલિયનનું ચિત્ત

બસ ગણિતમાં મશગૂલ. નેપોલિયનની એકાગ્રતા બહુ જબરી હતી એમ મારું કહેવું નથી. એના કરતાં ઊંચા પ્રકારની એકાગ્રતાના દાખલા બતાવી શકાય. પણ તેની પાસે એકાગ્રતા કેટલી હતી તે જોવાનું છે. ખલીફ ઉંમરની એવી જ વાત કહેવાય છે. લડાઈ ચાલુ હોય ત્યારે પણ પ્રાર્થનાનો વખત થતાંની સાથે ચિત્ત એકાગ્ર કરી ઘૂંટણિયે પડી રણાંગણમાં ભર લડાઈની વચ્ચે તે પ્રાર્થના કરવા માંડતો. અને પ્રાર્થનામાં તેનું ચિત્ત એટલું નિમગ્ન થઈ જતું કે કોનાં માણસો કપાય છે તેનો ખ્યાલ પણ તેને રહેતો નહીં. પહેલા મુસલમાનોની આવી પરમેશ્વરનિષ્ઠાને લીધે, આ એકાગ્રતાને લીધે જ ઈસ્લામ ધર્મનો ફેલાવો થયો.

પેલે દિવસે એક વાત મારા સાંભળવામાં આવી. એક મુસલમાન સાધુ હતો. તેના શરીરમાં બાણ પેઠું. તે બાણને લીધે તેને ખૂબ વેદના થતી હતી. બાણ કાઢવા જાય તો હાથ લગાડતાંની સાથે વેદના વધારે થતી. આમ એ બાણ કાઢવાનું પણ બને એમ નહોતું. આજે નીકળી છે તેવી બેભાન કરવાની ક્લોરોફોર્મ જેવી દયા પણ તે વખતે નહોતી. મોટો સવાલ ઊભો થયો. તે સાધુ વિષે જે લોકોને માહિતી હતી તેમાંના કેટલાક જણે આગળ આવીને કહ્યું, 'અત્યારે બાણ કાઢવાનું રહેવા દો. આ સાધુ પ્રાર્થનામાં બેઠો. એક પળમાં તેના ચિત્તની એવી એકાગ્રતા થઈ ગઈ કે પેલું બાણ તેના શરીરમાંથી ખેંચી કાઢ્યું તોયે તેને તેનું



ભાન સરખું ન થયું. કેટલી બધી આ એકાગ્રતા !

સારાંશ, વહેવાર હો કે પરમાર્થ હો, તેમાં ચિત્તની એકાગ્રતા વિના જશ મળવો મુશ્કેલ છે. ચિત્ત એકાગ્ર થાય તો સામર્થ્ય કદી ઓછું નહીં પડે. તમે સાઠ વર્ષની ઉંમરે પહોંચ્યા હશો તોયે એકાદ જુવાન આદમીના જેવો તમારો ઉત્સાહ ને તમારું સામર્થ્ય દેખાશે. માણસ જેમ જેમ ઘરડો થતો જાય તેમ તેમ તેનું મન કઠણ થતું જવું જોઈએ. ફળનું જુઓને ! પહેલાં તે કાચું, લીલું હોય છે. પછી પાકે છે, સડી જાય છે, કોહી જાય છે. બહારનું ક્લેવર સડી જાય, ખરી જાય, પણ બહારનું ક્લેવર ફળનું સારસર્વસ્વ નથી. ફળનું સારસર્વસ્વ, તેનો આત્મા બી છે. શરીરનું પણ એવું જ છે. શરીર ઘરડું થાય તો પણ યાદદાસ્ત વધતી જ જવી જોઈએ. બુદ્ધિ તેજસ્વી થતી જ જવી જોઈએ પણ એવું થતું નથી. માણસ કહે છે, 'હમણાં હમણાંનું કંઈ યાદ રહેતું નથી.' કેમ? 'હવે ઉંમર થઈ.' તારું જ્ઞાન, તારી વિદ્યા, તારી યાદદાસ્ત એ તારું બી છે. શરીર ઘરડું થતાં જેમ જેમ ઢીલું પડતું જાય તેમ તેમ અંદરનો આત્મા બળવાન થવો જોઈએ. એટલા સારુ એકાગ્રતા જોઈએ.

## એકાગ્રતા કેમ સાધવી

એકાગ્રતા જોઈએ તો ખરી, પણ તે કરવી કેવી રીતે? તે સારુ શું કરવું જોઈએ? ભગવાન કહે છે, આત્મામાં મન પરોવી

न किंचिदपि चिंतयेत् – બીજા કશાનું ચિંતન ન કરવું. એ વાત સધાય કેવી રીતે? મન નિવાંત, શાંત, સ્વસ્થ કરવાની વાત બહુ મહત્ત્વની છે. વિચારનાં ચક્રો જોર કરીને ફરતાં અટકાવ્યાં વગર એકાગ્રતા કેવી? બહારનું ચક્ર ગમે તેમ એક વાર ફરતું અટકાવી શકાય, પણ અંદર ચક્ર ફર્યા જ કરે છે. ચિત્તની એકાગ્રતાને માટે બહારનાં સાધનો જેમ જેમ બતાવીએ તેમ તેમ આ અંદરનું ચક્ર વધારે ને વધારે જોરથી ફરવા માંડે છે. તમારે જોઈએ તો આસન વાળો, ટટાર બેસો, નજર સ્થિર કરો, પણ એટલાથી મનને એકાગ્ર નહીં કરી શકાય. મુખ્ય વાત એ છે કે મનની અંદરનું ચક્ર ફરતું બંધ કરતાં આવડવું જોઈએ.

બહારનો અપરંપાર સંસાર મનમાં ભરેલો હોય છે. તેને રોક્યા વગર એકાગ્રતા અશક્ય છે. આપણા આત્માની અપાર જ્ઞાનશક્તિ બહારની ક્ષુદ્ર વસ્તુઓમાં આપણે વાપરી નાખીએ છીએ. પણ એમ ન થવું જોઈએ. જેમ બીજાને ન લૂંટતાં પોતાની મહેનતથી પૈસાદાર થયેલો માણસ ખોટી જગ્યાએ પૈસા નહીં ખરચે તેમ આપણા આત્માની જ્ઞાનશક્તિ આપણે નજીવી ચીજોના ચિંતનમાં વાપરી ન નાખીએ. આ જ્ઞાનશક્તિ આપણી અણમોલ મૂડી છે. પણ સ્થૂળ વિષયોમાં આપણે તેને વાપરીએ છીએ આ શાક સારું થયું નથી. એમાં મીઠું ઓછું પડ્યું છે. કેટલી રતી અલ્યા ઓછું પડ્યું? મીઠાની અરધી કણી ઓછી પડી એ



મહાન વિચારમાં ને વિચારમાં આપણું જ્ઞાન વપરાઈ જાય છે. નાના છોકરાને નિશાળની ચાર દીવાલ વચ્ચે ગોંધીને ભણાવે છે. ઝાડ નીચે લઈ જઈને બેસાડીએ તો કહે છે કે કાગડા ને ચકલાં જોઈને તેમનું મન એકાગ્ર નહીં થાય ! આખરે નાનાં છોકરાં રહ્યાં! કાગડાં ને ચકલાં જોવાનાં ન મળે એટલે થઈ ગઈ તેમની એકાગ્રતા ! પણ અમે થયા ખાસા ઘોડા જેવા. અમને શિંગડાં ઊગ્યાં. સાત સાત દીવાલની પાછળ અમને પૂરો તોયે અમારી એકાગ્રતા નહીં થાય. કારણ કે દુનિયાની ઝીણામાં ઝીણી વાતની અમારે ચર્ચા કરવાની રહી ! જે જ્ઞાન ખુદ પરમેશ્વર સુધી પહોંચી શકે તે શાકના સ્વાદની ચર્ચા કરવામાં અમે બગાડીશું ને તેમાં જ કૃતાર્થતા પણ માનીશું !

આવો આ ભયાનક સંસાર રાત ને દિવસ આપણી અંદર ને બહાર ઘુઘવાટા મારે છે. પ્રાર્થના અથવા ભજન કરવામાં પણ આપણો હેતુ બાહ્ય હોય છે. પરમેશ્વર સાથે તન્મય થઈ, ચાલો એક ક્ષણભર પણ સંસારને ભૂલી જઈએ એવી આપણી ભાવના નથી. પ્રાર્થના પણ એક દેખાવ, એવી જ્યાં મનની સ્થિતિ હોય ત્યાં આસન વાળી બેઠાં તોયે શું ને આંખો મીંચી તોયે શું? બધું ફોગટ છે. મન એક સરખું બહાર દોડ્યા કરે છે. તેથી માણસનું બધું સામર્થ્ય નાશ પામે છે, કોઈ પણ પ્રકારની વ્યવસ્થા, નિયંત્રણશક્તિ માણસમાં રહેતી નથી. આ વાતનો અનુભવ

આપણા દેશમાં આજે ડગલે ને પગલે થાય છે. ખરું જુઓ તો ભારતવર્ષ એટલે પરમાર્થની ભૂમિ. અહીંનાં માણસો મૂળથી જ ઊંચાં વાતાવરણમાં રહેનારાં મનાય છે. પણ એ જ દેશમાં તમારી અને અમારી, આપણી શી દશા થઈ તે જુઓ ! છેક નાની નાની બાબતોમાં આપણે એટલું ઝીણું કાંતીએ છીએ કે તે જોઈને ખરેખર ખેદ થાય છે. નજીવા વિષયોમાં મન ગૂંથાઈ રહેલું છે.

'कथा पुराण ऐकतां । झोपें नाडिलें तत्त्वतां
खाटेवरी पडतां । व्यापी चिंता तळमळ
ऐसी गहन कर्मगति । काय तयासी रडती'

- કથાપુરાણ સાંભળવા જઈએ છીએ ત્યાં ખરેખર ઊંઘ આવી જાય છે અને ખાટલા પર જઈને પડીએ છીએ ત્યારે મન ફિકરચિંતાથી ઘેરાઈ જાય છે. કર્મની એવી ગહનગતિ છે તેનું રડવું શું? કથાપુરાણ સાંભળવાને જાઓ છો તો ઊંઘ ચડી બેસે છે, અને ઊંઘને શોધવા નીકળો છો તો ત્યાં ચિંતા ને વિચારનું ચક્કર ફરવા માંડે છે. એક તરફ શૂન્યાગ્રતા છે ને બીજી તરફ અનેકાગ્રતા છે. એકાગ્રતા ક્યાંયે નથી. એટલો માણસ ઈન્દ્રિયોનો ગુલામ બન્યો છે. એક વાર એક જણે મને પૂછ્યું, ''આંખ અર્ધી ઉઘાડી રાખવી એમ શું કામ કહ્યું છે?'' મેં તેને કહ્યું 'તમારા સવાલનો સાદો જવાબ આપું. આંખ પૂરી મીંચી દેવાથી ઊંઘ આવે છે, બરાબર જોર કરીને ખુલ્લી રાખો તો ચારે બાજુ નજર



ફરતી રહીને એકાગ્રતા થતી નથી. આંખ મીંચવાથી ઊંઘ આવે એ તમોગુણ થયો. જોર કરીને ખુલ્લી રાખવાથી નજર બધે ફર્યા કરે છે એ રજોગુણ થયો. એટલા ખાતર વચલી સ્થિતિ બતાવી છે.' ટૂંકમાં, મનની બેઠક બદલ્યા વગર એકાગ્રતાની આશા ન રાખવી. મનની બેઠક શુદ્ધ જોઈએ. કેવળ આસન વાળીને બેસવાથી તે નહીં મળે. તે માટે બધા વહેવાર શુદ્ધ કરવા જોઈએ. વહેવાર શુદ્ધ કરવો એટલે વહેવારનો ઉદ્દેશ બદલવો જોઈએ. વ્યક્તિગત લાભ નજરમાં રાખી, વાસનાની તૃપ્તિને સારુ અથવા એવી જ બીજી બહારની બાબતોને સારુ વહેવાર ન કરવો જોઈએ.

આપણે આખો દિવસ વહેવારમાં ગૂંથાયેલા રહીએ છીએ. દિવસભર ચાલુ રહેલી ઊઠવેઠનો હેતુ શો?

"याजसाठीं केला होता अट्टहास । शेवटचा दीस गोड व्हाया ।'

આખરનો દિવસ રૂડો થાય તે સારુ બધી તને તોડીને મથામણ કરી હતી. તન તોડીને કરેલી બધી મથામણ, બધી દોડાદોડ છેલ્લો દિવસ રૂડો થાય માટે કરવાની છે. આખો જન્મારો કડવું ઝેર પચાવીએ છીએ. શા સારુ? તે છેવટની ઘડી, તે મરણ પવિત્ર થાય તે સારુ. દિવસની છેવટની ઘડી સાંજે આવે છે. તે તે દિવસનું બધું કર્મ પવિત્ર ભાવનાથી કર્યું હશે તો રાતની પ્રાર્થના મીઠી થશે. દિવસની એ છેવટની ઘડી રૂડી નીવડી તો દિવસનું બધું કર્મ સફળ થયું જાણવું. પછી મારા મનની એકાગ્રતા થશે.

એકાગ્રતાને માટે આવી જીવનની શુદ્ધિ જરૂરી છે. બહારની વસ્તુનું ચિંતન છૂટી જવું જોઈએ. માણસની આવરદા આમ જુઓ તો ઝાઝી નથી. પણ એટલી ટૂંકી આવરદામાંયે પરમેશ્વરી સુખનો અનુભવ મેળવી આપવાનું સામર્થ્ય છે. બે માણસો એક જ બીબામાં ઢાળેલાં, એક જ ઘાટનાં હોય છે. બે આંખ, તે આંખની વચ્ચે પેલું એક નાક, અને તે નાકને બે નસકોરાં છે. આવું એ બધું એકસરખું હોવા છતાં એક માણસ દેવ જેવો થાય છે ને બીજો પશુ જેવો થાય છે, એમ કેમ થતું હશે? એક જ પરમેશ્વરનો બાળ

'अवधी एकाचीच वीण'

- બધાં એક જ પેટનાં. આમ છતાં આવો ફેર કેમ પડે છે? એ બે માણસોની જાત એક જ છે એ વાત ગળે ઊતરતી નથી. એક નરનો નારાયણ ને બીજો નરનો વાનર !

માણસ કેટલો ઊંચે જઈ શકે છે તે બતાવનારાં માણસો પહેલાં થઈ ગયાં છે અને આજે પણ આપણી વચ્ચે છે. આ અનુભવની વાત છે. આ નરદેહની કેવી શક્તિ છે તે બતાવનારા સંતો પાછળના વખતમાં થઈ ગયા છે. અને આજે પણ હયાત છે. આ દેહમાં રહીને બીજો માણસ આવડી મોટી કરણી કરી શકે તો મારે હાથે કેમ ન થાય? મારી કલ્પનાને હું મર્યાદા શા સારુ મૂકું? જે નરદેહમાં રહી બીજા નરવીર થઈ ગયા તે જ



મનખાદેહમાં હું પણ છું. પછી હું આવો કેમ? મારું કંઈક અવળું ચાલે છે. આ મારું ચિત્ત કાયમ બહાર રઝળવા નીકળે છે. બીજાના ગુણદોષ જોવામાં તે બહુ દોઢડાહ્યું થાય છે. પણ મારે બીજાના દોષ જોવાના કેવા?

'कासया गुणदोष पाहों आणिकांचे । मज काय त्यांचें उणें असे ॥'

- બીજાના ગુણદોષ હું શા સારુ જોવા જાઉં? મારામાં તેની ક્યાં ખોટ છે? મારામાં ખામી શું ઓછી છે? કાયમ બીજાના ઝીણા ઝીણા દોષો જોવામાં હું મશગૂલ રહું તો ચિત્તની એકાગ્રતા કેમ સધાશે? પછી મારી બે જ દશા થાય. શૂન્યાવસ્થા એટલે કે ઊંઘ, અથવા અનેકાગ્રતા. તમોગુણ ને રજોગુણ બેમાં હું ફસાઈ જવાનો.

આમ બેસ, નજર આમ રાખ, આવું આસન વાળ વગેરે સૂચના એકાગ્રતા કરવાને માટે ભગવાને નથી આપી એવું નથી. પણ ચિત્તની એકાગ્રતા બિલકુલ જરૂરી છે એટલી વાત ગળે ઊતરે તો જ એ બધું કામનું છે. ચિત્તની એકાગ્રતા આવશ્યક છે એટલું એક વખત માણસને ગળે ઊતરી જશે પછી તે જાતે જ તે માટેની સાધના શોધી કાઢ્યા વગર નહીં રહે.

## જીવનની પરિમિતતા

ચિત્તની એકાગ્રતા કરવામાં મદદગાર થાય એવી બીજી બાબત જીવનમાં પરિમિતતાની છે. માપસર રહેવું. ગણિતશાસ્ત્રનું

રહસ્ય બધી ક્રિયામાં ગૂંથી લેવું. ઔષધની માત્રાના લિસોટા ગણીને લેવાના હોય છે. તેવું જ આહારનિદ્રાનું કરવું. બધે માપ રાખીને ચાલો. દરેક ઈન્દ્રિય પર પહેરો બેસાડો. હું વધારે તો નથી ખાતો ને? વધારે ઊંઘતો તો નથી ને? આંખ આમતેમ ભટકીને ન જોવાનું જોતી તો નથી ને? આવું બધું ચોકસાઈથી ને ઝીણવટથી તપાસતા રહેવું જોઈએ.

એક ગૃહસ્થની બાબતમાં મને એક ભાઈ કહેતા હતા કે, તે ગમે તેની ખોલીમાં જાય તો એક મિનિટમાં તે ખોલીમાં શું ક્યાં છે તે તેના ધ્યાનમાં આવી જાય. મેં મનમાં કહ્યું, ‘હે ઈશ્વર ! આ મહિમા મારે માથે ન મારીશ.’ પાંચપચાસ ચીજોની મનમાં નોંધ રાખનારો. હું કંઈ તેનો સેક્રેટરી થોડો છું? કે પછી મારે ચોરી કરવી છે? પેલો સાબુ ત્યાં હતો ને પેલું ઘડિયાળ પણે હતું એ બધું મારે શું કરવા જોઈએ? મારે એ બધું જાણીને કરવું છે શું? આંખનું આ વધારે પડતું ભટકવાનું મારે કાઢવું જોઈએ. એવું જ કાનનું. કાન પર ચોકી રાખો. કેટલાક લોકોને તો થાય છે કે ‘કૂતરાના જેવા આપણા કાન હોત તો કેવું સારું ! એક પળમાં ફાવે તે દિશામાં હલાવી શકાત ! માણસના કાનમાં ઈશ્વરે એટલી ખામી રાખી છે!’ પણ કાનની આવી વધારે પડતી નકામી પ્રવૃત્તિ ન હોવી જોઈએ. તેવું જ આ મન પણ બહુ જોરાવર છે. જરા કંઈ ખખડ્યું કે ત્યાં પહોંચી જાય.



જીવનમાં નિયમન અને પરિમિતતા કેળવો. ખરાબ વસ્તુ જોવી જ નહીં. ખરાબ ચોપડી વાંચવી જ નહીં. નિંદાસ્તુતિ સાંભળવી જ નહીં. દોષવાળી વસ્તુ ન જ ખપે, પણ નિર્દોષ વસ્તુનું સુધ્ધાં વધારેપડતું સેવન ન જોઈએ. કોઈ ચીજ વધારે પડતી ન જોઈએ. દારૂ, ભજિયાં, રસગુલ્લાં તો ન જ જોઈએ. પણ સંતરાં, કેળાં, મોસંબી વગેરે પણ વધારે પડતાં ન જોઈએ. ફળાહાર શુદ્ધ આહાર છે. પણ તેયે યથેચ્છ ન હોવો જોઈએ. જીભનું યથેચ્છપણું અંદર બેઠેલા ધણીએ ચલાવી ન લેવું જોઈએ. વાંકાચૂકા ચાલ્યા તો અંદર બેઠેલો માલિક સજા કર્યા વગર રહેવાનો નથી એવો બધી ઈન્દ્રિયોને ધાક રહેવો જોઈએ. નિયમિત આચરણને જ જીવનની પરિમિતતા કહીને ઓળખાવ્યું છે.

## મંગળ દૃષ્ટિ

ત્રીજી બાબત, સમદૃષ્ટિ હોવી. સમદૃષ્ટિનું નામ શુભદૃષ્ટિ છે. શુભદૃષ્ટિ કેળવાયા સિવાય ચિત્ત કરી એકાગ્ર નહીં થાય. આવો મોટો જબરો વનરાજસિંહ પણ ચાર ડગલાં ચાલે છે ને પાછું વળીને જુએ છે. હિંસક સિંહની એકાગ્રતા ક્યાંથી થાય? વાઘ, કાગડા, બિલાડી, એ બધાંની આંખ એકસરખી ફર્યા કરે છે. તેમની નજર હંમેશ બેબાકળી હોય છે. હિંસ જાનવરની સ્થિતિ એવી જ હોય. સામ્યદૃષ્ટિ કેળવાવી જોઈએ. આ આખી સૃષ્ટિ

મંગલ ભાસવી જોઈએ. મારો મારી જાત પર છે તેવો જ આખી સૃષ્ટિ પર ભરોસો હોવો જોઈએ.

અહીં બીવા જેવું છે શું? બધું શુભ ને પવિત્ર છે.

'विश्वं तद् भद्रं पदवन्ति देवा'

આ બધું વિશ્વ મંગળ છે કારણ કે પરમેશ્વર તેને સંભાળે છે. ઈંગ્લેનડના કવિ બ્રાઉનિંગે એવું જ કહ્યું છે : 'ઈશ્વર આકાશમાં બિરાજમાન છે અને દુનિયા બધી બરાબર ચાલે છે.' દુનિયામાં કશું બગડેલું નથી. બગડ્યું હોય તો મારી દૃષ્ટિ બગડી છે. જેવી મારી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. હું લાલ રંગના ચશ્માં પહેરું તો સૃષ્ટિ લાલ દેખાશે. ભડકે બળતી હોય એવી દેખાશે.

સ્વામી રામદાસ રામાયણ લખતા ને લખાતું જાય તેમ તેમ શિષ્યોને વાંચી સંભળાવતા. મારુતિ પણ તે સાંભળવાને ગુપ્તરૂપે આવીને બેસતા. સમર્થે લખ્યું હતું કે, 'મારુતિ અશોકવનમાં ગયો. ત્યાં તેણે ધોળાં ફૂલ જોયાં.' એ સાંભળતાં વેંત મારુતિએ છતા થઈને કહ્યું, 'મેં ધોળાં ફૂલ જરા પણ જોયાં નથી. મેં જોયેલાં તે ફૂલ લાલ હતાં. તમે ખોટું લખ્યું છે. તે સુધારો.' સમર્થે કહ્યું, 'મેં લખ્યું છે તે બરાબર છે. તેં ધોળાં જ ફૂલ જોયાં હતાં.' મારુતિએ કહ્યું, 'હું પંડે ત્યાં જનારે તે હું કહું તે ખોટું?' છેવટે તકરાર રામરાજાની પાસે પહોંચી. રામચંદ્રે કહ્યું, 'ફૂલ ધોળાં જ હતાં. પણ મારુતિની આંખ તે વખતે ક્રોધથી



લાલચોળ થઈ હતી. તેથી તે ધોળાં સફેદ ફૂલો તેને લાલ લાલ દેખાયાં.' આ મીઠી વાર્તાનો સાર એટલો કે દુનિયા તરફ જોવાની આપણી જેવી દૃષ્ટિ હશે તેવી દુનિયા આપણને દેખાશે.

આ સૃષ્ટિ શુભ છે એવી મનને ખાતરી નહીં થાય તો ચિત્તની એકાગ્રતા પણ નહીં થાય. સૃષ્ટિ બગડેલી છે એવું જ્યાં સુધી મને લાગે છે ત્યાં સુધી વહેમનો માર્યો હું ચારેકોર નજર ફેરવ્યા કરીશ. કવિઓ પંખીઓની સ્વતંત્રતાનાં ગીતો ગાય છે. તેમને કહો કે એક વાર પંખી બનીને જોશો તો એ સ્વતંત્રતા કેવી છે, તેની કિંમત કેટલી છે તેની ખબર પડશે. પંખીની ડોક એકસરખી આગળપાછળ ફરતી રહે છે. તેને કાયમ બીજાની બીક લાગ્યા કરે છે. ચકલીને એક બેઠક પર બેસાડી જુઓ. તે શું એકાગ્ર થઈ શકશે? હું જરા પાસે જઈશ એટલે ઊડી જશે. તેને થશે કે આ મારા માથામાં પથરો મારવા તો નથી આવ્યો? આખી દુનિયા ભક્ષક છે, સંહાર કરવાવાળી છે એવી બિહામણી કોઈ હોય તો હું જાતે એકલો, બાકી સૌ ભક્ષક છે એ ખ્યાલ નાબૂદ થયા સિવાય એકાગ્રતા થઈ શકવાની નથી. સમદૃષ્ટિની ભાવના કેળવવી એ જ એકાગ્રતા સિદ્ધ કરવાનો સારામાં સારો ઈલાજ છે. સર્વત્ર માંગલ્ય જોતાં શીખો એટલે આપોઆપ ચિત્તશાંતિ આવી મળશે.

ધારો કે કોઈક એક દુઃખી માણસ છે. તેને ખળખળ વહેતી

નદીને કાંઠે લઈ જાઓ. તે સ્વચ્છ, શાંત પાણી તરફ જોઈ તેના મનનો તડફડાટ ઓછો થશે. તે પોતાનું દુઃખ વીસરી જશે. પાણીના એ ઝરામાં એટલી બધી શક્તિ ક્યાંથી આવી? પરમેશ્વરની શુભ શક્તિ તેનામાં પ્રગટ થઈ છે. વેદમાં પાણીના ઝરાનું મજાનું વર્ણન છે : 'अतिष्ठन्तीनाम् अनिवेशनानाम्' કદી ન ઊભા રહેનારા ને વિસામા વગરના. ઝરો અખંડ વહ્યા કરે છે. તેને પોતાનું એવું ઘરબાર નથી. તે સંન્યાસી છે. આવો એ પવિત્ર ઝરો મારા મનનો એક ક્ષણમાં એકાગ્ર કરે છે. આવા સુંદર ઝરાને જોઈ મારા મનમાં પ્રેમનો, જ્ઞાનનો ઝરો હું કેમ નિર્માણ ન કરું?

બહારનું આવું આ જડ પાણી પણ મારા મનને શાંત કરી શકે તો મારા મનની ખીણમાં ભક્તિ-જ્ઞાનનો ચિન્મય ઝરો વહેતો થાય એટલે મને કેટલી બધી શાંતિ મળે? મારો એક મિત્ર પહેલાં હિમાલયમાં કાશ્મીરમાં ફરતો હતો. ત્યાંથી તે ત્યાંના પવિત્ર પર્વતોનાં અને સુંદર પ્રવાહોનાં વર્ણનો લખી મોકલતો. મેં તેને જવાબમાં લખ્યું, "જે ઝરા, જે પર્વત અને જે શુભ પવનો ત્યાં તને અનુપમ આનંદ આપે છે તે બધાયનો અનુભવ હું મારા હૃદયમાં કરી શકું છું. મારી અંતઃસૃષ્ટિમાં એ આખું રમણીય દશ્ય હું રોજ જોઉં છું. મારા હૃદયમાંનો ભવ્ય દિવ્ય હિમાલય છોડી તું મને બોલાવે તો પણ હું ત્યા આવવાનો નથી. 'સ્થાવરોમાં (હું) हिमालय' સ્થિરતાની મૂર્તિ તરીકે જે હિમાલયની ઉપાસના



સ્થિરતા લાવવાને માટે કરવાની છે તે હિમાલયનું વર્ણન વાંચી હું મારું કર્તવ્ય છોડી દઉં તેનો અર્થ શો?

સારાંશ, ચિત્ત જરા શાંત કરો. સૃષ્ટિ તરફ મંગળપણે નીરખવાનું રાખો એટલે હૃદયમાં અનંત ઝરા વહેતા થશે. કલ્પનાના દિવ્ય તારા હૃદયાકાશમાં ચમકવા માંડશે. પથ્થરની અને માટીની શુભ વસ્તુઓ જોઈ ચિત્ત શાંત થાય છે તો અંતઃસૃષ્ટિમાંનાં દશ્યો જોઈ નહીં થાય? પહેલાં એક વાર મારે ત્રાવણકોર જવાનું થયું હતું. ત્યાં એક દિવસ સાંજે સમુદ્રકિનારે બેઠો હતો. તે અપાર સાગર, તેની ઘૂઘવતી ગર્જના, સાયંકાળનો વખત અને હું તદ્દન સ્તબ્ધ બેઠો હતો. મારો મિત્ર સમુદ્રને કાંઠે જ મારે ખાવાને માટે ફળ વગેરે લઈને આવ્યો. તે વખતે તે સાત્ત્વિક આહાર પણ મને ઝેર જેવો લાગ્યો. સમુદ્રની તે ૐ ૐ ગર્જના મને 'मामनुस्मर युध्य च' - માટે અખંડ તું મારી સ્મૃતિને રાખતો લડ, એ ગીતા વચનની યાદ આપતી હતી. સમુદ્ર એકધારું સ્મરણ કરતો હતો ને કર્મ કરતો હતો. એક મોજું આવ્યું ને ગયું. ફરી બીજું આવ્યું. પળભર પણ વિસામાની વાત નહોતી. તે દેખાવ જોઈને મારી ભૂખતરસ ઊડી ગઈ હતી. એવું એ સમુદ્રમાં હતું શું? તે ખારાં પાણીનાં મોજાં ઊછળતાં જોઈ મારું હૃદય ભાવનાથી ઊભરાઈ ગયું તો જ્ઞાનપ્રેમનો અથાગ સાગર હૃદયમાં ઊછળવા માંડે ત્યારે હું કેવો નાચી ઊઠું ! વેદોના ઋષિના દિલમાં

એવો જ સમુદ્ર ઉછાળા મારતો હતો -

"....अंतःसमुद्रे ह्यदि अंतरायुषि

... घृतस्य धारा अभिचाकशीभि

... समुद्रादूर्मिर्मधुमानुदारत्..."

આ દિવ્ય ભાષા પર ભાષ્ય લખતાં બિચારા ભાષ્યકારોના નવનેજા થયા છે. આ ઘીની ધારા કઈ? મધની ધારા કઈ? મારા અંતઃસમુદ્રમાં શું ખારાં મોજાં ઉછાળા મારતાં હશે? ના ના. મારા હૃદયમાં દૂધનાં, ઘીનાં, મધનાં મોજાં ઊછળી રહ્યાં છે !

**બાલક ગુરુ**

આ હૃદયમાંના સમુદ્રને જોતાં શીખો. બહારનું વાદળાં વગરનું ભૂરું ભૂરું આકાશ નીરખીને ચિત્ત નિર્મળ તેમ જ નિર્લેપ કરો. ખરું પૂછો તો ચિત્તની એકાગ્રતા રમતની વાત છે. ચિત્તની વ્યાગ્રતા જ અસ્વાભાવિક અને અનૈસર્ગિક છે. નાનાં છોકરાંની આંખ તરફ તાકીને જુઓ. નાનું છોકરું એકસરખું તાકીને જોયાં કરે છે. એટલામાં તમે દસ વખત આંખ ઊઘાડમીંચ કરશો. નાનાં છોકરાંની એકાગ્રતા તાબડતોબ થાય છે. છોકરું ચારપાંચ મહિનાનું થાય એટલે તેને બહારની લીલીછમ સૃષ્ટિ બતાવજો. તે એકીટસે જોયા કરશે. સ્ત્રીઓ તો એમ માને છે કે બહારના લીલાછમ પાલા તરફ જોવાથી છોકરાંની વિષ્ટાનો રંગ પણ લીલો થઈ જાય છે ! બાળક જાણે કે બધી ઈન્દ્રિયોની આંખ બનાવીને



જુએ છે. નાનાં છોકરાંના મન પર કોઈ પણ વાતની ખૂબ અસર થાય છે. શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે પહેલાં બેચાર વરસમાં બાળકને જે કેળવણી મળે છે. તે જ સાચી કેળવણી છે. તમે વિશ્વવિદ્યાલયો, નિશાળો, સંઘ સંસ્થા ફાવે તેટલાં કાઢો. પણ પહેલી જે કેળવણી મળી હશે તેવી પછી મળવાની નથી. કેળવણી સાથે મારો સંબંધ છે. દિવસે દિવસે મારા મનમાં એવી ગાંઠ બંધાતી જાય છે કે આ બધી બહારની કેળવણીની અસર નહીં જેવી છે. પહેલા સંસ્કારો વજ્રલેપ હોય છે. પછીની કેળવણી બધું ઉપરનું રંગરોગાન છે. ઉપરનો ઓપ છે. સાબુ લગાડવાથી ચામડીનો ઉપરનો ડાઘ ધોવાય છે. પણ ચામડીનો મૂળ કાળો રંગ કેમ જશે? તેવી જ રીતે મૂળના પાકા સંસ્કાર નીકળવા ઘણા અઘરા છે.

પહેલાંના આ સંસ્કારો આવા જોરાવર કેમ? અને ત્યાર પછીના કમજોર કેમ? કારણકે, નાનપણમાં ચિત્તની એકાગ્રતા કુદરતી હોય છે. એકાગ્રતા હોવાથી જે સંસ્કાર પડે છે તે ભૂંસાતા નથી. આવો આ ચિત્તની એકાગ્રતાનો મહિમા છે. એ એકાગ્રતા જેણે સીધી લીધી હોય તેને સારુ શું અશક્ય છે?

આજે આપણું બધું જીવન કૃત્રિમ બની ગયું છે. બાળવૃત્તિ મરી ગઈ છે. જીવનમાં સાચી સમરસતા રહી નથી. જીવન લૂખું થઈ ગયું છે. ગાંડુંઘેલું ગમે તેમ વર્તીએ છીએ. માણસના પૂર્વજો

વાંદરા હતા એ વાત ડાર્વિનસાહેબ સાબિત નથી કરતા. આપણે આપણી કરણીથી સાબિત કરીએ છીએ.

નાનાં છોકરાંને વિશ્વાસ હોય છે. મા કહે તો તેને માટે પ્રમાણ. તેને જે કહેવામાં આવે તે વાત તેને ખોટી લાગતી નથી. કાગડો બોલ્યો, ચકલી બોલી. જે કહો તે બધું તેને સાચું લાગે છે. બચ્ચાંની મંગળવૃત્તિને લીધે તેમનાં ચિત્ત ઝટ એકાગ્ર થાય છે.

## અભ્યાસ - વૈરાગ્ય અને શ્રદ્ધા

ટૂંકમાં, ચિત્તની એકાગ્રતા, જીવનમાં પરિમિતતા અને શુભ સામ્યદૃષ્ટિ એટલાં વાનાં ધ્યાનયોગને માટે જરૂરી છે. આ ઉપરાંત બીજાં પણ બે સાધનો કહ્યાં છે. તે બે છે વૈરાગ્ય અને અભ્યાસ. એક વિધ્વંસક સાધન છે ને બીજું વિધાયક છે. ખેતરમાં ઊગી નીકળેલું નીંદણ ઉખેડી કાઢવું એ વિધ્વંસક કામ થયું. એને જ વૈરાગ્ય કહ્યું છે. બી રોપવું કે ઓરવું એ વિધાયક કામ છે. મનમાં સદ્‌વિચારોનું ફરી ફરીને ચિંતન કરવું તે અભ્યાસ છે. વૈરાગ્ય વિધ્વંસક ક્રિયા છે અને અભ્યાસ વિધાયક ક્રિયા છે.

વૈરાગ્ય ચિત્તમાં કેવી રીતે કેળવાય? આપણે કહીએ છીએ કે કેરી મીઠી છે. પણ મીઠાશ શું માત્ર કેરીમાં છે? એકલી કેરીમાં મીઠાશ નથી. આપણા આત્મામાં રહેલી મીઠાશ આપણે વસ્તુમાં રેડીએ છીએ અને તેથી પછી તે ચીજ આપણને મીઠી લાગે છે.



તેથી અંદરની મીઠાશ ચાખતાં શીખો. કેવળ બહારની વસ્તુમાં મીઠાશ નથી. પણ પેલો 'रसानां रसतमः' - રસોને પણ રસ, માધુર્યસાગર આત્મા મારી પાસે છે તેને લીધે મીઠી વસ્તુઓમાં મધુરતા આવે છે. એવી ભાવના કેળવતાં કેળવતાં વૈરાગ્ય હાડમાં ઊતરી જશે. સીતાએ હનુમાનને મોતીનો હાર આપ્યો. મારુતિ એક એક મોતી દાંતથી ફાડે, જુએ ને ફેંકી દે. એકેમાં તેને રામ ન દેખાય. રામ તેના હૃદયમાં હતો. પેલાં મોતીને માટે બેવકૂફ લોકોએ લાખ રૂપિયા આપ્યા હોત !

આ ધ્યાનયોગ બતાવતાં ભગવાને શરૂઆતમાં જ એક મહત્ત્વની વાત કહી છે કે, 'મારે મારો ઉદ્ધાર કરવો જ છે, હું આગળ જઈશ જ, ઉપર ઊંચો કૂદકો મારવાનો જ. આ મનખાદેહમાં હું આવો ને આવો પડી રહેનાર નથી. પરમેશ્વરની પાસે પહોંચવાની હું હિંમત રાખીને કોશિશ કરીશ'. એવો દૃઢ સંકલ્પ હોવો જોઈએ.

આ બધું સાંભળતાં સાંભળતાં અર્જુનને શંકા આવી. તે કહે છે, "હે ભગવાન, હવે મોટા થયા, બે દિવસ રહીને મરી જઈશું. પછી આ બધી સાધનાનો શો ઉપયોગ?" ભગવાને કહ્યું, "મરણ એટલે લાંબા ગાળાની ઊંઘ. રોજની મહેનત કર્યા બાદ આપણે સાતઆઠ કલાક ઊંઘીએ છીએ. એ ઊંઘનો શું આપણને ડર લાગે છે? ઊલટું ઊંઘ ન આવે તો ચિંતા થાય છે. જેવી ઊંઘની

તેવી જ મરણની જરૂર છે. ઊંઘી ઊઠીને આપણે આપણું કામ ફરી શરૂ કરીએ છીએ. તેવી જ રીતે મરણ પછી પણ આ પાછલી બધી સાધના આપણને આવી મળશે.''

જ્ઞાનેશ્વરીમાં જ્ઞાનદેવે આ પ્રસંગની ઓવીઓમાં જાણે કે આત્મચરિત્ર લખ્યું હોય એમ લાગે છે.

બાળપણમાં જ સર્વજ્ઞતા તેમને મળે છે, બધાં શાસ્ત્રો આપમેળે તેમના મોંમાંથી બહાર પડે છે. એ બધી કડીઓમાં આ બીના દેખાય છે. પૂર્વજન્મનો અભ્યાસ તમને ખેંચી ગયા વગર રહેતો નથી. કોઈક એક વ્યક્તિનું ચિત્ત વિષય તરફ વળતું જ નથી. તેને મોહ જેવું કંઈ થતું જ નથી. એનું કારણ એ કે તેણે પૂર્વજન્મમાં સાધના કરેલી હોય છે. ભગવાને આશ્વાસન આપી રાખ્યું છે કે,

કલ્યાણમાર્ગનું સેવન કરનારનું કશુંયે ફોગટ જતું નથી. આવી આ શ્રદ્ધા છેવટે આપી છે. અપૂર્ણ છેવટે પૂરું થશે. ભગવાનના આ ઉપદેશોમાંનું સ્વારસ્ય લો અને પોતાના જીવનનું સાર્થક કરી લો.



## સાતમા અધ્યાયનું માહાત્મ્ય

ભગવાન શિવજી બોલ્યા : હે પાર્વતી ! હવે હું સાતમા અધ્યાયનું માહાત્મ્ય કહું છું જે સાંભળવાથી કાનોમાં અમૃતરાશિ ભરાઈ જાય છે.

પાટલીપુત્ર નામે એક દુર્ગમ નગર છે. તેનું ગોપુર (દ્વાર) બહુ ઊંચું છે. તે નગરમાં શંકુકર્ણ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેણે વૈશ્યવૃત્તિ દ્વારા ઘણું ધન મેળવ્યું હતું. પરંતુ તેણે ક્યારેય ન તો પિતૃતર્પણ કર્યું કે ન દેવપૂજા કરી. તે ધનોપાર્જનમાં તત્પર રહી રાજાઓને ભોજનાદિ આપતો.

એક સમયની વાત છે. તે બ્રાહ્મણ પોતાનાં ચોથાં લગ્ન માટે પુત્રો અને બંધુઓ સાથે યાત્રાએ નીકળ્યો. રસ્તામાં મધ્યરાત્રિએ જ્યારે તેઓ સૂતા હતા ત્યારે ક્યાંકથી આવીને સાપે તેને બાંયમાં દંશ દીધો. તેના દંશથી એવી સ્થિતિ થઈ કે મણિ, મંત્ર ઔષધિ વગેરેથી પણ તેની શરીરરક્ષા અસાધ્ય જણાઈ. તે પછી થોડી જ વારમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. કેટલાક સમય પછી તે સર્પયોનિમાં જન્મ્યો. તેનું ચિત્ત ધનની વાસનામાં બંધાયેલું

હતું. તેણે પૂર્વના વૃત્તાંતને સ્મરણ કરી વિચાર્યું : 'મેં જે ઘરની બહાર કરોડોની સંખ્યામાં ધન દાટી રાખ્યું છે તેનાથી આ પુત્રોને વંચિત કરી જાતે જ તેની રક્ષા કરીશ.'

એક દિવસ સર્પયોનિથી પીડિત થઈ પિતાએ સપનામાં પોતાના પુત્રો સામે આવી પોતાની ઈચ્છા જણાવી. ત્યારે તેના નિરંકુશ પુત્રોએ સવારે ઊઠી ઘણા વિસ્મય સાથે એક બીજાને સપનાની વાત કરી. એમનામાંથી વચેટ પુત્ર કોદાળી હાથમાં લઈ ઘેરથી નીકળ્યો અને જ્યાં તેના પિતા સર્પયોનિ ધારણ કરી રહેતા હતા ત્યાં ગયો. જો કે તેને ધનના સ્થાનની પાકી ખબર નહોતી તો પણ નિશાનીઓથી તેણે તે સ્થાનનો નિશ્ચય કરી લીધો અને લોભબુદ્ધિથી ત્યાં જઈ દર ખોદવાનું શરૂ કર્યું. ત્યારે પેલા દરમાંથી ભયાનક સાપ નીકળ્યો અને બોલ્યો :

'હે મૂર્ખ ! તું કોણ છે? શા માટે આવ્યો છે? અને દર કેમ ખોદે છે? તને કોણે મોકલ્યો છે? એ બધું મને કહે?'

પુત્ર બોલ્યો : 'હું આપનો પુત્ર છું. મારું નામ શિવ છે. મેં રાત્રે જોયેલા સ્વપ્નથી વિસ્મિત થઈ અહીં દાટેલ સોનું લેવાના હેતુથી આવ્યો છું.'

પુત્રની આ વાત સાંભળી તે સાપ હસીને ઉચ્ચ સ્વરે સ્પષ્ટ વાણીમાં આ પ્રમાણે બોલ્યો : 'જો તું મારો પુત્ર હોય તો જલદીથી મને બંધનમાંથી મુક્ત કર. હું પૂર્વજન્મના દટાયેલા ધનની રક્ષા



માટે જ સર્પયોનિમાં જન્મ્યો છું.'

પુત્રે પૂછ્યું : 'પિતાજી ! આપની મુક્તિ કઈ રીતે થશે? તેનો ઉપાય મને બતાવો, કારણ કે હું આ રાત્રિમાં બધાને છોડીને આપની પાસે આવ્યો છું.'

પિતા બોલ્યા : 'બેટા ! ગીતાના અમૃતમય સાતમા અધ્યાય સિવાય મને મુક્ત કરવા તીર્થ, દાન, તપ અને યજ્ઞ પણ કોઈ રીતે સમર્થ નથી. ફક્ત ગીતાનો સાતમો અધ્યાય જ પ્રાણીઓને જરા મૃત્યુ વગેરે દુઃખોમાંથી મુક્ત કરનાર છે. પુત્ર ! મારા શ્રાદ્ધના દિવસે સાતમા અધ્યાયનો પાઠ કરનાર બ્રાહ્મણને ભોજન કરાવજે. તેનાથી નિઃસંદેહ મારી મુક્તિ થશે. હે વત્સ ! પોતાની શક્તિ અનુસાર પૂર્ણ શ્રદ્ધા સાથે વેદવિદ્યામાં પ્રવીણ બીજા બ્રાહ્મણોને પણ ભોજન કરાવજે.'

સર્પયોનિમાં પડેલા પિતાનાં આ વચનો સાંભળી બધા પુત્રોએ એની આજ્ઞાનુસાર તથા એથી પણ વિશેષ કર્યું. ત્યારે શંકુકર્ણે પોતાના સર્પશરીરનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કર્યો અને બધું ધન પુત્રોને આધીન કરી દીધું. પિતાએ કરોડોની સંખ્યામાં જે ધન વહેંચી આપ્યું હતું તેનાથી તે સદાચારી પુત્રો ઘણા પ્રસન્ન થયા. તેમની બુદ્ધિ ધર્મકાર્યોમાં લાગેલી હતી. તેથી તેમણે વાવ, કૂવા, સરોવર, યજ્ઞ તથા દેવમંદિરો માટે એ ધનનો ઉપયોગ કર્યો અને અન્નક્ષેત્રો પણ ખોલાવ્યાં.

તે પછી સાતમા અધ્યાયનો હંમેશાં જપ કરતા મોક્ષને પામ્યા.

હે પાર્વતી ! આ તમને સાતમા અધ્યાયનું માહાત્મ્ય સમજાવ્યું જેના શ્રવણ માત્રથી મનુષ્યો સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.



# સપ્તમ અધ્યાય

**શ્રી ભગવાન્ ઉવાચ**

**મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુઞ્જન્મદાશ્રયઃ ।**
**અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : હે પાર્થ ! અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર તથા અનન્ય ભાવથી મારે પરાયણ થઈને યોગમાં જોડાયેલો તું જે રીતે સંપૂર્ણ વિભૂતિ, બળ, ઐશ્વર્ય આદિ ગુણો સહિત સૌના આત્મારૂપ મને વિના સંશયે જાણીશ, એને સાંભળ. ॥૧॥

**જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ ।**
**યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે ॥૨॥**

હું તારા માટે આ વિજ્ઞાનસહિત તત્ત્વજ્ઞાનને સંપૂર્ણપણે કહીશ, જેને જાણીને સંસારમાં ફરી બીજું કશું પણ જાણવાલાયક શેષ નથી રહેતું. ॥૨॥

**મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।**

**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ॥૩॥**

હજારો માણસોમાંથી કોઈ એક મને પામવા માટે પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન કરનાર યોગીઓમાંથી પણ કોઈ એક મારે પરાયણ થઈને મને તત્ત્વથી એટલે કે યથાર્થપણે જાણી શકે છે. ॥૩॥

**ભૂમિરાપોડનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥૪॥**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।**
**જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્ ॥૫॥**

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર - આ પ્રમાણે આ આઠ પ્રકારે વિભાગ પામેલી મારી પ્રકૃતિ છે. આ આઠ પ્રકારના ભેદની તો અપરા એટલે કે મારી જડ પ્રકૃતિ છે અને હે મહાબાહો ! આના સિવાયની છે - જેનાથી આ આખું જગત ધારણ કરાય છે - એને મારી જીવરૂપા પરા એટલે કે ચેતન પ્રકૃતિ ઓળખ. ॥૪-૫॥

**એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય ।**
**અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ॥૬॥**

હે અર્જુન ! તું એમ સમજ કે સઘળા જીવો આ બન્ને પ્રકૃતિઓથી જ ઉદ્ભવનારા છે અને હું આખાય જગતનો પ્રભવ તેમજ પ્રલય છું એટલે કે સકળ જગતનું મૂળ કારણ છું. ॥૬॥



**મત્તઃ પરતરં નાન્યત્કિઞ્ચિદસ્તિ ધનઞ્જય ।**
**મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ ॥૭॥**

હે ધનંજય ! મારા સિવાય બીજું કોઈ પણ પરમ કારણ નથી, આ આખું જગત દોરામાં પરોવાયેલા મણિઓની પેઠે મારામાં ગૂંથાયેલું છે. ॥૭॥

**રસોડહમપ્સુ કૌન્તેય પ્રભાસ્મિ શશિસૂર્યયો : ।**
**પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ ॥૮॥**

હે કોન્તેય ! હું જળમાં રસ છું, ચન્દ્ર તેમજ સૂર્યમાં પ્રકાશ છું, બધા વેદોમાં ઓંકાર છું, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્વ છું. ॥૮॥

**પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ ।**
**જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥૯॥**

હું પૃથ્વીમાં પવિત્ર (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ વડે આ પ્રસંગે એમનાં કારણ એવી તન્માત્રાઓનું ગ્રહણ કરવાનું છે, એ વાતને સ્પષ્ટ કરવા માટે એમની સાથે પવિત્ર શબ્દ જોડવામાં આવ્યો છે.) ગન્ધ અને અગ્નિમાં તેજ છું તેમજ સમસ્ત ભૂતોમાં એમનું જીવન છું અને તપસ્વીઓમાં તપ છું ॥૯॥

**બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્ ।**
**બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ॥૧૦॥**

હે પાર્થ ! તું સર્વ જીવોનું સનાતન બીજ મને જ જાણ, હું

બુદ્ધિમાનોની બુદ્ધિ તથા તેજસ્વીઓનું તેજ છું ।।૧૦।।

**બલં બલવતાં ચાહં કામરાગવિવર્જિતમ્ ।**
**ધર્માવિરુદ્ધો ભૂતેષુ કોઽસ્મિ ભરતર્ષભ ।।૧૧।।**

હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ ! હું બળવાનોનું આસક્તિ તથા કામનાઓ વિનાનું બળ એટલે કે સામર્થ્ય છું અને સહુ જીવોમાં ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ કામ છું. ।।૧૧।।

**યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે ।**
**મત્ત એવેતિ તાન્વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ ।।૧૨।।**

અને વળી, જે સત્ત્વગુણમાંથી ઉદ્ભવતા ભાવો છે તેમજ જે રજોગુણથી અને તમોગુણથી થતા ભાવો છે, એ બધાને તું મારાથી જ થનારા છે એમ સમજ, એમ હોવા છતાં પણ વાસ્તવમાં તેમનામાં હું કે તેઓ મારામાં નથી. ।।૧૨।।

**ત્રિભુર્ગુણમયૈર્ભાવૈરેભિઃ સર્વમિદં જગત્ ।**
**મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્ ।।૧૩।।**

ગુણોનાં કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા આ ત્રણેય પ્રકારના ભાવોથી (એટલે કે રાગ-દ્વેષ વગેરે વિકારો તેમજ સઘળા વિષયોથી) આ આખો પ્રાણીસમુદાય મોહ પામી રહ્યો છે, માટે જ આ ત્રણેય ગુણોથી પર એવા મુજ અવિનાશીને નથી ઓળખતો ।।૧૩।।

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।**



**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ।।૧૪।।**

કેમકે આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્ભુત ત્રિગુણમયી મારી માયા પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, તેઓ આ માયાને પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે. ।।૧૪।।

**ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ ।**
**માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમાશ્રિતાઃ ।।૧૫।।**

માયા વડે જેમનું જ્ઞાન હરાયેલું છે, એવા આસુરી સ્વભાવને ધારણ કરનાર, મનુષ્યોમાં અધમ, દૂષિત કર્મ કરનાર મૂઢ જનો મને નથી ભજતા. ।।૧૫।।

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।**
**આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ।।૧૬।।**

હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! ઉત્તમ કર્મ કરનાર અર્થાર્થી (દુન્યવી પદાર્થો માટે ભજનાર) આર્ત (સંકટનિવારણ માટે ભજનાર, જિજ્ઞાસુ(મને યથાર્થપણે જાણવાની ઈચ્છાથી ભજનાર) અને જ્ઞાની-એવા ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે. ।।૧૬।।

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।**
**પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ।।૧૭।।**

એમનામાંથી હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત, અનન્ય પ્રેમભક્તિ રાખનાર જ્ઞાની ભક્ત ઘણો શ્રેષ્ઠ છે, કેમકે મને તત્ત્વથી

ઓળખનાર જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને એ જ્ઞાની મને અત્યંત પ્રિય છે. ॥૧૭॥

**ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ।**
**આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્ ॥૧૮॥**

આ બધાય ભક્તો ઉદાર એટલે કે શ્રેષ્ઠ છે, છતાં એ સર્વેમાં જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે એવો મારો મત છે, કેમ કે એ મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિસ્વરૂપ એવા મારામાં જ સમ્યક્ રીતે સ્થિત છે. ॥૧૮॥

**બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।**
**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥**

ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' (એટલે કે વાસુદેવ સિવાય બીજું કશું છે જ નહીં) એવા ભાવે મને ભજે છે, એ મહાત્મા ઘણો દુર્લભ છે. ॥૧૯॥

**કામૈસ્તૈસ્તૈર્હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેઽન્યદેવતાઃ ।**
**તં તં નિયમમાસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા ॥૨૦॥**

અમુક-અમુક ભોગોની કામના વડે જેમનું જ્ઞાન હરાઈ ચૂક્યું છે, એ માણસો પોતાના સ્વભાવથી પ્રેરાઈને અમુક-અમુક નિયમને ધારણ કરી (એટલે કે જે દેવતાની પૂજા માટે જે - જે નિયમ લોકમાં પ્રસિદ્ધ હોય, તે - તે નિયમને ધારણ કરીને.)



અન્ય દેવતાઓને ભજે છે, એટલે કે ઉપાસે છે. ॥૨૦॥

**યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ ।**
**તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્ ॥૨૧॥**

જે - જે સકામ ભક્ત જે - જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઈચ્છે છે, તે - તે ભક્તની શ્રદ્ધાને હું એ જ દેવતા પ્રત્યે દૃઢ કરું છું. ॥૨૧॥

**સ તયા શ્રદ્ધયા યુક્તસ્તસ્યારાધનમીહતે ।**
**લભતે ચ તતઃ કામાન્મયૈવ વિહિતાન્હિ તાન્ ॥૨૨॥**

એ માણસ એ શ્રદ્ધાથી યુક્ત થઈ એ દેવતાનું પૂજન કરે છે અને એ દેવતા પાસેથી મારા વડે જ વિધાન કરેલા એ ઈચ્છેલા ભોગોને નિઃસંદેહ પામે છે. ॥૨૨॥

**અન્તવત્તુ ફલં તેષાં તદ્ભવત્યલ્પમેધસામ્ ।**
**દેવાન્દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ ॥૨૩॥**

પરંતુ એ અલ્પબુદ્ધિજનોનું એ ફળ નાશવંત હોય છે તેમજ એ દેવતાઓને પૂજનાર જનો દેવતાઓને પામે છે, જ્યારે મારા ભક્તો ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ મને જ પામે છે. ॥૨૩॥

**અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામબુદ્ધયઃ ।**
**પરં ભાવમજાનન્તો મમાવ્યયમનુત્તમમ્ ॥૨૪॥**

અજ્ઞાનીઓ મારા સર્વશ્રેષ્ઠ અવિનાશી પરમ ભાવને નહિ ઓળખીને અવ્યક્ત અર્થાત્ મન-ઈન્દ્રિયોથી પર એવા મુજ

સચ્ચિદાનંદઘન પરમાત્માને માણસની પેઠે જન્મ લઈને વ્યક્ત ભાવને પામનાર માને છે. ॥૨૪॥

**નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।**
**મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥૨૫॥**

પોતાની યોગમાયા વડે ઢંકાયેલો હું સૌને પ્રત્યક્ષ નથી થતો. માટે આ અજ્ઞાની જનસમુદાય મુજ અજન્મા અવિનાશી પરમેશ્વરને નથી ઓળખી શકતો એટલે કે મને જન્મ-મરણશીલ સમજે છે. ॥૨૫॥

**વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ।**
**ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન ॥૨૬॥**

હે અર્જુન ! પૂર્વે થઈ ગયેલા, વર્તમાનમાં હયાત તથા ભવિષ્યમાં થનાર સર્વ ભૂતોને હું જાણું છું, પરંતુ મને કોઈ પણ શ્રદ્ધાભક્તિ વિનાનો માણસ નથી જાણી શકતો. ॥૨૬॥

**ઈચ્છાદ્વેષસમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત ।**
**સર્વભૂતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ ॥૨૭॥**

હે ભરતવંશી ! હે અર્જુન ! સંસારમાં ઈચ્છા અને દ્વેષથી ઉદ્ભવેલા સુખ-દુઃખ આદિ દ્વંદ્વસ્વરૂપ મોહને લીધે સઘળાં પ્રાણીઓ અત્યંત અજ્ઞતાને પામી રહ્યાં છે. ॥૨૭॥

**યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।**
**તે દ્વન્દ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતાઃ ॥૨૮॥**



પરંતુ નિષ્કામભાવે ઉત્તમ કર્મોનું આચરણ કરનારા જે માણસોનું પાપ નષ્ટ થઈ ચુક્યું છે, એ રાગદ્વેષજનિત દ્વંદ્વસ્વરૂપ મોહથી મુક્ત થયેલા દઢનિશ્ચયી ભક્તો મને સર્વ રીતે ભજે છે.॥૨૮॥

**જરામરણમોક્ષાય મામાશ્રિત્ય યતન્તિ યે ।**
**તે બ્રહ્મ તદ્વિદુઃ કૃત્સ્નમધ્યાત્મં કર્મ ચાખિલમ્ ॥૨૯॥**

જેઓ મારે શરણે થઈને જરા અને મરણમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, એ માણસો એ બ્રહ્મને, સમગ્ર અધ્યાત્મને તેમજ સંપૂર્ણ કર્મને ઓળખી લે છે. ॥૨૯॥

**સાધિભૂતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ ।**
**પ્રયાણકાલેઽપિ ચ માં તે વિદુર્યુક્તચેતસઃ ॥૩૦॥**

જે માણસો અધિભૂત અને અધિદૈવ સહિત તેમજ અધિયજ્ઞ સહિત સૌના આત્માસ્વરૂપ મને અંતકાળેય ઓળખી લે છે, એ મારામાં ચિત્ત પરોવેલા માણસો મને જ ઓળખી લે છે (અર્થાત્ જે રીતે વરાળ, વાદળ, પાણી અને બરફ - એ બધાંય જળસ્વરૂપ છે, એ જ રીતે અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સર્વ કાંઈ વાસુદેવસ્વરૂપ છે, એમ જેઓ જાણી લે છે.) એટલે કે પામી જાય છે. ॥૩૦॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનવિજ્ઞાનયોગો નામ સપ્તમોઽધ્યાયઃ ॥૭॥

**॥ જ્ઞાનવિજ્ઞાનયોગ નામનો સાતમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય સાતમો

## પ્રપતિ અથવા ઈશ્વરશરણતા

### ભક્તિનું ભવ્ય દર્શન

અર્જુનની સામે સ્વધર્મને વળગી રહેવાનો પ્રસંગ આવીને ઊભો રહેતાં પોતાનાં અને પારકાં એવા મોહમાં ફસાઈને તે સ્વધર્મનું આચરણ ટાળવા માગતો હતો. આ ખોટો મોહ પહેલા અધ્યાયમાં બતાવ્યો. તે મોહનું નિરસન કરવાને ખાતર બીજા અધ્યાયની શરૂઆત થઈ. અમર આત્મા બધે ભરેલો છે. દેહ નાશવંત છે અને સ્વધર્મ કદી ન છોડવો એ ત્રણ સિદ્ધાંતો ત્યાં રજૂ કર્યા છે. અને એ સિદ્ધાંતોનો અમલ કેમ કરવો તે શીખવનારી કર્મફળત્યાગની યુક્તિ પણ બતાવી છે. આ કર્મયોગનું વિવરણ કરતાં તેમાંથી કર્મ, વિકર્મ ને અકર્મ એ ત્રણ બાબતો ઉત્પન્ન થઈ. કર્મ-વિકર્મના સંગમમાંથી પેદા થનારું બે પ્રકારનું અકર્મ આપણે પાંચમા અધ્યાયમાં જોયું. છઠ્ઠા અધ્યાયમાંથી જુદાં જુદાં વિકર્મો સમજાવવાની શરૂઆત થઈ છે. ઉપરાંત, છઠ્ઠા અધ્યાયમાં સાધનાને માટે જરૂરી એકાગ્રતાની વાત કરી.



આજે હવે સાતમો અધ્યાય છે. આ અધ્યાયમાં વિકર્મનો એક નવો જ ભવ્ય ખંડ ઊઘડે છે. સૃષ્ટિદેવીના મંદિરમાં, એકાદ વિશાળ વનમાં જેમ તરેહતરેહના મનોહર દેખાવો આપણને જોવાના મળે છે. તેવું જ આ ગીતા ગ્રંથનું છે. છઠ્ઠા અધ્યાયમાં આપણે એકાગ્રતાનો ખંડ જોયો. હવે આપણે બીજા એક જુદા જ ખંડમાં દાખલ થઈએ.

એ ખંડ ઊઘડે તે પહેલાં આ મોહ પમાડનારી જગતની રચનાનું રહસ્ય સમજાવ્યું છે. ચિત્રકાર એક જ પીંછીથી એક જ કાગળ પર જાતજાતનાં ચિત્રો કાઢે છે. સતારનો વગાડનારો સાત સૂરમાંથી જ અનેક રાગ રેલાવે છે. સાહિત્યમાં માત્ર બાવન અક્ષરોની મદદથી આપણે નાનાવિધ ભાવના તેમ જ વિચાર પ્રગટ કરીએ છીએ. એવું જ આ સૃષ્ટિમાં પણ છે. સૃષ્ટિમાં અનંત વસ્તુઓ અને અનંત વૃત્તિઓ દેખાય છે. પણ આ આખીયે અંતર્બાહ્ય સૃષ્ટિ એક જ એક અખંડ આત્માના અને એકની એક અષ્ટધા પ્રકૃતિના બેવડા મસાલામાંથી નિર્માણ થઈ શકે છે. ક્રોધી માણસનો આનંદ, આળસુ કે એદીનું ઊંઘવાનું વલણ, ઉદ્યોગી માણસનું કર્મસ્ફુરણ એ બધાંયે એક જ ચૈતન્ય શક્તિના ખેલ છે. આ એકબીજાથી વિરોધીભાવોના મૂળમાં એક જ ચૈતન્ય ભર્યું છે. અંદરનું ચૈતન્ય જેમ એક જ છે તેમ જ બહારના આવરણનું સ્વરૂપ પણ એક જ છે. ચૈતન્યમય આત્મા અને જડ પ્રકૃતિના

આવા બેવડા મસાલામાંથી આખીયે સૃષ્ટિ જન્મી છે, એવું શરૂઆતથી જ ભગવાન કહી રહ્યા છે.

આત્મા અને દેહ, પરા અને અપરા પ્રકૃતિ બધે એક જ છે. આમ હોવા છતાં માણસ મોહમાં કેમ પડે છે? તેને ભેદ કેમ દેખાય છે? પ્રેમાળ માણસનો ચહેરો મીઠો લાગે છે અને બીજાનો કંટાળો આપે છે. એકને મળવાનું ને બીજાને ટાળવાનું મન કેમ થાય છે? કાગળ એક જ, પેન્સિલ એક જ અને ચિત્રકાર પણ એક જ હોવા છતાં તરેહતરેહનાં ચિત્રોથી તરેહતરેહના ભાવો ઉત્પન્ન થાય છે. એમાં જ ચિત્રકારની કુશળતા છે. ચિત્રકારની, પેલા સતારના બજવૈયાની આંગળીઓથી એવું કાબેલપણું રહેલું છે કે તે તમને રડાવે છે અને હસાવે છે. તેમની એ આંગળીઓમાં જ બધી ખૂબી છે.

આ પાસે હોય, આ પાસે ન હોય, આ મારો છે, આ પારકો છે, એવા એવા જે વિચારો મનમાં આવે છે અને જેમને લીધે ઘણી વાર માણસ મોકા ઉપર કર્તવ્યને પણ ટાળવા ચાહે છે તેનું કારણ મોહ છે. એ મોહ ટાળવો હોય તો સૃષ્ટિ નિર્માણ કરનારના હાથની આંગળીઓની કરામત ઓળખી લેવી જોઈએ. બૃહદારણ્યક ઉપનિષદમાં નગારાનું દૃષ્ટાંત આપ્યું છે. એક જ નગારામાંથી જુદા જુદા નાદ નીકળે છે. એ બધા જુદા જુદા ભાવોને જીતવા હોય તો નગારાના વગાડનારને પકડવો જોઈએ.



તેને પકડી લીધો કે બધા અવાજો પકડાયા સમજો. ભગવાન એક જ વાક્યમાં કહે છે, ‘જે માયાને તરી જવા માગે છે તેણે મારે શરણે આવવું.’

અહીં તે એકલા જ લીલા તરી ગયા છે જેમણે સર્વભાવથી મને જ એકને ભજ્યો છે. તે બધાને માટે આ પાર જ માયાજાળ ઓસરી ગયું છે. આ માયા એટલે શું? માયા એટલે પરમેશ્વરની શક્તિ. તેની કળા, તેની કુશળતા. પ્રકૃતિ અને આત્માના અથવા જૈન પરિભાષામાં કહીએ તો જીવ અને અજીવના આ મસાલામાંથી જેણે આ અનંત રંગોવાળી સૃષ્ટિ રચી છે. તેની જે શક્તિ અથવા કળા તે જ માયા છે. જેલમાં એમ એક જ અનાજમાંથી બનાવેલો એક જ જાતનો રોટલો અને એક જ સર્વરસવાળી દાળ હોય છે તે પ્રમાણે એક જ અખંડ આત્મા અને એક જ અષ્ટધા શરીરમાંથી પરમેશ્વર તરેહતરેહની વાનગીઓ બનાવ્યા કરે છે. એ વાનગીઓ જોઈ આપણે નાના પ્રકારના વિરોધી તેમ જ સારાનરસા ભવા અનુભવીએ છીએ. એ ભાવોની પાર જઈ સાચી શાંતિ અનુભવવી હોય તો એ વાનગીઓના બનાવનારને પકડવો જોઈએ. તેને ઓળખવો જોઈએ. તે ઓળખાણ થાય તો જ ભેદજનક, આસક્તિજનક મોહ ટાળવાનું બની શકે.

એ પરમેશ્વરને બરાબર ઓળખવાને માટેનું મહાન

સાધન, એક મહાન વિકર્મ સમજાવવાને માટે આ સાતમા અધ્યાયમાં ભક્તિનો ભવ્ય ખંડ ઉઘાડ્યો છે. ચિત્તશુદ્ધિને માટે યજ્ઞ-દાન, જપ-તપ, ધ્યાન-ધારણા વગેરે અનેક વિકર્મો બતાવવામાં આવે છે. એ સાધનોને હું સોડા, સાબુ ને અરીઠાંની ઉપમા આપીશ. પણ ભક્તિ એટલે પાણી છે. સોડા, સાબુ ને અરીઠાં સ્વચ્છતા આણે છે પણ પાણી વગર તેમનું કામ નહીં થાય. પાણી ન હોય તો એ બધાંને શું કરવાં છે? પરંતુ સોડા, સાબુ ને અરીઠાં નહીં હોય તો પણ એકલું પાણી નિર્મળપણું આપી શકે છે. પાણીની સાથે એ બધાં આવે તો દૂધમાં સાકર ભળે. યજ્ઞયાગ, ધ્યાન, તપ એ બધામાં ઊંડો ઉમળકો ન હોય તો ચિત્તશુદ્ધિ કેવી રીતે થાય? આ ઊંડો ઉમળકો તે જ ભક્તિ.

બધા ઉપાયોમાં ભક્તિની જરૂર છે, ભક્તિ સાર્વભૌમ ઉપાય છે. સેવાનું આખું શાસ્ત્ર ભણેલો, ઉપચારોની બરાબર પૂરી માહિતીવાળો માણસ માંદાની સારવાર કરવા જાય ખરો પણ તેના મનમાં અનુકંપાની લાગણી નહીં હોય તો સાચી સેવા થશે ખરી કે? બળદ જાડો, ખાસો જબરો છે. પણ તેને ગાંડુ ખેંચવાની ઈચ્છા જ નહીં હોય તો તે ગળિયો થઈને બેસશે, અરે અડિયલ થઈને ખાડામાં ગાડું લઈ જઈને નાખશે. દિલની ઊંડી લાગણી વગર કરેલા કર્મથી તુષ્ટિપુષ્ટિ થતી નથી.

## ભક્તિ વડે થતો વિશુદ્ધ આનંદનો લાભ



આવી ભક્તિ હશે તો તે મહાન ચિત્રકારની કળા જોવાની મળશે. તેના હાથમાં રહેલી તે પીંછી જોવાની મળશે. તે ઉગમનો ઝરો અને ત્યાંની અપૂર્વ મીઠાશ એક વાર ચાખ્યા પછી બાકીના બધા રસો તુચ્છ ને નીરસ લાગશે. અસલ કેળું જેણે ખાધું છે તે લાકડાનું રંગીન કેળું ક્ષણભર હાથમાં લેશે, મજાનું છે એમ કહેશે અને બાજુએ મૂકી દેશે. ખરું કેળું ચાખેલું હોવાથી લાકડાના નકલી કેળા માટે તેને ઝાઝો ઉત્સાહ રહેતો નથી. તે જ પ્રમાણે મૂળના ઝરાની મીઠાશ જેણે એક વાર ચાખી છે તે બહારના મીઠાઈ મેવા પર વારી નહીં જાય.

એક તત્ત્વજ્ઞાનીને એક વખત લોકોએ જઈને કહ્યું, ‘‘ચાલો મહારાજ, શહેરમાં આજે મોટી રોશની છે.’’ તે તત્ત્વજ્ઞાનીએ કહ્યું, ‘‘રોશની એટલે શું? એક દીવો, તેની પછી બીજો, તેની પછી ત્રીજો, એ પ્રમાણે લાખ, દશ લાખ, કરોડ, જોઈએ તેટલા દીવો છે એમ માનો. મેં તમારી રોશની જોઈ લીધી.’’ ગણિતની શ્રેણીમાં ૧+૨+૩ એમ અનંત સુધી સરવાળો મુકાય છે. બે સંખ્યા વચ્ચે રાખવાનું અંતર જાણ્યું ને સમજાયું પછી બધી સંખ્યા માંડી જવાની જરૂર રહેતી નથી. તેવી જ રીતે પેલા દીવા એક પછી એક મૂકી દીધા. પછી એમાં એટલું બધું તલ્લીન થઈ જવા જેવું છે શું? પણ માણસને એવી જાતના આનંદ લેવાનું ગમે છે. તે લીંબુ લાવશે, ખાંડ લાવશે, બંનેને પાણીમાં ભેળવશે ને પછી

લહેજતથી કહેશે, 'શું મજાનું શરબત છે!' જીભને ચાખ ચાખ કર્યા વગર બીજો ધંધો નથી. આને તેમાં ભેળવો, તેને આમાં ભેળવો, આવી બધી ભેળસેળ ખાવામાં જ બધું સુખ. નાનપણમાં એક વાર હું સિનેમા જોવા ગયો હતો. જતી વખતે સાથે ગૂણપાટ લેતો ગયો હતો. મારો આશય એ કે ઊંઘ આવે તો તેના પર સૂઈ જવું. પડદા પર આંખને આંજી નાખનારી આગ હું જોવા લાગ્યો. બેચાર મિનિટ સુધી તે ઝગઝગતી આગનાં ચિત્રો જોઈ મારી આંખો થાકી ગઈ. હું ગૂણપાટ પાથરીને સૂઈ ગયો ને મેં કહ્યું કે પૂરું થાય એટલે ઉઠાડજો. રાતને પહોરે બહાર ખુલ્લી હવામાં આકાશમાંના ચંદ્ર ને તારા વગેરે જોવાનું છોડીને, શાંત સૃષ્ટિમાંનો પવિત્ર આનંદ છોડીને, એ બંધિયાર થિયેટરમાં આગનાં ઢીંગલાં નાચતાં જોઈને લોકો તાળીઓ પાડે છે. મને પોતાને એ કંઈ સમજાતું નથી.

માણસ કેટલો નિરાનંદ કેમ? પેલાં નિર્જીવ ઢીંગલાં જોઈ આખરે બિચારો બહુ તો ક્ષણભર આનંદ મેળવે છે. જીવનમાં આનંદ નથી એટલે પછી માણસો કૃત્રિમ આનંદ શોધતાં ફરે છે. એક વાર અમારી પડોશમાં થાળી વાગવાનો અવાજ શરૂ થયો. મેં પૂછ્યું, 'આ થાળી શેની વાગી?' મને કહેવામાં આવ્યું. 'છોકરો આવ્યો!' અલ્યા ! દુનિયામાં તારા એકલાને ત્યાં જ છોકરો આવ્યો છે? છતાં પણ થાળી વગાડીને દુનિયાને જાહેર કરે છે કે મારે ત્યાં



છોકરો આવ્યો ! કૂદે છે, નાચે છે, ગીત ગાય છે ને ગવડાવે છે, શા માટે? તો કે છોકરો આવ્યો તેથી ! આવો આ નાદાનીનો ખેલ છે. આનંદનો જાણે કે દુકાળ છે. દુકાળમાં સપડાયેલા લોકો ક્યાંક ભાતના દાણા દીઠા કે ઝડપ મારે છે. તેમ છોકરો આવ્યો, સરકસ આવ્યું, સિનેમા આવ્યો કે આનંદના ભૂખ્યા આ લોકો કૂદકા મારી નાચવા મંડી પડે છે.

પણ આ ખરો આનંદ છે કે? ગાયનના સૂરનાં મોજાં કાનમાં પેસી મગજને ધક્કો આપે છે. આંખમાં રૂપ દાખલ થવાથી મગજને ધક્કો લાગે છે. આવા મગજને લાગતા ધક્કાઓમાં જ બિચારાઓનો આનંદ સમાયેલો છે. કોઈ તંબાકુ વાટીને નાકમાં ખોસે છે. કોઈ વાળી તેને બીડી વાળી મોંમાં ખોસે છે. એ તપકીરનો કે બીડીના ધુમાડાનો આંચકો લાગતાંની સાથે એ લોકોને જાણે આનંદની થાપણ મળી જાય છે ! બીડીનું ઠૂંઠું મળતાં તેમના આનંદને જાણે સીમા રહેતી નથી. ટોલ્સ્ટોય લખે છે. 'એ બીડીના કેફમાં તે માણસ સહેજે કોઈકનું ખૂન પણ કરશે.' એક જાતનો એ નશો જ છે.

આવા આનંદમાં માણસ કેમ તલ્લીન થઈ જાય છે? સાચા આનંદનો તેને પત્તો લાગ્યો નથી તેથી. માણસ પડછાયાથી ભૂલીને તેની પાછળ પડ્યો છે. આજે પંચજ્ઞાનેન્દ્રિયોના આનંદનો જ તે ઉપભોગ કરે છે. જોવાની આંખની ઈન્દ્રિય ન હોત તો તે એમ

માનત કે દુનિયામાં ઈન્દ્રિયોના ચાર જ આનંદ છે. કાલે મંગળના ગ્રહ પરથી છ જ્ઞાનેન્દ્રિયવાળો માણસ પૃથ્વી પર ઊતરે તો આ પાંચ જ્ઞાનેન્દ્રિયવાળાં દિલગીર થઈને રડતાં રડતાં કહેશે 'અરે ! આને મુકાબલે આપણે કેટલાં દૂબળાં!'

સૃષ્ટિમાં રહેલો સંપૂર્ણ અર્થ પંચજ્ઞાનેન્દ્રિયોને ક્યાંથી સમજાશે? તેમાંયે વળી પંચવિષયોમાંથી પોતાની ખાસ પસંદગી કરી માણસ બિચારો તેમાં રમમાણ થઈ જાય છે. ગધેડાનું ભૂંકેલું કાનમાં પેસે છે તો કહે છે. અશુભ કાનમાં પેઠું ! અને તારું દર્શન થવાથી તે ગધેડાનું કંઈ અશુભ નહીં થાય કે? તને માત્ર નુકસાન થાય છે, તારે લીધે બીજાને નુકસાન નહીં થતું હોય કે? માની લે છે કે ગધેડાનું ભૂંકેલું અશુભ છે ! એક વખત હું વડોદરાની કોલેજમાં હતો ત્યારે યુરોપિયન ગવૈયા આવ્યા હતા. સારા ગાનારા હતા. પોતાની કળા બતાવવામાં કમાલ કરતા હતા. પણ હું ત્યાંથી ક્યારે નાસવાનું મળે તેની વાટ જોતો હતો ! તે ગાયન સાંભળવાની મને ટેવ નહોતી, એટલે તેમને મેં નાપાસ કરી નાખ્યા. આપણા ગવૈયા ત્યાં જાય તો કદાચ ત્યાં નાપાસ થાય. સંગીતથી એક જણને આનંદ થાય છે ને બીજાને થતો નથી. એટલે એ સાચો આનંદ નથી. એ નકલી આનંદ છે. ખરા આનંદનું દર્શન નથી થયું. ત્યાં સુધી આપણે એ છેતરનારા આનંદ પર ઝોલાં ખાતા રહીશું. સાચું દૂધ મળ્યું નહોતું. ત્યાં સુધી



અશ્વત્થામા પાણીમાં ભેળવેલો લોટ દૂધ સમજીને પી જતો. તે જ પ્રમાણે સાચું સ્વરૂપ તમે સમજશો, તેનો આનંદ એક વાર ચાખશો એટલે પછી બીજું બધું ફીકું લાગશે.

એ ખરા આનંદને શોધી કાઢવાનો ભક્તિ ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે. એ રસ્તે આગળ જતાં જતાં પરમેશ્વરી કુશળતા સમજાશે. તે દિવ્ય કલ્પના આવ્યા પછી બાકીની બીજી બધી કલ્પનાઓ આપોઆપ ઓસરી જશે. પછી ક્ષુદ્ર આકર્ષણ રહેશે નહીં. પછી જગતમાં એક જ આનંદ ભરેલો દેખાશે. મીઠાઈની સેંકડો દુકાન હોય છતાં મીઠાઈનો પ્રકાર એકનો એક જ હોય છે. જ્યાં લગી સાચી વસ્તુ મળી નથી ત્યાં સુધી આપણે ચંચળ ચકલાંની માફક એક દાણો અહીંથી ખાશું. એક ત્યાંથી ખાશું. ને એમ ને એમ કરતાં રહીશું. સવારે હું તુલસીરામાયણ વાંચતો હતો. દીવાની પાસે જીવડાં એકઠાં થયાં હતાં. ત્યાં પેલી ગરોળી આવી. મારા રામાયણનું તેને શું ! જીવડાં જોઈ તેના આનંદનો પાર નહોતો. તે જીવડું ઝડપી લેવા જતી હતી ત્યાં મેં જરા હાથ હલાવ્યો એટલે જતી રહી. પણ તેનું બધું ધ્યાન તે જીવડામાં ચોંટેલું હતું. મેં મારી જાતને પૂછ્યું, 'અલ્યા, પેલું જીવડું ખાશે કે? એને જોઈને તારા મોંમાં પાણી આવે છે કે? મારા મોંમાં પાણી છૂટ્યું નહોતું. મને જે રસ મળ્યો હતો તેનો એ ગરોળીને થોડો જ ખ્યાલ હતો? તેને રામાયણમાંનો રસ ચાખતાં આવડતું નહોતું. તે

ગરોળીના જેવી આપણી દશા છે. તરેહતરેહના અનેક રસોમાં આપણે ડૂબેલા છીએ. પણ સાચો રસ મળે તો કેવી મજા આવે? એ સાચો રસ મળે તો કેવી મજા આવે? એ સાચો રસ ચાખવાનો મળે તે માટેનું એક સાધન ભક્તિ છે. ભગવાન હવે તે બતાવે છે.

## સકામ ભક્તિ પણ કીમતી છે

ભગવાને ભક્તના ત્રણ પ્રકાર કહ્યા છે. ૧. સકામ ભક્તિ કરનારો, ૨. નિષ્કામ પણ એકાંગી ભક્તિ કરનારો અને ૩. જ્ઞાની એટલે સંપૂર્ણ ભક્તિ કરનારો. નિષ્કામ પણ એકાંગી ભક્તિ કરનારાઓમાં પાછા ત્રણ પ્રકાર છે : ૧. આર્ત ૨. જિજ્ઞાસુ અને ૩. અર્થાર્થી. ભક્તિવૃક્ષની આવી જુદી જુદી શાખાઓ છે.

સકામ ભક્તિ કરનારો એટલે શું? કંઈક ઈચ્છા મનમાં રાખી પરમેશ્વર પાસે જનારો. આ ભક્તિ ઊતરતા પ્રકારની છે એથી હું તેની નિંદા નહીં કરું. ઘણા લોકો માનઆબરૂ મળે એટલા સારુ સાર્વજનિક સેવામાં જોડાય છે. તેમાં બગડ્યું શું? તમે તેને માન આપો. સારું સરખું માન આપો. માન આપવાથી કંઈ બગડવાનું નથી. એવું માન મળતું રહેવાથી આગળ ઉપર એ લોકો સાર્વજનિક સેવામાં સ્થિર થઈ જશે. પછી એ કામમાં જ તેમને આનંદ પડવા માંડશે. માન મળવું જોઈએ એવું લાગે છે



તેનો અર્થ શો? એનો અર્થ એટલો કે આપણે જે કામ કરીએ છીએ તે સારામાં સારું છે એવી માન મળવાથી ખાતરી થાય છે. પોતાની સેવા સારી છે કે નરસી એ સમજવાને જેની પાસે અંદરનું સાધન નથી તેને આ બહારનાં સાધન પર ભરોસો રાખીને ચાલવું પડે છે. મા દીકરાને શાબાશી આપે છે એટલે તેને માનું વધારે કામ કરવાની લાગણી થાય છે. સકામ ભક્તિનું એવું જ છે. સકામ ભક્ત સીધો ઈશ્વરને જઈને કહેશે, 'આપ.' ઈશ્વર પાસે જઈને બધું માગવું એ વાત સામાન્ય નથી. એ અસામાન્ય વાત છે. જ્ઞાનદેવે નામદેવને પૂછ્યું, 'જાત્રાએ આવે છે કે?' નામદેવે પૂછ્યું, 'જાત્રા શા સારુ?' જ્ઞાનદેવે કહ્યું, 'સાધુસંતોને મળવાનું થશે.' નામદેવે કહ્યું, 'દેવને પૂછી આવું.' નામદેવ મંદિરમાં જઈ દેવની સામે ઊભો રહ્યો. છેવટે રડતાં રડતાં તેણે પૂછ્યું, 'દેવ, હું જાઉં?' જ્ઞાનદેવ પાસે જ હતા. આ નામદેવને શું તમે ગાંડો કહેશો? ઘેર સ્ત્રી ન હોય તેટલા માટે રડનારા કંઈ ઓછા નથી. પણ ઈશ્વરની પાસે જઈ રડનારો ભક્ત સકામ હશે તોયે તે અસામાન્ય છે. ખરેખર માગવા જેવી વસ્તુ તે માગતો નથી એ તેનું અજ્ઞાન છે. પણ તેથી તેની સકામ ભક્તિ ત્યાજ્ય સાબિત થતી નથી.

સ્ત્રીઓ સવારે વહેલી ઊઠીને નાના પ્રકારનાં વ્રતો કરે છે, દીવો કરી આરતી ઉતારે છે, તુળસીની પ્રદક્ષિણા કરે છે. શાને સારું? મરી ગયા પછી ઈશ્વરકૃપા કરે તે સારું. એમની એ સમજ

ગાંડીઘેલી હશે. પણ તેટલા ખાતર તે વ્રત, ઉપવાસ અને તપ વગેરે કરે છે. એવાં વ્રતશીલ કુળમાં મોટા પુરુષો જન્મ લે છે. તુલસીદાસના કુળમાં રામતીર્થ જન્મ્યા. રામતીર્થ ફારસી ભાષાના વિદ્વાન હતા. કોઈએ કહ્યું, 'તુલસીદાસના કુળમાંના તમે અને તમને સંસ્કૃત ન આવડે એ કેવું?' રામતીર્થના મન પર આ વચનની અસર થઈ. કુળની સ્મૃતિમાં એટલું સામર્થ્ય હતું. આગળ ઉપર રામતીર્થે એ પ્રેરણાથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો. સ્ત્રીઓ જે ભક્તિ કરે છે તેની ઠેકડી ન ઉડાવીએ. ભક્તિના આવા કણકણનો જ્યાં સંઘરો થાય છે ત્યાં તેજસ્વી સંતતિ પેદા થાય છે. તેથી ભગવાન કહે છે, 'મારો ભક્ત સકામ હશે તો પણ હું તેની ભક્તિ દૃઢ કરીશ. તેના મનમાં ગોટાળા પેદા નહીં કરું. હે ઈશ્વર ! મારો રોગ મટાડ એવું તે તાલાવેલીથી કહેશે તો તેની આરોગ્યની ભાવના કેળવીને હું તેનો રોગ મટાડીશ. ગમે તે મિષે તે મારી પાસે આવશે તોયે હું તેની પીઠ પર હાથ ફેરવી તેની કદર કરીશ.' ધ્રુવની વાત યાદ કરો. બાપના ખોળામાં બેસવાનું મળ્યું નહીં એટલે તેની માએ તેને કહ્યું કે, 'ઈશ્વર પાસે માગ.' તેણે ઉપાસના કરવા માંડી. ઈશ્વરે તેને અવિચળ પદવી આપી. મન નિષ્કામ નહીં હોય તોયે શું થયું? માણસ કોની પાસે જાય છે, ને કોની પાસે માગે છે, એ વાત મહત્ત્વની છે. દુનિયાની આગળ મોઢું લાચાર કરવાને બદલે ઈશ્વરને આજીજી કરવાની



વૃત્તિ મહત્ત્વની છે.

કોઈ પણ બહાને ભક્તિના મંદિરમાં એક વાર પગ મૂકો એટલે પત્યું. શરૂઆતમાં કામનાના માર્યા આવશો તોયે આગળ ઉપર નિષ્કામ થયા વગર રહેશો નહીં. પ્રદર્શનમાં નમૂનાઓ ગોઠવીને સંચાલક કહે છે, 'અરે જરા આવીને જુઓ તો ખરા, કેવી મજાની ખાદી નીકળવા માંડી છે ! આ જુઓ જુદા જુદા નમૂના.' પછી માણસ ત્યાં જાય છે. તેના મન પર અસર થયા વગર રહેતી નથી. એવું જ ભક્તિનું છે. ભક્તિના મંદિરમાં એક વાર દાખલ થશો એટલે ત્યાંનું સૌંદર્ય અને સામર્થ્ય ઓળખવાનું મળશે. સ્વર્ગમાં જતી વખતે ધર્મરાજ યુધિષ્ઠિરની સાથે એકલો કૂતરો રહ્યો. ભીમ, અર્જુન બધાં રસ્તામાં ગળી પડ્યાં. સ્વર્ગને બારણે પહોંચતાં ધર્મને કહેવામાં આવ્યું. "તને દાખલ થવા દેવાશે, કૂતરાને મનાઈ છે." ધર્મે કહ્યું, "મારા કૂતરાને દાખલ થવાનું નહીં મળતું હોય તો મારેયે દાખલ થવું નથી." અનન્ય સેવા કરનારો ભલે કૂતરો કેમ ન હોય પણ બીજા મૂછ પર લીંબુ ઠેરવનારા કરતાં ચડિયાતો છે. તે કૂતરો ભીમ ને અર્જુન કરતાં પણ ચડિયાતો સાબિત થયો. પરમેશ્વરની પાસે જનારું જીવડું કેમ ન હોય પણ ન જનારા ભલભલા મોટાઓ કરતાં પણ મોટું છે. મંદિરમાં પેસતાં જ જોશો તો કાચબો બેસાડેલો હોય છે. પોઠિયો હોય છે. પણ સૌ કોઈ નમસ્કાર કરે છે. તે સામાન્ય

બળદ નથી. તે ઈશ્વરની સામે બેસનારો છે. બળદ હશે તોયે તે ઈશ્વરનો છે એ વાત ભૂલી નહીં શકાય. ભલભલા અક્કલવાળા ડાહ્યા કરતાં તે ચડિયાતો છે. ઈશ્વરનું સ્મરણ કરનારો મૂરખ જીવ વિશ્વને વંદન કરવા લાયક બને છે.

એક વખત હું રેલવે ગાડીમાં જતો હતો. ગાડી જમનાના પુલ પર આવી. મારી પાસે બેઠેલા એક ઉતારુએ દિલમાં ઉમળકો આવ્યો એટલે એક પૈસો નદીમાં નાખ્યો. પાસે બીજા એક ચીકણા ટીકાખોર ગૃહસ્થ બેઠા હતા. તે બોલ્યા, "મૂળમાં દેશ આપણો ગરીબ અને આવા લોકો નકામા પૈસા ફેંકી દે છે." મેં તેમને કહ્યું, "તમે એ ભાઈનો હેતુ સમજ્યા નથી. જે ભાવનાથી તેણે એ પૈસો ફેંક્યો તેની કિંમત બેચાર પૈસા ખરી કે નહીં? બીજા સારા કામમાં એ પૈસા તેણે વાપર્યા હોત તો વધારે સારું દાન થાત પણ એ બધી વાત પછી. પરંતુ આ નદી એટલે જાણે કે ઈશ્વરની કરુણા વહી રહી છે એમ માની એ ભાવિકના મનમાં કંઈક ભાવના ઉત્પન્ન થઈ અને તેણે ત્યાગ કર્યો. એ ભાવનાને તમારા અર્થશાસ્ત્રમાં કંઈ સ્થાન ખરું કે? પોતાના મુલકની એક નદીના દર્શનથી તેનું દિલ પીગળ્યું. એ ભાવના તમને સમજાશે પછી હું તમારી દેશભક્તિની પરખ કરીશ." દેશભક્તિ એટલે શું કેવળ રોટલો? દેશની એક મહાન નદી જોઈને લાવ બધ સંપત્તિ તેમાં ડુબાવી દઉં, તેના ચરણમાં અર્પણ કરું એવું મનમાં થાય એ



કેવડી મોટી દેશભક્તિ છે? એ બધાયે પૈસા, પેલા ધોળા, લાલ ને પીળા પથરા, પેલા દરિયાના જીવોની વિષ્ટામાંથી બનેલાં મોતી ને પરવાળાં, એ બધાંયની પાણીમાં ડુબાડવા જેટલી જ કિંમત છે. પરમેશ્વરના ચરણ પાસે એ બધી ધૂળને તુચ્છ લેખજો. તમે કહેશો, નદીનો ને ઈશ્વરના ચરણનો આ સંબંધ વળી ક્યાંથી લાવ્યા? તમારી સૃષ્ટિમાં ઈશ્વરનો સંબંધ ક્યાંય છે ખરો કે? નદી એટલે શું? ઓક્સિજન અને હાઈડ્રોજન. સૂર્ય એટલે કિટ્સનની ઘણી મોટી બત્તીનો એક નમૂનો. તેને નમસ્કાર કેવા કરવાના? નમસ્કાર એક તમારા રોટલાને. તો પછી તમારા એ રોટલામાંયે શું છે? એ રોટલો એટલે પણ આખરે એક ધોળી માટી જ ને? તેને માટે શા સારુ મોંમાં પાણી આણો છો? આવડો મોટો આ સૂર્ય ઊગ્યો છે, આવી આ સુંદર નદી દેખાય છે, એમાં પરમેશ્વરનો અનુભવ નહીં થાય તો ક્યાં થશે? પેલો અંગ્રેજ કવિ વડ્ઝવર્થ દુઃખી દિલથી ગાય છે, 'પહેલાં હું મેઘધનુષ જોતો ત્યારે નાચી ઊઠતો, મારા દિલમાં ઉમળકો આવતો. આજે હવે હું કેમ નાચી ઊઠતો નથી? પહેલાંના જીવનની માધુરી ખોઈને હું જડ પથરો તો નથી બની ગયો?'

ટૂંકમાં, સકામ ભક્તિ અથવા અણઘડ માણસની ભાવનાનું પણ ઘણું મહત્ત્વ છે. સરવાળે તેમાંથી મહાન સામર્થ્ય નીપજે છે. જીવ ગમે તે હોય ને ગમે તેવડો હોય પણ પરમેશ્વરના દરબારમાં

એક વાર પેઠો એટલે તે માન્ય થયો. અગ્નિમાં ગમે તેવું લાકડું નાખશો પણ તે સળગી ઊઠ્યા વગર નહીં રહે. પરમેશ્વરની ભક્તિ એ અપૂર્વ સાધના છે. સકામ ભક્તિની પણ ઈશ્વર કદર કર્યા વગર રહેતો નથી. આગળ ઉપર તે જ ભક્તિ નિષ્કામ થઈને પૂર્ણતા તરફ જશે.

## નિષ્કામ ભક્તિના પ્રકાર અને પૂર્ણતા

સકામ ભક્ત એ એક પ્રકાર થયો. હવે નિષ્કામ ભક્તિ કરનારાને જોઈએ. એમાં વળી એકાંગી ને પૂર્ણ એવા બે પ્રકાર છે. અને એકાંગીમાં પાછી ત્રણ જાત છે. પહેલી જાત આર્ત ભક્તોની. આર્ત એટલે ભીનાશ જોનારો, ઈશ્વરને માટે રડનારો, વિહ્વળ થનારો, જેવા કે નામદેવ. એ ઈશ્વરનો પ્રેમ ક્યારે મળે, તેને ગળે વળગીને ક્યારે ભેટું, તેના પગમાં ક્યારે જડાઈ જાઉં, એવી તાલાવેલીવાળો છે. હરેક કાર્યમાં આ ભક્ત લાગણી છે કે નહીં, પ્રેમ છે કે નહીં એવી ભાવનાથી જોશે.

બીજી જાત છે જિજ્ઞાસુની. આ જાતના નમૂના હાલમાં આપણા મુલકમાં ઝાઝા જીવાના મળતા નથી. એમાંના કોઈ ગૌરીશંકર ફરી ફરીને ચડશે ને તેમાં ખપી જશે. બીજા વળી ઉત્તર ધ્રુવની શોધને માટે નીકળશે અને પછી પોતાની શોધનું બ્યાન કાગળ પર નોંધી તે કાગળ શીશીમાં ઘાલી તેને પાણીમાં તરતી છોડી મરી જશે. કોઈ વળી જ્વાળામુખીની અંદર ઊતરશે.



હિંદુસ્તાનમાં લોકોને મરણ એટલે જાણે મોટો હોઉ એવું થઈ ગયું છે. પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું એ વગર બીજો કોઈ પુરુષાર્થ જાણે એ લોકોને માટે રહ્યો નથી ! જિજ્ઞાસુ ભક્તની પાસે અદમ્ય જિજ્ઞાસા હોય છે. તે હરેક વસ્તુના ગુણધર્મની ખોજમાં રહે છે. માણસ નદીમુખેથી સાગરને મળે છે તેમ આ જિજ્ઞાસુ પણ છેવટે પરમેશ્વરને મળશે.

ત્રીજી જાત રહી અર્થાર્થી એટલે હરેકેહરેક વાતમાં અર્થ જોનારો. અર્થ એટલે પૈસો નહીં. અર્થ એટલે હિત, કલ્યાણ. દરેક બાબતની પરીક્ષા કરતી વખતે ‘આનાથી સમાજનું કલ્યાણ શું થશે?’ એ કસોટી તે રાખશે. મારું લખાણ, મારું ભાષણ, મારું બધુંયે કર્મ જગતના માંગલ્ય અર્થે છે કે નથી એ વાત તે જોશે. નિરુપયોગી, અહિતકર ક્રિયા તેને પસંદ નથી. જગતના હિતની ફિકર રાખનારો આ કેવો મોટો મહાત્મા છે ! જગતનું કલ્યાણ એ જ તેનો આનંદ છે. બધી ક્રિયાઓ તરફ પ્રેમની દૃષ્ટિથી જોનારો તે આર્ત, જ્ઞાનની દૃષ્ટિથી જોનારો તે જિજ્ઞાસુ અને સર્વના કલ્યાણની દૃષ્ટિથી જોનારો તે અર્થાર્થી છે.

આ ત્રણે જાતના ભક્તો નિષ્કામ ખરા પણ એકાંગી છે. એક કર્મ મારફતે, બીજો હૃદય મારફતે અને ત્રીજો બુદ્ધિ મારફતે ઈશ્વરની પાસે પહોંચે છે. હવે રહ્યો તે પ્રકાર પૂર્ણ ભક્તનો. એને જ જ્ઞાની ભક્ત કહી શકાય. એ ભક્તને જે દેખાશે તે બધુંયે

ઈશ્વરનું સ્વરૂપ હશે. કુરૂપ-સુરૂપ, રાય-રંક, સ્ત્રી-પુરુષ, પશુ-પક્ષી બધામાં તેને પરમાત્માનું પાવન દર્શન થાય છે.

'नर नारी बाळें अवघा नारायण। ऐसें माझें मन करीं देवा।'

નર, નારી, બાળ બધાંયે નારાયણ છે એવું હે પ્રભુ ! મારું મન બનાવી દે. આવી તુકારામ મહારાજની પ્રાર્થના છે. નાગની પૂજા, હાથીના મોઢાવાળા દેવની પૂજા, ઝાડની પૂજા એવા એવા પાગલપણાના જે નમૂના હિંદુધર્મમાં છે તેના કરતાંયે આ જ્ઞાની ભક્તમાં પાગલપણાની કમાલ થયેલી જોવાની મળે છે. તેને ગમે તે મળો. કીડીમકોડીથી માંડીને તે ચંદ્રસૂર્ય સુધી, સર્વત્ર તેને એક જ પરમાત્મા દેખાય છે ને તેનું દિલ આનંદથી ઊભરાય છે -

'मग तया सुखा अंत नाहीं पार। आनंदें सागर हेलावती॥'

પછી તેને પાર વગરનું સુખ મળે છે, આનંદથી તેના હૃદયનો સાગર હિલોળે ચડે છે. આવું આ જે દિવ્ય અને ભવ્ય દર્શન છે તેને જોઈએ તો ભ્રમ કહો, પણ એ ભ્રમ સુખનો રાશિ છે, આનંદનો અપાર સંઘરો છે. ગંભીર સાગરમાં એને ઈશ્વરનો વિલાસ દેખાય છે. ગાયમાં તેને ઈશ્વરની વત્સલતાનો અનુભવ થાય છે, પૃથ્વીમાં તેને તેની ક્ષમતાનું દર્શન થાય છે. નિરભ્ર આકાશમાં તે તેની નિર્મળતા જુએ છે, રવિચંદ્રતારામાં તેને તેનું તેજ ને ભવ્યતા દેખાય છે, ફૂલોમાં તે તેની કોમળતાનો અનુભવ



કરે છે, અને દુર્જનમાં તે પોતાની કસોટી કરનારા ઈશ્વરનું દર્શન કરે છે. આમ એક પરમાત્મા સર્વત્ર રમી રહ્યો છે એમ જોવાનો જ્ઞાની ભક્તનો અભ્યાસ કાયમ ચાલુ રહે છે. એવો અભ્યાસ કરતો કરતો એક દિવસ તે ઈશ્વરમાં મળી જાય છે.

# આઠમા અધ્યાયનું માહાત્મ્ય

ભગવાન શિવજી બોલ્યા : હે દેવિ ! હવે આઠમા અધ્યાયનું માહાત્મ્ય સાંભળો. એ સાંભળવાથી તમને ઘણી પ્રસન્નતા થશે. લક્ષ્મીજીના પૂછવાથી ભગવાન વિષ્ણુએ તેમને આ રીતે આઠમા અધ્યાયનું માહાત્મ્ય સંભળાવ્યું હતું :

દક્ષિણમાં આમર્દકપુર નામે એક પ્રસિદ્ધ નગર છે. ત્યાં ભાવશર્મા નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેણે વેશ્યાને પત્ની બનાવી રાખી હતી. તે માંસ ખાતો, મદિરા પીતો, શ્રેષ્ઠ પુરુષોનું ધન ચોરતો, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરતો અને શિકારમાં અભિરુચિ ધરાવતો હતો. તે બહુ ભયંકર સ્વભાવનો હતો અને મનમાં મોટી મોટ આકાંક્ષાઓ રાખતો.

એક દિવસ શરાબીઓની ટોળી જામી હતી. તેમાં ભાવશર્માએ પેટ ભરી દારૂ પીધો. એથી અજીર્ણ થતાં અત્યંત પીડિત થઈ કાળવશ થયો અને એક તાડના મોટા વૃક્ષ રૂપે અવતર્યો. તેની ગાઢ ઠંડી છાયાનો આસરો લઈ કોઈ પતિપત્ની બ્રહ્મરાક્ષસની યોનિને પ્રાપ્ત થઈ ત્યાં રહેતાં હતાં.



તેમનાં પૂર્વ જન્મની ઘટના આ રીતની છે :

એક કુશીબલ નામે બ્રાહ્મણ હતો જે વેદ-વેદાંગ અને તત્ત્વોનો જ્ઞાતા, શાસ્ત્રોના અર્થનો વિશેષજ્ઞ અને સદાચારી હતો. તેની સ્ત્રીનું નામ કુમતિ હતું. તે ઘણા ખરાબ વિચારોવાળી હતી. તે બ્રાહ્મણ વિદ્વાન હોવા છતાં અત્યંત લોભના કારણે પોતાની સ્ત્રી સાથે ભેંસ, કાળપુરુષ અને ઘોડા વગેરેનાં દાન લેતો હતો. પણ દાનમાં મળેલી વસ્તુમાંથી બીજા બ્રાહ્મણોને કોડી પણ આપતો ન હતો. તે બંને પતિ પત્ની કાળવશ મૃત્યુ પામ્યાં અને બ્રહ્મરાક્ષસ થયાં. તેઓ ભૂખ તરસથી પીડિત થઈ આ પૃથ્વી ઉપર ભટકતાં તે તાડની પાસે આવ્યાં અને તેના મૂળમાં રહેવા લાગ્યાં. તે પછી પત્નીએ પતિને પૂછ્યું :

'નાથ ! આપણું આ મહાન દુઃખ કેવી રીતે દૂર થશે? આ બ્રહ્મરાક્ષસ યોનિમાંથી આપણી મુક્તિ કઈ રીતે થશે?'

ત્યારે બ્રાહ્મણ બોલ્યો : 'બ્રહ્મવિદ્યાના ઉપદેશ, અધ્યાત્મ તત્ત્વોના વિચાર અને કર્મવિધિના જ્ઞાન વગર સંકટમાંથી કેવી રીતે છૂટકારો મળે?'

આ સાંભળી પત્નીએ પૂછ્યું : 'किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।' (હે પુરુષોત્તમ ! તે બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? અને કર્મ શું છે?)

તેની પત્નીએ આટલું જ કહેતાં આશ્ચર્યજનક ઘટના બની

તે સાંભળો. ઉપરનું વાક્યગીતાના આઠમા અધ્યાયનો અડધો શ્લોક હતો. તેને જ સાંભળવાથી પેલું વૃક્ષ તે જ સમયે તાડનું રૂપ ત્યજીને ભાવશર્મા નામે બ્રાહ્મણ બની ગયું. તત્કાળ જ્ઞાન થવાથી વિશુદ્ધ ચિત્ત થઈ તે પાપની યોનિમાંથી છૂટી ગયું તથા તે અડધા શ્લોકના માહાત્મ્યથી જ તે પતિ પત્ની પણ મુક્ત થઈ ગયાં. તેના મુખેથી આકસ્મિક આઠમા અધ્યાયનો અડધો શ્લોક બોલાઈ ગયો હતો. તે પછી આકાશથી એક દિવ્ય વિમાન આવ્યું અને તે બંને પતિ પત્ની તે વિમાન ઉપર આરૂઢ થઈ સ્વર્ગમાં સિધાવ્યાં. ત્યાંનો આ સમગ્ર વૃત્તાંત આશ્ચર્યજનક હતો.

ત્યારબાદ તે બુદ્ધિમાન બ્રાહ્મણ ભાવશર્માએ આદરપૂર્વક તે અડધા શ્લોકને લખી દેવાધિદેવ જનાર્દનની આરાધના કરવાની ઈચ્છાથી તે મુક્તિદાયિની કાશીપુરીમાં ચાલ્યો ગયો. ત્યાં એ ઉદારબુદ્ધિ બ્રાહ્મણે ભારે તપ આદર્યું. તે જ સમયે ક્ષીરસાગરનાં પુત્રી ભગવતી લક્ષ્મીજીએ હાથ જોડી દેવાધિદેવ ભગવાન જનાર્દનને પૂછ્યું :

‘નાથ ! આપ એકાએક નિદ્રા ત્યાગી ઊભા કેમ થઈ ગયા?’

શ્રીભગવાન બોલ્યા : ‘હે દેવિ ! કાશીપુરીમાં ભાગીરથીના કિનારે બુદ્ધિમાન બ્રાહ્મણ ભાવશર્મા મારા ભક્તિરસથી પરિપૂર્ણ થઈ અત્યંત કઠોર તપ કરી રહ્યો છે. તે



પોતાની ઈન્દ્રિયોને વશ કરી ગીતાના આઠમા અધ્યાયના અડધા શ્લોકનો જપ કરે છે. હું એની તપસ્યાથી ઘણો સંતુષ્ટ છું. ઘણા સમયથી તેની તપસ્યાને અનુરૂપ ફળનો વિચાર કરતો હતો. હે પ્રિયે ! આ વખતે તે ફળ આપવા હું ઉત્કંઠિત છું.’

પાર્વતીજીએ પૂછ્યું : ‘ભગવન્ ! શ્રીહરિ સદા પ્રસન્ન રહેતા હોવા છતાં જેના માટે ચિંતિત હતા તે ભગવદ્ભક્ત ભાવશર્માએ શું ફળ મેળવ્યું?’

શ્રી મહાદેવજી બોલ્યા : ‘હે દેવિ ! બ્રાહ્મણશ્રેષ્ઠ ભાવશર્મા પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુનો પ્રસાદ પામી આત્યંતિક સુખને પ્રાપ્ત થયો તથા તેના અન્ય વંશજો પણ જેઓ નરકયાતના ભોગવતા હતા તેનાં જ શુદ્ધ કર્મોથી ભગવદ્ધામને પ્રાપ્ત થયા. હે પાર્વતી ! આ આઠમા અધ્યાયનું માહાત્મ્ય સંક્ષેપમાં તમને કહ્યું છે. તેના પર હંમેશાં વિચાર કરતા રહેવું જોઈએ.’

# અષ્ટમ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**કિં તદ્બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।**
**અધિભૂતં ચ કિં પ્રોક્તમધિદૈવં કિમુચ્યતે ॥૧॥**

અર્જુન બોલ્યા : હે પુરુષોત્તમ ! એ બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? કર્મ શું છે? અધિભૂત નામથી શું કહેવાયું છે અને અધિદૈવ કોને કહે છે?

**અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્મધુસૂદન ।**
**પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ ॥૨॥**

હે મધુસૂદન ! આ પ્રસંગે અધિયજ્ઞ કોણ છે? અને તે આ શરીરમાં કેવી રીતે છે? તથા તમારામાં ચિત્ત પરોવેલા માણસો વડે અન્તકાળે તમે કયા પ્રકારે ઓળખી શકાઓ છો? ॥૨॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।**
**ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસઞ્જિતઃ ॥૩॥**

શ્રીભગવાન બોલ્યા : પરમ અક્ષર 'બ્રહ્મ' છે, પોતાનું



સ્વરૂપ અર્થાત્ જીવાત્મા 'અધ્યાત્મ' નામે કહેવાય છે, તથા સકળ ચરાચર પ્રાણીઓનો ઉદ્ભવ તેમજ અભ્યુદય કરાવનાર જે સૃષ્ટિરચનારૂપી વિસર્જન અર્થાત્ ત્યાગ છે, એ 'કર્મ' નામે ઓળખાયો છે. ॥૩॥

**અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।**
**અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ॥૪॥**

ઉત્પત્તિ-વિનાશશીલ પ્રત્યેક પદાર્થ 'અધિભૂત' છે, હિરણ્યમય પુરુષ (જેમને શાસ્ત્રોમાં 'સૂત્રાત્મા', 'હિરણ્યગર્ભ', 'પ્રજાપતિ', 'બ્રહ્મા' વગેરે નામો વડે ઓળખાવ્યા છે.) 'આધિદૈવ' છે અને હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! આ શરીરમાં હું વાસુદેવ જ અન્તર્યામીસ્વરૂપે 'અધિયજ્ઞ' છું. ॥૪॥

**અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।**
**યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥૫॥**

જે માણસ અંતકાળેય મને જ સ્મરતો-સ્મરતો શરીર છોડીને છોડીને જાય છે, એ મારા સાક્ષાત્ સ્વરૂપને પામે છે, એમાં સહેજ પણ સંશય નથી. ॥૫॥

**યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૈન્તેય સદા તદ્ભાવભાવિતઃ ॥૬॥**

હે કુન્તીપુત્ર ! આ માણસ અંતકાળે જે - જે પણ ભાવને સ્મરણ કરતો શરીરને છોડે છે, તેને તેને જ પામે છે, કેમકે એ

સદા તે જ ભાવથી ભાવિત રહ્યો છે. ॥૬॥

**તસ્માત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્મામેવૈષ્યસ્યસંશયમ્ ॥૭॥**

માટે હે અર્જુન ! તું સર્વ કાળે નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર, આ પ્રમાણે મારામાં અર્પેલાં મન-બુદ્ધિથી યુક્ત થઈ તું ચોક્કસ મને જ પામીશ. ॥૭॥

**અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના ।**
**પરમં પુરુષં દિવ્યં યાતિ પાર્થાનુચિન્તયન્ ॥૮॥**

હે પાર્થ ! એ નિયમ છે કે પરમેશ્વરના ધ્યાનના અભ્યાસસ્વરૂપ યોગથી યુક્ત, બીજી તરફ ન જનારા ચિત્તથી નિરંતર ચિંતન કરતો માણસ પરમ પ્રકાશસ્વરૂપ દિવ્ય પુરુષને એટલે કે પરમેશ્વરને જ પામે છે. ॥૮॥

**કવિં પુરાણમનુશાસિતાર-**
**મણોરણીયાંસમનુસ્મરેદ્યઃ ।**
**સર્વસ્ય ધાતારમચિન્ત્યરૂપ -**
**માદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥૯॥**

જે માણસ સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયન્તા, (અન્તર્યામીરૂપે સઘળાં પ્રાણીઓનાં શુભ તેમજ અશુભ કર્મો પ્રમાણે શાસન કરનાર.) સૂક્ષ્મથીય અતિ સૂક્ષ્મ, સૌનું ધારણ-પોષણ કરનાર, અચિન્ત્ય-સ્વરૂપ, સૂર્ય સમાન નિત્ય ચેતન



પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી સાવ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરને સ્મરે છે - ॥૯॥

**પ્રયાણકાલે મનસાચલેન**
**ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ ।**
**ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્**
**સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥૧૦॥**

એ ભક્તિયુક્ત માણસ અંતકાળેય યોગબળથી બે ભ્રમરોની મધ્યમાં પ્રાણને સારી રીતે સ્થાપ્યા પછી નિશ્ચળ મનથી સ્મરતો-સ્મરતો એ દિવ્યરૂપ પરમ પુરુષ પરમાત્માને જ પામે છે. ॥૧૦॥

**યદક્ષરં વેદવિદો વદન્તિ**
**વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।**
**યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ**
**તત્તે પદં સઙ્ગ્રહેણ પ્રવક્ષ્યે ॥૧૧॥**

વેદને જાણનાર વિદ્વાનો જે સચ્ચિદાનંદઘનસ્વરૂપ પરમપદને અવિનાશી કહે છે, આસક્તિ વિનાના યત્નશીલ સંન્યાસી મહાત્માઓ જેનામાં પ્રવેશ કરે છે તથા જે પરમપદના ઈચ્છુક બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યનું આચરણ કરે છે, એ પરમપદને હું તારા માટે ટૂંકમાં કહું છું. ॥૧૧॥

**સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુધ્ય ચ ।**

**મૂધર્ન્યાધાયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્ ॥૧૨॥**

**ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મામનુસ્મરન્ ।**

**યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥૧૩॥**

બધી ઈન્દ્રિયોનાં દ્વારોને રોકીને તથા મનને હૃદયપ્રદેશમાં સ્થિર કરીને, પછી એ જિતાયેલ મન વડે પ્રાણને મસ્તકમાં સ્થાપીને, પરમાત્મસંબંધી યોગધારણામાં સ્થિત થઈને જે માણસ 'ૐ' એ એક-અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતો અને એના અર્થસ્વરૂપ મુજ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતો શરીરને છોડીને જાય છે, એ માણસ પરમ ગતિને પામે છે. ॥૧૨-૧૩॥

**અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।**

**તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥૧૪॥**

હે પૃથાપુત્ર ! જે માણસ મારામાં અનન્ય-ચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમને સ્મરે છે, એ નિત્ય-નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કે એને સહજ રીતે મળી જાઉં છું. ॥૧૪॥

**મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમશાશ્વતમ્ ।**

**નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥૧૫॥**

પરમ સિદ્ધિને પામેલા મહાત્માઓ મને પામીને દુઃખોના રહેઠાણ તેમજ ક્ષણભંગુર એવા પુનર્જન્મને નથી પામતા. ॥૧૫॥

**આ બ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્તિનોઽર્જુન ।**



**મામુપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે ॥૧૬॥**

હે અર્જુન ! બ્રહ્મલોક સુધીના સમસ્ત લોકો પુનરાવર્તી (એટલે કે જેમને પામીને ફરી સંસારમાં આવવું પડે એવા) છે, પરંતુ હે કુન્તીપુત્ર ! મને પામીને પુનર્જન્મ નથી થતો, કેમકે હું કાલાતીત છું અને આ બ્રહ્મા આદિના લોકો કાળ દ્વારા સીમિત હોવાથી અનિત્ય છે. ॥૧૬॥

**સહસ્ત્રયુગપર્યન્તમહર્યદ્બ્રહ્મણો વિદુઃ ।**

**રાત્રિં યુગસહસ્ત્રાનાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥૧૭॥**

બ્રહ્માનો જે એક દિવસ છે એને સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિયુગ - એ ચાર યુગના એકહજારવાર થતા આવર્તનમાં લાગતા સમય જેટલો, તેમજ એમની રાત્રિને પણ એટલી જ એટલે કે એકહજાર ચતુર્યુગના સમય જેટલી (અર્થાત્ બ્રહ્મલોકનો પણ અન્ત આવતો હોવાને લીધે એ પણ વિનાશશીલ તથા અનિત્ય છે એમ) જેઓ તત્ત્વથી જાણે છે, એ યોગીઓ કાળના તત્ત્વને જાણનારા છે. ॥૧૭॥

**અવ્યક્તાદ્વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।**

**રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસઞ્જ્ઞકે ॥૧૮॥**

બધાય જીવો બ્રહ્માનો દિવસ શરૂ થતાં અવ્યક્તથી અર્થાત્ બ્રહ્માના સૂક્ષ્મ શરીરથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્માની રાત્રિ શરૂ થતાં એ અવ્યક્ત નામના બ્રહ્માના સૂક્ષ્મ શરીરમાં જ લીન થઈ

જાય છે. ॥૧૮॥

**ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।**
**રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસઞ્જ્ઞકે ॥૧૮॥**

હે પાર્થ ! એ જ આ ભૂતસમુદાય વારંવાર ઉત્પન્ન થઈને પ્રકૃતિને વશ થયેલો બ્રહ્માની રાત્રિ થતાં લય પામે છે અને દિવસ શરૂ થતાં ફરી ઉત્પન્ન થાય છે. ॥૧૯॥

**પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તોઽવ્યક્તાત્સનાતનઃ ।**
**ય સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥૨૦॥**

પરંતુ એ અવ્યક્ત કરતાંય સાવ પર એવો અન્ય એટલે કે વિલક્ષણ જે સનાતન અવ્યક્ત ભાવ છે, એ પરમ દિવ્ય પુરુષ સઘળા જીવોના નષ્ટ થવા છતાંય નાશ નથી પામતો. ॥૨૦॥

**અવ્યક્તોઽક્ષર ઈત્યુક્તસ્તમાહુઃ પરમાં ગતિમ્ ।**
**યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૨૧॥**

જે અવ્યક્ત 'અક્ષર' એવા નામે કહેવાયો છે, એ જ અક્ષર નામના અવ્યક્તભાવને પરમ ગતિ કહે છે તથા જે સનાતન અવ્યક્તભાવને પામીને માણસો પાછા આવતા નથી, એ મારું પરમ ધામ છે. ॥૨૧॥

**પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।**
**યસ્યાન્તઃસ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ॥૨૨॥**

હે પૃથાપુત્ર ! જે પરમાત્માની અંતર્ગત સર્વ ભૂતો છે તથા



જે સચ્ચિદાનંદઘન પરમાત્માથી આ આખું જગત પરિપૂર્ણ છે, એ સનાતન અવ્યક્ત પરમ પુરુષ તો અનન્ય ભક્તિથી જ પામી શકાય છે. ॥૨૨॥

**યત્ર કાલે ત્વનાવૃત્તિમાવૃત્તિં ચૈવ યોગિનઃ ।**
**પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ॥૨૩॥**

હે ભરતશ્રેષ્ઠ ! જે કાળે (અહીંયા 'કાળ' શબ્દથી માર્ગ સમજવો, કેમકે હવે પછીના શ્લોકોમાં ભગવાને આની 'ગતિ', 'સૃતિ' એ નામે ઓળખ આપી છે.) શરીર છોડીને જનારા યોગીજનો પરત ન આવનારી ગતિને પામે છે અને જે કાળે જનારા પરત આવનારી ગતિને જ પ્રાપ્ત થાય છે, એ કાળને એટલે કે બેય માર્ગોને કહીશ. ॥૨૩॥

**અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।**
**તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ॥૨૪॥**

આ બે માર્ગમાંથી જે માર્ગે જ્યોતિર્મય અગ્નિ-અભિમાની દેવતા છે, દિવસોના અભિમાની દેવતા છે, શુક્લપક્ષનો અભિમાની દેવતા છે અને ઉત્તરાયણના છ મહિનાનો અભિમાની દેવતા છે, એ માર્ગે મૃત્યુ પામીને જનારા બ્રહ્મવેત્તા (એટલે કે પરમેશ્વરની ઉપાસના દ્વારા પરમેશ્વરને પરોક્ષભાવે ઓળખનારા) યોગીજનો આ દેવતાઓ દ્વારા ક્રમે ક્રમે લઈ જવાઈને બ્રહ્મને પામે છે. ॥૨૪॥

**ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।**
**તત્ર ચાન્દ્રમસં જ્યોતિર્યોગી પ્રાપ્ય નિવર્તતે ॥૨૫॥**

અને જે માર્ગે ધૂમાભિમાની દેવતા છે, રાત્રિનો અભિમાની દેવતા છે, કૃષ્ણપક્ષનો અભિમાની દેવતા છે અને દક્ષિણાયનના છ મહિનાનો અભિમાની દેવતા છે, એ માર્ગે મૃત્યુ પામીને જનાર સકામ કર્મ કરનાર યોગી આ દેવતાઓ દ્વારા ક્રમે ક્રમે લઈ જવાઈને ચન્દ્રમાની જ્યોતિને પામીને સ્વર્ગમાં પોતાનાં શુભ કર્મોનું ફળ ભોગવીને પાછો આવે છે. ॥૨૫॥

**શુક્લકૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।**
**એકયા યાત્યનાવૃત્તિમન્યયાવર્તતે પુનઃ ॥૨૬॥**

કેમકે જગતના આ બે પ્રકારના શુક્લ અને કૃષ્ણ અર્થાત્ દેવયાન અને પિતૃયાન માર્ગ સનાતન મનાયા છે, આ બેમાંથી એક માર્ગ દ્વારા જનાર (એટલે કે આ જ અધ્યાયના શ્લોક ૨૪ પ્રમાણે અર્ચિમાર્ગ દ્વારા જનાર યોગી) જ્યાંથી પાછું નથી ફરવું પડતું, એ પરમ ગતિને પામે છે અને બીજા માર્ગ દ્વારા જનાર (એટલે કે આ જ અધ્યાયના શ્લોક ૨૫ પ્રમાણે ધૂમમાર્ગ દ્વારા જનાર સકામકર્મી) ફરી પાછો આવે છે એટલે કે જન્મ-મરણને પામે છે. ॥૨૬॥

**નૈતે સૃતી પાર્થ જાનન્યોગી મુહ્યતિ કશ્ચન ।**
**તસ્માત્સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥૨૭॥**



હે પાર્થ ! આ પ્રમાણે આ બેય માર્ગનો તત્ત્વથી જાણીને કોઈપણ યોગી મોહિત નથી થતો, (એટલે કે પછી એ નિષ્કામભાવે જ સાધન કરે છે, કામનાઓમાં નથી ફસાતો.) માટે હે અર્જુન ! તું સર્વ કાળે સમબુદ્ધિસ્વરૂપ યોગથી યુક્ત થા અર્થાત્ નિરંતર મને પ્રાપ્ત કરવા માટે સાધન કરનાર થા. ॥૨૭॥

**વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ**
**દાનેષુ યત્પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।**
**અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા**
**યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્ ॥૨૮॥**

યોગી મનુષ્ય આ રહસ્યને તત્ત્વથી જાણીને વેદોના વાંચનમાં, યજ્ઞ, તપ તેમજ દાન આદિ કરવામાં જે પુણ્યફળ કહ્યું છે, એ સર્વને નિઃશંકપણે ઓળંગી જાય છે અને શાશ્વત પરમ પદને પામે છે. ॥૨૮॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અક્ષરબ્રહ્મયોગો નામાષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

**॥ અક્ષરબ્રહ્મયોગ નામનો આઠમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય આઠમો

### પ્રયાણ સાધના : સાતત્યયોગ

## શુભ સંસ્કારોનો સંચય

માણસનું જીવન અનેક સંસ્કારોથી ભરેલું હોય છે. આપણે હાથે અસંખ્ય ક્રિયાઓ થયા કરે છે. તેનો હિસાબ માંડવા બેસીએ તો અંત ન આવે. સ્થૂળ પ્રમાણમાં માત્ર ચોવીસ કલાકની ક્રિયાઓ લઈએ તો કેટલીયે જોવાની મળશે. ખાવું, પીવું, બેસવું, ઊંઘવું, ચાલવું, ફરવા જવું, કામ કરવું, લખવું, બોલવું, વાંચવું અને આ ઉપરાંત તરેહતરેહનાં સ્વપ્નાં, રાગદ્વેષ, માનાપમાન, સુખદુઃખ, એમ ક્રિયાના અનેક પ્રકાર આપણને જોવાના મળશે. મન પર એ બધી ક્રિયાઓના સંસ્કાર પડ્યા કરે છે. એથી જીવન એટલે શું એવો કોઈ સવાલ કરે તો જીવન એટલે સંસ્કારસંચય એવી વ્યાખ્યા હું કરું.

સંસ્કાર સારા-નરસા હોય છે. બંનેની માણસના જીવન પર અસર થયેલી હોય છે. બચપણની ક્રિયાઓનું તો સ્મરણ જ રહેતું નથી. પાટી પરનું લખાણ ભૂંસી નાખ્યું હોય તેવું આખા



બચપણનું થઈ જાય છે. પૂર્વજન્મના સંસ્કારો તો છેક સાફ ભૂંસાઈ ગયેલા હોય છે, અને તે એટલે સુધી કે પૂર્વજન્મ હતો કે નહીં તેની શંકા થઈ શકે છે. આ જન્મનું નાનપણ યાદ આવતું નથી તો પૂર્વજન્મની વાત શું કામ કરવી? પણ પૂર્વજન્મની વાત રહેવા દઈએ. આપણે આ જન્મનો જ વિચાર કરીએ. આપણી જેટલી ક્રિયાઓ ધ્યાનમાં રહે છે તેટલી જ થઈ છે એવુંયે નથી. અનેક ક્રિયાઓ અને અનેક જ્ઞાન થતાં રહે છે પણ એ ક્રિયાઓ ને એ બધાં જ્ઞાનો મરી પરવારે છે ને છેવટે થોડા સંસ્કાર માત્ર બાકી રહી જાય છે. રાત્રે સૂતી વખતે આપણે દિવસ દરમિયાનની બધી ક્રિયાઓ યાદ કરવા જઈએ તોયે પૂરી યાદ આવતી નથી. કઈ યાદ આવે છે? જે કૃતિઓ બહાર તરી આવનારી હોય છે તે જ નજર સામે રહે છે. ખૂબ તકરાર કરી હોય તો તે જ યાદ આવ્યા કરે છે. તે દિવસની તે જ મુખ્ય કમાણી. બહાર તરી આવતી મોટી મોટી વાતોના સંસ્કારની છાપ મનમાં ઊંડી ઊતરી જાય છે. મુખ્ય ક્રિયા-યાદ આવે છે, બાકીની ઝાંખી પડી જાય છે. રોજનીશી લખતા હોઈએ તો આપણે રોજ બેચાર મહત્ત્વની બાબતો નોંધીશું. દરેક દિવસના આવા સંસ્કારો લઈ એક અઠવાડિયાનું તારણ કાઢીશું તો એમાંથીયે ગળી જઈને અઠવાડિયા દરમિયાનની થોડી બહાર તરી આવતી મોટી મોટી વાતો બાકી રહી જશે. પછી મહિનામાં આપણે શું શું કર્યું તે જોવા બેસીશું તો

આખા મહિનામાં બનેલી જે મહત્ત્વની વાતો હશે તેટલી જ નજર સામે આવશે. આમ પછી છ મહિનાનું, વરસનું, પાંચ વરસનું, યાદ કરતાં કરતાં તારણરૂપે બહુ થોડી મહત્ત્વની વાતો ધ્યાનમાં રહે છે. અને તેમના સંસ્કાર બને છે. અસંખ્ય ક્રિયાઓ અને અનંત જ્ઞાનો થયાં છતાં છેવટે મનની પાસે બહુ થોડી સિલક બાકી રહેતી જણાય છે. જે તે કર્મો ને જે તે જ્ઞાન આવ્યાં અને પોતાનું કામ પતાવી મરી ગયાં. બધાં કર્મોના મળીને પાંચદશ દૃઢ સંસ્કાર જેમ તેમ સિલક રહે છે. આ સંસ્કારો એ જ આપણી મૂડી. જીવનનો વેપાર ખેડી જે કમાણી કરી તે આ સંસ્કાર-સંપત્તિની છે. એકાદ વેપારી જેમ રોજનું, મહિનાનું ને આખા વરસનું નામું માંડી છેવટે આટલો નફો થયો કે આટલી ખોટ ગઈ એવો આંકડો તારવે છે તેવું જ આબેહૂબ જીવનનું છે. અનેક સંસ્કારોની સરવાળા-બાદબાકી થતાં થતાં તદ્દન ચોખ્ખુંચટ અને માપસરનું કંઈક સિલક રહે છે. જીવનની છેલ્લી ક્ષણ આવે છે ત્યારે આત્મા જીવનની સિલક યાદ કરવા માંડે છે. આખા જન્મારામાં શું કર્યું તે યાદ કરતાં તેને કરેલી કમાણી બેચાર વાતોમાં દેખાય છે. આનો અર્થ એવો નથી કે જે તે કર્મો ને જ્ઞાનો ફોગટ ગયાં. તેમનું કામ પતી ગયેલું હોય છે. હજારો રૂપિયાની ઊથલપાથલ કર્યા બાદ આખરે વેપારીની પાસે પાંચ હજારની ખોટ કે દસ હજારનો નફો એટલો જ સાર રહે છે. ખોટ ગઈ તો



તેની છાતી બેસી જાય છે. અને નફો થયો હોય તો આનંદથી ફૂલે છે.

આપણું એવું જ છે. મરણ વખતે ખાવાની ચીજ પર વાસના જઈ બેઠી તો આખી જિંદગી સ્વાદ કરવાનો અભ્યાસ કર્યો છે એમ સાબિત થાય. અન્નની વાસના એ જીવનની કરેલી કમાણી થઈ. કોઈક માને મરતી વખતે છોકરાની યાદ આવે તો તે પુત્ર વિષેનો સંસ્કાર જ જોરાવર સાબિત થયો જાણવો. બાકીનાં અસંખ્ય કર્મો ગૌણ થઈ ગયાં. અંકગણિતમાં અપૂર્ણાંકનો દાખલો હોય છે. તેમાં કેવા મોટા મોટા આંકડા ! પણ સંક્ષેપ કરતાં કરતાં છેવટે એક અથવા શૂન્ય જવાબ મળે છે. તે પ્રમાણે જીવનમાં સંસ્કારોના અનેક આંકડા જતા રહી આખરે જોરાવર એવો એક સંસ્કાર સારરૂપે બાકી રહે છે. જીવનના દાખલાનો એ જવાબ જાણવો. અંતકાળનું સ્મરણ આખા જીવનનું ફલિત છે.

જીવનનો એ છેવટનો સાર મધુર નીવડે, એ છેવટની ઘડી રૂડી નીવડે તેટલા માટે આખા જીવનની બધી મહેનત હોવી જોઈએ. જેનો અંત રૂડો તેને સઘળું રૂડું. એ છેવટના જવાબ પર ધ્યાન રાખી જીવનનો દાખલો કરો. એ ધ્યેય નજર સામે રાખી જીવનની યોજના કરો. દાખલો કરતી વખતે જે ખાસ સવાલ પૂછવામાં આવેલો હોય છે તે નજર સામે રાખીને તે કરવો પડે છે. તે પ્રમાણેની રીત અજમાવવી પડે છે. મરણ વખતે જે સંસ્કાર

ઉપર તરી આવે એવી ઈચ્છા હોય તેને અનુસરીને આખા જીવનનો પ્રવાહ વાળો. તેના તરફ રાત ને દિવસ મનનું વલણ રાખો.

## મરણનું સ્મરણ રહેવું જોઈએ

આ આઠમા અધ્યાયમાં એવો સિદ્ધાંત રજૂ કર્યો છે કે જે વિચાર મરણ વખતે સ્પષ્ટ તેમ જ ઊંડો ઠસી ગયેલો હોય તે જ વિચાર પછીના જન્મમાં સૌથી જોરાવર ઠરે છે. એ ભાથું બાંધીને જીવ આગળની યાત્રાને માટે નીકળે છે. આજના દિવસની કમાણી લઈને ઊંઘી ઊઠ્યા પછી કાલના દિવસની આપણે શરૂઆત કરીએ છીએ. તે જ પ્રમાણે આ જન્મે મેળવેલું ભાથું બાંધીને મરણની મોટી ઊંઘમાંથી ઊઠ્યા પછી ફરી પાછી આપણી યાત્રા શરૂ થાય છે. આ જન્મનો અંત તે આગળના જન્મની શરૂઆત બને છે. એથી હંમેશ મરણનું સ્મરણ રાખી જીવનનો વહેવાર કરો.

મરણનું સ્મરણ રાખીને જીવવાની વળી વધારે જરૂર એટલા માટે છે કે મરણની ભયાનકતાનો સામનો કરી શકાય, તેમની સામે તોડ કાઢી શકાય. એકનાથના જીવનનો એક પ્રસંગ છે. એક ગૃહસ્થે નાથને પૂછ્યું, ‘‘મહારાજ, તમારું જીવન કેટલું સાદું ને નિષ્પાપ ! અમારું એવું કેમ નથી? તમે કદી કોઈના પર ગુસ્સે થતા નથી, તમારે કોઈ સાથે ટંટો નહીં, તકરાર નહીં.



તમે કેવા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો!’’ નાથે કહ્યું, ‘‘મારી વાત હમણાં રહેવા દે. તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે. તારું આજથી સાત દિવસ રહીને મરણ છે.’’ નાથે કહેલી વાત ખોટી કોણ માને? સાત દિવસ રહીને મરવાનું ! ફક્ત એકસો ને અડસઠ કલાક બાકી ! અરેરે ! હવે શું થાય? તે માણસ ઝટપટ ઘેર ગયો. તેને કંઈ સૂઝે નહીં. બધી મેલમૂકની વાત, સોંપણનોંધણ પણ કરવા માંડી. પછી તે માંદો પડ્યો. પથારીએ પડ્યો. છ દહાડા એમ ને એમ જતા રહ્યા. સાતમે દહાડે નાથ તેની પાસે આવ્યા. તેણે નમસ્કાર કર્યા. નાથે પૂછ્યું, ‘‘કેમ છે?’’ તેણે કહ્યું, ‘‘જાઉં છું હવે.’’ નાથે પૂછ્યું, ‘‘આ છ દિવસમાં કેટલું પાપ થયું? પાપના કેટલા વિચાર મનમાં ઊઠ્યા?’’ તે આસન્નમરણ માણસે જવાબ આપ્યો, ‘‘નાથ! પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો? નજર સામે મરણ એકસરખું ઘૂમ્યા કરતું હતું.’’ નાથે કહ્યું, ‘‘અમારું જીવન નિષ્પાપ કેમ હોય છે તેનો જવાબ તને હવે મળી ગયો.’’ મરણનો વાઘ હંમેશાં સામે ઘૂરકતો ઊભો હોય ત્યારે પાપ કરવાનું સૂઝે ક્યાંથી? પાપ કરવું હોય તો તેને માટે પણ એક જાતની નિરાંત જોઈએ. મરણનું હંમેશ સ્મરણ રાખવું એ પાપમાંથી મુક્ત રહેવાનો ઈલાજ છે. મરણ સામું દેખાતું હોય ત્યારે કઈ હિંમતે માણસ પાપ કરશે?

પણ મરણનું સ્મરણ માણસ હંમેશ ટાળતા ફરે છે. પાસ્કલ

નામનો એક ફ્રેંચ ફિલસૂફ થઈ ગયો છે. તેનું 'પાંસે' નામનું એક પુસ્તક છે. પાંસે એટલે વિચાર. જુદા જુદા સ્ફુટ વિચારો એ પુસ્તકમાં તેણે રજૂ કર્યા છે. તેમાં તે એક ઠેકાણે લખે છે, "મૃત્યુ સતત પીઠ પાછળ ઊભું છે પણ મૃત્યુને ભૂલવું કેવી રીતે તેના પ્રયાસમાં માણસ કાયમ મંડ્યો રહે છે. મૃત્યુને યાદ રાખીને કેમ વર્તવું એ વાત તેં નજર સામે રાખતો નથી." માણસથી મરણ શબ્દ સુધ્ધાં સહેવાતો નથી. જમતી વખતે કોઈ મરણ શબ્દનો ઉચ્ચાર કરે તો કહે છે. 'અરે ! કેવું અભદ્ર બોલે છે !' પણ તેમ છતાં, મરણ તરફની મજલ હરેક પગલે અચૂક કપાતી જાય છે. મુંબઈની ટિકિટ કપાવીને એક વાર રેલગાડીમાં બેઠા પછી તમે બેઠા રહેશો તો પણ ગાડી તમને મુંબઈમાં લઈ જઈને નાખશે. આપણે જન્મ્યા ત્યારથી જ મરણની ટિકિટ કપાવેલી છે. તમારે જોઈએ તો બેસો કે દોડો. બેઠા રહેશો તો પણ મૃત્યુ છે, દોડશો તો પણ મૃત્યુ છે. તમે મરણના વિચારને પકડી રાખો કે છોડી દો પણ તે ટાળ્યો ટળતો નથી. બીજું બધું કદાચ અનિશ્ચિત હોય પણ મરણ નિશ્ચિત છે. સૂર્ય અસ્ત પામે છે તેની સાથે માણસના આવરાદાનો એક કકડો ખાતો જાય છે. જીવનના ટુકડા એક પછી એક કરડાતા જાય છે. આવરદા ઘસાતી જાય છે, ઘટતી જાય છે તો પણ માણસને તેનો વિચાર આવતો નથી. જ્ઞાનદેવ કહે છે, कौतुक दिसतसे – કૌતુક દેખાય છે. માણસને આટલી



નિરાંત ક્યાંથી રહે છે એ વાતનું જ્ઞાનદેવને આશ્ચર્ય થાય છે. મરણનો વિચાર સુધ્ધાં સહન ન થાય એટલી હદ સુધી માણસને મરણનો ડર લાગે છે. એ વિચારને તે ટાળતો ફરે છે. જાણીબૂજીને તે આંખ મીંચી જાય છે. લડાઈમાં જનારો સિપાઈ મરણનો વિચાર ટાળવાને સારુ રમતગમત કરશે, નાચશે, ગાશે, સિગારેટ પીશે. પાસ્કલ લખે છે, 'પ્રત્યક્ષ મરણ સામે દેખાતું હોવા છતાં આ ટોમી, આ સિપાઈ તેને વીસરી જવાને માટે ખાશે, પીશે ને રાગડા તાણશે.'

આપણે બધા આ ટોમી જેવા જ છીએ. ચહેરો ગોળ, હસતો રાખવાના, સૂકો હોય તો તેલ, પોમેડો લગાડવાના, વાળ પાકીને ધોળા થઈ ગયા હોય તો કલપ લગાડવાના પ્રયાસોમાં માણસ મંડ્યો રહે છે. છાતી પર સાક્ષાત્ મૃત્યુ નાચતું હોવા છતાં તેને વિસારે પાડવાની કોશિશમાં આપણે બધા ટોમીઓ જરાયે થાક્યા વગર મંડ્યા રહીએ છીએ. બીજી ગમે તે વાત કરશે પણ કહેશે મરણનો વિષય છેડશો મા. મેટ્રિક પાસ થયેલા છોકરાને પૂછશો, 'હવે શું કરવા ધાર્યું છે?' તો તે કહેશે 'હમણાં પૂછશો મા. હમણાં હું ફર્સ્ટ ઈયરમાં છું.' પછીને વર્ષે પાછું પૂછશો તો કહેશે, 'પહેલાં ઈન્ટર તો પાસ થવા દો; પછી આગળ જોઈશું.' એમ ને એમ તેનું ગબડે છે. આગળ શું છે તે પહેલેથી જોવું નહીં જોઈએ કે? આગળના પગલાની પહેલેથી તજવીજ કરી રાખવી

સારી, નહીં તો તે ક્યાંક ખાડામાં નાખી દેશે. પણ વિદ્યાર્થી એ બધું ટાળે છે. એ બિચારાનું શિક્ષણ જ એવું અંધકારમય હોય છે કે તેમાંથી પેલી પારનું ભવિષ્ય તેને મુદ્દલ દેખાતું નથી. કારણ બધું જ અંધારૂં ઘોર છે. પણ એ આગળનું એમ ટાળી શકાતું નથી. તે બોચી પર આવીને બેઠા વગર રહેતું નથી.

કોલેજમાં પ્રોફેસર તર્કશાસ્ત્ર શીખવે છે. 'માણસ મર્ત્ય છે. સોક્રેટિસ માણસ છે. એટલે તે અચૂક મરવાંનો.' આવું અનુમાન પ્રોફેસર શીખવે છે. સોક્રેટિસનો દાખલો આપે છે. પોતાનો કેમ નથી આપતો? પ્રોફેસર પોતે પણ મર્ત્ય છે. બધાં માણસ મર્ત્ય છે. માટે હું પ્રોફેસર પણ મર્ત્ય છું અને હે શિષ્ય, તું પણ મર્ત્ય છે,' એવું તે પ્રોફેસર શીખવશે નહીં. તે એ મરણને સોક્રેટિસને માથે ધકેલી દે છે. કારણ સોક્રેટિસ મરી પરવારેલો છે. તે તકરાર કરવાને હાજર નથી. શિષ્ય ને ગુરુ બંને સોક્રેટિસને મરણ અર્પણ કરી પોતાની બાબતમાં તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ જેવા રહે છે. તેમને જાણે એવું લાગે છે કે આપણે અત્યંત સલામત છીએ !

મૃત્યુને વીસરી જવાનો આવો આ પ્રયાસ સર્વત્ર રાત ને દિવસ જાણી બૂજીને ચલાવાય છે. પણ મૃત્યુ ટળે છે ખરું કે? કાલે મા મરી ગઈ એટલે મૃત્યુ સામું આવીને ડોળા ઘુરકાવતું ઊભું જાણો. નિર્ભયપણે મરણનો વિચાર કરી તેનો તોડ કાઢવાની માણસ હિંમત કરતો જ નથી. હરણની પાછળ વાઘ પડ્યો છે.



હરણું ચપળ છે. તેનું જોર ઓછું પડે છે. તે આખરે થાકી જાય છે. પાછળ પેલો વાઘ, પેલું મરણ આવતું હોય છે. તે ક્ષણે તે હરણની કેવી સ્થિતિ થાય છે? વાઘ તરફ તેનાથી જોઈ શકાતું નથી. જમીનમાં મોં ને શિંગડાં ખોસી તે આંખ મીંચીને ઊભું રહે છે. 'આવ ભાઈ ને માર હવે ઝડપ' એમ જાણે કે તે નિરાધાર થઈને કહે છે. આપણે મરણને સામું જોઈ શકતા નથી. તેને ચૂકવવાની ગમે તેટલી તરકીબો કરો તો પણ મરણનું જોર એટલું બધું હોય છે કે છેવટે તે આપણને પકડી પાડ્યા વગર રહેતું નથી.

અને મરણ આવે છે એટલે માણસ જીવનની સિલક તપાસવા બેસે છે. પરીક્ષામાં બેઠેલો આળસુ ઠોઠ વિદ્યાર્થી ખડિયામાં કલમ બોળે છે ને બહાર કાઢે છે. પણ ધોળા ઉપર કાળું થવા દે તો શરત. અલ્યા, થોડુંયે લખીશ કે નહીં? કે પછી સરસ્વતી આવીને બધું લખી જવાની છે? આમ ને આમ, ત્રણ કલાક પૂરા થઈ જાય છે. તે કોરો પેપર આપી આવે છે. અથવા છેવટે કંઈકનું કંઈક ચીતરી મારે છે.. સવાલના જવાબ લખવાના છે. એનો કશો વિચાર નથી. આમ જુએ છે ને તેમ જુએ છે. એવું જ આપણું છે. જીવનનો બીજો છેડો મરણને અડે છે એ વાત ખ્યાલમાં રાખી તે છેવટની ઘડી પુણ્યમય, અત્યંત પાવન, રૂડી કેવી રીતે થાય એનો અભ્યાસ આયુષ્યભર રાખવો જોઈએ. ઉત્તમમાં ઉત્તમ સંસ્કાર મન પર કેમ ઠસે એનો વિચાર આજથી

જ થવો જોઈએ. પણ સારા સંસ્કારનો અભ્યાસ કોને કરવો છે? બૂરી વાતોનો મહાવરો માત્ર ડગલે ને પગલે થયા કરે છે. જીભ, આંખ, કાન એને આપણે સ્વાદ લગાડી લગાડી બહેકાવી મૂકીએ છીએ. પણ ચિત્તને જુદો મહાવરો પાડવો જોઈએ. સારી વાતો તરફ ચિત્તને દોરવું જોઈએ, તેનો તેને રંગ લગાડવો જોઈએ. જે ક્ષણે સમજાય કે આપણી ભૂલ થાય છે તે જ ક્ષણથી સુધારો કરવા મંડી પડવું જોઈએ. ભૂલ જણાય છતાંયે તે પાછી કર્યા કરવી? જે ક્ષણે ભૂલ સમજાય તે ક્ષણ પુનર્જન્મની ગણો. તે તારું નવું બાળપણ. તે તારા જીવનની બીજી નવી સવાર છે એમ સમજ. હવે તું ખરો જાગ્યો. હવે રાત ને દિવસ જીવનનું પરીક્ષણ કર, સંભાળીને ચાલ. એમ નહીં કરે તો પડીને પાછો અફળાઈશ, પાછો બૂરાનો અભ્યાસ ચાલુ થઈ જશે.

ઘણાં વરસ પહેલાં હું મારી દાદીને મળવા ગયો હતો. તે ખૂબ ઘરડી થઈ ગઈ હતી. તે મને કહે, ‘વિન્યા, હમણાંનું કશું યાદ નથી રહેતું, ઘીનું વાસણ લેવાને જાઉં છું પણ લીધા વગર જ પાછી આવું છું.’ પણ પચાસ વરસ પહેલાંની દાગીનાની એક વાત તે મને કહ્યા કરે. પાંચ મિનિટ પહેલાંનું યાદ રહેતું નથી. પણ પચાસ વરસ પહેલાંનો જોરાવર સંસ્કાર છેવટ સુધી જાગતો સતેજ રહે છે. એનું કારણ શું? પેલી દાગીનાની વાત ત્યાર સુધીમાં તેણે હરેક જણને કરી હશે. તે વાતનો ઉચ્ચાર ચાલુ રહ્યો હતો. તે



વાત જીવનને ચોંટી ગઈ. જીવન સાથે એકરૂપ થઈ ગઈ. મેં મનમાં કહ્યું, ઈશ્વર કરે ને મરણ વખતે દાદીને દાગીના યાદ ન આવે એટલે થયું.

## સદા તે ભાવથી ભર્યો

જે વાતનો અભ્યાસ રાત ને દિવસ ચાલુ રહેતો હોય તે ઠસી કેમ ન જાય? પેલી અજામિલની વાતો વાંચીને ભ્રમમાં ન પડશો. તે ઉપરથી પાપી દેખાતો હતો પણ તેના જીવનમાં અંદરથી પુણ્યનો પ્રવાહ વહેતો હતો. તે પુણ્ય છેવટની ક્ષણે જાગ્યું. હંમેશ પાપ કરતાં રહેવા છતાં છેવટે રામનું નામ અચૂક મોઢે આવીને ઊભું રહેશે એવા ભ્રમમાં રહીશ મા. નાનપણથી જ આદું ખાઈને અભ્યાસ પાછળ લાગ. એકેએક સારા સંસ્કારની છાપ મન પર બરાબર ઊઠે એની કાળજી રાખ. આથી શું થવાનું છે, પેલાથી શું બગડી જવાનું છે, એવું કહીશ નહીં. ચાર વાગ્યે જ શા સારુ ઊઠવું? સાત વાગ્યે ઊઠવાથી શું બગડી જવાનું હતું? એવું કહો ચાલશે નહીં. મનને એમ ને એમ એકસરખી છૂટ આપ્યા કરીશ તો છેવટે છેતરાઈશ. પછી સારા સંસ્કારની છાપ બરાબર ઊઠશે નહીં. કણ કણ કરીને લક્ષ્મી મેળવવી પડે છે. ક્ષણ ક્ષણ ફોગટ ન બગાડતાં વિદ્યા મેળવવામાં વાપરવી પડે છે. હરેક ક્ષણે પડતો સંસ્કાર સારો જ હોય છે કે નહીં, એનો વિચાર કરતો રહે. ભૂંડો બોલ ઉચ્ચારતાંની સાથે ખોટો સંસ્કાર પડ્યા વગર નહીં રહે.

હરેક કૃતિની છીણી જીવનના પથ્થરને ઘાટ આપે છે. દિવસ સારો ગયો હોય તો પણ ખરાબ કલ્પનાઓ સ્વપ્નામાં આવીને ખડી થાય છે. પાછલાં પાંચદસ દિવસના વિચારો જ સ્વપ્નામાં દેખાય છે, એવું નથી. ઘણા ખરાબ સંસ્કાર બેસાવધપણામાં મન પર પડી ગયેલા હોય છે. કઈ ઘડીએ તે જાગી ઊઠે તે કહેવાય નહીં. એથી ઝીણી ઝીણી બાબતોમાં પણ સંભાળ રાખ. ડૂબનારાને તણખલાનો પણ આધાર થાય છે. સંસારમાં આપણે ડૂબીએ છીએ. જરા સારું બોલ્યો હોઈશ તો તેટલો જ આધાર થશે. સારું કરેલું કદી ફોગટ જવાનું નથી. તે તને તારશે લેશમાત્ર પણ ખરાબ સંસ્કાર ન જોઈએ. હું આંખ પવિત્ર રાખીશ, કાન નિંદા સાંભળશે નહીં, સારું જ બોલીશ, એવી હંમેશ મહેનત કરતા રહો. આવી સાવધાની રાખશો તો છેવટની ક્ષણે ધાર્યો દાવ પડશે અને આપણે જીવનના તેમ જ મરણના સ્વામી થઈશું.

પવિત્ર સંસ્કાર ઊઠે તેટલા સારુ ઉદાત્ત વિચારો મનમાં વાગોળવા, હાથને પવિત્ર કામમાં રોકવા. અંદર ઈશ્વરનું સ્મરણ ને બહાર સ્વધર્માચરણ. હાથથી સેવાનું કાર્ય કર્મ અને મનમાં વિકર્મ એમ રોજ કરતા રહેવું જોઈએ. ગાંધીજીને જુઓ. રોજ કાંતે છે. રોજ કાંતવાની વાત પર તેમણે ભાર દીધો છે. રોજ શા સારુ કાંતવું? કપડાંજોગું ગમે ત્યારે કાંતી લીધું હોય તો ન ચાલે? પણ એ વહેવાર થયો. રોજ કાંતવામાં આધ્યાત્મિકતા છે. દેશને



ખાતર મારે કંઈક કરવાનું છે એનું એ ચિંતન છે. એ સૂતર દરિદ્રનારાયણની સાથે આપણને રોજ જોડી આપે છે. તે સંસ્કાર દૃઢ થાય છે.

દાક્તરે કહ્યું કે રોજ દવાનો ડોઝ લેજો. પણ આપણે તે બધી દવા એકસામટી પી જઈએ તો? એ બેહૂદું થાય. એથી દવા લેવાનો હેતુ પાર નહીં પડે. દવાનો રોજેરોજ સંસ્કાર કરી પ્રકૃતિમાંની વિકૃતિ દૂર કરવાની છે. તેવું જ જીવનનું છે. શંકરની પિંડી પર ધીરે ધીરે અભિષેક કરવો જોઈએ. આ મને બહુ ગમી ગયેલું દૃષ્ટાંત છે. નાનપણમાં એ ક્રિયા હું રોજ જોતો. ચોવીસ કલાકનું ભેગું કરો તો તે બધું પાણી માંડ બે બાલદી થાય. ઝટ બે બાલદી લિંગ પર સામટી રેડી દીધી હોય તો શું? આ સવાલનો જવાબ મને બચપણમાં જ મળી ગયો હતો. પાણી એકદમ એકસામટું રેડી દેવાથી કર્મ સફળ નથી થતું. ટીપે ટીપે જે સતત ધાર થાય છે તેનું જ નામ ઉપાસના છે. સમાન સંસ્કારોની એક સરખી સતત ધાર ચાલવી જોઈએ. જે સંસ્કાર સવારે, તે જ બપોરે, તે જ પાછો સાંજે. જે દિવસે, તે જ રાતે. જે કાલે તે જ આજે, અને જે આજે તે જ આવતી કાલે. જે આ વરસે તે જ આવતે વરસે, ને જે આ જન્મે તે આવતે જન્મે. અને જે જીવતાં તે જ મરતાં. આવી એકેક સત્સંસ્કારની દિવ્ય ધારા આખાયે જીવન દરમિયાન સતત વહેતી રહેવી જોઈએ. આવો પ્રવાહ

અખંડ ચાલુ રહે તો જ છેવટે આપણે જીતીએ. તો જ આપણે આપણું નિશાન છેવટના મુકામ પર રોપીને ફરકાવી શકીએ. એક જ દિશાએ સંસ્કાર પ્રવાહ વહેવો જોઈએ. નહીં તો ડુંગર પર પડેલું પાણી જો બાર રસ્તે ફંટાઈ જાય તો તેની નદી બનતી નથી. પણ બધું પાણી એક દિશાએ વહેશે તો ધારમાંથી વહેણ થશે. વહેણમાંથી પ્રવાહ થશે, પ્રવાહની નદી બનશે અને નદીની ગંગા થઈને તે સાગરને મળશે. એક દિશાએ વહેતું પાણી સમુદ્રને મળ્યું. ચારેકોર વહી જતું પાણી સુકાઈ ગયું. સંસ્કારોનું પણ એવું જ છે. સંસ્કાર આવે ને જાય તેનો શો ઉપયોગ? સંસ્કારોનો પવિત્ર પ્રવાહ જીવનમાં વહેતો રહેશે તો જ છેવટે મરણ મહા આનંદનો ભંડાર છે એવો અનુભવ થશે. જે પ્રવાસી રસ્તામાં ઝાઝું ન થોભતાં, રસ્તામાં આવતા મોહ દૂર કરી મહેનત કરીને પગલાં માંડતો માંડતો શિખર પર જઈ પહોંચ્યો, તે ઉપર જઈ છાતી પર લદાયેલાં સર્વ બંધનો ફેંકી દઈ ત્યાંના મોકળાશથી વાતા પવનનો અનુભવ કરશે. તેના આનંદનો બીજા લોકોને ખ્યાલ સરખો આવે એમ નથી. જે મુસાફર અધવચ્ચે અટકી જાય છે તેને માટે સૂર્ય જ થોભવાનો હતો?

## રાત ને દિવસ યુદ્ધનો પ્રસંગ

ટૂંકમાં, બહારથી એકધારું સ્વધર્માચરણ અને અંદરથી ચિત્તશુદ્ધિની, હરિસ્મરણની ક્રિયા એમ અંતર્બાહ્ય કર્મ-વિકર્મોના



પ્રવાહ કામ કરશે ત્યારે મરણ આનંદની વાત લાગશે. તેથી ભગવાન કહે છે -

'म्हणूनि सगळा काळ मज आठव झुंज तूं ।'

'માટે અખંડ તું મારી સ્મૃતિને રાખતો લડ.' મારું અખંડ સ્મરણ કર અને લડતો રહે. सदा त्यांत वि रंगला । હંમેશ ઈશ્વરમાં ભળી જઈને રહે. ઈશ્વરી પ્રેમથી જ્યારે તું અંતર્બાહ્ય રંગાશે, તે રંગ જ્યારે આખાયે જીવન પર ચડશે, ત્યારે પવિત્ર વાતોમાં હંમેશ આનંદ આવશે. બૂરી વૃત્તિ પછી સામી ઊભી નહીં રહે. સુંદર સુંદર મનોરથોના અંકુર મનમાં ફૂટવા માંડશે અને સારી કૃતિઓ સહેજે તારે હાથે થવા માંડશે.

ઈશ્વરના સ્મરણથી સારી કૃતિઓ સહેજે થવા માંડશે એ વાત સાચી. પણ કાયમ લડતો રહે એવી ભગવાનની આજ્ઞા છે. તુકારામ મહારાજ કહે છે,

'रात्री दिवस आम्हां युद्धाचा प्रसंग । अंतर्बाह्य जग आणि मन ॥'

રાત ને દિવસ કાયમ અમારે લડાઈનો પ્રસંગે છે. એક બાજુ મન છે ને બીજી બાજુ અંદરનું ને બહારનું જગત છે. અંદર ને બહાર અનંત સૃષ્ટિ ભરેલી પડી છે. એ સૃષ્ટિની સાથે મનની એકધારી લડાઈ ચાલુ છે. એ લડાઈમાં દરેક ક્ષણે જીત જ થશે એવું નથી. જે આખરે જીત્યો તે ખરો. છેવટનો નિકાલ તે જ સાચો. સફળતા-નિષ્ફળતા અનેકવાર મળશે. અપજશ મળે તેથી

નિરાશ થવાનું જરાયે કારણ નથી. પથ્થર પર ઓગણીસ વાર ઘા કર્યા પણ તે ફૂટ્યો નહીં. પણ ધારો કે વીસમે ઘાએ ફૂટ્યો. તો શું પેલા આગળના ઘા નકામા ગયા ગણવા? પેલા વીસમા ઘાની સફળતાની તૈયારી એ આગળના ઓગણીસ ઘા કરતા હતા.

નિરાશ થવું એટલે નાસ્તિક થવું. પરમેશ્વર સંભાળવાવાળો છે. ભરોસો રાખો. છોકરામાં હિંમત આવે તેટલા ખાતર મા તેને આમતેમ છૂટું ફરવા દે છે. પણ તે તેને પડવા દે ખરી કે? છોકરું પડતું દેખાશે કે આસ્તેથી આવીને તેને ઊંચકી લેશે. ઈશ્વર પણ તમારા જીવનના પતંગની દોરી તેના હાથમાં છે. એ પતંગની દોરી કોઈ વાર તે ખેંચી રાખે છે, ક્યારેક ઢીલી છોડે છે. પણ દોરી આખરે તેના હાથમાં છે એની ખાતરી રાખો. ગંગાના ઘાટ પર તરતાં શીખવે છે. ઘાટ પરના ઝાડની સાથે સાંકળ બાંધેલી હોય છે. તે કમરે બાંધીને શીખનારને પાણીમાં ફેંકી દે છે. શીખવનાર તરવૈયા પાણીમાં તરતા જ હોય છે. પેલો શિખાઉ બેચાર ડૂબકી ખાય છે પણ આખરે તરવાની કળા હાથ કરે છે. જીવનની કળા ખુદ પરમેશ્વર આપણને શીખવી રહેલો છે.

## શુક્લ-કૃષ્ણ ગતિ

પરમેશ્વર પર શ્રદ્ધા રાખી મન, વચન ને કાયાથી દિવસ ને રાત લડતા રહેશો તો અંતકાળની ઘડી અત્યંત રૂડી થશે. તે વખતે બધાયે દેવતાઓ અનુકૂળ થઈ રહેશે. આ અધ્યાયને છેડે



આ વાત રૂપકમાં કહી છે. એ રૂપક બરાબર સમજી લો. જેના મરણ વખતે અગ્નિ સળગેલો છે. સૂર્ય પ્રકાશે છે, શુકલપક્ષના ચંદ્રમાની કળા વધતી જાય છે. ઉત્તરાયણનું વાદળાં વગરનું નિરભ્ર, સુંદર આકાશ માથે ફેલાયેલું છે, તે બ્રહ્મમાં વિલીન થાય છે. અને જેના મરણ વખતે ધુમાડો ધુમાયા કરે છે. અંતર્બાહ્ય અંધારું છે. કૃષ્ણપક્ષનો ચંદ્રમા ક્ષીણ થતો જાય છે. દક્ષિણાયાનમાંનું પેલું આભ્રાચ્છાદિત મલિન આકાશ માથે ફેલાયેલું છે. તે પાછો જન્મમરણના ફેરામાં પડશે.

ઘણા લોકો આ રૂપકથી ગોટાળામાં પડી જાય છે. પવિત્ર મરણ મળે એવી ઈચ્છા હોય તો અગ્નિ, સૂર્ય, ચંદ્ર, આકાશ એ બધા દેવતાઓની કૃપા હોવી જોઈએ. અગ્નિ કર્મનું ચિહ્ન છે. યજ્ઞની નિશાની છે. અંતકાળે પણ યજ્ઞની જ્વાળા સળગતી હોવી જોઈએ. ન્યાયમૂર્તિ રાનડે કહેતા, ‘એકધારું કર્તવ્ય કરતાં કરતાં આવનારું મરણ ધન્ય છે. કંઈક વાંચતો હોઉં, કંઈક લખતો હોઉં, કર્મ કરતો હોઉં, એમ કામ કરતાં કરતાં મને મરણ આવી મળે એટલે થયું.’ સળગતા અગ્નિનો આ અર્થ છે. મરણકાળે પણ કર્મ કરતા રહેવાય એ અગ્નિની કૃપા છે. સૂર્યની કૃપા એટલે બુદ્ધિની પ્રભા છેવટ સુધી ઝગમગતી રહે. ચંદ્રની કૃપા એટલે મરણ વખતે પવિત્ર ભાવના વધતી જાય. ચંદ્ર મનમાંની પ્રેમ, ભક્તિ, ઉત્સાહ, પરોપકાર, દયા વગેરે શુદ્ધ ભાવનાઓનો

પૂરેપૂરો વિકાસ થાય. આકાશની કૃપા એટલે હૃદયાકાશમાં આસક્તિનાં વાદળાંનું પૂમડું સરખું ન હોય.

એક વાર ગાંધીજીએ કહેલું, 'હું એકસરખો રેંટિયો કર્યા કરું છું. રેંટિયાને હું પવિત્ર વસ્તુ માનું છું. પણ અંતકાળે તેનીયે વાસના ન જોઈએ. જેણે મને રેંટિયો સુઝાડ્યો તે તેની ફિકર રાખવાને પૂરેપૂરો સમર્થ છે.રેંટિયો હવે બીજા સારા માણસોના હાથમાં પહોંચ્યો છે. રેંટિયાની ફિકર છોડી મારે પરમેશ્વરને મળવાને તૈયાર રહેવું જોઈએ.' ટૂંકમાં, ઉત્તરાયણનું હોવું એટલે હૃદયમાં આસક્તિનાં વાદળ ન હોવાં.

છેવટના શ્વાસોચ્છ્વાસ સુધી હાથપગ વડે સેવા ચાલુ છે. ભાવનાની પૂર્ણિમા સોળે કળાએ ખીલી છે. હૃદયાકાશમાં જરા જેટલીયે આસક્તિ નથી. બુદ્ધિ પૂરેપૂરી સતેજ છે, એવી રીતે જેને મરણ આવી મળે તે પરમાત્મામાં ભળી ગયો જાણવો. આવો પરમ મંગળ અંત આવે તે સારુ જાગતા રહીને રાત ને દિવસ ઝૂઝતા રહેવું જોઈએ. ક્ષણભર પણ અશુદ્ધ સંસ્કારની છાપ મન પર પડવા ન દેવી જોઈએ. અને એવું બળ મળે તે માટે પરમેશ્વરની પ્રાર્થના કરતા રહેવું જોઈએ, નામસ્મરણ, તત્ત્વનું રટણ ફરી ફરીને કરવું જોઈએ.



## નવમા અધ્યાયનું માહાત્મ્ય

મહાદેવજી બોલ્યા : 'હે પાર્વતી ! હવે હું આદરપૂર્વક નવમા અધ્યાયના માહાત્મ્યનું વર્ણન કરીશ, તમે ધ્યાનથી સાંભળો.

નર્મદા કિનારે માહિષ્મતી નામે એક નગરી છે. ત્યાં માધવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે વેદ-વેદાંગોનો જ્ઞાતા હતો તથા અવારનવાર આવતા અતિથિઓ પ્રત્યે પ્રેમભાવ રાખતો. તેણે વિદ્યા દ્વારા ઘણું ધન કમાઈ એક મહાન યજ્ઞનું અનુષ્ઠાન શરુ કર્યું. તે યજ્ઞમાં બલિદાન આપવા એક બકરો મંગાવ્યો. જ્યારે તેના શરીરની પૂજા થઈ ગઈ ત્યારે બધાને આશ્ચર્યમાં નાખતો તે બકરો હસીને ઊંચા સ્વરે બોલ્યો :

'હે બ્રહ્મન્ ! આ અનેક યજ્ઞોથી તને શું લાભ? તેમનું ફળ તો નષ્ટ થઈ જવાનું છે તથા જન્મ, જરા અને મૃત્યુનું પણ કારણરૂપ છે. આ બધું કરવા છતાં મારી જે વર્તમાન દશા છે તેને જોઈ લે.'

બકરાનાં આ કૌતુક પમાડનારાં વચનો સાંભળી યજ્ઞમંડપમાં રહેલા બધા લોકો ખૂબ જ વિસ્મિત થયાં. ત્યારે પેલો

યજમાન બ્રાહ્મણ હાથ જોડી અપલક નેત્રોથી જોતો બકરાને પ્રણામ કરી શ્રદ્ધા અને આદર સાથે પૂછવા લાગ્યો :

બ્રાહ્મણ બોલ્યો : 'આપ કોણ હતા? આપના સ્વભાવ અને આચરણ કેવાં હતાં? તથા કયાં કર્મોને લીધે આપને બકરાની યોનિ પ્રાપ્ત થઈ? આ બધું મને કહો.'

બકરો બોલ્યો : 'હે બ્રહ્મન્ ! હું પૂર્વ જન્મમાં બ્રાહ્મણોના અત્યંત નિર્મળ કુળમાં જન્મ્યો હતો. સમસ્ત યજ્ઞોનું અનુષ્ઠાન કરનાર તથા વેદ-વિદ્યામાં પ્રવીણ હતો. એક દિવસ મારી સ્ત્રીએ ભગવતી દુર્ગાની ભક્તિથી વિનમ્ર થઈ પોતાના બાળકની રોગનિવૃત્તિ માટે બલિદાન હેતુ મારી પાસે એક બકરો માગ્યો. તે પછી દેવીના મંદિરમાં તે હેતુ મારી પાસે એક બકરો માગ્યો. તે પછી દેવીના મંદિરમાં તે બકરાને જ્યારે મારવા લાગ્યા તે વખતે તેની માતાએ મને શાપ દીધો : 'હે બ્રાહ્મણોમાં નીચ, પાપી ! તું મારાં બચ્ચાંનો વધ કરવા ઈચ્છે છે માટે તું પણ બકરાની યોનિમાં જન્મ લઈશ.' હે દ્વિજશ્રેષ્ઠ ! ત્યારે કાળવશ મૃત્યુ પછી હું બકરા તરીકે જન્મ્યો. યદ્યપિ હું પશુ યોનિમાં પડેલો છું તો પણ મને મારા પૂર્વજન્મનું સ્મરણ રહેલ છે. હે બ્રહ્મન્ ! તમારી સાંભળવાની ઈચ્છા હોય તો તમને એક બીજી પણ આશ્ચર્યની વાત કહું.

કુરુક્ષેત્ર નામે એક નગર છે, જે મોક્ષ પ્રદાન કરનાર છે.



ત્યાં ચંદ્રશર્મા નામે એક સૂર્યવંશી રાજા રાજ્ય કરતા હતા. એક સમયે જ્યારે સૂર્યગ્રહણ લાગેલ હતું ત્યારે રાજાએ ઘણી શ્રદ્ધા સાથે કાળ પુરુષના દાનની તૈયારી કરી. તેમણે વેદ-વેદાંગોના પારંગત એક વિદ્વાન બ્રાહ્મણને બોલાવ્યો અને પુરોહિત સાથે તેઓ તીર્થોના પાવન જળમાં સ્નાન કરવા ચાલ્યા. તીર્થ પાસે પહોંચી રાજાએ સ્નાન કર્યું અને બે વસ્ત્રો ધારણ કર્યાં. પછી પવિત્ર અને પ્રસન્નચિત્ત થઈ તેમણે શ્વેત ચંદન લગાવી પાસે ઊભેલા પુરોહિતનો હાથ પકડી તત્કાલોચિત મનુષ્યો વડે ઘેરાયેલ પોતાના સ્થાને પાછા આવ્યા. આવ્યા બાદ રાજાએ યથોચિત વિધિથી ભક્તિપૂર્વક બ્રાહ્મણને કાળપુરુષનું દાન કર્યું.

ત્યારે કાળ પુરુષનું હૃદય ચીરીને તેમાંથી એક પાપાત્મા ચંડાળ પ્રગટ થયો. પછી થોડીવાર રહીને નિન્દા પણ ચાંડાળીનું રૂપ લઈ કાળપુરુષના શરીરમાંથી નીકળી અને બ્રાહ્મણ પાસે આવી ગઈ. આ રીતે ચાંડાળોની તે જોડી આંખો લાલ લાલ કરી નીકળી અને બ્રાહ્મણના શરીરમાં હઠપૂર્વક પ્રવેશ કરવા લાગી. બ્રાહ્મણ મનોમન ગીતાના નવમા અધ્યાયનો જપ કરતો હતો. રાજા ચુપચાપ આ બધું કૌતુક જોતા હતા. બ્રાહ્મણના અંતઃકરણમાં ભગવાન ગોવિંદ શયન કરતા હતા. બ્રાહ્મણ તેમનું જ ધ્યાન કરવા લાગ્યો. બ્રાહ્મણે (જ્યારે ગીતાના નવમા અધ્યાયનો જપ કરતાં કરતાં) પોતાના આશ્ચર્યભૂત ભગવાનનું

ધ્યાન કર્યું. તે સમયે ગીતાના અક્ષરોથી પ્રગટ થયેલ વિષ્ણુદૂતો વડે પીડિત થઈ તે બંને ચાંડાળ-ચાંડાળી ભાગી નીકળ્યાં. તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો. આ રીતે આ ઘટનાને પ્રત્યક્ષ જોઈ રાજાનાં નેત્ર આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે બ્રાહ્મણને પૂછ્યું :

'વિપ્રવર ! આ મહાભયંકર આપત્તિને આપે કેવી રીતે પાર કરી? આપ કયા મંત્રનો જપ તથા કયા દેવનું સ્મરણ કરી રહ્યા હતા? તે પુરુષ અને સ્ત્રી કોણ હતાં? તે બંને કઈ રીતે આવ્યાં? તેઓ શાંત કેવી રીતે થયાં? આ બધું મને સમજાવો.'

બ્રાહ્મણ બોલ્યો : 'રાજન્ ! ચાંડાલનું રૂપ ધરી ભયંકર પાપ પ્રગટ થયું હતું તથા તે સ્ત્રી નિંદાની સાક્ષાત્ મૂર્તિ હતી. હું એ બંનેને એમ જ માનું છું. તે સમયે હું ગીતાના નવમા અધ્યાયની માળા જપતો હતો. તેનું જ માહાત્મ્ય છે કે બધાં સંકટો ટળી ગયાં. હે મહીપતે ! હું દરરોજ ગીતાના નવમા અધ્યાયનો પાઠ કરું છું. તેના પ્રભાવથી પ્રતિગ્રહજનિત (દાન લેવાથી આવતી) આપત્તિઓને પાર કરી શક્યો છું.'

આ સાંભળી રાજાએ એ બ્રાહ્મણ પાસેથી જ ગીતાના નવમા અધ્યાયનો અભ્યાસ કર્યો. તે પછી તે બંને પરમશાંતિ (મોક્ષ) ને પામ્યા.

(આ કથા સાંભળી બ્રાહ્મણે બકરાને છોડી દીધો અને ગીતાના નવમા અધ્યાયના અભ્યાસ વડે પરમગતિને પામ્યો.)



# નવમ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।**
**જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજજ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : તારા જેવા શુદ્ધહૃદયના ભક્ત માટે આ પરમ ગોપનીય વિજ્ઞાનસહિત જ્ઞાનને ફરીથી સમ્યક્ રીતે કહું છું કે જેને જાણીને તું દુઃખરૂપ સંસારથી છૂટી જઈશ. ॥૧॥

**રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।**
**પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ॥૨॥**

આ વિજ્ઞાનસહિત જ્ઞાન સઘળી વિદ્યાઓનો રાજા, સઘળા ગોપનીયોનો રાજા, અતિ પવિત્ર, ઘણું ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, ધર્મયુક્ત, સાધન કરવામાં સાવ સહેલું અને અવિનાશી છે. ॥૨॥

**અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ ।**
**અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥૩॥**

હે પરંતપ ! ઉપર જણાવેલા આ ધર્મમાં શ્રદ્ધા વિનાના

માણસો મને ન પામતાં મૃત્યુરૂપી સંસારચક્રમાં ભટકતા રહે છે. ॥૩॥

**મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।**
**મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥૪॥**

મુજ નિરાકર પરમાત્માથી આ આખું જગત જળથી બરફની પેઠે પરિપૂર્ણ છે અને સઘળાં ભૂતો મારામાં સંકલ્પને આધારે સ્થિત છે, પણ વાસ્તવમાં હું એમનામાં સ્થિત નથી. ॥૪॥

**ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।**
**ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ॥૫॥**

અને વળી એ સમસ્ત ભૂતો મારામાં સ્થિત નથી, મારી ઈશ્વરીય યોગશક્તિને જો, ભૂતોનું ધારણ-પોષણ કરનાર અને ભૂતોને ઉત્પન્ન કરનાર છતાંયે મારો આત્મા વાસ્તવમાં ભૂતોમાં સ્થિત નથી. ॥૫॥

**યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।**
**તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥૬॥**

જેમ આકાશથી ઉદ્ભવેલો સર્વ બાજુએ વિચરનાર અતિ વિસ્તૃત વાયુ સદા આકાશમાં જ સ્થિત છે, એ જ રીતે મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન હોવાને લીધે સઘળાં ભૂતો મારામાં સ્થિત છે, એમ સમજ. ॥૬॥



**સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।**
**કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥૭॥**

હે કૌન્તેય ! કલ્પોના અન્તે બધાં ભૂતો મારી મૂળ પ્રકૃતિને પામે છે એટલે કે પ્રકૃતિમાં લય પામે છે અને કલ્પોના આરંભે એમને હું ફરી સર્જું છું. ॥૭॥

**પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ।**
**ભૂતગ્રામમિમં કૃત્સ્નમવશં પ્રકૃતેર્વશાત્ ॥૮॥**

પોતાની પ્રકૃતિને સ્વીકારીને સ્વભાવના બળને લીધે વશ થયેલા આ આખાય ભૂતસમુદાયને વારંવાર એમનાં કર્મો અનુસાર સર્જું છું. ॥૮॥

**ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય ।**
**ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ ॥૯॥**

હે ધનંજય ! એ કર્મોમાં આસક્તિ વિનાના અને ઉદાસીનની જેમ (જેનાં બધાં કાર્યો કર્તૃત્વભાવ વિના આપમેળે સત્તામાત્રથી જ થાય છે, એનું નામ 'ઉદાસીનની જેમ' છે)સ્થિત મુજ પરમાત્માને એ કર્મો નથી બાંધતાં. ॥૯॥

**મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।**
**હેતુનાનેન કૌન્તેય જગદ્વિપરિવર્તતે ॥૧૦॥**

હે કુન્તીપુત્ર ! મુજ અધિષ્ઠાતાના પ્રભાવથી જ પ્રકૃતિ ચરાચરસહિત આખા જગતને સર્જે છે અને આ હેતુના લીધે જ

આ સંસાર-ચક્ર ફરી રહ્યું છે. ॥૧૦॥

**અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।**

**પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥૧૧॥**

મારા પરમ ભાવને નહિ જાણનારા મૂઢ માણસો, મનુષ્યનું શરીર ધારણ કરનાર મુજ સઘળા ભૂતોના મહાન ઈશ્વરને અવગણે છે એટલે કે પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને અર્થે મનુષ્યસ્વરૂપે વિચરતા મુજ પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે. ॥૧૧॥

**મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।**

**રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ॥૧૨॥**

એ વ્યર્થ આશા રાખનારા, વ્યર્થ કર્મ કરનારા તેમજ જ્ઞાનનો દુરુપયોગ કરનારા વિક્ષિપ્ત ચિત્તના અજ્ઞાની જનો રાક્ષસી, આસુરી અને મોહિની પ્રકૃતિને જ ધારણ કરી રાખે છે. ॥૧૨॥

**મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।**

**ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥૧૩॥**

પણ હે પાર્થ ! દૈવી પ્રકૃતિને આશ્રિત મહાત્માઓ મને સર્વ ભૂતોનું સનાતન (કારણ અને નાશરહિત અક્ષર સ્વરૂપ સમજીને અનન્ય મનથી યુક્ત થઈને નિરંતર ભજે છે. ॥૧૩॥

**સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દૃઢવ્રતાઃ ।**



**નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥૧૪॥**

એ દૃઢનિશ્ચયી ભક્તો નિરંતર મારાં નામ અને ગુણોનું કીર્તન કરતાં, મારી પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતાં અને મને વારંવાર પ્રણામ કરતાં સદા મારા ધ્યાનમાં જોડાઈને અનન્ય પ્રેમથી મને ઉપાસે છે. ॥૧૪॥

**જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામુપાસતે ।**

**એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ॥૧૫॥**

બીજા જે જ્ઞાનયોગીઓ છે, એ મુજ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું જ્ઞાનયજ્ઞ દ્વારા અભિન્નભાવે પૂજન કરતાં કરતાં પણ મારી ઉપાસના કરે છે અને બીજા ભક્તો આખા બ્રહ્માંડમાં જેટલાં પણ ચરાચર પ્રાણીઓ છે, એમને મારું જ સ્વરૂપ માનીને મુજ વિરાટસ્વરૂપ પરમેશ્વરની પૃથક્ભાવે ઉપાસના કરે છે. ॥૧૫॥

**અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્ ।**

**મન્ત્રોઽહમહમેવાજ્યમહમગ્નિરહં હુતમ્ ॥૧૬॥**

ક્રતુ એટલે કે શ્રૌતકર્મ હું છું, યજ્ઞ એટલે કે પંચમહાયજ્ઞ વગેરે સ્માર્ત કર્મ હું છું, સ્વધા એટલે કે પિતૃઓને તર્પણરૂપે અપાતું અન્ન હું છું, ઔષધ હું છું, મંત્ર હું છું, ઘૃત હું છું, અગ્નિ હું છું અને હવનરૂપી ક્રિયા પણ હું જ છું. ॥૧૬॥

**પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।**

**વદ્યં પવિત્રમોઙ્કાર ઋક્સામ યજુરેવ ચ ॥૧૭॥**

આ સકળ જગતનો ધાતા એટલે કે ધારણ કરનાર, કર્મોનાં ફળને આપનાર, પિતા, માતા, દાદા, જે જાણવા યોગ્ય છે એ તત્ત્વ, પવિત્ર, ૐકાર, તેમજ ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. ॥૧૭॥

**ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।**
**પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥૧૮॥**

પરમપદસ્વરૂપ પરમ ગતિ, ભરણ-પોષણ કરનાર, સૌનો સ્વામી, શુભ-અશુભને જોનાર, સૌનું રહેઠાણ, શરણ લેવા યોગ્ય, પ્રત્યુપકાર ઈચ્છ્યા વિના હિત કરનાર, સૌની ઉત્પત્તિ-પ્રલયનો હેતુ, સ્થિતિનો આધાર, નિધાન (પ્રલયકાળે સમસ્ત ભૂતો સૂક્ષ્મરૂપે જેનામાં લય પામે છે, એનું નામ 'નિધાન' છે.) તેમજ અવિનાશી કારણ પણ હું જ છું. ॥૧૮॥

**તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।**
**અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥૧૯॥**

હું જ સૂર્યરૂપે તપું છું, વર્ષોને સમુદ્ર વગેરે સ્થાનોમાંથી ખેંચું છું અને એને વરસાવું છું; હે અર્જુન ! હું જ અમૃત અને મૃત્યુ છું તથા સત્-અસત્ પણ હું જ છું. ॥૧૯॥

**ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા**
**યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।**
**તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોક-**



**મશ્નન્તિ દિવ્યાન્દિવિ દેવભોગાન્ ॥૨૦॥**

ત્રણેય વેદોમાં વિધાન કરાયેલાં સકામ કર્મોને કરનારા, સોમરસ પીનારા, પાપ વિનાના માણસો (અહીંયા સ્વર્ગની પ્રાપ્તિમાં ઊભો કરનાર દેવ- ઋણરૂપી પાપ જેમનાં નાશ પામ્યાં છે, એવા માણસો સમજવા.) મને યજ્ઞો દ્વારા પૂજીને સ્વર્ગની પ્રાપ્તિ ઈચ્છે છે, એ માણસો પોતાનાં પુણ્યોના ફળસ્વરૂપે સ્વર્ગલોકને પામીને સ્વર્ગમાં દિવ્ય એવા દેવતાઓના ભોગોને ભોગવે છે. ॥૨૦॥

**તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં**
**ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।**
**એવં ત્રયીધર્મમનુપ્રપન્ના**
**ગતાગતં કામકામા લભન્તે ॥૨૧॥**

તેઓ એ વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં પાછા આવે છે, આ રીતે ત્રણેય વેદોમાં કહેલા સ્વર્ગની પ્રાપ્તિનાં સાધનભૂત સકામ કર્મોનો આશ્રય લેનારા, તેમજ ભોગોને ઈચ્છતા માણસો વારંવાર ગમન-આગમનને પામે છે એટલે કે પુણ્યના પ્રભાવે સ્વર્ગમાં જાય છે અને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં આવે છે. ॥૨૧॥

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥૨૨॥**

જે અનન્ય પ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવે ભજે છે, એ નિત્ય-નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું (ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થવી એનું નામ 'યોગ' છે અને ભગવત્પ્રાપ્તિ નિમિત્તે કરેલાં સાધનોની રક્ષાનું નામ 'ક્ષેમ' છે.) હું પોતે વહન કરું છું. ॥૨૨॥

**યેऽપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।**
**તેऽપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ॥૨૩॥**

હે કુન્તીપુત્ર ! જો કે શ્રદ્ધાથી યુક્ત જે સકામ ભક્તો અન્ય દેવતાઓને પૂજે છે, તેઓ પણ મને જ પૂજે છે, પરંતુ એમનું તે પૂજન અવિધિપૂર્વકનું એટલે કે અજ્ઞાનપૂર્વકનું છે. ॥૨૩॥

**અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।**
**ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ॥૨૪॥**

સમસ્ત યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હું જ છું, આમ હોવા છતાં પણ એ સકામ ભક્તો મુજ પરમેશ્વરને તત્ત્વથી નથી જાણતા, માટે જ પતન પામે છે એટલે કે પુનર્જન્મને પામે છે. ॥૨૪॥

**યાન્તિ દેવવ્રતા દેવાન્પિતૃન્યાન્તિ પિતૃવ્રતાઃ ।**
**ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોऽપિમામ્ ॥૨૫॥**

દેવતાઓને પૂજનારા દેવતાઓને પામે છે, પિતૃઓને પૂજનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે અને મારું પૂજન કરનારા ભક્તો મને જ પામે છે, માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ નથી થતો. ॥૨૫॥



**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।**
**તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥૨૬॥**

જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પે છે, એ શુદ્ધબુદ્ધિના નિષ્કામ, પ્રેમી ભક્તનું પ્રેમપૂર્વક અર્પેલું એ પત્ર-પુષ્પ આદિ હું સગુણરૂપે પ્રગટ થઈને ઘણા પ્રેમથી આરોગું છું. ॥૨૬॥

**યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।**
**યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥૨૭॥**

હે કૌન્તેય ! તું જે કંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપ કરે છે, એ સઘળું મને અર્પણ કર. ॥૨૭॥

**શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।**
**સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥૨૮॥**

આ પ્રમાણે, જેમાં સમસ્ત કર્મો મુજ ભગવાનને અર્પણ થાય છે, એવા સંન્યાસયોગથી યુક્ત થયેલા ચિત્તનો તું શુભાશુભ ફળરૂપી કર્મબંધનથી છૂટી જઈશ અને એમનાથી છૂટેલો મને જ પ્રાપ્ત થઈશ. ॥૨૮॥

**સમોऽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોऽસ્તિ ન પ્રિયઃ ।**

**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥**

હું સઘળાં ભૂતોમાં સમભાવે વ્યાપક છું, ન તો કોઈ મને અપ્રિય છે કે ન પ્રિય છે, છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ એમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું. (જેવી રીતે સૂક્ષ્મરૂપે સઘળે વ્યાપક હોવા છતાં અગ્નિ સાધનો વડે પ્રગટાવવામાં આવે ત્યારે જ પ્રત્યક્ષ થાય છે, એ જ રીતે સઘળે રહેલા હોવા છતાં પરમેશ્વર ભક્તિભાવે ભજનારા માણસોના જ અંતઃકરણમાં પ્રત્યક્ષરૂપે પ્રગટ થાય છે.)

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ ।**
**સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ॥૩૨॥**

હે પાર્થ ! સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો તથા પાપયોનિ-ચાંડાલ આદિ જે કોઈ પણ હોય, તેઓ પણ મારે શરણે જઈને પરમ ગતિને જ પામે છે. ॥૩૨॥

**કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।**
**અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥૩૩॥**

જો આ લોકો પરમ ગતિને પામી જતા હોય, તો પુણ્યશાળી બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તો મારે શરણે થઈને પરમ ગતિને પામે એમાં તો કહેવું જ શું ! માટે તું સુખ વિનાનું અને ક્ષણભંગુર આ મનુષ્ય - શરીર પામીને નિરંતર મને જ ભજ. ॥૩૩॥

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**



**મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥૩૪॥**

મારામાં મનને પરોવ, મારો ભક્ત બન, મારું પૂજન કરનારો થા, મને પ્રણામ કર, આ રીતે આત્માને મારામાં પરોવીને મારે પરાયણ થયેલો તું મને જ પામીશ. ॥૩૪॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે રાજવિદ્યારાજગુહ્યયોગો નામ નવમોડધ્યાયઃ ॥૫॥

**॥રાજવિદ્યારાજગુહ્યયોગ નામનો નવમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય નવમો

## માનવસેવાની રાજવિદ્યા : સમર્પણયોગ

### પ્રત્યક્ષ અનુભવની વિદ્યા

આજે મારું ગળું દુઃખે છે. મારો અવાજ સંભળાશે કે નહીં એ બાબતમાં થોડી શંકા છે. આ પ્રસંગે સાધુચરિત મોટા માધવરાવ પેશવાના અંતકાળની વાત યાદ આવે છે. એ મહાપુરુષ મરણપથારીએ પડ્યા હતા. ખૂબ કફ થયો હતો. કફનું પર્યવસાન અતિસારમાં કરી શકાય છે. માધવરાવે વૈદ્યને કહ્યું, 'મારો કફ મટી મને અતિસાર થાય એવું કરો એટલે રામનામ લેવાને મોઢું છૂટું થાય.' હું પણ આજે પરમેશ્વરની પ્રાર્થના કરતો હતો. ઈશ્વરે કહ્યું, 'જેવું ગળું ચાલે તેવું બોલજે.' હું અહીં ગીતા વિષે બોલું છું તેમાં કોઈને ઉપદેશ કરવાનો હેતુ નથી. લાભ લેનારને તેમાંથી લાભ થયા વગર રહેવાનો નથી. પણ હું ગીતા વિષે બોલું છું તે રામનામ લેવાને બોલું છું. ગીતા વિષે કહેતી વખતે મારી હરિનામ લેવાની ભાવના હોય છે.



આ હું જે કહું છું તેનો આજના નવમા અધ્યાય સાથે સંબંધ છે. હરિનામનો અપૂર્વ મહિમા આ નવમા અધ્યાયમાં કહેલો છે. આ અધ્યાય ગીતાની મધ્યમાં ઊભો છે. આખા મહાભારતની મધ્યમાં ગીતા અને ગીતાની મધ્યમાં નવમો અધ્યાય છે. અનેક કારણોને લઈને આ અધ્યાયને પાવનત્વ પ્રાપ્ત થયેલું છે. કહેવાય છે કે જ્ઞાનદેવે છેવટે સમાધિ લીધી તે વખતે આ અધ્યાય જપતાં જપતાં તે સમાધિસ્થ થયા. આ અધ્યાયના સ્મરણમાત્રથી મારી આંખો છલકાઈ જાય છે ને હૃદય ભરાઈ આવે છે. વ્યાસનો આ કેવડો મોટો ઉપકાર ! એકલા ભરતખંડ અર્જુનને કહી તે અપૂર્વ વસ્તુ શબ્દથી કહેવાય એવી નહોતી. પણ દયાથી પ્રેરાઈને વ્યાસજીએ સંસ્કૃત ભાષામાં પ્રગટ કરી. ગુહ્ય વસ્તુને વાણીનું રૂપ આપ્યું.

આ જે રાજવિદ્યા છે. આ જે અપૂર્વ વસ્તુ છે તે અનુભવવાની વાત છે. ભગવાન તેને પ્રત્યક્ષાવગમ કહે છે. શબ્દમાં ન સમાય એવી પણ પ્રત્યક્ષ અનુભવની કસોટી પર કસેલી, આ વાત આ અધ્યાયમાં કહેલી હોવાથી તેમાં ઘણી મીઠાશ આવેલી છે. તુલસીદાસે કહ્યું છે.

મરણ પછી મળનારું સ્વર્ગ, તેની બધી કથા અહીં શા કામની ? સ્વર્ગમાં કોણ જાય છે, યમપુર કોણ જાય છે તે કોણ કહી શકે? અહીં ચાર દહાડા કાઢવાના છે તો તેટલો વખત રામના

ગુલામ થઈને રહેવામાં જ મને આનંદ છે, એમ તુલસીદાસજી કહે છે. રામના ગુલામ થઈને રહેવાથી મીઠાશ આ અધ્યાયમાં છે. પ્રત્યક્ષ આ જ દેહમાં, આ જ આંખો વડે અનુભવાય એવું ફલ, જીવતાંજીવ અનુભવમાં આવે એવી વાતો આ અધ્યાયમાં કહેલી છે. ગોળ ખાતાં ખાતાં તેનું ગળપણ પ્રત્યક્ષ સમજાય છે. તે જ પ્રમાણે રામના ગુલામ થઈને રહેવામાં જે મીઠાશ છે તે અહીં છે. આવી મૃત્યુલોકના જીવનમાંની મીઠાશનો પ્રત્યક્ષ અનુભવ કરાવનારી રાજવિદ્યા આ અધ્યાયમાં છે. એ રાજવિદ્યા ગૂઢ છે, પણ ભગવાન સૌ કોઈને સુલભ અને ખુલ્લી કરી આપે છે.

## સહેલો રસ્તો

જે ધર્મનો ગીતા સાર છે તેને વૈદિક ધર્મ કહે છે. વૈદિક ધર્મ એટલે વેદમાંથી નીકળેલો ધર્મ. પૃથ્વીના પડ પર જે કંઈ પ્રાચીન મોજૂદ છે તેમાંનું વેદ પહેલું લખામ મનાય છે. તેથી ભાવિક લોકો તેને અનાદિ માને છે. આથી વેદ પૂજ્ય ગણાયા. અને ઈતિહાસની દૃષ્ટિથી જોઈએ તો પણ વેદ આપણા સમાજની પ્રાચીન ભાવનાઓનું જૂનું નિશાન છે. તમ્રપટ, શિલાલેખ, જૂના સિક્કા, વાસણો, પ્રાણીઓના અવશેષ એ બધાંના કરતાં આ લેખિત સાધન અત્યંત મહત્ત્વનું છે. પહેલવહેલો ઐતિહાસિક પુરાવો એ વેદ છે. આવા એ વેદમાં જે ધર્મ બીજરૂપે હતો તેનું



વૃક્ષ વધતાં છેવટે તેને ગીતાનું દિવ્ય મધુર ફળ બેઠું. ફળ સિવાય ઝાડનું આપણું શું ખાઈ શકીએ? ઝાડને ફળ બેસે પછી જ તેમાંથી ખાવાનું મળે. વેદધર્મના સારનોયે સાર તે આ ગીતા છે.

આ જે વેદધર્મ પ્રાચીનકાળથી રૂઢ હતો તેમાં તરેહતરેહના યજ્ઞયાગ, ક્રિયાકલાપ, વિવિધ તપશ્ચર્યાઓ, નાના પ્રકારની સાધનાઓ બતાવેલી છે. એ બધું કર્મકાંડ નિરુપયોગી નહીં હોય તો પણ તેને સારુ અધિકારની જરૂર રહેતી હતી. તે કર્મકાંડની સૌ કોઈને છૂટ નહોતી. નાળિયેરી પર ઊંચે રહેલું નાળિયેર ઉપર ચડીને તોડે કોણ? તેને પછી છોલે કોણ? ભૂખ તો ઘણીયે લાગી હોય. પણ એ ઊંચા ઝાડ પરનું નાળિયેર મળે કેવી રીતે? શું નીચેથી ઊંચે નાળિયેર તરફ તાકું ને નાળિયેર ઉપરથી મારા તરફ જોયા કરે. પણ એથી મારા પેટની આગ થોડી હોલાવવાની હતી? એ નાળિયેર અને મારી સીધી મુલાકાત ન થાય ત્યાં સુધી બધું નકામું. વેદમાંની એ વિવિધ ક્રિયાઓમાં અત્યંત સૂક્ષ્મ વિચારો હોય, સામાન્ય જનતાને તે કેવી રીતે સમજાય? વેદમાર્ગ વગર મોક્ષ ન મળે પણ વેદનો તો અધિકાર નહીં! પછી બીજાંઓનું શું થાય?

તેથી કૃપાળુ સંતોએ આગળ પડી કહ્યું, ''લાવો, આપણે આ વેદોનો રસ કાઢીએ. વેદોનો સાર ટૂંકામાં કાઢી દુનિયાને આપીએ.'' એથી તુકારામ મહારાજ કહે છે,

'वेद अनंत बोलिला । अर्थ इतुकाचि साधिला ।'

વેદે પાર વગરની વાતો કરી પણ તેમાંથી અર્થ આટલો જ સધાયો. એ અર્થ કયો? હરિનામ, હરિનામ એ વેદનો સાર છે. રામનામથી મોક્ષ અવશ્ય મળે છે. સ્ત્રીઓ, છોકરાં, શુદ્ર, વૈશ્ય, અણઘડ, દૂબળાં, રોગી, પાંગળાં, સૌ કોઈને માટે મોક્ષની છૂટ થઈ. વેદના કબાટમાં પુરાઈ રહેલો મોક્ષ ભગવાને રાજમાર્ગ પર આણીને મૂક્યો. મોક્ષની સાદીસીધી યુક્તિ તેમણે બતાવી. જેનું જે સાદું જીવન, જે સ્વધર્મકર્મ, તેને જ યજ્ઞમય કાં ન કરી શકાય? બીજા યજ્ઞયાગની જરૂર શી? તારું રોજનું સાદું જે સેવાકર્મ છે તેને જ યજ્ઞરૂપ કર,

આ રાજમાર્ગ છે.

'यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥'

જેનો આધાર લેવાથી માણસની કદીયે ભૂલ થવાનો ડર નથી, આંખો મીંચીને દોડે તોયે પડશે નહીં.

બીજો રસ્તો 'क्षुरस्य धारा निशिता दुरत्यया' - અસ્ત્રાની ધાર જેવો તીક્ષ્ણ, મુશ્કેલીથી તે પર ચલાય એવો છે. તલવારની ધાર કદાચ થોડી બૂઠી હશે પણ આ વૈદિક માર્ગ મહાવિકટ છે. રામના ગુલામ થઈને રહેવાનો રસ્તો સહેલો છે. કોઈક ઈજનેર ધીમે ધીમે ઊંચાઈ વધારતો વધારતો રસ્તો ઉપર ને ઉપર લેતો લેતો



આપણને શિખર પર લઈ જઈને પહોંચાડે છે. અને આપણને આટલા બધા ઊંચે ચડ્યાં એનો ખ્યાલ સરખો આવતો નથી. એ જેવી પેલા ઈજનેરની તેવી જ આ રાજમાર્ગની ખૂબી છે. જે માણસ જ્યાં કર્મ કરતો ઊભો છે ત્યાં જ, તે જ સાદા કર્મ વડે પરમાત્માને પહોંચી શકાય એવો આ માર્ગ છે.

પરમેશ્વર શું ક્યાંક છુપાઈ રહેલો છે? કોઈ ખીણમાં, કોઈ કોતરમાં, કોઈ નદીમાં, કોઈ સ્વર્ગમાં, એમ તે ક્યાંક લપાઈ બેઠો છે? હીરામાણેક, સોનુંચાંદી પૃથ્વીના પેટાળમાં છુપાયેલાં પડ્યાં છે. મોતીપરવાળાં રત્નાકર સાગરમાં છુપાયેલાં હોય છે. તેની માફક શું આ પરમેશ્વરરૂપી લાલ રતન છૂપું છે? ઈશ્વરને શું ક્યાંકથી ખોદીને કાઢવાનો છે? આ બધે સામો ઈશ્વર જ ઊભો નથી કે? આ તમામ લોકો ઈશ્વરની મૂર્તિ છે. ભગવાન કહે છે, 'આ માનવરૂપે પ્રગટ થયેલી હરિમૂર્તિનો તુચ્છકાર કરશો મા.' ઈશ્વર પોતે ચરાચરમાં પ્રગટ થઈને રહ્યો છે. તેને શોધવાના કૃત્રિમ ઉપાયો શા સારુ? સીધોસાદો ઉપાય છે. અરે! તું જે જે સેવા કરે તેનો સંબંધ રામની સાથે જોડી દે એટલે થયું. રામનોગુલાબ થા. પેલો કઠણ વેદમાર્ગ, પેલો યજ્ઞ, પેલાં સ્વાહા ને સ્વધા, પેલું શ્રાદ્ધ, પેલું તર્પણ, એ બધું મોક્ષ તરફ લઈ તો જશે, પણ તેમાં અધિકારી ને અનાધિકારીની ભાંજગડ ઊભી થાય છે. આપણે એમાં જરાયે પડવું નથી. તું એટલું જ કર કે જે કંઈ કરે તે પરમેશ્વરને અર્પણ

કર. તારી હરેક કૃતિનો સંબંધ તેની સાથે જોડી દે. નવમો અધ્યાય એવું કહે છે. અને તેથી ભક્તોને તે બહુ મીઠો લાગે છે.

## અધિકારભેદની ભાંજગડ નથી

કૃષ્ણના આખા જીવનમાં બાળપણ બહુ મીઠું. બાળકૃષ્ણની ખાસ ઉપાસના છે. તે ગોવાળિયાઓ સાથે ગાયો ચારવા જાય, તેમની સાથે ખાય પીએ ને તેમની સાથે હસે રમે. ગોવાળિયા ઈંદ્રની પૂજા કરવા નીકળ્યા ત્યારે તેણે તેમને કહ્યું, 'એ ઈંદ્રને કોણે દીઠો છે? તેના શા ઉપકાર છે? આ ગોવર્ધન પર્વત તો સામો પ્રત્યક્ષ દેખાય છે. તેના પર ગાયો ચરે છે. તેમાંથી નદીઓ વહે છે. એની પૂજા કરો.' આવું આવું તે શીખવે. જે ગોવાળિયા સાથે તે રમ્યો, જે ગોપીઓ સાથે તે બોલ્યો, જે ગાયવાછરડાંમાં તે રંગાયો, તે સૌને તેણે મોક્ષ મોકળો કરી આપ્યો. અનુભવથી કૃષ્ણ પરમાત્માએ આ સહેલો રસ્તો બતાવેલો છે. નાનપણમાં તેનો ગાય સાથે સંબંધ બંધાયો. મોટપણમાં ઘોડા સાથે. તેની મોરલીનો નાદ સાંભળતાંની સાથે ગાયો ગળગળી થઈ જતી અને કૃષ્ણનો હાથ પીઠ પર ફરતાંની સાથે ઘોડા હણહણી ઊઠતા. તે ગાયો ને તે ઘોડા કેવળ કૃષ્ણમય થઈ જતાં. पापयोनि ગણાતાં એ જાનવરોને પણ જાણે કે મોક્ષ મળી જતો. મોક્ષ પર એકલા માનવોનો હક નથી, પશુપક્ષીઓનો પણ છે એ વાત શ્રીકૃષ્ણે સ્પષ્ટ કરી છે. તેણે જીવનમાં એ વાતનો અનુભવ કર્યો હતો.



જે ભગવાનનો તે જ વ્યાસનો અનુભવ હતો. કૃષ્ણ અને વ્યાસ બંને એકરૂપ છે. બંનેના જીવનનો સાર એક જ છે. મોક્ષ વિદ્વત્તા પર, કર્મકલાપ એટલે કે કર્મના ફેલાવા પર આધાર રાખતો નથી. તેને માટે સાદીભોળી ભક્તિ પણ પૂરતી છે. ભોળી ભાવિક સ્ત્રીઓ 'હું' 'હું' કરતા જ્ઞાનીઓને પાછળ પાડી દઈ તેમની આગળ નીકળી ગઈ છે. મન પવિત્ર હોય અને શુદ્ધ ભાવ હોય તો મોક્ષ અઘરો નથી. મહાભારતમાં 'જનક-સુલભા સંવાદ' નામે એક પ્રકરણ છે. જનક રાજા જ્ઞાનને સારુ એક સ્ત્રી પાસે જાય છે એવો પ્રસંગ વ્યાસે ઊભો કર્યો છે. તમારે જોઈએ તો સ્ત્રીઓને વેદનો અધિકાર છે કે નથી એ મુદ્દાની ચર્ચા કર્યા કરો. પણ સુલભા ખુદ જનકને બ્રહ્મવિદ્યા આપે છે. તે એક સામાન્ય સ્ત્રી છે. અને જનક કેવડો મોટો સમ્રાટ ! કેટકેટલી વિદ્યાથી સંપન્ન ! પણ મહાજ્ઞાની જનક પાસે મોક્ષ નહોતો. તે માટે વ્યાસજીએ તેની પાસે સુલભાના ચરણ પકડાવ્યા છે. એવો જ પેલો તુલાધાર વૈશ્ય, પેલો જાજલિ બ્રાહ્મણ તેની પાસે જ્ઞાનને સારુ જાય છે. તુલાધાર કહે છે, 'ત્રાજવાંની દાંડી સીધી રાખવામાં મારું બધું જ્ઞાન છે.' તેવી જ પેલી વ્યાધની કથા લો. વ્યાધ મૂળમાં કસાઈ, પશુઓને મારી સમાજની સેવા કરતો હતો. એક અહંકારી તપસ્વી બ્રાહ્મણને તેના ગુરુએ વ્યાધની પાસે જવાનું કહ્યું. બ્રાહ્મણને નવાઈ લાગી. કસાઈ તે કેવુંક જ્ઞાન આપવાનો હતો? બ્રાહ્મણ વ્યાધ

પાસે પહોંચ્યો. વ્યાધ શું કરતો હતો? તે માંસ કાપતો હતો, તેને ધોતો હતો, સાફ કરી વેચવાને ગોઠવતો હતો. તેણે બ્રાહ્મણને કહ્યું, 'મારું આ કર્મ જેટલું થઈ શકે તેટલું હું ધર્મમય કરું છું. જેટલો રેડાય તેટલો આત્મા આ કર્મમાં રેડી હું આ કર્મ કરું છું અને માબાપની સેવા કરું છું.' આવા આ વ્યાધને રૂપે વ્યાસજીએ આદર્શમૂર્તિ ઊભી કરી છે.

મહાભારતમાં આ જે સ્ત્રીઓ, વૈશ્યો, શુદ્રો એ બધાંની કથાઓ આવે છે તે સર્વ કોઈને માટે મોક્ષ ખુલ્લો છે એ બીના સાફ દેખાય તેટલા સારુ છે. તે વાર્તાઓમાંનું તત્ત્વ આ નવમા અધ્યાયમાં કહેલું છે. તે વાર્તાઓ પર આ અધ્યાયમાં મહોર મરાઈ. રામના ગુલામ થઈને રહેવામાં જે મીઠાશ છે તે જ પેલા વ્યાધના જીવનમાં છે. તુકારામ મહારાજ અહિંસક હતા પણ સજન કસાઈએ કસાઈનો ધંધો કરતાં કરતાં મોક્ષ મેળવ્યો તેનું ખૂબ હોંશથી તેમણે વર્ણન કર્યું છે. બીજે એક ઠેકાણે તુકારામે પૂછ્યું છે, 'પશુઓને મારનારાઓની હે ઈશ્વર, શી ગતિ થશે?' પણ, 'सजन कसाया बिकूं लागे मांस ।' સજન કસાઈને માંસ વેચવા લાગતો એ ચરણ લખીને ભગવાન સજન કસાઈને મદદ કરે છે એવું એમણે વર્ણન કર્યું છે. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારનારો. નાથને ત્યાં પાણીની કાવડ ભરી આણનારો, દામાજીને ખાતર ઢેડ બનવાવાળો, મહાષ્ટ્રને પ્રિય જનાબાઈને



દળવાખાંડવામાં હાથ દેનારો, એવો એ ભગવાન સજન કસાઈને પણ તેટલા જ પ્રેમથી મદદ કરતો એમ તુકારામ કહે છે. ટૂંકમાં, બધાંયે કૃત્યોનો સંબંધ પરમેશ્વરની સાથે જોડવો. કર્મ શુદ્ધ ભાવનાથી કરેલું અને સેવાનું હોય તો તે યજ્ઞરૂપ જ છે.

## કર્મફળ ઈશ્વરને અર્પણ

નવમા અધ્યાયમાં આ જ ખાસ વાત છે. આ અધ્યાયમાં કર્મયોગ અને ભક્તિયોગનો મધુર મેળાપ છે. કર્મયોગ એટલે કર્મ કરી તેના ફળનો ત્યાગ કરવો તે. કર્મ એવી ખૂબીથી કરો કે ફળની વાસના ચોંટે નહીં. આ વાત અખરોટનું ઝાડ રોપવા જેવી છે. અખરોટના ઝાડને પચ્ચીસ વરસે ફળ આવે છે. રોપનારને ફળ ચાખવાનાં ન મળે તોયે ઝાડ રોપવું ને તેને પ્રેમથી ઉછેરવું. કર્મયોગ એટલે ઝાડ રોપવું ને તેના ફળની અપેક્ષા ન રાખવી તે. ભક્તિયોગ એટલે શું? ભાવપૂર્વક ઈશ્વર સાથે જોડાવું તેનું નામ ભક્તિયોગ છે. રાજયોગમાં કર્મયોગ અને ભક્તિયોગ એકઠા થઈને ભળી જાય છે. રાજયોગની અનેક લોકોએ અનેક વ્યાખ્યા આપી છે. પણ રાજયોગ એટલે ટૂંકમાં કર્મયોગ ને ભક્તિયોગનું મધુરું મિશ્રણ એવી મારી વ્યાખ્યા છે.

કર્મ કરવાનું ખરું પણ ફળ ફેંકી ન દેતાં તે ઈશ્વરને અર્પણ કરવાનું છે. ફળ ફેંકી દો એમ કહેવામાં ફળનો નિષેધ છે. અર્પણમાં એવું નથી. આ ઘણી સુંદર અવસ્થા છે. તેમાં અપૂર્વ

મીઠાશ છે. ફળનો ત્યાગ કરવાનો અર્થ એવો નથી થતો કે કોઈ લેનાર નથી. કોઈ ને કોઈ તે ફળ લેશે. કોઈકને પણ તે મળ્યા વગર રહેશે નહીં. પછી જેને એ ફળ મળે તે લાયક છે કે નથી એવા બધા તર્ક ઉઠ્યા વગર નહીં રહે. કોઈ ભિખારી આવે છે તો તેને જોઈ આપણે તરત કહીએ છીએ, 'ખાસો જાડો પાડો છે. ભીખ માગતાં શરમ નથી આવતી? નીકળ અહીંથી!' તે ભીખ માગે છે એ યોગ્ય છે કે નથી એ આપણે જોવા બેસીએ છીએ. ભિખારી બિચારો શરમાઈ જાય છે. આપણામાં સહાનુભૂતિનો પૂરેપૂરો અભાવ. એ ભીખ માગનારની લાયકાત આપણે કેવી રીતે જાણી શકવાના હતા?

એકવખત નાનપણમાં માને મેં આવી જ શંકા પૂછી હતી. તેણે આપેલો જવાબ હજી મારા કાનમાં ગુંજ્યા કરે છે. મેં માને કહેલું, 'આ તો ખાસો સાબૂત હાડકાંનો દેખાય છે. એવાને દાનમાં કંઈ આપીશું તો વ્યસન અને આળસને ખાસું ઉત્તેજન મળશે.' ગીતામાંનો 'देशे काले च पात्रे च' 'દેશ, કાળ ને પાત્ર જોઈ,' એ શ્લોક પણ મેં ટાંકી બતાવ્યો. માએ કહ્યું, 'જે ભિખારી આવેલો તે પરમેશ્વર પોતે હતો. હવે પાત્રપાત્રતાનો વિચાર કર. ભગવાન શું અપાત્ર છે? પાત્રપાત્રતાનો વિચાર કરવાનો તને ને મને શો અધિકાર છે? મને લાંબો વિચાર કરવાની જરૂર લાગતી નથી. મારે માટે તે ભગવાન છે.'



બીજાને ભોજન આપતી વખતે તેની લાયકાત-ગેરલાયકાતનો હું વિચાર કરવા બેસું છું. પણ પોતે કોળિયા ગળે ઉતારીએ છીએ ત્યારે આપણને પોતાને અધિકાર છે કે નહીં તેનો વિચાર કદી મનમાં આવતો નથી. જે આપણે આંગણે આવી ઊભો તેને અપશુકનિયાળ ભિખારી જ શા સારુ માનવો? આપણે જેને આપીએ છીએ તે ભગવાન જ છે એવું કેમ ન સમજવું? તર્ક કર્યા વગર શુભ કર્મ કરવું.

રાજયોગ કહે છે, 'તારા કર્મનું ફળ ઈશ્વરને જ આપી દે. તેને અર્પણ કર. રાજયોગ યોગ્ય સ્થાન બતાવે છે. ફળનો ત્યાગ કરવાનું નિષેધાત્મક કર્મ પણ અહીં નથી અને ભગવાનને અર્પણ કરવાનું હોવાથી પાત્રાપાત્રતાના સવાલનો પણ ઉકેલ આવી જાય છે. ભગવાનને આપેલું દાન સદા સર્વદા શુદ્ધ જ છે. તારા કર્મમાં દોષ હશે તો પણ તેના હાથમાં જતાંવેંત તે પવિત્ર બનશે. આપણે ગમે તેટલા દોષ દૂર કરીએ તોયે આખરે થોડોઘણો દોષ રહી જ જાય છે. છતાં આપણાથી બને તેટલા શુદ્ધ થઈને કર્મ કરવું. બુદ્ધિ ઈશ્વરની આપેલી બક્ષિસ છે. તે જેટલી શુદ્ધ રીતે વાપરી શકાય તેટલી શુદ્ધ રીતે વાપરવાની આપણી ફરજ છે. તેમ ન કરીએ તો આપણે ગુનેગાર ઠરીએ. તેથી પાત્રાપાત્રવિવેક પણ કરવો જ જોઈએ. ભગવદ્ભાવનાથી તે વિવેક કરવાનું સરળ થાય છે.

ફળનો વિનિયોગ ચિત્તશુદ્ધિને કરવાને માટે યોજવો. જે

કાર્ય જેવું થાય તેવું ભગવાનને આપી દે. પ્રત્યક્ષ ક્રિયા જેમ જેમ થતી જાય તેમ તેમ ઈશ્વરને અર્પણ કરી મનની પુષ્ટિ મેળવતા જવું જોઈએ. ફળ ફેંકી દેવાનું નથી. તે ઈશ્વરને અર્પણ કરવું. બલકે, મનમાં પેદા થતી વાસના તેમ જ કામક્રોધ વગેરે વિકારો પણ ઈશ્વરને સુપરત કરી છૂટા થઈ જવું. પછી તું શાંત ચિત્ત બની જા.

'કામક્રોધ આમ્હીં વાહિલે વિઠ્ઠલી'

'કામક્રોધ અમે ઈશ્વરને સુપરત કર્યા છે.' અહીં સંયમાગ્નિમાં નાખીને તાબડતોબ અર્પણ કરીને છૂટા. કોઈ જાતની માથાફોડ નથી, મારામારી નથી.

'રોગ જાય દુધેં સાખરેં I તરી નિંબ કા પિયાવા'

'દૂધ ને સાકરથી રોગ મટતો હોય તો કડવો લીમડો શા સારુ પીવો?'

ઈન્દ્રિયો પણ સાધનો છે. તેમને ઈશ્વરને અર્પણ કરો. કહે છે કે કાન કાબૂમાં રહેતા નથી. તો શું સાંભળવાનું જ માંડી વાળવું? સાંભળ, પણ હરિકથા જ સાંભળવાનું રાખ. કંઈ સાંભળવું જ નહીં એ વાત અઘરી છે. પણ હરિકથા સાંભળવાનો વિષય આપી કાનનો ઉપયોગ કરવાનું વધારે સહેલું, મધુર અને હિતકર છે. રામને તારા કાન સોંપી દે, મોંએથી રામનું નામ લે, ઈન્દ્રિયો કંઈ વેરી નથી. તે સારી છે. તેમનામાં ઘણું સામર્થ્ય છે. હરેક



ઈન્દ્રિય ઈશ્વરાર્પણબુદ્ધિથી વાપરવી એ રાજમાર્ગ છે. આ જ રાજયોગ છે.

## ખાસ ક્રિયાનો આગ્રહ નથી

અમુક જ ક્રિયા ઈશ્વરને અર્પણ કરવાની છે એવું નથી. કર્મમાત્ર તેને આપી દો. શબરીનાં પેલાં બોર. રામે તેનો સ્વીકાર કર્યો. પરમેશ્વરની પૂજા કરવાને માટે ગુફામાં જઈને બેસવાની જરૂર નથી. જ્યાં જે કર્મ કરતા હો ત્યાં તે ઈશ્વરને અર્પણ કરો. મા બાળકની સંભાળ રાખે છે તે જાણે ઈશ્વરની જ રાખે છે. બાળકને સ્નાન કરાવ્યું તે ઈશ્વરને રુદ્રાભિશેક કર્યો જાણવો. આ બાળક પરમેશ્વરની કૃપાની બક્ષિસ છે એમ સમજી માએ પરમેશ્વરભાવનાથી બાળકનું જતન કરવું. કૌશલ્યા રામચંદ્રની, જશોદા કૃષ્ણની કેટલા પ્રેમથી ફિકર ને સંભાળ રાખતી એનું વર્ણન કરવામાં શુક્ર, વાલ્મીકિ અને તુલસીદાસ પોતાને ધન્ય માને છે. તેમને તે ક્રિયાનું પાર વગરનું કૌતુક થયા કરે છે. માની એ સેવાની ક્રિયા ઘણી મહાન છે. એ બાળક પરમેશ્વરની મૂર્તિ છે અને એ મૂર્તિની સેવા કરવાની મળે એથી બીજું મોટું ભાગ્ય કયું? આપણે એકબીજાની સેવામાં એ ભાવના રાખીએ તો આપણાં કર્મોમાં કેટલું બધું પરિવર્તન થઈ જાય! જેને ભાગે જે જે સેવા કરવાની આવે તે ઈશ્વરની સેવા છે એવી ભાવના તેણે રાખતા જવું.

ખેડૂત બળદની સેવા કરે છે. એ બળદ શું તુચ્છ છે કે? ના, નથી. વામદેવે વેદમાં શક્તિરૂપે વિશ્વમાં ફેલાઈ રહેલા જે બળદનં વર્ણન કર્યું છે તે જ બળદ ખેડૂતના બળદમાં પણ છે.

જેને ચાર શિંગડાં છે, ત્રણ પગ છે, બે માથાં છે, સાત હાથ છે. ત્રણ ઠેકાણે જે બંધાયેલો છે, જે મહાન તેજસ્વી હોઈ સર્વ મર્ત્ય વસ્તુમાં ભરેલો છે. એવો આ જે ગર્જના કરવાવાળો વિશ્વવ્યાપી બળદ છે, તેને જ ખેડૂત પૂજે છે. ટીકાકારોએ આ એક જ ઋચાના પાંચસાત જુદા જુદા અર્થ આપેલા છે. આ બળદ છે જ મૂળમાં વિચિત્ર. આકાશમાં ગાજીને વરસાદ વરસાવનારો જે બળદ છે તે જ બળદ મળમૂત્રની વૃષ્ટિ કરી ખેતરને રસાળ કરનારા આ ખેડૂતના બળદમાં છે. આવી મહાન ભાવના રાખી ખેડૂત પોતાના બળદની સેવાચાકરી કરશે તો તે સાદી બળદની સેવા ઈશ્વરને અર્પણ થઈ જાણવી.

તે જ પ્રમાણે ઘરમાં જે ગૃહલક્ષ્મી છે તેણે પોતું દઈને રસોડું સ્વચ્છ બનાવ્યું છે, તે રસોડામાં જે ચૂલો સળગી રહ્યો છે તે ચૂલા પર સ્વચ્છ અને સાત્ત્વિક રોટલો શેકાય છે, પોતાના ઘરના સૌને એ રસોઈ પુષ્ટિદાયક તેમ જ તુષ્ટિદાયક નીવડો એવી જે ગૃહલક્ષ્મીની ઈચ્છા છે, તે બધું યે તેનું કર્મ યજ્ઞરૂપ જ છે. તે માએ જાણે કે નાનકડો યજ્ઞ પેટાવ્યો છે. પરમેશ્વરને તૃપ્ત કરવાનો છે એવી ભાવના મનમાં રાખી જે રસોઈ થશે તે કેટલી સ્વચ્છ



અને પવિત્ર થશે તેનો ખ્યાલ કરો. એ ગૃહલક્ષ્મીના મનમાં જો આવી મોટી ભાવના હશે તો તે ભાગવતમાંની ઋષિપત્નીને તોલે આવશે. સેવા કરતાં આવી કેટલીયે માતાઓનો ઉદ્ધાર થઈ ગયો હશે અને 'હું-હું' કહીને ગાજનારા મોટા મોટા જ્ઞાનીઓ ને પંડિતો ક્યાંક ખૂણે પડી રહ્યા હશે. માતાનું ખાવા કરવાનું પોતાના કુટુમ્બીજનો માટે નહિ પણ પોતાના ઈષ્ટદેવ માટે છે એમ સમજી કર્મ કરે તો ખાનારમાં મીઠાશ વ્યાપે.

આપણું રોજનું ઘડીઘડીનું જીવન સાદું દેખાય છે ખરું, પણ તે સાદું નથી. તેમાં ઊંડો અર્થ સમાયેલો છે. આખુંયે જીવન એક મહાન યજ્ઞકર્મ છે. તમારી જે ઊંઘ છે, તે પણ એક સમાધિ છે. સર્વ ભોગ ઈશ્વરને અર્પણ કર્યા પછી જે નિદ્રા આપણે લઈએ તે સમાધિ નથી તો બીજું શું છે? આપણામાં સ્નાન કરતી વખતે પુરુષસૂક્ત બોલવાનો રિવાજ છે. આ પુરુષસૂક્તનો સ્નાનની ક્રિયાની સાથે શો સંબંધ છે? સંબંધ જોશો તો દેખાશે, જેના હજાર હાથ છે, જેની હજારો આંખો છે, એવા એ વિરાટ પુરુષનો મારા નાહવાની સાથે સંબંધ શો? સંબંધ એ કે તું જે કળશિયો પાણી તારા માથા પર રેડે છે તેમાં હજારો ટીપાં છે. તે ટીપાં તારું માથું ધુએ છે, તને નિષ્પાપ કરે છે. તારા માથા પર ઈશ્વરનો એ આશીર્વાદ ઊતરે છે. પરમેશ્વરના સહસ્ત્ર હાથમાંની સહસ્ત્રધારા જાણે કે તારા પર વરસે છે. પાણીનાં બિંદુને રૂપે ખુદ પરમેશ્વર

જાણે કે તારા માથામાંનો મેલ દૂર કરે છે. આવી દિવ્ય ભાવના એ સ્નાનમાં રેડો. પછી તે સ્નાન જુદું જ થઈ રહેશે. તે સ્નાનમાં અનંત શક્તિ આવશે.

કોઈ પણ કર્મ તે પરમેશ્વરનું છે એ ભાવનાથી કરવાથી સાદું સરખું હોય તો પણ પવિત્ર બને છે. આ અનુભવની વાત છે. આપણે ઘેર આવનારો પરમેશ્વર છે એવી ભાવના એક વાર કરી તો જુઓ. સામાન્ય રીતે એકાદ મોટો માણસ ઘેર આવે છે તોયે આપણે કેટલી બધી સાફસૂફી કરીએ છીએ અને કેવી રૂડી રસોઈ બનાવીએ છીએ! તો પછી આવનારો પરમેશ્વર છે એવી ભાવના કરશો તો બધી ક્રિયાઓમાં કેટલો બધો ફરક પડશે વારુ? કબીર કાપડ વણતા. તેમાં તે તલ્લીન થઈ જતા. 'झीनी झीनी झीनी झीनी बिनी चदरिया' એવું ભજન ગાતા ગાતા તે ડોલતા. પરમેશ્વરને ઓઢાડવાને માટે જાણે કે પોતે ચાદર વણે છે. ઋગ્વેદનો ઋષિ કહે છે,

આ મારા સ્તોત્રથી, સુંદર હાથે વણાયેલા વસ્ત્રની માફક હું ઈશ્વરને શણગારું છું. કવિ સ્તોત્ર રચે તે ઈશ્વરને સારુ અને વણકર વણે તે પણ ઈશ્વરને સારુ. કેવી હૃદયંગમ કલ્પના છે ! કેટલો હૃદયને વિશુદ્ધ કરનારો, હૃદયને ભાવથી ભરી દેનારો વિચાર છે! આ ભાવના એક વાર જીવનમાં કેળવાય પછી જીવન કેટલું બધું નિર્મળ થઈ જાય ! અંધારામાં વીજળી ચમકતાંની



સાથે તે એક ક્ષણમાં અંધારાનો પ્રકાશ બની જાય છે. એ અંધારાનો શું આસ્તે આસ્તે પ્રકાશ બને છે કે? ના. એક ક્ષણમાં બધું અંતર્બાહ્ય પરિવર્તન થઈ જાય છે. એ જ પ્રમાણે દરેક ક્રિયા ઈશ્વરની સાથે જોડી દેતાંની સાથે જીવનમાં એકદમ અદ્ભુત શક્તિ આવી વસે છે. પછી હરેક ક્રિયા વિશુદ્ધ થવા માંડશે. જીવનમાં ઉત્સાહનો સંચાર થશે. આજે આપણા જીવનમાં ઉત્સાહ ક્યાં છે? આપણે મરવાને વાંકે જીવીએ છીએ. ઉત્સાહનો બધે દુકાળ છે. આપણું જીવવું રોતલ, કળાહીન થઈ ગયું છે. પણ બધી ક્રિયાઓ ઈશ્વરની સાથે જોડવાની છે એવો ભાવ મનમાં કેળવો, તમારું જીવવું પછી રમણીય અને વંદ્ય થઈ જશે.

પરમેશ્વરના એક નામથી જ એકદમ પરિવર્તન થાય છે એ બાબતમાં શંકા ન રાખશો. રામ કહેવાથી શું વળશે એમ કહેશો મા. એક વાર બોલી તો જુઓ. કલ્પના કરો કે સાંજે કામથી પરવારીને ખેડૂત ઘેર પાછો ફરે છે. રસ્તામાં તેને કોઈ વટેમાર્ગુ મળે છે. ખેડૂત વટેમાર્ગુને કહે છે,

'चाल धरा उभा राहें नारायणा।'

'અરે વટેમાર્ગુ ભાઈ, અરે નારાયણ, થોભ, હવે રાત પડવા આવી છે. હે ઈશ્વર, મારે ઘેર ચાલ.' એ ખેડૂતના મોંમાંથી આ શબ્દો એક વાર નીકળવા દો તો ખરા. પછી તમારા એ વટેમાર્ગુનું સ્વરૂપ પલટાઈ જાય છે કે નહીં તે જુઓ, તે વટેમાર્ગુ વાટમારુ

હશે તોયે પવિત્ર બનશે. આ ફરક ભાવનાથી પડે છે. જે કંઈ છે તે બધું ભાવનામાં ભરેલું છે. જીવન ભાવનામય છે. વીસ વરસનો એક પારકો છોકરો પોતાને ઘેર આવે છે. તેને બાપ કન્યા આપે છે. તે છોકરો વીસ વરસનો હશે તોયે પચાસ વરસની ઉંમરનો તે દીકરીનો બાપ તેને પગે પડે છે. આ શું છે? કન્યા અર્પણ કરવાનું આ કાર્ય મૂળમાં જ કેટલું પવિત્ર છે! જેને આપવાની છે તે ઈશ્વર જ લાગે છે. જમાઈની બાબતમાં, વરરાજાની બાબતમાં આ જે ભાવના છે. તે જ વધારે ઊંચી લઈ જાઓ, વધારો.

કોઈ કહેશે, આવી આવી ખોટી કલ્પના કરવાનો શો અર્થ? ખોટીખરી પહેલાં બોલશો નહીં. પહેલાં અભ્યાસ કરો. અનુભવ લો. પછી ખરુંખોટું જણાશે. પેલો વરદેવ પરમાત્મા છે એવી ખાલી શાબ્દિક નહીં પણ સાચી ભાવના તે કન્યાદાનમાં હોય તો પછી કેવો ફેર પડે છે તે દેખાઈ આવશે. આ પવિત્ર ભાવનાથી વસ્તુનું પહેલાંનું રૂપ અને પછીનું રૂપ એ બંને વચ્ચે જમીનઆસમાનનો ફેર પડી જશે. કુપાત્ર સુપાત્ર થશે. દુષ્ટ સુષ્ટ થશે. વાલિયા ભીલનું એવું જ નહોતું થયું? વીણા પર આંગળી ફરે છે, મોઢે નારાયણ નામ ચાલે છે, અને મારવાને ધસી જાઉં છું તોયે એની શાંતિ ડગતી નથી. ઊલટું પ્રેમભરી આંખોથી જુએ છે. આવો દેખાવ વાલિયાએ પહેલાં કદી જોયો ન હતો. પોતાની કુહાડી જોઈને નાસી જનારાં, અથવા સામો હુમલો કરનારાં એવાં



બે જ પ્રકારનાં પ્રાણી વાલિયા ભીલે તે ક્ષણ સુધીમાં જોયાં હતાં. પણ નારદે ન તો સામો હુમલો કર્યો, ન તો તે નાઠા. તે શાંત ઊભા રહ્યા. વાલિયાની કુહાડી અટકી ગઈ. નારદની ભમર સરખી હાલી નહીં. આંખ મીંચાઈ નહીં. મધુરું ભજન ચાલ્યા કરતું હતું. નારદે વાલિયાને કહ્યું, ‘કુહાડી કેમ અટકી પડી?’ વાલિયાએ કહ્યું, ‘તમને શાંત જોઈને.’ નારદે વાલિયાનું રૂપાંતર કરી નાખ્યું. એ રૂપાંતર ખરું કે ખોટું?

ખરેખર કોઈ દુષ્ટ છે કે કેમ તેનો નિર્ણય કોણ કરશે? ખરેખર દુષ્ટ સામો ઊભો રહ્યો હોય તો પણ તે પરમાત્મા છે એવી ભાવના રાખો. તે દુષ્ટ હશે તોયે સંત બનશે. તો શું ખોટી ખોટી ભાવના રાખવી? હું પૂછું છું તે દુષ્ટ જ છે એની કોને ખબર છે? ‘સજ્જન લોકો જાતે સારા હોય છે એટલે તેમને બધું સારું દેખાય છે. પણ વાસ્તવિક તેવું હોતું નથી.’ એમ કેટલાક કહે છે. ત્યારે શું તને જેવું દેખાય છે તે સાચું માનવું? સૃષ્ટિનું સમ્યક્ જ્ઞાન મેળવવાનું સાધન જાણે માત્ર દુષ્ટોના હાથમાં જ છે ! સૃષ્ટિ સારી છે પણ તું દુષ્ટ હોવાથી તને તે દુષ્ટ દેખાય છે એમ કેમ ન કહેવાય? અરે, આ સૃષ્ટિ તો અરીસો છે. તું જેવો હશે તેવો સામેની સૃષ્ટિમાં તારો ઘાટ ઊઠશે. જેવી આપણી દૃષ્ટિ તેવું સૃષ્ટિનું રૂપ. એટલા માટે સૃષ્ટિ સારી છે, પવિત્ર છે એવી કલ્પના કરો. સાદી ક્રિયામાં પણ એ ભાવના રેડો, પછી કેવો ચમત્કાર થાય છે તે જોવા મળશે.

ભગવાનને પણ એ જ કહેવું છે.

*જે કરે ભોગવે વા જે, જે હોમે દાન જે કરે,*
*આચરે તપ ને વા જે, કર અર્પણ તે મને.*

જે જે કંઈ કરે તે બધુંયે જેવું હોય તેવું ભગવાનને આપી દે.

અમારી મા નાનપણમાં એક વાર્તા કહેતી. તે વાર્તા આમ તો ગમ્મતની છે પણ તેમાં રહેલું રહસ્ય બહુ કીમતી છે. એક હતી બાઈ. તેમણે નક્કી કર્યું હતું કે જે કંઈ થાય તે કૃષ્ણાર્પણ કરવું. એઠવાડ ઉપર છાણનો ગોળો ફેરવી તે ગોળો બહાર ફેંકી દે ને કૃષ્ણાર્પણ બોલે. તાબડતોબ તે છાણનો ગોળો ત્યાંથી ઊડીને મંદિરમાંની મૂર્તિને મોંએ જઈને ચોંટી જાય. પૂજારી બિચારો મૂર્તિ ઘસીને સાફ કરતો કરતો થાક્યો. પણ કરે શું? છેવટે તેને ખબર પડી કે આ બધો મહિમા પેલી બાઈનો છે. તે જીવતી હોય ત્યાં સુધી મૂર્તિ સાફ થવાની વાત ખોટી. એક દહાડો બાઈ માંદી પડી. મરણની છેલ્લી ઘડી પાસે આવી. તેણે મરણ પણ કૃષ્ણાર્પણ કર્યું. તે જ ક્ષણે દેવળમાં મૂર્તિના ટુકડા થઈ ગયા. મૂર્તિ ભાંગીને પડી ગઈ. પછી ઉપરથી બાઈને લઈ જવાને માટે વિમાન આવ્યું. બાઈએ વિમાન પણ કૃષ્ણાર્પણ કર્યું. એટલે વિમાન સીધું મંદિર પર જઈ ધડાકા સાથે અફળાયું ને તેના પણ ફૂરચેફૂરચા ઊડી ગયા. શ્રીકૃષ્ણના ધ્યાનની આગળ સ્વર્ગની જરા સરખીયે કિંમત



નથી.

વાતનો સાર એટલો કે જે જે સારાં નરસાં કર્મો હાથથી થાય તે તે ઈશ્વરાર્પણ કરવાથી તે કર્મોમાં કંઈક જુદું જ સામર્થ્ય પેદા થાય છે. જુવારનો પીળાશવાળો ને સહેજ રતાશ પડતો દાણો હોય છે. પણ તેને શેકવાથી કેવી મજાની ધાણી ફૂટે છે. ! સફેદ, સ્વચ્છ, આઠ ખૂણાળી, ધોબીને ત્યાંથી ગડી વાળીને આણી હોય તેવી દમામદાર ધાણીને પેલા અસલ દાણાની પાસે મૂકી જુઓ વારુ. કેટલો ફેર ! પણ તે દાણાની જ એ ધાણી છે એમાં કંઈ શંકા છે કે? આ ફરક એક અગ્નિને લીધે પડ્યો. તેવી જ રીતે એ કઠણ દાણાને ઘંટીમાં ઓરી દળો એટલે તેનો મજાનો નરમ લોટ થશે. અગ્નિની આંચથી ધાણી બની, ઘંટીના સંપર્કથી નરમ લોટ થયો. એ જ પ્રમાણે આપણી નાની નાની ક્રિયાઓ પર હરિસ્મરણનો સંસ્કાર કરો એટલે તે ક્રિયા અપૂર્વ બની રહેશે. ભાવનાથી ક્રિયાની કિંમત વધે છે. પેલું નકામા જેવું જાસવંતીનું ફૂલ, પેલો બીલીનો પાલો, પેલી તુળસીના છોડની મંજરી અને પેલી દરોઈ, એ બધાંને નજીવાં માનશો નહીં.

‘तुका म्हणे चवी आलें । जें का मिश्रित विठ्ठलें’

તુકારામ કહે છે કે જે કંઈ વિઠ્ઠલ સાથે ભળ્યું તેમાં સ્વાદ પેઠો જાણવો. દરેક વાતમાં પરમાત્માને ભેળવો અને પછી અનુભવ લો. આ વિઠ્ઠલના જેવો બીજો કોઈ મસાલો છે ખરો કે?

તે દિવ્ય મસાલા કરતાં બીજું વધારે સારું શું લાવશો? ઈશ્વરનો મસાલો દરેક ક્રિયામાં નાખ એટલે બધુંયે રુચિકર અને સુંદર બનશે.

રાત આઠ વાગ્યાને સુમારે દેવળમાં આરતી થાય છે. ચારેકોર સુવાસ ફેલાયેલી છે, ધૂપ બળે છે, દીવા કરેલા છે, અને દેવની આરતી ઉતારાય છે, એ વખતે ખરેખર આપણે પરમાત્માને જોઈએ છીએ એવી ભાવના થાય છે. ભગવાન આખો દહાડો જાગ્યા, હવે સૂવાની તૈયારી કરે છે.

'आतां स्वामी, सुखें निद्रा करा गोपाळा'

હવે હે સ્વામી, હે ગોપાળ, સુખેથી પોઢી જાઓ, એમ ભક્તો કહેવા લાગે છે. શંકા કરનારો જીવ પૂછે છે, 'ઈશ્વર ક્યાં ઊંઘે છે?' અરે ભાઈ ! દેવને શું નથી? મૂરખા ! દેવ ઊંઘતો નથી, જાગતો નથી, તો શું પથરો ઊંઘશે ને જાગશે? અરે, ઈશ્વર જ જાગે છે, ઈશ્વર જ સૂઈ જાય છે, ઈશ્વર જ સૂઈ જાય છે, અને ઈશ્વર જ ખાય છે ને પીએ છે. તુલસીદાસજી સવારના પહોરમાં ઈશ્વરને ઉઠાડે છે, તેને વિનંતી કરે છે.

'जागिये रघुनाथ कुंवर पंछी बन बोले'

હે રઘુનાથકુંવર, ઊઠો, વનમાં પંખીઓ બોલવા લાગ્યાં છે. આપણાં ભાઈબહેનોને, નરનારીઓને, રામચંદ્રની મૂર્તિ કલ્પી તેઓ કહે છે, 'મારા રામરાજાઓ, ઊઠો હવે.' કેટલો



સુંદર વિચાર છે ! નહીં તો બોર્ડિંગ હોય ત્યાં છોકરાંઓને ઉઠાડતાં, 'અલ્યા એઈ, ઊઠે છે કે નહીં?' એમ ધમકાવીને પૂછે છે. પ્રાતઃકાળની મંગળ વેળા, અને તે વખતે આવી કઠોર વાણી શોભે ખરી કે? વિશ્વામિત્રના આશ્રમમાં રામચંદ્ર પોઢ્યા છે, અને વિશ્વામિત્ર તેમને જગાડે છે. વાલ્મીકિ રામાયણમાં વર્ણન છે કે,

રામ એવી મીઠી વાણી વિશ્વામિત્ર બોલ્યા અને તેમણે કહ્યું નરશાર્દૂલ ઊઠ, સવાર પડી છે. 'રામ બેટા, ઊઠો હવે,' એવી મીઠી હાક વિશ્વામિત્ર મારે છે. કેવું મીઠું એ કર્મ છે ! અને બોર્ડિંગમાંનું પેલું ઉઠાડવાનું કેટલું કર્કશ ! પેલા ઊંઘતા છોકરાને લાગે છે કે જાણે સાત જનમનો વેરી ઉઠાડવાને માટે આવ્યો છે ! પહેલાં ધીમેથી સાદ પાડો, પછી જરા મોટેથી પાડો. પણ કર્કશતા, કઠોરતા ન હોવી જોઈએ. એ વખતે ન ઊઠે તો ફરીને દશ મિનિટ પછી જાઓ. આજે નહીં ઊઠે તો કાલે ઊઠશે એવી આશા રાખો. તે ઊઠે તેટલા સારુ મીઠાં ગીત, પરભાતિયાં, શ્લોક, સ્તોત્રો બોલો. ઉઠાડવાની આ એક સાદી ક્રિયા છે પણ તેને કેટલી બધી કાવ્યમય, સહૃદય તેમ જ સુંદર કરી શકાય એમ છે ! કેમ જાણે ઈશ્વરને જ ઉઠાડવાનો છે, પરમેશ્વરની મૂર્તિને જ આસ્તેથી જગાડવાની છે ! ઊંઘમાંથી માણસને ઉઠાડવાનું પણ એક શાસ્ત્ર છે.

બધા વહેવારોમાં આ કલ્પના દાખલ કરો. કેળવણીના

શાસ્ત્રમાં તો આ કલ્પનાની ખૂબ જરૂર છે. છોકરાંઓ એટલે પ્રભુની મૂર્તિ. આ દેવોની મારે સેવા કરવાની છે એવી ગુરુની ભાવના હોવી જોઈએ પછી તે છોકરાને 'જા નીકળ અહીંથી, ઘેર જા. ઊભો રહે એક કલાક, હાથ આગળ ધર, આ ખમીસ કેટલું મેલું છે? અને નાકમાં લીટ કેટલું ભર્યું છે !' એવું એવું કરડાકીથી કહેશે નહીં. છોકરાંનું નાક તે આસ્તેથી જાતે સાફ કરશે, તેનાં મેલાં કપડાં ધોશે, ફાટેલાં સાંધી આપશે. અને શિક્ષક એ પ્રમાણે કરશે તો તેની કેટલી બધી અસર થશે? મારવાથી જરા પણ અસર થાય છે ખરી કે? બાળકોએ પણ આવી જ દિવ્ય ભાવના ગુરુ તરફ રાખવી જોઈએ. ગુરુ આ છોકરાંઓ હરિમૂર્તિ છે અને છોકરાંઓ આ અમારા ગુરુ હરિમૂર્તિ છે, એવી ભાવના એકબીજાને માટે રાખી પોતપોતાનું વર્તન રાખશે તો વિદ્યા તેજસ્વી થશે. છોકરાં પણ ઈશ્વર અને ગુરુ પણ ઈશ્વર છે. આ ગુરુ ખુદ શંકરની મૂર્તિ છે, બોધનું અમૃત આપણે તેમની પાસેથી મેળવીએ છીએ, એમની સેવા કરવાથી જ્ઞાન પામીએ છીએ એવી છોકરાંઓની કલ્પના એકવાર થાય તો પછી તે કેવી રીતે વર્તશે?

## પાપનો ડર નથી

બધે હરિભાવના રાખવીએ વાત એક વાર ચિત્તમાં બરાબર ઠસી ગયા પછી એકબીજાને એકબીજાની સાથે કેવી



રીતે વર્તવું તેનું બધુંયે નીતિશાસ્ત્ર આપોઆપ સહેજે અંતઃકરણમાં સ્ફુરવા માંડશે. બલ્કે, તેની જરૂર જ નહીં રહે. પછી દોષો દૂર થશે, પાપો નાસી જશે, અને દુરિતોનું અંધારું હઠી જશે.

તુકારામે કહ્યું છે,

ચાલ, તને છૂટ આપી છે. વારે વારે વિઠ્ઠલનું નામ લે. તારું એવું એકે પાપ નથી જે નામ લીધા પછી પાસે ઊભું રહે. ચાલ, પાપ કરવાની તને પૂરી છૂટ છે. તું પાપ કરતો થાકે છે કે પાપોને બાળતાં હરિનામ થાકે છે એ એકવાર જોઈ લઈએ. હરિનામની આગળ ટકી શકે એવું ધીંગું દાંડ પાપ છે ક્યાં ? करीं तुजसी करवती – તારાથી થાય તેટલાં પાપ કર. તને સદર પરવાનગી છે. નામની અને તારાં પાપની એક વખત કુસ્તી થવા દે. અરે, એ નામમાં આ જન્મનાં તો શું અનંત જન્મનાં પાપો એક જ ક્ષણમાં બળીને ખાક કરવાનું સામર્થ્ય છે. ગુફામાં અનંત યુગોથી અંધારું ભરેલું હશે તોયે એક દિવાસળી ઘસી કે થયું તે બધુંયે પળવારમાં હઠી જશે. અંધારાનો પ્રકાશ થઈ જાય છે. પાપો જેટલાં જૂનાં તેટલાં વહેલાં મરે છે. તે મરવાને વાંકે જ જીવી રહેલાં હોય છે. જૂનાં લાકડાંની રાખ થતાં જરાયે વાર લાગતી નથી.

રામનામની પાસે પાપ રહી જ શકતું નથી. છોકરાંઓ કહે છે ને કે 'રામ બોલતાંની સાથે ભૂતો ભાગી જાય છે.'

નાનપણમાં અમે છોકરાઓ સ્મશાનમાં જઈને પાછા આવતા. સ્મશાનમાં જઈ ત્યાં ખૂંટી મારી આવવાની અમે શરતો બકતા. રાતને વખતે સાપસાપોલિયાં હોય, કાંટાઝાંખરાં હોય, બહાર અંધારું ઘોર, અને છતાં અમને કશું લાગતું નહીં, ભૂત કદી જોવાનું મળ્યું નહીં. આખરે ભૂત બધાં કલ્પનાનાં જ ને? તે ક્યાંથી દેખાય? એક દશ વરસના બાળકમાં રાત્રે મસાણમાં જઈ આવવાનું આ સામર્થ્ય ક્યાંથી આવ્યું? રામનામથી તે સામર્થ્ય સત્યરૂપ પરમાત્માનું હતું. પરમેશ્વર પાસે છે એવી ભાવના હોય પછી આખી દુનિયા સામી આવીને ઊભી રહેતાં હરિનો દાસ ડરતો નથી. તેને કયો રાક્ષસ ખાઈ શકશે? રાક્ષસ બહુ તો તેનું શરીર ખાઈ જશે ને પચાવી શકશે. પણ રાક્ષસને સત્ય પચવાનું નથી. સત્યને પચાવી જઈ શકે એવી શક્તિ જગતમાં કોઈ નથી. ઈશ્વરી નામની સામે પાપ ટકી જ શકતું નથી. તેથી ઈશ્વરને મેળવો, તેની કૃપા મેળવો. બધાંયે કર્મો તેને અર્પણ કરો. તેના થઈને રહો. સર્વ કર્મોનું નૈવેદ્ય પ્રભુને અર્પણ કરવાનું છે એ ભાવના ઉત્તરોત્તર વધારે ને વધારે ઉત્કટ કરતા જશો એટલે ક્ષુદ્ર જીવન દિવ્ય બનશે, મલિન જીવન સુંદર થશે.

## થોડું ઘણું મીઠાશભર્યું

'पत्रं पुष्पं फलं तोयम्' - ગમે તે હો,ભક્તિ હોય એટલે થયું. કેટલું આપ્યું એ પણ સવાલ નથી. કઈ ભાવનાથી આપો



છો એ મુદ્દો છે. એક વાર એક પ્રોફેસર ભાઈની સાથે મારે ચર્ચા થઈ. એ હતી શિક્ષણશાસ્ત્રને વિષે. અમારા બેની વચ્ચે વિચારભેદ હતો. આખરે પ્રોફેસરે કહ્યું, 'અરે, હું અઢાર અઢાર વરસોથી કામ કરું છું.' તે પ્રોફેસરે સમજાવીને કે દલીલથી પોતાની વાત મારે ગળે ઉતારવી જોઈતી હતી. પણ તેમ ન કરતાં હું આટલાં વરસોથી શિક્ષણનું કામ કરું છું એવું તેમણે કહ્યું. ત્યારે મેં વિનોદમાં કહ્યું, 'અઢાર વરસ સુધી બળદ યંત્રની સાથે ફર્યો હોય તેથી શું તે યંત્રશાસ્ત્રજ્ઞ થઈ જશે કે?' યંત્રશાસ્ત્રજ્ઞ જુદો છે ને પેલો ચક્કર ચક્કર ફરનારો બળદ જુદો છે. શિક્ષણશાસ્ત્રજ્ઞ જુદો છે ને શિક્ષણની હમાલી કરનારો વેઠિયો જુદો છે. જે સાચો શાસ્ત્રજ્ઞ હશે તે છ જ મહિનામાં એવો અનુભવ મેળવશે કે જે અઢાર અઢાર વરસ સુધી મજૂરી કરનાર વેઠિયાને સમજાશે પણ નહીં. ટૂંકમાં, તે પ્રોફેસરે દાઢી બતાવી કે મેં આટલાં વરસ કામ કર્યું છે. પણ દાઢીથી કંઈ સત્ય સાબિત થાય છે? તેવી રીતે પરમેશ્વરની આગળ કેટલા ઢગલા કર્યા તે વાતનું કશું મહત્ત્વ નથી. માપનો, આકારનો કે કિંમતનો અહીં સવાલ નથી. મુદ્દો ભાવનાનો છે. કેટલું ને શું અર્પણ કર્યું એ મુદ્દો ન હોઈ કેવી રીતે અર્પણ કર્યું એ મુદ્દો ન હોઈ કેવી રીતે અર્પણ કર્યું એ મુદ્દો છે. ગીતામાં માત્ર સાતસો શ્લોક છે. દસ દસ હજાર શ્લોકવાળા બીજા ગ્રંથો પણ છે. પણ ચીજ મોટી હોય તેથી તેનો ઉપયોગ પણ ઘણો હોયજ

એવું નથી. વસ્તુમાં તેજ કેટલું છે, સામર્થ્ય કેટલું છે તે જોવાનું હોય છે. જીવનમાં કેટલી ક્રિયાઓ કરી એ વાતનું મહત્ત્વ નથી. પણ ઈશ્વરાર્પણ બુદ્ધિથી એક જ ક્રિયા કરી હોય તો તે એક જ ક્રિયા ભરપૂર અનુભવ આપશે. એકાદ પવિત્ર ક્ષણમાં કોઈક વાર એટલો બધો અનુભવ મળી જાય છે કે તેટલો બાર વરસમાં સુધ્ધાં મળતો નથી.

ટૂંકમાં જીવનમાં થતાં સાદાં કર્મો, સાદી ક્રિયાઓ પરમેશ્વરને અર્પણ કરો, એટલે જીવનમાં સામર્થ્ય કેળવાશે. મોક્ષ હાથમાં આવશે. કર્મ કરવું અને તેનું ફળ ફેંકી ન દેતાં તે ઈશ્વરને અર્પણ કરવું. એવો આ રાજયોગ કર્મયોગથીયે એક ડગલું આગળ જાય છે. કર્મયોગ કહે છે, 'કર્મ કરો ને તેનું ફળ છોડો, ફળની આશા ન રાખો.' કર્મયોગ આટલેથી અટકી જાય છે. રાજયોગ આગળ વધીને કહે છે, 'કર્મનાં ફળ ફેંકી ન દઈશ. બધાં કર્મો ઈશ્વરને અર્પણ કર. એ ફૂલો છે. તેના તરફ આગળ લઈ જનારાં સાધનો છે. તે તેની મૂર્તિ પર ચડાવી દે. એક તરફથી કર્મ અને બીજી તરફથી ભક્તિ એવો મેળ બેસાડીને જીવનને સુંદર કરતો કરતો આગળ જા. ફળનો ત્યાગ ન કરીશ. ફળને ફેંકી દેવાનું નથી પણ તેને ઈશ્વરની સાથે જોડી આપવાનું છે.' કર્મયોગમાં તોડી લીધેલું ફળ રાજયોગમાં જોડી દેવામાં આવે છે. વાવવું ને ફેંકી દેવું એ બે વાતમાં ફેર છે. વાવેલું થોડું સરખું અનંતગણું



થઈને, ભરપૂર થઈને મળશે, ફેંકેલું ફોગટ જશે. ઈશ્વરને જે કર્મ અર્પણ થયું તે વવાયુંજાણવું. તેથી જીવનમાં અપાર આનંદ ઊભરાશે અને પાર વગરની પવિત્રતા આવશે.

## દસમા અધ્યાયનું માહાત્મ્ય

ભગવાન શિવજી બોલ્યા : હે સુંદરિ ! હવે તમે દસમા અધ્યાયના માહાત્મ્યની પરમ પાવન કથા સાંભળો જે સ્વર્ગરૂપી કિલ્લામાં પ્રવેશવા સુંદર સીડી અને પ્રભાવની ચરમ સીમા રૂપ છે. કાશીપુરીમાં ધીરબુદ્ધિ નામથી પ્રસિદ્ધ એક બ્રાહ્મણ હતો જે મારામાં મારા પ્રિય નન્દી જેવી ભક્તિ રાખતો હતો. તે પાવન કીર્તિ મેળવવા તત્પર રહેનાર, શાંતચિત્ત અને હિંસા, કઠોરતા તેમજ દુઃસાહસથી દૂર રહેનારો હતો. જિતેન્દ્રિય હોવાથી તે હંમેશાં નિવૃત્તિમાર્ગ તરફ ઢળેલો રહેતો. તેણે વેદરૂપી સાગર પાર કરેલો હતો. તે સંપૂર્ણ શાસ્ત્રોના તાત્પર્યને જાણનાર હતો. તેનું ચિત્ત હંમેશાં મારા ધ્યાનમાં સંલગ્ન હતું. તે મનને અંતરાત્મામાં લગાવી હંમેશાં આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરતો તેથી જ્યારે તે ચાલવા લાગતો ત્યારે હું પ્રેમવશ તેની પાછળ પાછળ દોડી તેને હાથનો સહારો આપતો.

આ જોઈ મારા પાર્ષદ ભૃંગિરિટિએ પૂછ્યું : ભગવન્ ! આ રીતે આપનું દર્શન કોણે કર્યું હશે? આ મહાત્માએ કયું તપ



કર્યું છે કે સ્વયં આપ જ તેને પગલે પગલે હાથનો સહારો આપો છો?

ભૃંગિરિટિનો આ પ્રશ્ન સાંભળી મેં તેને આ રીતે જવાબ આપ્યો :

એક સમયની વાત છે. કૈલાસ પર્વતની સમીપે પુન્નાગ વનમાં ચંદ્રનાં અમૃતમય કિરણોથી ધવલ ભૂમિમાં એક વેદીનો આશ્રય લઈ હું બેઠો હતો. મારા બેઠા પછી ક્ષણવારમાં જ એકાએક જોરદાર આંધી આવી. ત્યાંનાં વૃક્ષોની ડાળીઓ પવનથી એક-બીજી સાથે ટકરાવા લાગી. કેટલીયે ડાળીઓ તૂટીને વેરવિખેર થઈ ગઈ. પર્વતની અવિચળ છાયા પણ ડોલવા લાગી. તે પછી ત્યાં એક બહુ જ ભયંકર શબ્દ થયો જેનાથી પર્વતની ગુફાઓ પડઘાથી ગુંજી ઊઠી. તે પછી આકાશમાંથી વિશાળ પક્ષી ઊતર્યું જેનું સ્વરૂપ કાળા વાદળ જેવું હતું. તે કાજળનો ઢગલો, અંધકારનો સમૂહ અથવા પાંખ કપાએલ પર્વત સમાન લાગતું હતું. પગોથી જમીનનો ટેકો લઈ તે પક્ષીએ મને પ્રણામ કર્યાં અને એક સુંદર નવીન કમળ મારાં ચરણોમાં મૂકી સ્પષ્ટ વાણીમાં સ્તુતિ કરવા લાગ્યું.

પક્ષી બોલ્યું : હે દેવ ! આપનો જય હો. આપ ચિદાનંદમયી સુધાના તથા જગતના પાલક છો. હંમેશાં સદ્ભાવનાથી યુક્ત અને અનાસક્તિની લહેરોથી ઉલ્લસિત છો. આપના વૈભવનો

અંત નથી. આપનો જય હો. અદ્વૈતવાસનાથી પરિપૂર્ણ બુદ્ધિ વડે આપ ત્રિવિધ મળોથી રહિત છો. આપ જિતેન્દ્રિય ભક્તોને આધીન છો તથા ધ્યાન વડે આપના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. આપ અવિદ્યામય ઉપાધિથી રહિત, નિત્યમુક્ત, નિરાકાર, નિરામય, અસીમ, અહંકારશૂન્ય, આવરણરહિત અને નિર્ગુણ છો. આપનાં ચરણકમળ શરણાગત ભક્તોની રક્ષા કરવા સમર્થ છે. પોતાના ભયંકર લલાટરૂપી મહાસર્પની વિષજ્વાલાઓથી આપે કામદેવને ભસ્મ કર્યો છે. આપનો જય હો. આપનો જય હો. આપ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી દૂર હોવા છતાં પ્રામાણ્યસ્વરૂપ છો.આપને વારંવાર નમસ્કાર છે. ચૈતન્યના સ્વામી તથા ત્રિભુવનધારી આપને પ્રણામ છે. હું શ્રેષ્ઠ યોગીઓ દ્વારા ચુંબિત આપનાં તે ચરણકમળોમાં વંદના કરું છું. જેઓ અપાર ભવસાગરને પાર કરવા અદ્‌ભુત શક્તિશાળી છે. હે મહાદેવ ! સાક્ષાત્ બૃહસ્પતિ પણ આપની સ્તુતિ કરવાની ધૃષ્ટતા ન કરી શકે. સહસ્ર મુખવાળા નાગરાજ શેષનાગમાં પણ એટલી ચતુરાઈ નથી કે તેઓ આપના ગુણો વર્ણવી શકે, તો મારા જેવા નાનકડા પક્ષીનું તો શું ગજું?

તે પક્ષી વડે કરાયેલ આ સ્તુતિ સાંભળી મેં તેને પૂછ્યું : ‘હે વિહંગમ ! તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? તારી આકૃતિ તો હંસ જેવી છે પણ રંગ કાગડાનો મળ્યો છે. તારું જે પ્રયોજન



હોય તે કહે.’

પક્ષી બોલ્યું : ‘દેવેશ ! મને બ્રહ્માજીનો હંસ જાણો. હે ધૂર્જટે ! જે કર્મથી મારા શરીરમાં અત્યારે કાલિમા આવી છે તે સાંભળો. હે પ્રભો ! જો કે આપ સર્વજ્ઞ છો (એથી આપથી કંઈ છૂપું નથી) તો પણ આપ પૂછો છો તો જણાવું છું. સૌરાષ્ટ્ર (સુરત) નગરીની પાસે એક સુંદર સરોવર છે જેમાં કમળો ખિલતાં રહે છે. તેમાંથી બાલચંદ્રના ટુકડા જેવા સફેદ મૃણાલનો ગ્રાસ લઈ ઘણી ઝડપથી હું આકાશમાં ઊડી રહ્યો હતો. ઊડતો ઊડતો એકાએક ત્યાંથી જમીન ઉપર પડી ગયો. જ્યારે ભાનમાં આવ્યો અને મારા પડવાનું કંઈ કારણ ન સમજાયું ત્યારે વિચારમાં પડ્યોઃ

‘અરે ! આ મારા ઉપર શું આવી પડ્યું? આજે હું પડ્યો કેમ? પાકેલા કપૂર જેવા મારા સફેદ શરીરમાં કાળાશ કેમ આવી ગઈ?’ આ રીતે ચકિત થઈ હું વિચારી જ રહ્યો હતો કે તે સરોવરના કમળોમાંથી મને આ વાણી સંભળાઈ :

‘હે હંસ ! ઊઠ. હું તારા પડવાનું અને કાળા થવાનું કારણ જણાવું છું.’

ત્યારે હું ઊઠીને સરોવરની વચ્ચે ગયો અને ત્યાં પાંચ કમળોથી યુક્ત એક સુંદર કમલિનીને જોઈ. તેને પ્રણામ કરી મેં પ્રદક્ષિણા કરી અને મારા પતનનું કારણ પૂછ્યું.

કમલિની બોલી : ‘હે કલહંસ ! તું આકાશમાર્ગે મને

ઓળંગીને ગયો તે પાપને લીધે જ તને પૃથ્વી ઉપર પડવું પડ્યું તથા તેના જ કારણે તારા શરીરમાં કાલિમા આવી છે. તને પડેલો જોઈ મારા દિલમાં દયા આવવાથી જ્યારે મેં આ મધ્યમ કમળ દ્વારા બોલવાનું શરૂ કર્યું તે સમયે મારા મુખથી નીકળેલી સુગંધીને લઈને સાઠ હજાર ભમરાઓ સ્વર્ગ લોકને પ્રાપ્ત થયા છે. હે પક્ષીરાજ ! જે કારણથી મારામાં આ વૈભવ, આ પ્રભાવ ઉત્પન્ન થયો છે તે તને કહું છું, સાંભળ.'

આ જન્મ પહેલાં ત્રીજા જન્મમાં હું આ પૃથ્વી પર એક બ્રાહ્મણ કન્યા રૂપે અવતરી હતી. તે સમયે મારું નામ સરોજવદના હતું. હું ગુરુજનોની સેવા કરતી. હંમેશાં એકમાત્ર પતિવ્રત ધર્મનું પાલન કરવામાં તત્પર રહેતી હતી.

એક દિવસની વાત છે. હું એક મેનાને ભણાવતી હતી. તેથી પતિસેવામાં થોડી મોડી પડી. તેથી પતિદેવ નારાજ થયા અને તેમણે મને શાપ દીધો : 'પાપિણી ! તું મેના બની જા.' મૃત્યુ પછી જો કે હું મેના જ થઈ, તો પણ પાતિવ્રત્યના પ્રભાવથી મુનિઓના ઘરમાં મને આશ્રય મળ્યો. કોઈ મુનિકન્યાએ મારું પાલન-પોષણ કર્યું. હું જેમના ઘરમાં હતી તે બ્રાહ્મણ દરરોજ સવારમાં વિભૂતિયોગ નામથી પ્રસિદ્ધ ગીતાના દસમા અધ્યાયનો પાઠ કરતા હતા અને હું તે પાપહારી અધ્યાયનું શ્રવણ કરતી હતી. હે વિહંગમ ! સમય આવતાં મેનાના શરીરનો ત્યાગ



કરી દસમા અધ્યાયના માહાત્મ્યથી હું સ્વર્ગલોકમાં અપ્સરા થઈ. મારું નામ પદ્માવતી પડ્યું. પદ્માની હું વહાલી સખી હતી.

એક દિવસ વિમાનમાં હું આકાશમાં વિચરણ કરતી હતી તે વખતે સુંદર કમળોથી સુશોભિત આ રમણીય સરોવર ઉપર મારી દૃષ્ટિ પડી અને આમાં ઊતરી જેવી જલક્રીડા કરવા લાગી તેવામાં જ દુર્વાસા મુનિ આવી ગયા. તેમણે વસ્ત્રહીન અવસ્થામાં મને જોઈ લીધી. તેમના ભયથી મેં પોતે જ કમલિનીનું રૂપ ધરી લીધું. મારા બંને પગ બે કમળ થઈ ગયા. બંને હાથ પણ બે કમળ થયા. બાકીનાં અંગો સાથે મારું મુખ પણ કમળ થઈ ગયું. આ રીતે હું પાંચ કમળોના રૂપમાં પરિવર્તિત થઈ. મુનિવર દુર્વાસાએ મને જોઈ. તેમનાં નેત્ર ક્રોધાગ્નિથી પ્રજ્જવલિત હતાં. તેઓ બોલ્યા : 'પાપિણી ! તું આ રૂપે જ સો વર્ષ સુધી પડી રહેજે.' આવો શાપ દઈ તેઓ ક્ષણવારમાં અંતર્ધાન થઈ ગયા. કમલિની થવા છતાં વિભૂતિયોગાધ્યાયના માહાત્મ્યને લીધે મારી વાણી લુપ્ત થઈ નથી. મને ઓળંગવા માત્રના અપરાધથી જ તું પૃથ્વી પર પડ્યો છે. હે પક્ષીરાજ ! અહીં તારી સામે જ આજે મારા શાપની નિવૃત્તિ થાય છે કારણ કે આજે સો વર્ષ પૂરાં થઈ ગયાં. મારા દ્વારા ગવાએલ આ ઉત્તમ તું પણ સાંભળી લે. તેના શ્રવણ માત્રથી તું પણ આજે જ મુક્ત થઈ જઈશ.

આમ કહી પદ્મિનીએ સ્પષ્ટ અને સુંદર વાણીમાં દસમા

અધ્યાયનો પાઠ કર્યો અને તે મુકત થઈ ગઈ. તે સાંભળ્યા પછી તેના વડે મેળવેલ આ ઉત્તમ કમળ આપને અર્પણ કર્યું છે.

આટલી કથા કહી તે પક્ષીએ શરીર છોડી દીધું. આ એક અદ્ભુત ઘટના હતી. તે જ પક્ષી હવે દસમા અધ્યાયના પ્રભાવથી એક બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે. જન્મથી જ અભ્યાસ હોવાના લીધે શૈશવાવસ્થાથી જ તેના મુખેથી હંમેશાં દસમા અધ્યાયનું ઉચ્ચારણ થયા કરે છે. દસમા અધ્યાયના અર્થના ચિંતનનું આ પરિણામ છે કે તે સર્વભૂતોમાં બિરાજમાન શંખ-ચક્રધારી ભગવાન વિષ્ણુનાં દર્શન હંમેશાં કરતો રહે છે. તેની સ્નેહપૂર્ણ દૃષ્ટિ જ્યારે કોઈ દેહધારી પર પડે છે ત્યારે તે ભલે શરાબી હોય કે બ્રહ્મહત્યારો જ કેમ ના હોય, મુક્ત થઈ જાય છે. પૂર્વજન્મમાં અભ્યાસ કરેલા દસમા અધ્યાયના માહાત્મ્યથી તેને દુર્લભ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત છે તથા તેણે જીવનમુક્તિ પણ મેળવી છે. તેથી જ્યારે તે રસ્તે ચાલવા લાગે છે તો હું તેને હાથનો સહારો આપતો રહું છું. હે ભૃંગિરિટે ! આ દસમા અધ્યાયનો મહિમા છે.



# દશમ અધ્યાય

**શ્રી ભગવાન્ ઉવાચ**

**ભૂય એવ મહાબાહો શ્રૃણુ મે પરમં વચઃ ।**
**યત્તેડહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : હે મહાબાહો ! હજી ફરીથી પણ મારા પરમ રહસ્યને તેમજ પ્રભાવને જણાવનાર વચનને સાંભળ, જેને હું મારામાં અતિશય પ્રેમભાવ રાખનાર તને, તારા હિતની ઈચ્છાથી કહું છું. ॥૧॥

**ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ ।**
**અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ ॥૨॥**

મારી ઉત્પત્તિને એટલે કે અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને નથી દેવતાઓ જાણતા કે નથી તો મહર્ષિઓ જાણતા; કેમકે હં સર્વ રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું પણ આદિ કારણ છું. ॥૨॥

**યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।**
**અસમ્મૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૩॥**

જે મને અજન્મા એટલે કે વાસ્તવમાં જન્મ વિનાનો,

અનાદિ (અનાદિ એને કહેવાય જે આદિ એટલે કારણ વિનાનો હોય અને સૌનું કારણ હોય.) અને સર્વ લોકોનો મહાન ઈશ્વર તત્ત્વથી જાણે છે. બધા માણસોમાં એ જ્ઞાની માણસ સર્વ પાપોથી છૂટી જાય છે. ॥૩॥

**બુદ્ધિર્જ્ઞાનમસમ્મોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ ।**
**સુખં દુઃખં ભવોઽભાવો ભયં ચાભયમેવ ચ ॥૪॥**
**અહિંસા સમતા તુષ્ટિસ્તપો દાનં યશોઽયશઃ ।**
**ભવન્તિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ ॥૫॥**

નિશ્ચય કરવાની શક્તિ, યથાર્થ જ્ઞાન, અસંમૂઢતા, ક્ષમા, સત્ય, ઈન્દ્રિયો વશમાં રાખવી, મનનો નિગ્રહ તેમજ સુખ-દુઃખ, ઉત્પત્તિ-પ્રલય અને ભય-અભય તથા અહિંસા, સમતા, સંતોષ, તપ, (સ્વધર્મના આચરણ દ્વારા ઈન્દ્રિયો આદિને તપાવીને શુદ્ધ કરવાનું નામ 'તપ' છે) દાન, કીર્તિ અને અપકીર્તિ પ્રાણીઓના આવા વિવિધ પ્રકારના ભાવો મારાથી જ થાય છે. ॥૪-૫॥

**મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા ।**
**મદ્ભાવા મનસા જાતા યેષાં લોક ઈમાઃ પ્રજાઃ ॥૬॥**

સાત મહર્ષિજનો, ચાર એમની પણ પૂર્વે થયેલા સનક આદિ તથા સ્વાયંભુવ આદિ ચૌદ મનુઓ-મારામાં ભાવ રાખનારા આ બધાય મારા સંકલ્પથી જન્મેલા છે, જેમની સંસારમાં આ સઘળી પ્રજા છે. ॥૬॥



**એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ ।**
**સોઽવિકમ્પેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ ॥૭॥**

જે માણસ મારી આ પરમ ઐશ્વર્યસ્વરૂપ વિભૂતિને અને યોગશક્તિને તત્ત્વથી જાણે છે. (જે કંઈ દશ્યમાત્ર સંસાર છે, બધી ભગવાનની માયા છે અને એક વાસુદેવ ભગવાન જ બધી બાજુ પરિપૂર્ણ છે, આ જાણવું એ જ 'તત્ત્વથી જાણવું' છે.) એ નિશ્ચળ ભક્તિયોગથી યુક્ત થઈ જાય છે - એમાં લેશમાત્ર પણ સંશય નથી. ॥૭॥

**અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।**
**ઈતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ ॥૮॥**

હું વાસુદેવ જ આખા જગતની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી જ સમગ્ર જગત ચેષ્ટા કરે છે, આ પ્રમાણે સમજીને શ્રદ્ધા અને ભક્તિ રાખનારા બુદ્ધિમાન ભક્તો મુજ પરમેશ્વરને જ નિરંતર ભજે છે. ॥૮॥

**મચ્ચિત્તા મદ્ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।**
**કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥૯॥**

નિરંતર મારામાં મન પરોવી રાખનારા અને મારામાં જ પ્રાણોને અર્પણ કરી રાખનારા ભક્તજનો, (મુજ વાસુદેવને ખાતર જ જેમણે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે, એમનું નામ છે 'मद्गतप्राणाः') મારી ભક્તિની ચર્ચા દ્વારા પરસ્પર મારા પ્રભાવને

ઓળખાવતા તથા ગુણ અને પ્રભાવસહિત મારું કથન કરતા જ નિત્ય-નિરંતર સંતોષી રહે છે અને મુજ વાસુદેવમાં જ નિરંતર રમ્યા કરે છે. ॥૯॥

**તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।**
**દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥૧૦॥**

નિરંતર મારા ધ્યાન વગેરેમાં પરોવાયેલા અને પ્રેમથી ભજનારા એ ભક્તોને હું એવો તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું, જેનાથી એ ભક્તો મને જ પામે છે. ॥૧૦॥

**તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં તમઃ ।**
**નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥૧૧॥**

હે અર્જુન ! એમના ઉપર અનુગ્રહ કરવા માટે, એમના અન્તઃકરણમાં રહેલો હું પોતે જ, એમના અજ્ઞાનજનિત અન્ધકારને ઝળહળતા તત્ત્વજ્ઞાનરૂપી દીપક દ્વારા નષ્ટ કરી દઉં છું. ॥૧૧॥

**અર્જુન ઉવાચ**

**પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ।**
**પુરુષં શાશ્વતં દિવ્યમાદિદેવમજં વિભુમ્ ॥૧૨॥**
**આહુસ્ત્વામૃષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।**
**અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ॥૧૩॥**

અર્જુન બોલ્યા : આપ પરમ બ્રહ્મ, પરમ ધામ અને પરમ



પવિત્ર છો, કેમકે આપને સમસ્ત ઋષિજનો સનાતન, દિવ્ય પુરુષ, દેવોના પણ આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી કહે છે, એવું જ દેવર્ષિ નારદ, અસિત અને દેવલ ઋષિ તથા મહર્ષિ વ્યાસ પણ કહે છે, અને વળી આપ પોતે પણ મને એમ જ કહો છો. ॥૧૨-૧૩॥

**સર્વમેતદૃતં મન્યે યન્માં વદસિ કેશવ ।**
**ન હિ તે ભગવન્વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ॥૧૪॥**

હે કેશવ ! જે કંઈ પણ મને આપ કહી રહ્યા છો, એ સઘળું હું સત્ય માનું છું, હે ભગવન્ ! આપના લીલામય સ્વરૂપને નથી તો દાનવો જાણતા કે નથી દેવતા પણ જાણતા. ॥૧૪॥

**સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ ।**
**ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે ॥૧૫॥**

હે સઘળા ભૂતોના સર્જનહાર ! હે સઘળા ભૂતોના ઈશ્વર ! હે દેવોના દેવ ! હે જગતના સ્વામી ! હે પુરુષોત્તમ ! આપ પોતે જ પોતાના વડે જાણો છો. ॥૧૫॥

**વક્તુમર્હસ્યશેષેણ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।**
**યાભિર્વિભૂતિભિર્લોકાનિમાંસ્ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ ॥૧૬॥**

માટે આપ જ પોતાની એ દિવ્ય વિભૂતિઓને સંપૂર્ણપણે કહેવા સમર્થ છો, જે વિભૂતિઓ દ્વારા આપ આ સકળ લોકોને વ્યાપીને રહેલા છો. ॥૧૬॥

**કથં વિદ્યામહં યોગિંસ્ત્વાં સદા પરિચિન્તયન્ ।**
**કેષુ કેષુ ચ ભાવેષુ ચિન્ત્યોઽસિ ભગવન્મયા ॥૧૭॥**

હે યોગેશ્વર ! હું કયા પ્રકારે નિરંતર ચિંતન કરતો આપને જાણી શકું? અને હે ભગવન્ ! આપ કયા કયા ભાવોમાં મારા વડે ચિંતન કરવા યોગ્ય છો? ॥૧૭॥

**વિસ્તરેણાત્મનો યોગં વિભૂતિં ચ જનાર્દન ।**
**ભૂયઃ કથય તૃપ્તિર્હિ શૃણ્વતો નાસ્તિ મેઽમૃતમ્ ॥૧૮॥**

હે જનાર્દન ! પોતાની યોગશક્તિને અને વિભૂતિને હજી પણ વિસ્તારથી કહો, કેમકે આપનાં અમૃત જેવાં વચનોને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી, મારી સાંભળવાની ઉત્કંઠા હજીય વધતી જાય છે. ॥૧૮॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।**
**પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ નાસ્ત્યન્તો વિસ્તરસ્ય મે ॥૧૯॥**

શ્રીભગવાન બોલ્યા : હે કુરુશ્રેષ્ઠ ! હવે હું જે મારી દિવ્ય વિભૂતિઓ છે, એમને તારા માટે મુખ્ય-મુખ્યરૂપે કહું છું, કેમકે મારા વિસ્તારનો અન્ત નથી. ॥૧૯॥

**અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ ।**
**અહમાદિશ્ચ મધ્યં ચ ભૂતાનામન્ત એવ ચ ॥૨૦॥**

હે નિદ્રાને જીતનારા અર્જુન ! હું સઘળાં ભૂતોનાં હૃદયમાં



રહેલો સૌનો આત્મા છું તથા સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અન્ત પણ હું જ છું. ॥૨૦॥

**આદિત્યાનામહં વિષ્ણુર્જ્યોતિષાં રવિરંશુમાન્ ।**
**મરીચિર્મરુતામસ્મિ નક્ષત્રાણામહં શશી ॥૨૧॥**

હું અદિતિના બાર પુત્રોમાં વિષ્ણુ અને જ્યોતિઓમાં અંશુમાલી સૂર્ય છું તથા ઓગણપચાસ વાયુદેવતાઓનું તેજ (ઓગણપચાસ મરુતોના નામોમાં 'મરીચિ' નામ ક્યાંય પણ જોવા નથી મળ્યું, માટે મરીચિને મરુત્ ન માનતાં સમસ્ત મરુદ્ગણોનું તેજ અથવા કિરણો માન્યું છે.) તેમજ નક્ષત્રોનો અધિપતિ ચન્દ્રમા છું. ॥૨૧॥

**વેદાનાં સમાવેદોઽસ્મિ દેવાનામસ્મિ વાસવઃ ।**
**ઈન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામસ્મિ ચેતના ॥૨૨॥**

હું વેદોમાં સામવેદ છું, દેવોમાં ઈન્દ્ર છું, ઈન્દ્રિયોમાં મન છું અને પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ છું. ॥૨૨॥

**રુદ્રાણાં શઙ્કરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ્ ।**
**વસૂનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામહમ્ ॥૨૩॥**

હું અગિયાર રુદ્રોમાં શંકર છું, યક્ષ-રાક્ષસોમાં ધનનો સ્વામી કુબેર છું; હું આઠ વસુઓમાં અગ્નિ છું અને શિખરોવાળા પર્વતોમાં મેરુ પર્વત છું. ॥૨૩॥

**પુરોધસાં ચ મુખ્યં માં વિદ્ધિ પાર્થ બૃહસ્પતિમ્ ।**

**સેનાનીનામહં સ્કન્દઃ સરસામસ્મિ સાગરઃ ॥૨૪॥**

પુરોહિતમાં મુખ્ય બૃહસ્પતિ તું મને જાણ; હે પાર્થ ! હું સેનાપતિઓમાં સ્કંદ અને જળાશયોમાં સમુદ્ર છું. ॥૨૪॥

**મહર્ષીણાં ભૃગુરહં ગિરામસ્મ્યેકમક્ષરમ્ ।**
**યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ॥૨૫॥**

હું મહર્ષિઓમાં ભૃગુ અને અર્થબોધક શબ્દોમાં એક અક્ષર એટલે કે ઓંકાર છું, સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ અને સ્થાવરોમાં હિમાલય છું. ॥૨૫॥

**એશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ ।**
**ગન્ધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ॥૨૬॥**

સઘળાં વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, દેવર્ષિઓમાં નારદમુનિ, ગન્ધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલ મુનિ છું. ॥૨૬॥

**ઉચ્ચૈઃ શ્રવસમશ્વાનાં વિદ્ધિ મામમૃતોદ્ભવમ્ ।**
**ઐરાવતં ગજેન્દ્રાણાં નરાણાં ચ નરાધિપમ્ ॥૨૭॥**

અશ્વોમાં અમૃતની સાથે ઉદ્ભવેલો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ, ગજેન્દ્રોમાં ઐરાવત નામો હાથી અને મનુષ્યોમાં રાજા તું મને જાણ. ॥૨૭॥

**આયુધાનામહં વજ્રં ધેનૂનામસ્મિ કામધુક્ ।**
**પ્રજનશ્ચાસ્મિ કન્દર્પઃ સર્પાણામસ્મિ વાસુકિઃ ॥૨૮॥**

હું શસ્ત્રોમાં વજ્ર અને ગાયોમાં કામધેનુ છું, શાસ્ત્રોક્ત પ્રકારે



સંતાનની ઉત્પત્તિનો જે હેતુ છે એ કામદેવ છું અને સર્પોમાં સર્પરાજ વસુકિ છું.

**અનન્તશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામહમ્ ।**
**પિતૃણામર્યમા ચાસ્મિ યમઃ સંયમતામહમ્ ॥૨૯॥**

હું નાગોમાં (નાગ અને સર્પ - એ બે પ્રકારની સર્પોની જ જાતિઓ છે.) શેષનાગ અને જળચરોનો અધિપતિ વરુણ દેવતા છું, તેમજ પિતૃઓમાં અર્યમા નામનો પિતૃ તથા શાસન કરનારાઓમાં યમરાજ છું. ॥૨૯॥

**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામહમ્ ।**
**મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહં વૈનતેયશ્ચ પક્ષિણામ્ ॥૩૦॥**

હું દૈત્યોમાં પ્રહ્લાદ અને ગણના કરનારાઓનો સમય (ક્ષણ-ઘડી-દિવસ-પખવાડિયું-મહિનો વગેરેમાં જે સમય છે, તે હું છું.) છું, તેમજ પશુઓમાં મૃગરાજ સિંહ અને પક્ષીઓમાં હું ગરુડ છું. ॥૩૦॥

**પવનઃ પવતામસ્મિ રામઃ શસ્ત્રભૃતામહમ્ ।**
**ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામસ્મિ જાહ્નવી ॥૩૧॥**

હું પાવન કરનારાઓમાં વાયુ અને શસ્ત્રધારીઓમાં શ્રીરામ છું તથા માછલીઓમાં મગર છું અને નદીઓમાં શ્રી ભાગીરથી ગંગાજી છું. ॥૩૧॥

**સર્ગાણામાદિરન્તશ્ચ મધ્યં ચૈવાહમર્જુન ।**

**અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામહમ્ ॥૩૨॥**

હે અર્જુન ! સૃષ્ટિનો આદિ, અન્ત તથા મધ્ય પણ હું જ છું, હું વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા એટલે કે બ્રહ્મવિદ્યા અને પરસ્પર વાદ કરનારાઓનો તત્ત્વનિર્ણયને માટે કરવામાં આવતો વાદ છું. ॥૩૨॥

**અક્ષરાણામકારોઽસ્મિ દ્વન્દ્વઃ સામાસિકસ્ય ચ ।**
**અહમેવાક્ષયઃ કાલો ધાતાહં વિશ્વતોમુખઃ ॥૩૩॥**

હું અક્ષરોમાં અકાર છું અને સમાસોમાં દ્વન્દ્વ નામનો સમાસ છું, અક્ષય કાળ એટલે કે કાળનોય મહાકાળ તથા સર્વ તરફ મુખ ધરાવનાર વિરાટસ્વરૂપે ધાતા અર્થાત્ સૌનું ધારણ-પોષણ કરનાર પણ હું જ છું. ॥૩૩॥

**મૃત્યુઃ સર્વહરશ્ચાહમુદ્ભવશ્ચ ભવિષ્યતામ્ ।**
**કીર્તિઃ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમા ॥૩૪॥**

હું સૌનો સંહાર કરનાર મૃત્યુ અને ઉત્પન્ન થનારાઓની ઉત્પત્તિનો હેતુ છું, તથા સ્ત્રીઓમાં કીર્તિ, (કીર્તિ આદિ આ સાત દેવતાઓની પત્નીઓ તરીકે અને સ્ત્રીવાચક નામોરૂપે ગુણો તરીકે પણ પ્રસિદ્ધ છે, માટે બન્ને પ્રકારે ભગવાનની વિભૂતિઓ છે.) શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા છું. ॥૩૪॥

**બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છન્દસામહમ્ ।**
**માસાનાં માર્ગશીર્ષોઽહમૃતૂનાં કુસુમાકરઃ ॥૩૫॥**



તથા ગાઈ શકાય એવી શ્રુતિઓમાં હું બૃહત્ નામનો સામ તેમજ છંદોમાં ગાયત્રી છંદ છું, તથા મહિનાઓમાં માગશર અને ઋતુઓમાં વસંત હું છું. ॥૩૫॥

**દ્યૂતં છલયતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ।**
**જયોઽસ્મિ વ્યવસાયોઽસ્મિ સત્ત્વં સત્ત્વવતામહમ્ ॥૩૬॥**

છળનારાઓમાં જુગાર તથા પ્રભાવશાળીઓનો પ્રભાવ છું, હું જીતનારાઓનો વિજય છું, નિશ્ચય કરનારાઓનો નિશ્ચય અને સાત્ત્વિક માણસોનો સાત્ત્વિક ભાવ છું. ॥૩૬॥

**વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાણ્ડવાનાં ધનઞ્જયઃ ।**
**મુનીનામપ્યહં વ્યાસઃ કવીનામુશના કવિઃ ॥૩૭॥**

વૃષ્ણિવંશીઓમાં (યાદવોની અંદર એક વૃષ્ણિવંશ પણ હતો) વાસુદેવ એટલે કે હું પોતે તારો સખા, પાંડવોમાં ધનંજય એટલે કે તું, મુનિઓમાં વેદવ્યાસ અને કવિઓમાં શુક્રાચાર્ય કવિ પણ હું જ છું. ॥૩૭॥

**દણ્ડો દમયતામસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્ ।**
**મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામહમ્ ॥૩૮॥**

હું દમન કરનારાઓનો દંડ અર્થાત્ દમન કરનારી શક્તિ છું, વિજય ઈચ્છનારાઓની નીતિ છું, ગુપ્ત રાખવા યોગ્ય ભાવોનું રક્ષણ કરનાર મૌન છું અને જ્ઞાની જનોનું તત્ત્વજ્ઞાન હું જ છું. ॥૩૮॥

**યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદહમર્જુન ।**
**ન તદસ્તિ વિના યત્સ્યાન્મયા ભૂતં ચરાચરમ્ ॥૩૯॥**

અને હે અર્જુન ! જે સમસ્ત ભૂતોની ઉત્પત્તિનું કારણ છે, એ પણ હું જ છું; કેમકે એવું ચર કે અચર કોઈ પણ પ્રાણી નથી, જે મારા વિનાનું હોય. ॥૩૯॥

**નાન્તોઽસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરન્તપ ।**
**એષ તૂદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા ॥૪૦॥**

હે પરંતપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી; મેં પોતાની વિભૂતિઓનો આ વિસ્તાર તો તારા માટે એકદેશરૂપે એટલે કે અત્યંત ટૂંકમાં કહ્યો છે. ॥૪૦॥

**યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંઽશસમ્ભવમ્ ॥૪૧॥**

જે-જે પણ વિભૂતિયુક્ત એટલે કે ઐશ્વર્યસંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થ છે, એને-એને તું મારા તેજના અંશની જ અભિવ્યક્તિ સમજ. ॥૪૧॥

**અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન ।**
**વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ ॥૪૨॥**

અથવા હે અર્જુન ! આ વધારે જાણીને તારે શું કરવું છે? સારરૂપે સમજી લે કે હું આ આખાય બ્રહ્માંડને પોતાની યોગ-શક્તિના એક અંશમાત્રથી ધારણ કરીને સ્થિત છું. ॥૪૨॥



ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિભૂતિયોગો નામ દશમોઽધ્યાયઃ ॥૧૦॥

**॥ વિભૂતિયોગ નામનો દસમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય દસમો

## વિભૂતિચિંતન

### ગીતાના પૂર્વાર્ધનું સિંહાવલોકન

ગીતાનો પૂર્વાર્ધ પૂરો થયો. ઉત્તરાર્ધમાં દાખલ થતાં પહેલાં જેટલો ભાગ થઈ ગયો છે તેનો સાર ટૂંકમાં આપણે જઈએ તો સારું પડશે. પહેલા અધ્યાયમાં ગીતા મોહના નાશને અર્થે અને સ્વધર્મની પ્રવૃત્તિમાં પ્રેરવાને અર્થે છે એમ કહ્યું. બીજા અધ્યાયમાં જીવનના સિદ્ધાંત. કર્મયોગ અને સ્થિતપ્રજ્ઞ એ બધાનું આપણને દર્શન થયું. ત્રીજો, ચોથો ને પાંચમો એ ત્રણ અધ્યાયોમાં કર્મ, વિકર્મ અને અકર્મ એ બાબતોનો ખુલાસો કર્યો. કર્મ એટલે સ્વધર્મનું આચરણ કરતા રહેવું તે. વિકર્મ એટલે સ્વધર્મનું આચરણ બહાર ચાલતું હોય તેની સહાય રૂપે અંદરનું જે માનસિક કર્મ ચાલુ રાખવાનું હોય છે તે. કર્મ અને વિકર્મ બંને એકરૂપ થતાં જ્યારે ચિત્તની પૂર્ણ શુદ્ધિ થાય છે, ચિત્તના બધા મળ ધોવાઈ જાય છે, વાસનાઓ આથમી જાય છે, વિકારો શમી જાય છે,



ભેદભાવ નાબૂદ થાય છે, ત્યારે અકર્મદશા આવી મળે છે. આ અકર્મદશા પાછી બેવડી બતાવી છે. રાત ને દિવસ કર્મ કરવાનું અખંડ ચાલુ હોવા છતાં લેશમાત્ર પણ કર્મ પોતે કરતો નથી એવો અનુભવ કરવો તે અકર્મદશાનો એક પ્રકાર છે. એથી ઊલટું કશુંયે ન કરવા છતાં, એકધારું કર્મ કરતા રહેવું તે અકર્મદશાનો બીજો પ્રકાર છે. આમ બે રીતે અકર્મદશા સિદ્ધ થાય છે. આ બે પ્રકારો દેખાવમાં એકબીજાથી અળગા દેખાતા હોવા છતાં એ બંને પૂરેપૂરી રીતે એકરૂપ છે. કર્મયોગ અને સંન્યાસ એવાં બે જુદાં નામો આ પ્રકારોને આપવામાં આવેલાં હોવા છતાં તેમનો અંદરનો સાર એક જ છે. અકર્મદશા એ અંતિમ સાધ્ય છે. આ સ્થિતિને જ મોક્ષ સંજ્ઞાથી ઓળખાવી છે. એથી ગીતાના પહેલા પાંચ અધ્યાય સુધીમાં જીવનનો સઘળો શાસ્ત્રાર્થ પૂરો થઈ ગયો છે.

એ પછી આ અકર્મરૂપી સાધ્ય સુધી પહોંચવાને માટે વિકર્મના જે અનેક માર્ગો છે, મનને અંદરથી શુદ્ધ કરવાનાં જે અનેક સાધનો છે, તેમાંનાં મુખ્ય સાધનો બતાવવાની છઠ્ઠા અધ્યાયથી શરૂઆત થઈ છે. છઠ્ઠા અધ્યાયમાં ચિત્તની એકાગ્રતાને માટે ધ્યાનયોગ બતાવી અભ્યાસ અને વૈરાગ્યનો તેને સાથ આપ્યો છે. સાતમા અધ્યાયમાં ભક્તિનું વિશાળ અને મહાન સાધન બતાવ્યું. ઈશ્વરની પાસે પ્રેમથી જાઓ, જિજ્ઞાસુ બુદ્ધિથી જાઓ, વિશ્વના કલ્યાણની તાલાવેલીથી જાઓ કે વ્યક્તિગત અંગત

કામનાથી જાઓ, ગમે તેમ જાઓ પણ એક વાર તેના દરબારમાં દાખલ થાઓ એટલે થયું. આ અધ્યાયની આ વાતને હું પ્રપત્તિયોગનું એટલે કે ઈશ્વરને શરણે જા એવું કહેનારા યોગનું નામ આપું છું. સાતમામાં પ્રપત્તિયોગ કહ્યા પછી આઠમામાં સાતત્યયોગ કહ્યો. આ જે નામો હું આપતો જોઉં છું તે તમને પુસ્તકમાં જોવાનાં નહીં મળે. પણ મને પોતાને ઉપયોગી થનારાં નામો મેં આપ્યાં છે. સાતત્યયોગ એટલે પોતાની સાધના અંતકાળ સુધી એકધારી ચાલુ રાખવી તે. જે રસ્તો એક વાર પકડ્યો તે પર એકસરખાં ડગલાં પડતાં રહેવાં જોઈએ. એમાં માણસ બાંધછોડનું વર્તન રાખશે તો છેવટના મુકામ પર પહોંચવાની કદી આશા નથી. ક્યાં સુધી સાધના કર્યા કરવી એવું નિરાશ થઈને કે કંટાળીને કહેવાનું હોય નહીં. ફળ હાથમાં ન આવે ત્યાં સુધી સાધના ચાલુ રહેવી જોઈએ.

આવા આ સાતત્યયોગની વાત કર્યા બાદ નવમા અધ્યાયમાં એક તદ્દન સાદી છતાં જીવનનો આખોયે રંગ પલટી નાખનારી વસ્તુ ભગવાને આપી. એ વસ્તુ તે રાજયોગ. જે જે કર્મો ક્ષણેક્ષણે થયા કરે છે તે બધાંયે ઈશ્વરાર્પણ કર એમ નવમો અધ્યાય કહે છે. આ એક જ વાતથી શાસ્ત્રસાધન, બધાંયે કર્મો, વિકર્મો બધું બૂડી ગયું. સર્વ કર્મસાધના આ સમર્પણયોગમાં બૂડી ગઈ. સમર્પણયોગ એટલે રાજયોગ. અહીં બધાં સાધન સમાપ્ત



થયાં. આવી જે આ વ્યાપક તેમ જ સમર્થ ઈશ્વરાર્પણ કરવાની વાત તે દેખાવમાં સાદી ને સહેલી લાગે છે, પણ એ સાદી વાત જ બહુ અઘરી થઈ બેઠી છે. આ સાધના તદ્દન ઘરમાં ને ઘરમાં, અને તદ્દન અણઘડ ગામડિયાથી માંડીને તે મોટા વિદ્વાન સુધી સૌ કોઈને ખાસ મહેનત સિવાય સાધ્ય થઈ શકે એવી હોવાથી સહેલી છે. પણ તે સહેલી છે છતાં તે સાધવાને પુણ્યનો પુષ્કળ સંચય માણસ પાસે હોવો જોઈએ.

ઘણાં ઘણાં સુકૃતો એકઠાં કર્યાં તેથી તો વિઠ્ઠલ પર પ્રેમ થયો છે. અનંત જન્મોમાં પુણ્યોની કમાણી કરી હોય તો જ ઈશ્વરને માટે રુચિ ઉત્પન્ન થાય છે. સહેજે પણ કંઈક થાય છે એટલે આંખમાંથી ડબડબ આંસુ વહે છે. પણ પરમેશ્વરનું નામ લેતાંની સાથે આંખમાં આંસુનાં બે ટીપાં આવીને ઊભાં રહ્યાં હોય એવું કદી બનતું નથી. એનો ઈલાજ શો? સંતો કહે છે તેમ એક બાજુથી આ સાધના અત્યંત સહેલી છે પણ બીજી બાજુથી તે અઘરી પણ છે. અને આજના વખતમાં તો તે ખૂબ જ મુશ્કેલ થઈ પડી છે.

આજે આંખો પર જડવાદની છારી બાઝી ગઈ છે. 'ઈશ્વર છે જ ક્યાં', એ વાતથી આજે શરૂઆત થાય છે. કોઈને ક્યાંય તે પ્રતીત જ થતો નથી. આખું જીવન વિકારમય, વિષયલોલુપ અને વિષમતાથી ભરાઈ ગયેલું છે. હમણાં ઊંચામાં ઊંચો વિચાર કરનારા જે તત્ત્વજ્ઞાનીઓ છે તેમના વિચાર સુધ્ધાં સૌને પેટપૂરતો

રોટલો કેમ મળે એ વાતથી આગળ જઈ શકતા નથી. એમાં તેમનોયે દોષ નથી. કેમકે આજે અનેક લોકોને ખાવાનું પણ મળતું નથી એવી સ્થિતિ છે. આજનો મોટો સવાલ એટલે રોટલો. આ સવાલનો ઉકેલ કાઢવામાં બધી બુદ્ધિ ખૂંતી ગઈ છે. સાયણાચાર્યે રુદ્રની એવી વ્યાખ્યા કરી છે કે

ભૂખે મરનારો રુદ્ર બનીને ખડો થાય છે. ભૂખ્યા લોકો એટલે જ રુદ્રનો અવતાર જાણવો. તેમની ક્ષુધાશાંતિને અર્થે તરેહતરેહનાં તત્ત્વજ્ઞાન, જાતજાતના વાદ, નાનાવિધ રાજકારણ ખડાં થયાં છે. આ સવાલના કૂંડાળામાંથી બહાર નીકળવાની આજે કોઈને નવરાશ સરખી નથી. એકબીજાની સાથે ઝઘડ્યા વગર માણસ બે કોળિયા નિરાંતે કેવી રીતે ખાઈ શકે એ વાતનો વિચાર કરવામાં આજે પાર વગરની મહેનત થાય છે. આવી ચમત્કારિક સમાજરચના જે જમાનામાં ચાલે છે તેમાં ઈશ્વરાર્પણતાની સાદીસહેલી વાત અત્યંત અઘરી થઈ ગઈ હોય તેમાં નવાઈ શી? પણ એનો ઈલાજ શો? ઈશ્વરાર્પણયોગ કેમ સાધવો, તેને કેવી રીતે સહેલો બનાવવો, એ વાત આજે દસમા અધ્યાયમાં આપણે જોવાની છે.

## પરમેશ્વરદર્શનની બાળબોધ રીત

નાનાં છોકરાંને શીખવવાને માટે જે ઉપાયની યોજના આપણે કરીએ છીએ તે જ ઉપાય સર્વ ઠેકાણે પરમાત્મા દેખાય તે



સારુ આ દસમા અધ્યાયમાં બતાવેલા છે. છોકરાને અક્ષરો બે રીતે શીખવાય છે. એક રીત પહેલાં અક્ષરો મોટા મોટા કાઢીને શીખવવાની છે. પછી તે જ મોટા અક્ષરો નાના કાઢીને શીખવવામાં આવે છે. 'ક' તેનો તે જ હોય છે અને 'ગ' પણ તેનો તે જ હોય છે પણ પહેલાં તે મોટો હતો હવે નાનો કાઢેલ છે. બીજી રીત છે પહેલાં ગૂંચવણ વગરના સાદા અક્ષરો શીખવવાની અને ગૂંચવણભર્યા જોડાક્ષરો પાછળથી શીખવવાની. તે જ પ્રમાણે આબેહૂબ પરમેશ્વરને જોતાં શીખવાનું છે. પહેલાં સહેજે વરતાઈ આવે એવો પરમેશ્વર જોવો. સમુદ્ર, પર્વત વગેરે મોટી મોટી વિભૂતિઓમાં પ્રગટ થયેલો પરમેશ્વર ઝટ આંખોમાં વસી જાય છે. આ સહેજે દેખાતો પરમેશ્વર પ્રતીત થયા પછી એકાદા પાણીના ટીપામાં અને એકાદા માટીના કણમાં પણ તે જ છે એ વાત પણ પાછળથી સમજાવા માંડશે. મોટા 'ક' માં અને નાના 'ક' માં કશો ફેર નથી. જે સ્થૂળમાં છે તે જ સૂક્ષ્મમાં છે. આ એક રીત થઈ અને બીજી રીત એવી છે કે ગૂંચવણ વગરનો સાદો સહેલો પરમેશ્વર પહેલો જોવો. પછી થોડો અટપટો જોવો. શુદ્ધ પરમેશ્વરી આવિર્ભાવ સહેજે પ્રગટ થયો હોય તે સહેલાઈથી પકડી શકાય છે. જેમકે રામમાં પ્રગટ થયેલો પરમેશ્વરી આવિર્ભાવ ઝટ ઓળખી શકાય છે. રામ એ સાદો અક્ષર છે, એ ભાંજગડ વગરનો પરમેશ્વર છે. પણ રાવણ? એ જોડાક્ષર છે. ત્યાં કંઈક ભેળસેળ

છે. રાવણની તપશ્ચર્યા અને કર્મશક્તિ બંને બહુ જબરાં છે. પણ તેમાં ક્રૂરપણાનો ભેગ થયેલો છે. પહેલાં રામ એ સાદો અક્ષર શીખ. જ્યાં દયા છે, વત્સલતા છે, પ્રેમ છે એવો આ જે રામ એ સરળ, સાદો પરમેશ્વર છે. તે ઝટ ઓળખાશે ને સમજાશે. રાવણમાં રહેલા પરમેશ્વરને જોતાં ને ઓળખતાં જરા વાર લાગશે. પહેલાં સાદા સહેલા અક્ષરો લેવાના ને પછી જોડાક્ષરો લેવાના. સજ્જનમાં પરમાત્મા જોયા પછી આખરે દુર્જનમાં તેને જોતાં શીખવાનું છે. સમુદ્રમાં રહેલો જે વિશાળ પરમેશ્વર છે તે જ પાણીના ટીપામાં છે. રામચંદ્રમાંનો પરમેશ્વર રાવણમાં પણ છે. જે સ્થૂળમાં છે તે જ સૂક્ષ્મમાં છે, જે સહેલામાં છે તે જ અઘરામાં છે. આવી બે રીતે આ જગતનો ગ્રંથ વાંચતાં આપણે શીખવાનું છે.

આ અપાર સૃષ્ટિ એ ઈશ્વરનું પુસ્તક છે. આંખ આગળ જાડા જાડા પડદા આવી ગયા હોવાથી એ પુસ્તક આપણને બંધ લાગે છે. આ સૃષ્ટિના પુસ્તકમાં સુંદર અક્ષરો વડે પરમેશ્વર બધે ઠેકાણે લખાયેલો છે પણ તે આપણને દેખાતો નથી. ઈશ્વરનું દર્શન થવામાં જે મોટું વિઘ્ન છે તે એ કે સાદું પાસેનું ઈશ્વરનું સ્વરૂપ માણસને ગળે ઊતરતું નથી અને પ્રખર રૂપ તેને પચતું નથી. માતામાં રહેલા પરમેશ્વરને જુઓ એમ કહીએ તો તે કહે છે કે ઈશ્વર શું એટલો સાદો ને સહેલો છે? પણ પ્રખર પરમાત્મા પ્રગટ



થાય તો તે તારાથી સહેવાશે કે? કુંતીને થયું કે પેલો દૂર રહેલો સૂર્ય પાસે આવીને મળે તો સારું. પણ તે પાસે આવવા લાગ્યો તેની સાથે તે બળવા લાગી. તેનાથી તે સહન ન થયો. ઈશ્વર પોતાના બધાયે સામર્થ્ય સાથે સામો આવીને ઊભો રહે તો તે પચશે નહીં. માના સૌમ્ય સ્વરૂપે તે ઊભો રહે છે તો ગળે ઊતરતો નથી. પેંડા ને બરફી પચતાં નથી ને સાદું દૂધ ભાવતું નથી. આ અભાગિયાપણાનાં લક્ષણો છે, મરણનાં લક્ષણો છે. આવી આ રોગી મનોદશા પરમેશ્વરના દર્શનની આડે આવનારું મોટું વિઘ્ન છે. એ મનઃસ્થિતિનો ત્યાગ કરવો જોઈએ. પહેલાં આપણી પાસે રહેલો, સહેજે વરતાતો ને પરમાત્મા ઓળખતાં શીખવું અને પછી સૂક્ષ્મ તેમજ જરા અટપટો પરમેશ્વર વાંચતાં શીખવું.

## માણસમાં રહેલો પરમેશ્વર

સૌથી પહેલવહેલી પરમેશ્વરની મૂર્તિ આપણી પાસે છે તે માની છે. શ્રુતિ કહે છે, मातृदेवो भव । જન્મતાંની સાથે બાળકને મા વગર બીજું કોણ દેખાય છે? વત્સલતાના રૂપમાં એ પરમેશ્વરની મૂર્તિ ત્યાં ખડી છે. આ માતાની વ્યાપ્તિને જ આપણે વધારીશું. તો वंदे मातरम् કહીને આપણે રાષ્ટ્રમાતાની અને પછી આગળ જઈને ભૂમાતાની, પૃથ્વીની પૂજા કરીશું. પણ શરૂઆતમાં ઊંચામાં ઊંચી એવી પરમેશ્વરની પહેલી પ્રતિમા જે બાળકની સામે આવીને ઊભી રહે છે, તે માતાની છે. માની પૂજાથી મોક્ષ

મળવો અશક્ય નથી. માની પૂજા એ વત્સલતાથી ઊભા રહેલા પરમેશ્વરની પૂજા છે. મા નિમિત્તમાત્ર છે. પોતાની વત્સલતા તેનામાં મૂકી પરમેશ્વર તેને નચાવે છે. તેને બિચારીને ખબર પણ પડતી નથી કે અંદરથી આટલી બધી માયા કેમ લાગ્યા કરે છે? ઘરડેઘડપણ આપણને કામ આવશે એવી ગણતરી કરીને શું તે પેલા બાળકની સેવા કરે છે? ના. ના. તેણે તે બાળકને જન્મ આપ્યો છે. તેમાં તેને વેદના થઈ. તે વેદના તેને તે બાળકનું ઘેલું લગાડે છે. તે જ વેદના તેને વત્સલ બનાવે છે. તેનાથી પ્રેમ રાખ્યા વગર રહેવાતું નથી. તે લાચાર છે. એ મા નિઃસીમ સેવાની મૂર્તિ છે. ચડિયાતામાં ચડિયાતી પૂજા આ માતૃપૂજા છે. ઈશ્વરને મા કહીને બોલાવવો જોઈએ. મા શબ્દથી ચડિયાતો બીજો શબ્દ ક્યાં છે? મા એ સહેજે ઓળખાઈ આવે એવો પહેલો અક્ષર છે તેમાં ઈશ્વરને જોતાં શીખ. પછી પિતા, ગુરુ એમનામાં પણ જો. ગુરુ કેળવણી આપે છે, પશુમાંથી આપણને માણસ બનાવે છે. તેના કેટલા બધા ઉપકાર ! પહેલી માતા, પછી પિતા, પછી ગુરુ, પછી કૃપાળુ સંતો એમ ખૂબ સહેલાઈથી દેખાઈ આવે એવે સ્વરૂપે ઊભેલા આ પરમેશ્વરને પહેલો જોવો. અહીં પરમેશ્વર નહીં દેખાય તો બીજે ક્યાં દેખાવાનો હતો !

મા, બાપ, ગુરુ અને સંતોમાં પરમેશ્વરને જુઓ. તેવી જ રીતે નાનાં બાળકોમાં પણ પરમેશ્વર જોતાં આવડી જાય તો કેવું



મજાનું ! ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા, સનક, સનંદન, સનત્કુમાર, બધાંયે નાનાં નાનાં બાળક હતાં. પણ પુરાણકારોને અને વ્યાસજી વગેરેને એમને ક્યાં મૂકીએ ને ક્યાં ન મૂકીએ એવું થયા કરે છે. શુકદેવ અને શંકરાચાર્ય બાળપણથી વિરક્ત હતા. જ્ઞાનદેવ પણ તેવા જ હતા. એ બધાંયે બાળકો. પણ તેમનામાં જેવે શુદ્ધ સ્વરૂપે પરમેશ્વરનો અવતાર થયો છે તેવે શુદ્ધ સ્વરૂપે તે બીજે પ્રગટ થયો નથી. ઈશુને બાળકોનું ખૂબ ખેંચાણ હતું. એક વખત તેના એક શિષ્યે તેમને પૂછ્યું, ‘તમે હંમેશ ઈશ્વરના રાજ્યની વાતો કરો છો. એ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કોને મળશે? પાસે જ એક છોકરું હતું. ઈશુએ તેને મેજ પર ઊભું રાખીને કહ્યું, ‘આ બાળકના જેવા જે હશે તેમનો ત્યાં પ્રવેશ થશે.’ ઈશુએ જે કહ્યું છે તે સત્ય છે. રામદાસ સ્વામી એક વખત બાળકો સાથે રમતા હતા. છોકરાંઓની સાથે સમર્થને રમતા જોઈ કેટલાક પીઢ લોકોને નવાઈ લાગી. તેમાંના એકે તેમને પૂછ્યું, ‘અરે આજે આપ આ શું કરો છો?’ સમર્થે કહ્યું.

ઉંમરે જે છોકરા જેવા હતા તે મોટા થઈ ગયા અને ઉંમરે જે મોટા હતા તે ચોર થઈને રહ્યા. ઉંમર વધે છે તેની સાથે માણસને શિંગડાં ફૂટે છે. પછી ઈશ્વરનું સ્મરણ સરખું થતું નથી. તેની બુદ્ધિ નિર્મળ હોય છે. બાળકને શીખવાય છે કે, ‘જૂઠું ન બોલવું.’ તે સામો પૂછે છે, ‘જૂઠું બોલવું એટલે શું કહેવું?’ પછી તેને સિદ્ધાંત

સમજાવવામાં આવે છે, 'જેવું હોય તેવું કહેવું.' તે બાળકને બિચારાને મૂંઝવણ થાય છે. જેવું હોય તેવું કહેવાની રીત કરતાં બીજી પણ કોઈ રીત છે કે શું? જેવું ન હોય તેવું કહેવું કેવી રીતે? ચોરસને ચોરસ કહેજે, ગોળ ન કહીશ એવું શીખવવા જેવી એ વાત થઈ. બાળકને નવાઈ થાય છે. બાળકો વિશુદ્ધ પરમેશ્વરની મૂર્તિ છે. મોટાં માણસો તેમને ખોટું શિક્ષણ આપે છે. ટૂંકમાં, મા, બાપ, ગુરુ, સંતો, બાળકો એ બધાંમાં આપણને પરમેશ્વર જોતાં ન આવડ્યું તો પછી તે કયા રૂપમાં દેખાશે? પરમેશ્વરનાં આથી ચડિયાતાં સ્વરૂપો બીજાં નથી. પરમેશ્વરનાં આ સાદાં, સૌમ્ય રૂપો પહેલાં શીખવાં. એ બધે ઠેકાણે પરમેશ્વર નજરે તરી આવે એવા મોટા અક્ષરે લખેલો છે.

## સૃષ્ટિમાં રહેલો પરમેશ્વર

માનવોમાં જેમ સૌમ્યમાં સૌમ્ય અને પાવન મૂર્તિઓમાં ઈશ્વરને પહેલાં જોતાં શીખવાનું છે તે જ પ્રમાણે આ સૃષ્ટિમાં પણ જે વિશાળ તેમ જ મનોહર રૂપો છે તેમાં તેને પહેલાં જોતાં શીખવાનું છે.

પેલી ઉષા, સૂર્યોદયની આગળ પ્રગટ થનારી દિવ્ય પ્રભા છે. એ ઉષાદેવીનાં ગીતો ગાતાં ઋષિઓ નાચવા મંડી પડે છે. 'હે ઉષા, તું પરમેશ્વરનો સંદેશો લઈને આવનારી દિવ્ય દૂતિકા છે. તું ઝાકળનાં બિંદુમાં નાહીને આવી છે. તું અમૃતત્વની પતાકા



છે.' ઉષાનાં આવાં ભવ્ય હૃદયંગમ વર્ણનો ઋષિઓએ કર્યાં છે. પેલો વૈદિક ઋષિ કહે છે, 'પરમેશ્વરનો સંદેશો લઈને આવનારી એવી જે તું. તેને જોઈને પરમેશ્વરનું રૂપ મારે ગળે ન ઊતરે, તેનું રૂપ મને ન સમજાય, તો પરમેશ્વરને બીજું કોણ મને સમજાવી શકવાનું હતું?' આવું સુંદર રૂપ ધારણ કરી ઉષા ત્યાં ખડી છે. પણ આપણી દૃષ્ટિ ત્યાં જાય છે જ ક્યાં?

તેવી જ રીતે પેલો સૂર્ય જુઓ. તેનું દર્શન એટલે પરમાત્માનું દર્શન. તે નાના પ્રકારનાં ચિત્રો આકાશમાં દોરે છે. મહિનાના મહિના સુધી પીંછીઓ મારી મારીને ચિતારાઓ સૂર્યોદયનાં ચિત્રો ખેંચે છે. પણ સવારમાં વહેલા ઊઠી પરમેશ્વરની એ કળા એક વાર જુઓ તો ખરા. એ દિવ્ય કળાને, એ અનંત સૌંદર્યને કોઈ ઉપમા સરખી આપી શકાશે કે? પણ જોવું છે કોને? ત્યાં પેલો સુંદર ભગવાન ઊભો છે અને આ અહીં ઓઢવાનું હજી વધારે ને વધારે શરીફપર ખેંચીને ઊંઘવા મંડ્યો છે ! પેલો સૂર્ય કહે છે, 'અરે એદી, તું સૂવા માંગશે તો પણ હું તને ઉઠાડ્યા વગર રહેવાનો નથી.' એમ કહીને પોતાનાં હૂંફાળાં કિરણો બારીના સળિયામાંથી અંદર મોકલી તે પેલા આળસુને ઉઠાડે છે. હાલતું ચાલતું અને સ્થિર એવું જે કંઈ છે તેનો સૂર્ય આત્મા છે. સૂર્ય સ્થાવરજંગમનો આત્મા છે. ચરાચરનો તે આધાર છે. ઋષિઓએ તેને 'મિત્ર' એવું નામ આપેલું છે.

આ મિત્ર લોકોને સાદ પાડે છે. તેમને કામ કરવાને પ્રેરે છે. તેણે સ્વર્ગ અને પૃથ્વીને ધારણ કરેલાં છે. ખરેખર એ સૂર્ય જીવનનો આધાર છે. તેનામાં પરમાત્માને જુઓ.

અને પેલી પાવની ગંગા ! કાશીમાં હતો ત્યારે હું ગંગાને કાંઠે જઈને બેસતો, રાતને એકાંત વખતે હું જવાનું રાખતો. કેટલો સુંદર અને પ્રસન્ન એ પ્રવાહ હતો ! તેનો એ ભવ્ય ગંભીર પ્રવાહ અને તેના અંતરમાં ઠાંસીને ભરેલા આકાશમાંના તે અનંત તારાઓને જોઈને હું મૂંગો થઈ જતો. શંકરના જટાજૂટમાંથી એટલે કે પેલા હિમાલયમાંથી વહી આવનારી એ ગંગા, જેના તીર પર પોતાનાં રાજ્યોને તૃણવત્ લેખી ફેંકી દઈ રાજાઓ તપશ્ચર્યા કરવાને આવીને બેસતા. એવી એ ગંગાને જોઈને મને પાર વગરની શાંતિ થતી. એ શાંતિનું વર્ણન હું કેવી રીતે કરું? બોલવાની ત્યાં હદ આવી જાય છે, મરણ બાદ કંઈ નહીં તો પોતાનાં હાડકાં ગંગામાં પડે તો સારું એમ હિંદુ માણસને કેમ થયા કરે છે તે મને સમજાતું. તમારે જોઈએ તો હસો. તમે હસો તેથી કશું બગડવાનું નથી. પણ મને એ ભાવનાઓ ઘણી પાવન તેમ જ સંચરવા જેવી લાગે છે. મરતી વખતે ગંગાજળનાં બે ટીપાં મોંમાં મૂકે છે. તે બે ટીપાં એટલે ખુદ પરમેશ્વર મોંમાં આવીને બેસે છે. તે ગંગા એટલે પરમાત્મા છે. પરમેશ્વરની એ સાક્ષાત્ કરુણા વહી રહેલી છે. તમારી બહારની ને અંતરની બધી ગંદકી



એ મા ધોઈ રહી છે. ગંગામાં પરમેશ્વર પ્રગટ થયેલો નહીં દેખાય તો ક્યાં દેખાશે? સૂર્ય, નદીઓ, પેલો ઘૂ ઘૂ ઘૂઘવાટા ને ઉછાળા મારતો વિશાળ સાગર, એ બધાંયે પરમેશ્વરની મૂર્તિ છે.

અને પેલા વાયરા ! એ બધા ક્યાંથી આવે છે ને ક્યાં જાય છે તેની કશી ખબર પડતી નથી. પવનો ભગવાનના દૂત છે. હિન્દુસ્તાનમાં વાતા કેટલાક પવનો સ્થિર હિમાલય પરથી આવે છે ને કેટલાક ગંભીર સાગર તરફથી આવે છે. એ પવિત્ર વાયુઓ આપણી છાતીને સ્પર્શ કરે છે. તે આપણને જાગ્રત કરે છે. આપણા કાનમાં ગુંજારવ કરે છે. પણ એ પવનનો સંદેશો સાંભળવો છે કોને? જેલર આપણો આવેલો ચાર લીટીનો કાગળ આપતો નથી એટલે આપણે નિરુત્સાહી થઈ જઈએ છીએ. અરે અભાગિયા ! એ કાગળના ચીંથરામાં શું છે? પવનની સાથે હરેક ઘડીએ પરમેશ્વરના જે પ્રેમાળ સંદેશા આવે છે તે જરા સાંભળ !

વેદમાં અગ્નિની ઉપાસના બતાવી છે. અગ્નિ એ નારાયણ છે. કેવી તેની દેદીપ્યમાન મૂર્તિ છે ! બે લાકડાં લઈને ઘસો એટલે પ્રગટ થાય છે. પહેલાં ક્યાં છુપાયો હતો કોણ જાણે ! કેવો હૂંફાળો. કેવો તેજસ્વી ! વેદનો પહેલો ધ્વનિ નીકળ્યો તે મૂળમાં અગ્નિની ઉપાસનામાંથી નીકળ્યો હતો.

જેની ઉપાસનાથી વેદનો આરંભ થયો તે અગ્નિ તરફ તમે જુઓ. પેલી તેની જ્વાળાઓ જોઈને મને જીવાત્માના

તડફડાટની યાદ આવે છે. એ જ્વાળા ઘરના ચૂલામાંની હો અગર જંગલમાં લાગેલા દવની હો, વૈરાગીને ઘરબાર હોતાં નથી એટલે તે જ્વાળા જ્યાં હશે ત્યાં તેમનો તડફડાટ એકધારો ચાલુ હોય છે. એ જ્વાળાઓને એકસરખી તાલાવેલી લાગી છે. એ ઉપર જવાને અધીરી થયેલી છે. એ જ્વાળાઓ ઈશ્વરને કારણે હાલે છે. હવાના દબાણને લીધે હાલે છે એવું તમારામાંથી કોઈ શાસ્ત્રજ્ઞો કહેશે, પણ મારો અર્થ તો આ છે : પેલો ઉપર જે પરમાત્મા છે, પેલો તેજના સમુદ્ર સરખો સૂર્યનારાયણ જે ઉપર વસે છે તેને મળવાને માટે એ જ્વાળાઓ એકધારા કૂદકા માર્યા કરે છે. જન્મે છે ત્યારથી મરે છે ત્યાં સુધી એમની એ મથામણ ચાલુ રહે છે. સૂર્ય અંશી છે. અને આ જ્વાળાઓ અંશ છે. અંશ અંશી તરફ જવાને તરફડે છે. એ જ્વાળાઓ ઠરશે ત્યારે જ તે તડફડાટ બંધ પડશે. ત્યાં સુધી નહીં અટકે. સૂર્યથી આપણે ઘણા મોટા અંતર પર છીએ એવો વિચાર તેમના મનમાં કદી આવતો નથી. પૃથ્વી પરથી આપણી શક્તિ પ્રમાણે કૂદકો મારવાનું આપણું કામ છે. એટલી એક વાત તેઓ જાણે છે. આવા આ અગ્નિને રૂપે ધગધગતું વૈરાગ્ય સાક્ષાત્ પ્રગટ થયું હોય એમ લાગે છે.

## પ્રાણીઓમાં રહેલો પરમેશ્વર

અને આપણું કામકાજ કરનારાં પેલાં ઢોર ! પેલી ગાય કેટલી બધી વત્સલ, માયાળુ અને પ્રેમાળ છે ! પોતાનાં વાછરડાંને



સારુ બબ્બે ત્રણત્રણ માઈલ પરથી સીમમાંથી ને વગડામાંથી તે દોડતી આવે છે. વેદમાંના ઋષિઓને વનોમાંથી ને ડુંગરોમાંથી સ્વચ્છ પાણીવાળી ધમધમાટ દોડી આવતી નદીઓને જોઈનેત વાછરડાંને માટે દૂધથી ફાટફાટ થતાં આંચળવાળી ભાંભરતી આવતી ગાયોની યાદ આવે છે. નદીને તે ઋષિ કહે છે, 'હે દેવી, દૂધના જેવું પવિત્ર, પાવન અને મધુર એવું પાણી લઈને આવનારી તું ધેનુના જેવી છે. ગામથી જેમ વનમાં રહેવાતું નથી તેમ તમે નદીઓ પણ ડુંગરોમાં રહી શકતી નથી. તમે કૂદકા મારતી તરસ્યાં બાળકોને મળવાને આવો છો ! वाश्रा इव धेनवः स्यंदमाना : - વત્સલ ગાયને રૂપે ભગવાન આંગણામાં ઊભો છે.

અને પેલો ઘોડો ! કેટલો ઉમદા, કેટલો પ્રામાણિક અને ધણીને કેટલો વફાદાર છે ! અરબ લોકોના ઘોડા પર કેટલો બધો પ્રેમ હોય છે ! પેલી અરબ અને તેના ઘોડાની વાર્તા તમે જાણો છો ને ! મુશ્કેલીમાં વીંટળાઈ પડેલો અરબ પોતાનો ઘોડો સોદાગરને વેચવાને તૈયાર થાય છે. હાથમાં મહોરની થેલી લઈ તે તબેલામાં જાય છે. પણ ત્યાં તેની નજર ઘોડાની પેલી ગંભીર પ્રેમાળ આંખો તરફ જાય છે. એટલે થેલી ફેંકી દઈ તે કહે છે, 'જીવ જાય તો પણ આ ઘોડો હું વેચવાનો નથી. મારું જે થવાનું હોય તે થાઓ. ખાવાનું ન મળે તો ભલે ન મળતું. હજાર હાથવાળો દેનારો બેઠો છે !' પીઠ પર થાપ મારતાંની સાથે એ

ઉમદા જાનવર કેવું આનંદથી હણહણે છે ! તેની પેલી કેશવાળી કેવી રૂપાળી છે ! ખરેખર ઘોડામાં કીમતી ગુણો છે. પેલી સાઈકલમાં શું છે? ઘોડાને ખરેરો કરો, તો તમારે માટે જીવ આપશે. તે તમારો મિત્ર થઈને રહેશે. મારો એક મિત્ર ઘોડા પર બેસતાં શીખતો હતો. ઘોડો તેને પાડી નાખે. તેણે મને આવીને કહ્યું, 'ઘોડો પીઠ પર બેસવા જ દેતો નથી.' મેં તેને કહ્યું, 'તમે ઘોડા પર કેવળ બેસવા પૂરતા તેની પાસે જાઓ છો, પણ તેની સેવા કરો છો ખરા? તેની સેવા બીજો કરે અને તમે તેની પીઠ પર બેસો એ બે વાતનો મેળ ક્યાંથી ખાય? તમે જાતે તેનાં દાણાપાણી કરો, તેને ખરેરો કરો અને પછી સવાર થાઓ.' તે મિત્રે તેમ કરવા માંડ્યું. થોડા દિવસ રહીને મારી પાસે આવી તેણે કહ્યું, 'હવે ઘોડો પાડી નાખતો નથી.' ઘોડો પરમેશ્વર છે. તે ભક્તને શું કામ પાડી નાખે? પેલાની ભક્તિ જોઈ ઘોડો નમ્યો. એ ભક્ત છે કે ત્રાહિત છે તે ઘોડો જોયા કરે છે. ભગવન શ્રીકૃષ્ણ જાતે ખરેરો કરતા અને પીતાંબરમાંથી ચંદી ખવડાવતા. ટેકરી આવી. નાળું આવ્યું. કાદવ આવ્યો કે સાઈકલ અટકી જાણવી. પણ ઘોડો એ બધાં પરથી કૂદકો મારીને આગળ જાય છે. સુંદર પ્રેમાળ ઘોડો એટલે પરમેશ્વરની મૂર્તિ જાણો !

અને પેલો સિંહ ! હું વડોદરામાં રહેતો હતો. ત્યાં સવારના પહોરમાં તેની ગર્જનાનો પેલો ગંભીર ધ્વનિ કાનમાં અથડાતો.



તે અવાજ એટલો ગંભીર અને ઉત્કૃષ્ટ હતો કે મારું દિલ હાલી ઊઠતું. દેવળના ગભારામાં જેવો અવાજ ઘૂમે છે તેવો હૃદયના ગભારામાંથી ઘૂમીને ઊઠતો ઊંડો ઘેરો એ અવાજ હતો. સિંહની તે ધીરોદાત્ત અને દિલદાર મુદ્રા કેવી ! તેની તે બાદશાહી એંટ કેવી અને તે બાદશાહી વૈભવ કેવો ! અને તેની ભવ્ય સુંદર કેશવાળી કેવી ! કેમ જાણે તે વનરાજને કુદરતી ચમરી ઢાળવામાં આવતી ન હોય ! વડોદરામાં સિંહ બગીચામાં હતો. ત્યાં તે છૂટો નહોતો. પીંજરામાં આંટા માર્યા કરતો. તેની આંખોમાં ક્રૂરતાનું નામ સરખું નહોતું. તે ચહેરામાં ને તે નજરમાં કારુણ્ય ભરેલું દેખાતું. તેને જાણે કે દુનિયાની પરવા નહોતી. પોતાના જ ધ્યાનમાં તે મશગૂલ હતો ! સિંહ એ પરમેશ્વરની પાવન વિભૂતિ છે એમ ખરેખર લાગે છે. એન્ડ્રોક્લિસ અને સિંહની વાત મેં બચપણમાં વાંચેલી. કેવી મજાની એ વાર્તા છે ! તે ભૂખ્યો સિંહ એન્ડ્રોલિક્સના પહેલાંના ઉપકાર યાદ કરી તેનો દોસ્ત બની જાય છે અને તેના પગ ચાટવા મંડે છે. આ શું છે? એન્ડ્રોલિક્સે સિંહમાંના પરમેશ્વરને જોયો હતો. શંકરની પાસે સિંહ ભગવાનની દિવ્ય વિભૂતિ છે.

અને વાઘની મજા શું ઓછી છે? તેનામાં ઘણું ઈશ્વરી તેજ પ્રગટ થયું છે. તેની સાથે મૈત્રી રાખવાનું અશક્ય નથી. ભગવાન પાણિનિ અરણ્યમાં શિષ્યોને શીખવતા બેઠા હતા. એટલામાં વાઘ આવ્યો. છોકરાંઓ ગભરાઈને કહેવાં લાગ્યાં, 'व्याघ्रः व्याघ्रः

વાઘ, વાઘ. પાણિનિએ કહ્યું, 'હા, વ્યાઘ્ર એટલે શું? વ્યજિઘ્રતીતિ વ્યાઘ્રઃ જેની ઘ્રાણેન્દ્રિય તીક્ષ્ણ છે તે વ્યાઘ્ર.' છોકરાંઓને વાઘનો જે ડર લાગ્યો હોય તે ખરો પણ ભગવાન પાણિનિને સારુ વ્યાઘ્ર એક નિરુપદ્રવી આનંદમય શબ્દ બની ગયો હતો. વાઘને જોઈ તેને માટેના શબ્દની વ્યુત્પત્તિ તેમણે આપવા માંડી. વાઘ પાણિનિને ખાઈ ગયો. પણ વાઘ ખાઈ ગયો તેથી શું થયું? પાણિનિના દેહની તેને મીઠી વાસ આવી હતી. એટલે તે તેનો કોળિયો કરી ગયો. પણ પાણિનિ તેની આગળથી નાઠા નહીં. આખરે તેઓ શબ્દબ્રહ્મની ઉપાસના કરવાવાળા રહ્યા ! તેમણે બધુંયે અદ્વૈતમય કરી નાખ્યું હતું. વાઘમાં પણ તેઓ શબ્દબ્રહ્મનો અનુભવ કરતા હતા. પાણિનિની આ જે મહત્તા છે, તેને લીધે જ્યાં જ્યાં ભાષ્યમાં તેમનો ઉલ્લેખ આવે છે ત્યાં ભગવાન પાણિનિ એમ પૂજ્યભાવપૂર્વક સંબોધવામાં આવે છે. પાણિનિનો અત્યંત ઉપકાર માનવામાં આવે છે.

જ્ઞાનાંજનની સળીથી જેમણે અજ્ઞાનથી અંધ એવા લોકોની આંખ ઉઘાડી તે પાણિનિને નમસ્કાર હો ! એવા ભગવાન પાણિનિ વાઘમાં પરમાત્મા જોઈ રહ્યા છે.

ઘરઆંગણે સ્વર્ગ આવીને ઊભું રહે અથવા સામો વાઘ ખડો થાય તો પણ આત્મબુદ્ધિમાં કદાપિ ભંગ ન થાય એવી મહર્ષિ પાણિનિની સ્થિતિ થયેલી હતી. વ્યાઘ્ર દૈવી વિભૂતિ છે



એ વાત તેઓ બરાબર સમજ્યા હતા.

તેવો જ પેલો સાપ ! લોકો સાપથી બહુ ડરે છે. પણ સાપ ચુસ્ત અને શુદ્ધ બ્રાહ્મણ છે. કેટલો સ્વચ્છ ને કેટલો બધો સુંદર ? જરા સરકો ગંદવાડ તેનાથી સહેવાતો નથી. મેલાઘેલા બ્રાહ્મણ કેટલાયે જોવાના મળે છે. પણ મેલો સર્પ કદી કોઈએ જોયો છે કે? એકાંતમાં રહેનારો જાણે કે ઋષિ! નિર્મળ, સતેજ, મનોહર હાર જેવા એ સાપથી બીવાનું કેવું? આપણા પૂર્વજોએ તો તેની પૂજા કરવાનું કહ્યું છે. હિંદુધર્મમાં કેવાં કેવાં તૂત છે એમ તમે ભલે કહો પણ નાગપૂજા કરવાની કહી છે એટલી વાત સાચી. નાનપણમાં હું માને કંકુનો સાપ ચીતરી આપતો. હું માને કહેતો, 'બજારમાં ચિત્ર મજાનું મળે છે.' મા કહેતી, 'તે રદ્દી. તે આપણને ન જોઈએ. છોકરાના હાથનું કાઢેલું જ સારું.' પછી તે પેલા નાગની પૂજા કરતી. આ તે શું પાગલપણું છે? પણ જરા વિચાર કરો. તે સર્પ શ્રાવણ મહિનામાં અતિથિ તરીકે આપણે ત્યાં આવે છે. તે બિચારાનું ઘર વરસાદના પાણીથી ભરાઈ ગયેલું હોય છે. પછી તે બિચારો શું કરે? દૂર એકાંતમાં રહેનારો એ ઋષિ છે. તમને નકામો વધારે પડતો ત્રાસ ન થાય તેટલા ખાતર છેક ઉપરના કાતરિયામાં લાકડામાં પડી રહે છે. ઓછામાં ઓછી જગ્યા રોકે છે. પણ આપણે લાકડી લઈને દોડીએ છીએ. આફતમાં ઘેરાવાથી અતિથિ આપણે ઘેર આવે તો શું તેને મારવા દોડવું? સંત ફ્રાન્સિસ

વિષે કહેવાય છે કે જંગલમાં સાપ દેખાય એટલે તે પ્રેમથી કહેતા, 'આવ ભાઈ આવ.' તે સાપ તેમના ખોળામાં રમતા. શરીર પર વીંટળાઈને ફરતા. આ વાતને ખોટી ગણી કાઢશો મા. પ્રેમમાં એ શક્તિ છે. કહે છે સાપ ઝેરી છે. અને માણસ શું ઓછો ઝેરી છે કે? સાપ કરડતો હશે તોયે કોઈક વાર કરડે છે. જાણીબૂજીને ખાસ કરડવાને તે આવતો નથી. સેંકડે નેવું ટકા સાપ તો ઝેરી હોતા નથી. તે તમારી ખેતીનું રખવાળું કરે છે. ખેતીનો નાશ કરનારાં અસંખ્ય જીવડાં ને જંતુઓ પર તે જીવે છે. આવો ઉપકાર કરનારો, શુદ્ધ, તેજસ્વી, એકાંતપ્રિય સાપ ભગવાનનું સ્વરૂપ છે. આપણા બધા દેવોમાં સાપને ક્યાંક ને ક્યાંક ગોઠવેલો છે. ગણપતિની કમરે આપણે નાગનો કંદોરો મૂક્યો છે. શંકરને ગળે નાગને વીંટાળ્યો છે. અને ભગવાન વિષ્ણુને તો પથારી જ નાગની આપી છે ! આ બધી કલ્પનાઓમાં રહેલી મીઠાશ તો જુઓ ! એ બધી વાતનો ભાવાર્થ એવો છે કે નાગમાં ઈશ્વરની મૂર્તિ પ્રગટ થયેલી છે. સાપમાં રહેલા ઈશ્વરને ઓળખો.

આવી આવી કેટલી વાતો કહું? હું તમને કલ્પના આપું છું. રામાયણનો આખો સાર આવી જાતની રમણીય કલ્પનામાં સમાયેલો છે. રામાયણમાં પિતા-પુત્રનો પ્રેમ, મા-દીકરાનો પ્રેમ, ભાઈ-ભાઈ વચ્ચેનો પ્રેમ, પતિ-પત્નીનો પ્રેમ, એ બધું છે. પણ રામાયણ મને પ્રિય છે તે એટલા ખાતર નથી. રામની વાનરો



સાથે દોસ્તી થઈ તેટલા ખાતર મને રામાયણ ખાસ ગમે છે. હમણાં કહેવાવા માંડ્યું છે કે વાનરો નાગ લોકો હતા. જૂનું જૂનું શોધી કાઢી ઉખેળવાનું ઈતિહાસ જાણવાવાળાનું કામ કરે છે. મારે તેમના કામની સાથે તકરાર નથી કરવી. પણ રામે સાચેસાચી વાનરો સાથે મૈત્રી બાંધી તેમાં અશક્ય શું છે? રામ વાનરોના દોસ્ત બન્યા એમાં જ રામનું રામત્વ છે. રમણીયત્વ છે. તેવો જ શ્રીકૃષ્ણનો ગાયો સાથેનો સંબંધ જુઓ, આખીયે કૃષ્ણપૂજા આ વાત પર ઊભી કરી છે. શ્રીકૃષ્ણનું ચિત્ર હોય તેમાં તેની ફરતે ગાયો હોય જ. ગોપાળ કૃષ્ણ ! ગોપાળ કૃષ્ણ ! કૃષ્ણથી ગાયોને જુદી પાડો તો કૃષ્ણમાં રહે શું? અને વાનરોથી રામને અળગા પાડો તો પછી રામમાં પણ શા રામ રહે છે? રામે વાનરમાં વસતા પરમાત્માને જોયો અને તેમની સાથે પ્રેમની ઊંડી મમતાનો સંબંધ બાંધ્યો. રામાયણની એ ચાવી છે. એ ચાવી છોડી દેશો તો રામાયણની બધી મીઠાશ ગુમાવી બેસશો. પિતા-પુત્રના, મા-દીકરાના સંબંધો બીજે પણ જોવાના મળશે. પણ નર-વાનરની બીજે ક્યાંય જોવા ન મળનારી એવી મૈત્રી રામાયણમાં છે. વાનરોમાં રહેલો ઈશ્વર રામાયણે પોતાનો કર્યો. વાનરોને જોઈને ઋષિઓને કૌતુક થતું. રામટેકથી માંડીને ઠેઠ કૃષ્ણાના કાંઠા સુધી જમીનને પગ ન અડાડતાં ઝાડ પર ને ઝાડ પર કૂદકા મારતાં મારતાં એ વાનરો રમતા ફરતા. એવાં એ ઘનઘોર જંગલો અને

તેમાં રમતા તે વાનરોને જોઈને પ્રેમાળ ઋષિઓને કવિતાની પ્રેરણા થતી અને કૌતુક થતું. ઉપનિષદમાં બ્રહ્માની આંખો કેવી હોય છે તેનું વર્ણન કરતાં તે વાનરોની આંખો જેવી હોય છે એમ કહ્યું છે. વાનરોની આંખો ચંચળ છે. તેમની નજર ચારેકોર ફર્યા કરે. બ્રહ્માની આંખો એવીજ હોવી જોઈએ. ઈશ્વરને આંખો સ્થિર રાખ્યે ચાલે નહીં. તમે કે હું ધ્યાનસ્થ થઈને બેસીએ તો ચાલે, પણ ઈશ્વર ધ્યાનસ્થ થઈને બેસી જાય તો સૃષ્ટિનું શું થાય? વાનરોમાં સૌ કોઈની ફિકર રાખનારા બ્રહ્માની આંખો ઋષિઓને દેખાય છે. વાનરમાં ઈશ્વરને જોતાં શીખો.

અને પેલો મોર ! મહારાષ્ટ્રમાં મોર ઝાઝા નથી. પણ ગુજરાતમાં ઘણા છે. હું ગુજરાતમાં રહેતો હતો. મેં રોજ દસબાર માઈલ ફરવા જવાની ટેવ પાડી હતી. ફરવા નીકળું ત્યાં મને મોર જોવાના મળે. આકાશમાં વાદળાં છવાયેલાં હોય, વરસાદ પડું પડું થઈ રહ્યો હોય, આકાશને કાળો ઘેરો રંગ ચડ્યો હોય અને ત્યાં મોર પોતાનો ટહુકો કરે છે. હૃદયને નિચોવીને નીકળેલો એ ટહુકો એક વાર સાંભળો તો તેની ખૂબી સમજાય. આપણું આખું સંગીતશાસ્ત્ર મોરના એ ધ્વનિ પર ઊભું થયેલું છે. મોરનો અવાજ એટલે षड्जं रौति । આ પહેલો ‘ખરજનો’ સૂર મોરે આપ્યો અને પછી વત્તાઓછા પ્રમાણમાં આપણે બીજા સૂરો બેસાડ્યા છે. તેની પેલી મેઘ પર ઠરેલી નજર, તેનો એ ઊંડો ઘેરો અવાજ,



અને વાદળાંનો ધિમધિમ ગડગડ અવાજ શરૂ થતાંની સાથે તેણે ફેલાવેલાં પોતાનાં પીંછાંનો કલાપ, અહાહા ! તેની એ કળાની આગળ માણસની ઍંટ ફીકી પડે છે. બાદશાહ શણગાર કરે છે. પણ મોરની કળાની સરખામણીમાં તે કેટલોક શણગાર કરવાનો હતો? કેવી તે પીંછાના કલાપની ભવ્યતા, કેવા તેના હજારો ચાંલ્લા, કેવા તે જુદા જુદા રંગ, તે અનંત છટા, તે અદ્‌ભુત સુંદર મૃદુ રમણીય રચના, તે વેલબુટ્ટા ! જુઓ, જુઓ એ કળા, અને ત્યાં પરમાત્માને પણ જુઓ. આ આખી સૃષ્ટિએ આવો વેશ લીધો છે. સર્વત્ર પરમાત્મા દર્શન આપતો ઊભો છે, પણ આપણે ન જોઈ શકનારા ખરેખર અભાગી છીએ. તુકારામે કહ્યું છે, देव आहे सुकाळ देशीं, अभाग्यासी दुर्भिक्ष – દેશમાં ચારેકોર ઈશ્વર સુકાળનો છે પણ અભાગિયાના કપાળમાં દુકાળ છે. સંતોને સર્વત્ર સુકાળ છે પણ આપણે માટે બધે દુકાળ છે.

અને પેલી કોકિલાને હું કેમ વીસરું ? તે કોને સાદ પાડે છે? ઉનાળામાં નદીનાળાં બધાં સુકાયાં. પણ ઝાડવાને નવાં પાંદડાં ફૂટ્યાં. કોણે આ વૈભવ આપ્યો, એ વૈભવનો આપનારો ક્યાં છે એમ તે પૂછતી હશે? અને કેવો તેનો ઉત્કટ મીઠો અવાજ છે ! હિન્દુધર્મમાં કોકિલાનું વ્રત જ કહ્યું છે. કોયલનો અવાજ સાંભળ્યા વગર જમવું નહીં એવું વ્રત સ્ત્રીઓ લે છે. કોયલને કેવો સુંદર ધ્વનિ કાઢે છે. જાણે ઉપનિષદ ગાય છે ! તેનો અવાજ કાને પાડે

છે પણ તે પોતે દેખાતી નથી. પેલો અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થ તેને સારુ પાગલ બની તેને શોધતો વનવગડામાં ભટકે છે. ઈંગ્લેન્ડનો મોટો કવિ કોકિલાને શોધે છે પણ ભારતમાં તો ઘરઘરની સામાન્ય સ્ત્રીઓ કોયલ જોવાની ન મળે તે દિવસે જમવાનું જતું કરે છે ! કોકિલાવ્રતને કારણે ભારતીય સ્ત્રીઓએ મહાન કવિનો દરજ્જો મેળવ્યો છે. કોકિલા પરમ આનંદનો મધુરો અવાજ સંભળાવે છે. તેને રૂપે ખુદ સુંદર પરમાત્મા પ્રગટ થયો છે.

કોયલ સુંદર છે તો શું પેલો કાગડો નકામો, રદ્દી છે? કાગડાની પણ કદર કરતાં શીખો. મને પોતાને તે બહુ ગમે છે. તેનો કેવો મજાનો કાળો ચળકતો રંગ છે ! અને કેવો તીવ્ર અવાજ છે ! એ અવાજ શું ભૂંડો છે કે? તે પણ મીઠો છે. પાંખ ફફડાવતો આવે છે ત્યારે એ કાગડો કેવો મજાનો દેખાય છે ! નાનાં છોકરાંનાં ચિત્તને હરી લે છે. નાનું છોકરું બંધ ઘરમાં જમતું નથી. તેને બહાર આંગણામાં લઈ જઈને જમાડવું પડે છે, અને કાગડાં-ચકલાં બતાવતાં કોળિયા ભરાવવા પડે છે. કાગડાને માટે પ્રેમ રાખનારું તે બાળક શું ઘેલું છે? તે ઘેલું નથી. તેનામાં જ્ઞાન ભરેલું છે. કાગડાને રૂપે પ્રગટ થયેલ પરમાત્મા સાથે તે બાળક ઝટ એકરૂપ થઈ જાય છે. મા ભાતમાં દહીં મેળવે, દૂધ મેળવે કે ખાંડ મેળવે, તેમાં તે છોકરાને મીઠાશ આવતી નથી. કાગડાની પાંખોનો ફડફડાટ અને તેના ભાતભાતના ચાળા, એ બધામાં તે



બાળકને આનંદ પડે છે. સૃષ્ટિની બાબતમાં નાનાં છોકરાંને જે આ કૌતુક થયા કરે છે તેના પર તો આખીયે ઈસપનીતિ ઊભી કરવામાં આવી છે. ઈસપને બધે ઠેકાણે ઈશ્વર દેખાતો હતો. મને ગમતી ચોપડીઓની યાદીમાં હું ઈસપનીતિને પહેલી લઈશ, કદી નહીં ભૂલું. ઈસપના રાજ્યમાં આ બે હાથવાળું ને બે પગવાળું એકલું મનુષ્યપ્રાણી નથી, તેમાં શિયાળિયાં, કૂતરાં, સસલાં, વરુ, કાગડા, કાચબા બધાંયે છે. બધાં હસે છે, બોલે છે. એ એક ખાસું મોટું સંમેલન છે. ઈસપની સાથે આખીયે ચરાચર સૃષ્ટિ વાતો કરે છે. તેને દિવ્ય દર્શન થયું છે. રામાયણની રચના પણ આ જ તત્ત્વના, આ જ દૃષ્ટિના પાયા ઉપર થયેલી છે. તુલસીદાસે રામના બાળપણનું વર્ણન કર્યું છે. રામચંદ્ર આંગણામાં રમે છે. પાસે જ એક કાગડો છે. રામ આસ્તે રહીને તેને પકડવા માંગે છે. કાગડો આઘો સરી જાય છે. આખરે રામ થાકે છે. પણ તેને એક તરકીબ સૂઝે છે. બરફીનો કકડો હાથમાં લઈ તે કાગડાની પાસે જાય છે. રામ કાગડાને તે કકડો દેખાડે છે. કાગડો જરા પાસે આવે છે. આવા આ વર્ણનમાં તુલસીદાસજીએ લીટીઓની લીટી ભરી છે. કારણ, પેલો કાગડો પરમેશ્વર છે. રામની મૂર્તિમાં રહેલો જે અંશ તે જ કાગડામાં પણ છે. રામની અને એ કાગડાની ઓળખાણ પરમાત્મા સાથેની ઓળખાણ છે.

## દુર્જનમાં પણ પરમેશ્વરનું દર્શન

ટૂંકમાં, આ રીતે આ સૃષ્ટિમાં નાના રૂપે - પવિત્ર નદીઓને રૂપે મોટા મોટા વિશાળ પર્વતોને રૂપે, ગંભીર સાગરને રૂપે, વત્સલ ગાયને રૂપે, ઉમદા ઘોડાને રૂપે, દિલદાર સિંહને રૂપે, મીઠી કોયલને રૂપે, સુંદર મોરને રૂપે, સ્વચ્છ એકાંતપ્રિય સર્પને રૂપે, પાંખો ફફડાવનારા કાગડાને રૂપે, તડફડાટ કરતી જ્વાળાઓને રૂપે, પ્રશાંત તારાઓને રૂપે, સર્વત્ર પરમાત્મા ભરેલો છે. આપણી આંખોને તેને જોઈ, ઓળખવાને કેળવવી જોઈએ. પહેલાં સહેજે વરતાઈ આવે એવા મોટા સહેલા અક્ષરો, ને પછી નાના ને જોડાક્ષરો ની વા જોઈએ. જોડાક્ષરો બરાબર શીખાશે નહીં ત્યાં સુધી વાંચવામાં આગળ વધાશે નહીં. જોડાક્ષર ડગલે ને પગલે આવતા રહેશે. દુર્જનોમાં રહેલા પરમેશ્વરને જોતાં પણ શીખવું જોઈએ. રામ સમજાય છે, પરંતુ રાવણ પણ સમજાવો જોઈએ. પ્રહ્લાદ ગળે ઊતરે છે પણ હિરણ્યકશિપુયે ગળે ઊતરવો જોઈએ. વેદમાં કહ્યું છે,

'પેલા ડાકુઓના સરદારને નમસ્કાર, પેલા ક્રૂરોને, પેલા હિંસકોને નમસ્કાર આ ઠગ, આ દુષ્ટ, આ ચોર, બધાયે બ્રહ્મ છે. સૌને નમસ્કાર.'

આનો અર્થ એટલો જ કે સહેલા અક્ષરો પચાવ્યા તેમ અઘરા અક્ષરો પણ પચાવો. કાર્લાઈલ નામના ગ્રંથકારે વિભૂતિપૂજા નામે એક ગ્રંથ રચ્યો છે. તેમાં તેણે નેપોલિયનને



પણ એક વિભૂતિ ગણાવી છે. એમાં શુદ્ધ પરમાત્મા નથી, ભેળસેળ છે. પણ એ પરમેશ્વરને પણ પોતાનો કરવો જોઈએ. એથી જ તુલસીદાસે રાવણને રામનો વિરોધી ભક્ત કહ્યો છે. એ ભક્તની જાત જરા જુદી છે. અગ્નિથી પગ દાઝે છે ને સૂજી જાય છે. પણ સૂજેલા ભાગ પર શેક કરવાથી સોજો ઊતરી જાય છે. તેજ એકનું એક જ છે. પણ તેના આવિર્ભાવ જુદા છે. રામ અને રાવણમાંનો આવિર્ભાવ જુદો દેખાતો હોવા છતાં તે એક જ પરમેશ્વરનો આવિર્ભાવ છે.

સ્થૂળ અને સૂક્ષ્મ, સાદું અને ભેગવાળું, સહેલા અક્ષરો ને જોડાક્ષરો ઓળખતાં શીખો. અને છેવટે પરમેશ્વર વગરનું એક પણ સ્થળ નથી એ વાતનો અનુભવ કરો. અણુરેણુમાં પણ તે જ છે. કીડીથી માંડીને બ્રહ્માંડ સુધી સર્વત્ર પરમાત્મા ભરેલો છે. સૌની એક સરખી રીતે સંભાળ રાખવાવાળો, કૃપાળુ, જ્ઞાનમૂર્તિ, વત્સલ, સમર્થ, પાવન, સુંદર એવો પરમાત્મા સર્વની આસપાસ સર્વત્ર ઊભો છે.

# અગિયારમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : ‘હે પ્રિયે ! ગીતાના વર્ણનથી સંબંધ રાખનારી કથા અને વિશ્વરૂપ અધ્યાયનું પાવન માહાત્મ્ય સાંભળો. હે વિશાળ નેત્રવાળી પાર્વતી ! આ અધ્યાયના માહાત્મ્યનું પૂરેપૂરું વર્ણન અશક્ય છે. આ સંબંધે હજારો કથાઓ છે. તેમાંથી એક અહીં કહીશ.

પ્રણીતા નદીના કિનારે મેઘંકર નામથી પ્રસિદ્ધ એક મોટું નગર છે. તેના પ્રાકાર (કિલ્લો) અને ગોપુર (દરવાજા) ખૂબ ઊંચા છે. ત્યાં મોટી મોટી વિશ્રામ-શાળાઓ છે જેનામાં સુવર્ણ-સ્તંભો શોભે છે. તે નગરમાં શ્રીમાન, સુખી, શાંત, સદાચારી તથા જિતેન્દ્રિય મનુષ્યોનો નિવાસ છે. ત્યાં હાથમાં સારંગ નામનું ધનુષ્ય ધારણ કરનારા ભગવાન જગદીશ્વર વિષ્ણુ બિરાજમાન છે. તેઓ પરબ્રહ્મનું સાકાર રૂપ છે. સંસારનાં નેત્રોને તેઓ જીવન પ્રદાન કરનારા છે. તેમનો ગૌરવપૂર્ણ શ્રીવિગ્રહ ભગવતી લક્ષ્મીજીનાં નેત્રકમળો દ્વારા પૂજિત થાય છે. ભગવાનનું તે સ્વરૂપ વામન અવતારનું છે. મેઘ સમાન શ્યામ વર્ણ તથા કોમળ આકૃતિ



છે. વક્ષસ્થળ ઉપર શ્રીવત્સનું ચિહ્ન શોભી રહ્યું છે. તેઓ કમળ અને વનમાળાથી વિભૂષિત છે. અનેક પ્રકારનાં આભૂષણોથી સુશોભિત થઈ ભગવાન વામન રત્નયુક્ત સમુદ્ર જેવા લાગે છે. પીતાંબરથી તેમના શ્યામ વિગ્રહની કાંતિ એવી સુશોભિત છે જાણે ચમકતી વીજળીથી ઘેરાએલ શ્યામ મેઘ શોભી રહ્યો હોય. તે વામન ભગવાનના દર્શનથી જીવ જન્મ અને સંસારનાં બંધનોથી મુક્ત થઈ જાય છે. તે નગરમાં મેખલા નામે એક મોટું તીર્થ છે, જેમાં સ્નાન કરવાથી મનુષ્ય શાશ્વત વૈકુંઠધામને પામે છે. ત્યાં જગતના સ્વામી કરુણાસાગર ભગવાન નૃસિંહનાં દર્શન કરવાથી મનુષ્ય સાત જન્મનાં ઘોર પાપોથી મુક્તિ મેળવે છે. જે માણસ મેખલામાં ગણેશજીનાં દર્શન કરે છે તે હંમેશાં દુસ્તર વિઘ્નોને પણ પાર કરી જાય છે.

તે જ મેઘંકર નગરમાં એક શ્રેષ્ઠ બ્રાહ્મણદેવ હતા. જેઓ બ્રહ્મચર્યપરાયણ, મમતા અને અહંકારથી રહિત, વેદશાસ્ત્રોમાં પ્રવીણ, જિતેન્દ્રિય તથા ભગવાન વાસુદેવના શરણાગત હતા. તેમનું નામ સુનંદ હતું. હે પ્રિયે ! તેઓ સારંગધર ભગવાનની પાસે ગીતાના અગિયારમાં અધ્યાય વિશ્વરૂપદર્શનયોગનો પાઠ કરતા હતા. તે અધ્યાયના પ્રભાવથી તેમને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. પરમાનંદસંદોહથી પૂર્ણ, ઉત્તમ જ્ઞાનમયી સમાધિ વડે ઈન્દ્રિયોના અંતર્મુખ થઈ જવાને લીધે તેઓ નિશ્ચલ સ્થિતિને

પ્રાપ્ત થઈ ગયા હતા અને હંમેશાં જીવન્મુક્ત યોગીની સ્થિતિમાં રહેતા હતા. એક વખત જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિ ઉપર સ્થિત હતા (સિંહસ્થ પર્વ) તે વખતે મહાયોગી સુનંદે ગોદાવરી તીર્થની યાત્રા શરૂ કરી. તેઓ ક્રમશઃ વિરજતીર્થ, તારાતીર્થ, કપિલાસંગમ, અષ્ટતીર્થ, કપિલાદ્વાર, નૃસિંહવન, અંબિકાપુરી તથા કસ્થાનપુર વગેરે ક્ષેત્રોમાં સ્નાન અને દર્શન કરતા કરતા વિવાહમંડપ નામના નગરમાં આવ્યા. ત્યાં તેમણે દરેક ઘરમાં જઈ રહેવા માટે સ્થાન માગ્યું પણ તેમને ક્યાંય સ્થાન ન મળ્યું. અંતે ગામના મુખીએ તેમને એક મોટી ધર્મશાળા બતાવી. બ્રાહ્મણે સાથીઓ સાથે તેમાં જઈ રાત્રે નિવાસ કર્યો. સવાર થતાં તેમણે પોતાને ધર્મશાળા બહાર જોયા પરંતુ તેમને બીજા સાથી દેખાયા નહિ. તેઓ તેમને શોધવા નીકળ્યા. એટલામાં જ તેમને મુખી સાથે ભેટો થઈ ગયો. મુખીએ કહ્યું :

“હે મુનિશ્રેષ્ઠ ! તમે બધી રીતે દીર્ઘાયુ લાગો છો. સૌભાગ્યશાળી તથા પુણ્યવાન મનુષ્યોમાં તમે સૌથી પવિત્ર છો. તમારામાં કોઈ લોકોત્તર પ્રભાવ રહેલ છે. તમારા સાથી ક્યાં ગયા? તમે આ ભવનથી કઈ રીતે બહાર નીકળ્યા? તેની તપાસ કરો. તમને એટલું જ કહીશ કે તમારા જેવો તપસ્વી મને બીજો કોઈ જોવામાં નથી આવ્યો. હે વિપ્રવર ! તમને કયા મહામંત્રનું જ્ઞાન છે? કઈ વિદ્યાનો આશ્રય લો છો? હે ભગવન્ ! કૃપા કરી



તમે આ ગામમાં રહો. હું તમારી બધી સેવાઓ કરીશ.”

આમ કહી પેલા ગ્રામપાલે મુનિશ્વર સુનંદને પોતાના ગામમાં રોકી લીધા. તે રાત-દિવસ ઘણી ભક્તિ સાથે તેમની સેવા-બંદગી કરવા લાગ્યો. જ્યારે સાત આઠ દિવસ વીત્યા ત્યારે એક દિવસ સવારના પહોરમાં આવી તે દુઃખી થઈ મહાત્મા સામે રડવા લાગ્યો અને બોલ્યો : ‘હાય ! આજ રાત્રે રાક્ષસ મારા ભાગ્યહીનના પુત્રને ખાઈ ગયો છે. મારો પુત્ર ખૂબ જ ગુણવાન અને ભક્તિમાન હતો.’ ગ્રામપાલના આમ કહેવાથી યોગી સુનંદે પૂછ્યું : ‘ક્યાં છે તે રાક્ષસ? અને તારા પુત્રને એ કઈ રીતે ખાઈ ગયો?’

ગ્રામપાલ બોલ્યો : ‘બ્રહ્મન્ ! આ નગરમાં એક ભયંકર નરભક્ષી રાક્ષસ રહે છે. તે દરરોજ આવી આ નગરના લોકોને ખાઈ જતો હતો. ત્યારે એક દિવસ બધા નગરવાસીઓએ તેને પ્રાર્થના કરી : ‘હે રાક્ષસ ! તું અમારા સૌની રક્ષા કર. અમે તારા ભોજનની વ્યવસ્થા કરીશું. અહીં બહારના મુસાફરો જે રાત્રે આવીને નિદ્રા લે તેમને ખાઈ જજે !’ આ રીતે ગામના નાગરિકોએ મુખી દ્વારા આ ધર્મશાળામાં મોકલેલા મુસાફરોથી રાક્ષસનો આહાર નક્કી કર્યો.

પોતાના પ્રાણ બચાવવા જ તેમને આમ કરવું પડેલું. તમે પણ બીજા મુસાફરો સાથે આ ઘરમાં સૂતા હતા. રાક્ષસ તે બધાને

તો ખાઈ ગયો પણ ફક્ત તમને છોડી દીધા. હે દ્વિજોત્તમ ! તમારામાં એવો શું પ્રભાવ છે એ તમે જ જાણો. આ સમયે મારા પુત્રનો એક મિત્ર આવ્યો હતો, પરંતુ મેં તેને ઓળખ્યો નહિ. તે મારા પુત્રને ખૂબ જ પ્રિય હતો પરંતુ બીજા મુસાફરો સાથે તેને પણ મેં ધર્મશાળામાં મોકલ્યો. મારા પુત્રે જ્યારે જાણ્યું કે મારો મિત્ર પણ ધર્મશાળામાં ગયો છે ત્યારે તેને લઈ આવવા જ ત્યાં ગયો. પરંતુ રાક્ષસ તેને પણ ખાઈ ગયો. આજે સવારે મેં બહુ દુઃખી થઈ તે દુઃષ્ટ રાક્ષસને પૂછ્યું : 'હે દુરાત્મા ! તેં રાત્રે મારા પુત્રને પણ ખાઈ લીધો છે. તારા પેટમાં પડેલ મારો પુત્ર જે રીતે જીવિત થઈ શકે એવો કોઈ ઉપાય હોય તો મને કહે.'

રાક્ષસ બોલ્યો : 'હે મુખી ! ધર્મશાળામાં ઘુસેલા તારા પુત્રને ન જાણવાના કારણે મેં ભક્ષણ કર્યું છે. બીજા મુસાફરો સાથે તારો પુત્ર પણ અજાણતાં મારો આહાર બન્યો છે. તે મારા ઉદરમાં જે રીતે જીવિત અને રક્ષિત રહી શકે તેનો ઉપાય સ્વયં વિધાતાએ કરેલ છે. જે બ્રાહ્મણ હંમેશાં ગીતાના અગિયારમા અધ્યાયનો પાઠ કરતો હોય તેના પ્રભાવથી મારી મુક્તિ થશે અને મરેલા લોકોને પુનઃ જીવન પ્રાપ્ત થશે. અહીં કોઈ બ્રાહ્મણ છે જેમને મેં એક દિવસ ધર્મશાળામાંથી બહાર કાઢેલા. તેઓ નિરંતર અગિયારમા અધ્યાયનો પાઠ કરે છે. એ અધ્યાયના મંત્રથી સાત વખત અભિમંત્રિત કરી જો મારા ઉપર તેઓ જળ છાંટે તો



નિઃસંદેહ મારો શાપથી ઉદ્ધાર થશે.'

આ પ્રમાણે રાક્ષસનો સંદેશ મેળવી હું આપની પાસે આવ્યો છું.

બ્રાહ્મણ બોલ્યા : 'હે ગ્રામપાલ ! જે રાત્રે સૂતેલાં પ્રાણીઓને ખાય છે તે પ્રાણી કયાં પાપથી રાક્ષસ બન્યો છે?'

ગ્રામપાલ બોલ્યો : 'બ્રહ્મન્ ! પહેલાં આ ગામમાં કોઈ ખેડૂત બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ તે ખેતરમાં ક્યારીઓની રખેવાળી કરતો હતો. ત્યાંથી થોડે દૂર એક વિશાળકાય ગીધ કોઈ પથિકને મારીને ખાઈ રહ્યો હતો. તે જ સમયે કોઈ તપસ્વી ત્યાંથી નીકળ્યા, જેઓ તે પથિકને બચાવવા દૂરથી જ દયા બતાવી રહ્યા હતા. ગીધ પેલા પથિકને ખાઈ આકાશમાં ઊડી ગયો. ત્યારે તપસ્વીએ ગુસ્સે થઈ તે ખેડૂતને કહ્યું : 'અરે દુષ્ટ હળખેડૂ ! તને ધિક્કાર છે ! તું ખૂબ જ કઠોર અને નિર્દયી છે. બીજાની રક્ષાથી મોઢું ફેરવી માત્ર પેટપાલનના ધંધામાં પડ્યો છે. તારું જીવન નિષ્ફળ છે. અરે ! જે ચોર, દાઢવાળાં પ્રાણી, સાપ, શત્રુ, અગ્નિ, વિષ, જળ, ગીધ, રાક્ષસ, ભૂત તથા વેતાળ વગેરેથી ઘાયલ મનુષ્યોની શક્તિ હોવા છતાં ઉપેક્ષા કરે તેને તેમના વધનું પાપ લાગે છે. જે શક્તિશાળી હોવા છતાં ચોર વગેરેના ફંદામાં પડેલા બ્રાહ્મણને છોડાવવા પ્રયત્ન નથી કરતા તેઓ ઘોર નરકમાં નરકમાં પડે છે અને પછી વરુની યોનિમાં જન્મે છે. જેઓ વનમાં

મરાતા તથા ગીધ કે વાઘની દૃષ્ટિમાં પડેલા જીવની રક્ષા માટે 'બચાવો, બચાવો' ની બૂમો પાડે છે તે પરમ ગતિને પામે છે. જે માણસ ગાયોની રક્ષા માટે વાઘ, ભીલ તથા દુષ્ટ રાજાઓના હાથે માર્યા જાય છે તેઓ ભગવાન વિષ્ણુના પરમપદને પામે છે. તે પદ યોગીઓ માટે પણ દુર્લભ છે. સહસ્ર અશ્વમેઘ અને સો વાજપેય યજ્ઞો મળીને પણ શરણાગત-રક્ષાની સોળમી કળા બરાબર પણ નથી. દીન તથા ભયભીત જીવની ઉપેક્ષા કરવાથી પુણ્યવાન પુરુષ પણ સમય જતાં કુંભીપાક નરકમાં પડે છે. તેં દુષ્ટ ગીધ વડે ખવાતાં તે પથિકને જોઈને તેને બચાવવા સમર્થ હોવા છતાં તેની રક્ષા ન કરી તેથી તું નિર્દયી લાગે છે. માટે તું રાક્ષસ થઈ જા.'

હળખેડૂ બોલ્યો : 'મહાત્મન્ ! હું અહીં ઉપસ્થિત જરૂર હતો પરંતુ મારું ધ્યાન ઘણા સમયથી ખેતરની રક્ષામાં હતું તેથી પાસે હોવા છતાં ગીધ દ્વારા મરાતા તે મનુષ્યની મને ખબર ન હતી. માટે મારા ઉપર આપે કૃપા કરવી જોઈએ.'

તપસ્વી બ્રાહ્મણ બોલ્યા : 'જે દરરોજ ગીતાના અગિયારમા અધ્યાયનો પાઠ કરે છે તેના દ્વારા અભિમંત્રિત જળ જ્યારે તારા મસ્તક ઉપર પડશે ત્યારે તને શાપથી મુક્તિ મળશે.'

આમ કહી તપસ્વી બ્રાહ્મણ ચાલ્યા ગયા અને પેલો હળખેડૂ રાક્ષસ બન્યો. માટે હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! આપ ચાલો અને અગિયારમા



અધ્યાયથી તીર્થ-જળને અભિમંત્રિત કરી તેનું અભિસિંચન તેના મસ્તક પર કરો.'

મુખીની આ બધી પ્રાર્થના સાંભળી બ્રાહ્મણનું હૃદય કરુણાથી ભરાઈ ગયું. તેમણે 'બહુ સારું' એમ કહી તેની સાથે રાક્ષસ પાસે ગયા. તેઓ યોગી હતા. તેમણે વિશ્વરૂપદર્શન નામના અગિયારમા અધ્યાયથી જળ અભિમંત્રિત કરી તે રાક્ષસના મસ્તક ઉપર છાંટ્યું. ગીતાના અગિયારમા અધ્યાયના પ્રભાવથી તે શાપમુક્ત થઈ ગયો. તે રાક્ષસે દેહનો ત્યાગ કરી ચતુર્ભુજ રૂપ ધારણ કરી લીધું તથા તેણે જે હજારો મુસાફરોનું ભક્ષણ કર્યું હતું તેઓ પણ શંખ, ચક્ર અને ગદા ધારણ કરેલા ચતુર્ભુજ રૂપ થઈ ગયા. તે પછી તેઓ બધા વિમાન ઉપર આરૂઢ થઈ ગયા. એટલામાં મુખીએ રાક્ષસને કહ્યું :

'હે નિશાચર ! મારો પુત્ર કયો છે તે બતાવ.'

તેના આમ પૂછવાથી દિવ્ય બુદ્ધિવાળા રાક્ષસે કહ્યું : 'આ તમારા જેવા શ્યામ, ચાર ભુજાધારી, માણિક્યમય મુકુટથી શોભિત તથા દિવ્ય મણિઓથી બનેલ કુંડળોથી અલંકૃત, હાર પહેરવાના લીધે જેના સ્કંધ મનોહર લાગે છે, જે સોનાના ભુજબંધથી વિભૂષિત છે, કમળ સમાન નેત્રવાળા, સ્નિગ્ધ રૂપ તથા હાથમાં જેને કમળ છે અને દિવ્ય વિમાનમાં બેસી દેવત્વને પ્રાપ્ત થયેલ છે તે જ તમારો પુત્ર છે.'

આ સાંભળી મુખીએ તે જ રૂપમાં પોતાના પુત્રને જોયો અને તેને પોતાના ઘેર લઈ જવા ઈચ્છા કરી. આ જોઈ તેનો પુત્ર હસી પડ્યો અને કહેવા લાગ્યો :

પુત્ર બોલ્યો : 'હે મુખી ! કેટલીએ વખત તમે પણ મારા પુત્ર થઈ ચૂક્યા છો. પહેલાં હું તમારો પુત્ર હતો પણ હવે દેવ બની ગયો છું. આ બ્રાહ્મણ દેવતાની કૃપાથી વૈકુંઠમાં જઈશ. જુઓ, આ નિશાચર પણ ચતુર્ભુજ રૂપને પ્રાપ્ત થયો છે અને અગિયારમા અધ્યાયના માહાત્મ્યથી આ બધા લોકોની સાથે શ્રીવિષ્ણુધામમાં જઈ રહ્યો છે. તેથી તમે પણ આ બ્રાહ્મણ દેવતા પાસે ગીતાના અગિયારમા અધ્યાયનું અધ્યયન કરો અને નિરંતર તેનો જપ કરતા રહો. તમારી પણ આવી જ ઉત્તમ ગતિ થશે એમાં જરાય શંકાને સ્થાન નથી. હે તાત ! મનુષ્યોને સાધુ પુરુષનો સંગ સર્વથા દુર્લભ છે. તે પણ તમને અત્યારે મળેલ છે. એથી આપની ઈચ્છાઓ પૂર્ણ કરો. ધન, ભોગ, દાન, યજ્ઞ, તપસ્યા અને પૂર્વકર્મોથી શું લેવાનું છે? વિશ્વરૂપદર્શનવાળા અધ્યાયના પાઠથી જ પરમ કલ્યાણની પ્રાપ્તિ થઈ જાય છે. પૂર્ણાનંદ-સંદોહ સ્વરૂપ શ્રીકૃષ્ણ નામના બ્રહ્મના મુખથી કુરુક્ષેત્રમાં પોતાના મિત્ર અર્જુન પ્રત્યે જે અમૃતમય ઉપદેશ નીકળ્યો તે જ વિષ્ણુનું પરમ તાત્ત્વિક સ્વરૂપ છે. તમે તેનું જ ચિંતન કરો. તે મોક્ષમાટેનું પ્રસિદ્ધ રસાયણ છે. સંસાર-ભયથી ડરી ગયેલ મનુષ્યોની આધિ-વ્યાધિને



દૂર કરનાર તથા અનેક જન્મોનાં દુઃખોનો નાશ કરનાર છે. હું આના સિવાય બીજા કોઈ સાધનને આવું નથી જોતો. માટે, તમે એનો જ અભ્યાસ કરો.'

શ્રી મહાદેવજી બોલ્યા : 'આમ કહી તે સૌની સાથે શ્રીવિષ્ણુના પરમધામમાં ચાલ્યો ગયો. પછી મુખીએ બ્રાહ્મણના મુખેથી અગિયારમા અધ્યાયનો પાઠ કર્યો. પછી તે બંને જણ તેના માહાત્મ્યથી વિષ્ણુધામમાં પહોંચ્યા. હે પાર્વતી, આ રીતે તમને અગિયારમા અધ્યાયના મહાત્મ્યની કથા સંભળાવી છે. તેના શ્રવણમાત્રથી મહાપાપનો નાશ થાય છે.'

# એકાદશ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસઞ્જ્ઞિતમ્ ।**
**યત્ત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ ॥૧॥**

અર્જુન બોલ્યા : મારા પર અનુકંપા કરીને આપે જે પરમ ગોપનીય અધ્યાત્મવિષયક ઉપદેશ કહ્યો, એનાથી મારું આ અજ્ઞાન નાશ પામી ચુક્યું છે. ॥૧॥

**ભાવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।**
**ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥૨॥**

કેમકે હે કમલનયન ! મેં આપની પાસેથી ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય વિસ્તારપૂર્વક સાંભળ્યાં તથા આપનો અવિનાશી મહિમા પણ સાંભળ્યો. ॥૨॥

**એવમેતદ્યથાત્થ ત્વમાત્માનં પરમેશ્વર ।**
**દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ ॥૩॥**

હે પરમેશ્વર ! આપ પોતાને જેવા કહો છો, એ ખરેખર



એમ જ છે, છતાં પણ હે પુરુષોત્તમ ! આપના જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય અને તેજથી યુક્ત ઈશ્વરીય રૂપને હું પ્રત્યક્ષ જોવા માંગું છું. ॥૩॥

**મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।**
**યોગેશ્વર તતો મે ત્વં દર્શયાત્માનમવ્યયમ્ ॥૪॥**

હે પ્રભો ! (સૌની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર તેમજ અન્તર્યામી રૂપે શાસન કરનાર હોવાને લીધે ભગવાનનું નામ 'પ્રભુ' છે.) જો મારા વડે આપનું એ રૂપ જોવાનું શક્ય છે - એમ આપ માનતા હો, તો હે યોગેશ્વર ! આપ પોતાના એ અવિનાશી સ્વરૂપનું મને દર્શન કરાવો. ॥૪॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ।**
**નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥**

શ્રીભગવાન બોલ્યા : હે પાર્થ ! હવે તું મારાં સેંકડો-હજારો વિવિધ પ્રકારનાં, વિવિધરંગી તથા વિવિધ આકૃતિનાં અલૌકિક રૂપોને જો. ॥૫॥

**પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાનશ્વિનૌ મરુતસ્તથા ।**
**બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ॥૬॥**

હે ભરતવંશી ! મારામાં અદિતિના બાર પુત્રોને, આઠ વસુઓને, અગિયાર રુદ્રોને, બેય અશ્વિનીકુમારોને અને

ઓગણપચાસ મરુદ્‌ગણોને જો તથા બીજાં પણ ઘણાંબધાં આ પહેલાં ન જોયેલાં આશ્ચર્યમય રૂપોને જો. ॥૬॥

**ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।**
**મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ ॥૭॥**

હે નિદ્રાને જીતનાર ! (નિદ્રાને જીતનાર હોવાથી અર્જુનનું નામ ગુડાકેશ પડ્યું હતું) હમણાં જ આ મારા શરીરમાં એક સ્થળે રહેલા, ચર અને અચર સહિત આખા બ્રહ્માંડને જો તથા બીજું પણ જે કંઈ જોવા ઈચ્છતો હોય એ જો. ॥૭॥

**ન તુ માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।**
**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥૮॥**

પરંતુ મને તું આ પોતાનાં સ્થૂળ ચક્ષુઓથી જોઈ શકવા ચોક્કસપણે સમર્થ નથી; માટે હું તને અલૌકિક ચક્ષુ આપું છું, એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને જો. ॥૮॥

**સંજય ઉવાચ**

**એવમુક્ત્વા તતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ ।**
**દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥૯॥**

સંજય બોલ્યા : હે રાજન્ ! મહાયોગેશ્વર તેમજ સર્વ પાપોને હરનાર ભગવાન હરિએ આમ કહ્યા પછી અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત દિવ્યસ્વરૂપ દેખાડ્યું. ॥૯॥

**અનેકવક્ત્રનયનમનેકાદ્‌ભુતદર્શનમ્ ।**



**અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ॥૧૦॥**
**દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્ ।**
**સર્વાશ્ચર્યમયં દેવમનન્તં વિશ્વતોમુખમ્ ॥૧૧॥**

અનેક મુખ અને નેત્રો ધરાવનાર, અનેક અદ્‌ભુત દશ્યોથી યુક્ત, ઘણાં બધાં દિવ્ય આભૂષણોથી યુક્ત અને કેટલાંયે ઉગામેલાં દિવ્ય આયુધો હાથોમાં ધારણ કરેલા, દિવ્ય માળા તેમજ વસ્ત્રોને ધારણ કરેલા તથા જેમના શ્રીવિગ્રહમાંથી દિવ્ય ચંદનનો પરિમલ પ્રસરી રહ્યો છે એવા, બધી જ જાતનાં આશ્ચર્યોથી યુક્ત, સીમા વિનાના અને સર્વ તરફ જેમનાં મુખો છે, એવા વિરાટસ્વરૂપ પરમદેવ પરમેશ્વરને અર્જુને જોયા. ॥૧૦-૧૧॥

**દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।**
**યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્‌ભાસસ્તસ્ય મહાત્મનઃ ॥૧૨॥**

હે રાજન્ ! આકાશમાં હજારો સૂર્યોના એક સાથે ઉદય થવાને લીધે જે પ્રકાશ ઊપજે, તે પણ એ વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશના જેટલો ભાગ્યે જ હશે. ॥૧૨॥

**તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।**
**અપશ્યદ્દેવદેવસ્ય શરીરે પાણ્ડવસ્તદા ॥૧૩॥**

પાંડુપુત્ર અર્જુને એ વખતે અનેક પ્રકારે વિભાજિત આખા બ્રહ્માંડને દેવોનાય દેવ ભગવાન શ્રીકૃષ્ણના એ શરીરમાં એક સ્થળે રહેલું જોયું. ॥૧૩॥

**તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનઞ્જયઃ ।**
**પ્રણમ્ય શિરસા દેવં કૃતાઞ્જલિરભાષત ॥૧૪॥**

ત્યાર પછી આશ્ચર્યમાં ડૂબેલા અને હર્ષપુલકિત થયેલા ધનંજય, પ્રકાશમાન વિશ્વરૂપ પરમાત્માને શ્રદ્ધા અને ભક્તિ સાથે મસ્તક નમાવીને, હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૪॥

**અર્જુન ઉવાચ**

**પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે**
**સર્વાંસ્તથા ભૂતવિશેષસઙ્ઘાન્ ।**
**બ્રહ્માણમીશં કમલાસનસ્થ-**
**મૃષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ॥૧૫॥**

અર્જુન બોલ્યા : હે દેવ ! હું આપના શ્રીવિગ્રહમાં સઘળા દેવોને તથા અનેક ચરાચર પ્રાણીઓના સમૂહોને, કમળના આસન પર બિરાજેલા બ્રહ્માને, મહાદેવને, સમસ્ત ઋષિઓને અને દિવ્ય સર્પોને જોઉં છું. ॥૧૫॥

**અનેકબાહૂદરવક્ત્રનેત્રં**
**પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ ।**
**નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં**
**પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપ ॥૧૬॥**

હે સકળ વિશ્વના સ્વામી ! આપને અસંખ્ય ભુજાઓ ઉદર, મુખ અને નેત્ર ધરાવનાર, તેમજ સર્વ તરફ અનન્ત રૂપો ધરાવતા



જોઉં છું, આખું વિશ્વ જ જેનું સ્વરૂપ છે એવા હે વિશ્વરૂપ ! હું ન તો આપના અંતને જોઉં છું, ન તો મધ્યને કે ન તો આદિને. ॥૧૬॥

**કિરીટિનં ગદિનં ચક્રિણં ચ**
**તેજોરાશિં સર્વતો દીપ્તિમન્તમ્ ।**
**પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તા -**
**દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥૧૭॥**

આપને હું મુકુટધારી, ગદાધારી અને ચક્રધારી, બધી બાજુએ પ્રકાશમાન તેજના પુંજસ્વરૂપ, ધગધગતા અગ્નિ અને સૂર્ય જેવા તેજસ્વી, મુશ્કેલીથી જોઈ શકાય એવા તેમજ બધી બાજુએ અમાપસ્વરૂપે જોઉં છું. ॥૧૭॥

**ત્વમક્ષરં પરમં વેદિતવ્યં**
**ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**
**ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા**
**સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥૧૮॥**

આપ જ જાણવાયોગ્ય પરમ અક્ષર એટલે કે પરબ્રહ્મ પરમાત્મા છો, આપ જ આ જગતના પરમ આશ્રય છો, આપ જ શાશ્વત ધર્મના રક્ષક છો અને આપ જ અવિનાશી સનાતન પુરુષ છો, એવો મારો મત છે. ॥૧૮॥

**અનાદિમધ્યાન્તમનન્તવીર્ય -**

**મનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।**
**પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં**
**સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥૧૯॥**

આપને આદિ, મધ્ય અને અન્ત વિનાના, અનન્ત સામર્થ્ય ધરાવનાર, અપાર ભુજા ધરાવતા, ચંદ્ર-સૂર્યરૂપી નેત્રો ધરાવતા, પ્રદીપ્ત અગ્નિરૂપી મુખ ધરાવતાં અને પોતાના તેજથી આ બ્રહ્માંડને સંતાપતા જોઉં છું. ॥૧૯॥

**દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ**
**વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।**
**દૃષ્ટ્વાદ્ભુતં રૂપમગ્રં તવેદં**
**લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ॥૨૦॥**

હે મહાત્મન્ ! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આ સંપૂર્ણ આકાશ તથા સઘળી દિશાઓ, એકમાત્ર આપનાથી જ વ્યાપેલાં છે, તેમજ આપના આ અદ્ભુત અને ભયાવહ રૂપને જોઈને ત્રણેય લોક ભયના માર્યા કાંપી રહ્યા છે. ॥૨૦॥

**અમી હિ ત્વાં સુરસઙ્ઘા વિશન્તિ**
**કેચિદ્ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ ।**
**સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ**
**સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ॥૨૧॥**

પેલા દેવતાઓના સમૂહો આપનામાં પ્રવેશી રહ્યા છે તથા



કેટલાક ભયના માર્યા હાથ જોડીને આપનાં નામ અને ગુણોનું ગાન કરી રહ્યા છે અને મહર્ષિ તેમજ સિદ્ધોના સમુદાયો 'કલ્યાણ થાઓ' એમ કહીને કેટલાંયે ઉત્તમ સ્તોત્રો દ્વારા આપની સ્તુતિ કરી રહ્યા છે. ॥૨૧॥

**રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા**
**વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।**
**ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઙ્ઘા**
**વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥૨૨॥**

જે અગિયાર રુદ્રો અને બાર આદિત્યો તથા આઠ વસુઓ, બાર સાધ્યો, દસ વિશ્વેદેવો, બેય અશ્વિનીકુમારો, મરુદ્ગણ અને પિતૃઓનો સમુદાય તથા ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધોના સમુદાયો છે - એ બધાય છક થઈને આપને જોઈ રહ્યા છે. ॥૨૨॥

**રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રં**
**મહાબાહો બહુબાહુરુપાદમ્ ।**
**બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં**
**દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાહમ્ ॥૨૩॥**

હે મહાબાહો ! આપના ઘણાં મુખ અને નયનોથી યુક્ત, ઘણા હાથ, જંઘા અને ચરણ ધરાવતા, અનેક ઉદરો ધરાવતા અને ઘણી બધી દાઢોને કારણે અત્યંત વિકરાળ, મહાન રૂપને જોઈને બધા લોકો વ્યાકુળ થઈ રહ્યા છે, તેમજ હું પણ આકુળ-

વ્યાકુળ થઈ રહ્યો છું. ॥૨૩॥

**નભઃસ્પૃશં દીપ્તમનેકવર્ણં**
**વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।**
**દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા**
**ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો ॥૨૪॥**

કેમકે હે વિષ્ણો ! ગગનચુંબી, દેદીપ્યમાન, અનેક વર્ણોથી યુક્ત તથા ફાડેલા મુખ અને પ્રકાશમાન વિશાળ નેત્રો ધરાવતા આપને જોઈને, ડરેલા અન્તઃકરણનો હું ધીરજ કે શાંતિ નથી પામતો. ॥૨૪॥

**દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ**
**દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ ।**
**દિશો ન જાને ન લભે ચ શર્મ**
**પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૨૫॥**

તીણી દાઢોને લીધે વિકરાળ અને પ્રલયકાળના અગ્નિ જેવાં પ્રજ્વળેલાં આપનાં મુખોને જોઈને હું દિશાઓને નથી ઓળખી શકતો અને સુખ પણ નથી પામી શકતો, માટે હે દેવોના સ્વામી ! હે જગતના આધાર ! આપ પ્રસન્ન થાઓ. ॥૨૫॥

**અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ**
**સર્વે સહૈવાવનિપાલસઙ્ઘૈઃ ।**
**ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ**



**સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥૨૬॥**
**વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ**
**દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ ।**
**કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ**
**સન્દૃશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાઙ્ગૈઃ ॥૨૭॥**

ધૃતરાષ્ટ્રના પેલા બધા જ પુત્રો, રાજાઓના સમૂહ સમેત આપનામાં પ્રવેશી રહ્યા છે અને પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય તથા પેલો કર્ણ અને આપણા પક્ષના પણ મુખ્ય યોદ્ધાઓ સમેત એકએક, તીણી દાઢોને લીધે વિકરાળ આપના ભયાવહ મુખોમાં ઘણા વેગથી દોડીને પ્રવેશી રહ્યા છે. અને કેટલાક તો ભુક્કો થયેલાં માથાંસહિત, આપના દાંતોની વચ્ચે ભીંસાયેલા દેખાઈ રહ્યા છે. ॥૨૬-૨૭॥

**યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ**
**સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।**
**તથા તવામી નરલોકવીરા**
**વિશન્તિ વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ ॥૨૮॥**

જેમ નદીઓના અનેક જળપ્રવાહો સહજ રીતે સાગર તરફ દોડે છે, એટલે કે સાગરમાં સમાઈ જાય છે, એ જ રીતે નરલોકના શ્રેષ્ઠ શૂરવીરો પણ આપનાં પ્રજ્વળતાં મુખોમાં પ્રવેશી રહ્યા છે એટલે કે આપનામાં લીન થઈ રહ્યા છે. ॥૨૮॥

**યથા પ્રદીપ્તં જ્વલનં પતઙ્ગા**
**વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ ।**
**તથૈવ નાશાય વિશન્તિ લોકા -**
**સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥૨૯॥**

જેમ પતંગિયા મોહને વશ થઈ, નષ્ટ થવા માટે પ્રજ્વલિત અગ્નિમાં, ઘણા વેગથી ઊડતાં-ઊડતાં જાતે જ પ્રવેશતાં હોય છે, એમ જ આ સર્વે પણ, પોતાના નાશને માટે આપનાં મુખોમાં અતિ વેગથી, જાતે જ પ્રવેશી રહ્યા છે. ॥૨૯॥

**લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તા -**
**લ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ ।**
**તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં**
**ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ॥૩૦॥**

આપ, એ સમસ્ત લોકોને પ્રજ્વળતા મુખો દ્વારા કોળિયો કરતા, ચારે કોરથી વારંવાર ચાટી રહ્યા છો, હે વિષ્ણો ! આપનો ઉગ્ર પ્રકાશ સકળ બ્રહ્માંડને તેજથી ભરી દઈને સંતાપી રહ્યો છે. ॥૩૦॥

**આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો**
**નમોઽસ્તુ તે દેવવર પ્રસીદ ।**
**વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં**
**ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ॥૩૧॥**



મને જણાવો કે ઉગ્ર રૂપધારી આપ કોણ છો? હે દેવાધિદેવ ! આપને નમસ્કાર કરું છું, આપ પ્રસન્ન થાઓ, આદિપુરુષ આપને હું વિશેષ રૂપે ઓળખવા માગું છું, કેમકે હું આપની પ્રવૃત્તિને નથી સમજી શકતો. ॥૩૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**કાલોઽસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો**
**લોકાન્સમાહર્તુમિહ પ્રવૃત્તઃ ।**
**ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે**
**યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥૩૨॥**

શ્રીભગવાન બોલ્યા : હું લોકોનો સંહાર કરનાર વધી ગયેલો મહાકાળ છું, અત્યારે આ લોકોનો સંહાર કરવા માટે પ્રવૃત્ત થયો છું, માટે જે પ્રતિપક્ષીઓની સેનામાં રહેલા યોદ્ધાઓ છે, એ બધા તારા વિના પણ નથી રહેવાના, એટલે કે તું યુદ્ધ નહીં કરે તો પણ આ સર્વેનો નાશ તો થવાનો જ છે. ॥૩૨॥

**તસ્માત્ત્વ યશો લભસ્વ**
**જિત્વા શત્રૂન્ ભુઙ્ક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્ ।**
**મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ**
**નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ॥૩૩॥**

માટે તું ઊભો થા ! યશ મેળવ અને શત્રુઓને જીતીને ધન-ધાન્યથી સમૃદ્ધ રાજ્યને ભોગવ, આ સર્વે શૂરવીરો પહેલેથી

જ મારા વડે હણાયેલા છે, હે સવ્યસાચી ! (ડાબા હાથે પણ બાણ છોડવાનો અભ્યાસ હોવાને લીધે અર્જુનનું 'સવ્યસાચી' નામ પડ્યું હતું. અર્જુન બેય હાથે ઝડપથી બાણ છોડી શકતા હતા) તું તો કેવળ નિમિત્તમાત્ર થા. ॥૩૩॥

**દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ**
**કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્ ।**
**મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા**
**યધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ॥૩૪॥**

દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ ઘણા બધા મારા વડે હણાયેલા શૂરવીર યોદ્ધાઓને તું હણ, ભય રાખીશ મા, ચોક્કસ તું યુદ્ધમાં વેરીઓને જીતીશ, માટે યુદ્ધ કર. ॥૩૪॥

**સંજય ઉવાચ**

**એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય**
**કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી ।**
**નમસ્કૃત્વા ભૂય એવાહ કૃષ્ણં**
**સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥૩૫॥**

સંજય બોલ્યા : શ્રીહરિ કેશવના આ વચનને સાંભળીને, કિરીટી અર્જુન હાથ જોડી થરથર કાંપતા નમસ્કાર કરીને, ફરીથી ઘણા બીતાં બીતાં પ્રણામ કરીને, ભગવાન શ્રીકૃષ્ણની ગદ્ગદ



વાણીથી સ્તુતિ કરવા લાગ્યા. ॥૩૫॥

**અર્જુન ઉવાચ**

**સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા**
**જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।**
**રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ**
**સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ ॥૩૬॥**

અર્જુન (ફરીથી સ્તુતિ કરતાં) બોલ્યા : હે અન્તર્યામી ! એ યોગ્ય જ છે કે આપનાં નામ, ગુણ અને પ્રભાવના કીર્તનથી વિશ્વ ઘણું હરખાઈ રહ્યું છે અને પ્રમવિહ્વળ પણ થઈ રહ્યું છે, તેમજ ભય પામેલા રાક્ષસો આમ-તેમ નાસી રહ્યા છે તથા સર્વે સિદ્ધગણોના સમૂહો નમસ્કાર કરી રહ્યા છે. ॥૩૬॥

**કસ્માચ્ચ તે ન નમેરન્મહાત્મન્**
**ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।**
**અનન્ત દેવેશ જગન્નિવાસ**
**ત્વમક્ષરં સદસત્તત્પરં યત્ ॥૩૭॥**

હે મહાત્મન્ ! બ્રહ્માના પણ આદિકર્તા અને સૌથી મોટા આપને તેઓ કેમ ન નમે ! કેમકે હે અનન્ત ! હે દેવતાઓના ઈશ ! હે વિશ્વના પરમ આધાર ! જે સત્, અસત્ અને એ બેયથી પર અક્ષર એટલે કે સચ્ચિદાનંદઘન બ્રહ્મ છે, એ આપ છો. ॥૩૭॥

**ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણ -**

**સ્ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**
**વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ**
**ત્વયા તતં વિશ્વમનન્તરૂપ ॥૩૮॥**

આપ આદિદેવ અને સનાતન પુરુષ છો, આપ આ જગતના પરમ આશ્રય, જાણનાર, જાણવા યોગ્ય અને પરમ ધામ છો, હે અનન્તરૂપ ! આપનાથી આ આખં વિશ્વ વ્યાપેલું એટલે કે પરિપૂર્ણ છે. ॥૩૮॥

**વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાઙ્કઃ**
**પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।**
**નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ**
**પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે ॥૩૯॥**

આપ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્રમા અને પ્રજાના સ્વામી બ્રહ્મા છો તથા બ્રહ્માના પણ પિતા છો, આપને વારંવાર નમસ્કાર ! હજારો વાર નમસ્કાર ! તથા ફરી પાછા એથી પણ વધારે વાર નમસ્કાર !!! ॥૩૯॥

**નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે**
**નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ ।**
**અનન્તવીર્યામિતવિક્રમસ્ત્વં**
**સર્વં સમાપ્નોષિ તતોઽસિ સર્વઃ ॥૪૦॥**

હે અનન્ત સામર્થ્ય ધરાવનાર ! આપને આગળથી તેમજ પાછળથી પણ નમસ્કાર ! હે સર્વના આત્મા ! આપને બધી જ



બાજુઓથી નમસ્કાર કરું છું, કેમકે અનંત પરાક્રમી આપ આખા બ્રહ્માંડને વ્યાપીને રહેલા છો, માટે આપ જ સર્વરૂપ છો. ॥૪૦॥

**સખેતિ મત્વા પ્રસભં યદુક્તં**
**હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ ।**
**અજાનતા મહિમાનં તવેદં**
**મયા પ્રમાદાત્પ્રણયેન વાપિ ॥૪૧॥**
**યચ્ચાવહાસાર્થમસત્કૃતોઽસિ**
**વિહારશય્યાસનભોજનેષુ ।**
**એકોઽથવાપ્યચ્યુત તત્સમક્ષં**
**તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥૪૨॥**

આપના આ પ્રભાવને નહીં જાણતાં, તમે મારા સખા છો એમ માનીને, પ્રેમથી કે પ્રમાદથી પણ મેં 'હે કૃષ્ણ!' 'હે યાદવ !' 'હે સખા!' એ પ્રમાણે જે કંઈ વગર વિચાર્યે અવજ્ઞાપૂર્વક કહ્યું છે અને હે અચ્યુત ! આપ જે મારા વડે વિનોદ ખાતર વિહાર, શય્યા, આસન અને ભોજન આદિ કરતી વખતે એકાંતમાં, કે પછી એ સખાઓની સામે પણ, અપમાનિત કરવામાં આવ્યા છો - એ સર્વ અપરાધો અપ્રમેયસ્વરૂપ એટલે કે અચિન્ત્ય પ્રભાવના આપને હું ક્ષમા કરવાની પ્રાર્થના કરું છું. ॥૪૧-૪૨॥

**પિતાસિ લોકસ્ય ચરાચરસ્ય.**
**ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।**
**નત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો**

**લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ ॥૪૩॥**

આપ આ ચરાચર જગતના પિતા, સૌથી મોટા ગુરુ અને ઘણા પૂજનીય છો, હે અતુલ પ્રભાવ ધરાવનાર ! ત્રણેય લોકમાં આપના સમાન પણ બીજો કોઈ નથી, પછી ચઢિયાતો તો ક્યાંથી હોઈ શકે !! ॥૪૩॥

**તસ્માત્પ્રણમ્ય પ્રણિધાય કાયં**
**પ્રસાદયે ત્વામહમીશમીડયમ્ ।**
**પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ**
**પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ ॥૪૪॥**

માટે હે પ્રભો ! હું શરીરને સારી પેઠે ચરણોમાં નિવેદિત કરીને, પ્રણામ કરીને, સ્તુતિને યોગ્ય આપ ઈશ્વરને પ્રસન્ન થવા માટે પ્રાર્થું છું. હે દેવ ! પિતા જેમ પુત્રના, સખા જેમ સખાના અને પતિ જેમ પ્રિયતમા પત્નીના અપરાધોને સહી લે છે, એમ જ આપ પણ મારા અપરાધ સહી લેવા યોગ્ય છો. ॥૪૪॥

**અદૃષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દૃષ્ટ્વા**
**ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।**
**તદેવ મે દર્શય દેવરૂપં**
**પ્રસીદ દેવેશ જગન્નિવિસા ॥૪૫॥**

હું પહેલાં ન જોયેલા આપના આ આશ્ચર્યમય રૂપને જોઈને હરખાય પણ રહ્યો છું અને મારું મન ભયને લીધે ઘણું વ્યાકુળ પણ થઈ રહ્યું છે, માટે આપ પોતાનું પેલું ચતુર્ભુજ વિષ્ણુરૂપ જ મને દર્શાવો, હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ. ॥૪૫॥



**કિરીટિનં ગદિનં ચક્રહસ્ત -**
**મિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।**
**તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન**
**સહસ્ત્રબાહો ભવ વિશ્વમૂર્તે ॥૪૬॥**

હું એવા જ આપને મુગટધારી તથા ગદા અને ચક્ર હાથમાં ધારણ કરેલા જોવા ઈચ્છું છું, માટે હે વિશ્વસ્વરૂપ ! હે હાજર હાથવાળા ! આપ એ જ ચતુર્ભુજરૂપે પ્રગટ થાઓ. ॥૪૬॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**મયા પ્રસન્નેન તવાર્જુનેદં**
**રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।**
**તેજોમયં વિશ્વમનન્તમાદ્યં**
**યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ ॥૪૭॥**

શ્રીભગવાન બોલ્યા : હે અર્જુન ! તારા પર અનુકંપા કરીને મેં પોતાની યોગશક્તિના પ્રભાવે, આ મારું ઉત્કૃષ્ટ, તેજોમય, સર્વનું આદિ અને અસીમ વિરાટ રૂપ તને દર્શાવ્યું છે, જેને તારા સિવાય બીજા કોઈએ પહેલાં નહોતું જોયું. ॥૪૭॥

**ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈ -**
**ર્ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।**
**એવંરૂપઃ શક્ય અહં નૃલોકે**
**દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ॥૪૮॥**

હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ વીર ! મનુષ્યલોકમાં આવો

વિશ્વરૂપધારી હું, તારા સિવાય બીજા કોઈનાથી ન તો વેદ અને યજ્ઞોના અધ્યયનથી જોઈ શકાઉં છું, ન દાનથી જોઈ શકાઉં છું, ન શાસ્ત્રવિહિત કર્મોથી જોઈ શકાઉં છું કે ન આકરાં તપોથીય જોઈ શકાઉં છું. ॥૪૮॥

**મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો**
**દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ ।**
**વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં**
**તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ॥૪૯॥**

મારા આવા આ વિકરાળ રૂપને જોઈને તને વ્યાકુળતા ન થાઓ અને મૂઢભાવ પણ ન થાઓ, તું નિર્ભય અને પ્રસન્નમન થઈને એ જ મારા આ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ રૂપને ફરીથી જો. ॥૪૯॥

**સંજય ઉવાચ**

**ઈત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા**
**સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ ।**
**આશ્વાસયામાસ ચ ભીતમેનં**
**ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ॥૫૦॥**

સંજય બોલ્યા : હે રાજન્ ! વાસુદેવ શ્રીહરિએ અર્જુનને આ પ્રમાણે કહીને પાછું એવું જ પોતાનું ચતુર્ભુજરૂપ દર્શાવ્યું અને પછી સૌમ્યમૂર્તિ થઈને આ ભય પામેલા અર્જુનને મહાત્મા શ્રીકૃષ્ણે ધીરજ આપી. ॥૫૦॥

**અર્જુન ઉવાચ**



**દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।**
**ઈદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥૫૧॥**

અર્જુન બોલ્યા : હે જનાર્દન ! આપના આ પરમશાન્ત મનુષ્યરૂપને જોઈને હવે હું સ્થિરચિત્ત થઈ ગયો છું અને પોતાની સ્વાભાવિક સ્થિતિને પામી ચુક્યો છું. ॥૫૧॥

શ્રીભગવાન્ ઉવાચ

**સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ।**
**દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાઙ્ક્ષિણઃ ॥૫૨॥**

શ્રીભગવાન બોલ્યા : મારું જે ચતુર્ભુજરૂપ તેં જોયું છે, એ સુદુર્દર્શં છે, એટલે કે એનાં દર્શન થવાં ઘણાં દુર્લભ છે, દેવતાઓ પણ સદા આ રૂપનાં દર્શનની ખેવના રાખ્યા કરે છે. ॥૫૨॥

**નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા ।**
**શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા ॥૫૩॥**

જેવો તેં મને જોયો છે એવો ચતુર્ભુજરૂપધારી હું ન તો વેદોથી જોઈ શકાઉં છું, ન તપથી જોઈ શકાઉં છું, ન દાનથી જોઈ શકાઉં છું કે ન યજ્ઞથીયે જોઈ શકાઉં છું. ॥૫૩॥

**ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।**
**જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ ॥૫૪॥**

પરંતુ હે પરન્તપ અર્જુન ! અનન્ય ભક્તિ દ્વારા આવો ચતુર્ભુજરૂપધારી હું પ્રત્યક્ષ દેખાવા માટે, તત્ત્વથી જાણવા માટે તથા પ્રવેશ કરવા એટલે કે એકાત્મભાવે પ્રાપ્ત થવા માટે પણ શક્ય છું. ॥૫૪॥

**મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ।**
**નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ॥૫૫॥**

હે પાંડુપુત્ર ! જે કેવળ મારે જ ખાતર સઘળાં કર્તવ્ય-કર્મોને કરનારો છે, માટે પરાયણ છે, મારો ભક્ત છે, આસક્તિ વિનાનો છે અને સર્વ પ્રાણીઓ પ્રત્યે વેરભાવથી રહિત (સર્વત્ર ભગવદ્બુદ્ધિ થઈ જવાને લીધે એ માણસનો અતિ અપરાધ કરનારાઓમાં પણ વેરભાવ નથી હોતો, પછી બીજામાં તો કહેવાનું જ શું હોય !) છે, એ અનન્યભક્તિયુક્ત માણસ મને જ પામે છે. ॥૫૫॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામૈકાદશોઽધ્યાયઃ॥૫॥

**॥વિશ્વરૂપદર્શનયોગ નામનો અગિયારમો અધ્યાય સમાપ્ત॥**



# અધ્યાય અગિયારમો

## વિશ્વરૂપ દર્શન

### વિશ્વરૂપ-દર્શનની અર્જુનને થયેલી હોંશ

ગયે વખતે આ વિશ્વમાંની અનંત વસ્તુઓમાં ભરેલા પરમાત્માને કેવી રીતે ઓળખાવો, આ જે વિરાટ પ્રદર્શન આંખે દેખાય છે તેને કેમ પચાવી પોતાનું કરવું એ વાતનો આપણે અભ્યાસ કર્યો. પહેલાં સહેજે વરતાઈ આવે એવો મોટો, પછી નાનો, પહેલાં સાદો ને પછી ભેગવાળો, એમ સર્વ વસ્તુઓમાં રહેલા પરમાત્માને જોવો, તેનો સાક્ષાત્કાર કરવો, રાત ને દિવસ અભ્યાસ જારી રાખી આખાયે વિશ્વને આત્મરૂપ જોતાં શીખવું એમ પાછલા અધ્યાયમાં આપણે જોયું.

આજે આપણે અગિયારમો અધ્યાય જોવાનો છે. આ અધ્યાયમાં ભગવાને પ્રત્યક્ષ પોતાનું રૂપ બતાવી અર્જુન પર પરમ કૃપા પ્રગટ કરી છે. અર્જુને ભગવાનને કહ્યું, ‘હે ઈશ્વર, તારું પેલું સંપૂર્ણ રૂપ જોવું, એમ મને થાય છે. જે રૂપમાં તારો બધોયે

મહાન પ્રભાવ પ્રગટ થયો છે એવું રૂપ મને નજરોનજર જોવાનું મળો.' અર્જુનની આ વિશ્વરૂપદર્શનની માગણી હતી.

આપણે વિશ્વ, જગત એ શબ્દો વાપરીએ છીએ. આ જગત વિશ્વનો એક નાનો સરખો ભાગ છે. નાના સરખા ટુકડાનું પણ આપણને બરાબર આકલન થતું નથી. વિશ્વને હિસાબે જોઈએ તો આપણને ઘણું મોટું લાગનારું આ જગત અત્યંત તુચ્છ વસ્તુ છે એમ જણાઈ આવશે. આકાશમાં રાતને વખતે ઊંચે જરા નજર ફેંકશો તો પેલા અનંત ગોળાઓ દેખાશે. આકાશના આંગણામાં પૂરેલા એ સાથિયા, એ નાનાં નાનાં સુંદર ફૂલ, એ ઝબકઝબક ઝબકારા મારતા લાખો તારા, એ બધાનું અસલ સ્વરૂપ કેવું છે તે જાણો છો? એ નાના નાના તારાઓ હકીકતમાં પ્રચંડ છે. અનંત સૂર્યો તેમાં સમાઈ જશે, રસમય, તેજોમય, બળબળતી ધાતુઓના એ ગોળા છે. આવા એ અનંત ગોળાનો હિસાબ કોણ કાઢશે? ન અંત, ન પાર. નરી આંખે હજારો ગોળા દેખાય છે. દૂરબીનમાંથી જુઓ તો કરોડો દેખાય છે. વધારે મોટું દૂરબીન મેળવીને જોશો તો પરાર્ધોના પરાર્ધ દેખાશે. અને આખરે એમનો અંત ક્યાં છે ને કેવો છે તે સમજાશે નહીં. આ જે અનંત સૃષ્ટિ ઉપર, નીચે, સર્વત્ર ફેલાયેલી છે તેનો નાનો સરખો ટુકડો તે આ જગત છે. પરંતુ એ જગત પણ કેટલું બધું વિશાળ દેખાય છે!



આ વિશાળ સૃષ્ટિ એ પરમેશ્વરી સ્વરૂપની એક બાજુ થઈ. હવે બીજી બાજુ છે તે જોઈએ. તે છે કાળની બાજુ. પાછળનો કાળ ધ્યાનમાં લઈએ તો ઈતિહાસની મર્યાદામાં બહુ બહુ તો દસ હજાર વરસ આપણે પાછળ જઈએ છીએ, અને આગળનો કાળ તો ધ્યાનમાં બેસતો જ નથી. ઈતિહાસનો ગાળો દસ હજાર વરસનો અને આપણું પોતાનું જે જીવન તેનો કાળ બહુ બહુ તો સો વરસ ! હકીકતમાં કાળનો વિસ્તાર અનાદિ અને અનંત છે. કેટલો કાળ ગયો તેનો હિસાબ નથી. આગળ હજી કેટલો હશે તેનો ખ્યાલ આવતો નથી. વિશ્વની સરખામણીમાં આપણું આ જગત જેવું તુચ્છ છે તે પ્રમાણે ઈતિહાસનાં આ દસ હજાર વરસ અનંત કાળને મુકાબલે કંઈ જ નથી. ભૂતકાળ અનાદિ છે. ભવિષ્યકાળ અનંત છે. નાનકડો વર્તમાનકાળ વાત કરતાં કરતાં ભૂતકાળમાં જતો રહે છે. વર્તમાનકાળ ખરેખર ક્યાં છે એ બતાવવા જાઓ ત્યાં તો તે ભૂતકાળમાં ડૂબી જાય છે. આવો અત્યંત ઝડપથી સરી જનારો ચપળ વર્તમાનકાળ તેટલો આપણો છે. હું હમણાં બોલું છું પણ મોઢામાંથી શબ્દ બહાર પડ્યો ન પડ્યો ત્યાં તો તે ભૂતકાળમાં ગડપ થઈ જાય છે. આવી મહા કાળનદી એકધારી વહ્યા કરે છે. તેના ઉગમની ખબર પડતી નથી, અંતની ખબર પડતી નથી. વચગાળાનો થોડો સરખો પ્રવાહ માત્ર નજરે પડે છે.

આમ એક બાજુ પર સ્થળનો પ્રચંડ વિસ્તાર અને બીજી બાજુ પર કાળનો પ્રચંડ ઓઘ બંને દૃષ્ટિથી સૃષ્ટિ તરફ જોઈએ છીએ તો કલ્પનાને ગમે તેટલી તાણવા છતાં તેનો અંત આવતો નથી એવું જણાઈ આવે છે. ત્રણે કાળમાં અને ત્રણે સ્થળમાં, ભૂત, ભવિષ્ય ને વર્તમાનમાં અને તે જ પ્રમાણે ઉપર, નીચે ને અહીં એમ સર્વત્ર ભરેલો વિરાટ પરમેશ્વર એકદમ એકી વખતે જોવાનો મળે, પરમેશ્વરનું તે રૂપમાં દર્શન થાય એવી અર્જુનને ઈચ્છા થઈ છે. એ ઈચ્છામાંથી આ અગિયારમો અધ્યાય પ્રગટ થયો છે.

અર્જુન ભગવાનને અત્યંત પ્રિય હતો. કેટલો? એટલો પ્રિય હતો કે દસમા અધ્યાયમાં કયે કયે સ્વરૂપે મારું ચિંતન કરવું એ બતાવતાં પાંડવોમાં પોતે અર્જુન છે અને તેનામાં મારું ચિંતન કરતો જા એમ ભગવાન કહે છે. પાંડવાનાં ધનંજયઃ એવું શ્રીકૃષ્ણે કહ્યું છે. આના કરતાં પ્રેમનું બીજું વધારે પાગલપણું, પ્રેમની વધારે ઘેલછા ક્યાં હશે? પ્રેમ કેટલો બધો ઘેલો થઈ શકે છે તેનો આ નમૂનો છે. અર્જુન પર ભગવાનની પ્રીતિનો કંઈ પાર નહોતો. તે પ્રીતિને ખાતર આ અગિયારમો અધ્યાય પ્રસાદરૂપે છે. દિવ્ય રૂપ નીરખવાની અર્જુનની ઈચ્છા તેને દિવ્ય દૃષ્ટિ આપી ભગવાને પૂરી કરી. અર્જુનને તેમણે પ્રેમનો પ્રસાદ આપ્યો.

## નાની મૂર્તિમાં પણ પૂરેપૂરૂં દર્શન થઈ શકે



તે દિવ્ય રૂપનું સુંદર વર્ણન, ભવ્ય વર્ણન આ અધ્યાયમાં છે. આ બધી વાતા સાચી હોવા છતાં આ વિશ્વરૂપને માટે મને ઝાઝું ખેંચાણ નથી. મને નાના રૂપથી સંતોષ છે. જે નાનું રૂડુંરૂપાળું નાજુક રૂપ મને દેખાય છે, તેની મીઠાશ અનુભવવાનું હું શીખ્યો છું. પરમેશ્વરના જુદા જુદા કકડા નથી. પરમેશ્વરનું જે રૂપ જોવાનું મળ્યું હોય તે તેનો એક કકડો છે ને બાકીનો પરમેશ્વર તેની બહાર રહી ગયો છે એવું મને લાગતું નથી. જે પરમેશ્વર વિરાટ વિશ્વમાં ભરેલો છે તે પૂરેપૂરો તેવો ને તેવો નાનકડી મૂર્તિમાં, અરે એકાદા માટીના કણમાં પણ છે ને જરાયે ઓછો નથી. અમૃતના સાગરમાં જે મીઠાશ છે તે જ એક ટીપામાં પણ છે. અમૃતનું નાનું સરખું ટીપું જે મને મળ્યું છે તેની મીઠાશ મારે ચાખવી એવી મારી લાગણી છે. અમૃતનો દાખલો મેં અહીં જાણીજોઈને લીધો છે. પાણીનો કે દૂધનો દાખલો નથી લીધો. દૂધના એક પ્યાલામાં જે મીઠાશ છે તે જ તેના એક લોટામાં પણ છે. પણ મીઠાશ તેની તે હોવા છતાં બંનેમાં પુષ્ટિ સરખી નથી. દૂધના એક ટીપા કરતાં દૂધના એક પ્યાલામાં વધારે પુષ્ટિ છે. પણ અમૃતના દાખલામાં એવું નથી. અમૃતના સમુદ્રમાં રહેલી મીઠાશ અમૃતનાં એક ટીપાંમાં છે જ, – પરંતુ તે ઉપરાંત તેટલી જ પુષ્ટિ પણ છે. અમૃતનું એક જ ટીપું ગળાની નીચે ઊતરે તોયે પૂરેપૂરું અમૃતત્વ મળ્યું જાણવું.

એ જ પ્રમાણે જે દિવ્યતા, જે પવિત્રતા, પરમેશ્વરના વિરાટ સ્વરૂપમાં છે તે જ નાનકડી મૂર્તિમાં પણ છે. ધારો કે, એક મૂઠી ઘઉં નમૂના તરીકે કોઈએ મને આપ્યા. એટલા પરથી ઘું કેવા છે તેનો મને ખ્યાલ ન આવે તો ઘઉંની આખી ગુણ મારી સામે ઠાલવવાથી કેવી રીતે આવશે? ઈશ્વરનો જે નાનો નમૂનો મારી આંખ સામે ઊભો છે તેનાથી જો ઈશ્વરની પૂરી ઓળખાણ મને મોટું એમાં છે શું? નાના રૂપની ઓળખાણ બરાબર થાય એટલે મોટાની થઈ જાણવી. તેથી ઈશ્વરે પોતાનું મોટું રૂપ મને બતાવવું એવી હોંશ મને નથી. અર્જુનની માફક વિશ્વરૂપદર્શનની માગણી કરવાની મારી લાયકાત પણ નથી. વળી, મને જે દેખાય છે તે વિશ્વરૂપનો કકડો છે એવું નથી. કોઈ છબીનો ફાટેલો એકાદ ટુકડો મળી જાય તેના પરથી આખી છબીનો ખ્યાલ આપણને નહીં આવે પણ પરમાત્મા કંઈ આવા કકડાઓનો બનેલો નથી. પરમાત્મા જુદા જુદા કકડાઓમાં કપાયેલો નથી, વહેંચાયેલો નથી. નાનકડા સ્વરૂપમાં પણ તે જ અનંત પરમેશ્વર આખો ને આખો ભરેલો છે. નાનો ફોટો ને મોટો ફોટો એ બેમાં ફેર શો? જે મોટામાં હોય છે. તે જ બધું જેવું ને તેવું નાનામાં પણ હોય છે. નાનો ફોટો એટલે મોટાનો એકાદો કકડો નથી. નાના ટાઈપમાં અક્ષરો છાપ્યા હોય અને મોટા ટાઈપમાં છાપ્યા હોય તો પણ અર્થ તેનો તે જ છે. મોટા ટાઈપમાં છાપ્યા હોય તો પણ અર્થ



તેનો તે જ છે. મોટા ટાઈપમાં મોટો કે વધારે અને નાનામાં નાનો કે ઓછો અર્થ હોય છે એવું કાંઈ નથી. આ જ વિચારસરણીનો મૂર્તિપૂજાને આધાર છે.

અનેક લોકોએ મૂર્તિપૂજા પર હુમલા કર્યા છે. બહારના અને અહીંના પણ કેટલાક વિચારકોએ મૂર્તિપૂજાની ખામી બતાવી છે. પણ હું જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ મૂર્તિપૂજામાં રહેલી દિવ્યતા મારી સામે સ્પષ્ટ ઊભી રહે છે. મૂર્તિપૂજા એટલે શું? એકાદી નાનકડી વસ્તુમાં આખાયે વિશ્વનો અનુભવ કરતાં શીખવું તેનું નામ મૂર્તિપૂજા છે. નાનકડા ગામડામાં પણ બ્રહ્માંડ જોતાં શીખવું, જોવું એ વાત શું ખોટી છે? એ ખાલી કલ્પના નથી, પ્રત્યક્ષ અનુભવની વાત છે. વિરાટ સ્વરૂપમાં જે છે તે જ નાનકડી મૂર્તિમાં છે, એકાદ માટીના કણમાં છે. એ માટીના ઢેખાળામાં કેરી, કેળાં, ઘઉં, સોનું, તાંબું, રૂપું, બધું છે. આખી સૃષ્ટિ એ કણમાં છે. જેમ કોઈક નાનકડી નાટકમંડળીમાં તેનાં તે જ પાત્રો જુદો જુદો વેશ લઈને રંગભૂમિ પર આવે છે, તેવું જ પરમેશ્વરનું છે. અથવા કોઈ નાટકકાર પોતે નાટક લખે છે, અને નાટકમાં કામ પણ કરે છે તે જ પ્રમાણે પરમાત્મા પણ અનંત નાટકો લખે છે. અને પોતે જ અનંત પાત્રોનો વેશ લઈ તેમને રંગભૂમિ પર ભજવી બતાવે છે. આ અનંત નાટકમાં એક પાત્રને ઓળખ્યું કે આખુંયે નાટક ઓળખી લીધું જાણવું.

કાવ્યમાં વપરાતાં ઉપમા અને દૃષ્ટાંતને જે આધાર છે તે જ આધાર મૂર્તિપૂજાને છે. એકાદ ગોળ ચીજ જોવાથી આનંદ થાય છે. વ્યવસ્થિતપણું છે. પેલી ગોળ ચીજ વ્યવસ્થિત ઈશ્વરની મૂર્તિ છે. પણ જંગલમાં ઊગીને વધેલું વાંકુંચૂકું ઝાડ પણ ઈશ્વરની જ મૂર્તિ છે. તેમાં ઈશ્વરનું સ્વૈરપણું છે. એ ઝાડને બંધન નથી. ઈશ્વરને કોણ બંધનમાં મૂકી શકે? એ બંધનાતીત પરમેશ્વર પેલા વાંકાચૂકા ઝાડમાં છે. એકાદ સીધોસાદો થાંભલો જોવાનો મળતાં તેમા ઈશ્વરની સમતાનું દર્શન થાય છે. નકશીવાળો થાંભલો જોતાં આકાશમાં તારા ને નક્ષત્રોના સાથિયા પૂરનારો પરમેશ્વર તેમાં દેખાય છે. કાપકૂપ કરી વ્યવસ્થિત રીતે ઉગાડેલા બગીચામાં ઈશ્વરનું સંયમી સ્વરૂપ દેખાય છે, અને વિશાળ જંગલમાં ઈશ્વરની ભવ્યતા અને સ્વતંત્રતાનું દર્શન થાય છે. જંગલમાં આપણને આનંદ થાય છે અને વ્યવસ્થિત બગીચામાં પણ થાય છે. ત્યારે શું આપણે ગાંડા છીએ ? ના, ગાંડા નથી. આનંદ બંનેમાં થાય છે. કેમકે ઈશ્વરી ગુણ એ હરેકમાં પ્રગટ થયેલો છે. સુંવાળા શાલિગ્રામમાં જે ઈશ્વરી તેજ છે તે જ તેજ પેલા નર્મદામાંથી મળતા ગડગુમડિયા ગણપતિમાં છે. મને પેલું વિરાટ રૂપ જુદું જોવાનું નહીં મળે તોયે વાંધો નથી.

પરમેશ્વર બધે જુદી જુદી વસ્તુઓમાં જુદે જુદે ગુણે પ્રગટ થયેલો છે અને તેથી આપણને આનંદ થાય છે. તે વસ્તુઓની



બાબતમાં આપણને આત્મીયતા લાગે છે. આનંદ થાય છે તે કંઈ અમસ્તો થતો નથી. આનંદ શા માટે થાય છે? કંઈ ને કંઈ સંબંધ ઓળખી કાઢે છે. હરેક ચીજની સાથે પરમેશ્વરનો સંબંધ બાંધો. મારામાં પરમેશ્વર છે તે જ પેલી વસ્તુમાં છે. આવો આ સંબંધ વધારવો તેનું જ નામ આનંદ વધારવો. આનંદની બીજી ઉપપત્તિ નથી. પ્રેમનો સંબંધ બધે બાંધવા માંડો અને પછી શું થાય છે તે જુઓ. પછી અનંત સૃષ્ટિમાં રહેલો પરમાત્મા અણુરેણુમાં પણ દેખાશે. એક વખત આ દૃષ્ટિ કેળવાઈ પછી બીજું શું જોઈએ? પણ એ માટે ઈન્દ્રિયોને વળણ પાડવું જોઈએ. ભોગની વાસના છૂટી જાય અને પ્રેમની પવિત્ર દૃષ્ટિ આવી મળે પછી હરેક ચીજમાં ઈશ્વર સિવાય બીજું કંઈ નજરે નહીં પડે. આત્માનો રંગ કેવો હોય છે તેનું ઉપનિષદમાં મજાનું વર્ણન છે. આત્માના રંગને કયે નામે ઓળખવો ? ઋષિ પ્રેમથી કહે છે, આ જે લાલ લાલ રેશમ જેવું નરમ મૃગ નક્ષત્રનું જીવડું છે તેના જેવું આત્માનું રૂપ છે. મૃગ નક્ષત્રમાં પેદા થતું એ જીવડું જોઈને કેટલો બધો આનંદ થાય છે?

આ આનંદ શાથી થાય છે? મારામાં જે ભાવ છે તે જ એ ઈન્દ્રગોપમાં છે. એની ને મારી વચ્ચે સંબંધ ન હોત તો મને આનંદ ન થાત. મારામાં જે સુંદર આત્મા છે તે જ પેલા ઈન્દ્રગોપમાં છે. તેથી આત્માને તેની ઉપમા આપવામાં આવી.

ઉપમા આપણે શા સારુ આપીએ છીએ? અને તેનાથી આનંદ કેમ ઊપજે છે? એ બંને ચીજોમાં સરખાપણું હોય છે તેથી આપણે ઉપમા આપીએ છીએ અને તેને લીધે આનંદ થાય છે. ઉપમાન અને ઉપમેય બંને તદ્દન જુદી ચીજો હોય તો આનંદ થાય નહીં. 'મીઠું મરચાં જેવું છે' એમ કહેનારને આપણે ગાંડો કહીશું. પણ 'તારા ફૂલ જેવા છે' એમ કોઈ કહે તો સરખાપણું દેખાવાથી આનંદ થાય છે. મીઠું મરચાં જેવું છે એમ કહેવાય છે ત્યારે સરખાપણાનો અનુભવ થતો નથી. પણ કોઈકની દૃષ્ટિ એટલી વિશાળ થઈ હોય, જે પરમાત્મા મીઠામાં છે તે જ મરચામાં પણ છે એવું દર્શન જેણે કર્યું હોય, તેને મીઠું કેવું છે એમ પૂછો તો જવાબમાં મરચાં જેવું એમ કહેતાં પણ આનંદનો અનુભવ થશે. સારાંશ, ઈશ્વરી રૂપ પ્રત્યેક વસ્તુમાં ઓતપ્રોત ભરેલું છે. એટલા માટે વિરાટ દર્શનની જરૂર નથી.

## વિરાટ વિશ્વરૂપ પચશે પણ નહીં.

વળી, તે વિરાટ દર્શન મારાથી સહેવાશે પણ કેમ ? નાનકડું સગુણસુંદર રૂપ જોઈ મને જે પ્રેમની લાગણી થાય છે, જે પોતીકાપણું લાગે છે, જે મીઠાશનો અનુભવ થાય છે તેવો અનુભવ વિશ્વરૂપ જોવાથી ન થાય એવું પણ બને. અર્જુનની એવી જ સ્થિતિ થયેલી. થરથર ધ્રૂજતો તે છેવટે કહે છે, 'હે ઈશ્વર, તારું તે પહેલાંનું મધુર રૂપ બતાવ.' સ્વાનુભવથી અર્જુન કહે છે



કે વિરાટ વિશ્વરૂપ જોવાનો લોભ કરશો નહીં. ઈશ્વર ત્રણે સ્થળમાં વ્યાપીને રહેલો છે તે જ સારું છે. તે આખો એકઠો થયેલો ધગધગતો ગોળો મારી સામે ઊભો રહે તો મારી શી વલે થાય? તારાઓ કેવા શાંત દેખાય છે? કેમ જાણે દૂરથી તે બધા મારી સાથે વાતો કરતા હોય એવું લાગે છે! પણ નજરને શાંત કરનારા એ તારાઓમાંનો એકાદ પાસે આવે તો તે ધગધગતી આગ છે. તેનાથી પછી હું દાઝી જઈશ. ઈશ્વરનાં આ અનંત બ્રહ્માંડો જ્યાં છે ત્યાં જ, જેવાં છે તેવાં રહેવા દો. એ બધાને એક ઓરડીમાં આણી એકઠાં કરવામાં શી મજા છે? મુંબઈનાં પેલાં કબૂતરખાનાંઓમાં હજારો કબૂતરો રહે છે. ત્યાં જરાયે મોકળાશ છે ખરી કે? એ આખો દેખાવ ખરેખર વિચિત્ર લાગે છે. નીચે ઉપર ને અહીં ત્રણે સ્થળે સૃષ્ટિ વહેંચાઈને રહેલી છે તેમાં જ મીઠાશ છે.

જેવું સ્થળાત્મક સૃષ્ટિનું છે તેવું કાળાત્મક સૃષ્ટિનું જાણવું. આપણને ભૂતકાળનું યાદ આવતું નથી અને ભવિષ્યકાળનું જાણવાનું મળતું નથી તેમાં જ આપણું કલ્યાણ છે. જે ખાસ પરમેશ્વરની સત્તાની હોય છે અને જેમના પર મનુષ્યપ્રાણીની સત્તા કદી હોતી નથી એવી પાંચ વસ્તુઓ કુરાને શરીફમાં ગણાવેલી છે. તેમાંની એક વસ્તુ 'ભવિષ્યકાળનું જ્ઞાન' છે. આપણે અંદાજ બાંધીએ છીએ, પણ એ અંદાજ કંઈ જ્ઞાન નથી.

ભવિષ્યનું યાદ આવતો નથી એ પણ ખરેખર બહુ સારું છે. કોઈક દુર્જન સારો થઈ ને મારી સામે આવીને ઊભો રહે તોયે મને તેનો ભૂતકાળ યાદ આવે છે અને તેને માટે મારા મનમાં આદર ઊપજતો નથી. તે ગમે તેટલી વાતો કરે, તોયે તેનાં પેલાં પહેલાંનાં પાપો હું વીસરી શકતો નથી. તે માણસ મરી જાય ને પોતાનું રૂપ બદલીને પાછો આવે તો જ તેનાં પાપોનો દુનિયાને વિસારો પડે.

પૂર્વસ્મરણથી વિકાર વધે છે. પહેલાંનું એ બધુંયે જ્ઞાનપૂરેપૂરું નાશ પામે તો બધું પૂરું થયું. પાપ ને પુણ્યનો વિસારો પડે તે માટે કોઈક તરકીબ જોઈએ, એ તરકીબ તે મરણની છે. એકલી આ જન્મની વેદના સહેવાતી નથી તો પાછલા જન્મનો કચરો શા સારુ તપાસે છે? એકલી આ જન્મની ઓરડીમાં શું ઓછો કચરો છે કે? બચપણ સુધ્ધાં આપણે ઘણુંખરું વીસરી જઈએ છીએ. વિસ્મરણ થાય છે તે સારું છે. હિંદુ-મુસ્લિમ એકતાને માટે ભૂતકાળનું વિસ્મરણ એ જ ઈલાજ છે. ઔરંગઝેબે જુલમ કર્યો હતો. પણ એ વાત ક્યાં સુધી ગોખ્યા કરવી છે? ગુજરાતીમાં રતનબાઈનો ગરબો છે. તે આપણે અહીં ઘણી વાર સાંભળીએ છીએ. તેમાં છેવટે કહ્યું છે, ‘‘જગતમાં બધાંનો યશ છેવટે રહેશે, પાપ વિસારે પડશે.’’ કાળ પોતાની ચાળણી કાયમ હલાવ્યા કરે છે. ઈતિહાસમાંનું સારું તેટલું સંઘરી પાપ બધું ફરી દેવું જોઈએ.



નરસું છોડી માણસ સારું ધ્યાનમાં રાખે તો બધાં રૂડાં વાનાં થઈ જાય. પણ તેમ થતું નથી. એથી વિસ્મરણની ખૂબ જરૂર છે. તેટલા ખાતર ઈશ્વરે મરણ નિર્મ્યું છે.

ટૂંકમાં, જગત જેવું છે તેવું જ મંગળ છે. કાળસ્થળાત્મક જગત આખુંયે એક ઠેકાણે લાવવાની જરૂર નથી. અતિ પરિચયમાં સાર નથી. કેટલીક વસ્તુઓની નિકટતા કેળવવાની હોય છે, કેટલીકથી દૂર રહેવાનું હોય છે. ગુરુજી પાસે નમ્રતાથી આઘા બેસીશું. માના ખોળામાં જઈને બેસીશું. જે મૂર્તિની સાથે જેમ વર્તવું છાજે તેમ વર્તવું જોઈએ. ફૂલને પાસે લઈએ, અગ્નિને આઘે રાખીએ. તારા દૂરથી રળિયામણા તેવું જ આ સૃષ્ટિનું છે. અત્યંત દૂર છે તે સૃષ્ટિને અત્યંત નજીક લાવવાથી વધારે આનંદ થશે એવું નથી. જે વસ્તુ જ્યાં છે ત્યાં જ તેને રહેવા દે. તેમાં જ સાર છે. દૂરથી જે ચીજ દેખાય છે તેને નજીક આણવાથી તે સુખ આપશે જ એવું નથી. તેને ત્યાં દૂર રાખીને જ તેમાંનો રસ ચાખ. સાહસ કરીને, વધારે ઘરોબો રાખીને અતિ પરિચયમાં પડવામાં સાર નથી.

સારાંશ, ત્રણે કાળ આપણી સામે ઊભા નથી તે સારું છે. ત્રણે કાળનું જ્ઞાન થવામાં આનંદ અથવા કલ્યાણ જ છે એવું નથી. અર્જુને પ્રેમથી હઠ કરી, પ્રાર્થના કરી અને ઈશ્વરે તે પૂરી પાડી. ભગવાને પોતાનું તે વિરાટ સ્વરૂપ તેને બતાવ્યું. પણ મારે માટે

પરમેશ્વરનું નાનકડું રૂપ પૂરતું છે. એ નાનકડું રૂપ એટલે પરમેશ્વરનો ટુકડો હરગિજ નથી. અને ધારો કે પરમેશ્વરનો એ એક ટુકડો જ હોય તોયે તે અફાટ, વિશાળ પૂતળાનો એક પગ, અથવા એક પગની માત્ર એક આંગળી મને જોવાની મળશે તો પણ હું કહીશ કે, 'મારું અહોભાગ્ય.' આ હું અનુભવથી શીખ્યો છું. વર્ધામાં, જમનાલાલજીએ લક્ષ્મીનારાયણનું મંદિર અસ્પૃશ્યો માટે ખુલ્લું મૂક્યું ત્યારે હું ત્યાં દર્શને ગયો હતો. પંદરવીસ મિનિટ સુધી હું તે રૂપ નીરખતો રહ્યો. મારી સમાધિ લાગી હોય તેવી સ્થિતિ થઈ હતી. ઈશ્વરનું મુખ, તેની તે છાતી, તેના તે હાથ નીરખતો નીરખતો હું પગ આગળ પહોંચ્યો અને તેના ચરણ પર જ છેવટે મારી નજર સ્થિર થઈ. 'મીઠી તારા ચરણની સેવા' એ જ ભાવના છેવટે રહી. નાનકડા રૂપમાં તે મહાન પ્રભુ સમાતો નહીં હોય તો તે મહાપુરુષના ચરણ જોવાના મળે તેયે પૂરતું છે. અર્જુને ઈશ્વરને પ્રાર્થના કરી. તેનો અધિકાર મોટો હતો. તેની કેટલી આત્મીયતા, કેટલો પ્રેમ, કેવો સખ્યભાવ ! મારી શી લાયકાત છે? મારે તેના ચરણ જ પૂરતા છે. મારો તેટલો જ અધિકાર છે.

## સર્વાર્થસાર

પરમેશ્વરના દિવ્ય રૂપનું એ જે વર્ણન છે ત્યાં બુદ્ધિ ચલાવવાની મારી ઈચ્છા નથી. ત્યાં બુદ્ધિ ચલાવવી એ પાપ છે.



એ વિશ્વરૂપ વર્ણનના તે પવિત્ર શ્લોકો વાંચીએ અને પવિત્ર થઈએ. બુદ્ધિ ચલાવી પરમેશ્વરના તે રૂપના ટુકડા કરવાનું મને જરાયે મન થતું નથી. એમ કરવું એ અઘોર ઉપાસન થાય. અઘોરપંથી લોકો માણસમાં જઈ મડદાં ચીરે છે અને તંત્રોપાસના કરે છે. આ તેવું જ થાય. તે પરમેશ્વરનું દિવ્ય રૂપ -
એ તે વિશાળ અનંત રૂપ, તેના વર્ણનના શ્લોક ગાઈએ, અને તે શ્લોકો ગાઈ મન નિષ્પાપ ને પવિત્ર કરીએ.

પરમેશ્વરના આ બધાયે વર્ણનમાં એક જ ઠેકાણે બુદ્ધિ વિચાર કરવા માંડે છે. પરમેશ્વર અર્જુનને કહે છે, 'અર્જુન, આ બધાયે મરનાર છે. તું નિમિત્તપાત્ર થા. બધું કરવાવાળો હું છું.' આટલો જ એક અવાજ મનમાં ઘૂમ્યા કરે છે. આપણે ઈશ્વરના હાથમાંનું હથિયાર બનવાનું છે એ વિચાર મનમાં આવે છે એટલે બુદ્ધિ વિચાર કરવા માંડે છે કે ઈશ્વરના હાથમાંનું હથિયાર કેમ બનવું? ઈશ્વરના હાથમાંની મોરલી મારે કેવી રીતે થવું? તે મને પોતાને હોઠે લગાડી મારામાંથી સૂર કાઢે, મને વગાડે એ કેવી રીતે બને? મોરલી થવું એટલે પોલા થવું. પણ હું તો વિકારોથી, વાસનાઓથી ઠાંસીને ભરેલો છું. મારામાંથી મીઠો અવાજ નીકળે શી રીતે? મારો અવાજ બોદો છે. હું ઘન વસ્તુ છું. મારામાં અહંકાર ભરેલો છે. મારે નિરહંકાર થવું જોઈએ. હું પૂરેપૂરો ખાલી, પૂરેપૂરો પોલો થઈશ ત્યારે પરમેશ્વર મને વગાડશે. પણ પરમેશ્વરના

હોઠની મોરલી થવાનું કામ સાહસનું કામ છે. તેના પગનાં પગરખાં બનવાની વાત કરું તો તે પણ સહેલું નથી. પરમેશ્વરના પગને જરાયે ન ડંખે એવાં નરમ પગરખાં હોવાં જોઈએ. પરમેશ્વરના ચરણ અને કાંટાની વચ્ચે મારે પડવાનું છે. મારે મારી જાતને કમાવવી જોઈએ. મારી ખાલ છોલી છોલીને ચામડાને મારે કમાવતા રહેવું જોઈએ. તેને નરમ બનાવવું જોઈએ. એટલે પરમેશ્વરના પગનાં પગરખાં થવાનું પણ સહેલું નથી. પરમેશ્વરના હાથમાંનું હથિયાર બનવાની વાત કરું તો હં અધમણ વજનના લોખંડનો કેવળ ગોળો બનું તે પણ ચાલે એમ નથી. તપશ્ચર્યાની સરાણે ચડી મારે મારી જાતને ધારદાર બનાવવી જોઈએ. ઈશ્વરના હાથમાં મારા જીવનની તલવાર બરાબર ચમકવી જોઈએ. આવો અવાજ મારી બુદ્ધિમાં ઊઠ્યા કરે છે. ઈશ્વરના હાથમાંનું હથિયાર બનવાનું છે એ જ વિચારમાં ધ્યાન પરોવાઈ જાય છે.

એ કેમ કરવું, એવા કેમ થવાય, તે છેવટના શ્લોકમાં ભગવાને જાતે જ બતાવ્યું છે. શંકરાચાર્યે પોતાના ભાષ્યમાં આ શ્લોકને આખીયે ગીતાનો સાર કહીને ઓળખાવ્યો છે. એ શ્લોક કયો?

‘મારે અર્થે કરે કર્મ, મત્પરાયણ ભક્ત જે,
દ્વેષહીન, અનાસક્ત, તે આવી મુજને મળે.’



જેને જગતમાં કોઈની સાથે વેર નથી, જે તટસ્થ રહીને જગતની નિરપેક્ષ સેવા કરે છે, જે જે કંઈ કરે છે તે મને આપતો રહે છે, મારી ભક્તિથી જે ભરેલો છે, જે ક્ષમાવાન, નિઃસંગ, વિરક્ત અને પ્રેમાળ એવો ભક્ત છે, તે પરમેશ્વરના હાથમાંનું હથિયાર બને છે. આવો એ સાર છે.

## બારમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : ‘હે પાર્વતી ! દક્ષિણ દિશામાં કોલ્હાપુર નામે એક નગર છે જે સર્વ પ્રકારનાં સુખોનો આધાર, સિદ્ધ-મહાત્માઓનું નિવાસ-સ્થાન તથા સિદ્ધિ પ્રાપ્તિનું ક્ષેત્રે છે. તે પરાશક્તિ ભગવતી લક્ષ્મીની પ્રધાન પીઠ છે. સમસ્ત દેવો તેનું સેવન કરે છે. તે પુરાણ પ્રસિદ્ધ તીર્થ ભોગ અને મોક્ષ આપનાર છે. ત્યાં કરોડો તીર્થો તથા શિવલિંગ છે. રુદ્રગયા પણ ત્યાં જ છે. તે વિશાળ નગર ઘણી ખ્યાતિ ધરાવે છે. એક દિવસ કોઈ યુવક તે નગરમાં આવ્યો. તે ત્યાંનો રાજકુમાર હતો. તેના શરીરનો રંગ ગૌર, નેત્ર સુંદર, ગરદન શંખના જેવી, ખભા ઊંચા, છાતી સુડોળ તથા ભુજાઓ લાંબી હતી. નગરમાં પ્રવેશ કરી ચારે તરફ મહેલોની શોભા જોતો જોતો તે દેવેશ્વરી મહાલક્ષ્મીનાં દર્શન માટે ઉત્કંઠિત થઈ મણિકંઠ તીર્થ ઉપર ગયો અને ત્યાં સ્નાન કરી તેણે પિતૃઓનું તર્પણ કર્યું. પછી મહામાયા લક્ષ્મીજીને પ્રણામ કરી ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો.

રાજકુમાર બોલ્યો : ‘જેના હૃદયમાં અસીમ દયાભાવ



ભરેલો છે, જેઓ સમસ્ત કાર્યો પૂર્ણ કરે છે તથા કટાક્ષ માત્રથી જ સમસ્ત જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે, તે જગતમાતા મહાલક્ષ્મીનો જય હો. જે શક્તિને સંહારે તેના જ આદેશ મુજબ પરમાત્મા બ્રહ્મસૃષ્ટિ કરે છે, ભગવાન અચ્યુત જગતનું પાલન કરે છે તથા ભગવાન રુદ્ર અખિલ વિશ્વનો સંહાર કરે છે, તે સર્જન, પાલન અને સંહારની શક્તિથી સંપન્ન ભગવતી પરાશક્તિનું હું ભજન કરું છું.

હે મા કમલા ! યોગીઓ તમારાં ચરણકમળનું ચિંતન કરે છે. હે કમલાલયા ! તમે પોતાની સ્વાભાવિક સત્તાથી જ અમારા સમસ્ત ઈન્દ્રિયગોચર વિષયોને જાણો છો. તેમજ કલ્પનાઓના સમૂહ તથા તેનો સંકલ્પ કરનાર મનને ઉત્પન્ન કરો છો. ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ, આ બધાં તમારાં જ સ્વરૂપો છે. તમે પરાસંવિત્ (પરમજ્ઞાન) રૂપિણી છો. તમારું સ્વરૂપ નિષ્કલ, નિર્મળ, નિત્ય, નિરાકરા, નિરંજન, અંતરહિત, આતંકશૂન્ય, આલંબહીન તથા નિરામય છે. હે દેવિ ! તમારા મહિમાનું વર્ણન કરવા કોણ સમર્થ છે? જે ષટ્ચક્રનું ભેદન કરી અંતઃકરણનાં બાર સ્થાનોમાં વિહાર કરે છે, અનાહત, ધ્વનિ, બિંદુ, નાદ અને કલા - એ જેનાં સ્વરૂપો છે તે માતા મહાલક્ષ્મીને હું વંદન કરું છું. માતા ! તમે પોતાના મુખ રૂપી પૂર્ણ ચંદ્રથી પ્રકટ થનાર અમૃતરાશિને વહાવો છો. તમે જ પરા, પશ્યંતી, મધ્યમા

અને વૈખરી નામની વાણી છો. હું આપને નમસ્કાર કરું છું. હે દેવિ ! તમે જગતની રક્ષા માટે અનેક રૂપ ધારણ કરો છો. હે અંબિકે ! તમે જ બ્રાહ્મી, વૈષ્ણવી તથા મહેશ્વરી શક્તિ છો. વારાહી, મહાલક્ષ્મી, નારસિંહી, ઐન્દ્રી, કૌમારી, ચંડિકા, જગતને પવિત્ર કરનારી લક્ષ્મી, જગન્માતા, સાવિત્રી, ચન્દ્રકલા તથા રોહિણી પણ તમે જ છો. હે પરમેશ્વરિ ! તમે ભક્તોના મનોરથ પૂર્ણ કરવા કલ્પલતા સમાન છો. મારા પર પ્રસન્ન થાઓ.'

તેની આ સ્તુતિથી ભગવતી મહાલક્ષ્મી પોતાનું સાક્ષાત સ્વરૂપ પ્રગટ કરી બોલ્યાં : 'હે રાજકુમાર ! હું તારાથી ખુશ છું. તું કોઈ ઉત્તમ વરદાન માગ.'

રાજપુત્ર બોલ્યો : 'હે મા ! મારા પિતા રાજા બૃહદ્રથ અશ્વમેધ નામના મહાયજ્ઞનું અનુષ્ઠાન કરી રહ્યા છે. તેઓ દૈવયોગથી રોગગ્રસ્ત થઈ સ્વર્ગગામી થયા છે. તે દરમ્યાન સ્તંભ સાથે બંધાયેલ યજ્ઞ સંબંધી ઘોડાને, જે સમસ્ત પૃથ્વીની પરિક્રમા કરીને આવ્યો હતો, તેનાં બંધન રાત્રે કોઈએ કાપી ક્યાંક છુપાવી દીધો છે. તેની શોધ માટે મેં કેટલાક લોકોને મોકલ્યા હતા પરંતુ તેનો પત્તો ન લાગતાં તેઓ ખાલી હાથે પાછા ફર્યા છે. આથી હું ઋત્વિજોની આજ્ઞા લઈ તમારા શરણે આવ્યો છું. હે દેવિ ! જો આપ મારા પર પ્રસન્ન હો તો મારા યજ્ઞનો ઘોડો મને મેળવી દો



જેથી આ યજ્ઞ પૂર્ણ થાય. ત્યારે જ હું મારા પિતા મહારાજનું ઋણ ઉતારી શકીશ. શરણાગત પર દયા કરનારાં જગજ્જનની લક્ષ્મીજી ! જે રીતે મારો યજ્ઞ પૂર્ણ થાય તે ઉપાય કરો?'

ભગવતી લક્ષ્મીજી બોલ્યાં : 'રાજકુમાર ! મારા મંદિરનાં દરવાજા ઉપર એક બ્રાહ્મણ રહે છે જેઓ લોકોમાં સિદ્ધસમાધિના નામે પ્રસિદ્ધ છે. તેઓ મારી આજ્ઞાથી તમારાં બધાં કાર્યો પૂર્ણ કરશે.'

મહાલક્ષ્મીજીના આ પ્રમાણે કહેવાથી રાજકુમાર તે સ્થાને આવ્યો, જ્યાં સિદ્ધસમાધિ રહેતા હતા. તેમનાં ચરણોમાં પ્રણામ કરી રાજકુમાર ચૂપચાપ હાથ જોડી ઊભો રહ્યો. ત્યારે બ્રહ્મદેવ બોલ્યા : 'તને માતાજીએ અહીં મોકલ્યો છે. ઠીક.... જો, હવે હું તારાં બધાં ઈષ્ટ પૂર્ણ કરું છું.' આમ કહી તે મંત્રવેત્તા બ્રાહ્મણ બધા દેવોને ત્યાં ખેંચી લાવ્યા. રાજકુમારે જોયું કે તે વખતે બધા દેવતા હાથ જોડીને થર થર કંપતા ત્યાં હાજર થઈ ગયા હતા. ત્યારે પેલા શ્રેષ્ઠ બ્રાહ્મણે સમસ્ત દેવોને કહ્યું : 'હે દેવગણ ! આ રાજકુમારનો ઘોડો જે યજ્ઞ માટે નિશ્ચિત થયો હતો તે રાત્રે દેવરાજ ઈન્દ્રે ચોરીને બીજે પહોંચાડી દીધો છે. તેને લઈ આવો.'

ત્યારે દેવોએ મુનિના કહેવાથી યજ્ઞનો ઘોડો લાવીને આપી દીધો. તે પછી મુનિએ તેમને જવાની આજ્ઞા આપી. દેવતાઓનું આ આકર્ષણ જોઈ તથા ખોવાયેલ અશ્વને મેળવી રાજકુમારે

મુનિનાં ચરણોમાં વંદન કરી કહ્યું :

'હે મહર્ષિ ! આપનું આ સામર્થ્ય આશ્ચર્યજનક છે. આપ જ આવું કામ કરી શકો છો, બીજાથી શક્ય નથી. હે બ્રહ્મન્ ! મારી પ્રાર્થના સાંભળો. મારા પિતા રાજા બૃહદ્રથ અશ્વમેઘ યજ્ઞના અનુષ્ઠાનનો આરંભ કરી દૈવયોગથી મૃત્યુ પામ્યા છે. તેમના શરીરને ગરમ કરેલ તેલમાં સૂકવીને મેં રાખી મૂકેલ છે. હે સાધુશ્રેષ્ઠ ! આપ તેમને પુનઃ જીવિત કરી દો.'

આ સાંભળી મહામુનિ સહેજ સ્મિત કરી બોલ્યા : 'ચાલો, જયાં યજ્ઞમંડપમાં તારા પિતા છે ત્યાં જઈએ.' ત્યારે સિદ્ધસમાધિએ રાજકુમારની સાથે જઈ જળ અભિમંત્રિત કરી તેને તે શબના મસ્તક પર મૂક્યું. તેના મૂકતાંની સાથે જ રાજા સચેત થઈ ઊભા થઈ ગયા. પછી ત્યાં બ્રાહ્મણને જઈ તેમણે પૂછ્યું :

'હે ધર્મસ્વરૂપ ! આપ કોણ છો? ત્યારે રાજકુમારે રાજાને પહેલાંનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાએ પોતાને ફરી જીવનદાન આપનાર બ્રાહ્મણને નમસ્કાર કરીને પૂછ્યું : 'બ્રાહ્મણ! કયા પુણ્યથી આપને આ અલૌકિક શક્તિ પ્રાપ્ત થઈ છે? તેમણે આમ પૂછવાથી બ્રાહ્મણે મધુર વાણીમાં કહ્યું :

'રાજન્ ! હું દરરોજ આળસનો ત્યાગ કરીને ગીતાના બારમા અધ્યાયનો જપ કરું છું. તેનાથી જ મને આ શક્તિ પ્રાપ્ત



થઈ છે. એ શક્તિથી તમને જીવન પ્રાપ્ત થયું છે.' આ સાંભળી બ્રાહ્મણો સહિત રાજાએ તે બ્રહ્મર્ષિ પાસેથી ગીતાના બારમા અધ્યાયનું અધ્યયન કર્યું. તેના માહાત્મ્યથી બધાની સદ્ગતિ થઈ. બીજા પણ ઘણા જીવો તેના પાઠથી પરમ મોક્ષને પ્રાપ્ત થયા છે.

# દ્વાદશ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।**
**યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ॥૧॥**

અર્જુન બોલ્યા : જે અનન્ય પ્રેમી ભક્તજનો, હમણાં આપે જણાવ્યું એ પ્રકારે નિરંતર આપનાં ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહીને આપ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે અને બીજા ભક્તો, જે કેવળ અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મને જ ઘણા ઉત્તમભાવે ભજે છે - એ બન્ને પ્રકારના ઉપાસકોમાં વધુ ચઢિયાતા યોગવેત્તા કોણ છે? ॥૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।**
**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥૨॥**

શ્રીભગવાન બોલ્યા : મારામાં મનને પરોવીને નિરંતર મારા ભજન - ધ્યાનમાં રચ્યા-પચ્યા રહેનારા જે ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને, મુજ સગુણસ્વરૂપ



પરમેશ્વરને ભજે છે, તેઓ મને યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે માન્ય છે. ॥૨॥

**યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।**
**સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥૩॥**
**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥૪॥**

પરંતુ જે ભક્તો, ઈન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સર્વવ્યાપક, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે. ॥૩-૪॥

**ક્લેશોઽધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્ ।**
**અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ॥૫॥**

પણ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર એ માણસોના સાધનમાં પરિશ્રમ વધુ છે, કારણ કે દેહાભિમાનીઓ વડે અવ્યક્તવિષયક ગતિ ઘણું દુઃખ વેઠીને પ્રાપ્ત કરવામાં આવે છે અર્થાત્ દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. ॥૫॥

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ।**
**અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥૬॥**

પરંતુ મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે. ॥૬॥

**તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્।**
**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥૭॥**

મારામાં ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હે પાર્થ ! હું સત્વરે મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું. ॥૭॥

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥**

મારામાં મનને પરોવ અને મારામાં જ બુદ્ધિને જોડ, એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી. ॥૮॥

**અથ ચિત્તં સમાધાતું ન શકનોષિ મયિ સ્થિરમ્।**
**અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનઞ્જય ॥૯॥**

જો તું મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હોય, તો હે ધનંજય ! અભ્યાસરૂપ (ભગવાનનાં નામ અને ગુણોનું શ્રવણ, કીર્તન, મનન તેમજ શ્વાસ દ્વારા જપ અને ભગવત્પ્રાપ્તિવિષયક શાસ્ત્રોનું પઠન-પાઠન આદિ પ્રયત્નો



ભગવત્પ્રાપ્તિ માટે વારંવાર કરવાનું નામ 'અભ્યાસ' છે.) યોગ દ્વારા મને પામવાની ઈચ્છા કર. ॥૯॥

**અભ્યાસેડપ્યસમર્થોડસિ મત્કર્મપરમો ભવ।**
**મદર્થમપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ ॥૧૦॥**

જો તું ઉપર જણાવેલા અભ્યાસમાં પણ અસમર્થ છે, તો કેવળ મારે અર્થે કર્મ કરવાને જ પરાયણ (સ્વાર્થ છોડીને તથા પરમેશ્વરને જ પરમ આશય અને પરમ ગતિ માનીને, નિષ્કામ પ્રેમભાવે સતીઓમાં ઉત્તમ પતિવ્રતા નારીની પેઠે મન, વાણી અને શરીર દ્વારા પરમેશ્વરને અર્થે જ યજ્ઞ, દાન અને તપ આદિ સંપૂર્ણ કર્તવ્ય કર્મોને કરવાનું નામ 'ભગવદર્થ કર્મ કરવાને પરાયણ થવું' છે) થા, મારે અર્થે કર્મોને કરતો રહીને પણ તું મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ. ॥૧૦॥

**અથૈતદપ્યશક્તોડસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ।**
**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥૧૧॥**

જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ છે, તો મન-બુદ્ધિ ઊપર જય મેળવનારો થઈને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કર. ॥૧૧॥

**શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે।**
**ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥૧૨॥**

મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં જ્ઞાન

(સાંભળવાથી અને શાસ્ત્રના વાંચનથી પરમેશ્વરના સ્વરૂપનું જે અનુમાન જ્ઞાન થાય છે, એને જ અહીં જ્ઞાનના નામે જાણવું.) ચઢિયાતું છે, જ્ઞાન કરતાં મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન ચઢિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોનાં ફળનો ત્યાગ (કેવળ ભગવદર્થે કર્મ કરનાર પુરુષનાં ભગવાનમાં પ્રેમ અને શ્રદ્ધા, તેમજ ભગવાનનું ચિંતન પણ, જળવાઈ રહે છે, માટે ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ ચઢિયાતો કહ્યો છે.) ચઢિયાતો છે, કેમકે ત્યાગથી તરત જ પરમ શાન્તિ મળે છે. ॥૧૨॥

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥૧૩॥**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૪॥**

જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થે સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે તથા મમત્વ વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે, એટલે કે અપરાધ કરનારને પણ અભય રાખનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઈન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે - એ મારામાં અર્પેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે. ॥૧૩-૧૪॥



**યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ ॥૧૫॥**

જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ, (બીજાની ઉન્નતિને જોઈને સંતાપ થવો એનું નામ 'અમર્ષ' છે.) ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે - એ ભક્ત મને પ્રિય છે. ॥૧૫॥

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથ : ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥**

જે ખેવનાવિનાનો, બાહ્ય તેમ જ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુઃખોમાંથી છૂટેલો છે - એ સર્વ આરંભોનો ત્યાગી (એટલે કે મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધાનુસાર થનારાં સર્વ સ્વાભાવિક કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગી) મારો ભક્ત મને પ્રિય છે. ॥૧૬॥

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાઙ્ક્ષતિ ।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥**

જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે - એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે. ॥૧૭॥

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**

**શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સઙ્ગવિવર્જિતઃ ॥૧૮॥**

જે શત્રુ કે મિત્રમાં અને માન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ-દુઃખ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે, ॥૧૮॥

**તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન કેનચિત્ ।**

**અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥**

જે નિંદા-સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ (એટલે કે ઈશ્વરના સ્વરૂપનું નિરંતર મનન કરનારો છે) અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે - એ સ્થિરબુદ્ધિનો ભક્તિમાન માણસ મને પ્રિય છે. ॥૧૯॥

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**

**શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયાઃ ॥૨૦॥**

પરંતુ જે શ્રદ્ધાળુ (વેદ, શાસ્ત્રો, મહાત્માઓ અને ગુરુજનોનાં તથા પરમેશ્વરનાં વચનોમાં પ્રત્યક્ષ જેવો જે વિશ્વાસ છે, એનું નામ 'શ્રદ્ધા' છે.) માણસો મારે પરાયણ થઈને (એટલે કે મને પરમ આશ્રય, પરમ ગતિ, સૌનું આત્મસ્વરૂપ અને સર્વથી પર પરમ પૂજ્ય માનીને વિશુદ્ધ પ્રેમથી મારી પ્રાપ્તિ અર્થે 'તત્પર' થયેલા) ઉપર કહેલા ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે



છે, એ ભક્તો મને સૌથી પ્રિય છે. ॥૨૦॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોઽધ્યાયઃ ॥૧૨॥

**॥ ભક્તિયોગ નામનો બારમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય બારમો

## સગુણ - નિર્ગુણ ભક્તિ

### અધ્યાય છ થી અગિયાર : એકાગ્રતાથી સમગ્રતા

ગંગાની પ્રવાહ બધે પાવન અને પવિત્ર છે. પણ તેમાંયે હરિદ્વાર, કાશી, પ્રયાગ, એવાં સ્થળો વધારે પવિત્ર છે. તેમણે આખાયે સંસારને પાવન કરેલો છે. ભગવદ્ગીતાની સ્થિતિ એવી જ છે. આરંભથી અંત સુધી ભગવદ્ગીતા આખી પવિત્ર છે.પણ વચલા કેટલાક અધ્યાયો તીર્થરૂપ બન્યા છે. જે અધ્યાયની બાબતમાં આજે કહેવાનું છે તે ખૂબ પાવન તીર્થ બનેલ છે. ખુદ ભગવાને આ અધ્યાયને અમૃતધાર કહ્યો છે 'આ ધર્મામૃતને સેવે શ્રદ્ધાથી જેમ મેં કહ્યું.' આ નાનકડો વીસ જ શ્લોકનો અધ્યાય છે, પણ ખરેખર અમૃતની ધાર છે. અમૃત જેવો મીઠો છે. સંજીવન આ અધ્યાયમાં ભગવાનને મોઢે ભક્તિરસના મહિમાનું તત્ત્વ ગવાયેલું છે.



ખરું જોતાં છઠ્ઠા અધ્યાયથી માંડીને ભક્તિરસના તત્ત્વનો પ્રારંભ થયો છે. પાંચમા અધ્યાયની સમાપ્તિ સુધી જીવનનું શાસ્ત્ર જોયું. સ્વધર્માચરણનું કર્મ, તેને મદદ કરનારું એવું માનસિક સાધનારૂપ વિકર્મ, આ બેની સાધના વડે કર્મને પૂરેપૂરું ભસ્મ કરનારી છેવટની અકર્મની ભૂમિકા, આ બધી વાતોનો પહેલા પાંચ અધ્યાય સુધી વિચાર થયો. અહીં જીવનનું શાસ્ત્ર પૂરું થયું. પછીથી એક રીતે જોઈએ તો છઠ્ઠા અધ્યાયથી માંડીને અગિયારમા અધ્યાયના છેવટ સુધી ભક્તિતત્ત્વનો જ વિચાર થયો છે. શરૂઆત એકાગ્રતાની વાતથી થઈ. ચિત્તની એકાગ્રતા કેમ થાય, તેનાં સાધનો ક્યાં, ચિત્તની એકાગ્રતાની વાતથી થઈ. ચિત્તની એકાગ્રતા કેમ થાય, તેનાં સાધનો ક્યાં, ચિત્તની એકાગ્રતાની આવશ્યકતા શા માટે છે, એ બધું છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે. અગિયારમા અધ્યાયમાં સમગ્રતાની વાત કહી. એકાગ્રતાથી માંડીને સમગ્રતા સુધીની આવડી મોટી મંજલ આપણે કેમ પૂરી કરી તે જોઈ જવું જોઈએ.

ચિત્તની એકાગ્રતાથી શરૂઆત થઈ. એ એકાગ્રતા થયા પછી માણસ ગમે તે વિષય પર ચર્ચા કરી શકે. મારા મનગમતા વિષયની વાત કરું તો ચિત્તની એકાગ્રતાનો ઉપયોગ ગણિતના અભ્યાસને સારુ થઈ શકે. એમાં રૂડું ફળ મળ્યા વગર નહીં રહે. પણ ચિત્તની એકાગ્રતાનું એ સર્વોત્તમ સાધ્ય નથી. ગણિતના

અભ્યાસથી ચિત્તની એકાગ્રતાની પૂરી કસોટી થતી નથી. ગણિતમાં અથવા એવા બીજા એકાદ જ્ઞાનના પ્રાંતમાં ચિત્તની એકાગ્રતાથી સફળતા મળશે, પણ એ તેની ખરી પરીક્ષા નથી. તેથી સાતમા અધ્યાયમાં કહ્યું, કે એકાગ્ર થયેલી નજર ઈશ્વરના ચરણ પર રાખવી જોઈએ. આઠમા અધ્યાયમાં કહ્યું કે ઈશ્વરને ચરણે એકધારી એકાગ્રતા રહે તેટલા ખાતર અને વાણી, કાન, આંખ કાયમ ત્યાં રહે તેટલા ખાતર, મરણ સુધી પ્રયત્ન ચાલુ રાખવા. આપણી બધી ઈન્દ્રિયોને એનો પાકો મહાવરો બેસવો જોઈએ. બધી ઈન્દ્રિયોને પાકું વળણ પડી ગયું અને તે વિના બીજો ભાવ રહ્યો નથી, એવું થવું જોઈએ. બધી ઈન્દ્રિયોને ભગવાનનું ઘેલું લાગવું જોઈએ. પાસે કોઈ વિલાપ કરતું હોય અગર ભજન કરતું હોય, કોઈ વાસનાની જાળ ગૂંથતું હોય અગર વિરક્ત એવા સજ્જનોનો, સંતોનો સમાગમ હોય, સૂર્ય હોય કે અંધારું હોય, ગમે તે હોય પણ મરણ વખતે ચિત્તની સામે પરમેશ્વર આવીને ખડો રહે એ રીતે આખી જિંદગી બધી ઈન્દ્રિયોને વળણ પાડવું એવી સાતત્યની શીખ આઠમા અધ્યાયમાં આપી છે. છઠ્ઠા અધ્યાયમાં એકાગ્રતા, સાતમામાં ઈશ્વરાભિમુખ એકાગ્રતા એટલે કે પ્રપત્તિ આઠમામાં સાતત્યયોગ અને નવમામાં સમર્પણતા શીખવી છે. દસમા અધ્યાયમાં ક્રમિકતા બતાવી છે. એક પછી એક પગથિયું ચઢીને ઈશ્વરનું રૂપ ચિત્તમાં કેમ ઊંડું



ઉતારવું. કીડીથી માંડીને બ્રહ્મદેવ સુધી સર્વત્ર ભરેલો પરમાત્મા ધીમે ધીમે કેવી રીતે પચાવવો તેની વાત કરી છે. અગિયારમા અધ્યાયમાં સમગ્રતા કહી છે. વિશ્વરૂપદર્શનને જ હું સમગ્રતાયોગ કહું છું. વિશ્વરૂપદર્શન એટલે એકાદ નજીવી ધૂળની રજકણમાં પણ આખું વિશ્વ ભરેલું છે એ વાતનો અનુભવ કરવો તે. એ જ વિરાટ દર્શન છે. આવી છઠ્ઠા અધ્યાયથી માંડીને અગિયારમા અધ્યાય સુધી ભક્તિરસની જુદી જુદી રીતે કરેલી છણાવટ છે.

## સગુણ ઉપાસક અને નિર્ગુણ ઉપાસક : માના બે દીકરા

બારમા અધ્યાયમાં ભક્તિતત્ત્વની સમાપ્તિ કરવાની છે. સમાપ્તિનો સવાલ અર્જુને પૂછ્યો હતો તેવો જ તેણે અહીં પણ પૂછ્યો છે. અર્જુન પ્રશ્ન પૂછે છે કે ‘કેટલાક સગુણનું ભજન કરે છે ને કેટલાક નિર્ગુણની ઉપાસના કરે છે, તો એ બંનેમાંથી હે ભગવાન, તને કયો ભક્ત પ્રિય છે?’

ભગવાન શો જવાબ આપે? કોઈ મા હોય અને તેના બે દીકરાની બાબતમાં કોઈ સવાલ પૂછે તેવું જ આ થયું. માનો એક દીકરો નાનો હોય. તે માને ખૂબ પ્રેમ ને લાડથી વળગતો હોય. માને જોતાંની સાથે તે હરખાઈ જાય. મા જરા આઘીપાછી નજર બહાર જાય એટલે તે બેબાકળો થઈ જાય, માથી આઘો તે જઈ જ શકતો નથી. તેને જરાયે છોડી શકતો નથી. માનો વિયોગ એ નાના દીકરાથી સહેવાતો નથી. માની હાજરી ન હોય તો આખો

સંસાર તેને સારુ શૂન્ય જેવો થઈ જાય છે. આવે એ માનો એક નાનો બાળક છે. બીજો મોટો દીકરો છે. તેના દિલમાં પણ માને સારુ પાર વગરનો પ્રેમ ભરેલો છે. પણ તે સમજણો થયો છે. માથી તે આઘો રહી શકે છે. વરસ કે છ મહિના સુધી માને મળવાનું કે તેનું દર્શન કરવાનું ન થાય તોયે તેને ચાલે છે. તે માની સેવા કરવાવાળો છે. બધી જવાબદારીનો ભાર માથે લઈ તે કામ કરે છે. ઉદ્યોગમાં ગૂંથાયેલો હોવાથી માનો બીજો દીકરો છે. આવા આ બે દીકરાની માને તમે સવાલ પૂછો તો તે શો જવાબ દેશે? તેને તમે કહો, 'હે મા, આ બે દીકરામાંથી એક જ અમે તને આપવાના છીએ, પસંદ કરી લે.' મા શો જવાબ આપશે? કયા દીકરાને તે સ્વીકારશે? ત્રાજવાનાં બે પલ્લાંમાં બંનેને બેસાડી તે શું તેમને તોળવા બેસશે? આ માની ભૂમિકા તમે ધ્યાનમાં લો. કુદરતી રીતે તે શો જવાબ આપશે? તે બિચારી મા કહેશે, 'વિયોગ થવાનો જ હોય તો મોટા દીકરાનો વેઠીશ.' નાનાને તેણે છાતીએ વળગાડેલો છે. તેને તે દૂર કરી શકતી નથી. નાનાનું વધારે ખેંચાણ ધ્યાનમાં રાખી મોટો આઘો થાય તો ચાલશે એવો કંઈક જવાબ તે આપી છૂટશે. પણ માને વધારે વહાલો કયો એ સવાલનો આ જવાબ નહીં ગણી શકાય. કંઈક કહેવું જોઈએ એટલા ખાતર આટલા ચાર શબ્દ તેણે કહ્યા. પણ એ શબ્દોને ફોડી ફોડીને તેમાંથી અર્થ કાઢવાનું બરાબર નહીં



થાય.

પેલા સવાલનો જવાબ આપતાં પેલી માને મૂંઝવણ થાય તેવી જ આબેહૂબ મૂંઝવણ ભગવાનના મનમાં થઈ છે. અર્જુન કહે છે, 'હે ભગવાન, એક તારા પર અત્યંત પ્રેમ રાખનારો, તારું સતત સ્મરણ કરનારો છે. તેની આંખોને તારી ભૂખ છે. પોતાના કાનથી તને પીવાની તેને તરસ છે. હાથપગ વડે તે તારી સેવા કરે છે, તારી પૂજા કરે છે, આવો એક આ તારો ભક્ત છે. બીજો સ્વાવલંબી, સતત ઈન્દ્રિયનિગ્રહ કરવાવાળો, સર્વભૂતહિતમાં મશગૂલ, રાત ને દહાડો સમાજની નિષ્કામ સેવા કરવામાં તારું પરમેશ્વરનું જાણે કે તેને સ્મરણ પણ થતું નથી, આવો અદ્વૈતમય થયેલો તારો આ બીજો ભક્ત છે. આ બેમાંથી તને કયો પ્રિય છે તે મને કહે.' પેલી માએ જેવો જવાબ આપ્યો હતો તેવો જ આબેહૂબ જવાબ ભગવાને આપ્યો છે. પેલો સગુણ ભક્ત મને વહાલો છે અને પેલો બીજો પણ મારો જ છે. ભગવાન જવાબ આપતાં મૂંઝાયાં છે. જવાબ આપવાને ખાતર તેઓ આપી છૂટ્યા છે.

અને ખરેખર વસ્તુસ્થિતિ એવી જ છે. અક્ષરશઃ બંને ભક્તો એકરૂપ છે. બંનેની યોગ્યતા સરખી છે. તેમની સરખામણી કરવી એ મર્યાદાનું ઉલ્લંઘન કરવા જેવું છે. પાંચમા અધ્યાયમાં કર્મની બાબતમાં જે અર્જુનનો સવાલ છે તે જ અહીં ભક્તિની બાબતમાં

તેણે પૂછ્યો છે. પાંચમા અધ્યાયમાં કર્મ અને વિકર્મ બંનેની સહાયથી માણસ અકર્મની ભૂમિકાએ પહોંચે છે. એ અકર્મ દશા બે રૂપે પ્રગટ થાય છે. એક રાત ને દિવસ અખંડ કામ કરતો છતો, લેશમાત્ર કર્મ ન કરનારો એવો કર્મયોગી અને બીજો ચોવીસ કલાકમાં એકપણ કર્મ ન કરતો છતો, આખા વિશ્વની ઊથલપાથલ કરનારો એવો સંન્યાસી, એમ બે રૂપે અકર્મદશા પ્રગટ થાય છે. એ બેની તુલના કેવી રીતે કરવી? વર્તુળની એક બાજુ સાથે બીજીની સરખામણી કરી જુઓ. બંને એક જ વર્તુળની બાજુ છે. એની તુલના કેવી રીતે થાય? બંને બાજુ સરખી લાયકાતવાળી છે, એકરૂપ છે. અકર્મ ભૂમિકાના વિવેચનમાં ભગવાને એકને સંન્યાસ અને બીજાને યોગ નામ આપ્યું છે. શબ્દ બે છે પણ બંનેનો અર્થ એક જ છે. સંન્યાસ અને યોગ એ બે વચ્ચેનો સવાલ આખરે સહેલાપણાના મુદ્દા પર ઉકેલ્યો છે.

સગુણ-નિર્ગુણ સવાલ પણ એવો જ છે. એક જે સગુણભક્ત છે તે ઈન્દ્રિય દ્વારા પરમેશ્વરની સેવા કરે છે. બીજો જે નિર્ગુણભક્ત છે તે મનથી વિશ્વનું હિત ચિંતે છે. પહેલો છે તે બહારની સેવામાં મશગૂલ દેખાય છે પણ અંદરથી એકસરખું ચિંતન કરે છે. બીજો છે તે પ્રત્યક્ષ કંઈ સેવા કરતો દેખાતો નથી પણ અંદરથી મહાસેવા કાયમ ચાલુ રાખે છે. આ પ્રકારના બે ભક્તોમાંથી ચડિયાતો કયો? રાત ને દિવસ કર્મ કરતો હોવા



છતાં પણ લેશમાત્ર કર્મ ન કરનારો તે સગુણ ભક્ત છે. નિર્ગુણ ઉપાસક અંદરથી સર્વના હિતનું ચિંતન કરે છે. સર્વના હિતની ફિકર રાખે છે. આ બંને ભક્તો અંદરથી એકરૂપ જ છે. બહારથી કદાચ જુદા દેખાતા હોય એમ બને. તે બંને સરખા છે. પરમેશ્વરના લાડકા છે. પણ સગુણભક્તિ વધારે સુલભ છે. જે જવાબ પાંચમા અધ્યાયમાં આપ્યો છે તે જ અહીં પણ આપ્યો છે.

## સગુણ સહેલું ને સલામત

સગુણ ભક્તિયોગમાં ઈન્દ્રિયો પાસેથી પ્રત્યક્ષ કામ લઈ શકાય છે. ઈન્દ્રિયો સાધનો છે. વિઘ્નો છે અથવા ઉભયરૂપ છે, તે મરનારી છે કે તારનારી છે તે જોનારની દૃષ્ટિ પર અવલંબે છે. ધારો કે કોઈક માણસની મા મરણપથારીએ પડી છે અને તેને માને મળવા જવું છે. વચ્ચે પંદર માઈલનો રસ્તો છે. એ રસ્તો મોટર જાય એવો નથી. ગમે તેવી ભાંગીતૂટી પગદંડી છે. આવે વખતે આ પગદંડી સાધન છે કે વિઘ્ન છે? કોઈ કહેશે, 'શા સારુ આ ભૂંડો રસ્તો આડો આવ્યો? આ અંતર ને આવો રસ્તો ન હોત તો તાબડતોબ માને જઈને મળ્યો હોત.' એવા માણસને માટે તે રસ્તો દુશ્મન છે. રસ્તો ખૂંદતો ખૂંદતો તે જાય છે. તેને રસ્તા પર ગુસ્સો ચડ્યોછે. છતાં ગમે તેમ તોયે માને મળવાને ઝટ ઝટ પગ ઉપાડી તેને મા પાસે પહોંચ્યા વગર છૂટકો નથી. રસ્તો દુશ્મન છે એમ કહી તે ત્યાં જ માથે હાથ દઈને બેસી જાય તો દુશ્મન જેવો

લાગનારો તે રસ્તો તેને જીતી ગયો જાણવો. ઝટ ઝટ ચાલવામાં તે મંડ્યો રહેશે તો એ દુશ્મનને તે જીતી જશે. બીજો માણસ કહેશે, 'આ જંગલ છે. પણ ચાલીને જવાને આટલોયે રસ્તો છે. આ રસ્તો છે તે ઘણું છે. એ મને માની પાસે પહોંચાડશે. આ રસ્તો ન હોત તો હું આ વગડામાંથી શી રીતે આગળ જાત?' આવું કહી એ પગદંડીને સાધન ગણી તે ઝટ ઝટ પગ ઉપાડતો ચાલ્યો જાય છે. તે રસ્તાને માટે તેના મનમાં પ્રેમની લાગણી થશે, તેને તે પોતાનો મિત્ર માનશે. રસ્તાને દુશ્મન ગણો કે દોસ્ત ગણો, અંતર વધારનારો ગણો કે અંતર ઘટાડનારો ગણો, ઝટ ઝટ પગ ઉપાડવાનું કામ કર્યા વગર છૂટકો નથી. રસ્તો વિઘ્નરૂપ છે કે સાધનરૂપ તે માણસના ચિત્તની ભૂમિકા, તેની જે દૃષ્ટિ તો પર આધાર રાખે છે. ઈન્દ્રિયોનું એવું જ છે. તે વિઘ્નરૂપ છે કે સાધનરૂપ તે તમારી દૃષ્ટિ પર આધાર રાખે છે.

સગુણ ઉપાસકને સારુ ઈન્દ્રિયો સાધનરૂપ છે. ઈન્દ્રિયો એ ફૂલ છે. તે ફૂલ પરમાત્માને ચડાવવાનાં છે. આંખોથી હરિરૂપ જોવું. કાનોથી હરિકથા સાંભળવી, જીભથી નામ ઉચ્ચારવું, પગ વડે તીર્થયાત્રા કરવી, અને હાથ વડે સેવા-પૂજા કરવી. આમ તે બધી ઈન્દ્રિયો પરમેશ્વરને ચડાવે છે. પછી તે ઈન્દ્રિયો ભોગને માટે રહેતી નથી. ફૂલ દેવને ચડાવવાને માટે હોય છે. ફૂલની માળા પોતાના ગળામાં પહેરવાની હોતી નથી. તે જ પ્રમાણે



ઈન્દ્રિયોનો ઉપયોગ ઈશ્વરની સેવામાં કરવાનો છે. આ છે સગુણોપાસકની દૃષ્ટિ. પણ નિર્ગુણોપાસકને ઈન્દ્રિયો વિઘ્નરૂપ લાગે છે. તે તેમને સંયમમાં રાખે છે, પૂરી રાખે છે, સગુણોપાસકને એવું કરવું પડતું નથી. તે બધી ઈન્દ્રિયોને હરિચરણે અર્પણ કરે છે. બંને રીત ઈન્દ્રિયનિગ્રહની છે. ઈન્દ્રિયદમનના એ બંને પ્રકાર છે. ગમે તેમ માનો પણ ઈન્દ્રિયોને તાબામાં રાખો. ધ્યેય એક જ છે. તેમને વિષયોમાં ભટકવા દેવી નહીં. એક રીત સુલભ છે. બીજી કઠણ છે.

નિર્ગુણ ઉપાસક સર્વભૂતહિતરત હોય છે. એ વાત સામાન્ય નથી. આખાયે વિશ્વનું કલ્યાણ કરવાની વાત બોલવામાં સહેલી દેખાય છે, પણ કરવી ઘણી કઠણ છે. જેને સમગ્ર વિશ્વના કલ્યાણની ચિંતા છે, તેનાથી તેના ચિંતન સિવાય બીજું કશું થઈ નહીં શકે. તેથી નિર્ગુણ ઉપાસના અઘરી છે. સગુણ ઉપાસના અનેક રીતે પોતપોતાની શક્તિ પ્રમાણે સૌ કરી શકે. જ્યાં આપણો જન્મ થયો હોય તે નાનકડા ગામની સેવા કરવી અથવા માબાપની સેવા કરવી એ સગુણ પૂજા છે. એ તમારી સેવા આખા જગતના હિતથી વિરોધી ન હોય એટલે થયું. ગમે તેટલા નાના પ્રમાણમાં સેવા કરો અને તે બીજાના હિતની આડે આવતી ન હોય તો અવશ્ય ભક્તિને દરજ્જે પહોંચે છે. એમ નહીં હોય તો તે સેવા આસક્તિ થાય. મા, બાપ, આપણા મિત્રો, આપણા દુઃખી

બંધુઓ, સંતો એ બધાંને પરમેશ્વર માનીને એમની સેવા કરવાની છે. એ બધે ઠેકાણે પરમેશ્વરની મૂર્તિની કલ્પના કરવાની છે અને તેમાં સંતોષ માનવાનો છે. આ સગુણપૂજા સહેલી છે. નિર્ગુણપૂજા અઘરી છે. બાકી બંનેનો અર્થ એક જ છે. સૌલભ્યથી, સહેજે થઈ શકે એ દૃષ્ટિથી સગુણ શ્રેયસ્કર છે એટલું જ.

સુલભતાનો એક મુદ્દો થયો. એવો જ બીજો પણ એક મુદ્દો છે. નિર્ગુણમાં જોખમ છે. નિર્ગુણ જ્ઞાનમય છે. સગુણ પ્રેમમય ભાવનામય છે. સગુણમાં લાગણીની ભીનાશ છે. તેમાં ભક્ત વધારે સલામત છે. નિર્ગુણમાં જરા જોખમ છે. એક વખત એવો હતો કે જ્યારે જ્ઞાન પર મારો ખૂબ મદાર હતો. પણ કેવળ જ્ઞાનથી મારું કામ પાર પડે એવું નથી એવો મને અનુભવ થયો છે. જ્ઞાન વડે મનના સ્થૂળ મળ બળીને ખાક થઈ જાય છે. પણ મનના સૂક્ષ્મ મળને ધોવાનું સામર્થ્ય તેમાં નથી. સ્વાવલંબન, વિચાર, વિવેક, અભ્યાસ, વૈરાગ્ય, એ બધાંયે સાધનો લઈએ તો પણ તેમનાથી મનના સૂક્ષ્મ મળ ભૂંસી શકાતા નથી. ભક્તિના પાણી વગર એ મળ ધોવાતા નથી. ભક્તિના પાણીમાં એ શક્તિ છે. આને જોઈએ તો તમે પરાવલંબન કહો. પણ પરનું એટલે પારકાનું એવો અર્થ ન કરતાં તે પરમાત્માનું અવલંબન એવો અર્થ કરો. પરમાત્માનો આધાર લીધા વગર ચિત્તના મળનો નાશ થતો નથી.



કોઈ કહેશે, 'અહીં જ્ઞાન શબ્દનો અર્થ ઓછો કર્યો છે, જ્ઞાનથી જો ચિત્તના મળ ન ધોવાતા હોય તો જ્ઞાન ઓછા દરજ્જાનું છે એવું સાબિત થાય છે.' આ આક્ષેપ હું સ્વીકારું છું. પણ મારું કહેવું એવું છે કે આ માટીના પૂતળામાં શુદ્ધ જ્ઞાન થવું કઠણ છે. આ દેહમાં રહીને ઉત્પન્ન થયેલું જ્ઞાન ગમે તેવું શુદ્ધરૂપ હશે તોયે તે અસલ કરતાં થોડું ઓછું જ ઊતરવાનું. આ દેહમાં ઉત્પન્ન થનારા જ્ઞાનની શક્તિ મર્યાદિત હોય છે. શુદ્ધ જ્ઞાન નિર્માણ થાય તો તે ચિત્તના બધાયે મળને બળીને ખાક કર્યા વગર ન રહે એમાં મને જરાયે શક નથી. ચિત્ત સમેત વધારે મળને બાળી નાખવાનું સામર્થ્ય જ્ઞાનમાં છે. પણ આ વિકારી દેહમાં જ્ઞાનનું બળ ટૂંકું પડે છે. તેથી તેનાથી સૂક્ષ્મ મળ ધોવાતા નથી. ભક્તિનો આશરો લીધા સિવાય સૂક્ષ્મ મળ ભૂંસી શકાતા નથી. એથી ભક્તિમાં માણસ વધારે સલામત છે. વધારે એ મારો પોતાનો ગાંઠનો શબ્દ છે એમ ગણજો. સગુણ ભક્તિ સુલભ છે. એમાં પરમેશ્વરાલંબન છે. નિર્ગુણમાં સ્વાવલંબન છે. ઓંના સ્વનો અર્થ પણ આખરે શો છે? સ્વાવલંબન એટલે પોતાના અંતઃકરણમાંના પરમેશ્વરનું અવલંબન એટલે કે પરમેશ્વરનો આધાર એ જ ત્યાં પણ અર્થ છે. કેવળ બુદ્ધિને આધારે શુદ્ધ થયેલો એવો કોઈ મળશે નહીં. સ્વાવલંબનથી એટલે કે અંતઃકરણમાંના આત્મજ્ઞાનથી શુદ્ધ જ્ઞાન મળશે. સારાંશ, નિર્ગુણ ભક્તિના સ્વાવલંબનમાં પણ

આત્મા એ જ આધાર છે.

## નિર્ગુણ વગર સગુણ પણ ખામીભરેલું

સગુણ ઉપાસનાના પલ્લામાં સહેલાપણું અને સલામતી એ બે વજન મેં મૂક્યાં તેવી જ રીતે નિર્ગુણના પલ્લામાં પણ બીજાં વચન હું મૂકી શકું એમ છું. નિર્ગુણમાં મર્યાદા જળવાય છે. દાખલા તરીકે જુદાં જુદાં કામો કરવાને માટે, સેવાને માટે આપણે સંસ્થાઓ કાઢીએ છીએ. સંસ્થા સ્થાપન થાય છે તે શરૂઆતમાં વ્યક્તિને લીધે થાય છે. તે વ્યક્તિ તેનો મુખ્ય આધાર હોય છે. સંસ્થા શરૂઆતમાં વ્યક્તિનિષ્ઠ હોય છે. પણ જેમ જેમ સંસ્થાનો વિકાસ થતો જાય તેમ તેમ તે વ્યક્તિનિષ્ઠ ન રહેતાં તત્ત્વનિષ્ઠ થવી જોઈએ. આવી તત્ત્વનિષ્ઠા ઉત્પન્ન ન થાય તો પેલી પ્રેરણા આપનારી વ્યક્તિ દૂર થતાં તે સંસ્થામાં અંધારું ફેલાય છે. મને ગમતો દાખલો આપું. રેંટિયાની માળ તૂટી જતાંની સાથે કાંતવાની વાત આઘી રહી. કંતાયેલું સૂતર વીંટવાનું પણ બની શકતું નથી. તેવી જ દશા પેલી વ્યક્તિનો આધાર ખસી જતાં સંસ્થાની થાય છે. તે સંસ્થા માબાપ વગરના બાળક જેવી અનાથ થઈ જાય છે. વ્યક્તિનિષ્ઠામાંથી તત્ત્વનિષ્ઠા પેદા થાય તો એવું ન થાય.

સગુણને નિર્ગુણની મદદ જોઈએ. ગમે ત્યારે પણ વ્યક્તિમાંથી, આકારમાંથી બહાર નીકળવાનું, છૂટવાનું શીખવું



જોઈએ. ગંગા હિમાલયમાંથી, શંકરના જટાજૂટમાંથી નીકળી, પણ ત્યાં જ રહી નથી. એ જટાજૂટ છોડી, હિમાલયનાં પેલાં ખીણો ને કોતરો છોડી, જંગલ ને વન છોડી સપાટ મેદાન પર ખળખળ વહેતી થઈ ત્યારે વિશ્વજનને ઉપયોગી થઈ શકી. એ જ પ્રમાણે વ્યક્તિનો આધાર છૂટી જાય તો પણ તત્ત્વના પાકા મજબૂત આધાર આપવામાં આવે છે. પણ તે આધાર પાછળથી, કમાન પૂરી બંધાઈ ગયા પછી કાઢી લેવાનો હોય છે. આધાર કાઢી લીધા પછી કમાન સાબૂત ટકી રહે તો જાણવું કે પહેલાં ગોઠવેલો આધાર સાચો હતો. શરૂમાં પ્રેરણાનો ઝરો સગુણમાંથી ફૂટ્યો એ સાચું. પણ છેવટે પરિપૂર્ણતા તત્ત્વનિષ્ઠામાં, નિર્ગુણમાં થવી જોઈએ. ભક્તિની અંદરથી જ્ઞાન પેદા થવું જોઈએ. ભક્તિની વેલને જ્ઞાનનાં ફૂલ બેસવાં જોઈએ.

બુદ્ધદેવે આ વાત બરાબર ઓળખી હતી. તેથી તેમણે ત્રણ પ્રકારની નિષ્ઠા કહી છે. શરૂઆતમાં વ્યક્તિનિષ્ઠા હોય તો પણ તેમાંથી તત્ત્વનિષ્ઠા અને એકદમ તત્ત્વનિષ્ઠા નહીં તોયે ઓછામાં ઓછી સંઘનિષ્ઠા કેળવાવી જોઈએ. એક વ્યક્તિને માટે જે અંદરની લાગણી હતી તે દસપંદર વ્યક્તિઓને માટે થવી જોઈએ. સંઘને માટે સામુદાયિક પ્રેમ નહીં હોય તો અંદરઅંદર અણબનાવ થશે. અને પછી ટંટા જાગશે. વ્યક્તિશરણતા છૂટી જવી જોઈએ ને તેને ઠેકાણે સંઘશરણતા નિર્માણ થવી જોઈએ, અને તે પછી

સિદ્ધાંતશરણતા આવવી જોઈએ. તેથી બૌદ્ધોમાં બુદ્ધને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું. ધર્મને શરણે જાઉં છું એવી ત્રણ પ્રકારની શરણાગતિ કહી છે. પહેલાં વ્યક્તિને માટે પ્રેમ, પછી સંઘને માટે પ્રેમ. એ બંને નિષ્ઠા પણ જો કે આખરે ડગી જનારી છે. છેવટે સિદ્ધાંતનિષ્ઠા પેદા થાય તો જ સંસ્થા લાભદાયી થાય. પ્રેરણાનું ઝરણું સગુણમાંથી નિર્માણ થાય પણ છેવટે તે નિર્ગુણના સાગરમાં જઈને મળવું જોઈએ. નિર્ગુણને અભાવે સગુણ સદોષ થાય છે, નિર્ગુણ વગર સગુણમાં ખામી પેસી જાય છે. નિર્ગુણની મર્યાદા સગુણને સમતોલ રાખે છે અને તે માટે સગુણ નિર્ગુણનું આભારી છે.

હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામ વગેરે બધાયે ધર્મોમાં કોઈ ને કોઈ પ્રકારની મૂર્તિપૂજા છે. મૂર્તિપૂજા ઊતરતા દરજ્જાની ગણાય તો પણ તે માન્ય થયેલી છે, શ્રેષ્ઠ છે. જ્યાં લગી મૂર્તિપૂજાને નિર્ગુણની મર્યાદા હોય છે ત્યાં લગી તે નિર્દોષ રહે છે. પણ એ મર્યાદા છૂટી જતાંની સાથે સગુણ સદોષ થાય છે. બધા ધર્મમાંનું સગુણ, નિર્ગુણની મર્યાદાને અભાવે અવનત દશાએ પહોંચ્યું છે. પહેલાં યજ્ઞયાગમાં જાનવરોની હત્યા થતી. આજે પણ શક્તિદેવીને ભોગ ધરાય છે. મૂર્તિપૂજાનો આ અત્યાચાર થયો. મર્યાદા છોડી મૂર્તિપૂજા આડે રસ્તે ચડી ગઈ. નિર્ગુણનિષ્ઠાની મર્યાદા હોય તો આ ધાસ્તી રહેતી નથી.



## બંને એકબીજાનાં પૂરક : રામચરિત્રમાંથી દાખલો

સગુણ સુલભ અને સલામત છે. પણ સગુણને નિર્ગુણની જરૂર છે. સગુણ જોમથી વધતું જાય તેની સાથે તેને નિર્ગુણનો, તત્ત્વનિષ્ઠાનાં ફૂલનો ગુચ્છો ફૂટવો જોઈએ. નિર્ગુણ અને સગુણ એકબીજાનાં પૂરક છે. એકબીજાનાં વિરોધી નથી. સગુણમાંથી શરૂ કરીને તેની મારફતે નિર્ગુણ સુધીની મજલ કાપવી જોઈએ અને ચિત્તના સૂક્ષ્મ મળ ધોવાને નિર્ગુણને પણ સગુણની ભીનાશ જોઈએ. બંનેને એકબીજાથી શોભા મળે છે.

આ બંને પ્રકારની ભક્તિ રામાયણમાં બહુ સુંદર રીતે બતાવી છે. અયોધ્યા-કાંડમાં ભક્તિના એ બંને પ્રકાર જોવાના મળે છે. અને એ જ બે ભક્તિનો આગળ ઉપર રામાયણમાં વિસ્તાર કરેલો છે. પહેલો પ્રકાર ભરતની ભક્તિનો અને બીજો લક્ષ્મણની ભક્તિનો છે. સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ એ બંનેનું સ્વરૂપ આ દાખલાઓ પરથી બરાબર સમજાશે.

રામ વનમાં જવાને નીકળ્યા ત્યારે લક્ષ્મણને સાથે લઈ જવાને તૈયાર નહોતા. રામને લાગ્યું કે લક્ષ્મણને સાથે લઈ જવાનું કંઈ કારણ નથી. તેમણે લક્ષ્મણને કહ્યું, 'લક્ષ્મણ, હું વનમાં જાઉં છું. મને પિતાની આજ્ઞા થઈ છે. તું અહીં ઘરે રહી જા. મારી સાથે આવી આપણાં દુઃખી માતાપિતાને વધારે દુઃખી કરીશ મા. મા-બાપની અને પ્રજાની સેવા કરજે. તું તેમની પાસે હશે તો

પછી મને ફિકર નહીં થાય. મારો પ્રતિનિધિ થઈને તું રહે. હું વનમાં જાઉં છું તે કંઈ સંકટમાં જતો નથી. હું ઋષિઓના આશ્રમમાં જાઉં છું. આમ રામચંદ્ર લક્ષ્મણને સમજાવતા હતા. પણ લક્ષ્મણે રામની બધી વાત એકી તડાકે, એક જ બોલથી વાળી કાઢી, એક ઘા ને બે કટકા કર્યા. તુલસીદાસે આ ચિત્ર ખૂબ મજાનું રંગ્યું છે. લક્ષ્મણે કહ્યું, 'તમે મને ઉત્તમ પ્રકારની નિગમનીતિનો ઉપદેશ કરો છો. ખરું જોતાં એ નીતિ મારે પાળવી જોઈએ. પણ મારાથી રાજનીતિનો આ બધો ભાર સહેવાશે નહીં. તમારા પ્રતિનિધિ થવાનું બળ મારામાં નથી. હું તો નાદાન બાળક છું.'

"હંસ પક્ષી મેરુમંદરનો ભાર ઊંચકી શકશે કે? રામચંદ્ર હું તમારા પ્રેમ પર પોસાયો છું. તમારી આ રાજનીતિ બીજાને બતાવો. હું નાનું બાળક છું." આમ કહીને લક્ષ્મણે તે આખી વાત એકી તડાકે ઉડાવી લીધી.

માછલી જેમ પાણીથી અળગી રહી શકતી નથી તેવું જ લક્ષ્મણનું હતું. રામથી અળગા રહેવાની તેનામાં શક્તિ નહોતી. તેના રોમેરોમમાં સહાનુભૂતિ ભરેલી હતી. રામ સૂતા હોય ત્યારે પોતે જાગતા રહી તેમની સેવા કરવામાં જ તેનો બધો આનંદ સમાયેલો હતો. આપણી આંખને તાકીને કોઈ આપણા પર પથરો ફેંકે ત્યારે હાથ આગળ પડીને જેમ તે પથ્થરનો ઘા ઝીલી લે છે



તેવી રીતે લક્ષ્મણ રામનો હાથ બન્યો હતો. રામ પર થનારો ઘા આગળ પડીને લક્ષ્મણ ઝીલી લે. તુલસીદાસે લક્ષ્મણને માટે બહુ મજાનો દાખલો આપ્યો છે. પેલો ઝંડો ઊંચે ફરકે છે, બધાં ગીત તે ઝંડાનાં ગવાય છે. તેનો રંગ, તેનો આકાર, એ બધાનું વર્ણન કરવામાં આવે છે. પણ સીધી, ટટાર ઊભી રહેનારી ઝંડાની કાઠીની વાત કોઈ કરે છે કે? રામના યશની એ પતાકા ફરકતી હતી તેનો લક્ષ્મણ ધ્વજના દંડની માફક આધાર હતો. તે કાયમ સીધો, ટટાર ઊભો હતો. ધ્વજનો દંડ જેમ વાંકો વળતો નથી તેમ રામના યશની પતાકા બરાબર ફરકતી રહે તે સારુ લક્ષ્મણ હંમેશ ટટાર રહ્યો છે. કદી વાંકો વળ્યો નથી. યશ કોનો? તો કે રામનો. દુનિયાને પતાકા દેખાય છે. દંડ વિસારે પડે છે. શિખર પરનો કળશ દેખાય છે, નીચેનો પાયો નજરે પડતો નથી. રામનો યશ ફરકી રહ્યો છે, લક્ષ્મણનો ક્યાંયે પત્તો નથી. ચૌદ ચૌદ વરસ સુધી આ દંડ જરાયે વાંકો થયો નથી. પોતે પાછળ રહી, અણદછતા રહી રામનો યશ તેણે ફરકાવ્યો. રામ કઠણમાં કઠણ એવાં કામો લક્ષ્મણ પાસે કરાવે. સીતાને વનમાં મૂકી આવવાનું કામ પણ છેવટે તેમણે લક્ષ્મણને જ સોંપ્યું. લક્ષ્મણ બિચારો સીતાને વનમાં મૂકી આવ્યો. લક્ષ્મણની પોતાની એવી હયાતી જ રહી નહોતી. તે રામની આંખો, રામનો હાથ, રામનું મન બન્યો હતો. નદી સમુદ્રમાં મળી જાય તેમ લક્ષ્મણની સેવા રામમાં મળી ગઈ હતી.

તે રામની છાયા બન્યો હતો. લક્ષ્મણની સગુણભક્તિ હતી.

ભરત નિર્ગુણભક્તિ કરનારો હતો. તેનું ચિત્ર પણ તુલસીદાસજીએ મજાનું રંગ્યું છે. રામચંદ્ર વનમાં ગયા ત્યારે ભરત અયોધ્યામાં નહોતો. ભરત પાછો આવ્યો ત્યારે દશરથનું અવસાન થયું હતું. વસિષ્ઠ ગુરુ તેને રાજ્ય કરવાને કહેતા હતા. ભરતે કહ્યું, 'મારે રામને મળવું જોઈએ.' રામને મળવાની તેના અંતરમાં તાલાવેલી થતી હતી. પણ રાજનો બંદોબસ્ત તે ગોઠવતો જતો હતો. આ રાજ રામનું છે અને તેની વ્યવસ્થા કરવી એ રામનું જ કામ છે એવી તેની ભાવના હતી. બધી સંપત્તિ સ્વામીની હતી અને તેની વ્યવસ્થા કરવાનું તેને પોતાનું કર્તવ્ય લાગ્યું. લક્ષ્મણની માફક ભરતથી માથા પરનો ભાર ફેંકી દઈ છૂટા થવાય તેવું નહોતું. આવી ભરતની ભૂમિકા હતી. રામની ભક્તિ એટલે કે રામનું કામ કરવું જોઈએ નહીં તો તે ભક્તિ શી કામની? બધો બંદોબસ્ત બરાબર ગોઠવીને ભરત વનમાં રામને મળવાને આવ્યો છે. 'હે રામ, તમારું આ રાજ્ય છે. તમે...' એટલું તે બોલે છે ત્યાં જ રામે વચ્ચે પડીને તેને કહ્યું, 'ભરત, તું જ રાજ ચલાવ.' ભરત સંકોચથી ઊભો રહે છે ને કહે, 'તમારી આજ્ઞા મને પ્રમાણ છે.' રામ કહે તે પ્રમાણ. તેણે બધું જ રામને સોંપી દીધું હતું.

પછી તે ગયો ને રાજ ચલાવવા લાગ્યો. પણ હવે આ



વાતમાંની મજા જુઓ. અયોધ્યાથી બે માઈલ પર તે તપ કરતો રહેવા લાગ્યો. તપસ્વી રહીને તેણે રાજ ચલાવ્યું. આખરે રામ જ્યારે ભરતને મળ્યા ત્યારે વનમાં ગયેલો અસલ તપસ્વી કયો એ ઓળખવાનું બને તેવું નહોતું. બંનેના ચહેરા સરખા, થોડી ઉંમરનો ફેર, તપનું તેજ પણ સરખું. બેમાંથી રામ કયા ને ભરત કયા તે ઓળખાતું પણ નથી. એવું ચિત્ર કોઈ દોરે તો બહુ પાવન ચિત્ર થાય. આમ ભરત દેહથી રામથી આઘો હતો પણ મનથી તે રામથી ક્ષણભર પણ અળગો થયો નહોતો. એક બાજુથી તે રાજ ચલાવતો હતો તો પણ મનથી તે રામની પાસે હતો. નિર્ગુણમાં સગુણભક્તિ ઠાંસીને ભરેલી હોય છે. ત્યાં વિયોગની ભાષા શી બોલવી? તેથી ભરતને વિયોગ લાગતો નહોતો. ઈશ્વરનું કામ તે કરતો હતો.

'રામનું નામ, રામની ભક્તિ, રામની ઉપાસના, એ બધું અમે કંઈ ન સમજીએ, અમે તો ઈશ્વરનું કામ કરીશું' એમ આજકાલના જુવાનો કહે છે. ઈશ્વરનું કામ કેમ કરવું તે ભરત બતાવે છે. ઈશ્વરનું કામ કરીને ભરતે વિયોગ બરાબર મનમાં સમાવી દીધો છે. ભગવાનનું કામ કરતાં કરતાં તેના વિયોગનું ભાન થાય એટલો વખત પણ ન મળે એ વાત જુદી છે ને ભગવાન શું છે ને કોણ છે તેની જેને જાણ સરખી નથી, તેને બોલવાનું જુદું છે. ઈશ્વરનું કામ કરતાં કરતાં સંયમી જીવન ગાળવું એ બહુ

દુર્લભ વસ્તુ છે. ભરતની આ વૃત્તિ નિર્ગુણ કાર્ય કરતા રહેવાની હતી. છતાં સગુણનો આધાર ત્યાં તૂટી ગયો નથી. 'હે રામ, તમારો શબ્દ મને પ્રમાણ છે. તમે જે કહેશો તેમાં મને જરાયે શંકા નથી.' આમ કહીને ભરત અયોધ્યા જવાને નીકળ્યો તો પણ તે જરા આગળ જઈને પાછો ફર્યો અને રામને કહેવા લાગ્યો, 'રામ સમાધાન થતું નથી. મનમાં કંઈક ગડમથલ થયા કરે છે.' રામ સમજી ગયા અને તેણે કહ્યું, 'આ પાદુકા લઈ જા.' આમ સગુણ માટેનો આદર આખરે તો રહ્યો જ. નિર્ગુણને સગુણે છેવટે પલાળ્યું તો ખરું જ. લક્ષ્મણને પેલી પાદુકાથી સમાધાન થયું ન હોત. તેની નજરે તે દૂધની ભૂખ છાશથી ભાંગવા જેવું થાત. ભરતની ભૂમિકા જુદી હતી. બહારથી તે દૂર રહીને કર્મ કરતો દેખાતો હતો પણ મનથી રામમય હતો. ભરત કર્તવ્ય બજાવવામાં રામભક્તિ માનતો હતો. તો પણ પાદુકાની જરૂર તેને લાગ્યા વગર ન રહી. એ પાદુકા વગર તે રાજકારભારનું ગાડું હાંકી શક્યો ન હોત. પેલી પાદકાની આજ્ઞા સમજીને તે પોતાની ફરજ અદા કરતો રહ્યો. લક્ષ્મણ જેવો રામનો ભક્ત છે તેવો જ ભરત પણ છે. બંનેની ભૂમિકા બહારથી, દેખાવમાં જુદી છે. ભરત કર્તવ્યનિષ્ઠ હતો, તત્ત્વનિષ્ઠ હતો, છતાં તેની તત્ત્વનિષ્ઠાને પણ પાદુકાની ભીનાશની જરૂર લાગી હતી.

## બંને એકબીજાનાં પૂરક : કૃષ્ણચરિત્રમાંથી દાખલો



હરિભક્તિની લાગણીની ભીનાશ અવશ્ય જરૂરી છે. તેટલા ખાતર અર્જુનને પણ અર્જુન, મારામાં આસક્ત રહે, મારે માટે ભાવભીનો રહે, અને પછી કર્મ કર એમ ભગવાને ફરી ફરીને કહ્યું છે. જે ભગવદ્‌ગીતાને આસક્તિ શબ્દ સૂઝતો નથી. રુચતો નથી, જે ભગવદ્‌ગીતામાં અનાસક્ત રહીને કર્મ કર, રાગદ્વેષ છોડીને કર્મ કર, નિરપેક્ષ કર્મ કર એમ ફરી ફરીને કહેવામાં આવ્યું છે, અનાસક્તિ, નિઃસંગપણું, એ જેનું ધ્રુપદ તેમ જ પાલુપદ એકસરખું બોલાયા કરે છે, તે ભગવદ્‌ગીતા પણ કહે છે કે, 'અર્જુન, મારી આસક્તિ રાખ.' પણ અહીં કદી ન વીસરાવું જોઈએ કે ભગવાન પરની આસક્તિ બહુ ઊંચી વસ્તુ છે. એ આસક્તિ કોઈક પાર્થિવ વસ્તુ માટેની થોડી જ છે? સગુણ અને નિર્ગુણ બંને એકબીજામાં ગૂંથાઈ રહેલાં છે. સગુણને નિર્ગુણનો આધાર સમૂળગો તોડી નાખવાનું પરવડે એવું નથી અને નિર્ગુણને સગુણમાં રહેલી હૃદયની ભીનાશની જરૂર છે. હરહંમેશ કર્તવ્યકર્મ કરવાવાળો કર્મરૂપે પૂજા જ કરે છે. પણ પૂજાની સાથે લાગણીની ભીનાશ જોઈએ. मामनुस्मर युध्य च – મારું સ્મરણ રાખીને કર્મ કર. કર્મ પોતે એક પૂજા છે. પણ અંતરંગમાં ભાવના જીવંત હોવી જોઈએ. ખાલી ફૂલ માથે ચડાવ્યાં એ કંઈ પૂજા નથી. તેમાં ભાવના જોઈએ. માથે ફૂલ ચડાવવાં એ પૂજાનો એક અને સત્કર્મો વડે પૂજા કરવી એ બીજો પ્રકાર છે. પણ બંનેમાં

ભાવની ભીનાશ જોઈએ. ફૂલ ચડાવીએ છતાં ભાવ ન હોય તો તે પથ્થર પર ફેંકી દીધાં જાણવાં. એટલે આ સવાલ ભાવનાનો છે. સગુણ અને નિર્ગુણ, કર્મ અને પ્રીતિ, જ્ઞાન અને ભક્તિ, એ બધી વસ્તુઓ એકરૂપ છે. બંનેનો અંતિમ અનુભવ એક જ છે.

અર્જુન અને ઉદ્ધવ એ બંનેની વાત જુઓ. રામાયણ પરથી કૂદકો મારીને હું મહાભારત પર ચાલ્યો. પણ એવો કૂદકો મારવાનો મને અધિકાર છે. કારણ રામ અને કૃષ્ણ બંને એકરૂપ છે. જેવી ભરત અને લક્ષ્મણની જોડી છે તેવી જ ઉદ્ધવ અને અર્જુનની છે. જ્યાં કૃષ્ણ હોય ત્યાં ઉદ્ધવ હોય જ. ઉદ્ધવથી કૃષ્ણનો વિયોગ ક્ષણભર પણ સહન ન થાય. હંમેશ તે કૃષ્ણની પાસે રહે ને સેવા કરે. કૃષ્ણ વગરનો આખો સંસાર તેને ફીકો લાગે છે. અર્જુન પણ કૃષ્ણનો સખા, મિત્ર હતો. પણ તે આઘે દિલ્હીમાં રહેતો. અર્જુન કૃષ્ણનું કામ કરવાવાળો હતો, પણ કૃષ્ણ દ્વારિકામાં તો અર્જુન હસ્તિનાપુરમાં એવું બંનેનું ચાલતું હતું.

ભગવાનને જ્યારે દેહ છોડવાની જરૂર જણાઈ ત્યારે તેમણે ઉદ્ધવને બોલાવીને કહ્યું, 'ઉદ્ધવ, હવે હું જાઉં છું.' ઉદ્ધવે કહ્યું, 'મને સાથે કેમ નથી લઈ જતા? આપણે સાથે જ જઈએ!' પણ ભગવાને કહ્યું, 'એ મને પસંદ નથી. સૂર્ય પોતાનું જ તેજ અગ્નિમાં મૂકીને જાય છે તેમ મારી જ્યોત તારામાં મૂકીને હું જવાનો છું.' આવી છેવટની સોંપણનોંધણ કરી કૃષ્ણે જ્ઞાન આપીને ઉદ્ધવને



વિદાય કર્યો. પાછળથી મુસાફરીમાં મૈત્રેય ઋષિ તરફથી ઉદ્ધવને ખબર પડી કે ભગવાન નિજધામ પધાર્યા છે. એ ખબરની તેના મન પર જરા સરખી અસર ન થઈ. કેમ જાણે કશું જ બન્યું નથી.

ગુરુ મૂઓ ને ચેલો રડ્યો, બંનેનો બોધ ફોગટ ગયો. એવું આ નહોતું. જાણે કે વિયોગ થયો જ નથી ! ઉદ્ધવે જન્મભર સગુણ ઉપાસના કરી હતી, તે પરમેશ્વરની નજીક હતો. હવે તેને નિર્ગુણમાં આનંદ લાગવા માંડ્યો. નિર્ગુણ સુધી તેને પહોંચવું પડ્યું. સગુણ પહેલાં, પણ નિર્ગુણે તેની પાછળ આવવું જ જોઈએ. એ વગર પરિપૂર્ણતા નથી.

અર્જુનનું આથી ઊલટું થયું. કૃષ્ણે તેને શું કરવાનું કહ્યું હતું? પોતાની પાછળ બધી સ્ત્રીઓના સંરક્ષણનું કામ તેમણે અર્જુનને ભળાવ્યું હતું. અર્જુન દિલ્હીથી આવ્યો અને દ્વારકાથી શ્રીકૃષ્ણના ઘરની સ્ત્રીઓને લઈને નીકળ્યો. રસ્તામાં હિસાર પાસે પંજાબમાંના ચોરોએ તેને લૂંટી લીધો. તે જમાનામાં જે એકમાત્ર નર તરીકે, સર્વોત્તમ વીર તરીકે પ્રસિદ્ધ હતો, પરાજય શું તે જાણતો ન હોવાથી જેની 'જય' નામથી ખ્યાતિ ચાલતી હતી, ખુદ શંકર સાથે ટક્કર લઈ જેણે તેમને પણ નમાવ્યા હતા, એવા એ અર્જુનને અજમેર પાસે નાસતા નાસતા ભોંય ભારે પડી ને તે માંડ બચી ગયો. કૃષ્ણ જતા રહ્યા તેની તેના મન પર બહુ મોટી અસર થઈ હતી. જાણે તેનામાંથી જીવ નીકળી ગયો હતો ને તેનું

નિસ્ત્રાણ ને નિષ્પ્રાણ ખોળિયું માત્ર રહી ગયું હતું. સારાંશ કે, સદોદિત કર્મ કરનારા, કૃષ્ણથી દૂર રહેનારા, નિર્ગુણ ઉપાસક અર્જુનને વિયોગ છેવટે ખૂબ વરતાયો. તેનું નિર્ગુણ આખરે નકામું ગયું. તેનું બધું કર્મ જાણે કે પૂરું થયું. તેના નિર્ગુણને છેવટે સગુણનો અનુભવ થયો. ટૂંકમાં સગુણને નિર્ગુણમાં જવું પડે છે. નિર્ગુણને સગુણમાં આવવું પડે છે. એકબીજાથી એકબીજામાં પરિપૂર્ણતા આવે છે.

## સગુણ-નિર્ગુણ એકરૂપ : સ્વાનુભવકથન એક મુસાફરે કહ્યું છે

"એટલે સગુણ ઉપાસક અને નિર્ગુણ ઉપાસક બંને વચ્ચે ફેર શો છે તે કહેવા જઈએ તો ભાષા કુંઠિત થઈ જાય છે. સગુણ અને નિર્ગુણ છેવટે એક ઠેકાણે ભેગાં થાય છે. ભક્તિનું ઝરણું શરૂઆતમાં સગુણમાંથી ફૂટે છે તોયે તે નિર્ગુણ સુધી પહોંચી તેને મળે છે. પહેલાં હું વાયકમનો સત્યાગ્રહ જોવાને ગયો હતો. મલબારના કિનારા પર શંકરાચાર્યનું જન્મસ્થાન છે એ ભૂગોળમાંથી જાણીને મેં યાદ રાખ્યું હતું. હું જતો હતો ત્યાંથી નજીક જ પેલું ભગવાન શંકરાચાર્યનું કાલડી ગામ હશે એમ મને લાગ્યું અને તેથી એ વિષે મારા સાથી મલયાળી ગૃહસ્થાને મેં પૂછ્યું. તેમણે જવાબ આપતાં કહ્યું, 'તે ગામ અહીંથી દસબાર માઈલ પર જ છે. તમારે ત્યાં જવું છે?' મેં ના પાડી. હું સત્યાગ્રહ



જોવાને ત્યાં ગયો હતો. તેથી રસ્તે બીજે ક્યાંય જવાને ફંટાવાનું મને ઠીક ન લાગ્યું અને તે વખતે તે ગામ જોવાને હું ન ગયો. એ મેં બરાબર કર્યું હતું એવું હજી મને લાગે છે. પણ રાત્રે ઊંઘવાને આડો પડું એટલે તે કાલડી ગામ અને શંકરાચાર્યની મૂર્તિ મારી નજર સામે આવીને ઊભાં રહે. મને ઊંઘ ન આવે. એ અનુભવ મને હજી કાલે થયો હોય તેવો તાજો લાગે છે. શંકરાચાર્યના જ્ઞાનનો પ્રભાવ, તેમની દિવ્ય અદ્વૈતનિષ્ઠા, સામે ફેલાયેલી દુનિયાને રદ્દી, નકામી સાબિત કરી આપનારો તેમનો અલૌકિક અને ધગધગતો વૈરાગ્ય, તેમની ગંભીર ભાષા, અને મારા પર થયેલા તેમના અનંત ઉપકાર, એ બધી વાતના ખ્યાલ મારા મનમાં ઊભરાતા. રાત્રે એ બધા ભાવ પ્રગટ થાય. નિર્ગુણમાં સગુણ કેવું ભરેલું છે એ વાતનો મને અનુભવ થયો. પ્રત્યક્ષ મુલાકાતમાં પણ એટલો પ્રેમ નથી. નિર્ગુણમાં પણ સગુણનો પરમોત્કર્ષ ઠાંસીને ભરેલો છે. હું કુશળ સમાચારના કાગળો વગેરે ઝાઝા લખતો નથી. પણ એકાદ મિત્રને પત્ર ન લખાય તો અંદરથી આખો વખત તેનું સ્મરણ થયા કરે છે. પત્ર ન લખવા છતાં મનમાં યાદ ભરપૂર રહે છે. નિર્ગુણમાં આ પ્રમાણે સગુણ છુપાયેલું હોય છે. સગુણ અને નિર્ગુણ બંને એકરૂપ જ છે. પ્રત્યક્ષ મૂર્તિ લઈ તેની પૂજા કરવી, પ્રગટ સેવા કરવી અને અંદરથી એકસરખું જગતના કલ્યાણનું ચિંતન ચાલતું હોવા છતાં બહાર પૂજા ન

દેખાય એ બંને વસ્તુ સરખી કિંમતની ને સરખી લાયકાતવાળી છે.''

## સગુણ-નિર્ગુણ કેવળ દષ્ટિભેદ, માટે ભક્તલક્ષણો પચાવવાં એ જ સાર

છેવટે મારે વળી કહેવાનું છે કે સગુણ કયું અને નિર્ગુણ કયું એ ચોક્કસ નક્કી કરવું પણ સહેલું નથી. એક દૃષ્ટિથી જે સગુણ છે તે બીજી દૃષ્ટિથી નિર્ગુણ સાબિત થઈ શકે. સગુણની સેવા કરવાની હોય ત્યારે પથરો લઈને કરવામાં આવે છે. તે પથ્થરમાં પરમાત્મા કલ્પી લેવાય છે. પણ માતામાં અને સંતોમાં પ્રત્યક્ષ ચૈતન્ય પ્રગટ થયેલું હોય છે. ત્યાં જ્ઞાન, પ્રેમ, અંતરની ઊંડી મમતા પ્રગટ છે. ખુલ્લાં છે. છતાં ત્યાં પરમાત્મા નીરખીને પૂજા કરવામાં નથી આવતી. ચૈતન્યમય એવાં આ લોકો સૌ કોઈને દેખાય છે. તેમની સેવા કરવાને બદલે, તેમનામાં સગુણ પરમાત્મા જોવાને બદલે પથ્થરમાં પરમાત્મા જોવાય છે ! હવે પથ્થરમાં ઈશ્વરને જોવો એ એક રીતે જોઈએ તો નિર્ગુણની પરાકાષ્ઠા છે. સંત, માબાપ, પડોશી એ બધાંમાં જ્ઞાન, પ્રેમ, ઉપકારબુદ્ધિ વગેરે પ્રગટ થયેલાં છે. તેમનામાં ઈશ્વરને માનવાનું સહેલું છે. પથ્થરમાં ઈશ્વર માની લેવો અઘરો છે. પેલા નર્મદામાંથી નીકળતા પથ્થરને ગણપતિ માની દેવ ગણવામાં આવે છે. આ નિર્ગુણ પૂજા નથી કે?



એથી ઊલટું એમ લાગે છે કે પથ્થરમાં ઈશ્વર ન માનવો તો બીજે ક્યાં માનવો? ઈશ્વરની મૂર્તિ થવાને પેલો પથ્થર જ લાયક છે. તે નિર્વિકાર છે, શાંત છે. અંધારું હોય કે અજવાળું હોય, તાપ હોય કે ટાઢ હોય, એ પથ્થર તેવો ને તેવો રહે છે. આવો આ નિર્વિકારી પથ્થર જ પરમેશ્વરનું પ્રતીક બનવાને લાયક છે. માબાપ, જનતા, અડોશીપડોશી એ બધાં વિકારોથી ભરેલાં છે. એટલે કે તે બધાંમાં કંઈ ને કંઈ વિકાર જોવાને મળ્યા વગર રહે નહીં. તેથી પથ્થરની પૂજા કરવા કરતાં એ બધાંની સેવા કરવાનું એક રીત જોઈએ તો અઘરું છે.

ટૂંકમાં, સગુણ અને નિર્ગુણ એકબીજાનાં પૂરક છે. સગુણ સુલભ છે. નિર્ગુણ અઘરું છે. પરંતુ સગુણ પણ અઘરું છે અને નિર્ગુણ પણ સહેલું છે. બંને વડે પ્રાપ્ત થનારું ધ્યેય એક જ છે. પાંચમા અધ્યાયમાં જેમ કહ્યું છે કે ચોવીસે કલાક કર્મ કરવા છતાં લેશમાત્ર કર્મ ન કરનારા યોગીઓ અને ચોવીસ કલાકમાં જરા સરખું કર્મ ન કરવા છતાં બધાંયે કર્મ કરનારા સંન્યાસીઓ એકરૂપ જ છે, તેવું જ અહીં પણ છે. સગુણ કર્મદશા અને નિર્ગુણ સંન્યાસયોગ એકરૂપ જ છે. સંન્યાસ ચડે કે યોગ એ સવાલનો જવાબ આપવામાં જેવી ભગવાનને મુશ્કેલી પડી હતી તેવી જ તેમને અહીં પણ પડ છે. છેવટે સહેલાપણું અને અઘરાપણું, શામાં છે એ વાત ધ્યાનમાં રાખી તેમણે જવાબ આપ્યો છે. બાકી યોગ

ને સંન્યાસ અને સગુણ ને નિર્ગુણ એ બધાં એકરૂપ જ છે.

છેવટે ભગવાન કહે છે, 'હે અર્જુન, તું સગુણ થા કે નિર્ગુણ થા પણ ભક્ત થા એટલે થયું. કોરો પથરા જેવો રહીશ મા.' આટલું કહીને છેવટે ભગવાને ભક્તોનાં લક્ષણો ગણાવ્યાં છે. અમૃત મીઠું છે પણ તેની મીઠાશ આપણે ચાખી નથી. આ લક્ષણો પ્રત્યક્ષ મધુર છે. અહીં કલ્પનાની જરૂર નથી. એ લક્ષણોનો જાતે અનુભવ કરવો. બારમાં અધ્યાયમાં ગણાવેલાં આ ભક્ત-લક્ષણોનું સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની માફક આપણે રોજ સેવન કરીએ, તેમનું રોજ મનન કરીએ અને તેમાંનાં થોડાં થોડાં આપણા આચરણમાં ઉતારી પુષ્ટિ મેળવીએ, અને એ રીતે ધીમે ધીમે આપણે આપણું જીવન પરમેશ્વર તરફ લઈ જઈએ.



# તેરમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : 'હે પાર્વતી ! હવે તેરમા અધ્યાયના મહિમાનું વર્ણન થશે.

દક્ષિણ દિશામાં તુંગભદ્રા નામે એક મોટી નદી છે. તેના કિનારે હરિહરપુર નામે એક સુંદર નગર વસેલું છે. ત્યાં હરિહર નામથી સાક્ષાત્ ભગવાન શિવજી બિરાજે છે. તેમનાં દર્શન માત્રથી પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. હરિહરપુરમાં હરિદીક્ષિત નામે એક શ્રોત્રિય બ્રાહ્મણ રહેતા હતા જેઓ તપ અને સ્વાધ્યાયમાં સંલગ્ન તથા વેદોમાં પારંગત હતા. તેમને એક સ્ત્રી હતી, જેને લોકો દુરાચારા કહી બોલાવતા. આ નામને અનુરૂપ જ તેનાં કર્મો હતાં. તે હંમેશાં પતિને કુવાચ્ય કહેતી. તેણે ક્યારેત પતિ સાથે શયન કર્યું નહોતું. પતિથી સંબંધ રાખનાર જેટલા લોકો તેને ઘેર આવતા તે બધાને હંમેશાં ધમકાવતી અને પોતે કામોન્મત્ત થઈ નિરંતર વ્યભિચારીઓ સાથે રમણ કરતી.

એક દિવસ નગરમાં આમ તેમ હરતા ફરતા નગરવાસીઓથી નગરને ભરેલું જોઈ તેણે પોતાના માટે નિર્જન

અને દુર્ગમ વનમાં સંકેત સ્થાન બનાવ્યું. એક વખથ રાત્રે કોઈ કામી પુરુષ ન મળતાં તેણી ઘરના દરવાજા ઉઘાડી નગરની બહાર સંકેત સ્થાન તરફ ચાલી. તે વખતે તેનું ચિત્ત કામથી મોહિત હતું. તે એક એક કુંજ તથા પ્રત્યેક વૃક્ષ પાસે જઈ કોઈ પ્રિયતમાની શોધ કરવા લાગી, પરંતુ તે બધી જગ્યાએ તેને નિષ્ફળતા મળી. તેને કોઈ પ્રિયપાત્રનાં દર્શન ન થયાં. ત્યારે તે વનમાં અનેક પ્રકારની વાતો કહી વિલાપ કરવા લાગી. ચારે બાજુ ફરતી ફરતી વિયોગજનિત વિલાપ કરતી તે સ્ત્રીના અવાજથી કોઈ સૂતેલો વાઘ જાગી ઉઠ્યો અને છલાંગ મારીને તે સ્થાને જઈ પહોંચ્યો, જ્યાં તે રુદન કરતી હતી. આ બાજુ તે સ્ત્રી પણ તેને આવતો જોઈ કોઈ પ્રેમીની આશંકાથી તેની સામે ઉપસ્થિત થવા બહાર નીકળી. તે સમયે વાઘે આવીને તેને પોતાના નખરૂપી બાણોના પ્રહારથી જમીન પર ઢાળી દીધી. આ અવસ્થામાં પણ તે કઠોર વાણી ઉચ્ચારતી પૂછી બેઠી :

'અરે વાઘ ! તું શા માટે મને મારવા અહીં આવ્યો છે? પહેલાં આ બધી વાતો મને કહે, પછી મને મારજે.'

તેની આ વાત સાંભળી પ્રચંડ પરાક્રમી વાઘ ક્ષણવાર માટે તેને પોતાનો ગ્રાસ બનાવતાં અટકી ગયો અને હસતો હસતો બોલ્યો :

'દક્ષિણ દેશમાં મલાપહા નામે એક નદી છે. તેના કિનારે



મુનિપર્ણા નામે એક નગરી વસેલી છે. ત્યાં પંચલિંગ નામથી પ્રસિદ્ધ સાક્ષાત્ ભગવાન શંકર નિવાસ કરે છે. તે જ નગરીમાં હું બ્રાહ્મણ કુમાર થઈ રહેતો હતો. નદીના કિનારે એકલો બેસી રહેતો અને જેઓ યજ્ઞના અધિકારી નથી તેમની પાસે પણ યજ્ઞ કરાવી તેમનું અન્ન ખાતો હતો. એટલું જ નહિ, ધનના લોભમાં હું હંમેશાં મારા વેદપાઠના ફળને પણ વેચતો હતો. મારો લોભ ત્યાં સુધી વધી ગયો કે બીજા ભિક્ષુઓને ગાળો આપી કાઢી મૂકતો અને હું પોતે બીજાઓને આપવા યોગ્ય ધન પણ આપ્યા વગર જ હંમેશાં લઈ લેતો. ઋણ લેવાના બહાને હું બધા લોકોને છેતરતો. તે પછી થોડોક સમય વીત્યા બાદ હું વૃદ્ધ થઈ ગયો. મારા વાળ સફેદ થઈ ગયા. આંખો કમજોર થઈ ગઈ અને મોઢામાં દાંત પડી ગયા. તે છતાં મારી દાન લેવાની આદત છૂટી ન હતી. પર્વ આવતાં દાન લેવાના લોભથી હું હાથમાં દર્ભ લઈ તીર્થ પાસે ચાલ્યો જતો. તે પછી જ્યારે મારાં બધાં અંગો શિથિલ થઈ ગયાં ત્યારે હું એક વખત કોઈ ધૂર્ત બ્રાહ્મણોના ઘેર માગવા-ખાવા ગયો. તે વખતે મને પગે કૂતરું કરડ્યું અને હું મૂર્છિત થઈ ક્ષણવારમાં જમીન ઉપર પડી ગયો. મારા પ્રાણ નીકળી ગયા. તે પછી હું વાઘ યોનિમાં ઉત્પન્ન થયો છું. ત્યારથી આ દુર્ગમ વનમાં રહું છું. મારાં પૂર્વનાં પાપોને યાદ કરી ક્યારેય પણ ધાર્મિક મહાત્મા, યતિ, સાધુ પુરુષ તથા સતી સ્ત્રીઓને હું ખાતો નથી. પાપી,

દુરાચારી તથા કુલટા સ્ત્રીઓને જ મારું ભક્ષ્ય બનાવું છું. કુલટા હોવાના લીધે તું અવશ્ય મારો ગ્રાસ બનીશ.'

આમ કહી તેણે પોતાના કઠોર નખ વડે તેના શરીરના ટુકડા ટુકડા કરી ખાઈ ગયો. તે પછી યમરાજના દૂતો તે પાપિણીને સંયમનીપુરીમાં લઈ ગયા. ત્યાં યમરાજની આજ્ઞાથી તેમણે અનેક વખત તેને વિષ્ટા, મૂત્ર અને રક્તથી ભરેલ ભયાનક કુંડોમાં નાખી. કરોડો કલ્પ સુધી તેમાં રાખ્યા પછી તેને ત્યાંથી લાવી સો મન્વન્તર સુધી રૌરવ નરકમાં રાખી. પછી ચારે બાજુ મોં રાખી દીનભાવથી રડતી તે પાપિણીને ત્યાંથી ખેંચી દહનાનન નામના નરકમાં નાખી. તે વખતે તેના વાળ ખુલ્લા હતા અને શરીર ભયાનક દેખાતું હતું. આ રીતે ચાંડાલ યોનિમાં ઉત્પન્ન થઈ. ચાંડાલના ઘરમાં પણ જેમ મોટી થઈ તેમ પહેલાંના અભ્યાસને કારણે પાપકર્મોમાં પ્રવૃત્ત રહી. પછી તેને કોઢ અને રાજયક્ષ્મા રોગ થઈ ગયો. આંખોમાં પીડા થવા લાગી. થોડા સમય પછી તે ફરીથી પોતાના નિવાસસ્થાને (હરિહરપુર) ગઈ જયાં ભગવાન શિવના અંતઃપુરની સ્વામિની જંભકાદેવી બિરાજમાન છે. ત્યાં તેણે વાસુદેવ નામના એક પવિત્ર બ્રાહ્મણનાં દર્શન કર્યાં જેઓ નિરંતર ગીતાના તેરમા અધ્યાયનો પાઠ કરતા હતા. તેમના મુખથી ગીતાનો પાઠ સાંભળતાં જ તે ચાંડાળ શરીરથી મુક્ત થઈ ગઈ અને દિવ્ય દેહ ધારણ કરી સ્વર્ગ લોકમાં સિધાવી.



# ત્રયોદશ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે ।**
**એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઈતિ તદ્વિદઃ ॥૧॥**

શ્રી ભગવાન બોલ્યા : હે કૌન્તેય ! આ શરીર 'ક્ષેત્ર' (જેવી રીતે ખેતરમાં વાવેલાં બીજોનું એના અનુરૂપ ફળ સમય થતાં ઊગી નીકળે છે, એવી જ રીતે આમાં વાવવામાં આવેલાં કર્મોનાં સંસ્કારરૂપી બીજોનું ફળ સમય થતાં ઊગી નીકળે છે, માટે આનું નામ 'ક્ષેત્ર' છે, એમ કહ્યું છે) કહેવાય છે અને એને જે જાણે છે તે 'ક્ષેત્રજ્ઞ' (જીવાત્મા) નામની ઓળખાય છે, આવું આ બન્નેના તત્ત્વને જાણનારા જ્ઞાનીજનોએ કહ્યું છે. ॥૧॥

**ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમ ॥૨॥**

હે ભારત ! બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ તું મને જ જાણ, અને ક્ષેત્ર અર્થાત્ વિકાર સહિતની પ્રકૃતિ તથા ક્ષેત્રજ્ઞ અર્થાત્ પુરુષના વિષયનું જે તત્ત્વસહિત જ્ઞાન છે, એ જ ખરું જ્ઞાન છે -

એવો મારો મત છે. ।।૨।।

**તત્ક્ષેત્રં યચ્ચ યાદૃક્ચ યદ્વિકારિ યતશ્ચ યત્ ।**
**સ ચ યો યત્પ્રભાવશ્ચ તત્સમાસેન મે શ્રૃણુ ।।૩।।**

એ ક્ષેત્ર જે સ્વરૂપનું, જે સ્વભાવ ધરાવનારું તથા જે જે વિકારોથી યુક્ત છે અને જે કારણથી એ ઉદ્ભવ્યું છે તથા જે ક્ષેત્રજ્ઞ પણ જે સ્વરૂપનો અને જે પ્રભાવ ધરાવનારો છે - એ સઘળું તું ટૂંકમાં મારી પાસેથી સાંભળ. ।।૩।।

**ઋષિભિર્બહુધા ગીતં છન્દોભિર્વિવિધૈઃ પૃથક્ ।**
**બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ ।।૪।।**

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું આ તત્ત્વ ઋષિઓ દ્વારા અનેક પ્રકારે કહેવાયું છે, વિવિધ વેદમંત્રો દ્વારા પણ વિભાગપૂર્વક કહેવામાં આવ્યું છે તેમજ સારી રીતે નિશ્ચિત કરેલાં યુક્તિપૂર્વકનાં બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા પણ કહેવાયું છે. ।।૪।।

**મહાભૂતાન્યહઙ્કારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।**
**ઈન્દ્રિયાણિ દશૈકં ચ પઞ્ચ ચેન્દ્રિયગોચરાઃ ।।૫।।**

પાંચ મહાભૂત, (અર્થાત્ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીરૂપ જે પાંચ મહાભૂતો છે, એમનાં કારણરૂપ પાંચ તન્માત્રાઓ કે જે મહાભૂતોની સૂક્ષ્મભાવ છે.) અહંકાર, બુદ્ધિ અને એ જ રીતે મૂળ પ્રકૃતિ પણ; તેમજ દસ ઈન્દ્રિયો (અર્થાત્ શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ, તેમજ વાક્, હસ્ત, પાદ,



ઉપસ્થ અને ગુદા) - એક મન અને ઈન્દ્રિયોના પાંચ વિષયો - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ - ।।૫।।

**ઈચ્છા દ્વેષઃ સુખં દુઃખં સઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ ।**
**એતત્ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ।।૬।।**

ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતના (અન્તઃકરણમાં રહેલી જ્ઞાનશક્તિ, જેના વડે સુખ-દુઃખ આદિ અનુભવાય છે) અને ધૃતિ - આટલા વિકારો સહિતનું આ ક્ષેત્ર ટૂંકમાં કહેવાયું છે. ।।૬।।

**અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।**
**આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ।।૭।।**

પોતાને શ્રેષ્ઠ માનવારૂપી અભિમાનનો અભાવ હોવો, દંભાચરણનો અભાવ હોવો, કોઈ પણ પ્રાણીને કોઈપણ પ્રકારે કષ્ટ ન આપવું, ક્ષમાભાવ, મન-વાણી આદિમાં ઋજુભાવ હોવો, શ્રદ્ધા-ભક્તિ સાથે ગુરુજનોની સેવા, બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ હોવી, (સચ્ચાઈપૂર્વકના શુદ્ધ વ્યવહારથી ધનની, એ ધનમાંથી મળેલા અન્નથી આહારની, વિવેકપૂર્વકના વર્તનથી આચરણોની અને જળ - માટી આદિથી શરીરની થનારી શુદ્ધિ - આ બધી શુદ્ધિઓને 'બાહ્ય શુદ્ધિ' કહે છે તથા રાગ-દ્વેષ અને કપટ આદિ વિકારો દૂર થતાં અન્તઃકરણનું જે સ્વચ્છ થવું, એ 'આંતરિક શુદ્ધિ' કહેવાય છે.) અન્તઃકરણની સ્થિરતા હોવી, મન-ઈન્દ્રિયો સહિત

શરીરનો નિગ્રહ - ॥૭॥

**ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમનહઙ્કાર એવ ચ ।**

**જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્ ॥૮॥**

આ લોક અને પરલોકના સર્વ ભોગોમાં આસક્તિ ન હોવી અને અહંકારનો પણ અભાવ હોવો, જન્મ, મૃત્યુ, જરા અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવાં. ॥૮॥

**અસક્તિરનભિષ્વઙ્ગઃ પુત્રદારગૃહાદિષુ ।**

**નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૯॥**

પુત્ર, સ્ત્રી, ઘર અને ધન આદિમાં આસક્તિનો તેમજ મમતાનો અભાવ તથા પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિ થતાં સદાય ચિત્તનું સમ રહેવું. ॥૯॥

**મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।**

**વિવક્તદેશસેવિત્વમરતિર્જનસંસદિ ॥૧૦॥**

મુજ પરમેશ્વરમાં અનન્ય યોગનો આશરો લઈને અવ્યભિચારિણી ભક્તિ (કેવળ એક સર્વશક્તિશાળી પરમેશ્વરને જ પોતાનો સ્વામી સમજીને સ્વાર્થ તેમજ અભિમાનને છોડીને શ્રદ્ધા અને ભાવસહિત પરમ પ્રેમથી ભગવાનનું નિરંતર ચિંતન કરવું, એનું નામ 'અવ્યભિચારિણી ભક્તિ' છે.) હોવી, તથા એકાન્ત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો અને વિષયાસક્ત માણસોના સમુદાયમાં પ્રીતિ ન હોવી. ॥૧૦॥



**અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ ।**

**એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તમજ્ઞાનં યદતોઽન્યથા ॥૧૧॥**

અધ્યાત્મજ્ઞાનમાં (જે જ્ઞાન વડે આત્મવસ્તુ અને અનાત્મવસ્તુની સમજણ પડે છે, એ જ્ઞાનનું નામ 'અધ્યાત્મજ્ઞાન' છે.) નિત્ય સ્થિત રહેવું અને તત્ત્વજ્ઞાન વડે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એ પરમાત્માને જ જોતાં રહેવું - આ બધું જ્ઞાન (આ અધ્યાયના ૭ મા શ્લોકથી અહીં સુધી જે સાધનો કહ્યાં છે એ સઘળાં તત્ત્વજ્ઞાન થવાનાં કારણો હોવાને લીધે 'જ્ઞાન'ના નામે ઓળખાવ્યાં છે.) છે, અને જે આ બધાથી અવળું છે, એ અજ્ઞાન (ઉપર કહેવાયેલા જ્ઞાનનાં સાધનોથી અવળાં જે માન, દંભ, હિંસા, આદિ છે, તેઓ અજ્ઞાન વધવાનાં કારણો હોવાને લીધે 'અજ્ઞાન'ના નામે ઓળખાવ્યાં છે.) કહેવાયું છે. ॥૧૧॥

**જ્ઞેયં યત્તત્પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે ।**

**અનાદિમત્પરં બ્રહ્મ ન સત્તન્નાસદુચ્યતે ॥૧૨॥**

જે જાણવાયોગ્ય તત્ત્વ છે તથા જેને જાણીને માણસ પરમાનંદને પ્રાપ્ત થાય છે, એને સમ્યક્ રીતે કહું છું, પ્રકૃતિ અને જીવાત્મા - એ બે અનાદિઓનો સ્વામી પરમ બ્રહ્મ નથી સત્ કહેવાતો કે નથી અસત્. ॥૧૨॥

**સર્વતઃ પાણિપાદં તત્સર્વતોઽક્ષિશિરોમુખમ્ ।**

**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥૧૩॥**

એ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર, સર્વ તરફ આંખ, મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે. (આકાશ જેવી રીતે વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી - એ બધાંનું કારણ હોવાને લીધે એ સર્વને વ્યાપીને રહેલું છે, એ જ રીતે પરમાત્મા પણ સર્વનું કારણ હોવાને લીધે આખા સચરાચર બ્રહ્માંડને વ્યાપીને 'સ્થિત છે.') ॥૧૩॥

**સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।**
**અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ॥૧૪॥**

એ સઘળી ઈન્દ્રિયોના વિષયોને જાણનારો છે, છતાં વાસ્તવમાં સઘળી ઈન્દ્રિયો વિનાનો છે તથા આસક્તિ વિનાનો હોવા છતાં પણ સર્વનું ધારણ-પોષણ કરનારો અને નિર્ગુણ હોવા છતાં પણ ગુણોને ભોગવનારો છે. ॥૧૪॥

**બહિરન્તશ્ચ ભૂતાનામચરં ચરમેવ ચ ।**
**સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥૧૫॥**

એ ચરાચર સર્વ ભૂતોની અંદર-બહાર પૂર્ણરૂપે વ્યાપેલો છે, તેમજ ચર-અચરરૂપે પણ એ જ છે અને એ સૂક્ષ્મ હોવાને લીધે જાણી શકાતો નથી (જે રીતે સૂર્યનાં કિરણોમાં રહેલું જળ સૂક્ષ્મ હોવાને લીધે સાધારણ માણસો દ્વારા જાણી શકાતું નથી, એ જ રીતે સર્વવ્યાપી પરમાત્મા પણ સૂક્ષ્મ હોવાને લીધે સાધારણ



માણસો દ્વારા જાણી શકાતો નથી) તથા એકદમ પાસે (એ પરમાત્મા સર્વત્ર પરિપૂર્ણ હોવાને લીધે તેમજ સૌનો આત્મા હોવાને લીધે 'એકદમ પાસે' છે) તેમજ ઘણો દૂર પણ રહેલો (અશ્રદ્ધાળુ અજ્ઞાની માણસો માટે ન જાણી શકવાને કારણે 'ઘણો દૂર પણ રહેલો' છે.) એ જ છે. ॥૧૫॥

**અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।**
**ભૂતભર્તૃ ચ તજજ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥૧૬॥**

એ પરમાત્મા, અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ, પરિપૂર્ણ હોવા છતાં પણ ચરાચર બધાં ભૂતોમાં જાણે વિભાજિત હોય એમ સ્થિત (જેવી રીતે મહાકાશ અવિભાજિતરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો, રુદ્રરૂપે સંહાર કરનારો તેમજ બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે. ॥૧૬॥

**જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્તમસઃ પરમુચ્યતે ।**
**જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ॥૧૭॥**

એ પરબ્રહ્મ જ્યોતિઓનો પણ જ્યોતિ તેમજ માયાથી સાવ પર કહેવાય છે, એ પરમાત્મા બોધસ્વરૂપ, જાણવાયોગ્ય તેમજ તત્ત્વજ્ઞાનથી પામવાયોગ્ય છે અને સૌના હૃદયમાં વિશેષરૂપે રહેલો છે. ॥૧૭॥

**ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।**
**મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥૧૮॥**

આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન તેમજ જાણવાયોગ્ય પરમાત્માનું સ્વરૂપ ટૂંકમાં કહ્યું, મારો ભક્ત એને તત્ત્વથી જાણીને મારા સ્વરૂપને પામે છે. ॥૧૮॥

**પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધયનાદી ઉભાવપિ ।**
**વિકારાંશ્ચ ગુણાંશ્ચ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ ॥૧૯॥**

મૂળ પ્રકૃતિ અને પુરુષ - એ બેયને તું અનાદિ જાણ અને રાગ-દ્વેષ આદિ વિકારોને તથા ત્રિગુણાત્મક બધાય પદાર્થોને પણ પ્રકૃતિથી ઉદ્ભવેલા જાણ. ॥૧૯॥

**કાર્યકરણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।**
**પુરુષઃ સુખદુખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ॥૨૦॥**

કાર્યો અને કરણોને (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી - એ પાંચેય સૂક્ષ્મ મહાભૂતો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - જ્ઞાનેન્દ્રિયોના આ પાંચ વિષયો - આ દસનું નામ 'કાર્ય' છે. બુદ્ધિ, અહંકાર અને મન - એ ત્રણ અંતઃકરણો, શ્રોત્ર, ત્વચા, રસના, નેત્ર અને ઘ્રાણ - એ પાંચ જ્ઞાનેન્દ્રિયો, તેમજ વાક્, હસ્ત, પાદ, ઉપસ્થ અને ગુદા - એ પાંચ કર્મેન્દ્રિયો - આમ આ તેરનું નામ 'કરણ' છે.) ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ કહેવાય છે અને સુખ-દુઃખોનો અનુભવ થવામાં જીવાત્મા કારણ કહેવાય છે. ॥૨૦॥

**પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુઙ્ક્તે પ્રકૃતિજાન્ગુણાન્ ।**



**કારણં ગુણસઙ્ગોઽસ્ય સદસદ્યોનિજન્મસુ ॥૨૧॥**

પ્રકૃતિમાં રહીને જ પુરુષ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોને અનુભવે છે અને આ ગુણોનો સંગ જ જીવાત્માના સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં કારણ બને છે. (સત્ત્વગુણના સંગને લીધે દેવયોનિમાં, રજોગુણના સંગને લીધે મનુષ્યયોનિમાં અને તમોગુણના સંગને લીધે પશુ-પક્ષી આદિ નીચ યોનિઓમાં જન્મ થાય છે)॥૨૧॥

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।**
**પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્પુરુષઃ પરઃ ॥૨૨॥**

આ દેહમાં રહેલો હોવા છતાં, આ જીવાત્મા વાસ્તવમાં પરમાત્મા (એટલે કે ત્રિગુણમયી માયાથી સર્વ રીતે અતીત.) જ છે, એ જ સાક્ષી હોવાને લીધે ઉપદ્રષ્ટા અને ખરી સંમતિ આપનારો હોવાને લીધે અનુમંતા, સૌનું ધારણ-પોષણ કરનારો હોવાને લીધે ભર્તા, જીવરૂપે ભોક્તા, બ્રહ્મા આદિનો પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર અને શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા - એમ કહેવાયો છે. ॥૨૨॥

**ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।**
**સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે ॥૨૩॥**

આ રીતે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને, જે માણસ તત્ત્વથી જાણે છે, (દૃશ્યમાત્ર આખું જગત માયાનું કાર્ય હોવાને

લીધે ક્ષણભંગુર, નાશવંત, જડ તેમજ અનિત્ય છે તથા જીવાત્મા નિત્ય, ચેતન, નિર્વિકાર અને અવિનાશી તેમજ શુદ્ધ અને બોધસ્વરૂપ એવા સચ્ચિદાનંદઘન પરમાત્માનો જ સનાતન અંશ છે - આવું સમજીને બધાય માયિક પદાર્થોના સંગને સર્વ રીતે છોડીને પરમપુરુષ પરમાત્મામાં જ એકાત્મભાવે નિત્ય સ્થિત રહેવું, એનું નામ પરમેશ્વરને 'તત્ત્વથી જાણવા' એમ કહેવાય.) એ સર્વ રીતે કર્તવ્ય કર્મ કરતો હોવા છતાં પણ ફરી નથી જન્મ પામતો. ॥૨૩॥

**ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના।**
**અન્યે સાઙ્ખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥૨૪॥**

એ પરમાત્માને, કેટલાક માણસો શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે ધ્યાન દ્વારા હૃદયમાં જુએ છે, તો બીજા કેટલાક જ્ઞાનયોગ દ્વારા અને વળી બીજા કેટલાક કર્મયોગ દ્વારા જુએ છે એટલે કે પામે છે. ॥૨૪॥

**અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે।**
**તેઽપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥૨૫॥**

પરંતુ આ બધા કરતાં અન્ય પ્રકારના અર્થાત્ મંદબુદ્ધિના માણસો, આ પ્રમાણે ન જાણતા હોવાને લીધે બીજા માણસો પાસેથી એટલે કે તત્ત્વજ્ઞાનીઓ પાસેથી સાંભળીને એ મુજબ ઉપાસના કરે છે (અર્થાત્ પેલા જ્ઞાનીજનોના કહ્યા પ્રમાણે જ



શ્રદ્ધાભાવ સાથે તત્પર થઈને સાધન કરે છે) અને એ શ્રવણ-પરાયણ પુરુષો પણ મૃત્યુરૂપી સંસારસાગરને નિઃસંદેહ તરી જાય છે. ॥૨૫॥

**યાવત્સઞ્જાયતે કિઞ્ચિત્સત્ત્વં સ્થાવરજઙ્ગમમ્।**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥૨૬॥**

હે ભરતશ્રેષ્ઠ ! યાવન્માત્ર જેટલાં પણ સ્થાવર-જંગમ પ્રાણીઓ જન્મે છે, એ બધાંયને તું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉદ્ભવેલાં જાણ. ॥૨૬॥

**સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્।**
**વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૨૭॥**

જે માણસ નષ્ટ થઈ રહેલાં સઘળાં ચરાચર ભૂતોમાં પરમેશ્વરને નષ્ટ ન થતા, તેમજ સમભાવે રહેલા જુએ છે, એ જ ખરું જુએ છે. ॥૨૭॥

**સમં પશ્યન્હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્।**
**ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ॥૨૮॥**

કેમકે સર્વમાં સમભાવે રહેલા પરમેશ્વરને સમસ્વરૂપે જોતો માણસ પોતાના વડે પોતાને નષ્ટ નથી કરતો, (એટલે કે શરીરનો નાશ થવાને લીધે પોતાના આત્માનો નાશ થાય છે, એમ નથી માનતો) માટે એ પરમ ગતિને પામે છે. ॥૨૮॥

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ।**

**યઃ પશ્યતિ તથાત્માનમકર્તારં સ પશ્યતિ ॥૨૯॥**

અને જે માણસ બધાંય કર્મોને સર્વ રીતે પ્રકૃતિ વડે જ થનારાં જુએ છે (અર્થાત્ એ વાતને તત્ત્વથી સમજી જાય છે કે પ્રકૃતિમાંથી ઉદ્ભવેલા સઘળા ગુણો જ ગુણોમાં વર્તે છે.) તથા આત્માને અકર્તા જુએ છે, એ જ ખરું જુએ છે. ॥૨૯॥

**યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।**
**તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા ॥૩૦॥**

જે ક્ષણે, આ માણસ પ્રાણીઓનાં જાતજાતનાં સ્વરૂપોને એક પરમાત્મામાં વિસ્તાર જુએ છે, એ જ ક્ષણે એ સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામી જાય છે. ॥૩૦॥

**અનાદિત્વાન્નિર્ગુણત્વાત્પરમાત્માયમવ્યયઃ ।**
**શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ॥૩૧॥**

હે કૌન્તેય ! અનાદિ હોવાને લીધે તથા નિર્ગુણ હોવાને લીધે આ અવિનાશી પરમાત્મા, શરીરમાં રહેલો હોવા છતાં પણ, ખરી રીતે ન તો કશું કરે છે કે ન તો લેપાય છે. ॥૩૧॥

**યથા સર્વગતં સૌક્ષ્મ્યાદાકાશં નોપલિપ્યતે ।**
**સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે ॥૩૨॥**

જેમ સર્વ સ્થળે વ્યાપેલું આકાશ સૂક્ષ્મ હોવાને લીધે સ્થાનોના ગુણ-દોષથી લેપાતું નથી, એ જ રીતે દેહમાં સર્વત્ર રહેલો આત્મા નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી લેપાતો નથી.



॥૩૨॥

**યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।**
**ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ॥૩૩॥**

હે ભારત ! જેવી રીતે એક જ સૂર્ય આ આખાય બ્રહ્માંડને ઉજાળે છે, એ જ રીતે એક જ આત્મા આખાય ક્ષેત્રને ઉજાળે છે. ॥૩૩॥

**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં જ્ઞાનચક્ષુષા ।**
**ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્ ॥૩૪॥**

આ પ્રમાણ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને (ક્ષેત્રને જડ, વિકારી, ક્ષણિક અને નાશવંત જાણવું તથા ક્ષેત્રજ્ઞને નિત્ય, ચેતન, અવિકારી તેમજ અવિનાશી જાણવો, એ જ એમના ભેદને જાણવો છે.

# અધ્યાય તેરમો

## આત્માનાત્મ-વિવેક

### કર્મયોગને ઉપકારક દેહાત્મ-પૃથક્કરણ

વ્યાસે પોતાના જીવનનો સાર ભગવદ્‌ગીતામાં રેડ્યો છે. વ્યાસે વિસ્તારપૂર્વક બીજાં લખાણો ઘણાં કર્યાં છે. એકલી મહાભારતની સંહિતાના શ્લોકો લાખ સવાલાખ છે. સંસ્કૃત ભાષામાં વ્યાસ શબ્દનો અર્થ જ મૂળમાં 'વિસ્તાર' એવો થઈ ગયો છે. પણ ભગવદ્‌ગીતામાં વ્યાસની વિસ્તાર કરવાની વૃત્તિ નથી. ભૂમિતિમાં યુક્લિડે જેમ તત્ત્વો બતાવ્યાં, સિદ્ધાંતો જણાવ્યા તેમ વ્યાસદેવે જીવનને ઉપયોગી તત્ત્વો નોંધ્યાં છે. ભગવદ્‌ગીતામાં વિશેષ ચર્ચા નથી, વિસ્તાર, ફેલાવો કશું નથી. એનું મુખ્ય કારણ એવું છે કે ગીતામાં જે બાબતો રજૂ કરવામાં આવી છે તેમનો જીવનમાં હરેક જણ જાતે તપાસી તાળો મેળવી શકે છે. એ બાબતો એ રીતે ચકાસીને તાળો મેળવવાને ખાતર કહેવામાં આવી છે. જીવનને ઉપયોગી જેટલી ચીજો છે તેટલી જ



ગીતામાં કહી છે. એ બાબતો કહેવાનો ઉદ્દેશ આટલો જ હતો. તેથી ટૂંકમાં તત્ત્વો નોંધી ભગવાન વ્યાસે સંતોષ માન્યો છે. એમની એ સંતોષવૃત્તિમાં સત્ય પરનો અને આત્માનુભવ પરનો એમનો ભારે વિશ્વાસ આપણને જોવાનો મળે છે. જે ચીજ સત્ય છે તેના મંડનને સારુ ખાસ દલીલ કે વધારે યુક્તિની જરૂર રહેતી નથી.

જે જે વખતે આપણને ગીતાની મદદની જરૂર પડે તે તે વખતે ગીતા પાસેથી આપણને મદદ મળી રહે એ મુખ્ય ઉદ્દેશથી આપણે અત્યારે ગીતા તરફ જોઈએ છીએ. એવી મદદ આપણને હંમેશ મળી રહે તેવી છે. ગીતા જીવનોપયોગી શાસ્ત્ર છે. તેથી જ ગીતામાં સ્વધર્મની વાત પર ભાર મૂક્યો છે. સ્વધર્માચરણ માણસના જીવનનો મોટો પાયો છે. જીવનની આખીયે ઈમારત ટકી રહેશે. આ સ્વધર્માચરણને ગીતાએ કહ્યું છે. એ સ્વધર્માચરણસ્વરૂપ કર્મની ફરતે અનેક વસ્તુઓ ગીતાએ ઊભી કરે છે. તેના રક્ષણને માટે અનેક વિકર્મો રચ્યાં છે. સ્વધર્માચરણને શણગારવા ને તેને રક્ષણને માટે અનેક વિકર્મો રચ્યાં છે. સ્વધર્માચરણને શણગારવા ને તેને રૂડુંરૂપાળું, સુંદર બનાવવાને માટે, તેને સફળ કરવાને માટે જે જે મદદની અપેક્ષા હોય તે બધી મદદ, તે બધો આધાર, બધો ટેકો આ સ્વધર્માચરણરૂપ કર્મને આપવો જરૂરી છે. એથી આપણે અત્યાર સુધીમાં ઘણી બાબતો જોઈ ગયા. તેમાંની ઘણીખરી ભક્તિના સ્વરૂપની છે.

આજે તેરમા અધ્યાયમાં જે બાબત જોવાની છે તે પણ સ્વધર્માચરણને ઘણી ઉપયોગી છે. એ બાબત વિચારના ક્ષેત્રની છે.

સ્વધર્માચરણ કરવાવાળાએ ફળનો ત્યાગ કરવો એ મુખ્ય વાત ગીતામાં બધે ઠેકાણે કહી છે. કર્મ કરવું ને તેનું ફળ છોડવું, ઝાડને પાણી પાવું, તેને માવજત કરી ઉછેરવું પણ તેના છાંયડાની, તેનાં ફૂલોની, તેના ફળની પોતાને માટે અપેક્ષા ન રાખવી. આવો એ સ્વધર્માચરણરૂપ કર્મયોગ છે. કર્મયોગનો અર્થ કેવળ કર્મ કરવું એટલો નથી. કર્મ આ સૃષ્ટિમાં સર્વત્ર ચાલી રહેલું છે. તે કહેવાની જરૂર નથી, પણ ખાલી કર્મ નહીં, સ્વધર્માચરણરૂપ કર્મ બરાબર કરતા રહી તેનું ફળ છોડી દેવું એ વાત બોલવામાં સહેલી છે. સમજવામાંયે સહેલી હશે પણ આચરવી અઘરી છે. કારણ કે ફળની વાસનાને જ મૂળમાં કાર્યને પ્રેરનારી શક્તિ માનેલી છે. ફળની વાસના છોડી કર્મ કરવું એ ઊલટો રસ્તો છે. વહેવારમાં, સંસારમાં જે વર્તન છે તેનાથી આ અવળી ક્રિયા છે. જે કોઈ પુષ્કળ કર્મ કરે છે તેના જીવનમાં ગીતાનો કર્મયોગ છે એમ આપણે ઘણી વાર કહીએ છીએ. પુષ્કળ કર્મ કરી છૂટનારનું જીવન કર્મયોગમય છે એવું આપણે બોલીએ છીએ. પણ આવો શબ્દપ્રયોગ આપણી ભાષાના ઢીલાપણાને લીધે આપણે કરીએ છીએ. ગીતાની વ્યાખ્યા મુજબનો એ કર્મયોગ નથી. કર્મ



કરવાવાળા લાખો લોકોમાંથી માત્ર કર્મ નહીં, સ્વધર્માચરણરૂપ કર્મ કરવાવાળા લાખોમાંથી પણ ગીતામાં કહેલા કર્મયોગનું આચરણ કરનારો બહુ તો એકાદ મળશે. કર્મયોગના સૂક્ષ્મ અને સાચા અર્થમાં જોઈએ તો એવો સંપૂર્ણ કર્મયોગી મળવો વિરલ છે. કર્મ કરવું અને તેનું ફળ છોડી દેવું, એ વસ્તુ તદ્દન અસામાન્ય છે. ગીતામાં અત્યાર સુધી આ જ પૃથક્કરણ રજૂ થયું છે.

એ જ પૃથક્કરણને ઉપયોગી એવું બીજું એક પૃથક્કરણ આ તેરમા અધ્યાયમાં બતાવ્યું છે. કર્મ કરવું અને ફળની આસક્તિ છોડવી એ જે પૃથક્કરણ છે તેને ઉપયોગી એવું બીજું મહાન પૃથક્કરણ દેહ ને આત્માનું છે. એ પૃથક્કરણ આ તેરમા અધ્યાયમાં કર્યું છે. આંખ વડે આપણે રૂપ જોઈએ છીએ. તે રૂપને આપણે મૂર્તિ, આકાર, દેહ કહીને ઓળખાવીએ છીએ. બાહ્ય મૂર્તિ અથવા આકારનો પરિચય આપણને આંખ વડે થાય છે ખરો. પણ વસ્તુના અંતરમાંયે આપણે પ્રવેશ કરવો પડે છે. ફળની ઉપરની છાલ કાઢીને અંદરનો ગર આપણે ચાખવો પડે છે. નાળિયેરમાં પણ તેને ફોડીને અંદર શું છે તે જોવું પડે છે. ફણસની બહારની છાલ પર કાંટા દેખાય છે પણ અંદર મજાનાં રસાળ મીઠાં ચાંપાં હોય છે. પોતાની જાત તરફ જોવાનું હોય કે બીજાના તરફ જોવાનું હોય, પણ આ અંદરનું ને બહારનું પૃથક્કરણ જરૂરી હોય છે અને કર્યા વગર ચાલતું નથી. ઉપરની છાલ અથવા

કાચલી દૂર કરવી એ વાતનો અર્થ શો? એનો અર્થ એટલો કે દરેક ચીજનું બાહ્ય રૂપ અને અંદરના ગરનું પૃથક્કરણ કરવું. બહારનો દેહ અને અંદરનો આત્મા એવું હરેક ચીજનું બેવડું રૂપ હોય છે. કર્મનું પણ એવું જ છે. બહારનું ફળ એ કર્મનો દેહ છે. કર્મ વડે જે ચિત્તશુદ્ધિ થાય છે તે એ કર્મનો આત્મા છે. સ્વધર્માચરણનં બહારનું ફળ એવો આ જે દેહ તે ફેંકી દેવો, છોડવો જોઈએ અને અંદરનો ચિત્તશુદ્ધિરૂપ, સારભૂત જે આત્મા તેનો સ્વીકાર કરવો જોઈએ. તેને વહાલો કરવો જોઈએ. આ પ્રમાણે જોવાની ટેવ, દેહને બાજુએ કરીને હરેક ચીજમાં રહેલો સાર પકડવાની સારગ્રાહી દૃષ્ટિ આપણે કેળવવી જોઈએ. આંખને, મનને, વિચારને આવી કેળવણી આપવી જોઈએ, આવી ટેવ પાડવી જોઈએ, આવો મહાવરો પાડવો જોઈએ. હરેક ઠેકાણે આપણે દેહને જુદો પાડી આત્માની પૂજા કરીએ. વિચારને માટે આ પૃથક્કરણ તેરમા અધ્યાયમાં રજૂ કર્યું છે.

## સુધારણાનો મૂળ આધાર

સારગ્રાહી દૃષ્ટિ રાખવાનો અને કેળવવાનો વિચાર ઘણો મહત્ત્વનો છે. બચપણથી એ ટેવ પાડવામાં આવે તો કેટલું સારું થાય ! આ વિષય પચાવવા જેવો છે, આ દૃષ્ટિ સ્વીકારવા જેવી, કેળવવા લાયક છે. ઘણા લોકો એમ લાગે છે કે અધ્યાત્મવિદ્યાનો જીવનના વિચાર સાથે કશો સંબંધ નથી. અને કેટલાક લોકોને



એમ લાગે છે કે સંબંધ હોય તોયે હોવો ન જોઈએ. દેહથી આત્માને અળગો પાડવાની કેળવણીની બાળપણથી યોજના કરવામાં આવે તો બહુ આનંદની વાત થાય. એ કેળવણીના ક્ષેત્રની બાબત છે.અત્યારે કુશિક્ષણથી બહુ ખોટા સંસ્કાર પડ્યા કરે છે. ‘કેવળ દેહરૂપ હું છું’ એ સંસ્કારમાંથી આ કેળવણી આપણને બહાર લાવતી નથી. દેહને જ બધાંયે લાડ લડાવવામાં આવે છે. આટલાં આટલાં લાડ લડાવવા છતાં તે દેહને જે સ્વરૂપ મળવું જોઈએ. જે સ્વરૂપ અપાવું જોઈએ તે ક્યાંયે જોવાનું નથી મળતું તે નથી જ મળતું. દેહની આજે આવી ફોગટ પૂજા ચાલી રહેલી છે. આત્માની મીઠાશ તરફ ધ્યાન જરાયે નથી. કેળવણીને લીધે એટલે કે આજની કેળવણીની અવળી રીતને લીધે આવી આ સ્થિતિ થયેલી છે. દેહની દેરીઓ ઊભી કરી તેની પૂજા કરવાનો અભ્યાસ રાતદહાડો કરવામાં આવે છે.

છેક નાનપણથી આ દેહદેવની પૂર્જાઅર્ચા કરવાની કેળવણી આપવાનું શરૂ થાય છે. પગને સહેજ ક્યાંક ઠોકર વાગે તો ધૂળ ભભરાવવાથી કામ સરે છે. છોકરાંઓને તો એટલાથી પણ ચાલે છે, અથવા તેમને તો ધૂળ ભભરાવવાનીયે જરૂર લાગતી નથી. જરા છોલાય તો તેની તે ફિકર કરતાં નથી, અરે, તેની તેમને ખબર સરખી રહેતી નથી. પણ છોકરાંના જે વાલી હોય છે, પાલક હોય છે તેમને એટલાથી ચાલતું નથી. વાલી છોકરાને

પાસે બોલાવીને કહેશે, 'ભાઈ, કેમ છે? કેટલું વાગ્યું? અરે, બહુ વાગ્યું લાગે છે ! લોહી નીકળ્યું, ખરું!' આવી શરૂઆત કરીને તે છોકરો રડતો નહીં હોય તોયે તેને રડાવશે. ન રડનારા છોકરાંને રડાવવાનાં આ જે લક્ષણો છે તેને માટે શું કહેવું? કૂદકા મારીશ નહીં, રમવા જઈશ નહીં, તને વાગશે, છોલાશે, એવું એક બાજુનું, ફક્ત દેહ તરફ જોવાનું શિક્ષણ આપવામાં આવે છે.

છોકરાંની કદર કરવાની હોય તો તે પણ તેના દેહની બાજુ પૂરતી જ થાય છે. તેની નિંદા કરવાની હોય તો પણ તે જ, દેહની બાજુની જ. 'કેમ અલ્યા લીટિયા!' એવું કહીને તેને વઢે છે. એથી તે બાળકને કેટલો આઘાત થાય છે ! તેના પર કેટલો ખોટો આરોપ મુકવામાં આવે છે ! તેના નાકમાં લીંટ હોય છે. એ વાત સાચી. અને તે કાઢવું જોઈએ અથવા તેની પાસે કઢાવવું જોઈએ એ વાત પણ સાચી. પણ તે સહેજે સાફ ન કરતાં તેને બદલે એ બાળકને આઘાત લગાડવાનો કેવો ભૂંડો પ્રયોગ કરવામાં આવે છે ! તે બિચારાથી તે સહન થઈ શકતો નથી. તેને ખેદ થાય છે. તે બાળકના અંતરંગમાં, તેના આત્મામાં સ્વચ્છતા, નિર્મળતા ભરેલી હોવા છતાં તે બિચારા પર કેટલો બધો ખોટો, નાહકનો આરોપ ! ખરું જોતાં તે છોકરો લીટિયો નથી. અત્યંત સુંદર, મધુર, પવિત્ર, પ્રિય એવો જે પરમાત્મા છે તે જ તે છે. તેનો અંશ તેનામાં છે. પણ તેને કહે છે, 'લીંટિયો !'



એ લીંટની સાથે તેનો એવો શો સંબંધ છે? તે છોકરાને તે સમજાતુંયે નથી. આવી તેની સ્થિતિ હોવાથી આ આઘાત તેનાથી સહેવાતો નથી. તેના ચિત્તમાં ક્ષોભ પેદા થાય છે. અને ક્ષોભ પેદા થયો એટલે સુધારાની વાત ભૂલી જવી. તેને બરાબર સમજ પાડી સ્વચ્છ કરવો જોઈએ.

પણ આથી ઊલટાં કૃત્યો કરીને આપણે તે બાળકના મન પર તું કેવળ દેહ છે એવી ખોટી વાત ઠસાવીએ છીએ. શિક્ષણશાસ્ત્રમાં આને મહત્ત્વનો સિદ્ધાંત ગણવો જોઈએ. હું જેને શીખવું છું તે સર્વાંગસુંદર છે એવી ગુરુની ભાવના હોવી જોઈએ. દાખલો કરતાં ન આવડે તો છોકરાને મારે છે. તેને મારવાની વાતને અને તેનો દાખલો ખોટો પડ્યો એ વાતને શો સંબંધ છે? નિશાળમાં છોકરો મોડો આવે છે તો તેને ગાલ પર તમાચો પડે છે. તેને તમાચો મારવાથી તેના ગાલ પરનું લોહી જોરથી ફરતું થશે તેથી શું તે નિશાળે વહેલો આવતો થશે? રક્તનું એ જોરથી થતું અભિસરણ કેટલા વાગ્યા છે તેની તેને ખબર આપશે એવું કંઈ છે ખરું કે? વાસ્તવિક રીતે જોતાં એ મારવાની ક્રિયાથી તે બાળકની પશુવૃત્તિને હું વધારું છું. આ દેહ એટલે તું એવી તેની ભાવના પાકી કરી આપું છું. એથી તેનું જીવન ભયની, દહેશતની લાગણી પર ઊભું કરવામાં આવે છે. સાચો સુધારો થવાનો હશે, તો તે આવી જબરજસ્તીથી, દેહાસક્તિ વધારીને કદી થઈ

શકવાનો નથી. આ દેહથી હું જુદો છું એ વાત મને પાકી સમજાશે ત્યારે જ હું સુધારો કરી શકીશ.

દેહમાં અથવા મનમાં રહેલા દોષોનું ભાન હોય તેમાં કશું ખોટું નથી. એથી એ દોષો દૂર કરવામાં મદદ થાય છે. પણ હું એટલે દેહ નથી એ વાત સાફ સમજાવી જોઈએ. 'હું' જે છું તે આ દેહથી તદ્દન ભિન્ન, અત્યંત સુંદર, ઉજ્જવળ, પવિત્ર, અવ્યંગ એટલે કે ખામી વગરનો એવો છું. પોતાના દોષ સુધારવાને માટે જે કોઈ આત્મપરીક્ષણ કરે છે તે આત્મપરીક્ષણ પણ દેહને પોતાનાથી જુદો પાડીને જ કરે છે. કોઈ તેની ખામી બતાવે તેનો તેને ગુસ્સો આવતો નથી. ગુસ્સો ન કરતાં આ શરીરરૂપી અથવા આ મનરૂપી યંત્રમાં દોષ છે કે શું એનો વિચાર કરી ખામીને તે દૂર કરે છે. જે દેહને પોતાની જાતથી અલગ માનતો નથી તે કદી સુધારો કરી શકતો નથી. આ દેહ, આ ગોળો, આ માટી તે જ હું એવો જેનો ખ્યાલ હશે તે સુધારો કેવી રીતે કરશે? દેહ મને મળેલું એક સાધન છે એવું પાકું ધ્યાનમાં ઊતરશે ત્યારે જ સુધારો થશે. મારા રેંટિયામાં કોઈ ખામી બતાવે તો હું તેના પર ચિડાઉં ખરો કે? ખામી હોય તો તે હું દૂર કરું છું. એવું જ આ દેહનું છે. જેવાં ખેતીનાં ઓજારો હોય છે તેવો આ દેહ છે. પરમેશ્વરના ઘરની ખેતી કરવાનું દેહ એક ઓજાર છે. એ ઓજારમાં બગાડો થાય તો તેને સુધારવું જ જોઈએ. દેહ



સાધનરૂપે ખડો છે. આ દેહથી અળગા રહીને દોષમાંથી છુટવાની કોશિશ મારે કરવી જોઈએ. આ દેહરૂપી સાધનથી હું નિરાળો છું. હું સ્વામી છું, માલિક છું, આ દેહ પાસે વૈતરું કરાવનારો, તેની પાસેથી સારામાં સારું કામ લેનારો છું. છેક નાનપણથી દેહથી અળગા થવાની આ વૃત્તિ કેળવવી જોઈએ.

રમતથી અળગો રહેનારો ત્રયસ્થ જેમ રમતમાં રહેલી ખામી-ખૂબી બરાબર જોઈ શકે છે તે જ પ્રમાણે દેહ, મન ને બુદ્ધિથી અળગા રહેવાથી આપણને તે બધામં રહેલા ગુણદોષ સમજાશે. કોઈ માણસ કહે છે, 'હમણાં મારી યાદદાસ્ત જરા બગડી છે. એનો શો ઈલાજ કરવો?' માણસ આવું કહે છે ત્યારે એ સ્મરણશક્તિથી તે જુદો છે એ વાત સ્પષ્ટ થાય છે. તે કહે છે, 'મારી સ્મરણશક્તિ બગડી છે.' એટલે કે તેનું કોઈક સાધન, કોઈક હથિયાર બગડેલું હોય છે. કોઈકનો છોકરો ખોવાઈ જાય છે, કોઈકની ચોપડી ખોવાઈ જાય છે, પણ કોઈ જાતે ખોવાઈ જાય એવું બનતું નથી. છેવટે મરણની ઘડીએ પણ તેનો દેહ છેક બગડી જાય છે, નકામો થઈ જાય છે. પણ તે પોતે અંદરથી નામનોયે બગડ્યો હોતો નથી, તે અવ્યંગ હોય છે, નીરોગ હોય છે. આ વાત ખરેખર સમજવા જેવી છે અને એ બરાબર સમજાય તો ઘણીખરી ભાંજગડનો અંત આવે.

**દેહાસક્તિને લીધે જીવન નકામું થઈ જાય છે.**

દેહ એટલે જ હું એવી જે ભાવના બધે ઠેકાણે ફેલાઈ રહેલી છે તેને લીધે કશોયે વિચાર ન કરતાં આ દેહને વધારવાને માટે માણસે તરેહતરેહનાં સાધનો નિર્માણ કર્યા છે. એ જોઈને મનમાં ડર લાગે છે. આ દેહ જૂનો થયો. જીર્ણ થયો હોવા છતાં ગમે તેમ કરીને તેને સાબૂત રાખવો એવું કાયમ માણસને લાગ્યા કરે છે. પણ આ દેહ, આ ઉપરની છાલ, આ કાચલી, ક્યાં સુધી સાચવી રખાશે? બહુ તો મરીએ ત્યાં સુધી. મરણની ઘડી આવી એટલે એક ક્ષણભર પણ દેહ ટકાવી શકતો નથી. મરણની સામે માણસની બધી એંટ નકામી થઈ જાય છે. આ તુચ્છ દેહને સારુ તરેહતરેહનાં સાધનો માણસ નિર્માણ કરે છે. આ દેહની તે રાત ને દિવસ ફિકર રાખે છે. હવે તો માણસે કહેવા માંડ્યું છે. કે દેહના બચાવને માટે માંસ ખાવામાં વાંધો નથી. માણસનો આ દેહ જાણે ઘણો કીમતી ! તેને બચાવવાને સારુ માંસ ખાઓ ! જાનવરના શરીરની કિંમત ઓછી. શા સારુ ઓછી? માણસનો દેહ કીમતી શાથી ઠર્યો? ક્યાં કારણોસર કીમતી સાબિત થયો? અરે, આ જાનવરો ફાવે તેને ખાય છે. સ્વાર્થ વગર બીજો કશો વિચાર કરતાં નથી. પણ માણસ તેમ કરતો નથી. માણસ પોતાની આસપાસની સૃષ્ટિનું સંરક્ષણ કરે છે તેથી માણસનો દેહ મૂલ્યવાન છે, તેથી કીમતી છે. પણ જે કારણસર માણસનો દેહ કીમતી સાબિત થાય છે તે જ કારણ તું માંસ ખાઈને ઉડાવી દે છે. અરે



ભલા માણસ, તું સંયમથી રહે છે, બધા જીવોને માટે મથામણ કરે છે, સૌ કોઈનું જતન કરવાની, સૌને સંભાળવાની વૃત્તિ તારામાં છે, તેના પર તારી મોટાઈ આધાર રાખે છે. પશુની સરખામણીમાં તારામાં આ જે વિશેષતા છે તેને લીધે જ તું માણસ ચડિયાતો ગણાયો છે. એટલા જ કારણસર મનખાદેહને દુર્લભ કહ્યો છે. પણ જે આધારથી માણસ મોટો ગણાયો છે તે જ આધારને માણસ ઉખેડી નાખવા નીકળે તો તેની મોટાઈની ઈમારત ઊભી કેમ રહેશે? સામાન્ય જાનવર બીજા જીવોનું માંસ ખાવાની જે ક્રિયા કરે છે તે જ ક્રિયા કરવાને માણસ પણ બેધડક તૈયાર થાય છે ત્યારે તેની મોટાઈનો આધાર ખસેડી લેવા જેવું થાય છે. જે ડાળ પર હું બેઠો હોઉં તેને જ કાપવાની હું કોશિશ કરું તેવું એ થયું.

વૈદશાસ્ત્ર તો વળી તરેહતરેહના ચમત્કારો કરતું જાય છે. જાનવરો પર વાઢકાપ કરીને તેમનાં શરીરમાં, એ જીવતાં પશુઓનાં શરીરોમાં રોગનાં જંતુ પેદા કરવામાં આવે છે અને જે તે રોગની શી અસર થાય છે તે એ શાસ્ત્રવાળાઓ તપાસે છે ! જીવતા જાનવરોના આવા હાલહવાલ કરી, તેમને આમ રિબાવી જે જાણકારી મળે તે આ નકામો દેહ બચાવવાને વપરાય છે. અને આ બધું વળી ભૂતદયાને નામે ચાલે છે ! પેલાં જાનવરોનાં શરીરોમાં રોગનાં જંતુ નિર્માણ કરી, તેની રસી બનાવી, તે કાઢી

લઈ માણસોનાં શરીરોમાં મૂકવામાં આવે છે ! આવા તરેહતરેહનાં ભીષણ પ્રયોગ કરવામાં આવે છે. જે દેહને સારુ આ બધું ચાલે છે તે તો ક્ષણવારમાં ફૂટી જનારા કાચના જેવો છે. એ ક્યારે ફૂટી જશે તેનો જરાયે ભરોસો નથી. માણસના દેહને સંભાળી રાખવાના આ બધા પ્રયાસો છે. પણ છેવટે અનુભવ શો થાય છે? જેમ જેમ આ તકલાદી શરીરને સંભાળવાનો પ્રયાસ થાય છે તેમ તેમ તેનો નાશ થતો જાય છે એવી પ્રતીતિ થાય છે. તે છતાં દેહને વધારવાના માણસોના પ્રયાસો ચાલુ છે.

કેવો ખોરાક લેવાથી બુદ્ધિ સાત્ત્વિક થાય એ વાત તરફ કદી ધ્યાન જતું નથી. મન સારું થાય, બુદ્ધિ નિર્મળ રહે તે માટે શું કરવું જોઈએ. શેની મદદ લેવી જોઈએ, એ વાત તરફ માણસ જરાયે જોતો નથી. શરીરનું વજન કેમ વધે એટલી જ વાત તે જુએ છે. પૃથ્વી પરની પેલી માટીને ત્યાંથી ઉપાડી આ શરીર પર કેમ થાપી શકાય, તે માટીના લોચા આ શરીર પર કેમ વળગાવી શકાય એટલી એક જ વાતની તે ફિકર રાખ્યા કરે છે. પણ થાપી થાપીને રાખેલો છાણનો ગોળો સુકાઈને જેમ નીચે પડી જાય છે તે પ્રમાણે શરીર પાછું પહેલાંના જેવું ત્યાંનું ત્યાં આવીને ઊભું રહે છે. બહારની માટી શરીર પર વળગાવેલા માટીના લોચા, આ ચરબી પણ આખરે ગળી જાય છે અને આ શરીર પર થાપવાનું અને શરીરનું વજન દેહથી ઝિલાય નહીં એટલું વધારવાનું



પ્રયોજન શું? શરીર આટલું બધું, લચી પડે તેમ વધારવાથી ફાયદો શો? આ દેહ મારા હાથમાંનું એક સાધન છે. તે સાધનને બરાબર કામ આપે તેવી સારી સ્થિતિમાં રાખવાને જે કંઈ કરવું જરૂરી હોય તે બધું કરવું. યંત્ર પાસેથી કામ કરાવવાનું છે. યંત્રનું કોઈ અભિમાન, 'યંત્રાભિમાન' જેવું કંઈ હોય ખરું કે? તો પછી આ દેહયંત્રની બાબતમાં પણ એવી જ સ્થિતિ શા સારુ ન હોય?

ટૂંકમાં, દેહ સાધ્ય નથી પણ સાધન છે એવી બુદ્ધિ કેળવાય ને મજબૂત થાય તો જે નાહકનો આડંબર માણસ વધારતો જાય છે તે વધારશે નહીં. જીવન જુદું જ લાગવા માંડશે. પછી આ દેહને સાદું કપડું વીંટાળવાનું મળે તો તે પૂરતું છે. પણ ના. એ કપડું સુંવાળું જોઈએ, તેના પર વેલબુટ્ટા, ફૂલો ને નકશી જોઈએ. કાપડને એવું બનાવવાને કેટલાય લોકો પાસે હું મજૂરી કરાવું છું. એ બધું શા સારું? દેહના બનાવવાવાળા ઈશ્વરને શું અક્કલ નહોતી? શરીરને મજાના ચટાપટા, નકશી વગેરેની જરૂર હોત તો વાઘના શરીર પર મૂક્યા છે તેવા ચટાપટા, તેણે તારા શરીર પર પણ ન મૂક્યા હોત કે? એ તેનાથી બને એવું નહોતું કે? તેણે મોરને જેવો રંગબેરંગી પીંછાનો કલાપ આપ્યો છે તેવો તને પણ આપ્યો હોત. પણ ઈશ્વરે માણસોને એકરંગી રાખ્યાં છે. તેના પર જરા બીજા રંગનો ડાઘ લાગે તેની સાથે તેનું સૌંદર્ય ઊડી જાય છે. માણસ છે તેવો જ સુંદર છે. માનવદેહને શણગારવો

એવો પરમેશ્વરનો ઉદ્દેશ જ નથી. સૃષ્ટિમાં રહેલું સૌંદર્યશું જેવુંતેવું છે? એ અસાધારણ સૌંદર્યને નીરખવું એટલું જ માણસનું કામ છે. પણ તે ભુલાવામાં પડ્યો. કહે છે જર્મનીએ અમારો રંગ મારી નાખ્યો. અરે, પહેલાં તારા મનનો રંગ મરી ગયો. પછી તને આ કૃત્રિમ રંગોની હોંશ થવા માંડી. તેમને માટે તું પરાવલંબી થયો. નાહક તું દેહ શણગારવાને છંદે ચડ્યો. મનને શણગારવું, બુદ્ધિનો વિકાસ કરવો, હૃદય સુંદર બનાવવું એ બધું આઘું રહી ગયું છે.

## તત્ત્વમસિ

એથી ભગવાન આ તેરમા અધ્યાયમાં જે વિચાર રજૂ કરે છે તે બહુ કીમતી છે. 'તુ દેહ નથી, તું આત્મા છે.' તે આત્મરૂપ તું છે એ બહુ મોટો પવિત્ર ઉદ્‌ગાર છે. પાવન અને ઉદાત્ત ઉચ્ચાર છે. સંસ્કૃત સાહિત્યમાં આ બહુ મોટો વિચાર ગૂંથી લેવામાં આવ્યો છે. 'આ ઉપરનું ઓઢણું, ઉપરની છાલ તું નથી; પેલું નિર્ભેળ અવિનાશી જે ફળ છે તે તું છે.' જે ક્ષણે 'તે તું છે' એ વિચાર તેના મનમાં ઊઠશે તે ક્ષણે એક પ્રકારનો અનનુભૂત આનંદ તેના મનમાં પેદા થશે. એ મારા રૂપનો નાશ કરવાનું આ સૃષ્ટિમાંની કોઈ ચીજથી બને એવું નથી. કોઈનામાં એ સામર્થ્ય નથી. આવો સૂક્ષ્મ વિચાર એ ઉદ્‌ગારમાં ભરેલો છે.

દેહની ધારનું અવિનાશી, નિષ્કલંક જે આત્મતત્ત્વ તે હું



છું. તે આત્મતત્ત્વને ખાતર આ દેહ મને મળ્યો છે. જે જે વખતે પરમેશ્વરી તત્ત્વ દૂષિત થતું હશે તે તે વખતે તેના બચાવને સારુ હું આ દેહને ફેંકી દઈશ. પરમેશ્વરી તત્ત્વને ઉજ્જવળ રાખવાને માટે દેહનો હોમ કરવાને હું હંમેશ તૈયાર રહીશ. હું આ દેહ પર સવાર થઈને આવ્યો છું તે મારી આબરૂના કાંકરા ઉડાવવાને માટે નથી આવ્યો. દેહ પર મારી હકૂમત ચાલવી જોઈએ. હું દેહને વાપરીશ અને હિત ને મંગળ બંનેને સમૃદ્ધ કરીશ. ત્રણે લોકને આનંદથી ભરી દઈશ. મહાન તત્ત્વોને ખાતર આ દેહને હું ફેંકી દઈ બીજું લે છે તેમ હું પણ કરીશ. કામને માટે આ દેહનો ઉપયોગ છે. જ્યારે આ દેહ કામ આપે એવો નહીં રહે ત્યારે એને ફેંકી દેવામાં મને જરાયે વાંધો આવવાનો નથી.

સત્યાગ્રહમાં આપણને આ કેળવણી મળે છે. દેહ અને આત્મા બે અલગઅલગ ચીજો છે. આ વાત માણસના ધ્યાનમાં આવશે. એમાંનો મર્મ જ્યારે તે ઓળખશે તે જ વખતે તેની સાચી કેળવણીની , તેના સાચા વિકાસની શરૂઆત થઈ જાણવી. તે જ વખતે સત્યાગ્રહ સધાશે. એથી આ ભાવના દરેક જણે કેળવી બરાબર દિલમાં ઠસાવવી. દેહ નિમિત્તમાત્ર સાધન છે. પરમેશ્વરે આપણને બક્ષેલું હથિયાર છે. જે દિવસે એનો ઉપયોગ પૂરો થાય તે દિવસે આ દેહને ફેંકી દેવાનો છે. શિયાળામાં વાપરવાનાં ગરમ કપડાં આપણે ઉનાળામાં ફેંકી દઈએ છીએ. રાત્રે ઓઢેલા કામળા

આપણે સવારે કાઢી નાખીએ છીએ. સવારનાં કપડાં બપોરે ઉતારી નાખીએ છીએ, તેવું જ આ દેહનું છે. જ્યાં સુધી આ દેહનું કામ છે ત્યાં સુધી તેને આપણે રાખીશું. સંઘરીશું. જે દિવસે એની પાસેથી કામ મળતું બંધ થશે તે દિવસે આ દેહરૂપી કપડાને ઉતારીને ફેંકી દઈશું આત્માના વિકાસને માટે આ યુક્તિ ભગવાન અહીં બતાવી રહ્યા છે.

## જુલમી લોકોની સત્તા જતી રહી

દેહથી હું જુદો છું એ વાત જ્યાં સુધી આપણા ધ્યાનમાં ઊતરી નથી ત્યાં સુધી જુલમગાર લોકો આપણા પર જુલમ ગુજારતા રહેશે, આપણને ગુલામ બનાવતા રહેશે, આપણા બેહાલ કરતા રહેશે. ભયને લીધે જ જુલમ ગુજારવાનું બની શકે છે. એક રાક્ષસ હતો તેણે એક માણસને પકડ્યો. રાક્ષસ તેની પાસે કાયમ કામ કરાવે. માણસ કામ ન કરે તો રાક્ષસ કહે, "તને ખાઈ જઈશ, તને ગળી જઈશ." શરૂ શરૂમાં માણસને ધાક લાગતો. પણ પછી જ્યારે હદ થવા માંડી ત્યારે તેણે કહ્યું, "ખાઈ જા, ખાવો હોય તો એક વાર ખાઈ નાખ." પણ પેલો રાક્ષસ તેને થોડો જ ખાવના હતો. તેને તો ગુલામ નોકર જોઈતો હતો. માણસને ખાઈ જાય પછી તેનું કામ કોણ કરે? દર વખતે ખાઈ જવાની ધમકી રાક્ષસ આપતો, પણ 'જા, ખાઈ જા.' એવો જવાબ મળતાંની સાથે જુલમ અટકી ગયો. જુલમ કરવાવાળા



લોકો બરાબર જાણે છે કે આ લોકો દેહને વળગી રહેનારા છે. એમના દેહને કષ્ટ આપીશું એટલે એ દબાઈને ગુલામ થયા વગર રહેવાના નથી. પણ દેહની આ આસક્તિ તમે છોડશો એટલે તાબડતોબ તમે સમ્રાટ બનશો, સ્વતંત્ર થશો. પછી સર્વ સામર્થ્ય તમારા હાથમાં આવશે. પછી તમારા પર કોઈની સત્તા ચાલશે નહીં. પછી જુલમ કરનારનો આધાર તૂટી જાય છે. 'હું દેહ છું' એ ભાવના મૂળમાં તેમનો આધાર હોય છે. તેમને લાગે છે કે આ લોકોના દેહને દુઃખ આપીશું એટલે એ લોકો આપણા તાબામાં રહેશે. તેથી જ એ લોકો હંમેશ ધાકધમકીની ભાષા વાપરે છે.

'હું દેહ છું' એવી જે મારી ભાવના હોય છે તેને જ લીધે સામાને મારા પર જુલમ કરવાની, મને સતાવવાની ઈચ્છા થાય છે. પણ વિલાયતમાં થઈ ગયેલા શહીદ કેન્મરે શું કહ્યું હતું? 'મને બાળવો છે? બાળો. આ જમણો હાથ પહેલાં બાળો!' અથવા પેલા બે શહિદ લેટિમર અને રીડલેએ શું કહ્યું? 'અમને બાળો છો? અમને બાળવાવાળા કોણ છે? અમે તો ધર્મની એવી જ્યોત ચેતાવી રહ્યા છીએ કે જે કદી ઠરવાની નથી. દેહની આ મીણબત્તી, આ કામ ચરબી સળગાવીને સત્‌તત્ત્વોની જ્યોત સળગતી રાખવાનું તો અમારું કામ છે. દેહ જશે. અને તે તો જવાનો જ છે.'

સોક્રેટિસને ઝેર પાઈને મારી નાખવાની સજા

ફરમાવવામાં આવી હતી. તે વખતે તેણે કહ્યું, "હું હવે ઘરડો થયો છું. ચાર દહાડા પછી આ દેહ મરવાનો જ હતો જે મરવાનો જ હતો. જે મરવાનો જ હતો તેને મારીને તમે લોકોએ શો પુરુષાર્થ સાધ્યો તે તમે જાણો. પણ આ બાબતનો વિચાર તો કરશો કે નહીં? દેહ મરવાનો છે એ નક્કી હતું. મરવાવાળી ચીજને તમે મારી તેમાં તમારી શી મોટાઈ?" જે દિવસે સોક્રેટિસને મરવાનું હતું તેની આગલી રાતે આત્માના અમરપણાની વાત તે પોતાના શિષ્યોને સમજાવી રહ્યો હતો. પોતાના શરીરમાં ઝેર ફેલાઈ ગયા પછી શરીરને કેવી વેદના થશે તેની વાતો તે બહુ મોજથી કહેતો હતો. તેની તેને જરાયે ફિકર કે ચિંતા નહોતી. આત્માના અમરપણાની ચર્ચા પૂરી થયા બાદ એક શિષ્યે તેને પૂછ્યું, "તમારા મરણ પછી તમને કેવી રીતે દાટીશું?" ત્યારે સોક્રેટિસે કહ્યું, "અરે ડાહ્યા, પેલા મને મરનારા ને તું મને દાટનારો, ખરું ને? પેલા મારનારા મારા વેરી ને તું દાટનારો મારા પર ભારે પ્રેમ રાખનારો, એમ ને? પેલો પોતાના ડહાપણમાં મને મારશે ને તું તારા ડહાપણમાં મને દાટશે, એમ ને? પણ અલ્યા, તું કોણ મને દાટનારો? હું તમને બધાને દાટીને પાછળ રહેવાનો છું! મને શામાં દાટશો? માટીમાં દાટશો કે તપખીરમાં દાટશો? મને કોઈ મારી શકતું નથી, કોઈ દાટી શકતું નથી. મેં અત્યાર સુધી શું કહ્યું? આત્મા અમર છે. તેને કોણ મારનાર છે? કોણ દાટનાર



છે?" અને ખરેખર, આજ અઢી હજાર વરસે તે મહાન સોક્રેટિસ બધાયને દાટીને પાછળ જીવતો રહ્યો છે!

## પરમાત્મશક્તિ પર ભરોસો

સારાંશ, જ્યાં લગી દેહની આસક્તિ છે, જ્યાં સુધી દેહની બાબતમાં ડર છે ત્યાં સુધી સાચો બચાવ થવાનો નથી. ત્યાં સુધી સાચો બચાવ થવાનો નથી. ત્યાં સુધી કાયમ ધાસ્તી રહેવાની છે. જરા સૂતા એટલે સાપ આવીને ડંખ તો નહીં મારી જાય. ચોર આવીને મારો નિકાલ તો નહીં લાવે એવું લાગ્યા કરશે. માણસ સૂતી વખતે ઓશીકા આગળ લાકડી રાખે છે. શા માટે? કહે છે, 'પાસે રાખવી સારી. ચોરબોટ આવે તો કામ આવે.' અરે ભલા માણસ, ચોરે જ તે દંડો તારા માથામાં ઝીંક્યો તો? ચોર લાઠી ભૂલી ગયો હોય એટલે તેને માટે તેં આગળથી તૈયાર રાખી છે એમ સમજ! અરે, તું કોને ભરોસે ઊંઘી જાય છે તેનો તો વિચાર કર. ઊંઘતી વખતે તું કેવળ દુનિયાના હાથમાં હોય છે. તું જાગતો હશે તો પોતાનો બચાવ કરશે ને? ઊંઘમાં તારો બચાવ કોણ કરશે?

હું કોઈ એક શક્તિ પર ભરોસો મૂકીને ઊંઘી જાઉં છું. જે શક્તિને ભરોસે વાઘ, ગાય વગેરે બધાં ઊંઘી જાય છે તે જ શક્તિ પર ભરોસો રાખીને હું પણ ઊંઘું છું. વાઘને પણ ઊંઘ આવે છે. આખી દુનિયાની સાથે જેણે વેર બાંધ્યું છે અને જે ઘડી ઘડી પાછું

ફરીને જોતો રહે છે તે સિંહ પણ ઊંઘી જાય છે. પેલી શક્તિ પર વિશ્વાસ ન હોત તો થોડા સિંહ સૂઈ જાય અને થોડા જાગતા રહી પહેરો ભરે એનો કંઈક બંદોબસ્ત સિંહોને કરવો પડ્યો હોત. જે શક્તિ પર ભરોસો રાખી ક્રૂર એવા વાઘ, વરુ, સિંહ વગેરે પણ નિરાંતે ઊંઘી જાય છે તે જ વિશ્વવ્યાપક શક્તિને ખોળે હું પણ સૂતો છું. માના ખોળામાં બાળક સુખેથી નિરાંતે ઊંઘી જાય છે. તે બાળક તે વખતે જાણી આખી દુનિયાનો બાદશાહ હોય છે ! આ વિશ્વંભર માતાને ખોળે તમારે, મારે પણ એવી જ રીતે પ્રેમથી, વિશ્વાસથી અને જ્ઞાનપૂર્વક ઊંઘતાં શીખવું જોઈએ. જેના આધાર પર મારું આ આખું જીવન છે તે શક્તિનો મારે વધારે ને વધારે પરિચય કેળવવો જોઈએ, તે શક્તિ ઉત્તરોત્તર મને પ્રતીત થતી જવી જોઈએ. એ શક્તિને વિષે મને જેટલી ખાતરી થયેલી હશે તેટલું મારું રક્ષણ વધારે થશે. જેમ જેમ એ શક્તિનો મને અનુભવ થતો જશે તેમ તેમ મારો વિકાસ થતો જશે. આ તેરમા અધ્યાયમાં આ વાતનો થોડો ક્રમ બતાવવો પણ શરૂ કરેલો છે.

## પરમાત્મશક્તિનો ઉત્તરોત્તર અનુભવ

જ્યાં સુધી દેહમાં રહેલા આત્માનો વિચાર આવ્યો નથી ત્યાં સુધી માણસ સામાન્ય ક્રિયાઓમાં ગૂંચવાયેલો રહે છે. ભૂખ લાગે એટલે ખાવું, તરસ લાગે એટલે પાણી પીવું અને ઊંઘ આવે એટલે સૂઈ જવું એથી વધારે બીજી કોઈ વાતની તેને ખબર હોતી



નથી. એ બધી વાતોને માટે તે લડશે, તે બધીને માટે લોભ રાખશે આમ દૈહિક ક્રિયાઓમાં જ તે મશગૂલ રહે છે. વિકાસની શરૂઆત એ પછી થાય છે. આટલે સુધી આત્મા માત્ર જોયા કરે છે. ઘૂંટણિયે પડીને કૂવા તરફ જનારા નાના બચ્ચાની પાછળ સતત નજર રાખતી મા જેમ ઊભી હોય છે તે પ્રમાણે આત્મા ઊભો હોય છે. શાંતિથી તે બધી ક્રિયાઓ જોયા કરે છે. આવે સાક્ષીરૂપે બધું જોયા કરનારની સ્થિતિ કહી છે.

આત્મા જુએ છે પણ સંમતિ આપતો નથી. પરંતુ પોતાને કેવળ દેહરૂપ માનીને ક્રિયા કરનારો આ જીવ આગળ ઉપર જાગે છે. પોતે પશુના જેવું જીવન વિતાવે છે એ વાતનું તેનામાં ભાન જાગે છે. જીવ આમ વિચારવા લાગે છે એટલે નૈતિક ભૂમિકા શરૂ થાય છે. પછી યોગ્ય કે અયોગ્ય એવો સવાલ ડગલે ને પગલે ઊભો થાય છે. પછી માણસ વિવેક કરવા માંડે છે. તેની પૃથક્કરણાત્મક બુદ્ધિ જાગતી થાય છે. તેની સ્વૈર ક્રિયાઓ અટકી જાય છે. તેનામાં સ્વચ્છંદ રહેતો નથી ને સંયમ આવે છે.

આ નૈતિક ભૂમિકા પર જીવ પહોંચે છે એટલે પછી આત્મા કેવળ શાંત બેસી રહીને જોયા કરતો નથી. તે અંદરથી અનુમોદન આપે છે. અંદરથી 'શાબાશ' એવો ધન્યવાદનો અવાજ ઊઠે છે. હવે આત્મા કેવળ उपद्रष्टा ન રહેતાં अनुमन्ता થાય છે.

ભૂખ્યો અતિથિ બારણે આવે અને તમે તમારી સામેની

પીરસેલી થાળી તેને આપી દો, પછી રાત્રે એ સત્કૃતિનું સ્મરણ થાય તે વખતે જોજો તમને કેટલો બધો આનંદ થાય છે ! અંદરથી આત્મા ધીમેથી કહે છે, ''બહું સારું કર્યું.'' મા દીકરાના વાંસા પર હાથ ફેરવી કહે કે, 'સારું કર્યું બેટા' તો દુનિયાની બધીયે બક્ષિસ પોતાને મળી ગઈ એમ તેને લાગે છે. તે જ પ્રમાણે હૃદયસ્થ પરમાત્માનો 'શાબાશ બેટા' શબ્દ આપણને પ્રોત્સાહન આપે છે, ઉત્સાહ આપે છે. આ વખતે જીવ ભૌતિક જીવન છોડી નૈતિક જીવનની ભૂમિકા પર ઊભો હોય છે.

એની આગળની ભૂમિકા આ પ્રમાણે છે. નૈતિક જીવનમાં કર્તવ્ય કરતાં કરતાં માણસ મનના બધાયે મળ ધોઈ કાઢવાની કોશિશ કરે છે. પણ એવી કોશિશ કરતાં કરતાં તે થાકે છે. એ વખતે જીવ પ્રાર્થના કરે છે કે, 'હે ઈશ્વર, મારા પ્રયત્નોની હવે પરાકાષ્ઠા થઈ. મને વધારે શક્તિ આપ, બળ આપ.' જ્યાં સુધી બધીયે કોશિશ થઈ રહેતી નથી અને પોતે એકલે હાથે હવે પહોંચી વળી શકે એમ નથી એવો અનુભવ માણસને થતો નથી, ત્યાં સુધી પ્રાર્થનાનો મર્મ તેના ધ્યાનમાં ઊતરતો નથી. પોતાની બધીયે શક્તિ ખરચી નાખવા છતાં તે પૂરી પડતી નથી. એમ જોઈ આર્ત થઈ ઈશ્વરને આંગણે દ્રૌપદીની માફક ધા નાખવી. પરમેશ્વરી કૃપાનું ઝરણું. એની સહાયનો ઝરો કાયમ વહ્યા કરે છે. જેને જેને તરસ લાગે તે સૌને ત્યાં જઈને પાણી પીવાનો હક છે. જેને



ખોટ પડે તેણે માગી લેવું. આ ત્રીજી ભૂમિકા પર આવી જાતનો સંબંધ હોય છે. પરમાત્મા વધારે નજીક આવે છે. હવે ખાલી શબ્દોથી શાબાશ ન કહેતાં તે સહાય કરવાને દોડી આવે છે.

પહેલાં પરમેશ્વર આઘાં ઊભો હતો. ગુરુ શિષ્યને 'દાખલો કર' એમ કહીને આઘે ઊભો રહી જોયા કરે છે તેમ ભોગમય જીવનમાં જીવ ગૂંથાયેલો હોય છે ત્યારે આઘે રહીને પરમાત્મા તેને કહે છે, 'ઠીક છે, ચાલવા દે ધમપછાડા.' એ બાદ જીવ નૈતિક ભૂમિકાએ પહોંચે છે. એ વખતે પરમાત્માથી કેવળ તટસ્થ રહી શકાતું નથી. જીવને હાશે સત્કર્મો થતાં થતાં ચિત્તના સ્થૂળ મળ બધા પ્રયત્ન અધૂરા પડે છે ત્યારે આપણે પરમેશ્વરને સાદ પાડીએ છીએ અને તે આપણને 'આ આવ્યો' એવો સામો જવાબ આપે છે. તે દોડી આવે છે. ભક્તનો ઉત્સાહ અધૂરો પડે છે એવું જોતાંની સાથે તે આવીને ઊભો રહે છે. જગતનો સેવક સૂર્યનારાયણ તમારે આંગણે ઊભેલો જ છે. પણ સૂર્ય બંધ બારણું વીંધીને અંદર દાખલ થતો નથી કેમકે તે સેવક છે. તે સ્વામીની મર્યાદા રાખે છે. તે બારણાને ધક્કા મારતો નથી. અંદર માલિક સૂતેલા હશે તો આ સૂર્યરૂપી સેવક તેની મર્યાદા રાખી બારણા બહાર ચૂપચાપ ઊભો જ હશે. પણ બારણું જરાક જ ખોલો એટલે પોતાનો બધો પ્રકાશ સામટો સાથે લઈને તે અંદર આવશે અને અંધારાને નસાડી મૂકશે. પરમાત્મા પણ એવો છે. તેની પાસે

મદદ માગો કે હાથ ઊંચા કરી દોડી આવ્યો જાણો. કેડ પર હાથ રાખી ભીમાને કાંઠે તે સજ્જ થઈને ઊભો જ છે.

બંને હાથ ફેલાવી વિઠોબા ભેટવાને ઈશારો કરી રહ્યો છે. આવાં વર્ણનો તુકારામ વગેરેએ કરેલાં છે. નાક ખુલ્લું રાખો કે હવા અંદર ગયા વગેરે રહેતી નથી. બારણું જરાસરખું ખોલો કે પ્રકાશ અંદર પેઠો જ જાણો. હવા અને પ્રકાશ એ બેના દાખલા પણ મને અધૂરા લાગે છે. તેમના કરતાંયે પરમેશ્વર વધારે નજીક રહેવાવાળો છે, વધારે ઉત્સુક છે. હવે તે ઉપદ્રષ્ટા ને અનુમન્તા ન રહેતાં ભર્તા , બધી રીતે મદદ કરનારો થાય છે. મનના મળ ધોવાને વખતે અગતિક થઈ આપણે કહીએ છીએ કે, 'મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે.' એવી આપણે પ્રાર્થના કરીએ છીએ. પછી તે દયાધન આઘો ઊભો રહી જોયા કરશે ખરો કે? ભક્તની વહારે ધાનારો પરમાત્મા, અધૂરું પૂરું કરવાવાળો તે પ્રભુ આગળ આવે છે. પછી તે રોહિદાસનાં ચામડાં ધોશે, સજન કસાઈનું માંસ વેચશે, કબીરનાં શેલાં વણશે અને જનાબાઈની ઘંટીએ બેસી તેને દળવા લાગશે.

આની આગળનું પગથિયું પરમેશ્વરના કૃપાપ્રસાદથી કર્મનું જે ફલ મળ્યું હોય તે ફળ પણ આપણે સારુ આપણી પાસે ન રાખતાં પરમેશ્વરને અર્પણ કરવાની ભૂમિકાનું આવે છે. જીવ ઈશ્વરને કહે છે, 'તારું ફળ તું જ લઈ લે.' ઈશ્વરે દૂધ પીવું જોઈએ



એવી નામદેવે હઠ પકડી. એ વાતમાં ખૂબ મીઠાશ રહેલી છે. એ બધુંયે કર્મફળરૂપી દૂધ નામદેવ ઈશ્વરને અર્પણ કરવા માગે છે. આ રીતે જીવનની આખીયે મૂડી, બધી કમાણી જેની કૃપાથી મળી તેને જ પાછી અર્પણ કરવાની છે. ધર્મરાજ સ્વર્ગમાં પગ મૂકવા જાય છે. ત્યાં તેમની સાથે ગયેલા કૂતરાને સ્વર્ગમાં દાખલ થવાની મનાઈ થાય છે. એટલે જીવનનાં બધાંયે પુણ્યના બદલામાં મળેલો સ્વર્ગલાભ ધર્મરાજ પલકવારમાં જતો કરે છે. એ જ પ્રમાણે ભક્ત પણ બધોયે ફળલાભ સામટો ઈશ્વરને અર્પણ કરે છે. उपद्रष्टा अनुमन्ता અને भर्ता એ બધાં સ્વરૂપોએ પ્રતીત થનારો એ પરમાત્મા હવે भोक्ता બને છે. શરીરમાં રહીને તે ખુદ પરમાત્મા ભોગ ભોગવી રહેલો હોય એવી ભૂમિકા પર જીવ ચડે છે.

આ પછી સંકલ્પ કરવાનુંયે છોડી દેવાનું છે. કર્મનાં ત્રણ પગથિયાં છે. પહેલાં આપણે સંકલ્પ કરીએ છીએ, પછી કાર્ય કરીએ છીએ અને પછી ફલ આવે છે. કર્મને માટે પ્રભુની મદદ લઈ જે ફળ મળ્યું તે ફળ પણ તેને જ અર્પણ કર્યું. કર્મ કરનારો પણ પરમેશ્વર, ફળ ચાખનારો પરમેશ્વર અને હવે તે કર્મનો સંકલ્પ કરનારો પણ પરમેશ્વરને જ થવા દે. આમ કર્મના આદિમાં, મધ્યમાં અને અંતમાં એમ બધે પ્રભુને જ રહેવા દે. જ્ઞાનદેવે કહ્યું છે.

માળી જ્યાં લઈ જવા માગતો હોય ત્યાં શાંતિથી જનારા પાણી જેવો થા. માળીને પાણી જ્યાં જ્યાં લઈ જવું હોય ત્યાં તે વગર તકરારે જાય છે. માળીને ગમતાં ફૂલઝાડ અને ફળઝાડને તે પોષે છે. તે જ પ્રમાણે તારે હાથે શું થાય તે તેને જ, તે માળીને જ નક્કી કરવા દે. મારા ચિત્તમાં ઊઠતા બધાયે સંકલ્પોની જવાબદારી તેને જ સોંપવા દે. મારો પોતાનો ભાર મેં ઘોડાની પીઠ પર લાદ્યો છે તો પછી મારા બચકાનું વજન હું વળી મારે માથે વજન લઈ હું ઘોડા પર બેસું તોયે તેનો ભાર ઘોડાને જ છે. તો પછી ચાલ જીવ, બધો ભાર તેની પીઠ પર જ મૂકવા દે. આમ જીવનની બધીયે ચળવળો, નાચકૂદ અને તેની બધીયે ખિલવણી કરનારો, બધું આખરે પરમેશ્વર જ થઈ રહે છે. તારા જીવનનો તે હવે 'महेश्वर' બને છે. આ રીતે વિકાસ પામતાં પામતાં આખુંયે જીવન ઈશ્વરમય થાય છે. પછી માત્ર આ દેહનો પડદો આડો રહી જાય છે. તે પણ ઊડી જાય એટલે જીવ ને શિવ, આત્મા ને પરમાત્મા એક થઈ જાય છે.

આ રીતે સાક્ષીપાત્ર, અનુજ્ઞાતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર, એવે સ્વરૂપે આપણે પરમેશ્વરનો વધારે ને વધારે અનુભવ કરવાનો છે. પ્રભુ પહેલાં કેવળ તટસ્થપણે જોયા કરે છે. પછી નૈતિક જીવનની શરૂઆત થતાં આપણે હાથે સત્કર્મો થવા માંડે છે એટલે તે શાબાશી આપે છે. પછી ચિત્તના સૂક્ષ્મ



મળ ધોઈ કાઢવાને પોતાના પ્રયાસ અધૂરા પડે છે અને ભક્ત ધા નાખે છે ત્યારે તે અનાથનાથ વહારે ધાય છે. તે પછી ફળ પણ ઈશ્વરને અર્પણ કરી તેને જ ભોક્તા બનાવવાનો છે અને પછી બધાયે સંકલ્પો પણ તેને જ સોંપી દઈ આખું જીવન હરિમય કરવાનું છે. આવું માનવીનું આ છેવટનું સાધ્ય છે. કર્મયોગ અને ભક્તિયોગની બે પાંખો વડે ઊડતાં ઊડતાં સાધકે આવા પ્રકારની આ છેવટની મજલ પૂરી કરી આખરને મુકામે પહોંચવાનું છે.

## નમ્રતા, નિર્દંભપણું વગેરે પાયાના જ્ઞાન-સાધના

આ બધું પાર પાડવાને નૈતિક સાધનાનો મજબૂત, પાકો પાયો જોઈએ. સત્યાસત્યનો વિવેક કરી, સત્ય પકડી લઈ તેને વળગવું જોઈએ. છીપો ફેંકી દઈ મોતી એકઠાં કરી લેવાં જોઈએ. આ રીતે જીવનની શરૂઆત કરવી જોઈએ. પછીથી આત્મપ્રયત્ન અને ઈશ્વરી કૃપા એ બંનેને જોરે ઉપર ચડતા જવું જોઈએ. આ આખી સાધનામાં દેહથી આત્માને અળગો પાડતાં શીખ્યાં હોઈશું તો ખૂબ મદદ થશે. આવે પ્રસંગે મને ઈશુ ખ્રિસ્તનું બલિદાન યાદ આવે છે. તેને ક્રૂસની સાથે ખીલાથી જડીને મારતા હતા. તે વખતે ઈશુના મોઢામાંથી 'હે ઈશ્વર, આ બધા આ શા સારુ જુલમ કરતા હશે.' એવાં વેણ બહાર પડ્યાં કહેવાય છે. પણ પછી તરત જ ભગવાન ઈશુએ પોતાનું સમતોલપણું સાચવી લીધું અને તેમણે કહ્યું, "હે ઈશ્વર, તારી ઈચ્છા પાર પડો. એ લોકોને ક્ષમા કર.

પોતે શું કરે છે તેનું એમને ભાન નથી.'' ઈશુના આ દાખલામાં ઘણો ઊંડો મર્મ રહેલો છે. દેહથી આત્માને કેટલો અળગો પાડવો જોઈએ તેની એ નિશાની છે. કેટલી મજલ કાપવાની છે અને કેટલી કાપવાનું શક્ય છે એ વાત ઈશુના જીવન પરથી જાણવાની મળે છે. દેહ છોતરાની માફક ખરી પડે ત્યાં સુધી આ મજલ પહોંચી. આત્માને દેહથી અળગો પાડવાનો વિચાર જ્યારે જ્યારે મનમાં આવે છે તે બધે વખતે ઈશુનું જીવન મારી નજર સામે ખડું થાય છે. દેહથી તદ્દન અળગા થઈ ગયાનો, તેનો સંબંધ છૂટી ગયાનો અનુભવ થયાની એ વાત ખ્રિસ્તનું જીવન બરાબર બતાવે છે.

દેહ અને આત્મા એ બેનું પૃથક્કરણ સત્યાસત્યવિવેક વગર થઈ શકે એવું નથી. એ વિવેક, એ જ્ઞાન બરાબર પચવું જોઈએ. જ્ઞાનનો અર્થ આપણે જાણવું એવો કરીએ છીએ. પણ બુદ્ધિથી જાણવું એ જ્ઞાન નથી. મોંમાં બુક્કા મારવાથી ભોજન થતું નથી. મોંમાં ભરેલું બરાબર ચવાઈને ગળે ઊતરવું જોઈએ, ત્યાંથી આગળ હોજરીમાં પહોંચવું જોઈએ, અને ત્યાં તે પચીને તેનો રસ થાય એટલે આખા શરીરને લોહીરૂપે પહોંચી તેનાથી પુષ્ટિ મળવી જોઈએ. આટલું થાય ત્યારે સાચું ભોજન થયેલું જાણવું. તે જ પ્રમાણે એકલી બુદ્ધિથી જાણવાથી કામ સરતું નથી. જાણ્યા પછી જાણેલું જીવનમાં ઊંડું ઊતરવું જોઈએ, હૃદયમાં પચવું



જોઈએ. તે જ્ઞાન હાથ, પગ, આંખો એ બધામાંથી પ્રગટ થતું રહેવું જોઈએ. સર્વ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વિચારપૂર્વક કર્મ કરતી હોય એવી સ્થિતિ થવી જોઈએ. એથી આ તેરમા અધ્યાયમાં ભગવાને જ્ઞાનની ઘણી સુંદર વ્યાખ્યા કરી છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની માફક આ જ્ઞાનનાં લક્ષણો છે.

વગેરે વીસ ગુણો ભગવાને ગણાવ્યા છે. એ ગુણોને જ્ઞાન કહીને જ ભગવાન અટક્યા નથી. તેમનાથી જે જે કંઈ ઊલટું છે તે બધું અજ્ઞાન છે એમ તેમણે સાફ કહ્યું છે. જ્ઞાનની જે સાધના બતાવી છે તે સાધના જ જ્ઞાન છે. સોક્રેટિસ કહેતો, 'સદ્‌ગુણને જ હું જ્ઞાન સમજું છું.' સાધના અને સાધ્ય બંને એકરૂપ છે.

ગીતામાં ગણાવેલાં આ વીસ સાધનોનાં જ્ઞાનદેવે અઢાર જ કર્યાં છે. જ્ઞાનદેવે એ સાધનોનું ઘણી ઊંડી લાગણીથી વર્ણન કર્યું છે. આ સાધનોના આ ગુણોના પાંચ જ શ્લોક ભગવદ્‌ગીતામાં છે. પણ જ્ઞાનદેવે વિસ્તાર કરી એ પાંચ શ્લોકો પર સાતસો ઓવી લખી છે. સદ્‌ગુણોની ખિલવણી સમાજમાં થાય, સત્યસ્વરૂપ પરમાત્માનો મહિમા સમાજમાં વધે એ બાબતની જ્ઞાનદેવને તાલાવેલી લાગેલી હતી. આ ગુણોનું વર્ણન કરતાં જ્ઞાનદેવે પોતાનો બધો અનુભવ એ ઓવીઓમાં ઠાલવ્યો છે. મરાઠી ભાષા બોલનારા લોકો પર તેમનો એ અનંત ઉપકાર છે. જ્ઞાનદેવના રોમેરોમમાં એ ગુણો ઊંડા ઊતરેલા છે. પાડાને મારેલી ચાબુકના

સોળ જ્ઞાનદેવની પીઠ પર દેખાયા હતા. ભૂતમાત્રને માટે તેમની આવી ઊંડી કરુણા હતી. આવા કારુણ્યથી ભરેલા હૃદયમાંથી જ્ઞાનદેવે જ્ઞાનેશ્વરી પ્રગટ કરી. એ ગુણોનું તેમણે વિવેચન કર્યું. તેમણે લખેલું એ ગુણવર્ણન વાંચવું. તેનું મનન કરવું અને તેને અંતરમાં ઠસાવવું. જ્ઞાનદેવની મધુર ભાષા મારા મોંમાં બેસે તેટલા ખાતર મને ફરી જન્મ મળે તોયે હું ધન્યતા અનુભવું. ખેર, ઉત્તરોત્તર વિકાસ કરતાં કરતાં, આત્માથી દેહને અળગો કરતાં કરતાં સૌ કોઈએ આખુંયે જીવન પરમેશ્વરમય કરવાના પ્રયત્નમાં મંડ્યા રહેવું.



## ચૌદમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : હે પાર્વતી ! હવે હું ભવબંધનથી છુટકારો મેળવવાના સાધનરૂપ ચૌદમા અધ્યાયનું માહાત્મ્ય કહું છું. તમે ધ્યાન દઈ સાંભળો.

સિંહલ દ્વિપમાં વિક્રમ વેતાલ નામે એક રાજા હતો. એ સિંહ સમાન પરાક્રમી અને કલાઓનો ભંડાર હતો. એક દિવસ તે શિકાર ખેલવા ઉત્સુક થઈ રાજકુમારો સહિત બે કૂતરીઓને સાથે લઈ વનમાં ગયો. ત્યાં જઈ તીવ્ર ગતિથી ભાગતાં સસલાં પાછળ પોતાની કૂતરીઓને છોડી મૂકી. તે સમયે બધાં પ્રાણીઓના દેખતાં સસલું એવી રીતે ભાગવા લાગ્યું કે જાણે ઊડતું હોય, ભાગતાં ભાગતાં ખૂબ થાકી જવાને કારણે તે એક મોટા ખાડામાં પડી ગયું. પડવા છતાં તે કૂતરીના હાથમાં ન આવ્યું અને એવી જગ્યાએ જઈ પહોંચ્યું જ્યાંનું વાતાવરણ ખૂબ જ શાંત હતું. ત્યાં હરણાં નિર્ભય થઈ ચારે તરફ વૃક્ષોની છાયામાં વિશ્રામ કરતાં હતાં. વાંદરાઓ જાતે જ તૂટીને પડેલાં નાળિયેર અને કેરીઓથી પૂર્ણ તૃપ્ત હતા. ત્યાં સિંહો હાથીઓનાં બચ્ચાંઓ સાથે રમતા હતા અને સાપ નિર્ભય રીતે મોરની પાંખમાં ઘૂસી

જતા હતા. તે જગ્યાએ એક આશ્રમની અંદર વત્સ નામના મુનિ રહેતા હતા. તેઓ જિતેન્દ્રિય થઈ શાંતભાવથી નિરંતર ગીતાના ચૌદમા અધ્યાયનો પાઠ કરતા રહેતા હતા. આશ્રમની પાસે જ વત્સ મુનિના કોઈ શિષ્યે પોતાના પગ ધોયા હતા. (તેઓ પણ ચૌદમા અધ્યાયનો પાઠ કરનાર હતા) તેના પાણીથી ત્યાંની માટી ભીની થઈ ગઈ હતી. સસલાંની જિંદગી કંઈક બાકી હતી. તે હાંફતું હાંફતું આવી તે કીચડમાં પડ્યું. તેના સ્પર્શમાત્રથી જ સસલું દિવ્ય વિમાનમાં બેસી સ્વર્ગે સિધાવ્યું. પછી કૂતરી પણ તેનો પીછો કરતી આવી. ત્યાં તેના શરીરને પણ કાદવના છાંટા લાગ્યા. તે ભૂખ-તરસની પીડાથી મુક્ત થઈ, કૂતરીનું સ્વરૂપ છોડી તેણે દિવ્યાંગનાનું સુંદર રૂપ ધારી લીધું તથા ગંધર્વોથી સુશોભિત દિવ્ય વિમાનમાં આરૂઢ થઈ તે પણ સ્વર્ગલોકમાં સિધાવી. આ જોઈ મુનિના મેધાવી શિષ્ય સ્વકંધર હસવા લાગ્યા. તે બંનેના પૂર્વ જન્મના વેરનું કારણ જાણી તેમને ઘણું આશ્ચર્ય થયું. તે સમયે રાજાનાં નેત્ર પણ આશ્ચર્યથી ચકિત થઈ ગયાં. તેમણે ભક્તિપૂર્વક પ્રણામ કરી પૂછ્યું :

'હે વિપ્રવર! નીચ યોનિમાં પડેલાં બંને પ્રાણીઓ કૂતરી અને સસલું જ્ઞાનહીન હોવા છતાં સ્વર્ગમાં ચાલ્યાં ગયાં તેનું શું કારણ છે? તેની કથા કહો.'

શિષ્ય બોલ્યો : 'હે ભૂપાળ ! આ વનમાં વત્સ નામના બ્રાહ્મણ રહે છે. તેઓ જિતેન્દ્રિય મહાત્મા છે. ગીતાના ચૌદમા અધ્યાયનો હંમેશાં જપ કરે છે. હું તેમનો જ શિષ્ય છું. મેં પણ બ્રહ્મવિદ્યામાં વિશેષજ્ઞતા મેળવી છે. ગુરુજીની માફક હું પણ



ચૌદમા અધ્યાયનો પાઠ દરરોજ કરું છું. મારા પગ ધોવાના પાણીમાં આળોટવાને કારણે આ સસલું કૂતરી સાથે સ્વર્ગલોકને પ્રાપ્ત થયું છે. હવે હું મારા હસવાનું કારણ કહું છું.

મહારાષ્ટ્રમાં પ્રત્યુદક નામનું મોટું નગર છે. ત્યાં કેશવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે કપટી મનુષ્યોમાં અગ્રગણ્ય હતો. તેની સ્ત્રીનું નામ વિલોભના હતું. તે સ્વચ્છંદ વિહાર કરનારી હતી. તેથી ગુસ્સામાં આવી જન્મભરના વેરભાવને યાદ કરી બ્રાહ્મણે પોતાની સ્ત્રીનો વધ કરી નાખ્યો અને તે પાપથી જ તેને સસલાંની યોનિમાં જન્મ મળ્યો બ્રાહ્મણી પણ પોતાનાં પાપોને લીધે કૂતરી થઈ.

શ્રી મહાદેવજી બોલ્યા : આ આખી કથા સાંભળી શ્રદ્ધાળુ રાજાએ ગીતાના ચૌદમા અધ્યાયનો પાઠ શરુ કરી દીધો. તેનાથી તેમને પરમ ગતિ પ્રાપ્ત થઈ.

# ચતુર્દશ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।**
**યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : સર્વ જ્ઞાનો કરતાં ચઢિયાતા ઘણા ઉત્કૃષ્ટ એવા જ્ઞાનને હું ફરી કહું છું, જેને જાણીને સઘળા મુનિજનો આ સંસારથી છૂટીને પરમ સિદ્ધિને પામી ચુક્યા છે. ॥૧॥

**ઈદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।**
**સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ॥૨॥**

આ જ્ઞાનને આશ્રયે મારા સ્વરૂપને પામી ચુકેલા માણસો, સૃષ્ટિના આરંભે ફરીથી નથી જન્મતા કે પ્રલયકાળેય નથી તો વ્યાકુળ થતા. ॥૨॥

**મમ યોનિર્મહદ્‌બ્રહ્મ તસ્મિન્ગર્ભં દધામ્યહમ્ ।**
**સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥૩॥**

હે ભારત ! મારી મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ સકળ ભૂતોની યોનિ છે, અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે અને હું એ



યોનિમાં ચેતન (જીવ) સમુદાયરૂપી ગર્ભને સ્થાપું છું, એ જડ-ચેતનના સંયોગમાંથી સકળ ભૂતોનો ઉદ્‌ભવ થાય છે. ॥૩॥

**સર્વયોનિષુ કૌન્તેય મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।**
**તાસાં બ્રહ્મ મહદ્યોનિરહં બીજપ્રદઃ પિતા ॥૪॥**

હે કુન્તીપુત્ર ! વિવિધ જાતની સઘળી યોનિઓમાં જે મૂર્તિઓ - શરીરધારી પ્રાણીઓ ઉદ્‌ભવે છે, પ્રકૃતિ એ સર્વની ગર્ભ ધારણ કરનારી માતા છે અને હું બીજને સ્થાપનાર પિતા છું.॥૪॥

**સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ ।**
**નિબધ્નન્તિ મહાબાહો દેહે દેહિનમવ્યયમ્ ॥૫॥**

હે મહાબાહો ! સત્ત્વગુણ, રજોગુણ તેમજ તમોગુણ-પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને શરીરમાં બાંધે છે. ॥૫॥

**તત્ર સત્ત્વં નિર્મલત્વાત્પ્રકાશકમનામયમ્ ।**
**સુખસઙ્ગેન બધ્નાતિ જ્ઞાનસઙ્ગેન ચાનઘ ॥૬॥**

હે નિષ્પાપ ! એ ત્રણે ગુણોમાં સત્ત્વગુણ નિર્મળ હોવાને કારણે પ્રકાશક અર્થાત્ તેજ પ્રગટાવનાર અને વિકાર વિનાનો છે, છતાં એ સુખના સંગ વડે એટલે કે સુખના અભિમાન વડે અને જ્ઞાનના સંગ વડે એટલે કે જ્ઞાનના અભિમાન વડે જીવાત્માને બાંધે છે. ॥૬॥

**રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસઙ્ગસમુદ્ભવમ્ ।**
**તન્નિબધ્નાતિ કૌન્તેય કર્મસઙ્ગેન દેહિનમ્ ॥૭॥**

હે કૌન્તેય ! રાગસ્વરૂપના રજોગુણને તું લાલસા અને આસક્તિમાંથી ઉદ્ભવેલો જાણ, એ આ જીવાત્માને કર્મોના તથા એમનાં ફળોના સંગ વડે બાંધે છે. ॥૭॥

**તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।**
**પ્રમાદાલસ્યનિદ્રાભિસ્તન્નિબધ્નાતિ ભારત ॥૮॥**

હે ભરતવંશી ! સૌ દેહાભિમાનીઓને મોહિત કરનાર તમોગુણને તો તું અજ્ઞાનમાંથી ઉપજેલો જાણ, એ આ જીવાત્માને પ્રમાદ, (અન્તઃકરણ અને ઈન્દ્રિયોની ફોગટની ચેષ્ટાઓનું તેમજ શાસ્ત્ર-વિહિત કર્તવ્યપાલનની અવહેલના કરવાનું નામ 'પ્રમાદ' છે.) આળસ (કર્તવ્ય-કર્મોને પાછા ઠેલવારૂપી નિરુદ્યમતાનું નામ 'આળસ' છે.) અને નિદ્રા વડે બાંધે છે. ॥૮॥

**સત્ત્વં સુખે સઞ્જયતિ રજઃ કર્મણિ ભારત ।**
**જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સઞ્જયત્યુત ॥૯॥**

હે ભારત ! સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં અને વળી તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં પણ જોડે છે. ॥૯॥

**રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત ।**
**રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્તથા ॥૧૦॥**



હે ભારત ! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ, સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ, તેમજ સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ વૃદ્ધિ પામે છે. ॥૧૦॥

**સર્વદ્વારેષુ દેહેઽસ્મિન્પ્રકાશ ઉપજાયતે ।**
**જ્ઞાનં યદા તદા વિદ્યાદ્વિવૃદ્ધં સત્ત્વમિત્યુત ॥૧૧॥**

જે વખતે આ દેહમાં તથા અન્તઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતનતા અને વિવેકશક્તિ ઉપજે છે, એ વખતે એમ સમજવું કે સત્ત્વગુણ વધ્યો છે. ॥૧૧॥

**લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામશમઃ સ્પૃહા ।**
**રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ॥૧૨॥**

હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ ! રજોગુણ વધતાં લોભ, પ્રવૃત્તિ, કર્મોને સ્વાર્થબુદ્ધિથી તેમજ સકામભાવે કરવાં, અશાંતિ અને વિષયની લાલસા-આ સઘળાં જન્મે છે. ॥૧૨॥

**અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।**
**તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનન્દન ॥૧૩॥**

હે કુરુનંદન ! તમોગુણ વધતાં અન્તઃકરણ અને ઈન્દ્રિયોમાં નિસ્તેજપણું, ચેતનતાનો અભાવ, કર્તવ્યકર્મોમાં પ્રવૃત્ત ન થવું, પ્રમાદ અને નિદ્રા જેવી અન્તઃકરણની મોહમાં નાખનારી વૃત્તિઓ - આ સઘળાંય જન્મે છે. ॥૧૩॥

**યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।**

**તદોત્તમવિદાં લોકાનમલાન્ પ્રતિપદ્યતે ॥૧૪॥**

જ્યારે સત્ત્વગુણ વધ્યો હોય ત્યારે આ માણસ મૃત્યુ પામે છે, તો ઉત્તમ કર્મ કરનારાઓના નિર્મળ દિવ્ય સ્વર્ગ આદિ લોકોને પામે છે. ॥૧૪॥

**રજસિ પ્રલયં ગત્વા કર્મસઙ્ગિષુ જાયતે ।**
**તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥૧૫॥**

જે વખતે રજોગુણ વધતાં (એટલે કે જે સમયે રજોગુણ વધતો હોય તે સમયે) મૃત્યુ પામીને કર્મસંગીઓમાં એટલે કે કર્મોમાં આસક્તિ રાખનારા માણસોમાં જન્મે છે તથા તમોગુણ વધ્યો હોય ત્યારે મરણ પામેલો માણસ જંતુ, પશુ જેવી મૂઢયોનિઓમાં જન્મે છે. ॥૧૫॥

**કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્ ।**
**રજસસ્તુ ફલં દુઃખમજ્ઞાનં તમસઃ ફલમ્ ॥૧૬॥**

શ્રેષ્ઠ કર્મોનું સાત્ત્વિક એટલે કે સુખ, જ્ઞાન, વૈરાગ્ય આદિ નિર્મળ ફળ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, જ્યારે રાજસ કર્મનું ફળ દુઃખ તથા તામસ કર્મનું ફળ અજ્ઞાન કહ્યું છે. ॥૧૬॥

**સત્ત્વાત્સઞ્જાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।**
**પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥૧૭॥**

સત્ત્વગુણમાંથી જ્ઞાન જન્મે છે અને રજોગુણમાંથી નિઃશંકપણે લોભ તથા તમોગુણમાંથી પ્રમાદ અને મોહ જન્મે છે



અને વળી અજ્ઞાન પણ જન્મે છે. ॥૧૭॥

**ઉર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।**
**જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥૧૮॥**

સત્ત્વગુણમાં સ્થિત માણસો સ્વર્ગ આદિ ઉચ્ચ લોકોને પામે છે, રજોગુણમાં સ્થિત રાજસી માણસો મધ્યમાં એટલે કે મનુષ્યલોકમાં જ રહે છે અને તમોગુણના કાર્ય એવા નિદ્રા, પ્રમાદ, આળસ આદિમાં સ્થિત તામસી માણસો અધોગતિને એટલે કે જંતુ, પશુ, આદિ નીચ યોનિઓને તેમજ નરકોને પામે છે. ॥૧૮॥

**નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાનુપશ્યતિ ॥**
**ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ ॥૧૯॥**

જે કાળે સાક્ષીરૂપ રહેલો દ્રષ્ટા (અર્થાત્ સમષ્ટિ ચેતનામાં એકાત્મભાવે સ્થિત સાક્ષી પુરુષ) ત્રણ ગુણો સિવાય બીજા કોઈને કર્તારૂપે નથી જોતો અને ત્રણેય ગુણોથી સાવ પર એવા સચ્ચિદાનંદઘન-સ્વરૂપ મુજ પરમાત્માને તત્ત્વથી જાણે છે, એ વખતે એ મારા સ્વરૂપને પામે છે. ॥૧૯॥

**ગુણાનેતાનતીત્ય ત્રીન્દેહી દેહસમુદ્ભવાન્ ।**
**જન્મમૃત્યુજરાદુઃખૈર્વિમુક્તોઽમૃતમશ્નુતે ॥૨૦॥**

શરીરની (બુદ્ધિ, અહંકાર અને મન તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ મહાભૂતો, ઈન્દ્રિયોના પાંચ

વિષયો - આ પ્રમાણે આ ૨૩ તત્ત્વોના પિંડરૂપે આ સ્થૂળ શરીર પ્રકૃતિથી ઉપજેલા ગુણોનું જ કાર્ય છે, માટે આ ત્રણેય ગુણોને આની ઉત્પત્તિનું કારણ કહ્યું છે.) ઉત્પત્તિના કારણ એવા આ ત્રણેય ગુણોને પાર કરીને જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને સર્વ પ્રકારનાં દુઃખોથી છૂટેલો આ પુરુષ પરમાનંદને પામે છે. ॥૨૦॥

અર્જુન ઉવાચ

**કૈર્લિઙ્ગૈસ્ત્રીન્ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।**
**કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ગુણાનતિવર્તતે ॥૨૧॥**

અર્જુન બોલ્યા : આ ત્રણેય ગુણોથી અતીત પુરુષ ક્યાં ક્યાં લક્ષણોથી યુક્ત હોય છે અને કેવું આચરણ કરનાર હોય છે તથા હે પ્રભો ! માણસ કયા ઉપાયથી આ ત્રણેય ગુણોથી અતીત થઈ શકે છે? ॥૨૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ ।**
**ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાઙ્ક્ષતિ ॥૨૨॥**

શ્રીભગવાન બોલ્યા : હે પાંડવ ! સત્ત્વગુણના કાર્ય એવા પ્રકાશનો, (શરીર, ઈન્દ્રિયો તથા અન્તઃકરણમાં આળસ અને જડતા દૂર થવાને લીધે જે હલકાપણું, નિર્મળતા અને ચેતનતા આવે છે, એનું નામ 'પ્રકાશ' છે.) રજોગુણના કાર્યસ્વરૂપ પ્રવૃત્તિનો તથા તમોગુણના કાર્ય એવા મોહનો (નિદ્રા અને



આળસ આદિની અધિકતાથી અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતનશક્તિ લય પામે. તેને જ અહીં 'મોહ' સમજવો જોઈએ.) પણ જે પુરુષ નથી તો એમના પ્રવૃત્ત થતાં દ્વેષ કરતો નતી તો નિવૃત્ત થતાં એમની આકાંક્ષા સેવતો (જે પુરુષ એક સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ નિરંતર એકાત્મભાવે સ્થિત થયેલો આ ત્રિગુણમયી માયાના પ્રપંચરૂપી સંસારથી સર્વ રીતે અતીત થઈ ગયો છે, એ ગુણાતીત પુરુષના અભિમાન વિનાના અન્તઃકરણમાં ત્રણેય ગુણોના કાર્યરૂપી પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જેવી વૃત્તિઓ પ્રગટે કે ન પ્રગટે - કોઈ કાળે પણ ઈચ્છા, દ્વેષ જેવા વિકારો નથી ઉપજતા, આ જ એના ગુણોથી અતીત થવાનાં મુખ્ય લક્ષણો છે.) ॥૨૨॥

**ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।**
**ગુણા વર્તન્ત ઈત્યેવ યોઽવતિષ્ઠતિ નેઙ્ગતે ॥૨૩॥**

જે સાક્ષીની પેઠે સ્થિત થયેલો ગુણો વડે વિચલિત કરી શકાતો નથી તથા 'ગુણો જ ગુણોમાં વર્તે છે' (ત્રિગુણમયી માયામાંથી ઉદ્ભવેલાં બુદ્ધિ, અહંકાર અને મનરૂપી અન્તઃકરણસહિત ઈન્દ્રિયોનું જે પોતપોતાના વિષયોમાં વિચરવું છે, એ જ 'ગુણોનું ગુણોમાં વર્તવું' છે.) એમ સમજીને જે સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિર રહે ચે તેમજ એ સ્થિતિથી કદી વિચલિત નથી થતો ॥૨૩॥

**સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥૨૪॥**

જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથરા તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાન ભાવ રાખે છે. ॥૨૪॥

**માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥૨૫॥**

જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને વેરી પક્ષમાં પણ સમ છે તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે. ॥૨૫॥

**માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।**
**સ ગુણાન્સમતીત્યૈતાન્બ્રહ્મભૂયાય કલ્પતે ॥૨૬॥**

જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગથી (કેવળ એકમાત્ર પરમેશ્વર જ સર્વેશ્રેષ્ઠ છે, એ જ આપણા સ્વામી , શરણે જવા યોગ્ય, પરમ ગતિ, પરમ આશ્રય તથા માતા-પિતા, ભાઈ-બંધુ, પરમ હિતકારી અને સર્વસ્વ છે, એમના સિવાય આપણું બીજું કોઈ નથી - એમ સમજીને એમનામાં આપણો જે નિઃસ્વાર્થભાવે ઘણી શ્રદ્ધા સાથે બાંધેલો અનન્ય પ્રેમ છે, કે જે પ્રેમમાં સ્વાર્થ, અભિમાન કે વ્યભિચારનો જરા પણ દોષ ન



હોય, જે સર્વ રીતે તથા નિત્યપણે પૂર્ણ અને અચળ રહે, જેનો થોડો અંશ પણ ભગવાન સિવાયની અન્ય વસ્તુમાં ન હોય અને જેને લીધે એક ક્ષણની પણ ભગવાનની વિસ્મૃતિ અસહ્ય થઈ પડે - એ અનન્ય પ્રેમનું નામ ‘અવ્યભિચારી ભક્તિયોગ’ છે.) મને નિરંતર ભજે છે, એ પણ આ ત્રણેય ગુણોને સમ્યક્ રીતે પાર કરીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામવા યોગ્ય બની જાય છે. ॥૨૬॥

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥૨૭॥**

કેમકે, એ અવિનાશી પરબ્રહ્મનું, અમૃતનું, શાશ્વત ધર્મનું તેમજ અખંડ એકરસ આનંદનું રહેઠાણ હું છું. ॥૨૭॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ગુણત્રયવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાયઃ ॥૧૪॥

**॥ ગુણત્રયવિભાગયોગ નામનો ચૌદમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય ચૌદમો

## ગુણોત્કર્ષ અને ગુણનિસ્તાર

### પ્રકૃતિની ચિકિત્સા

આજનો ચૌદમો અધ્યાય એક રીતે પાછલા અધ્યાયની પૂર્તિ કરે છે. આત્માને ખરેખર કંઈક કરીને મેળવવાનો છે એવી વાત નથી. આત્મા સ્વયંપૂર્ણ છે. આપણા આત્માની સ્વાભાવિક ઉપર જનારી ગતિ છે. પણ કોઈક ચીજને ભારે વજન બાંધો એટલે તે જેમ નીચે ખેંચાય છે તેમ આ દેહનો ભાર આત્માને નીચે ખેંચે છે. પાછલા અધ્યાયમાં આપણે જોઈ ગયા કે ગમે તે ઉપાયે દેહ અને આત્માને આપણે અલગ પાડી શકીએ તો પ્રગતિ કરવાનું બની શકે. આ વાત અઘરી હશે, છતાં તેનાથી મળનારું ફળ પણ બહુ મોટું છે. આત્માના પગમાં જડાયેલી દેહની બેડી આપણે તોડી શકીએ તો અતિશય આનંદ મળે એમ છે. પછી માણસ દેહનાં દુઃખોથી દુઃખી નહીં થાય. તે સ્વતંત્ર થશે. આ એક દેહરૂપી ચીજને જીતી લીધા પછી માણસ પર કોણ સત્તા



ચલાવી શકશે? જે પોતાની જાત પર રાજ્ય કરે છે તે વિશ્વનો સમ્રાટ બને છે. દેહની આત્મા પરની સત્તા દૂર કરો. દેહનાં સુખદુઃખ વિદેશી છે, તેમનો આત્માની સાથે જરાયે સંબંધ નથી.

આ સુખદુઃખ કેટલા પ્રમાણમાં અળગાં કરવાં એનો ખ્યાલ ભગવાન ખ્રિસ્તનો દાખલો લઈ મેં અગાઉ આપ્યો હતો. દેહ તૂટીને પડી જતો હોય તે વખતે પણ અત્યંત શાંત તેમ જ આનંદમય કેમ રહી શકાય તે ઈશુ બતાવે છે. પણ દેહને આત્માથી અળગો પાડવાનું કામ જેમ એક બાજુથી વિવેકનું છે તેવી જ રીતે બીજી બાજુથી નિગ્રહનું છે. વિવેકની સાથે વૈરાગ્યનું બળ એમ તુકારામે કહ્યું છે. વિવેક અને વૈરાગ્ય બંને વાત જોઈએ. વૈરાગ્ય એટલે જ એક રીતે નિગ્રહ છે. તિતિક્ષા છે. આ ચૌદમા અધ્યાયમાં નિગ્રહની દિશા બતાવી છે. હોડી ચલાવવાનું કામ હલેસાં મારનારાઓ કરે છે. પણ દિશા નક્કી કરવાનું કામ સુકાનનું છે. હલેસાં ને સુકાન બંનેની જરૂર છે. તે જ પ્રમાણે દેહનાં સુખદુઃખથી આત્માને અળગો કરવાના કામમાં વિવેક અને નિગ્રહ બંનેની જરૂર છે.

વેદ જેમ માણસની પ્રકૃતિ તપાસીને ઉપચાર બતાવે છે તેમ ભગવાને આ ચૌદમાં અધ્યાયમાં આખીયે પ્રકૃતિને તપાસીને તેનું પૃથક્કરણ કરી કયા કયા રોગ ઘર કરી ગયા છે તે બતાવ્યું છે. પ્રકૃતિની બરાબર વહેંચણી અહીં કરવામાં આવેલી છે.

રાજનીતિ-શાસ્ત્રમાં ભાગલા પાડવાનું મોટું સૂત્ર હોય છે. જે શત્રુ સામા હોય તેમાં જો ભાગ પાડી શકાય, તેનામાં ભેદ પાડી શકાય તો તેને ઝટ જમીનદોસ્ત કરી શકાય. ભગવાને અહીં એ જ કરી બતાવ્યું છે.

મારી તમારી, સર્વ જીવની, બધાંયે ચરાચરની જે પ્રકૃતિ છે, તેમાં ત્રણ ચીજો રહેલી છે. આયુર્વેદમાં જેમ વાત, પિત્ત અને કફ છે તેમ અહીં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પ્રકૃતિમાં ભરેલા છે. સર્વત્ર આ ત્રણ ચીજોનો મસાલો છે. ફેર હોય તો એટલો કે ક્યાંક એકાદ થોડો તો ક્યાંક એકાદ વધારે. આ ત્રણથી આત્માને અળગો પાડીએ તો જ દેહથી આત્માને અળગો પાડી શકાય. દેહથી આત્માને જુદો પાડવાનો રસ્તો આ ત્રણે ગુણોને તપાસી તેમને જીતી લેવાનો રસ્તો છે. નિગ્રહ વડે એક પછી એક ચીજને જીતતાં જીતતાં મુખ્ય વસ્તુની પાસે પહોંચવાનું છે.

તમોગુણ અને તેનો ઈલાજ : શરીર-પરિશ્રમ

ચાલો ત્યારે, પહેલો તમોગુણ જોઈએ. આજની સમાજસ્થિતિમાં તમોગુણની ઘણી બિહામણી અસર જોવાની મળે છે. આ તમોગુણનું મુખ્ય પરિણામ આળસ છે. તેમાંથી જ આગળ ઊંઘ અને પ્રમાદ નીપજે છે. આ ત્રણે વાતોને જીતતાં આવડ્યું એટલે તમોગુણને જીત્યો જાણવો. તમોગુણના આ ત્રણ પ્રકાર પૈકી આળસ એક ઘણી ભયાનક ચીજ છે. સારામાં સારા



માણસો પણ આળસને લીધે બગડી જાય છે. સમાજની બધીયે સુખશાંતિને ખેદાનમેદાન કરનારો આ રિપુ છે. નાનાં છોકરાંથી માંડીને ઘરડાં સુધીનાં સૌને એ બગાડે છે. એ શત્રુએ સૌ કોઈને ઘેરી લીધેલાં છે. એ શત્રુ આપણામાં પેસી જવાને ટાંપીને બેસી રહે છે. જરા જેટલી તક મળતાં તે અંદર ઘૂસી જાય છે. જરા બે કોળિયા વધારે ખાધું કે તેણે આળોટવાને આપણને આડા પાડ્યા જ જાણો. સહેજ વધારે ઊંઘ્યા કે આંખ પરથી આળસ જાણે ટપકતું હોય એવું દેખાય છે. આવું આ આળસ જ્યાં સુધી નાબૂદ ન થાય ત્યાં સુધી બધું ફોગટ છે. પણ આપણે તો આળસને માટે ઈંતેજાર હોઈએ છીએ. ઝટ ઝટ ઘણું કામ કરી ઘણો પૈસો એક વાર એકઠો કરી લઈએ તો પછી આરામ મળે એવી આપણી ઈચ્છા હોય છે. ઘણો પૈસો મેળવવો એટલે આગળના આળસને માટે બંદોબસ્ત કરી રાખવો ! આપણો કંઈક એવો ખ્યાલ બંધાઈ ગયો છે કે ઘડપણમાં આરામ જોઈએ જ. પણ એ સમજણ ખોટી છે. આપણે બરાબર વર્તન રાખીએ તો ઘડપણમાં પણ કામ આપી શકીએ. ઘડપણમાં તો આપણે વધારે અનુભવી હોઈશું એટલે વધારે ઉપયોગી થઈ શકીશું. પણ નહીં, કહે છે કે ત્યારે જ આરામ જોઈએ !

આળસને તક ન મળે તેટલા ખાતર આપણે સાવધ રહેવું જોઈએ. નળરાજા કેવડો મોટો રાજા હતો ! પણ પગ ધોતી વખતે

જરા તેનું ફણિયું કોરું રહી ગયું એટલે કહે છે કલિ ત્યાંથી તેનામાં પેસી ગયો ! નળ રાજા અત્યંત શુદ્ધ હતો. બધી રીતે સ્વચ્છ રહેનારો હતો. પણ તેનુંયે એક અંગ સહેજ કોરું રહી ગયું. તેટલું આળસ રહી ગયું. એટલે કલિ જોતજોતામાં અંદર પેઠો. આપણું તો આખુંયે શરીર ખુલ્લું પડેલું છે. આળસને જ્યાંથી અંદર પેસવું હોય ત્યાંથી પેસે. શરીરને આળસ ચડ્યું એટલે મન અને બુદ્ધિને પણ ચડ્યું જ જાણો. આજે સમાજની આખીયે ઈમારત આ આળસ પર ઊભી કરવામાં આવેલી છે. એમાંથી પાર વગરનાં, અનંત દુઃખો પેદા થયાં છે. આ આળસ આપણે કાઢી શકીએ તો બધાં નહીં તોયે ઘણાંખરાં દુઃખો તો આપણે જરૂર દૂર કરી શકીએ.

હમણાં હમણાં સમાજસુધારાની ચર્ચા સર્વત્ર ચાલે છે. સામાન્યમાં સામાન્ય માણસને પણ ઓછામાં ઓછું આટલું સુખ તો મળવું જ જોઈએ અને તે માટે સમાજરચના કેવી હોવી જોઈએ વગેરે ચર્ચાઓ થાય છે. એક તરફ અતિશય સુખ છે તો બીજી તરફ અત્યંત દુઃખ છે. એક તરફ સંપત્તિના ઢગલાના ઢગલા છે તો બીજી તરફ ગરીબીનાં ઊંડા ઊંડા કોતર છે. આ સામાજિક વિષમતા કેમ દૂર થાય? જરૂર જેટલું બધુંયે સુખ સહેજે મેળવવાનો એક જ ઈલાજ છે અને તે એ કે સૌ કોઈએ આળસ છોડી મહેનત-મજૂરી કરવાને તૈયાર થવું જોઈએ. મુખ્ય દુઃખ આળસને લીધે જ છે. અંગમહેનત કરવાનો સૌ કોઈ નિશ્ચય કરે તો આ દુઃખ દૂર



થાય.

પણ સમાજમાં શું દેખાય છે? એક બાજુથી અંગમહેનત કરવાને વાંકે કાટ ખાઈને નકામા, નિરુપયોગી થઈ જનારા લોકો દેખાય છે, તવંગર લોકોનાં શરીરના અવયવો પર કાટ પડતો જાય છે, તેમનાં શરીરો વપરાતાં જ નથી અને બીજી બાજુ એટલું બધું કામ ચાલે છે કે આખું શરીર ઘસાઈને ગળી ગયું છે. આખા સમાજમાં શારીરિક શ્રમ, અંગમહેનત ટાળવાની પ્રવૃત્તિ ચાલે છે. થાકીને મરી જવાય એટલી હદ સુધી જે લોકોને કામ, મહેનત-મજૂરી કરવી પડે છે તે બધા પોતાની રાજીખુશીથી એ મહેનત નથી કરતા, ન છૂટકે કરે છે. ડાહ્યા લોકો મહેનત-મજૂરી ટાળવાનાં કારણો, બહાનાં બતાવે છે. કોઈ કહે છે, 'શારીરિક મહેનત કરવામાં નાહક વખત શા સારુ બગાડવો?' પણ એ લોકો એવું કદી નથી કહેતા કે, 'આ ઊંઘ શા સારુ અમસ્તી? આ જમવામાં વખત નાહક શા સારુ બગાડવો?' ભૂખ લાગે છે. એટલે આપણે ખાઈએ છીએ. ઊંઘ આવે છે એટલે આપણે ઊંઘીએ છીએ. પણ અંગમહેનતનો, મજૂરીનો સવાલ સામો આવીને ઊભો રહે છે ત્યારે તરત કહીએ છીએ, 'નાહક શારીરિક શ્રમમાં વખત શા સારુ બગાડવો? શા માટે એ કામ અમારે કરવું? શા સારુ શરીર ઘસવું? અમે માનસિક કામ કર્યા જ કરીએ છીએ.' અરે ભલા માણસ ! માનસિક કામ કરે છે તો અનાજ પણ માનસિક ખા ને

! અને ઊંઘ પણ માનસિક લે ને ! મનોમય ખોરાક અને મનોમય ઊંઘ લેવાની કંઈક યોજના કર ને!

સમાજમાં આવી રીતે આ બે ભાગ પડી ગયા છે. એક મરી જવાય ત્યાં સુધી મજૂરી કરનારાઓનો અને બીજો અહીંથી સળી ઉપાડીને ત્યાં પણ ન મૂકનારાંઓનો. મારા એક મિત્રે મને કહ્યું, 'કેટલાંક માથાં ને કેટલાંક ખોખાં.' એક તરફ માત્ર ધડ છે ને બીજી તરફ કેવળ માથું છે. ધડને ફક્ત ઘસાવાનું છે. માથાને માત્ર વિચાર કરવાનું રહે છે. આવા રાહુ ને કેતુ, ધડ ને માથાં એવા બે ભાગ સમાજમાં પડી ગયા છે. પણ સાચેસાચ માત્ર ધડ ને માત્ર માથાં હોત તોયે ઘણું સારું થાત. પછી આંધળા-લૂલાને ન્યાયે કંઈક વ્યવસ્થા ઊભી કરી શકાત. આંધળાને પાંગળો રસ્તો દેખાડે અને પાંગળાને આંધળો ખાંધ પર બેસાડીને ચાલે. પણ કેવળ ધડ અને કેવળ માથાંના આવા અલગ અલગ વાડા નથી. દરેક જણને ધડ છે અને માથું પણ છે. રુંડ-મુંડની, ધડ-માથાંની આ જોડી સર્વત્ર છે. એનું શું કરવું? માટે દરેક જણે આળસ છોડવું જ જોઈએ.

આળસ છોડવું એટલે અંગમહેનત કરવી. આળસને જીતવાનો એ જ એક ઉપાય છે. આ ઈલાજનો અમલ કરવામાં નહીં આવે તો કુદરત તે માટે સજા કરશે તે ભોગવ્યા વગર છૂટકો થવાનો નથી. રોગોનાં રૂપમાં અથવા બીજે કોઈ ને કોઈ રૂપે



શિક્ષા ભોગવ્યા વિના આરો નથી. શરીર આપણને આપવામાં આવેલું છે. એટલે મહેનત પણ આપણે કરવી જ પડશે. શરીર વડે મહેનત-મજૂરી કરવામાં જતો વખત ફોગટ જતો નથી. તેનું વળતર મળ્યા વિના રહેતું નથી. તંદુરસ્તી સારામાં સારી રહે છે. અને બુદ્ધિ, સતેજ, તીવ્ર તેમ જ શુદ્ધ થાય છે. ઘણા વિચારકોના વિચારમાં પણ તેમના પેટના દુઃખાવાનું ને માથાના દુખાવાનું પ્રતિબિંબ પડ્યા વગર રહેતું નથી. વિચાર કરવાવાળા તડકામાં, ખુલ્લી હવામાં સૃષ્ટિના સાન્નિધ્યમાં મજૂરી કરશે તો તેમના વિચાર પણ તેજસ્વી થશે. શરીરના રોગની જેવી મન પર અસર થાય છે તેવી શરીરની તંદુરસ્તીની પણ થાય છે. આ અનુભવની વાત છે. પાછળથી ક્ષય રોગ લાગુ પડે એટલે પંચગનીમાં ડુંગર પર હવા ખાવા જવું. અથવા સૂર્યનાં કિરણ લેવાના અખતરા કરવા તેના કરતાં આગળથી ચેતીને બહાર કોદાળી લઈ ખોદવું શું ખોટું? બાગમાં ઝાડોને પાણી પાવું શું ખોટું? ઈંધણ માટે લાકડાં ફાડવાં શાં ખોટાં?

## તમોગુણના બીજા ઈલાજ

આળસને જીતવાની એક વાત થઈ. બીજી વાત ઊંઘને જીતવાની છે. ઊંઘ હકીકતમાં પવિત્ર વસ્તુ છે. સેવા કરીને થાકેલા સાધુસંતોની ઊંઘ એ યોગ જ છે. આવી શાંત અને ગાઢ ઊંઘ મહા ભાગ્યવાનને સાંપડે છે. ઊંઘ ઊંડી હોવી જોઈએ. ઊંઘનું

મહત્ત્વ તેની લંબાઈ પહોળાઈમાં નથી. પથારી કેટલી લાંબાપહોળી અને માણસ તેના પર કેટલો વખત રહ્યો એ બીના પર ઊંઘનો આધાર નથી. કૂવો ઊંડો હોય તેમ તેનું પાણી વધારે સ્વચ્છ અને મીઠું હોય છે. તે જ પ્રમાણે ઊંઘ થોડી હોય તો પણ ઊંડી હોય તો તેનું કામ સારામાં સારી રીતે પાર પડે છે. બરાબર મન લગાડીને અર્ધો કલાક કરેલો અભ્યાસ ચંચળવૃત્તિથી કરેલા ત્રણ કલાકના અભ્યાસ કરતાં વધારે ફળ આપનારો નીવડે છે. ઊંઘનું પણ એવું જ છે. લાંબા વખત સુધીની ઊંઘ હિતપરિણામી હોય જ એવું નથી. રોગી ચોવીસ કલાક પથારીમાં પડ્યો રહે છે. પથારીની અને તેની કાયમની દોસ્તી થયેલી છે. પણ બિચારાની ઊંઘ સાથે દોસ્તી થતી નથી. સાચી ઊંઘ ગાઢ, સ્વપ્નાં વગરની હોય છે. મરણ પછીની નરકની યાતના તો જેવી હોય તેવી ખરી પણ જેને ઊંઘ આવતી નથી, જે માઠાં સ્વપ્નાંથી ઘેરાયેલો રહે છે, તેની નરક યાતનાની શી વાત કરવી? વેદમાં પેલો ઋષિ ત્રાસીને કહે છે 'આવી દુષ્ટ ઊંઘ નથી જોઈતી, નથી જોઈતી.' ઊંઘ આરામને માટે હોય છે. પણ ઊંઘમાંયે તરેહતરેહનાં સ્વપ્નાં અને વિચાર છાતી પર ચડી બેસે તો આરામ કેવો ને વાત કેવી?

ગાઢ, ઊંડી ઊંઘ કેવી રીતે મળે? જે ઈલાજ આળસની સામે કહ્યો છે તે જ ઊંઘની સામે યોજવો. દેહનો વપરાશ એકધારો



ચાલુ રાખવો જેથી પથારીમાં પડતાંવેંત માણસ જાણે મડદું થઈ પડે. ઊંઘ એટલે નાનકડું મૃત્યુ સમજવું. આવી મજાની ઊંઘ આવે તે સારુ દિવસે આગળથી તૈયારી કરવી જોઈએ. શરીર થાકી જવું જોઈએ. પેલા અંગ્રેજ કવિ શેક્સપિયરે કહ્યું છે કે 'રાજાના માથા પર મુગટ છે પણ તેની અંદર ચિંતા છે!' રાજાને ઊંઘ આવતી નથી. તેનું એક કારણ એ છે કે તે શરીર વડે મજૂરી કરતો નથી. જાગતો હોય છે ત્યારે જે ઊંઘે છે તેને ઊંઘને વખતે જાગતા રહેવું પડશે. દિવસે બુદ્ધિ અને શરીર ન વાપરવાં એટલે તે ઊંઘ જ થઈ જાણવી. પછી ઊંઘની વેળાએ બુદ્ધિ વિચાર કરતી રઝળે છે અને શરીરને સાચું નિદ્રાસુખ મળતું નથી. પછી લાંબા વખત સુધી સૂઈ રહેવું પડે છે. જે જીવનમાં પરમ પુરુષાર્થ સાધવાનો છે તે જીવનને જો ઊંઘ ખાઈ જાય તો પછી પુરુષાર્થ સંપાદન થશે ક્યારે? અરધી આવરદા જો ઊંઘમાં જાય તો પછી મેળવવાનું શું રહે?

ઘણો વખત ઊંઘમાં જાય એટલે તમોગુણનું ત્રીજું લક્ષણ જે પ્રમાદ તે સહેજે આવે છે. ઊંઘણશી માણસનું ચિત્ત કાબેલ અને સાવધ રહેતું નથી. તેનાથી અનવધાન પેદા થાય છે. ઝાઝી ઊંઘથી આળસ પેદા થાય છે અને આળસને લીધે ભુલકણા થઈ જવાય છે. વિસ્મરણ પરમાર્થનો નાશ કરવાવાળી ચીજ છે. વહેવારમાં પણ વિસ્મરણથી નુકસાન થાય છે. પણ આપણા સમાજમાં વિસ્મરણની ક્રિયા સ્વાભાવિક થઈ ગઈ છે. વિસ્મરણ

મોટી ખામી છે એવું કોઈને લાગતું નથી. કોઈને મળવા જવાનું માણસે નક્કી કર્યું હોય અને જતો નથી, અને કોઈ પૂછે તો કહે છે, 'અરે ! ભૂલી ગયો !' એવું કહેનારને પોતે કંઈ ખાસ ખોટું કર્યું હોય, કંઈ મોટી ભૂલ કરી હોય એવું લાગતું નથી. અને સાંભળનારને પણ એ જવાબથી સમાધાન થાય છે! વિસ્મરણની સામે જાણે કોઈ ઈલાજ જ નથી એવી સૌ કોઈની સમજ થઈ ગઈ લાગે છે. પણ આવું બેભાનપણું શું પરમાર્થમાં કે શું દુનિયાદારીના વહેવારમાં, બંને ઠેકાણે નુકસાન કરવાવાળું છે. વિસ્મરણ મોટો રોગ છે. તેનાથી બુદ્ધિમાં સડો પેસી જાય છે ને જીવન ખવાઈ જાય છે.

વિસ્મરણનું કારણ મનનું આળસ છે. મન જાગ્રત હોય તો તે વીસરી નહીં જાય. આળોટ્યા કરનારા મનને વિસ્મરણનો રોગ વળગ્યો જ જાણવો. તેથી જ ભગવાન બુદ્ધ હંમેશ કહેતા,

વિસ્મરણ એ જ મરણ છે. આ પ્રમાદને જીતવાને માટે આળસ અને ઊંઘને જીતી લો. અંગમહેનત કરો. સતત સાવધ રહો. જે જે કૃતિ કરવાની આવે તે વિચારપૂર્વક કરવાની રાખો. કૃતિ એમ ને એમ, એની મેળે થઈ જાય એ બરાબર નથી, કૃતિની આગળ વિચાર હોય, પાછળ વિચાર હોય. આગળ ને પાછળ બધે વિચારરૂપ પરમેશ્વર ખડો રહેવો જોઈએ. આવી ટેવ કેળવીશું તો જ અનવધાનપણાનો રોગ નાબૂદ થશે. બધા વખતને બરાબર



બાંધી રાખો. ક્ષણેક્ષણનો હિસાબ રાખો કે જેથી આળસને પગપેસારો કરવાની જરાયે તક ન મળે. આવી રીતે પૂરા તમોગુણને જીતવાનો એકધારો પ્રયાસ કરવો જોઈએ.

રજોગુણ અને તેનો ઈલાજ : સ્વધર્મ-મર્યાદા

પછી રજોગુણની સામે મોરચો વાળવો. રજોગુણ પણ એક ભયાનક શત્રુ છે. તમોગુણની એ બીજી બાજુ છે. બંને પર્યાયવાચક શબ્દો છે એમ કહેવું જોઈએ. શરીર ખૂબ સૂઈ રહે એટલે પછી તે ચળવળ કરવા માંડે છે. અને ઝાઝી દોડધામ કરનારું શરીર આડું પડી સૂઈ રહેવા તાકે છે. તમોગુણમાંથી રજોગુણ આવી જાય છે અને રજોગુણમાંથી તમોગુણ આવી પડે છે. એક હોય ત્યાં બીજો ખરો જ. રોટલી જેમ એક બાજુથી ઝાળ અને બીજી બાજુથી ધગધગતા અંગારની વચ્ચે ઘેરાઈ જાય છે તેમ માણસની આગળ અને પાછળ આ રજસ્તમોગુણ વળગેલા છે. રજોગુણ કહે છે, 'આમ આવ, તને તમોગુણ તરફ ઉડાવું.' તમોગુણ કહે છે, 'મારા તરફ આવ એટલે હું તને રજોગુણ તરફ ફેંકુ.' આવા આ રજોગુણને તમોગુણ એકબીજાને સહાયક થઈને માણસનો નાશ કરે છે. ફૂટબોલનો જન્મ લાતો ખાવાને સારુ થયેલો છે, તે જ પ્રમાણે રજોગુણની અને તમોગુણની વારાફરતી લાતો ખાવામાં માણસનો જન્મારો નીકળી જાય છે.

તરેહતરેહનાં કામો કરવાનો ચડસ એ રજોગુણનું પ્રધાન

લક્ષણ છે. મોટાં મોટાં કામોની પાર વગરની આસક્તિ એ પણ રજોગુણનું લક્ષણ છે. રજોગુણને લીધે માણસને અપરંપાર કર્મ-સંગ વળગે છે, તેનામાં લોભાત્મક કર્માસક્તિ ઉત્પન્ન થાય છે. પછી વાસના-વિકારોનો વેગ રોક્યો રોકાતો નથી. કાબૂમાં રહેતો નથી. માણસને એમ થયા કરે છે કે અહીંનો ડુંગર ઉપાડી ત્યાં બનાવું અને ત્યાંનો ખાડો ભરી દઉં. તેને એમ થાય છે કે જાણે દરિયામાં માટી નાખીને તેને પૂરી દઉં. અને સહારાના રણમાં પાણી છોડી ત્યાં દરિયો બનાવી દઉં. અહીં સુએઝની નહેર ખોદું, ત્યાં પનામાની નહેર કાઢું. આવો એ અહીંથી તહીં કરવાનો ચડસ હોય છે. આ તોડું ને પેલું જોડું. નાનું છોકરું ચીંદરડી લે છે, તેને ફાડે છે, તેનું બીજું કંઈક બનાવે છે, તેવું જ આ છે. આને પેલામાં ભેળવ, પેલાને આમાં ભેળવ, પેલું બુડાવી દે, આને ઉડાવી દે, એવા બધા રજોગુણના અનંત ખેલ છે. પંખી આકાશમાં ઊડે છે તો આપણને પણ ઊડતાં આવડવું જોઈએ. માછલી પાણીમાં રહે છે તો આપણે પણ પાણબૂડી, સબમરીન બનાવીને તેમ કરવું જોઈએ. આમ મનુષ્યદેહમાં અવતરવા છતાં રજોગુણીને પંખીઓની અને માછલીઓની બરાબરી કરવામાં કૃતાર્થતા લાગે છે. પરકાયાપ્રવેશના, બીજાં શરીરોનાં કૌતુક અનુભવવાના અને એવા એવા અભળખા તેને આ મનુષ્યદેહમાં રહ્યા રહ્યા સૂઝે છે. કોઈને થાય છે કે મંગળ પર ઊડીને જઈએ ને ત્યાંની વસ્તી કેવી



છે તે જોઈ આવીએ. ચિત્ત એકસરખું ભટક્યા કરે છે. શરીરમાં જાણે કે તરેહતરેહની વાસનાનું ભૂત પેસી જાય છે. જે જ્યાં છે ત્યાંનું ત્યાં રહે એ તેનાથી જાણે ખમાતું નથી. ભાંગફોડ જોઈએ. આવો હું માણસ જેવો માણસજીવતો હોઉં ને આ સૃષ્ટિ છે તેવી ને તેવી રહે એ કેવું? એમ તેને થાય છે. કોઈ પહેલવાનને ચરબી ચડે છે અને તે ઉતારવાને જેમ તે ક્યાંક ભીંતમાં જ મુક્કા મારે છે, ક્યાંક ઝાડને જ ધક્કા લગાવે છે તેવો રજોગુણના ઉછાળા હોય છે. એવા ઉછાળા આવે છે એટલે માણસ પૃથ્વી ખોદીને થોડા પથરા બહાર કાઢે છે અને તેને હીરા, માણેક એવાં નામો આપે છે. એ ઉછાળો આવતાં તે સમુદ્રમાં ડૂબકી મારે છે, તેને તળિયેથી કચરો ઉપર લાવે છે અને તેની મોતી નામ આપે છે. પણ મોતીને નાકું નથી હોતું. એટલે તે મોતીને વીંધે છે. પણ મોતી પહેરવાં ક્યાં? એટલે પછી સોની પાસે નાક-કાન પણ વીંધાવે છે. આવું આવું બધું માણસ શાથી કરે છે? એ બધો રજોગુણનો પ્રભાવ છે.

રજોગુણની બીજી અસર એવી થાય છે કે માણસમાં સ્થિરતા રહેતી નથી. રજોગુણને તાબડતોબ જોઈએ છે. એટલે જરાક સામી હરકત આવી કે લાગલો તે લીધેલ રસ્તો છોડી દે છે. રજોગુણી માણસ આ છોડ, પેલું લે એમ એકસરખી લે-મૂક કર્યા કરે છે. રોજની નવી નવી પસંદગી અને પરિણામે આખરે

હાથમાં કશું આવતું નથી.

રજોગુણની કૃતિ જ ચળ અને અનિશ્ચિત છે. નાનાં છોકરાં ઘઉં વાવે છે ને તરત ઉખેડીને જોવા માંડે છે. રજોગુણી માણસનું પણ એવું જ હોય છે. ઝપાટાબંધ બધુંયે હાથમાં આવવું જોઈએ. તે અધીરો થઈ જાય છે. તેનામાં સંયમ રહેતો નથી. એક ઠેકાણે પગ બાંધીને રહેવાની વાતની તેને જાણ નથી. અહીં થોડું કામ કર્યું, ત્યાં થોડી બોલબાલા થઈ કે ચાલ્યા બીજી તરફ. માન એટલી એક જ ચીજ તેને દેખાય છે. એક ઠેકાણે પગ બાંધી સ્થિરપણે કામ કરવાની તેને આદત જ હોતી નથી. આથી રજોગુણી માણસની સ્થિતિ બહુ ભયાનક થાય છે.

રજોગુણની અસરને લીધે માણસ તરેહતરેહના ધંધામાં માથાં મારે છે. તેને સ્વધર્મ જેવું કશું રહેતું નથી. ખરું જોઈએ તો સ્વધર્માચરણ એટલે બીજાં જાતજાતનાં કર્મોનો ત્યાગ કરવો તે. ગીતામાં કહેલો કર્મયોગ રજોગુણમાંથી છૂટવાનો ઈલાજ છે. રજોગુણમાં બધું જ ચંચળ હોય છે. પર્વતને મથાળે જે પાણી વરસે છે તે જુદી જુદી દિશામાં વહી જાય તો ક્યાંયે રહેતું નથી, બધુંયે બને. પેલા પાણીમાં શક્તિ નિર્માણ થાય ને તે દેશને ઉપયોગી થાય. તે જ પ્રમાણે માણસ પોતાની બધી શક્તિ જાતજાતના જુદા જુદા ધંધામાં નાહક વેડફી ન મારતાં, એકઠી કરી એક જ કાર્યમાં સુવ્યવસ્થિત રીતે વાળે તો જ તેને હાથે કંઈક



કામ પાર પડે. આથી સ્વધર્મનું મહત્ત્વ છે.

સ્વધર્મનું સતત ચિંતન કરતા રહી માત્ર તેમાં બધી શક્તિ વાળવી જોઈએ. બીજી ચીજો તરફ ધ્યાન જવું જ ન જોઈએ, સ્વધર્મની એ કસોટી છે. કર્મયોગ એટલે પાર વગરનું ઘણું ઘણું કામ નથી. કેવળ ઘણું કામ કરવું એટલે કર્મયોગ નથી. ગીતાનો કર્મયોગ જુદી વસ્તુ છે. ફળ તરફ ધ્યાન ન રાખતાં કેવળ સ્વભાવથી આવી મળેલો અપરિહાર્ય સ્વધર્મ આચરવો અને તેની મારફતે ચિત્તશુદ્ધિ કરતા રહેવું એ કર્મયોગની ખાસ વિશેષતા છે. બાકી કર્મ કરવાનું તો સૃષ્ટિમાં ચાલ્યા જ કરે છે. કર્મયોગ એટલે એક ખાસ મનોવૃત્તિથી બધું કરવું તે. ખેતરમાં ઘઉં ઓરવા અને મૂઠી ઘઉંના દાણા લઈ જઈ ગમે ત્યાં ફેંકવા એ બે વાતો એકબીજાથી ઘણી જુદી છે. એ બંને વચ્ચે ઘણો ફેર છે. અનાજ વાવવાથી કે ઓરવાથી કેટલું મોટું ફળ મળે છે અને ફેંકી દેવાથી કેવું નુકસાન થાય છે તે આપણે હંમેશ જોઈએ છીએ. ગીતા જે કર્મની વાત કહે છે તે ઓરવાના કે વાવવાના કામ જેવું છે. આવા સ્વધર્મરૂપ કર્તવ્યમાં ઘણી શક્તિ છે. તેમાં જેટલી મહેનત-મજૂરી કરીએ તેટલી ઓછી છે. એથી દોડધામને એમાં અવકાશ જ રહેતો નથી.

## સ્વધર્મ કેવી રીતે નક્કી કરવો

આ સ્વધર્મ નક્કી કેવી રીતે કરવો એવો કોઈ સવાલ કરે

તો તેનો જવાબ એટલો એક જ છે કે, 'તે સ્વાભાવિક હોય છે.' સ્વધર્મ સહજ હોય છે. તેને શોધવાનો ખ્યાલ જ વિચિત્ર લાગે છે. માણસ જન્મે છે તે જ વખતે તેની સાથે તેનો સ્વધર્મ પણ જન્મે છે. છોકરાને મા જેમ શોધવી પડતી નથી તે જ પ્રમાણે સ્વધર્મ પણ શોધવાનો રહેતો નથી. તે આગળથી આવી મળેલો હોય છે. આપણા જન્મ પહેલાં આ દુનિયા હતી. અને આપણી પાછળ પણ રહેવાની છે. આપણી પાછળ મોટો પ્રવાહ હતો. આગળ પણ તે જ વહે છે. આવા ચાલુ પ્રવાહમાં આપણે જન્મ લઈએ છીએ. જે માબાપને પેટે જન્મ થયો તેમની સેવા, જે આડોશી-પાડોશીની વચ્ચે જન્મ્યો તેમની સેવા, એ વાતો કુદરતી રીતે જ મને આવી મળેલી છે. વળી, મારી પોતાની વૃત્તિઓ તો મારા અનુભવની જ છે ને? મને ભૂખ લાગે છે, તરસ લાગે છે, એટલે ભૂખ્યાંને ખવડાવવું, તરસ્યાંને પાણી પાવું એ ધર્મ અને સ્વાભાવિક રીતે ચાલુ પ્રવાહમાંથી આવી મળ્યો છે. આવી જાતનો આ સેવારૂપ, ભૂતદયારૂપ સ્વધર્મ આપણે શોધવો પડતો નથી. જ્યાં સ્વધર્મની શોધ ચાલશે ત્યાં કંઈક પરધર્મ અથવા અધર્મ ચાલે છે એમ ચોક્કસ જાણવું.

સેવકને સેવા ઢૂંઢવી પડતી નથી, તે તેની મેળે તેની પાસે આવીને ઊભી રહે છે. પણ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે અનાયાસે આવી મળેલું કર્મ હંમેશ ધર્મ્ય જ હોય છે એવું નથી.



કોઈક ખેડૂત રાતના આવીને મને કહે કે, 'ચાલો, પેલી વાડ આપણે ચારપાંચ હાથ આગળ ખસેડીએ. મારું ખેતર એટલું વધશે. વગર ધાંધલે ચૂપચાપ કામ થઈ જશે.' આવું કામ પડોશી મને બતાવે છે. તે કુદરતી રીતે મને આવી મળતું દેખાય છે. તો પણ અસત્ય, ખોટું હોવાથી મારું કર્તવ્ય બનતું નથી.

ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા મને રૂડી લાગે છે તેનું કારણ એ છે કે તેમાં સ્વાભાવિકતા અને ધર્મ છે. એ સ્વધર્મ ટાળ્યે ચાલે એવું નથી. જે માબાપ મને મળ્યાં તે જ મારાં માબાપ છે. તે મને ગમતાં નથી એમ કહ્યે કેમ ચાલશે? માબાપનો ધંધો સ્વભાવથી જ છોકરાને પ્રાપ્ત થાય છે. જે ધંધો પરાપૂર્વથી ચાલતો આવેલો છે તે નીતિવિરુદ્ધ ન હોય તો કરવો, તે જ ઉદ્યોગ આગળ ચાલુ રાખવો એ ચાતુર્વર્ણ્યની વ્યવસ્થામાં રહેલી એક મોટી વિશેષતા છે. ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા આજે બગડી ગઈ છે, તેનો અમલ કરવો અઘરો થઈ ગયો છે. પણ તેની વ્યવસ્થા બરાબર ઊભી કરી શકાય, તેની ગડી બરાબર બેસાડી શકાય તો બહુ સારું થાય એમ છે. નહીં તો આજે માણસનાં શરૂઆતનાં પચ્ચીસ ત્રીસ વરસ નવો ધંધો શીખવામાં જાય છે. આમ તે જિંદગીનાં શરૂઆતનાં પચ્ચીસ વરસ શીખતો જ રહે છે. આ શીખવાની વાતનો જીવન સાથે જરાયે સંબંધ નથી. કહે છે, આગળ જીવવા માટેની તે તૈયારી કરે છે ! એટલે સરવાળે શીખે છે ત્યારે જીવતો

નથી હોતો એમ ને? કહે છે, પહેલાં એકવાર બધું બરાબર શીખી લેવું, તે પછી જીવવું. જીવવાનું અને શીખવાનું એ બે વાતો જાણે કે જુદી પાડી નાખવામાં આવી છે! પણ જ્યાં જીવવાની વાતનો સંબંધ નથી તે મરણ કે બીજું કંઈ? હિંદુસ્તાનમાં માણસની સરેરાશ આવરદા તેવીસ વરસ ગણાય છે. અને આ તો પચ્ચીસ વરસ તૈયારી કરવામાંથી પરવારતો નથી! આમ પહેલાં નવો ધંધો શીખવામાં દિવસો નીકળી જાય છે. પછી ક્યાંક ધંધો શરૂ કરવાની વાત! આને લીધે ઉમેદનાં, મહત્ત્વનાં વરસો ફોગટ જાય છે. જે ઉત્સાહ, જે ઉમેદ, જે હોંશ જનસેવામાં ખરચી આ દેહનું સાર્થક કરવાનું છે તે બધાં આમ નકામાં જાય છે. જીવન એ કંઈ રમત નથી, પણ જીવનને માટે ધંધો ખોળવામાં જ શરૂઆતનું કીમતી આયુષ્ય વહી જાય છે એ દુઃખની વાત છે. હિંદુધર્મે આટલા જ ખાતર વર્ણધર્મની વ્યવસ્થાની યુક્તિ કાઢી હતી.

પણ ચાતુર્વર્ણ્યની કલ્પના એક વાર બાજુએ રાખીએ તોયે બધાં રાષ્ટ્રોમાં બધે ઠેકાણે, જ્યાં ચાતુર્વર્ણ્ય નથી ત્યાં પણ સ્વધર્મ સૌ કોઈને પ્રાપ્ત થયેલો છે. આપણે સૌ એક પ્રવાહમાં કોઈક એક પરિસ્થિતિ સાથે લઈને જન્મ્યા હોવાથી સ્વધર્માચરણરૂપ કર્તવ્ય આપણને સૌને આપોઆપ પ્રાપ્ત થયેલું હોય છે. તેથી દૂરનાં કર્તવ્યો, જેમને નામનાં જ કર્તવ્ય કહી શકાય, તે ગમે તેટલાં રૂડાંરૂપાળાં દેખાતાં હોય તો પણ માથે લેવાં એ બરાબર નથી.



ઘણી વાર આઘેનું સારું દેખાય છે. ડુંગરા દૂરથી રળિયામણા. માણસ આઘેનું જોઈને ભુલાવામાં પડે છે. માણસ ઊભો હોય છે ત્યાં પણ ધૂમસ ગાઢું હોય છે. પણ પાસેનું તેને દેખાતું નથી અને તે આઘે આંગળી બતાવીને કહે છે, 'ત્યાં પણે ધૂમસ ગાઢું છે.' ધૂમસ તો બધે છે. પણ પાસેનું નજરમાં આવતું નથી. માણસને હંમેશ દૂરનું આકર્ષણ રહે છે. પાસેનું ખૂણામાં રહે છે અને આઘેનું સમણામાં દેખાય છે ! પણ એ મોહ છે. એને ટાળવો જ જોઈએ. પ્રાપ્ત એટલે કે આવી મળેલો સ્વધર્મ સાદો હોય, ઓછો લાગે, નીરસ ભાસે, તોયે મને જે સહેજે આવી મળ્યો છે તે જ સારો, તે જ સુંદર છે. દરિયામાં ડૂબતા માણસને ધારો કે એકાદ ગડગૂમડિયો લાકડાનો ટોલો મળ્યો, પાલીસ કરેલો, સુંવાળો, સુંદર નહીં હોય તો પણ તે જ તેને તારશે. કારખાનામાં ઘણા સફાઈદાર, સુંવાળા, નકશીદાર લાકડાના ટોલા પડ્યા હશે. પણ તે બધા રહ્યા કારખાનામાં અને આ તો અહીં દરિયામાં ડૂબવા બેઠો છે. એને માટે પેલો ગડગૂમડિયો ટોલો જેમ તારનાર નીવડે છે. તેને જ તેણે વળગવું જોઈએ. તેમ જે સેવા મને પ્રાપ્ત થઈ છે તે ઊતરતી લાગતી હોય તો પણ તે જ મારે સારુ ઉપયોગી છે. તેમાં જ મશગૂલ થઈ રહેવાનું મને શોભે. તેમાં જ મારો ઉદ્ધાર છે. બીજી સેવા ખોળવા નીકળું તો આ હાથમાં છે તે જાય અને પેલી પણ જાય. આમ કરવા જતાં સેવાવૃત્તિને જ હું ગુમાવી બેસું

છું. એથી માણસે સ્વધર્મરૂપી કર્તવ્યમાં મશગૂલ રહેવું જોઈએ.

સ્વધર્મમાં મગ્ન રહેવાથી રજોગુણ ફીકો પડી જાય છે. કારણ કે ચિત્ત એકાગ્ર થાય છે. સ્વધર્મ છોડીને તે બીજે ક્યાંય ભટકવા નીકળતું નથી. તેથી ચંચળ રજોગુણનું બધુંયે જોર ગળી જાય છે. નદી શાંત અને ઊંડી હોય તો ગમે તેટલું પાણી આવે તેને પોતાના ઉદરમાં સમાવી લે છે. સ્વધર્મની નદી માણસનું બધુંયે બળ, તેનો બધોયે વેગ, તેની બધી શક્તિ પોતાનામાં સમાવી શકે છે. સ્વધર્મમાં જેટલી શક્તિ ખરચો તેટલી ઓછી છે. સ્વધર્મમાં બધી શક્તિ રેડો એટલે રજોગુણની દોડધામ કરવાની વૃત્તિ નાબૂદ થશે. ચંચળપણું ચાલ્યું જશે. આ રીતે રજોગુણને જીતવો જોઈએ.

## સત્ત્વગુણ અને તેનો ઈલાજ

હવે રહ્યો સત્ત્વગુણ. એની સાથે સાવધ રહીને કામ લેવું જોઈએ. એનાથી આત્માને અળગો કેવી રીતે પાડવો? આ વાત સૂક્ષ્મ વિચારની છે. સત્ત્વગુણનો છેક નિકાલ લાવવાનો નથી. રજ-તમનો છેક ઉચ્છેદ કરવો પડે છે. પણ સત્ત્વગુણની ભૂમિકા જરા જુદી છે. માણસોનું મોટું ટોળું એકઠું મળ્યું હોય અને તેને વિખેરી નાખવું હોય તો 'કમરની ઉપર ગોળી ન છોડતાં નીચે પગ તરફ ગોળી છોડો,' એવો હુકમ સિપાઈનઓને આપવામાં આવે છે. એથી માણસ મરતો નથી પણ ઘાયલ થાય છે. તે પ્રમાણે



સત્ત્વગુણને ઘાયલ કરવાનો છે, ઠાર મારવાનો નથી. રજોગુણ અને તમોગુણ જતા રહ્યા પછી શુદ્ધ સત્ત્વગુણ બાકી રહે છે. શરીર છે ત્યાં સુધી કોઈ ને કોઈ ભૂમિકા પર રહેવું જ પડે છે. રજ-તમ જતા રહે પછી સત્ત્વગુણ રહે છે તેનાથી અળગા થવું એટલે શું?

સત્ત્વગુણનું અભિમાન ઘર કરી જાય છે. તે અભિમાન આત્માને તેના શુદ્ધ સ્વરૂપ પરથી નીચો પાડે છે. ધારો કે ફાનસ બળે છે. તેની જ્યોતનું અજવાળું સ્વચ્છ, ચોખ્ખું બહાર પડે તેટલા ખાતર અંદરની મેસ બરાબર લૂછીને સાફ કરવી પડે છે. અંદરથી મેસ તો લૂછી કાઢી પણ કાચની ચીમની પર બહાર ધૂળ લાગી હોય તેને પણ લૂછી નાખવી પડે છે. તેવી જ રીતે આત્માની પ્રભાની ફરતે તમોગુણની જે મેસ ચડી હોય તેને ઘસીને લૂછી સાફ કરવી જ જોઈએ. પછી રજોગુણને સાફ કર્યો. હવે શુદ્ધ સત્ત્વગુણની ચીમની રહી. એ સત્ત્વગુણને પણ દૂર કરવો જોઈએ. એટલે શું પેલી કાચની ચીમની પણ ફોડી નાખવી? ના. ચીમની ફોડી નાખવાથી દીવાનું કામ થતું નથી. જ્યોતનું અજવાળું ફેલાય તે માટે ચીમનીની જરૂર રહે જ છે. એ શુદ્ધ, ચકચકતા કાચને ફોડી ન નાખતાં આંખ તેને લીધે અંજાઈ ન જાય તેટલા ખાતર નાનોસરખો કાગળનો કકડો આડો રાખવો. આંખને અંજાવા દેવી નથી. સત્ત્વગુણને જીતવો એટલે તેને માટેનું અભિમાન,

તેને વિષેની આસક્તિ દૂર કરવી. સત્ત્વગુણ પાસેથી કામ લેવું જ છે. પણ સાવધ રહીને યુક્તિથી લેવું છે. સત્ત્વગુણને નિરહંકારી કરવો છે.

સત્ત્વગુણના આ અહંકારને કેવી રીતે જીતવો? એ માટે એક ઉપાય છે. સત્ત્વગુણને આપણામાં સ્થિર કરવો. સત્ત્વગુણનું અભિમાન સાતત્યથી જાય છે. સત્ત્વગુણનાં કર્મો એકધારાં કરતા રહી તેને આપણો સ્વભાવ બનાવવો. સત્ત્વગુણ જાણે ઘડીભર આપણે ત્યાં પરોણો આવ્યો હોય એવી સ્થિતિ રહેવા ન દેતાં, તેને આપણા ઘરનો બનાવી દેવો. જે ક્રિયા કોઈ કોઈ વાર આપણે હાથે થાય છે તેનું આપણને અભિમાન આવે છે. આપણે રોજ ઊંઘીએ છીએ તેની વાત બીજાને કહેવા દોડતા નથી. પણ કોઈ માંદા માણસને પંદર દહાડા સુધી ઊંઘ ન આવી હોય અને પછી જો થોડી આવી ગઈ તો તે સૌ કોઈને કહેતો ફરે છે કે, 'કાલ તો ભાઈ થોડી ઊંઘ આવી!' તેને તે વાત ઘણી મહત્ત્વની લાગે છે અથવા એથીયે વધારે સારો દાખલો લેવો હોય તો શ્વાસોચ્છ્વાસનો લઈ શકાય. ચોવીસે કલાક એકધારો શ્વાસોચ્છ્વાસ ચાલ્યા કરે છે. પણ આપણે આવતાજતા સૌને તેની વાત કહેવા બેસતા નથી. 'હું શ્વાસોચ્છ્વાસ કરનારો મહાન જીવ છું.' એવી બડાઈ કોઈ મારતું નથી. હરિદ્વાર આગળ ગંગામાં છોડી દીધેલી સળી કલકત્તા સુધી પંદરસો માઈલ વહેતી વહેતી



જાય છે પણ તે તેની બડાઈ મારવા બેસતી નથી. તે સહેજે પ્રવાહની સાથે વહેતી વહેતી આવે છે. પણ કોઈ માણસ ભર રેલમાં પાણીના પ્રવાહની સામે દસ હાથ તરીને જાય તો કેવી બડાઈ મારશે? સારાંશ, જે સ્વાભાવિક વસ્તુ છે તેનો અહંકાર થતો નથી.

એકાદું સારું કામ આપણે હાથે થાય છે તો તેનું આપણને અભિમાન ચડે છે. શાથી? કારણ તે વાત સહેજે બની નથી, તેથી. છોકરાને હાથે કંઈક એકાદ સારુ કામ થાય છે ત્યારે મા તેના વાંસા પર હાથ ફેરવે છે. નહીં તો સાધારણ રીતે તેની પીઠ પર માની સોટી જ ફરતી હોય છે. રાતના ઘાડા અંધારામાં એકાદ આગિયો ચમકારા મારતો હશે તો તેની એંટ કેવી હોય તે પૂછશો મા. પોતાનો બધો ચમકારો તે એકી વખતે બતાવી દેતો નથી. વચ્ચે ટમટમે છે ને પાછો અટકી જાય છે. વળી ટમટમે છે. અજવાળાની તે ઉઘાડઝાંક કર્યા કરે છે. તેનો પ્રકાશ એકધારો રહે તો તેનું તેને અભિમાન નહીં રહે. સાતત્યમાં ખાસ લાગવાપણું રહેતું નથી. તે જ પ્રમાણે સત્ત્વગુણ આપણી ક્રિયાઓમાં સતત પ્રગટ થતો રહેતો હોય તો પછી તે આપણો સ્વભાવ બની જશે. સિંહને શૌર્યનું અભિમાન હોતું નથી, તેનું તેને ભાન સરખું હોતું નથી. તે પ્રમાણે સાત્ત્વિક વૃત્તિ એટલી સહજ થવા દો કે આપણે સાત્ત્વિક છીએ એનું આપણને સ્મરણ

સરખું ન રહે. અજવાળું આપવાની સૂરજની નૈસર્ગિક ક્રિયા છે. તેનું તેને અભિમાન થતું નથી. એ માટે સૂર્યને માનપત્ર આપવા જશો તો તે કહેશે, 'હું વિશેષ શું કરું છું? હું પ્રકાશ આપું છું એટલે શું કરું છું? પ્રકાશ આપવો એ જ મારી હયાતી છે. અજવાળું ન આપું તો હું મરી જાઉં. મને એ સિવાય બીજી વાતની ખબર નથી.' આ જેવું સૂર્યનું છે, તેવું સાત્ત્વિક માણસનું થવું જોઈએ. સત્ત્વગુણ રોમેરોમમાં ઊતરી જવો જોઈએ. સત્ત્વગુણનો આવો સ્વભાવ બની જશે પછી તેનું અભિમાન નહીં ચડે. સત્ત્વગુણને ફીકો પાડવાની, તેને જીતવાની આ એક યુક્તિ થઈ.

હવે બીજી યુક્તિ, સત્ત્વગુણની આસક્તિ સુધ્ધાં છોડી દેવી તે છે. અહંકાર અને આસક્તિ એ બંને જુદી જુદી ચીજો છે. આ થોડો સૂક્ષ્મ વિચાર છે. દાખલાથી ઝટ સમજાશે. સત્ત્વગુણનો અહંકાર ગયો હોવા છતાં આસક્તિ રહી જાય છે. શ્વાસોચ્છ્વાસનો જ દાખલો લઈએ. શ્વાસોચ્છ્વાસનું આપણને અભિમાન થતું નથી. પણ તેમાં આસક્તિ ઘણી હોય છે. પાંચ મિનિટ શ્વાસોચ્છ્વાસ ચલાવશો નહીં એમ કોઈ કહે તો તે બની શકતું નથી. નાકનો શ્વાસોચ્છ્વાસનું અભિમાન નહીં હોય પણ હવા તે એકધારી લેતું રહે છે. પેલી સોક્રેટિસની મજાક જાણો છો ને? સોક્રેટિસનું નાક હતું ચીબું. લોકો તેને હસતા. પણ રમૂજી સોક્રેટિસ કહેતો, 'મારું જ નાક સુંદર છે. મોટાં નસકોરાંવાળું



નાક અંદર ભરપૂર હવા ખેંચે છે માટે તે જ સુંદર છે.' તાત્પર્ય કે નાકને શ્વાસોચ્છ્વાસનો અહંકાર નથી પણ આસક્તિ છે. સત્ત્વગુણની પણ એવી જ આસક્તિ થાય છે. દાખલા તરીકે ભૂતદયાની વાત લો. આ ગુણ અત્યંત ઉપયોગી છે. પણ તેની આસક્તિથીયે અળગા થતાં આવડવું જોઈએ. ભૂતદયા જોઈએ પણ આસક્તિ ન જોઈએ.

સંતો સત્ત્વગુણને લીધે બીજાં લોકોને માર્ગદર્શક થાય છે. તેમનો દેહ ભૂતદયાને લીધે સાર્વજનિક બને છે. માખીઓ જેમ ગોળને ઢાંકી દે છે તેમ આખી દુનિયા સંતોને પ્રેમના આવરણમાં વીંટી લે છે. સંતોમાં પ્રેમનો એટલો બધો પ્રકર્ષ થાય છે કે આખુંયે વિશ્વ તેમના પર પ્રેમ રાખે છે. સંતો પોતાના દેહની આસક્તિ છોડી દે છે. પણ આખા જગતની આસક્તિ તેમને વળગે છે. આખું જગત તેમનો દેહ સંભાળવા મંડે છે. પરંતુ એ આસક્તિ પણ સંતોએ દૂર કરવી જોઈએ. જગતનો આ જે પ્રેમ છે, મોટું ફલ છે તેનાથી પણ આત્માને અળગો પાડવો જોઈએ. હું કંઈક વિશેષ છું. એવું કદી લાગવું ન જોઈએ. આ રીતે સત્ત્વગુણને પોતાનામાં પચાવવો જોઈએ.

પહેલાં અભિમાન જીતી લેવું ને પછી આસક્તિને જીતવી. સાતત્ય વડે અહંકારને જીતી શકાશે. ફળની આસક્તિ છોડી, સત્ત્વગુણને લીધે મળનારું ફળ પણ ઈશ્વરને અર્પણ કરી આસક્તિ

જીતી લેવી. જીવનમાં સત્ત્વગુણને સ્થિર કરી લીધા પછી કોઈક વાર સિદ્ધિના રૂપમાં તો કોઈક વાર કીર્તિના રૂપમાં ફળ સામું આવી ઊભું રહે છે. પણ તે ફળનોયે તુચ્છ લેખજો. ફળ ગમે તેવું મોહક હોય, રસાળ હોય તોયે આંબાનું ઝાડ પોતાનું એક પણ ફળ જાતે ખાતું નથી. એ ફળ ખાવા કરતાં ન ખાવામાં જ તેને વધારે મીઠાશ લાગે છે. ઉપભોગના કરતાં ત્યાગ મીઠો છે.

જીવનનાં બધાંયે પુણ્યના પ્રતાપે મળનારા પેલા સ્વર્ગસુખના મોટા ફલનેયે ધર્મરાજાએ છેવટે લાત મારી. જીવનમાં કરેલા બધા ત્યાગો પર તેમણે આ કામથી કળશ ચડાવ્યો. સ્વર્ગનાં પેલાં મીઠા ફળ ચાખવાનો તેમને હક હતો. પણ એ ફળ તે ચાખવા બેઠા હોત તો બધું પુણ્ય પરાવારી જાત.

એ ચકરાવો પાછો તેમની પાછળ પડ્યો હોત. ધર્મરાજાનો આ કેવડો મોટો ત્યાગ ! તે હંમેશ મારી નજર આગળ તર્યા કરે છે. આવી રીતે સત્ત્વગુણના આચરણમાં એકધારા મંડ્યા રહી અહંકારને જીતી લેવો. તટસ્થ રહી સર્વ ફળો ઈશ્વરને અર્પી તેની આસક્તિને પણ જીતી લેવી એટલે સત્ત્વગુણને જીતી લીધો જાણવો.

## છેવટની વાત : આત્મજ્ઞાન અને ભક્તિનો આશ્રય

હવે એક છેવટની વાત કરી લઈએ. તમે સત્ત્વગુણી બનો, અહંકારને જીતી લો, ફળની આસક્તિ પણ છોડી દો, છતાં જ્યાં



લગી આ દેહ વળગેલો છે ત્યાં લગી વચ્ચે પેલા રજ-તમનાં હુમલા થયા વગર રહેતા નથી. એ ગુણોને જીતી લીધા છે એવું ઘડીભર લાગશેયે ખરું. પણ તે પાછા જોર કરીને આવ્યા વિના રહેતા નથી. સતત જાગ્રત રહેવું જોઈએ. સમુદ્રનું પાણી જમીનમાં જોરથી દાખલ થવાથી જેમ અખાતો નિર્માણ થાય છે, તેમ રજ-તમના જોરાવર પ્રવાહો મનોભૂમિમાં પેસી જઈને અખાતો નિર્માણ કરે છે. તેથી જરાયે છિદ્ર રહેવા ન દેશો. કડક પહેરો રાખજો. અને ગમે તેટલાં ખબરદાર રહેશો તોયે જ્યાં સુધી આત્મજ્ઞાન નથી. આત્મદર્શન નથી ત્યાં સુધી જોખમ છે જ એમ જાણજો. એટલે ગમે તે કરો પણ એ આત્મજ્ઞાન મેળવ્યા વિના જંપશો નહીં.

કેવળ જાગૃતિની કસરતથી પણ એ બને એવું નથી. તો કેવી રીતે બનશે? અભ્યાસથી થશે? ના એક જ ઉપાય છે, તે ઉપાય ‘હૃદયની અત્યંત ઊંડી લાગણીથી, ખૂબ તાલાવેલીથી ભગવાનની ભક્તિ કરવાનો’ એ છે. રજ-તમ ગુણોને જીતી લેશો, સત્ત્વગુણને સ્થિર કરી તેના ફળની આસક્તિને પણ એક વાર જીતી લેશો, છતાં તેટલાથીયે કામ સરવાનું નથી. છેવટે તે માટે પરમેશ્વરની કૃપા જોઈએ. તેની કૃપાને માટે અંતરની ઊંડી લાગણીવાળી ભક્તિ વડે પાત્ર બનવું જોઈએ. એ વિના બીજો ઉપાય મને દેખાતો નથી. આ અધ્યાયને છેડે અર્જુને ભગવાનને એ સવાલ પૂછ્યો અને ભગવાને જવાબ આપ્યો કે, ‘અત્યંત

એકાગ્ર મનથી નિષ્કામપણે મારી ભક્તિ કર, મારી સેવા કર. જે એવી સેવા કરે છે તે આ માયાને પેલે પાર જઈ શકે છે. એ વિના આ ગહન માયા તરી જવાનું બને એમ નથી. ભક્તિનો આ સહેલો ઉપાય છે. આ એક જ માર્ગ છે.



## પંદરમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : હે પાર્વતી ! હવે ગીતાના પંદરમા અધ્યાયનું માહાત્મ્ય સાંભળો.

ગૌડ દેશમાં કૃપાણ-નરસિંહ નામે એક રાજા હતા. એમની તલવારની ધાર સામે યુદ્ધમાં દેવો પણ પરાસ્ત થઈ જતા. તેમનો બુદ્ધિમાન સેનાપતિ શસ્ત્ર અને શાસ્ત્રની કલાઓનો ભંડાર હતો. તેનું નામ હતું સરભમેરુંડ. તેની ભુજાઓમાં પ્રચંડ તાકાત હતી.

એક વખત તે પાપીએ રાજકુમારો સહિત મહારાજનો વધ કરી પોતે જ રાજા બનવાનો વિચાર કર્યો. આ નિશ્ચયના થોડા જ દિવસો પછી તે કોલેરાનો શિકાર થઈ મરણ પામ્યો. થોડા સમય પછી તે પાપી પોતાનાં પૂર્ણ કર્મોને લીધે સિંધુ દેશમાં એક તેજસ્વી ઘોડા તરીકે જન્મ્યો. તેનું પેટ ચપટું હતું. ઘોડાના લક્ષણોનું સારું એવું જ્ઞાન ધરાવતા કોઈ વૈશ્યના પુત્રે ઘણી કિંમત આપી તે ઘોડાને ખરીદી લીધો અને પ્રયત્નપૂર્વક તેને રાજધાની સુધી લઈ આવ્યો. વૈશ્યકુમાર તે ઘોડો રાજાને આપવા માટે લાવ્યો હતો. જો કે રાજા તે વૈશ્યકુમારથી પરિચિત હતો તો પણ દ્વારપાળે

જઈને તેના આવવાની સૂચના આપી. રાજાએ પૂછ્યું :

'કેમ આવ્યો છે?' ત્યારે તેણે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યોઃ

'દેવ ! સિંધુ દેશમાં એક ઉત્તમ લક્ષણોથી યુક્ત અશ્વ હતો. તેને ત્રણેય લોકમાં એક રત્ન સમજી મેં ઘણી કિંમત આપી ખરીદી લીધો છે.' રાજાએ આજ્ઞા આપી : 'તે ઘોડાને અહીં લઈ આવો.'

ખરેખર, તે ઘોડો ગુણોમાં ઉચ્ચૈઃશ્રવા જેવો હતો. સુંદર રૂપનો તો જાણે ભંડાર હતો. શુભ લક્ષણોનો સમુદ્ર હતો. વૈશ્ય ઘોડાને લઈ આવ્યો. રાજાએ તેને જોયો. અશ્વનાં લક્ષણો જાણનાર અમાત્યોએ તેની ઘણી પ્રશંસા કરી. આ સાંભળી રાજા અપાર આનંદમાં ડૂબી ગયા અને તેમણે વૈશ્યને મોંમાંગી સુવર્ણમુદ્રાઓ આપી તરત જ તે ઘોડાને ખરીદી લીધો.

થોડા દિવસો પછી એક વખત રાજા શિકાર કરવા ખેલવા ઉત્સુક થઈ તે જ ઘોડા ઉપર બેસી વનમાં ગયો. ત્યાં મૃગોની પાછળ તેમણે પોતાનો ઘોડો દોડાવ્યો. પાછળ પાછળ બધી બાજુથી આવતા સૈનિકોનો સાથ છૂટી ગયો. તેઓ હરણો વડે આકૃષ્ટ થઈ ઘણે દૂર નીકળી ગયા. તરસથી તેઓ વ્યાકુળ થવા લાગ્યા ત્યારે તે ઘોડા પરથી ઊતરી પાણીની શોધ કરવા લાગ્યા. ઘોડાને તો તેમણે વૃક્ષની ડાળીએ બાંધી દીધો અને પોતે એક ખડક ઉપર ચઢવા લાગ્યા. થોડે દૂર જઈ તેમણે જોયું કે એક પાનનો ટુકડો હવાથી ઊડી શિલા ઉપર પડ્યો છે. તેના પર ગીતાના



પંદરમા અધ્યાયનો શ્લોક લખેલો હતો. રાજા તેને વાંચવા લાગ્યા. તેમના મુખેથી ગીતાના અક્ષરો સાંભળી ઘોડો તરત જ પડી ગયો અને અશ્વ શરીર છોડી તરત જ દિવ્ય વિમાનમાં બેસીને સ્વર્ગલોકમાં સિધાવ્યો.

તે પછી રાજાએ પહાડ ઉપર ચઢીને એક ઉત્તમ આશ્રમ જોયો. ત્યાં નાગકેસર, કેળ, આંબા અને નાળિયેરનાં વૃક્ષો શોભી રહ્યાં હતાં. આશ્રમની અંદર એક બ્રાહ્મણદેવ બેઠેલા હતા. તેઓ સંસારની વાસનાઓથી મુક્ત હતા. રાજાએ તેમને પ્રણામ કરી ઘણી ભક્તિ સાથે પૂછ્યું : 'બ્રહ્મન્ ! મારો ઘોડો જે હમણાં જ સ્વર્ગે સિધાવ્યો તેનું શું કારણ હતું?'

રાજાની વાત સાંભળી ત્રિકાળદર્શી મન્ત્રવેત્તા અને મહાપુરુષોમાં શ્રેષ્ઠ વિષ્ણુશર્મા નામના બ્રાહ્મણે કહ્યું :

'રાજન્ ! પૂર્વ કાળમાં તમારે ત્યાં જે 'સરભમેરુંડ' નામે સેનાપતિ હતો, તે તમને પુત્રો સહિત મારીને સ્વયં રાજ્ય હડપવા તૈયાર થયો હતો. એ દરમ્યાન કોલેરાનો શિકાર થઈ તે મૃત્યુ પામ્યો. તે પછી તે પાપને લીધે ઘોડો થયો. અહીં ક્યાંક ગીતાના પંદરમા અધ્યાયનો અડધો શ્લોક મળવાથી તમે તે વાંચવા લાગ્યા. તેને તમારા મુખેથી સાંભળી એ ઘોડો સ્વર્ગગતિને પામ્યો છે.'

તે પછી રાજાના સૈનિકો તેમને શોધતા-શોધતા ત્યાં આવી

ગયા. રાજા તે બ્રાહ્મણને પ્રણામ કરી તે બધાની સાથે પ્રસન્નતાપૂર્વક ત્યાંથી ચાલ્યા અને ગીતાના પંદરમા અધ્યાયના શ્લોકાક્ષરોથી અંકિત તે પત્રને વાંચી વાંચી પ્રસન્ન થવા લાગ્યા. તેમનાં નેત્ર હર્ષથી ખીલી ઊઠ્યાં. ઘેર આવી તેમણે મંત્રવેત્તા મંત્રીઓ સાથે પોતાના પુત્ર સિંહબલને રાજ્યસિંહાસન ઉપર અભિષિક્ત કરી પોતે પંદરમા અધ્યાયના જપથી વિશુદ્ધચિત્ત થઈ મોક્ષને પ્રાપ્ત થયા.



# પંચદશ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥**

શ્રી ભગવાન બોલ્યા : જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ-મૂળ (આ સંસારવૃક્ષની ઉત્પત્તિ અને એનો વિસ્તાર, આદિપુરુષ નારાયણથી જ થયો છે. એ આદિપુરુષ પરમેશ્વર નિત્ય, અનન્ત અને સૌના આધાર છે તથા સગુણરૂપે સૌથી ઉપર નિત્યધામમાં નિવાસ કરે છે, માટે 'ઊર્ધ્વ' નામે કહેવાયા છે. આ સંસારવૃક્ષ એ જ માયાપતિ સર્વશક્તિમાન પરમેશ્વરથી ઉદ્ભવ્યું છે, માટે એને 'ઊર્ધ્વમૂળ' એટલે કે ઉપરની તરફ જેનું મૂળ છે, એવું કહ્યું છે.) છે, જેની નીચે રહેલી બ્રહ્મારૂપી મુખ્ય શાખા (સંસારવૃક્ષના જન્મ વખતે સૌ પહેલાં બ્રહ્મા ઉદ્ભવે છે, માટે બ્રહ્મા જ આની મુખ્ય શાખા છે. બ્રહ્માનો લોક આદિપુરુષ નારાયણના નિત્યધામ કરતાં નીચે છે, તેમજ બ્રહ્માજીનો અધિકાર પણ ભગવાન કરતાં ઓછો છે. બ્રહ્મા એ આદિપુરુષ નારાયણથી

જ જન્મ્યા હોવાને લીધે અને એમના જ શાસનમાં રહેવાને કારણે એમને ‘અધઃશાખમ્’ રૂપે કહ્યા છે) છે તથા વેદો જેનાં પાંદડાઓ (પાંદડાઓ વૃક્ષની શાખામાંથી જન્મતાં હોય છે તથા વૃક્ષની રક્ષા અને વિકાસ કરનારાં હોય છે. વેદો પણ આ સંસારરૂપી વૃક્ષની મુખ્ય શાખારૂપી બ્રહ્માથી પ્રગટ્યા છે અને વેદવિહિત કર્મોથી જ સંસારનો વિકાસ અને રક્ષા થાય છે, માટે વેદોને ‘પાંદડાઓ’ કહ્યા છે) છે, એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અવિનાશી (આ સંસારવૃક્ષ પરિવર્તનશીલ હોવાને લીધે નાશવંત, અનિત્ય અને ક્ષણભંગુર છે, છતાં એનો પ્રવાહ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને એના પ્રવાહનો આરો જ દેખાતો નથી, માટે, અને વળી આનું મૂળ સર્વશક્તિમાન પરમેશ્વર નિત્ય અવિનાશી હોવાને લીધે આ સંસારવૃક્ષને ‘અવિનાશી’ કહ્યું છે.) કહે છે, જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળસહિત તત્ત્વથી જાણે છે, એ વેદના તાત્પર્યને જાણનાર છે. (ભગવાનની યોગમાયાથી જન્મેલો સંસાર ક્ષણભંગુર, નાશવંત તથા દુઃખરૂપ છે, એના ચિંતનને છોડીને કેવળ પરમેશ્વરનું જ નિત્ય-નિરંતર અનન્ય પ્રેમભાવે ચિંતન કરવું, એ વેદના ‘તાત્પર્યને જાણવું’ છે.)

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા**
**ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ**



**કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥૨॥**

એ સંસારવૃક્ષની ત્રણેય ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપી (શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગન્ધ - આ પાંચેય, સ્થૂળ દેહ અને ઈન્દ્રિયો કરતાં સૂક્ષ્મ હોવાને કારણે શાખાઓની કૂંપળોરૂપે કહ્યાં છે.) કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય, તિર્યક્ આદિ યોનિઓરૂપી શાખાઓ (બ્રહ્મલોકથી શરૂ કરીને પાતાળ સુધીના જેટલા લોકો છે, એ અને એમનામાં નિવાસ કરનારી યોનિઓ - એ સર્વ સંસારવૃક્ષની ઘણી બધી ‘શાખાઓ’ છે.) નીચે અને ઉપર આમ તેમ ફેલાયેલી છે તેમજ એ શાખાઓનાં મનુષ્યલોકમાં (મનુષ્ય-શરીરમાં કર્મ કરવાનો અધિકાર છે તેમજ મનુષ્યશરીર વડે અવિદ્યામૂલક અહંતા, મમતા અને વાસનાપૂર્વક કરવામાં આવેલાં કર્મો બંધનનાં કારણ મનાયાં છે, માટે આ મૂળિયાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં છે. અન્ય સઘળી યોનિઓ ભોગયોનિઓ છે. એમાં કર્મોનો અધિકાર નથી, માટે ત્યાં અહંતા, મમતા અને વાસનારૂપી મૂળિયાં હોવા છતાં પણ એ કર્માનુસાર બાંધનારાં નથી હોતાં.) કર્માનુસાર બાંધનારાં અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં નીચે અને ઉપર બધા લોકોમાં ફેલાયેલાં છે. ॥૨॥

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે**
**નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।**

**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલ-**
**મસઙ્ગશસ્ત્રેણ દઢેન છિત્ત્વા ॥૩॥**

આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે, એવું અહીં વિચારકાળમાં મળી આવતું નથી, (આ સંસારવૃક્ષનું જેવું સ્વરૂપ શાસ્ત્રોમાં વર્ણવાયું છે તેમજ જેવું જોવા-સાંભળવા મળે છે, તત્ત્વજ્ઞાન થયા પછી એવું નથી મળી આવતું, જેવી રીતે આંખ ખૂલ્યા પછી સ્વપ્નનો સંસાર નથી મળી આવતો.) કેમકે આનો નથી તો આદિ ('આનો આદિ નથી', એમ કહેવાનો અર્થ એ છે કે આની પરંપરા ક્યારથી ચાલી આવે છે, એનો કોઈ પત્તો નથી.) કે નથી અન્ત, ('આનો અન્ત નથી', એમ કહેવાનો અર્થ એ છે કે આની પરંપરા ક્યાં સુધી ચાલતી રહેશે, એનો કોઈ પત્તો નથી.) તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ, ('આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ નથી,' એમ કહેવાનો અર્થ એ છે કે વાસ્તવમાં આ ક્ષણભંગુર અને નાશવંત છે.) માટે આ અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થવૃક્ષને દઢ વૈરાગ્યરૂપી (બ્રહ્મલોક સુધીના ભોગો ક્ષણિક તેમજ નાશવંત છે, એવું વિવેકબુદ્ધિ દ્વારા સમજીને આ સંસારના સઘળા ભોગોમાં સત્તા, સુખ, પ્રીતિ અને રમણીયતા ન ભાસવાં, એનું નામ 'દઢ વૈરાગ્યરૂપી' શસ્ત્ર છે.) શસ્ત્ર વડે કાપી નાખીને (સ્થાવર-જંગમસ્વરૂપ સંસારના ચિંતનનો તથા અનાદિકાળથી



અજ્ઞાન વડે દઢ થયેલાં અહંતા, મમતા અને વાસનારૂપી મૂળિયાંઓનો ત્યાગ કરવો, એ જ સંસારવૃક્ષને બીજાં સઘળાં મૂળિયાં સહિત 'કાપી નાખવું' છે.) ॥૩॥

**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં**
**યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે**
**યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥૪॥**

એ પછી, એ પરમપદસ્વરૂપ પરમેશ્વરને સારી પેઠે શોધવા જોઈએ કે જેને પામી ચુકેલા માણસો ફરી પાછા વળીને સંસારમાં નથી આવતા અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસાર-વૃક્ષની પ્રવૃત્તિ અર્થાત્ પરંપરા વિસ્તાર પામી છે, એ જ આદિપુરુષ નારાયણને હું શરણે છું - આ પ્રમાણે દઢ નિશ્ચય કરીને એ પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન કરવું. ॥૪॥

**નિર્માનમોહા જિતસઙ્ગદોષા**
**અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસઞ્જ્ઞૈ-**
**ર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥૫॥**

જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમણે આસક્તિરૂપી દોષને જીતી લીધો છે, જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપે નાશ

પામી ચુકી છે - એવા સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી છૂટેલા જ્ઞાનીજનો એ અવિનાશી પરમપદને પામે છે. ॥૫॥

**ન તદ્ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ ।**
**યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૬॥**

જે પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી, એ સ્વયંપ્રકાશિત પરમપદને ન તો સૂર્ય ઉજાળી શકે છે, ન ચન્દ્રમા કે ન અગ્નિ, એ જ મારું પરમધામ છે.॥૬॥

**મમવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**
**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥**

આ દેહમં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે (જે રીતે વિભાગ વિનાનું રહેલું હોવા છતાં મહાકાશ ઘડાઓમાં જાણે જુદું-જુદું હોય એમ જણાય છે, એ જ રીતે સર્વ ભૂતોમાં એકાત્મભાવે રહેલો હોવા છતાં પણ પરમાત્મા જાણે ભિન્ન-ભિન્ન હોય એમ જણાઈ આવે છે, માટે જ દેહમાં રહેલા જીવાત્માને ભગવાને પોતાનો સનાતન 'અંશ' કહ્યો છે.) અને એ જ આ પ્રકૃતિમાં રહેલી મનસહિતની પાંચેય ઈન્દ્રિયોને ખેંચે છે. ॥૭॥

**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥૮॥**

વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને બીજા સ્થાને લઈ જાય છે, એ જ રીતે દેહ આદિનો સ્વામી જીવાત્મા



પણ જે શરીરને છોડે છે, એ શરીરમાંથી પ્રાણો દ્વારા મન સમેત ઈન્દ્રિયોને લઈને, પછી જે શરીરને પામે છે, એમાં જાય છે. ॥૮॥

**શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।**
**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥૯॥**

આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, રસના, ઘ્રાણ અને મનને આશ્રયે એટલે કે એમની સહાય લઈને જ વિષયોને સેવે છે. ॥૯॥

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥૧૦॥**

શરીર છોડીને જતો, શરીરમાં સ્થિર રહેલો, વિષયોને ભોગવતો કે ત્રણેય ગુણોથી જોડાયેલો હોવા છતાંય, જીવાત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જનો નથી જાણતા, કેવળ જ્ઞાનચક્ષુ ધરાવનાર વિવેકશીલ જ્ઞાની જનો તત્ત્વથી જાણે છે. ॥૧૦॥

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥**

સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને ઉજાળે છે, જે તેજ ચન્દ્રમામાં છે અને જે અગ્નિમાં છે - એને તું મારું જ તેજ જાણ ॥૧૨॥

**ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।**
**પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥**

તથા હું જ પૃથ્વીમાં પ્રવેશીને પોતાની શક્તિથી સઘળાં ભૂતોને ધારણ કરું છું અને રસસ્વરૂપ એટલે કે અમૃતમય ચન્દ્રમા બનીને સઘળી વનસ્પતિઓને પોષું છું. ॥૧૩॥

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥૧૪॥**

સર્વ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત રહેલો હું જ પ્રાણ અને અપાનથી સંયોજાયેલ વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારનાં (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય - એમ ચાર પ્રકારનાં અન્ન હોય છે. એમાં જેને ચાવીને ખાવું પડે છે એ ભક્ષ્ય છે - જેમ કે રોટલી વગેરે, જેને ગળવું પડે છે એ ભોજ્ય છે - જેમકે દૂધ વગેરે, જેને ચાટવું પડે છે એ લેહ્ય છે - જેમકે ચટણી વગેરે અને જેને ચૂસવું પડે છે એ ચોષ્ય છે - જેમકે શેરડી વગેરે.) અન્નને પચાવું છું. ॥૧૪॥

**સર્વસ્ય હૃદિ સન્નિવિષ્ટો**
**મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।**
**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો**
**વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥**

હું જ સૌ પ્રાણીઓના હૃદયમાં અન્તર્યામી રૂપે રહેલો છું



તથા મારાથી જ સ્મૃતિ, જ્ઞાન તેમજ અપોહન (બુદ્ધિમાં રહેનારા સંશય, વિપર્યય આદિ દોષોને વિચાર દ્વારા દૂર કરવાનું નામ ‘અપોહન’ છે.) થાય છે, તથા વેદો વડે હું જ જાણવા યોગ્ય (સર્વ વેદોનું તાત્પર્ય પરમેશ્વરને જણાવવાનું છે, માટે સર્વ વેદો વડે ‘જાણવા યોગ્ય’ એકલા પરમેશ્વર જ છે) છું તેમજ વેદાન્તનો કર્તા અને વેદોને જાણનાર પણ હું જ છું. ॥૧૫॥

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥૧૬॥**

આ સંસારમાં નાશવંત અને અવિનાશી - એ બે પ્રકારના પુરુષો છે, એમાંથી સઘળાં ભૂતપ્રાણીઓનાં શરીરો નાશવંત અને જીવાત્મા અવિનાશી કહેવાય છે. ॥૧૬॥

**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।**
**યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥**

આ બેયથી ઉત્તમ પુરુષ તો જુદો જ છે, જે ત્રણેય લોકોમાં પ્રવેશીને સૌનું ધારણ-પોષણ કરે છે અને જેને અવિનાશી, પરમેશ્વર તેમજ પરમાત્મા એવાં નામોથી ઓળખાવ્યો છે. ॥૧૭॥

**યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥**

હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં

પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું. ॥૧૮॥

**યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**
**સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥૧૯॥**

હે ભરતવંશી ! જે જ્ઞાની માણસ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમસ્વરૂપે જાણે છે, એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નિરંતર મુજ વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે. ॥૧૯॥

**ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ ।**
**એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥૨૦॥**

હે નિષ્પાપ અર્જુન ! આમ આ ઘણું રહસ્યમય ગોપનીય શાસ્ત્ર મેં કહ્યું, આને તત્ત્વથી જાણીને માણસ જ્ઞાની અને કૃતકાર્ય થઈ જાય છે. ॥૨૦॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામ પઞ્ચદશોઽધ્યાયઃ ॥૧૫॥

**॥પુરુષોત્તમયોગ નામનો પંદરમો અધ્યાય સમાપ્ત॥**



# અધ્યાય પંદરમો

## પૂર્ણયોગ : સર્વત્ર પુરુષોત્તમદર્શન

### પ્રયત્નમાર્ગથી ભક્તિ જુદી નથી

આ એક રીતે આપણે ગીતાને છેડે આવી પહોંચ્યા છીએ. પંદરમા અધ્યાયમાં બધાયે વિચારોની પરિપૂર્ણતા થયેલી છે. સોળમો અને સત્તરમો અધ્યાય પરિશિષ્ટરૂપ છે અને અઢારમો અધ્યાય ઉપસંહાર છે. એથી આ અધ્યાયને છેડે ભગવાને આ અધ્યાયને શાસ્ત્ર એવું નામ આપ્યું છે.

*'અત્યંત ગૂઢ આ શાસ્ત્ર તને નિષ્પાપ મેં કહ્યું'*

એમ ભગવાન છેવટે કહે છે. આ છેવટનો અધ્યાય છે તેથી ભગવાને એમ કહ્યું છે એવું નથી, પણ અત્યાર સુધી જીવનનું જે શાસ્ત્ર કહ્યું, જીવનના જે સિદ્ધાંત કહ્યા તેમની પૂર્ણતા આ અધ્યાયમાં કરી છે તેથી કહ્યું છે. આ અધ્યાયમાં પરમાર્થની વાત પૂરી થાય છે. વેદનો બધોયે સાર એમાં આવી જાય છે. પરમાર્થનું ભાન માણસને કરાવવું એ જ વેદનું કામ છે. તે આ અધ્યાયમાં

છે અને તેથી 'વેદોનો સાર' એવી ગૌરવભરી પદવી એને મળી છે.

તેરમા અધ્યાયમાં આપણે દેહથી આત્માને અળગો કરવાની જરૂર શી છે તે જોયું. ચૌદમામાં તે બાબતનો થોડો પ્રયત્નવાદ આપણે તપાસ્યો. રજોગુણ અને તમોગુણનો નિગ્રહથી ત્યાગ કરવો, સત્ત્વગુણનો વિકાસ કરી, તેની આસક્તિને જીતી લઈ, તેના ફળનો ત્યાગ કરવો, એ રીતે પ્રયત્ન ચલાવવા. એ પ્રયત્નો સંપૂર્ણપણે ફળદાયી થાય તેટલા માટે આત્મજ્ઞાનની આવશ્યકતા છે. એમ છેવટે કહ્યું. આત્મજ્ઞાન ભક્તિ વિના શક્ય નથી.

પણ ભક્તિમાર્ગ પ્રયત્નમાર્ગથી જુદો નથી એ વાત સૂચવવાને આ પંદરમા અધ્યાયની શરૂઆતમાં જ સંસારને એક મહાન વૃક્ષની ઉપમા આપી છે. ત્રિગુણ વડે પોષાયેલી મોટી મોટી ડાળીઓ એ વૃક્ષને ફૂટેલી છે. અનાસક્તિ અને વૈરાગ્ય એ શસ્ત્ર વડે આ ઝાડને છેદી નાખવું એમ શરૂઆતમાં જ કહ્યું છે. પાછલા અધ્યાયમાં જે સાધનમાર્ગ બતાવ્યો તે જ અહીં આરંભમાં ફરીને કહ્યો છે એ સ્પષ્ટ છે. રજ-તમને મારવાના છે અને સત્ત્વગુણનું પોષણ કરી તેની ખિલવણી કરવાની છે. એક વિનાશક અને બીજું વિધાયક કામ છે. બંને મળને એક જ માર્ગ બને છે. ઘાસ નીંદી કાઢવું અને બી રોપવું એ બે કામ એક જ ક્રિયાનાં બે



અંગો છે. તેવું જ આ છે.

રામાયણમાં રાવણ, કુંભકર્ણ અને વિભીષણ એ ત્રણ ભાઈઓ છે. કુંભકર્ણ તમોગુણ છે, રાવણ રજોગુણ છે અને વિભીષણ સત્ત્વગુણ છે. આપણા શરીરમાં એ ત્રણનું રામાયણ રચાયા કરે છે. એ રામાયણમાં રાવણ-કુંભકર્ણનો નાશ જ વિહિત છે. ફક્ત વિભીષણતત્ત્વ જો તે હરિશરણ થાય તો ઉન્નતિસાધક અને તેને પોષક થઈ શકે એવું હોવાથી સંઘરવા લાયક છે. ચૌદમા અધ્યાયમાં આપણે આ વાત જોઈ ગયા છીએ. આ પંદરમા અધ્યાયના આરંભમાં ફરીને તે જ વાત કરવામાં આવી છે. સત્ત્વ-રજ-તમથી ભરેલો સંસાર અસંગ શસ્ત્રથી છેદી નાખો. રજતમનો વિરોધ કરો. સત્ત્વગુણનો વિકાસ કરી પવિત્ર થાઓ અને તેની આસક્તિને પણ જીતી લઈ અલિપ્ત રહો એવો કમળનો આદર્શ ભગવદ્ગીતા રજૂ કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં જીવનમાંની આદર્શ વસ્તુઓને, ઉત્તમમાં ઉત્તમ વસ્તુઓને કમળની ઉપમા આપેલી છે. કમળ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. ઉત્તમમાં ઉત્તમ વિચાર પ્રગટ કરવાનું ચિહ્ન કમળ છે. કમળ સ્વચ્છ અને પવિત્ર હોય છે અને અલિપ્ત રહે છે. પવિત્રતાની અને અલિપ્તતાની એવી બેવડી શક્તિ કમળમાં રહેલી છે. ભગવાનના જુદા જુદા અવયવોને કમળની ઉપમા અપાય છે. જેમકે નેત્ર-કમળ, પદ-કમળ, કર-કમળ,

મુખ-કમળ, નાભિ-કમળ, હૃદય-કમળ, શિર-કમળ, બધેયે સૌંદર્ય અને પવિત્રતા છે, છતાં અલિપ્તતા પણ છે. એ આ ઉપમાઓથી બતાવાય છે અને આપણા મન પર ઠસાવવામાં આવે છે.

પાછલા અધ્યાયમાં બતાવેલી સાધનાની પૂર્ણતા કરવાને સારુ આ અધ્યાય છે. પ્રયત્નમાં ભક્તિ અને આત્મજ્ઞાન ભળે એટલે આ પૂર્ણતા આવે છે. પ્રયત્નમાર્ગનો જ ભક્તિ પણ એક ભાગ છે. આત્મજ્ઞાન, ભક્તિ એ તે જ સાધનાનાં અંગો છે. વેદમાં ઋષિ કહે છે :

'જે જાગ્રત હોય છે તેમના પર વેદો પ્રેમ રાખે છે, તેમને મળવાને તેઓ આવે છે.' એટલે કે જાગૃત છે તેના તરફ વેદનારાયણ આવે છે. તેની પાસે ભક્તિ આવે છે, જ્ઞાન આવે છે. પ્રયત્નમાર્ગથી ભક્તિ અને જ્ઞાન જુદાં નથી. પ્રયત્નમાં જ મીઠાશ પૂરનારાં એ તત્ત્વો છે એવું આ અધ્યાયમાં કહેવાનું છે. એકાગ્ર ચિત્તથી ભક્તિ-જ્ઞાનનું એ સ્વરૂપ શ્રવણ કરો.

## ભક્તિથી પ્રયત્ન સુતરો થાય છે

જીવનના કકડા હું કરી શકતો નથી. કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણને મારાથી જુદાં પાડી શકાતાં નથી અને તે ત્રણે જુદાં પણ નથી. દાખલા તરીકે જેલમાંનું રસોઈનું કામ જુઓ. પાંચસોથી સાતસો માણસ માટેની રસોઈનું કામ થોડા લોકો મળીને પાર



પાડે છે. જેને રસોઈનું પાકું જ્ઞાન નથી એવા માણસ આ કામમાં હશે તો રસોઈ બગાડી નાખશે. રોટલા કાચા રહેશે, નહીં તો બળીને રાખ થઈ જશે. પણ રસોઈનું બરાબર પાકું જ્ઞાન છે એમ માનીને આપણે ચાલીએ. એમ છતાં એ માણસના દિલમાં તે કર્મને માટે પ્રેમ નહીં હોય, ભક્તિની ભાવના નહીં હોય, આ રોટલા તે ભાઈઓને, એટલે કે નારાયણને ખાવાને માટે છે, તે સારુ તે મારે બરાબર કરવા જોઈએ, આ પ્રભુની સેવા છે, એવી ભાવના તેના દિલમાં નહીં હોય તો જ્ઞાન હોવા છતાં પણ તે માણસ એ કામને માટે લાયક ઠરતો નથી. એ રસોઈના કામમાં જ્ઞાન જોઈએ, અને તે જ પ્રમાણે પ્રેમ પણ જોઈએ. ભક્તિતત્ત્વનો રસ હૃદયમાં નહીં હોય તો રસોઈ સુરસ નહીં થાય. એથી તો મા વગર એ કામ થતું નથી. મા વગર એ કામ પૂરી આસ્થાથી અને પૂરા પ્રેમથી કોણ કરશે? વળી, એ કામને માટે તપસ્યા પણ જોઈએ. તાપ વેઠ્યા વગર, મહેનત કર્યા વગર, એ કામ થાય કેવી રીતે? એટલે એક જ કાર્યમાં પ્રેમ, જ્ઞાન અને કર્મ એ ત્રણે ચીજોની જરૂર છે એમ સાફ દેખાઈ આવે છે. જીવનમાં થનારાં બધાંયે કર્મો આ ત્રણ ગુણ પર ઊભાં છે. ત્રિપાઈનો એક જ પાયો તૂટી જાય તો પણ તે ઊભી રહેતી નથી. ત્રણે પાયા જોઈએ. તેના નામમાં જ તેનું સ્વરૂપ સ્પષ્ટ થયેલું છે. જીવનનું પણ એવું જ છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ એટલે શ્રમસાતત્ય એ જીવનના ત્રણ

પાયા છે. એ ત્રણ થાંભલા પર જીવનની દ્વારકા ઊભી કરવાની છે. એ ત્રણે પાયા મળીને એક જ ચીજ બને છે. ત્રિપાઈનો દાખલો અક્ષરક્ષઃ લાગુ પડે છે. તર્કથી તમે ભક્તિ, જ્ઞાન અને કર્મને ભલે એકબીજાંથી અલગ માનો. પણ પ્રત્યક્ષ તેમને અલગ પાડવાનું બને એવું નથી. ત્રણે મળીને એક વિશાળ વસ્તુ બને છે.

આમ હોવા છતાં ભક્તિનો વિશેષ એવો ગુણ નથી એવું નથી. કોઈપણ કામમાં ભક્તિતત્ત્વ દાખલ થાય તો તે સહેલું લાગે છે. સહેલું લાગે છે એટલે મહેનત નહીં પડે એવું ન સમજશો. પણ એ મહેનત મહેનત જેવી નહીં લાગે. મહેનત પણ આનંદરૂપ લાગશે. બધી મહેનત હલકી ફૂલ થઈ જશે. ભક્તિમાર્ગ સહેલો છે એ વાતમાંનો મુદ્દો શો છે? તેનો મુદ્દો એ કે ભક્તિને લીધે કર્મનો ભાર લાગતો નથી. કર્મનું કઠણપણું જતું રહે છે. ગમે તેટલું કામ કરો તોયે કર્યા જેવું લાગતું નથી. ભગવાન ખ્રિસ્ત એક ઠેકાણે કહે છે, ‘તું ઉપવાસ કરે તો તારો ચહેરો ઉપવાસ કર્યા જેવો દેખાવો ન જોઈએ. ગાલને સુગંધી પદાર્થ લગાડ્યો હોય તેવો ચહેરો પ્રફુલ્લિત તેમ જ આનંદી દેખાવો જોઈએ. ઉપવાસ કરવામાં કષ્ટ પડે છે એવું દેખાય તે ન ચાલે.’ ટૂંકમાં, વૃત્તિ એટલી ભક્તિમય થઈ જવી જોઈએ કે કરેલી મહેનત વિસારે પડી જાય. આપણે કહીએ છીએ ને કે શૂરો દેશભક્ત હસતો હસતો ફાંસીએ ચડ્યો. સુધન્વા ઊકળતા તેલની કડાઈમાં હસતો



હતો. મોઢેથી કૃષ્ણ, વિષ્ણુ, હરિ, ગોવિંદ બોલતો હતો. આમ કહેવાનો અર્થ એટલો જ છે કે પાર વગરની પીડા થવા છતાં ભક્તિને લીધે તે તેને વરતાઈ નહોતી. પાણી પર તરતી હોડી ખેંચવી કઠણ નથી. પણ તેને જમીન પરથી ખડક પરથી, પથરાળી ભોંય પરથી ખેંચીને લઈ જવાની હોય તો કેટલી બધી મહેનત પડે છે તે જોજો! હોડીની નીચે પાણી હોય તો સહજતાથી આપણે તરી જઈએ છીએ. તે જ પ્રમાણે આપણી જીવનનૌકાની નીચે ભક્તિનું પાણી હશે તો તે હોડી આનંદથી હલેસાં મારીને આગળ લઈ જવાશે. પણ જીવન લૂખું હશે, સૂકું હશે, રસ્તામાં રણવગડો હશે, પથરા ને ખડક હશે, ખાંચા ને ખાડાટેકરા હશે તો એ હોડીને ખેંચીને લઈ જવાનું કામ ઘણું વિકટ થઈ જશે. ભક્તિતત્ત્વ જીવનનૌકાને પાણીની માફક સરળપણું મેળવી આપે છે.

ભક્તિમાર્ગથી સાધના સહેલી થાય છે પણ આત્મજ્ઞાન વગર ત્રિગુણોની પેલી પાર કાયમનું જવાય એવી આશા નથી. તો પછી આત્મજ્ઞાનને માટે સાધન કયું? સત્ત્વ-સાતત્યથી, સત્ત્વગુણ પચાવી તેનો અહંકાર અને તેના ફળની આસક્તિને જીતી લેવાનો ભક્તિરૂપી પ્રયત્ન એ જ સાધન છે. આ સાધન વડે સતત અને અખંડ પ્રયત્ન કરતાં કરતાં એક દિવસ આત્મદર્શન થશે. ત્યાં સુધી પ્રયત્નને છેડો નથી. પરમપુરુષાર્થની આ વાત છે. આત્મદર્શન એ બે ઘડી મોજનો ખેલ નથી. સહેજે મોજથી

આત્મદર્શન થઈ જાય, એવું નથી. તે માટે સતત પ્રયત્નધારા ચાલુ રહેવી જોઈએ. પરમાર્થને માર્ગે જવાની શરત જ મૂળમાં એ છે કે, 'હું એક ક્ષણ પણ નિરાશાને અવકાશ આપીશ નહીં. એક ક્ષણ પણ નિરાશ થઈને જંપીને નિરાંતે બેસીશ નહીં.' પરમાર્થનું બીજું સાધન નથી. કોઈ કોઈ વાર સાધકને થાક ચડે ને તેને મોંએથી,

'હે ઈશ્વર, ક્યાં સુધી તારે માટે આ તપસ્યા કરું?' એવા ઉદ્ગાર નીકળી જાય છે. પણ એ ઉદ્ગાર ગૌણ છે. તપસ્યા અને સંયમનું જાતને એવું વળણ પડી જવા દો કે તે તમારો સ્વભાવ થઈ જાય. ક્યાં સુધી સાધના કરું? આ વચન ભક્તિમાં શોભતું નથી. અધીરાઈ, નિરાશાની ભાવના એ બધું ભક્તિ કદી ઉત્પન્ન થવા નહીં દે. આવો કંટાળો કદી ન આવે, ભક્તિમાં ઉત્તરોત્તર, વધારે ને વધારે ઉલ્લાસ ને ઉત્સાહ આવે તે માટે ઘણો મજાનો વિચાર આ અધ્યાયમાં રજૂ કર્યો છે.

## સેવાની ત્રિપુટી : સેવ્ય, સેવક, સેવાનાં સાધન

આ વિશ્વમાં આપણને અનંત વસ્તુઓ દેખાય છે. એ બધી વસ્તુઓના ત્રણ ભાગ પાડવા. કોઈક ભક્ત સવારે ઊઠે છે ત્યારે ત્રણ ચીજ તેની નજરે પડે છે. પહેલું ધ્યાન ઈશ્વર તરફ જાય છે. પછી તે ઈશ્વરની પૂજાની તૈયારી કરે છે. હું સેવક, ભક્ત છું, તે સેવ્ય એવો ઈશ્વર, સ્વામી છે. આ બંને વાતો તેની સામે હંમેશ



હાજર હોય છે. બાકી રહેલી આખી સૃષ્ટિ તે પૂજાનાં સાધનો છે. ફૂલ, ચંદન, ધૂપદીપ, એને માટે બધી સૃષ્ટિ છે. ત્રણ જ વસ્તુ છે. સેવક, ભક્ત, સેવ્ય પરમાત્મા અને સેવાનાં સાધનો માટે આ સૃષ્ટિ. આ શીખ આ અધ્યાયમાં છે. પણ એકાદો મૂર્તિની સેવાપૂજા કરાવાવાળો જે સેવક છે તેને સૃષ્ટિમાંની બધી ચીજો પૂજાનાં સાધન લાગતી નથી. તે બગીચામાંથી ચારપાંચ ફૂલો તોડી લાવે છે. ક્યાંકથી ધૂપસળી લાવે છે, અને કંઈક ને કંઈક નૈવેદ્ય ધરાવે છે. તેને પસંદગી કરી કંઈક લેવાનું ને કંઈક છોડી દેવાનું મન થાય છે. પણ પંદરમા અધ્યાયમાં જે ઉદાત્ત શીખ છે તેમાં પસંદગીની, કંઈક લેવાની ને કંઈ છોડી દેવાની વાત નથી. જે જે કંઈ તપસ્યાનાં સાધનો છે, કર્મનાં સાધનો છે, તે બધાંયે પરમેશ્વરની સેવાનાં સાધનો છે. તેમાંનાં થોડાંને આપણે ફૂલો કહીશું, થોડાંને ચંદન કહીશું, અને થોડાંને નૈવેદ્ય ગણીને ચાલીશું. આમ યચ્ચયાવત્ એટલે કે જે છે તેટલાં બધાં કર્મોને પૂજાદ્રવ્યો બનાવવાં એવી એ દૃષ્ટિ છે. જગતમાં ફક્ત ત્રણ ચીજ છે. જે વૈરાગ્યમય સાધન-માર્ગ ગીતા આપણા મનમાં ઠસાવવા માગે છે તે માર્ગને ગીતા ભક્તિમય સ્વરૂપ આપે છે. તેમાંનું કર્મપણું તે કાઢી નાખે છે અને તેને લીધે તેમાં સુલભતા, સરળતા લાવી આપે છે.

આશ્રમમાં કોઈક એક જણને માથે ખૂબ કામ આવે છે

ત્યારે 'મારે માથે જ વધારે કામ કેમ આવ્યું?' એવો વિચાર તેના મનમાં ફરકતો નથી એ વાતમાં ઊંડો સાર છે. પૂજા કરવાવાળાને બે કલાકને બદલે ચાર કલાક પૂજા કરવાની મળે તો, 'અરે આ શું? આજે ચાર ચાર કલાક પૂજા કરવી પડશે!' એવું કંટાળીને તે કહેશે ખરો કે? ઊલટું તેને એથી વધારે આનંદ થશે. આશ્રમમાં અમને આવો અનુભવ થાય છે. એવો અનુભવ આખાયે જીવનમાં બધે થવો જોઈએ. જીવન સેવાપરાયણ બનવું જોઈએ. સેવ્ય એવો જે પેલો પુરુષોત્તમ છે તેની સેવાને માટે હંમેશ ખડો રહેનારો હું અક્ષર પુરુષ છું. અક્ષર પુરુષ એટલે કદી પણ ન થાકનારો, ઠેઠ સૃષ્ટિના આરંભથી સેવા કરનારો, સનાતન સેવક. જાણે કે રામની સામે સદા હાથ જોડીને હનુમાન જ ઊભેલો છે. તેને આળસ શું તેની ખબર સરખી નથી. એ હનુમાનની માફક ચિરંજીવ એવો આ સેવક ખડો છે.

આવો આજન્મ સેવક તે જ અક્ષર પુરુષ છે. પરમાત્મા એ સંસ્થા જીવંત છે અને હું સેવક પણ કાયમનો છું. પ્રભુ કાયમનો તો હું પણ કાયમનો છું. તે સેવા લેતો થાકે છે કે હું સેવા કરતો થાકું છું એ મોજ એક વાર જોઈ લેવી છે. તેણે દસ અવતાર લીધા તો મારી પણ દસ છે જ. તે રામ થયો તો હું હનુમાન થયો જ છું. તે કૃષ્ણ થયો તો હું ઉદ્ધવ થયો જ છું. જેટલા તેના અવતાર તેટલા મારા પણ છે જ. એવી મીઠી હરીફાઈ એક વાર થવા દે.



એક પછી એક એમ બધાયે યુગોમાં, પરમેશ્વરની આવી સેવા કરવાવાળો, કદીયે નાશ ન પામનારો એવો આ જીવ તે આ અક્ષર પુરુષ છે. પેલો પુરુષોત્તમ સ્વામી અને હું તેનો સેવક, તેનો બંદો એવી ભાવના કાયમ હૃદયમાં રાખવી છે. અને આ હરઘડી બદલાતી જતી, અનંત વેશ લેનારી જે સૃષ્ટિ છે તે બધીને પૂજાનાં સાધનો, સેવાનાં સાધનો બનાવવાનાં છે. એક એક ક્રિયા પુરુષોત્તમની પૂજા છે.

સેવ્યા આ પરમાત્મા પુરુષોત્તમ અને સેવક જીવ એ અક્ષર પુરુષ છે. પણ આ સાધનરૂપ સૃષ્ટિ ક્ષર છે. તે ક્ષર હોવામાં ભારે અર્થ સમાયેલો છે. સૃષ્ટિનું એ દૂષણ નથી પણ ભૂષણ છે. તેને લીધે સૃષ્ટિમાં નિત્ય નવીનતા છે. ગઈ કાલનાં ફૂલો આજે કામ નહીં આવે, તે નિર્માલ્ય બન્યાં. સૃષ્ટિ નાશવંત છે એ માણસનું મોટું ભાગ્ય છે. એ સેવાનો વૈભવ છે. સેવાને માટે રોજ નવાં, તાજાં ફૂલ જોઈએ. તે જ પ્રમાણે આ શરીર પણ નવું નવું ધારણ કરી હું પરમેશ્વરની સેવા કરીશ. મારાં સાધનોને હું રોજ નવું સ્વરૂપ આપીશ અને તેમનાથી પૂજા કરીશ. નાશવંતપણાને લીધે સૌંદર્ય છે.

ચંદ્રની કળા આજે હોય છે તે કાલે હોતી નથી. ચંદ્રનું લાવણ્ય રોજ જુદું. બીજનો પેલો પાછળથી વધતો જનારો ચંદ્ર જોઈને કેટલો બધો આનંદ થાય છે ! શંકરના ભાલપ્રદેશ પર એ

બીજની ચંદ્રશોભા પ્રગટ થયેલ છે.આઠમના ચંદ્રનું સૌંદર્ય વળી વિશેષ હોય છે. આઠમના આકાશમાં વીણેલાં મોતી જોવાનાં મળે છે. પૂનમનાં ચંદ્રનાં તેજમાં તારા દેખાતા જ નથી. પૂર્ણિમાએ પરમેશ્વરના મુખચંદ્રનું દર્શન થાય છે. અમાસનો આનંદ વળી જુદો ને ઘણો ગંભીર હોય છે. અમાવસ્યાની રાતે કેટલી બધી નિઃસ્તબ્ધ શાંતિ હોય છે ! ચંદ્રનો જુલમી પ્રકાશ ન હોવાથી નાનામોટા અગણિત તારાઓ પૂરી છૂટથી ચમકે છે. અમાસે સ્વતંત્રતાનો પૂરેપૂરો વિલાસ જોવાનો મળે છે. પોતાના અજવાળાનો દમામ બતાવનારો ચંદ્ર આજે આકાશમાં નથી. પોતાને પ્રકાશ આપનારા સૂર્યની સાથે આજે તે એકરૂપ થયેલો છે, પરમેશ્વરમાં સમાઈ ગયેલો હોય છે. જીવે સ્વાત્માર્પણ કરી પોતાને કારણે જગતને જરા સરખોયે ત્રાસ ન થવા દેવો એવું જાણે કે તે દિવસે તે બતાવી રહેલો છે. ચંદ્રનું સ્વરૂપ ક્ષર છે, બદલાયા કરે છે. પણ તે નિત્ય નવો આનંદ આપે છે.

સૃષ્ટિનું નાશવંતપણું એ જ તેનું અમરપણું છે. સૃષ્ટિનું રૂપ ખળખળ વહ્યા કરે છે. એ રૂપગંગા વહેતી ન રહે તો તેનું ખાબોચિયું થઈ જાય. નદીનું પાણી એકધારું વહ્યા કરે છે. પાણી કાયમ બદલાયા કરે છે. એક ટીપું ગયું. પેલું બીજું આવ્યું ! એમ તે પાણી જીવતું રહે છે. વસ્તુમાંનો આનંદ નવીનતાને લીધે વરતાય છે. ઉનાળાની મોસમમાં ઈશ્વરને અમુક ફૂલ ચડાવવાનાં



હોય છે. ચોમાસામાં પેલી લીલીછમ દરોઈ ચડાવવાની હોય છે. શરદઋતુમાં પેલાં રમણીય કમળો ચડાવવાનાં હોય છે. તત્ તત્ત ઋતુકાલોદ્ભવ ફળફૂલો વડે ઈશ્વરની પૂજા કરવાની છે. એથી એ પૂજા તાજી, નિત્ય નવી લાગે છે અને તેનો કંટાળો આવતો નથી. નાનાં છોકરાંને પાટી પર ‘ક’ કાઢી આપીને પાછી આપણે કહીએ છીએ. “આને ઘૂંટીને જાડો કર.” એ ‘ક’ ચીતરવાની માથાફોડથી બાળકને કંટાળો આવે છે. અક્ષર ઘૂંટીને જાડો શા માટે કરવો તે તેને સમજાતું નથી. પેન આડી પકડીને તે ઝટઝટ અક્ષરોના સમુદાય જુએ છે. નવાં નવાં પુસ્તો તે વાંચતો થાય છે. સાહિત્યમાં નિર્માણ થયેલી જાતજાતની સુમનમાળાંનો તે અનુભવ લેતો થાય છે. એથી તેને અપાર આનંદ થાય, તેવું જ સેવાના ક્ષેત્રમાં છે. નવાં નવાં સાધનોને લીધે સેવા માટેની હોંશ વધ્યા કરે છે. અને સેવાવૃત્તિનો વિકાસ થાય છે.

સૃષ્ટિનું નાશવંતપણું રોજેરોજ નવાં ફૂલો ખીલવતું રહે છે. ગામની પાસે સ્મશાન છે તેથી ગામ રળિયામણું છે. જૂનાં માણસો જાય છે અને નવાં બાળકો જન્મે છે. નવી સૃષ્ટિ વધતી જાય છે. બહારના પેલા મસાણનો નાશ કરશો તો તે ઘરમાં આવી અડ્ડો જમાવશે. તેનાં તે માણસોને કાયમ જોવાં પડશે એટલે તમે કંટાળી જશો. ઉનાળામાં ગરમી હોય છે. પૃથ્વી તપી જાય છે. પણ તેથી અકળાશો મા. એ રૂપ પલટાયા વગર રહેવાનું નથી.

વરસાદનું સુખ અનુભવવાને માટે પહેલાં તાપ ખમવો જોઈએ. જમીન બરાબર તપી નહીં હોય તો વરસાદ પડતાંની સાથે એકલો કાદવ કાદવ થઈ રહેશે. જમીન ઘાસ અને ધાન્યની કૂંપળોથી છવાઈ નહીં જાય. એક વખત ઉનાળામાં હું ફરતો હતો. માથું તપતું હતું. તેથી મને આનંદ થતો હતો. મને એક મિત્રે કહ્યું, "માથું તપી જશે, ઉકળાટ થશે." મેં કહ્યું, "આ નીચેની માટી તપે છે. તો આ માટીના ગોળાને પણ થોડો તપવા દીધેલો સારો." માથું તપેલું હોય ને તેના પર પેલી વરસાદની ધરા પડે એટલે શું આનંદ થાય છે ! પણ જે તડકામાં બહાર નીકળી તપતો નથી, તે વરસાદ આવશે તોયે ચોપડીમાં માથું ઘાલીને બેઠો રહેશે. ઘરની ઓરડીમાં, એક કબરમાં પુરાઈ રહેશે. બહારના આ વિશાળ અભિષેકપાત્ર નીચે ઊભા રહી નાચવાનું તેના નસીબમાં નથી. પણ પેલો આપણો મહર્ષિ મનુ બહુ રસિક અને સૃષ્ટિપ્રેમી હતો. સ્મૃતિમાં તે લખે છે કે, "વરસાદ પડવા માંડે એટલે રજા પાડવી." વરસાદ પડતો હોય ને આશ્રમમાં પાઠ ગોખતાં ગોંધાઈ રહેવાનું હોય ખરું કે? વરસાદમાં નાચવું, ગાવું અને સૃષ્ટિ સાથે એકરૂપ થવું. ચોમાસામાં જમીન અને આસમાન એકબીજાને ભેટ છે. તે ભવ્ય દેખાવ કેવો આનંદ આપનારો હોય છે! સૃષ્ટિ જાતે આપણને કેળવણી આપી રહેલ છે.

સારાંશ કે સૃષ્ટિનું ક્ષરપણું, નાશવંતપણું છે એટલે



સાધનોની નવીનતા છે. એવી નવી નવી ચીજોને જન્મ આપનારી અને નવાં નવાં સાધનો પૂરાં પાડનારી આ સૃષ્ટિ, કમર કસીને સેવાને માટે ખડો પેલો સનાતન સેવક, અને પેલો સેવ્ય પરમાત્મા ત્રણે સામે મોજૂદ છે. હવે ચાલવા દો આખો ખેલ. પેલો પરમપુરુષ પુરુષોત્તમ જુદાં જુદાં સેવાસાધનો પૂરાં પાડી મારી પાસેથી પ્રેમમૂલક સેવા લઈ રહેલો છે. તરેહતરેહનાં સાધન આપીને તે મને રમાડી રહેલો છે. મારી પાસેથી તે જુદા જુદા પ્રયોગ કરાવે છે. આવી વૃત્તિ જીવનમાં કેળવાય તો કેટલો બધો આનંદ મળે !

## અહંશૂન્ય સેવા તે જ ભક્તિ

આપણી એકેએક કૃતિ ભક્તિમય થાય એવી ગીતાની ઈચ્છા છે. ઘડી અધઘડી પરમેશ્વરની પૂજા કરો છો તે સારું છે. સવારે ને સાંજે સૂર્યની સુંદર પ્રભા ફેલાયેલી હોય ત્યારે ચિત્ત સ્થિર કરી, કલાક અરધો કલાક સંસારને વિસારે પાડી અનંતનું ચિંતન કરવું એ વિચાર ઘણો સારો છે. એ સદાચાર આપણે કદી ન છોડીએ. પણ ગીતાને એટલાથી સંતોષ નથી. સવારથી માંડીને તે સાંજ સુધી જે જે બધી ક્રિયાઓ આપણે હાથે થાય તે બધીયે ભગવાનની પૂજાને નિમિત્તે થવી જોઈએ. સ્નાન કરતી વખતે, જમતી વખતે, કચરો વાળતી વખતે એમ હરેક વખતે તેનું સ્મરણ રહેવું જોઈએ. કચરો વાળતી વખતે આપણને એમ થવું જોઈએ

કે હું મારા પ્રભુનું, મારા જીવન-રાજનું આંગણું વાળું છું. બધાં કર્મો આ રીતે પૂજાનાં કર્મો થવાં જોઈએ. આ દૃષ્ટિ આપણામાં કેળવાય તો આપણા વર્તનમાં કેવો ફરક પડી જાય છે તે જોજો. પૂજાને માટે આપણે કેટલી કાળજીથી ફૂલો વીણીએ છીએ, તેમને છાબડીમાં કેવાં બરાબર ગોઠવીએ છીએ, તે બધાં દબાઈને બગડી ન જાય તેની કેવી સંભાળ રાખીએ છીએ, તે મેલાં ન થાય તેટલા ખાતર નાકે લગાડી સૂંઘતા સુધ્ધાં નથી. તે જ પ્રમાણે જીવનમાં રોજેરોજ કરવાનાં કર્મોમાં પણ તેવી જ દૃષ્ટિ રહેવી જોઈએ. આ મારું ગામ છે અને અહીં પડોશીના રૂપમાં મારો નારાયણ રહે છે. એ ગામને હું સ્વચ્છ કરીશ, નિર્મળ રાખીશ. ગીતા આપણામાં આવી દૃષ્ટિ કેળવવા માગે છે. પ્રત્યેક કર્મ પ્રભુની પૂજા છે એવી ભાવના સૌ કોઈની થાય એવી ગીતાને હોંશ છે. ગીતા જેવા ગ્રંથરાજને ઘડી અધઘડીની પૂજાથી સમાધાન નથી. સમગ્ર જીવન હરિમય થાય, પૂજારૂપ થાય એવી ગીતાની ઉત્કટ ઈચ્છા છે.

પુરુષોત્તમયોગ બતાવી ગીતા કર્મમય જીવનને પૂર્ણતા આપે છે. પેલો સેવ્ય પુરુષોત્તમ, હું તેનો સેવક અને સેવાનાં સાધનો આ સૃષ્ટિ છે. આ વાતનું એક વાર દર્શન થાય પછી બીજું શું જોઈએ? તુકારામ કહી રહ્યા છે,

'આવું દર્શન થયું એટલે તે મુજબ હું સેવા કરીશ, એ સિવાય હે ઈશ્વર, મારે બીજું કંઈ જોઈતું નથી.'



પછી આપણે હાથે અખંડ સેવા થતી રહેશે. 'હું' જેવું કંઈ રહેશે નહીં. હુંપણું, મારાપણું ભૂંસાઈ જશે. બધુંયે તે ભગવાનને સારુ છે એવી વૃત્તિ થશે. પરાર્થે ઘસાઈ જવા સિવાય બીજું કશું જ રહેશે નહીં. 'હું' કાઢી નાખી મારે મારું જીવન હરિપરાયણ કરવું, એમ ગીતા ફરીફરીને કહે છે. સેવ્ય પરમાત્મા, હું સેવક અને સાધનરૂપ આ સૃષ્ટિ છે. આમ પરિગ્રહનું નામ સુધ્ધાં ભૂંસી નાખ્યું છે. પછી જીવનમાં બીજા કશાનીયે ફિકર જ રહેતી નથી.

જ્ઞાનલક્ષણ : હું પુરુષ, તે પુરુષ, આ પણ પુરુષ

આ રીતે કર્મમાં ભક્તિને ભેળવવાની છે એ આપણે અત્યાર લગી જોયું. પરંતુ તેમાં જ્ઞાન પણ જોઈએ. એ વગર ગીતાને સમાધાન નથી. પણ આ વાતનો અર્થ એવો નથી કે એ બધી ચીજો જુદી જુદી છે. બોલવામાં આપણે જુદી જુદી ભાષાનો પ્રયોગ કરીએ છીએ એટલો જ એનો અર્થ છે. કર્મ એટલે જ ભક્તિ છે. ભક્તિ કંઈક જુદી વસ્તુ છે અને તેને કર્મમાં ભેળવવાની છે એવું નથી. એવી જ વાત જ્ઞાનની છે. એ જ્ઞાન કેમ મળે? ગીતા કહે છે, 'સર્વત્ર પુરુષ-દર્શનથી આ જ્ઞાન મળશે.' તું સેવા કરનારો જે સનાતન સેવક છે તે તું સેવા-પુરુષ છે, પેલો જે પુરુષોત્તમ છે તે સેવ્ય-પુરુષ છે, અને નાના રૂપ ધારણ કરવાવાળી, વિવિધ પ્રકારનાં સાધનો પૂરાં પાડનારી આ નિત્ય વહેતી સૃષ્ટિ તે પણ પુરુષ છે.

આ દૃષ્ટિ રાખવી એટલે શું કરવું? બધે ઠેકાણે અવ્યંગ એટલે ખામી વગરનો પૂરેપૂરો સેવાભાવ રાખવો. તારા પગમાંની ચંપલ ચમચમ અવાજ કરે છે, તેને થોડું તેલ ચોપડ. ત્યાં પરમાત્માનો જ અંશ છે. એ ચંપલને બરાબર રાખ. પેલો સેવાનું સાધન એવો રેંટિયો છે. તેમાં તેલ પૂર તે બૂમ પાડે છે, 'નેતિ નેતિ' 'હું સૂતર કાંતવાનો નથી.' એ રેંટિયો, એ સેવાનું સાધન, એ પણ પુરુષ જ છે. તેની માળ, તેની જનોઈ, તેને પણ બરાબર રાખ. આખી સૃષ્ટિને ચૈતન્યમય માન. તેને જડ ગણીશ મા. ૐકારનું સુંદર ગીત ગાનારો એ રેંટિયો શું જડ છે? તે ખુદ પરમાત્માની મૂર્તિ છે. શ્રાવણની અમાસે આપણે પોળાનો ઉત્સવ ઊજવીએ છીએ. તે દિવસે અહંકાર છોડી આપણે બળદની પૂજા કરીએ છીએ. આ બહુ મોટી વાત છે. પોળાનો ખ્યાલ રોજ મનમાં રાખી. બળદની બરાબર માવજત કરી, તેની પાસેથી જે લાયક હોય તે કામ લો. પોળાને દિવસે જે ભક્તિ આપણે બતાવીએ છીએ તે, તે દહાડે જ પૂરી થઈ જાય એવું ન થવા દો. બળદ પણ પરમાત્માની મૂર્તિ છે. પેલું હળ, પેલાં ખેતીનાં બીજાં ઓજારો, એ બધાંને પણ બરાબર સાંભળો. સેવાનાં બધાંયે સાધનો પવિત્ર છે. આ દૃષ્ટિ કેટલી વિશાળ છે તેનો ખ્યાલ કરો! પૂજા કરવી એટલે ગુલાલ, કંકુ, ગંધ, ચોખા અને ફૂલો ચડાવવાં એટલું જ નથી. પેલાં વાસણોને માંજીને અરીસા જેવા ચકચકતાં



રાખવાં એ વાસણોની પૂજા થઈ. ફાનસને બરાબર લૂછીને સાફ રાખવું એ તેની પૂજા છે. બારણાનું મિજાગરું કાટ ખાઈ ગયું છે. તેને તેલ મૂકીને સંતોષવું એ તેની પૂજા છે. જીવનમાં બધે આ દૃષ્ટિ લાવવી, કેળવવી. સેવાદ્રવ્યને ઉત્તમ સ્થિતિમાં અને ચોખ્ખું નિર્મળ રાખવું. ટૂંકમાં, હું અક્ષર પુરુષ, પેલો પુરુષોત્તમ અને આ સાધનારૂપ સૃષ્ટિ બધાંયે પુરુષ છે, પરમાત્મા છે. સર્વત્ર, એક જ ચૈતન્ય ખેલી રહ્યું છે. આ દૃષ્ટિ આવી એટલે આપણા કર્મમાં જ્ઞાન પણ આવ્યું જાણવું.

કર્મમાં ભક્તિ રેડી, અને હવે જ્ઞાન પણ રેડ્યું અને અપૂર્વ એવું જીવનનું દિવ્ય રસાયણ બનાવ્યું. છેવટે ગીતાએ અદ્વૈતમય સેવાના માર્ગ પર આપણને લાવી મૂક્યા. આખી સૃષ્ટિમાં ત્રણ પુરુષો ઊભા છે. એક જ પુરુષોત્તમે એ ત્રણે રૂપો લીધાં છે. ત્રણે મળીને એક જ પુરુષ છે. કેવળ અદ્વૈત છે. ગીતાએ ઊંચામાં ઊંચા, પરમોચ્ચ શિખર પર અહીં આણીને આપણને મૂકી દીધા. કર્મ ભક્તિ અને જ્ઞાન એકરૂપ થયાં. જીવ, શિવ અને સૃષ્ટિ એકરૂપ થયાં. કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણેમાં કશો વિરોધ ન રહ્યો.

'દેવ, મંદિર અને પરિવાર, એ બધાંને ડુંગર કોરીને બનાવ્યાં. ભક્તિનો એવો વહેવાર કેમ ન થાય?' એક જ પથ્થરને કોર્યો, ત્યાં પથ્થરનું જ મંદિર, તે મંદિરમાં પથ્થરમાંથી જ કોરી કાઢેલો દેવ બેસાડ્યો, અને દેવની સામે પથ્થરનો જ એક ભક્ત,

અને તેની પાસે પથ્થરમાંથી જ કોરી કાઢેલાં ફૂલો. આ બધો શણગાર જેમ પેલા એક જ પથ્થરના ખડકમાંથી જ કોરી કાઢેલાં ફૂલો. આ બધો શણગાર જેમ પેલા એક જ પથ્થરના ખડકમાંથી જ કોરી કાઢેલાં ફૂલો. આ બધો શણગાર જેમ પેલા એક જ પથ્થરના ખડકમાંથી બનાવે છે, એક જ અખંડ પથ્થર ત્યાં બધાં રૂપોમાં જુદા જુદા વેશ લઈને ઊભો હોય છે, તેવું ભક્તિના વહેવારમાં પણ કેમ ન થાય? આ બાહ્યસૃષ્ટિ, આ પૂજાદ્રવ્ય અલગ હોવા છતાં પણ આત્મરૂપ શા સારુ ન બને? ત્રણે પુરુષ એક જ છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણે મળીને એક વિશાળ જીવન-પ્રવાહ નિર્માણ કરવાનો છે. આવો આ પરિપૂર્ણ પુરુષોત્તમયોગ છે. સેવક, સ્વામી અને સેવાદ્રવ્ય એકરૂપ હોઈને ભક્તિ-પ્રેમની રમત રમવાની છે.

આવો આ પુરુષોત્તમયોગ જેના હૃદયમાં પાકો ઠસી ગયો છે તે જ સાચી ભક્તિ કરે છે.

આવો પુરુષ જ્ઞાની હોવા છતાં સંપૂર્ણ ભક્ત હોય છે. જેનામાં જ્ઞાન છે, તેનામાં પ્રેમ પણ છે જ. પરમેશ્વરનું જ્ઞાન અને પરમેશ્વરનો પ્રેમ એ બે જુદી ચીજો નથી. 'કારેલું કડવું,' એવું જ્ઞાન ઉત્પન્ન થાય તો પ્રેમ ઉત્પન્ન થતો નથી. કોઈક અપવાદ હોય એમ બને. પણ કડવાશ જણાઈ કે તેનો અણગમો થયા વગર રહેતો નથી. પણ સાકરનું જ્ઞાન થતાંની સાથે તે ઓગળવા



માંડે છે. એકદમ પ્રેમનો ઝરો ઉત્પન્ન થાય છે. પરમેશ્વરની બાબતમાં જ્ઞાન થવું અને પ્રેમ ઉત્પન્ન થવો એ બંને વાતો એકરૂપ છે. પરમેશ્વરના રૂપની જે મીઠાશ છે તેને શું આ રદ્દી સાકરની ઉપમા આપવી? તે મધુર પરમાત્માનું જ્ઞાન થતાંની સાથે તાબડતોબ ભાવપ્રેમ પણ ઉત્પન્ન થશે. જ્ઞાન થવું અને પ્રેમ થવો એ બે ક્રિયા જાણે કે ભિન્ન ક્રિયા જ રહેતી નથી. અદ્વૈતમાં ભક્તિ છે કે નથી એ વાદાવાદ છોડો. જ્ઞાનદેવે કહ્યું છે કે,

'એ જ ભક્તિ, એ જ જ્ઞાન, એક વિઠ્ઠલને જ જાણ.' ભક્તિ અને જ્ઞાન એક જ ચીજનાં બે નામ છે.

પરમભક્તિ જીવનમાં આવે એટલે તે પછી થતું કર્મ, ભક્તિ તેમજ જ્ઞાનથી જુદું હોતું નથી. કર્મ, ભક્તિ અને જ્ઞાન મળીને એક જ રમણીય, રૂડુંરૂપાળું રૂપ બને છે. આ રમણીય રૂપમાંથી અદ્ભુત પ્રેમમય, જ્ઞાનમય સેવા સહેજે નિર્માણ થાય છે. મા પર મારો પ્રેમ છે પમ તે પ્રેમ કર્મમાં પ્રગટ થવો જોઈએ. પ્રેમ હંમેશાં મહેનત કરે છે, સેવામાં પ્રગટ થાય છે. પ્રેમનું બાહ્ય રૂપ તે જ સેવા છે. પ્રેમ અનંત સેવાકર્મોનો વેશ લઈ નાચે છે. પ્રેમ હોય ત્યાં જ્ઞાન પણ આવે છે. જેની સેવા કરવાની છે તેને કઈ સેવા ગમશે એ વાતનું મને જ્ઞાન હોવું જોઈએ. પ્રેમનો પ્રભાવ કાર્ય મારફતે ફેલાય તેટલા ખાતર જ્ઞાનની જરૂર છે. પણ મૂળમાં પ્રેમ જોઈએ. તે ન હોય તો જ્ઞાન નિરુપયોગી છે. પ્રેમથી થનારું

કર્મ સાદા કર્મથી જુદું હોય છે. ખેતરમાં કામ કરી ઘેર આવેલા દીકરા તરફ ઘરડી મા પ્રેમથી જુએ છે અને 'થાક્યો છે બેટા!' એમ કહે છે. પણ એ નાના સરખા કર્મમાં કેટલું બધું સામર્થ્ય હોય છે ! જીવનનાં સર્વ કર્મોમાં જ્ઞાન અને ભક્તિ રેડો. એને જ પુરુષોત્તમયોગ કહે છે.

## સર્વ વેદનો સાર મારા જ હાથમાં છે

આ સર્વ વેદનો સાર છે. વેદ અનંત છે. પણ અનંત વેદનો ટૂંકમાં ચોખ્ખોચટ સાર આ પુરુષોત્તમયોગ છે. આ વેદ ક્યાં છે? વેદની બડી ખૂબી છે. વેદનો સાર ક્યાં છે? અધ્યાયના આરંભમાં જ કહ્યું છે, 'શ્રુતિઓ પાંદડાં કહ્યાં.' અરે, એ વેદ આ સંસારવૃક્ષને પાંદડે પાંદડે ભરેલો છે. વેદ પેલી સંહિતામાં, તારી પોથીમાં લપાયેલો નથી. તે વિશ્વમાં બધે ફેલાયેલો છે. પેલો અંગ્રેજ કવિ શેક્સપિયર કહી રહ્યો છે કે, 'વહેતાં ઝરણાંઓમાં સદ્‌ગ્રંથ મળે છે, પથ્થરોમાંથી પ્રવચનો સંભળાય છે.' ટૂંકમાં વેદ સંસ્કૃતમાં નથી, સંહિતામાં નથી. તે સૃષ્ટિમાં છે. સેવા કરશો એટલે નજરે પડશે.

'प्रभाते करदर्शनम्' સવારે ઊઠતાંની સાથે પહેલી આપણી હથેળી જોવી. બધા વેદ એ હાથમાં છે. 'સેવા કર' એમ તે વેદ તને કહે છે. ગઈ કાલે હાથ થાક્યા હતા કે નહીં, આજે મહેનત કરીને થાકવાને તૈયાર છે કે નથી, તેને આંટણ પડ્યાં છે કે નથી



એ જુઓ. સેવા કરતાં હાથ ઘસાય છે ત્યારે બ્રહ્મલિખિત ખુલ્લું થાય છે એવો प्रभाते करदर्शनम् નો અર્થ છે.

કહે છે, વેદ ક્યાં છે? અરે, તે તારી પાસે જ છે! તમને ને અમને, આ વેદ જન્મથી જ આવી મળેલો છે. હું જ જીવંત વેદ છું. અત્યાર સુધીની આખીયે પરંપરા મને પચી ગઈ છે. હું તે પરંપરાનું ફળ છું. એ વેદબીજનું જે ફળ તે જ હું છું. મારા એ ફળમાં અનંત વેદોનું બીજ મેં સંઘરેલું છે. મારા પેટમાં વેદ પાંચપસાગણો મોટો થયો છે.

ટૂંકમાં વેદનો સાર આપણા હાથમાં છે. સેવા, પ્રેમ, અને જ્ઞાન પર જીવનની રચના કરવાની છે. એટલું કરો કે વેદ હાથમાં જ છે. હું જે અર્થ કરીશ તે જ વેદ છે. વેદ ક્યાંયે બહાર નથી. વેદના તે અર્થને અમે જ જાણીએ છીએ એમ સેવામૂર્તિ સંતો કહે છે. "સર્વ વેદો મને જ એકને જાણે છે, ઓળખે છે. હું જ બધા વેદનો સાર પુરુષોત્તમ છું." એમ ભગવાન કહી રહ્યા છે. આવો આ વેદનો સાર, આ પુરુષોત્તમયોગ આપણે જીવનમાં પચાવી શકીએ તો કેટલો બધો આનંદ ઊપજે ! પછી તે પુરુષ જે જે કંઈ કરે છે, તેમાંથી વેદ પ્રગટ થાય છે એમ ગીતા સૂચવી રહી છે. આ અધ્યાયમાં આખીયે ગીતાનો સાર છે. ગીતાની શીખ અહીં પૂર્ણપણે પ્રગટ થઈ છે. તેને જીવનમાં ઉતારવાને સારુ સૌ કોઈએ રાત ને દિવસ મથ્યા કરવું, બીજું શું?

# સોળમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : હે પાર્વતી ! હવે હું ગીતાના સોળમા અધ્યાયનું માહાત્મ્ય કહીશ તે સાંભળો. ગુજરાતમાં સૌરાષ્ટ્ર નામે એક નગર છે. ત્યાં ખડ્ગબાહુ નામે રાજા રાજ્ય કરતા હતા. તે બીજા ઈન્દ્ર જેવા પ્રતાપી હતા. તેમની પાસે એક હાથી હતો જે મદોન્મત્ત હતો. તે હાથીનું નામ અરિમર્દન હતું.

એક દિવસ રાત્રિના સમયે તે જબરદસ્તીથી સાંકળો અને લોઢાના સ્તંભો તોડી બહાર નીકળ્યો. મહાવતો તેને બે તરફથી અંકુશ વડે ડરાવી રહ્યા હતા પરંતુ ક્રોધ કરી તે બધાને ગણકાર્યા વિના તેણે પોતાની રહેવાની ગજશાળાને પાડી દીધી. તેના પર ચારે બાજુથી ભાલાનો માર પડતો હતો પણ મહાવતો ડરી રહ્યા હતા જ્યારે હાથી જરા પણ ભયભીત ન હતો. આ કૌતુકપૂર્ણ ઘટના સાંભળી રાજા સ્વયં હાથીને મનાવવાની કળાઓમાં નિપુણ રાજકુમારો સાથે ત્યાં આવ્યાં. આવીને તેમણે તે બળવાન દંતયુક્ત હાથીને જોયો. નગરવાસીઓ કામધંધાની ચિંતા છોડી પોતાનાં બાળકોને ભયથી બચાવવા ઘણે દૂર ઊભા રહી તે મહાભયંકર



ગજરાજને જોતા હતા. તે જ વખતે કોઈ બ્રાહ્મણ સ્નાન કરી તળાવ તરફથી આવતા હતા. તેઓ ગીતાના સોળમા અધ્યાયના 'अभयम्...' વગેરે શ્લોકો બોલતા હતા. નગરવાસી અને મહાવતોએ તેમને ઘણા સમજાવ્યા પણ તેમણે કોઈનું ન માન્યું. તેમને હાથીનો ડર ન હતો. તેથી તેઓ વિચલિત ન થયા.

આ બાજુ હાથી પોતાના ફૂંફાડાથી ચારે દિશાઓને ગજવતો લોકોને કચડી રહ્યો હતો. તે બ્રાહ્મણદેવ તેના વહેતા મદને હાથથી સ્પર્શ કરી કુશળતાપૂર્વક (નિર્ભયતાથી) નીકળી ગયા. આથી તે રાજા તથા જોનારા નગરવાસીઓના મનમાં એટલું આશ્ચર્ય થયું કે જેનું વર્ણન ન થઈ શકે. રાજાનાં કમળનેત્ર ચકિત થઈ ગયાં હતાં. તેમણે બ્રાહ્મણને બોલાવી પોતે સવારીથી નીચે ઊતરી પ્રણામ કર્યા અને પૂછ્યું :

'હે બ્રહ્મન્ ! આજ આપે આ મહાન અલૌકિક કાર્ય કર્યું છે. કારણ કે આ કાળ સદૃશ ભયંકર ગજરાજની સામેથી આપ સકુશળ પાછા આવ્યા છો. હે પ્રભો ! આપ કયા દેવનું પૂજન તથા મંત્રનો જપ કરો છો? આપે કઈ સિદ્ધિ મેળવી છે? કૃપા કરી જણાવો.'

બ્રાહ્મણ બોલ્યા : 'રાજન્ ! હું દરરોજ ગીતાના સોળમા અધ્યાયના કેટલાક શ્લોકોનો પાઠ કરું છું. તેનાથી આ બધી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે.'

શ્રીમહાદેવજી બોલ્યા : ત્યારે હાથીના કૌતુકને જોવાની ઈચ્છા છોડી રાજા બ્રાહ્મણ દેવતાને સાથે લઈ પોતાના મહેલમાં આવ્યો. ત્યાં શુભ મુહૂર્ત જોઈ એક લાખ સુવર્ણ મુદ્રાઓની દક્ષિણા આપી તેમણે બ્રાહ્મણદેવને સંતુષ્ટ કર્યા અને તેમની પાસેથી ગીતામંત્રની દીક્ષા ગ્રહણ કરી. ગીતાના સોળમા અધ્યાયના 'अभयं...' વગેરે કેટલાક શ્લોકોનો અભ્યાસ કરી તેમના મનમાં હાથીને છોડી તેનું કૌતુક જોવાની ઈચ્છા જાગૃત થઈ. પછી એક દિવસ સૈનિકો સાથે બહાર નીકળી રાજાએ મહાવતો પાસે તે જ મત્ત ગજરાજને છોડાવ્યો. તેઓ નિર્ભય થઈ ગયા. રાજસુખમાં તૃષ્ણા રહી નહિ. તે પોતાના જીવનને તૃણવત્ત સમજી હાથીની સામે ચાલ્યા. સાહસિક રાજા ખડ્ગબાહુ મંત્ર પર વિશ્વાસ રાખી હાથી પાસે ગયા અને સતત વહેતી મદની ધારાનો સ્પર્શ કરી સકુશળ પાછા ફર્યા. કાળના મુખથી ધાર્મિક અને ખલના મુખથી સાધુની જેમ રાજા હાથીનાં મુખથી બચીને આવી ગયાં. નગરમાં આવી તેમણે રાજકુમારોને રાજ્યાભિષિક્ત કરી સ્વયં ગીતાના સોળમા અધ્યાયનો પાઠ કરતા પરમગતિ પામ્યા.



# ષોડશ અધ્યાય

**શ્રીભગવાન્ ઉવાચ**

**અભયં સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।**
**દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥૧॥**

શ્રીભગવાન બોલ્યા : ભયનો સંપૂર્ણપણે અભાવ હોવો, અન્તઃકરણ પૂર્ણરૂપે નિર્મળ રૂપે હોવું, તત્ત્વજ્ઞાનને અર્થે ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ (પરમાત્માના સ્વરૂપને તત્ત્વથી જાણવા માટે સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં એકાત્મભાવે ધ્યાનની જે નિરંતરપણે તલ્લીન સ્થિતિ છે, એનું નામ 'જ્ઞાનયોગવ્યવસ્થિતિ' સમજવું.) હોવી, સાત્ત્વિક દાન કરવું, ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખવી, ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ કરવું, વેદ-શાસ્ત્રોનું પઠન-પાઠન અને ભગવાનનાં નામ તેમજ ગુણોનું કીર્તન કરવું, સ્વધર્મ-પાલન અર્થે કષ્ટ સહેવું તથા શરીર અને ઈન્દ્રિયોસહિત અન્તઃકરણમાં ઋજુભાવ હોવો ॥૧॥

**અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ ।**

**દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ॥૨॥**

મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું, યથાર્થ અને પ્રિય બોલવું, (અન્તઃકરણ અને ઈન્દ્રિયો દ્વારા જે કંઈ જોયું, સાંભળ્યું અને અનુભવ્યું હોય, બીજા માણસોને તદ્દન એવું જ સમજાવવા માટે કપટ છોડીને બની શકે એટલી પ્રિય અને હિતકર વાણી બોલવી, એને 'સત્ય' કહે છે) પોતાના પર અપકાર ઉપર પણ ક્રોધ ન હોવો, કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ, અન્તઃકરણની ઉપરતિ એટલે કે ચિત્તની ચંચળતા ન હોવી, કોઈનાંય નિંદા આદિ ન કરવાં, સર્વ ભૂત-પ્રાણીઓ પર કશાય હેતુ વિના દયાભાવ રાખવો, ઈન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આસક્તિ ન હોવી, મૃદુ સ્વભાવ હોવો, લોકો અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરવામાં લજ્જા થવી તથા વ્યર્થ ચેષ્ટાઓ ન થવી - ॥૨॥

**તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા ।**
**ભવન્તિ સમ્પદં દૈવીમભિજાતસ્ય ભારત ॥૩॥**

તેજ, (શ્રેષ્ઠ માણસોની એ વિશેષ શક્તિનું નામ 'તેજ' છે, જેના લીધે એમની સામે વિષયાસક્ત અને નીચ પ્રકૃતિના માણસો પણ મોટે ભાગે અન્યાય આચરતાં અટકે છે અને એમના કહેવા પ્રમાણે શ્રેષ્ઠ કર્મોમાં પ્રવૃત્ત થઈ જાય છે) ક્ષમા, ધૈર્ય, બાહ્યશુદ્ધિ, કોઈના પ્રત્યે શત્રુભાવ ન હોવો, પોતાનામાં પૂજ્યતાનું



અભિમાન ન હોવું - આ સઘળાં હે ભારત ! દૈવી સંપદાને લઈને જન્મેલા માણસનાં લક્ષણો છે. ॥૩॥

**દમ્ભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।**
**અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સમ્પદમાસુરીમ્ ॥૪॥**

હે પાર્થ ! દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને વળી અજ્ઞાન - આ સઘળાં આસુરી સંપદાને લઈને જન્મેલા માણસનાં લક્ષણો છે. ॥૪॥

**દૈવી સમ્પદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।**
**મા શુચઃ સમ્પદં દૈવીમભિજાતોઽસિ પાણ્ડવ ॥૫॥**

દૈવી સંપદા મુક્તિ માટે અને આસુરી સંપદા બાંધવા માટે મનાઈ છે, તું દૈવી સંપદાને લઈને જન્મ્યો છે, માટે હે પાંડવ ! તું શોક કર મા. ॥૫॥

**દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્દૈવ આસુર એવ ચ ।**
**દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ મે શ્રૃણુ ॥૬॥**

હે પાર્થ ! આ લોકમાં ભૂતોની સૃષ્ટિ એટલે કે મનુષ્યસમુદાય બે જ પ્રકારના છે : એક દૈવી પ્રકૃતિનો અને બીજો આસુરી પ્રકૃતિનો, એમાંથી દૈવી પ્રકૃતિના સમુદાય વિષે તો વિસ્તારથી કહ્યું, હવે તું આસુરી પ્રકૃતિના મનુષ્યસમુદાય વિષે પણ વિસ્તારપૂર્વક મારી પાસેથી સાંભળ. ॥૬॥

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ ।**

**ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ॥૭॥**

આસુરી સ્વભાવના માણસો પ્રવૃત્તિ અને નિવૃત્તિ - આ બેયને નથી જાણતા, માટે એમનામાં નથી તો બાહ્ય-આંતરિક શુદ્ધિ હોતી, નથી શ્રેષ્ઠ આચરણ હોતું કે નથી સત્યભાષણ પણ હોતું. ॥૭॥

**અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।**
**અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્કામહૈતુકમ્ ॥૮॥**

આસુરી પ્રકૃતિના એ માણસો કહ્યા કરે છે કે જગત્ આશ્રય વિનાનું, સાવ અસત્ય અને ઈશ્વર વિના આપમેળે માત્ર સ્ત્રી-પુરુષના સંયોગથી ઉદ્ભવ્યું છે, માટે કેવળ કામ જ એનું કારણ છે, એ કામ સિવાય બીજું શું છે?॥૮॥

**એતાં દૃષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોऽલ્પબુદ્ધયઃ ।**
**પ્રભવન્ત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોऽહિતાઃ ॥૯॥**

આ મિથ્યા દૃષ્ટિને આધારે નાશ પામેલા સ્વભાવના, મંદબુદ્ધિના, સૌનો અપકાર કરનારા, ક્રૂરકર્મી માણસો માત્ર જગતનો નાશ કરવા માટે જ સમર્થ હોય છે. ॥૯॥

**કામમાશ્રિત્ય દુષ્પૂરં દમ્ભમાનમદાન્વિતાઃ ।**
**મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્પ્રવર્તન્તેऽશુચિવ્રતાઃ ॥૧૦॥**

દંભ, માન અને મદથી ભરેલા એ માણસો કોઈ પણ રીતે પૂરી ન થનારી કલ્પનાઓનો આશરો લઈને, અજ્ઞાનને લીધે



મિથ્યા સિદ્ધાંતોને પકડીને તેમજ ભ્રષ્ટ આચરણો ધારણ કરીને સંસારમાં વિચરે છે. ॥૧૦॥

**ચિન્તામપરિમેયાં ચ પ્રલયાન્તામુપાશ્રિતાઃ ।**
**કામોપભોગપરમા એતાવદિતિ નિશ્ચિતાઃ ॥૧૧॥**

તથા તેઓ મૃત્યુપર્યન્ત રહેનારી અસંખ્ય ચિંતાઓનો આશરો લેનારા, વિષયોને ભોગવવામાં તત્પર રહેનારા અને 'આટલું જ સુખ છે' એમ માનનારા હોય છે. ॥૧૧॥

**આશાપાશશતૈર્બદ્ધાઃ કામક્રોધપરાયણાઃ ।**
**ઈહન્તે કામભોગાર્થમન્યાયેનાર્થસંચયાન્ ॥૧૨॥**

આશાના સેંકડો ફંદાઓથી બંધાયેલા એ માણસો કામ-ક્રોધને પરાયણ થઈને વિષયભોગોને અર્થે અન્યાયથી ધન આદિ પદાર્થોને ભેગા કરવાના પ્રયત્નો કર્યા કરે છે. ॥૧૨॥

**ઈદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।**
**ઈદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્ ॥૧૩॥**

તેઓ વિચાર્યા કરે છે કે મેં આજે આ મેળવી લીધું અને હવે આ મનોરથને પાર પાડીશ. મારી પાસે આટલું ધન છે અને હજી પણ આ થઈ જશે. ॥૧૩॥

**અસૌ મયા હતઃ શત્રુર્હનિષ્યે ચાપરાનપિ ।**
**ઈશ્વરોऽહમહં ભોગી સિદ્ધોऽહં બલવાન્સુખી ॥૧૪॥**

પેલો શત્રુ તો મારા વડે હણાયો અને પેલા બીજા શત્રુઓને

પણ હું હણી નાખીશ, હું ઈશ્વર છું, ઐશ્વર્યને ભોગવનારો છું, હું સઘળી સિદ્ધિઓથી યુક્ત છું તથા બળવાન અને સુખી છું. ॥૧૪॥

**આઢ્યોઽભિજનવાનસ્મિ-**
**કોઽન્યોઽસ્તિ સદૃશો મયા।**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ॥૧૫॥**
**અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ।**
**પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ॥૧૬॥**

હું ઘણો ધનવાન છું અને મારું આટલું મોટું કુટુંબ છે, મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન દઈશ અને મોજ-મજા કરીશ-આમ અજ્ઞાનને કારણે મોહિત રહેનારા, અનેક રીતે ભ્રમિતચિત્ત તથા મોહરૂપી જાળથી વીંટળાયેલા, તેમજ વિષયભોગોમાં રચ્યાપચ્યા રહેનારા આસુરી જનો મહાન અપવિત્રનરકમાં પડે છે. ॥૧૫-૧૬॥

**આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધા ધનમાનમદાન્વિતાઃ।**
**યજન્તે નામયજ્ઞૈસ્તે દમ્ભેનાવિધિપૂર્વકમ્ ॥૧૭॥**

એવા પોતે પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી માણસો ધન અને માનના મદથી ચૂર થઈને કેવળ નામમાત્રના યજ્ઞો વડે ઢોંગ કરવા ખાતર શાસ્ત્રવિધિ કર્યા વિના યજન કરે છે. ॥૧૭॥

**અહઙ્કારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ।**
**મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ ॥૧૮॥**



અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધ આદિને પરાયણ રહેનારા, એ સિવાય બીજા અનાચારોમાં રચ્યાપચ્યા તથા બીજાની નિંદા કરનારા એ માણસો પોતાના તેમજ બીજાના શરીરમાં રહેલા મુજ અન્તર્યામીનો જ દ્વેષ કરે છે. ॥૧૮॥

**તાનહં દ્વિષતઃ ક્રૂરાન્સંસારેષુ નરાધમાન્।**
**ક્ષિપામ્યજસ્રમશુભાનાસુરીષ્વેવ યોનિષુ ॥૧૯॥**

એ દ્વેષ કરનારા, પાપાચારીઓ અને ક્રૂરકર્મી નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાખું છું. ॥૧૯॥

**આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ।**
**મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥૨૦॥**

હે કૌન્તેય ! એ મૂર્ખાઓ મને પામ્યા વિના જ (અહીંયાં 'एव' પદ પ્રયોજીને જાણે ભગવાન પશ્ચાત્તાપ કરી રહ્યા છે કે આ માનવશરીર પામીને મને પામવાનો અવસર મળ્યો હતો, આવા સોના જેવા અવસરને ખોઈને આ અજ્ઞાની જનો ઘોર ગતિને પામે છે.) જનમોજનમ આસુરી યોનિને પામે છે, પછી એનાથીય ઘણી નીચ ગતિને પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે. ॥૨૦॥

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ।**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ॥૨૧॥**

કામ, ક્રોધ તથા લોભં - આ ત્રણ જાતનાં નરકનાં દ્વાર (સર્વ અનર્થોનાં મૂળ અને નરકની પ્રાપ્તિ થવાનાં કારણ હોવાને લીધે અહીં કામ, ક્રોદ અને લોભને 'નરકનાં દ્વાર' કહ્યા છે)

આત્માનો નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારાં છે, માટે આ ત્રણેયને ત્યજી દેવાં જોઈએ. ।।૨૧।।

**એતૈર્વિમુક્તઃ કૌન્તેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।**
**આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્ ।।૨૨।।**

હે કુન્તીપુત્ર ! આ ત્રણેય નરકનાં દ્વારોથી છૂટેલો (એટલે કે કામ, ક્રોધ અને લોભ જેવા વિકારોથી છૂટેલો) માણસ પોતાનું કલ્યાણ આચરે છે, (પોતાના ઉદ્ધાર કાજે ભગવાનની આજ્ઞા અનુસાર વર્તવું, એ જ 'પોતાનું કલ્યાણ આચરવું' છે) માટે એ પરમ ગતિને એટલે કે મને પામી જાય છે. ।।૨૨।।

**યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।**
**ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ।।૨૩।।**

જે માણસ શાસ્ત્રવિધિને છોડીને પોતાની ઈચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે, એ ન તો સિદ્ધિને પામે છે, ન પરમ ગતિને કે ન સુખને. ।।૨૩।।

**તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।**
**જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ।।૨૪।।**

આથી તારા માટે આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એમ જાણીને તારા માટે શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્મ જ કરવા યોગ્ય છે. ।।૨૪।।

ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસમ્પદ્વિભાગયોગો નામ ષોડશોડધ્યાય ।।૧૬।।

**।।દૈવાસુરસંપદ્વિભાગયોગ નામનો સોળમો અધ્યાય સમાપ્ત ।।**



# અધ્યાય સોળમો

## પરિશિષ્ટ ૧ - દૈવી અને આસુરી વૃત્તિઓનો ઝઘડો

### પુરુષોત્તમયોગની પૂર્વપ્રભા : દૈવી સંપત્તિ

ગીતાના પહેલા પાંચ અધ્યાયમાં જીવનની એકંદર યોજના કેવી છે અને આપણો જન્મ કેમ સફળ થાય તે આપણે જોયું. ત્યારબાદ છઠ્ઠા અધ્યાયથી માંડીને અગિયારમા અધ્યાય સુધી આપણે ભક્તિનો જુદી જુદી રીતે વિચાર કર્યો. અગિયારમા અધ્યાયમાં આપણને ભક્તિનું દર્શન થયું. બારમા અધ્યાયમાં સગુણભક્તિ અને નિર્ગુણભક્તિ એ બંનેની તુલના કરી ભક્તનાં મહાન લક્ષણ આપણે જોયાં. બારમા અધ્યાના અંત સુધીમાં કર્મ અને ભક્તિ એ બે તત્ત્વો તપાસાઈ ગયાં. ત્રીજો જ્ઞાનનો વિભાગ બાકી રહ્યો હતો તે આપણે તેરમા, ચૌદમા અને પંદરમા અધ્યાયમાં જોયો. આત્માને દેહથી જુદો પાડવો, તેમ કરવાને ત્રણે ગુણોને જીતી લેવાના છે અને છેવટે સર્વત્ર પ્રભુને જોવાનો છે. પંદરમા અધ્યાયમાં આપણે જીવનનું સંપૂર્ણ શાસ્ત્ર જોયું.

પુરુષોત્તમયોગમાં જીવનની પરિપૂર્ણતા થાય છે. તે પછી કશું બાકી રહેતું નથી.

કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણને એકબીજાથી જુદાં પાડવાની વાત મારાથી સહન થતી નથી. કેટલાક સાધકોની નિષ્ઠા એવી હોય છે કે તેમને ફક્ત કર્મ સૂઝે છે. કોઈ વળી ભક્તિનો સ્વતંત્ર માર્ગ કલ્પે છે અને તેના પર બધો ભાર દે છે. કેટલાકનું વલણ જ્ઞાન તરફ હોય છે. જીવન એટલે કેવળ કર્મ, કેવળ ભક્તિ અને જ્ઞાન એ ત્રણનો સરવાળો કરવાનો સમુચ્ચયવાદ પણ હું માનતો નથી. થોડી ભક્તિ, થોડું જ્ઞાન અને થોડું કર્મ એવો ઉપયોગિતાવાદ પણ મારે ગળે ઊતરતો નથી. પહેલું કર્મ, પછી ભક્તિ અને તે પછી જ્ઞાન એવો ક્રમવાદ પણ હું સ્વીકારતો નથી. ત્રણે વસ્તુઓનો મેળ બેસાડવાનો સામંજસ્યવાદ પણ મને પસંદ નથી. કર્મ તે જ ભક્તિ અને તે જ જ્ઞાન એવો મને અનુભવ થાય એમ હું ઈચ્છું છું. બરફીના ચોસલામાં રહેલી મીઠાશ, તેનો ઘાટ અને તેનું વજન એ ત્રણ વાતો જુદી જુદી નથી. જે ક્ષણે બરફીનો કકડો હું મોંમાં મૂકું છું તે જ ક્ષણેએકી વખતે તેનો આકાર ખાઉં છું. તેનું વજન પણ પચાવી લઉં છું અને તેની મીઠાશ પણ ચાખું છું. ત્રણે ચીજો એક જ ઠેકાણે છે. બરફીના એકેએક કણમાં તેનો આકાર, વજન અને મીઠાશ છે. તેના અમુક એક કકડામાં માત્ર આકાર છે, અમુક એક કકડામાં



ફક્ત મીઠાશ છે અને અમુક એક કકડામાં એકલું વજન છે એવું નથી. તે જ રીતે જીવનમાં થતી એકેએક ક્રિયામાં પરમાર્થ ભરેલો હોય, હરેક કૃત્ય સેવામય, પ્રેમમય અને જ્ઞાનમય થાય, જીવનનાં બધાંયે અંગપ્રત્યંગમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન ભરેલાં હોય, એને જ પુરુષોત્તમયોગ કહે છે. આખુંયે જીવન કેવળ પરમાર્થમય કરવું એ વાત બોલવી સહેલી છે. પણ એના ઉચ્ચારમાં જે ભાવ છે, તેનો જરા વિચાર કરવા બેસીએ છીએ ત્યારે કેવળ નિર્મળ એવી સેવા આપણે હાથે થાય તેટલા સારું અંતઃકરણમાં શુદ્ધ જ્ઞાન-ભક્તિની ઊંડી લાગણી ધારી લેવી પડે છે. એથી કર્મ, ભક્તિ અને જ્ઞાન અક્ષરશઃ એકરૂપ હોય તેવી પરમદશાને પુરુષોત્તમયોગ કહે છે. જીવનની અંતિમ સીમા ત્યાં આવી ગઈ.

હવે આજે આ સોળમા અધ્યામાં શું કહ્યું છે? સૂર્યોદય થવાનો હોય છે ને જેમ પહેલાં તેની પ્રભા ફેલાય છે તેમ જીવનમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણેથી પૂર્ણ એવો પુરુષોત્તમયોગ ઉદય પામે તે પહેલાં સદ્‌ગુણોની પ્રભા બહાર ફેલાવા માંડે છે. પરિપૂર્ણ જીવનની આગળથી આવનારી આ જે પ્રભા છે તેનું વર્ણન આ સોળમા અધ્યાયમાં કર્યું છે. જે અંધારાની સામે ઝઘડીને એ પ્રભા પ્રગટ થાય છે તે અંધારાનું વર્ણન પણ અહીં કર્યું છે. કોઈક વાતની સાબિતીને માટે કંઈક વસ્તુ પ્રત્યક્ષ પુરાવા તરીકે આપણે જોવાને માગીએ છીએ. સેવા, ભક્તિ અને જ્ઞાન જીવનમાં

ઊતર્યાં છે એ શેના પરથી જાણવું? આપણે ખેતરમાં મહેનત કરીએ છીએ અને છેવટે અનાજનો ઢગલો તોળી લઈએ છીએ. તેવી રીતે આપણે જે સાધના કરીએ છીએ તેમાંથી આપણને શો અનુભવ થયો, સદ્‌વૃત્તિ કેટલી ઊંડી ઊતરી, કેટલા સદ્‌ગુણ આપણામાં કેળવાયા, જીવન ખરેખર સેવામય કેટલું બન્યું, તે બધું તપાસી જવાને આ અધ્યાય કહે છે. જીવનની કળા કેટલી ખીલી તે જોવાનું આ અધ્યાય કહે છે. જીવનની આ ચડતી કળાને ગીતા દૈવી સંપત્તિ નામ આપે છે. એની વિરુદ્ધની જે વૃત્તિઓ છે તેમને આસુરી કહીને ઓળખાવી છે. સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિનો ઝઘડો વર્ણવી બતાવ્યો છે.

## અહિંસાની અને હિંસાની સેના

પહેલા અધ્યાયમાં જેમ એક બાજુ કૌરવોને અને બીજી બાજુ પાંડવોને સામસામા ખડા કર્યાં છે, તે પ્રમાણે સદ્‌ગુણોની દૈવી સેના અને દુર્ગુણોના આસુરી લશ્કરને અહીં સામસામાં ખડાં કર્યાં છે. માનવીના મનમાં સત્‌પ્રવૃત્તિઓનો અને અસત્ પ્રવૃત્તિઓનો જે ઝઘડો ચાલ્યા કરે છે, તેનું રૂપકાત્મક વર્ણન કરવાનો ઘણા પ્રાચીન કાળથી રિવાજ પડ્યો છે. વેદમાં ઇંદ્ર ને વૃત્રનો, પુરાણમાં દેવ ને દાનવનો, તે જ પ્રમાણે રામ ને રાવણનો, પારસીઓના ધર્મગ્રંથમાં અહુરમઝ્દ ને અહરિમાનનો, ખ્રિસ્તી ધર્મમાં પ્રભુ ને સેતાનનો, મુસલમાની ધર્મમાં પરમેશ્વર ને



ઈબ્લિસનો, એવી જાતના ઝઘડા બધા ધર્મોમાં છે. કવિતામાં સ્થૂળ વિષયોનું વર્ણન સૂક્ષ્મ વસ્તુઓનાં રૂપકથી કરવામાં આવે છે તો ધર્મગ્રંથોમાં સૂક્ષ્મ મનોભાવોને ભરાઉ, સ્થૂળ રૂપ આપીને વર્ણવે છે. કાવ્યમાં સ્થૂળનું સૂક્ષ્મ વર્ણન, તો અહીં સૂક્ષ્મનું સ્થૂળ વર્ણન થાય છે. આમ કહીને એવું સૂચવવાનો આશય નથી કે ગીતાની શરૂઆતમાં જે યુદ્ધનું વર્ણન છે તે કેવળ કાલ્પનિક છે. તે ઈતિહાસમાં બનેલી ઘટના હોય પણ ખરી, પરંતુ કવિ એ ઘટનાનો પોતાના ઈષ્ટ હેતુને ખાતર ઉપયોગ કરી લે છે. કર્તવ્યની બાબતમાં મોહ થાય ત્યારે કેમ વર્તવું એ વાત યુદ્ધનું રૂપક આપીને રજૂ કરી છે. આ સોળમા અધ્યાયમાં સારાનો ને નરસાનો ઝઘડો બતાવ્યો છે. ગીતામાં યુદ્ધનું રૂપક પણ છે.

કુરુક્ષેત્ર બહાર છે અને આપણા મનમાં પણ છે. સૂક્ષ્મ રીતે જોઈશું તો જણાશે કે જે ઝઘડો અંદર મનમાં ચાલે છે તે જ આપણને બહાર મૂર્તિમંત થયેલો જોવાનો મળે છે. બહાર જે શત્રુ ઊભો છે તે મારા જ મનમાં રહેલો વિકાર સાકાર થઈ ખડો થયો છે. આરસીમાં જેમ મારું પોતાનું સારું કે નરસું પ્રતિબિંબ દેખાય છે તેમ મારા મનમાં ઊઠતા સારાનરસા વિચાર મને બહાર શત્રુ કે મિત્રરૂપે દેખાય છે. જેમ હું જાગૃતિમાંનું સ્વપ્નામાં જોઉં છું તેમ મનમાંનું બહાર જોઉં છું. અંદરનું યુદ્ધ અને બહારનું યુદ્ધ એ બંનેની વચ્ચે જરાયે ફેર નથી. જે ખરું યુદ્ધ છે, તે અંદર જ છે.

આપણા અંતઃકરણમાં એક બાજુ સદ્‌ગુણ ને બીજી બાજુ દુર્ગુણો ઊભા છે. બંનેએ પોતપોતાની વ્યવસ્થા બરાબર ગોઠવી છે. લશ્કરમાં જેમ સેનાપતિ જોઈએ છે તેમ અહીં પણ સદ્‌ગુણોએ પોતાનો સેનાપતિ નીમ્યો છે. એ સેનાપતિનું નામ - અભય. આ અધ્યાયમાં અભયને પહેલું સ્થાન આપ્યું છે. આ વાત અમસ્તી, સહેજે બની નથી. હેતુપુરઃસર અભય શબ્દ પહેલો યોજ્યો હોવો જોઈએ. અભય વિના કોઈ પણ ગુણ વધતો નથી. ખરાપણા વગર સદ્‌ગુણની કિંમત નથી. અને ખરાપણાને નિર્ભયતાની જરૂર રહે છે. ભયભીત વાતાવરણમાં સદ્‌ગુણો ખીલતા નથી. ભયભીત વાતાવરણમાં સદ્‌ગુણ પણ દુર્ગુણ બની બેસે છે, સત્ પ્રવૃત્તિ પણ દૂબળી પડી જાય છે. નિર્ભયતા સર્વ સદ્‌ગુણોનો નાયક છે. પણ લશ્કરને આગળની ને પાછળની બંને બાજુ સંભાળવી પડે છે. સીધો હુમલો સામેથી આવે છે પાછલી બાજુથી છૂપો હુમલો થવાનો સંભવ રહે છે. સદ્‌ગુણોને આગળને મોખરે નિર્ભયતા પોતાનું થાણું જમાવી ખડી છે અને પાછળનો મોરચો નમ્રતા સાચવે છે. આવી આ બહુ સુંદર રચના કરેલી છે. એકંદરે બધા મળીને છવ્વીસ ગુણો અહીં ગણાવ્યા છે. એમાંના પચ્ચીસ ગુણ આપણામાં બરાબર કેળવાયા હોય પણ તે વાતનો અહંકાર વળગ્યો તો એકદમ પાછળથી હલ્લો આવ્યો જાણવો અને મેળવેલું બધું એળે ગયું જાણવું. તેથી



પાછળની બાજુએ નમ્રતા એ સદ્‌ગુણને રાખ્યો છે. નમ્રતા નહીં હોય તો જીત હારમાં ક્યારે પલટાઈ જાય છે તેની ખબર સરખી પડતી નથી. આમ આગળ નિર્ભયતા અને પાછળ નમ્રતા રાખી બધા સદ્‌ગુણોનો વિકાસ કરી શકાય છે. આ બે ગુણોની વચ્ચે જે ચોવીસે ગુણો છે તે ઘણુંખરું અહિંસાના જ પર્યાય છે એમ કહીએ તો પણ ચાલશે. ભૂતદયા, માર્દવ, ક્ષમા, શાંતિ, અક્રોધ, અહિંસા, અદ્રોહ એ બધા અહિંસાના જ જુદા જુદા પર્યાયી શબ્દો છે. અહિંસા ને સત્ય એ બે ગુણોમાં બધા ગુણ સમાઈ જાય છે. સર્વ સદ્‌ગુણોનો સંક્ષેપ કરીએ તો છેવટે અહિંસા અને સત્ય બે જ વસ્તુ રહેશે. તે બંનેના પેટમાં બાકીના બધા સદ્‌ગુણો આવી જાય છે. પણ નિર્ભયતા અને નમ્રતા એ બેની વાત જુદી છે. નિર્ભયતાથી પ્રગતિ થઈ શકે છે, અને નમ્રતાથી બચાવ થાય છે. સત્ય અને અહિંસા એ બે ગુણોની મૂડી બાંધીને નિર્ભયપણે આગળ વધવું જોઈએ. જીવન વિશાળ છે. તેમાં અનિરુદ્ધ, અટક્યા વગર આગળ સંચાર કરતા રહેવું જોઈએ. પગલું ચૂકી ન જવાય તેટલા ખાતર સાથમાં નમ્રતા હોય એટલે થયું. પછી સત્ય-અહિંસાના પ્રયોગો કરતાં કરતાં નિર્ભયપણે ખુશીથી આગળ ચાલો. તાત્પર્ય કે સત્ય ને અહિંસાનો વિકાસ નિર્ભયતા અને નમ્રતા એ બે વડે થાય છે.

એક બાજુ સદ્‌ગુણોની સેના ઊભી છે તેવી જ અહીં

દુર્ગુણોની ફોજ પણ ઊભી છે. દંભ, અજ્ઞાન વગેરે દુર્ગુણોની બાબતમાં ઝાઝું કહેવાની જરૂર નથી. એ વાતો આપણા પરિચયની ક્યાં નથી? દંભ તો જાણે આપણામાં પચી ગયો છે. આખુંયે જીવન દંભ પર ઊભું કર્યું હોય એવું થઈ ગયું છે. અજ્ઞાનની બાબતમાં કહેવાનું હોય તો એટલું કે એક રૂડારૂપાળા બહાના તરીકે આપણે અજ્ઞાનને હંમેશ ડગલે ને પગલે આગળ કરીએ છીએ. કેમ જાણે અજ્ઞાન એ કોઈ મોટો ગુનો જ નથી ! પણ ભગવાન કહે છે, ''અજ્ઞાન એ પાપ છે.'' સોક્રેટિસે એથી ઊલટું કહ્યું છે. પોતાની સામે ચલાવવામાં આવેલા મુકદ્દમા વખતે તેણએ કહ્યું હતું કે, ''જેને તમે પાપ સમજો છો તે અજ્ઞાન છે, અને અજ્ઞાન ક્ષમ્ય છે. અજ્ઞાન વગર પાપ સંભવે કેવી રીતે? અને અજ્ઞાનને માટે સજા કેવી રીતે થાય?'' પણ ભગવાન કહે છે, ''અજ્ઞાન એ પણ પાપ જ છે.'' કાયદાના અજ્ઞાનની વાત બચાવને માટે આગળ ધરી ન શકાય એમ કાયદામાં કહે છે. ઈશ્વરના કાનૂનનું અજ્ઞાન પણ બહુ મોટો ગુનો છે. ભગવાનનું જે કહેવું છે અને સોક્રેટિસનું જે કહેવું છે તે બંનેનો ભાવાર્થ એક જ છે. પોતાના અજ્ઞાન તરફ કેવી દૃષ્ટિથી જોવું તે ભગવાને બતાવ્યું છે અને બીજાના પાપ તરફ કેવી દૃષ્ટિથી જોવું તે સોક્રેટિસે કહ્યું છે. બીજાના પાપને માટે ક્ષમા કરવી. પણ પોતાના અજ્ઞાનને ક્ષમા કરવામાંયે પાપ છે. પોતાનું અજ્ઞાન બાકી રહેવા દેવાય જ



નહીં.

## અહિંસાના વિકાસના ચાર તબક્કા

આમ એક બાજુ દૈવી સંપત્તિ અને બીજી બાજુ આસુરી સંપત્તિ એવાં બે લશ્કર ઊભાં છે. તેમાંની આસુરી સંપત્તિને ટાળવી, અળગી કરવી અને દૈવી સંપત્તિને પોતાની કરી તેને વળગવું. સત્ય, અહિંસા વગેરે દૈવી ગુણોનો વિકાસ અનાદિ કાળથી થયા કરે છે. વચગાળામાં જે વખત ગયો તેમાં પણ ઘણો વિકાસ થયો છે. તોયે હજી વિકાસને ખૂબ અવકાશ છે. વિકાસની મર્યાદા આવી ગઈ છે એવું નથી. જ્યાં સુધી આપણને સામાજિક શરીર છે ત્યાં સુધી વિકાસને પાર વગરનો અવકાશ છે. વ્યક્તિગત વિકાસ થયો હશે પણ સામાજિક, રાષ્ટ્રીય અને જાગતિક વિકાસ થવો બાકી છે. વ્યક્તિએ પોતાના વિકાસનું ખાતર પૂરી પછી સમાજ, રાષ્ટ્ર વગેરેમાં સમાતી લાખો વ્યક્તિઓના વિકાસની શરૂઆત કરવાની છે. દાખલા તરીકે માણસ અહિંસાનો વિકાસ અનાદિ કાળથી કરતો આવ્યો છે છતાં આજે પણ તે વિકાસ ચાલુ છે.

અહિંસાનો વિકાસ કેમ થતો ગયો તે જોવા જેવું છે. તે પરથી પારમાર્થિક જીવનનો હેતુ વિકાસ ઉત્તરોત્તર કેમ થતો જાય છે અને તેને હજી પૂરેપૂરો અવકાશ કઈ રીતે છે એ વાત સમજાશે. હિંસકોના હુમલાઓ સામે બચાવ કેવી રીતે કરવો એ બાબતનો

અહિંસક માણસે વિચાર કરવા માંડ્યો. પહેલાં સમાજના રક્ષણને સારુ ક્ષત્રિયવર્ગ રાખ્યો, પણ પછી તે જ સમાજનું ભક્ષણ કરવા લાગ્યો. વાડે ચીભડાં ગળવા માંડ્યાં. ત્યારે હવે આ ઉન્મત્તિ ક્ષત્રિયોથી સમાજનો બચાવ કેમ કરવો તેનો અહિંસક બ્રાહ્મણો વિચાર કરવા લાગ્યા. પરશુરામે જાતે અહિંસક હોવા છતાં હિંસાનો આધાર લીધો અને તે ક્ષત્રિયોનો ધ્વંસ કરવા લાગ્યો. ક્ષત્રિયો પાસે હિંસા છોડાવવાને તે જાતે હિંસક બન્યો. આ પ્રયોગ અહિંસાનો હતો પણે તે સફળ ન થયો. એકવીસ એકવીસ વખત ક્ષત્રિયોનો સંહાર કરવા છતાં તે બાકી રહ્યા જ. કારણ એ કે આ અખતરો મૂળમાં જભૂલભરેલો હતો. જે ક્ષત્રિયોનો સમૂળગો નાશ કરવાને ખાતર મેં તેમનામાં ઉમેરો કર્યો તે ક્ષત્રિયવર્ગનો નાશ થાય ક્યાંથી? હું જાતે જ હિંસક ક્ષત્રિય બ્યો. એ બીજ કાયમ રહ્યું. બી રહેવા દઈને ઝાડ તોડી પાડનારને ફરી ફરી ઝાડ પેદા થયેલાં દેખાયા વગર કેમ રહે? પરશુરામ સારો માણસ હતો. પણ પ્રયોગ ઘણો વિચિત્ર નીવડ્યો. પોતે ક્ષત્રિય બનીને તે પૃથ્વી નક્ષત્રિય કરવા માગતો હતો. ખરું જોતાં પોતાની જાતથી જ તેણે અખતરાની શરૂઆત કરવી જોઈતી હતી. પોતાનું માથું તેણે પહેલું ઉડાવવું જોઈતું હતું. પરશુરામના કરતાં હું ડાહ્યો છું એટલે તેની ભૂલ બતાવું છું એમ ન માનશો. હું બાળક છું, પણ તેના ખભા પર ઊભો છું. તેથી કુદરતી રીતે મને વધારે દેખાય છે.



પરશુરામના પ્રયોગનો પાયો જ મૂળમાં ભૂલભરેલો હતો. હિસામય થઈને હિંસાને દૂર કરવાનું બને નહીં. ઊલટું તેથી હિંસકોની સંખ્યામાં માત્ર વધારો થાય છે. પણ તે વખતે એ વસ્તુ ધ્યાનમાં ન આવી. તે જમાનાના ભલા માણસોએ, તે વખતની મહાન અહિંસામય વ્યક્તિઓએ જે વિચાર સૂઝ્યો તે પ્રમાણે પ્રયોગ કર્યો. પરશુરામ તે જમાનાનો મોટો અહિંસાવાદી હતો. હિંસાના ઉદ્દેશથી તેણે હિંસા કરી નહોતી. અહિંસાની સ્થાપનાને માટે એ હિંસા હતી.

એ અખતરો એળે ગયો. પછી રામનો જમાનો આવ્યો. તે વખતે ફરીથી બ્રાહ્મણોએ વિચાર કરવો શરૂ કર્યો. તેમણે હિંસા છોડી દીધી હતી. પોતે હિંસા ન જ કરવી એવું તેમણે નક્કી કર્યું હતું પણ રાક્ષસોના હુમલા પાછા કેમ વાળવા? તેમણે જોયું કે ક્ષત્રિયો તો હિંસા કરવાવાળા જ છે. તેમની પાસે બારોબાર રાક્ષસોનો સંહાર કરાવવો. કાંટાથી કાંટો કાઢવ. પોતે જાતે એમાંથી તદ્દન અળગા રહેવું. વિશ્વામિત્રે યજ્ઞના બચાવને સારુ રામલક્ષ્મણને લઈ જઈ તેમને હાથે રાક્ષસોનો સંહાર કરાવ્યો. 'જે અહિંસા સ્વસંરક્ષિત નથી, જે અહિંસાને પોતાના પગ નથી, એવી લૂલી-પાંગળી અહિંસા ઊભી કેવી રીતે રહે? આવો વિચાર આજે આપણે કરીએ છીએ. પણ વસિષ્ઠ-વિશ્વામિત્ર સરખાને ક્ષત્રિયોના જોર પર પોતાનો બચાવ કરવામાં નાનમ લાગી

નહોતી. પરંતુ રામ જેવો ક્ષત્રિય ન મળ્યો હોત તો? તો વિશ્વામિત્ર કહેત કે, ''હું મરી જઈશ પણ હિંસા નહીં કરું.'' હિંસક બનીને, હિંસા દૂર કરવાનો પ્રયોગ થઈ ચૂક્યો હતો. હવે પોતાની અહિંસા તો ન જ છોડાય એટલું નક્કી થઈ ગયું હતું. ક્ષત્રિય ન મળ્યો તો અહિંસક મરી જશે પણ હિંસા નહીં કરે એવી હવેની ભૂમિકા હતી. અરણ્યકાંડમાં એક પ્રસંગ છે. વિશ્વામિત્રની સાથે રામ જતા હતા. રામે પૂછ્યું, ''આ બધા ઢગલા શાના?'' વિશ્વામિત્રે જવાબ આપ્યો, ''એ બ્રાહ્મણોના હાડકાંના ઢગલા છે. અહિંસક બ્રાહ્મણોએ પોતાના પર હલ્લો કરનારા હિંસક રાક્ષસોનો સામનો ન કર્યો. તે મરી ગયા. તેમનાં હાડકાંના એ ઢગલા છે.'' બ્રાહ્મણોની આ અહિંસામાં ત્યાગ હતો અને બીજા પાસે બચાવ કરાવવાની અપેક્ષા પણ હતી. આવી લાચારીથી અહિંસાની પૂર્ણતા ન થાય.

સંતોએ પછી ત્રીજો અખતરો કર્યો. સંતોએ નક્કી કર્યું કે, ''બીજાની મદદ માગવી જ નહીં. મારી અહિંસા જ મારો બચાવ કરેશે. એમાં જે બચાવ થશે તે જ સાચો બચાવ છે.'' સંતોનો આ પ્રયોગ વ્યક્તિનિષ્ઠ હતો. આ વ્યક્તિગત પ્રયોગને તેઓ પૂર્ણત્વ સુધી લઈ ગયા. પણ એ પ્રયોગમાં વ્યક્તિગતપણું રહી ગયું. સમાજ પર હિંસકોનો હુમલો થયો હોત અને સમાજે આવીને સંતોને પૂછ્યું હોત કે ''અમારે શું કરવું?'' તો એ સવાલનો ચોક્કસ



જવાબ કદાચ સંતો ન આપી શક્યા હોત. વ્યક્તિગત જીવનમાં પરિપૂર્ણ અહિંસા ઉતારનારા સંતોએ સમાજને સલાહ આપતાં કહ્યું હોત કે ''અમે લાચાર છીએ.'' સંતોની હું ભૂલ કાઢવા બેઠો છું એ મારું બાળસાહસ છે. પણ હું તેમના ખભા પર ઊભો છું તેથી જે દેખાય છે તે કહું છું. તેઓ મને ક્ષમા કરશે. અને કેમ નહીં કરે? તેમની ક્ષમા મોટી છે. અહિંસાના સાધન વડે સામુદાયિક અખતરાઓ કરવાનું સંતોને સૂઝ્યું નહીં હોય એવું નથી. પણ પરિસ્થિતિ તેમને એટલી અનુકૂળ ન લાગી. તેમણે જાત પૂરતા છૂટા છૂટા પ્રયોગ કર્યા પણ આમ છૂટા છૂટા થયેલા પ્રયોગોમાંથી જ શાસ્ત્ર રચાય છે. સંમિલિત અનુભવમાંથી શાસ્ત્ર બને છે.

સંતોના પ્રયોગ પછીનો ચોથો પ્રયોગ આજે આપણે કરીએ છીએ. આખાયે સમાજે અહિંસાત્મક સાધનો વડે હિંસાનો પ્રતિકાર કરવાનો આજનો પ્રયોગ આપણે ચલાવીએ છીએ. આ રીતે ચાર અખતરાઓ આપણે જોયા. દરેક પ્રયોગમાં અપૂર્ણતા હતી અને છે. વિકાસક્રમમાં આ વાત અપરિહાર્ય છે. પણ તે તે જમાનામાં તે તે પ્રયોગો પૂર્ણ હતા એમ જ કહેવું જોઈએ. હજી બીજાં દસ હજાર વરસ જશે પછી આજના આપણા અહિંસક યુદ્ધમાં પણ શોધનારને ઘણી હિંસા જડશે. શુદ્ધ અહિંસાના પ્રયોગ હજીયે બીજા થતા જશે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેનો જ

નહીં, બધા સદ્‌ગુણોનો વિકાસ થઈ રહેલો છે. એક જ વસ્તુ પૂર્ણ છે, અને તે પરમાત્મા. ભગવદ્‌ગીતામાં બતાવેલો પુરુષોત્તમયોગ પૂર્ણ છે. પણ વ્યક્તિ અને સમુદાય એ બંનેના જીવનમાં તેનો પૂર્ણવિકાસ હજી બાકી છે. વચનોનો પણ વિકાસ થાય છે. ઋષિઓને મંત્રના દ્રષ્ટા માનવામાં આવ્યા છે. તે તેના કર્તા નથી. કેમકે તેમને મંત્રનો અર્થ દેખાયો. પણ તે જ એનો અર્થ છે એવું નથી. ઋષિઓને એક દર્શન થયં. હવે પછી આપણને તેનો વધારે ખીલેલો અર્થ દેખાય એમ બને. તેમના કરતાં આપણને વધારે દેખાય છે એ કંઈ આપણી વિશેષતા નથી. તેમને જ આધારે આપણે આગળ જઈએ છીએ. હું અહીં એકલી અહિંસાના વિકાસ પર બોલું છું કેમકે બધા સદ્‌ગુણોનો સાર કાઢશો તો અહિંસા એ જ નીકળશે. અને તે યુદ્ધમાં આજે આપણે ઝુકાવ્યું છે યે ખરું. તેથી આ તત્ત્વનો કેમ વિકાસ થતો જાય છે, તે આપણે જોયું.

## અહિંસાનો એક મહાન પ્રયોગ : માંસાહાર-પરિત્યાગ

હિંસકોનો હુમલો થાય ત્યારે અહિંસકોએ બચાવ કેમ કરવો એ અહિંસાનું એક પાસું આપણે જોયું. માણસ માણસ વચ્ચેના ઝઘડામાં અહિંસાનો વિકાસ કેવી રીતે થતો ગયો એ આપણે જોયું. પરંતુ માણસોનો અને જાનવરોનો ઝઘડો પણ છે. માણસે હજી પોતાના અંદર-અંદરના ઝઘડા શમાવ્યા નથી અને પોતાના



પેટમાં જાનવરોને ઠાંસીને તે જીવે છે. માણસને હજી પોતાના ઝઘડા શમાવતાં આવડતું નથી અને પોતાનાથીયે દૂબળાં જે જાનવરો છે તેમને ખાધા વગર જીવતાંયે આવડતું નથી. હજારો વર્ષથી તે જીવતો આવ્યો છે પણ કેમ જીવવું જોઈએ તેનો વિચાર તેણે હજી કર્યો નથી. માણસને માણસની માફક જીવતાં આવડતું નથી. પણ આ વસ્તુનોયે વિકાસ થયા કરે છે. આદિમાનવ ઘણુંખરું કંદમૂલફલાહારી જ હશે. પરંતુ આગળ જતાં દુર્મતિવશ માનવસમાજનો મોટો ભાગ માંસાહારી બન્યો. ડાહ્યા ઉત્તમ માણસોને એ વાત ખપી નહીં. માંસ ખાવાનું જ થાય તો યજ્ઞમાં હલાલ કરેલાં પશુનું જ ખાવું એવું તેમણે બંધન મૂક્યું. આ બંધનનો હેતુ હિંસા પર અંકુશ મૂકવાનો હતો. કેટલાક લોકોએ તો માંસનો પૂરેપૂરો ત્યાગ કર્યો. પણ જેમનાથી પૂરેપૂરો ત્યાગ થઈ શકે એમ નહોતું તેમને યજ્ઞમાં પરમેશ્વરને અર્પણ કરી, કંઈક તપસ્યા કરી માંસ ખાવું એવી પરવાનગી મળી. યજ્ઞમાં જ માંસ ખાજો એમ કહેવાથી હિંસા પર અંકુશ આવશે એમ લાગતું હતું. પણ પછી તો યજ્ઞ પણ સામાન્ય વાત બની ગઈ. જેને ફાવે તે યજ્ઞ કરવા નીકળી પડે, યજ્ઞ કરે અને માંસ ખાય એવું ચાલવા માંડ્યું. એટલે ભગવાન બુદ્ધ આગળ આવ્યા. તેમણે કહ્યું, "માંસ ખાવું હોય તો ભલે ખાઓ, પણ કંઈ નહીં તો ઈશ્વરને નામે ન ખાશો." એ બંને વચનોનો હેતુ એક જ હતો કે હિંસા પર અંકુશ આવે, ગાડું

ગમે ત્યાંથી આખરે સંયમને રસ્તે ચડે. યજ્ઞયાગ કરો અગર ન કરો, બંનેમાંથી આપણે માંસ ખાવાનું છોડવાનું જ શીખ્યા છીએ. આમ ધીમે ધીમે આપણે માંસ ખાવાનું છોડતા ગયા.

જગતના ઈતિહાસમાં એકલા ભારતવર્ષમાં આ મોટો પ્રયોગ થયો. કરોડો લોકોએ માંસ ખાવાનું છોડ્યું. અને આજે આપણે માંસ ખાતા નથી એમાં આપણે ઝાઝું ફુલાવાનું નથી. પૂર્વજોના પુણ્યને પરિણામે આપણું વલણ એવું બંધાયું છે. પણ પહેલાંના ઋષિઓ માંસ ખાતા હતા એમ આપણે કહીએ કે વાંચીએ છીએ ત્યારે આપણને નવાઈ થાય છે ખરી. ઋષિ માંસ ખાય? છટછટ, કંઈ ભળતી જ વાત છે ! પણ માંસાશન કરતાં કરતાં સંયમથી તેમણે તેનો ત્યાગ કર્યો એનું શ્રેય તેમને આપવું જોઈએ. એ મહેનત આપણે કરવી પડતી નથી. તેમનું પુણ્ય આપણને મફતમાં મળ્યું છે. પહેલાં એ લોકો માંસ ખાતા અને આજે આપણે ખાતા નથી એટલે તેમના કરતાં આપણે મોટા થઈ ગયા એવો અર્થ નથી. તેમના અનુભવોનો ફાયદો આપણને મફતમાં મળ્યો. તેમના અનુભવનો હવે આપણે આગળ વિકાસ કરવો જોઈએ. દૂધ છેક છોડી દેવાના પ્રયોગો પણ કરવા જોઈએ. માણસ બીજાં જાનવરોનું દૂધ પીએ એ વાત પણ ઊતરતા દરજ્જાની છે. દસ હજાર વરસ બાદ આવનારા લોકો આપણે વિષે કહેશે, ‘‘શું એ લોકોને દૂધ ન પીવાનું પણ વ્રત લેવું પડતું



હતું? અરે બાપ રે! એ લોકો દૂધ કેવી રીતે પીતા હશે? એવા કેવા જંગલી!’’ સારાંશ કે નિર્ભયતાથી અને નમ્રતાથી આપણે પ્રયોગ કરતાં કરતાં કાયમ આગળ વધવું જોઈએ. સત્યની ક્ષિતિજ આપણે વિશાળ કરતા જવું જોઈએ. વિકાસને માટે હજી ઘણો અવકાશ છે. કોઈ પણ ગુણનો પૂરેપૂરો વિકાસ હજી થયો નથી.

## આસુરી સંપત્તિની ત્રેવડી મહત્ત્વાકાંક્ષા : સત્તા, સંસ્કૃતિ અને સંપત્તિ

દૈવી સંપત્તિનો વિકાસ કરવાનો છે અને આસુરી સંપત્તિથી અળગા રહેવાનું છે. આઘા રહી શકાય તેટલા ખાતર એ આસુરી સંપત્તિનું ભગવાન વર્ણન કરે છે. એ આસુરી સંપત્તિના વર્ણનમાં ત્રણ જ બાબતો મુખ્ય છે. અસુરોના ચરિત્રનો સાર ‘સત્તા, સંસ્કૃતિ અને સંપત્તિ’ એ ત્રણ વાતોમાં સમાઈ જાય છે. પોતાની જ સંસ્કૃતિ સૌથી ચડિયાતી છે અને તે જ આખી દુનિયા પર લદાય એવી તેમની મહત્ત્વાકાંક્ષા છે. પોતાની સંસ્કૃતિ જ શા સારુ આખી દુનિયા પર લદાવી જોઈએ? તો કહે છે તે સારી છે. તે સારી શાથી? તો કહે છે તે અમારી છે માટે. આસુરી વ્યક્તિ શું કે એવી વ્યક્તિઓનાં બનેલાં સામ્રાજ્યો શું, તેમને આ ત્રણ ચીજો જોઈએ છે.

બ્રાહ્મણને લાગે છે ને કે અમારી સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ છે ! તે લોકો માને છે કે બધુંયે જ્ઞાન અમારા વેદોમાં છે. વૈદિક સંસ્કૃતિનો

વિજય દુનિયાભરમાં થયો જોઈએ. આગળ ચાર વેદો ચાલે ને તેમની પાછળ બાણ ચડાવેલું ધનુષ ચાલે. એમ કરી આખી પૃથ્વી પર અમારે અમારી સંસ્કૃતિનો ઝંડો ફરકાવવો છે. પણ પાછળ सशरं धनुः બાણ ચડાવેલું ધનુષ ચાલતું હોય ત્યાં આગળ ચાલનારા બિચારા વેદોનો નિકાલ થઈ ગયો જાણવો. મુસલમાનોને એમ લાગે છે કે કુરાનમાં જે કંઈ છે તેટલું જ સાચું. ઈશુ ખ્રિસ્તના અનુયાયીઓને પણ એવું જ લાગે છે. બીજા ધર્મનો માણસ ગમે તેટલો ઊંચો ચડ્યો હોય, પણ ઈશુ પર ભરોસો ન હોય તો તેને સ્વર્ગ ન મળે ! ઈશ્વરના ઘરને તેમણે એક જ બારણું મૂક્યું છે. અને તે છે ખ્રિસ્તનું ! લોકો પોતપોતાનાં ઘરોને ઘણાં બારણાં ને બારી મુકાવે છે. પણ બિચારા ઈશ્વરના ઘરને એક જ બારણું રાખે છે !

'હું છું કુલીન, શ્રીમંત, બીજો મારા સમાન ના.' એમ એ સૌ કોઈને લાગે છે. કહે છે, હું ભારદ્વાજ  કુળમાંનો ! મારી એ પરંપરા અખંડ ઊતરી આવી છે. પશ્ચિમના લોકોમાં પણ એવું જ છે. કહે છે, અમારી નસોમાં નોર્મન સરદારોનું લોહી વહે છે ! આપણા તરફ ગુરુપરંપરા હોય છે ને? મૂળ આદિ ગુરુ એટલે શંકર. પછી બ્રહ્મદેવ અથવા એવા બીજા કોઈકને પકડવાનો. પછી નારદ, પછી વ્યાસ, પછી વળી એકાદો ઋષિ, પછી વળી વચ્ચે પાંચદસ લોકોને ઘુસાડી દેવાના, પછી પોતાના ગુરુ ને



પછી હું - એવી પરંપરા બતાવવામાં આવે છે. અમે મોટા, અમારી સંસ્કૃતિ સૌથી ચડિયાતી એવું બધું વંશાવળી આપીને સાબિત કરવામાં આવે છે. અલ્યા, તારી સંસ્કૃતિ ઉત્તમ હોય તો તે તારાં કામોમાં દેખાવા દે ને ! તેની પ્રભા તારા આચરણમાં પ્રગટ થવા દે ને ! પણ એ નહીં. જે સંસ્કૃતિ પોતાના જીવનમાં નથી, પોતાના ઘરમાં નથી, તે દુનિયાભરમાં ફેલાવવાની હોંશ રાખવી એ વિચારસરણીને આસુરી કહે છે.

જેમ મારી સંસ્કૃતિ સુંદર છે તેમ દુનિયામાંની બધીયે સંપત્તિ મેળવવાને લાયક પણ હું જ છું. બધીયે સંપત્તિ મારે જોઈએ અને હું તે મેળવીશ જ. એ બધી સંપત્તિ શા સારુ મેળવવાની? તો કહે છે બરાબર સરખી વહેંચણી કરવાને સારુ ! એટલા માટે પોતાની જાતને સંપત્તિમાં દાટી દેવી એમ ને? પેલો અકબર કહેતો હતો ને કે ''હજી રજપૂતો મારા સામ્રાજ્યમાં દાખલ કેમ થતા નથી? એક સામ્રાજ્ય થશે ને બસ શાંતિ શાંતિથઈ રહેશે.'' અકબરને આમ, પ્રામાણિકપણે લાગતું હતું. અત્યારના આસુરોને પણ એમ જ થાય છે કે સંપત્તિ બધી એક ઠેકાણે એકઠી કરવી. કેમ? તો કહે છે. તેને ફરી પાછી વહેંચવા માટે.

એ માટે મારે સત્તા જોઈએ. બધી સત્તા એક હાથમાં કેંદ્રિત થવી જોઈએ. આ તમામ દુનિયા મારા તંત્ર નીચે રહેવી જોઈએ. સ્વ-તંત્ર, મારા તંત્ર પ્રમાણે ચાલવી જોઈએ. મારા તાબામાં જે

હશે, મારા તંત્ર પ્રમાણે જે ચાલશે તે જ સ્વતંત્ર, આમ સંસ્કૃતિ, સત્તા અને સંપત્તિ એ મુખ્ય ત્રણ બાબતો પર આસુરી સંપત્તિમાં ભાર દેવામાં આવે છે.

એક જમાનો એવો હતો કે જ્યારે સમાજ પર બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. શાસ્ત્રો તે લોકો લખે, કાયદા તે લોકો કરે, રાજાઓ તેમને નમે. એ જમાનો આગળ જતાં ઓસરી ગયો. પછી ક્ષત્રિયોનો જમાનો આવ્યો. ઘોડા છોડી મૂકવાનું અને દિગ્વિજયો કરવાનું ચાલ્યું. એ ક્ષત્રિય સંસ્કૃતિ પણ આવી અને ગઈ. બ્રાહ્મણ કહેતો, "હું શીખવનારો, બીજા બધા શીખનારા. મારા સિવાય ગુરુ કોણ?" બ્રાહ્મણોને સંસ્કૃતિનું અભિમાન હતું. ક્ષત્રિય સત્તા પર ભાર મૂકતા. "આને મેં આજે માર્યો, પેલાને કાલે મારીશ." એ વાત પર તેમનું બધું જોર. પછી વૈશ્યોનો યુગ આવ્યો. "પીઠ પર મારજો પણ પેટ પર મારશો મા." એ સિદ્ધાંતમાં વૈશ્યોનું બધુંયે તત્ત્વજ્ઞાન સમાયેલું છે. બધું પેટનું ડહાપણ શીખવવાનું. "આ ધન મારું છે. અને પેલું પણ મારું થશે," એ જ રટણ અને એ જ સંકલ્પ. અંગ્રેજો આપણને કહે છે ને કે "સ્વરાજ જોઈએ તો લો, માત્ર અમારો પાકો માલ અહીં ખપ્યા કરે એટલી સગવડ રાખજો એટલે થયું. પછી તમારી સંસ્કૃતિનો તમારે જોઈએ તેટલો અભ્યાસ કરજો. લંગોટી ચડાવજો ને તમારી સંસ્કૃતિને બરાબર સંભાળજો." આજકાલ થનારાં યુદ્ધો પણ વેપારી યુદ્ધો હોય છે.



આ યુગ પણ જશે, જવાની શરૂઆત પણ થઈ ચૂકી છે. આવા આ બધા આસુરી સંપત્તિના પ્રકારો છે.

## કામ-ક્રોધ-લોભ-મુક્તિનો શાસ્ત્રીય સંયમમાર્ગ

આસુરી સંપત્તિને આઘી રાખવાની કોશિશ કરવી જોઈએ. આસુરી સંપત્તિ એટલે ટૂંકમાં કામ, ક્રોધ, અને લોભ. આખાયે જગતને આ કામ-ક્રોધ-લોભ નચાવે છે. આ નાચ હવે બહુ થયા. એ છોડવા જ જોઈએ. ક્રોધ અને લોભ કામમાંથી ઉત્પન્ન થાય છે. કામને અનુકૂળ સંજોગો મળે એટલે લોભ પેદા થાય છે અને પરિસ્થિતિ પ્રતિકૂળ હોય તો ક્રોધ ઉત્પન્ન થાય છે. આ ત્રણેથી આઘા રહેજો એવું ગીતામાં ડગલે ને પગલે કહ્યું છે. સોળમા અધ્યાયને છેડે પણ એ જ કહ્યું. કામ, ક્રોધ અને લોભ એ નરકના ત્રણ ભવ્ય દરવાજા છે. એ દરવાજામાંથી પાર વગરની અવરજવર ચાલ્યા કરે છે. નરકનો રસ્તો ખાસો પહોળો છે. તેના પરથી મોટરો દોડે છે. રસ્તામાં ઘણા સોબતીઓ પણ મળી જાય છે. પણ સત્યનો રસ્તો સાંકડો છે.

આવા આ કામ-ક્રોધની સામે બચાવ કેવી રીતે કરવો? સંયમનો માર્ગ સ્વીકારીને, શાસ્ત્રીય સંયમનો આધાર લેવો જોઈએ. સંતોનો જે અનુભવ છે તે જ શાસ્ત્ર છે. પ્રયોગો કરી કરીને સંતોને જે સિદ્ધાંતો જડ્યા તેમનું શાસ્ત્ર બને છે. આ સંયમના સિદ્ધાંતનો આશરો લો. નાહકની શંકાઓ ઊભી કરવાનું છોડી

દો. કામ-ક્રોધ જગતમાંથી જતા રહે તો જગતનું શું થશે, દુનિયા ચાલવી તો જોઈએ, થોડા પ્રમાણમાં પણ કામ-ક્રોધ રાખવા ન જોઈએ કે? એવી એવી શંકા મહેરબાની કરી કાઢશો મા. કામ-ક્રોધ ભરપૂર છે, તમારે જોઈએ તેના કરતાંયે વધારે છે. નાહક બુદ્ધિભેદ શા સારુ ઊભો કરો છો? કામ-ક્રોધ-લોભ તમારી ઈચ્છા કરતાં થોડા વધારે જ છે. કામ મરી જાય તો સંતતિ કેમ પેદા થશે એવી ફિકર કરશો મા. ગમે તેટલી સંતતિ તમે પેદા કરો તો પણ એક દિવસ એવો ઊગવાનો છે કે જ્યારે માણસનું નામનિશાન પૃથ્વી પરથી સાફ ભૂંસાઈ જવાનું છે. વૈજ્ઞાનિક આ વાત કહે છે. પૃથ્વી આસ્તે આસ્તે ઠંડી પડતી જાય છે. એક વખત પૃથ્વી ખૂબ ઉષ્ણ હતી ત્યારે તેના પર જીવ નહોતો. એક કાળ એવો આવશે જ્યારે પૃથ્વી છેક ટાઢી પડી જશે અને બધી જીવસૃષ્ટિ લય પામશે. અને લાખો વરસો લાગશે. તમે સંતતિ ગમે તેટલી વધારો પણ છેવટે આ પ્રલય થયા વગર રહેવાનો નથી એ ચોક્કસ જાણજો. પરમેશ્વર અવતાર લે છે તે ધર્મના રક્ષણને સારુ લે છે, સંખ્યાના રક્ષણને સારુ નથી લેતો. ધર્મપરાયણ એવો એક પણ માણસ જ્યાં સુધી મોજૂદ હશે, જ્યાં સુધી એક પણ પાપભીરુ તેમ જ સત્યનિષ્ઠ માણસ હયાત હશે ત્યાં સુધી કશી ફિકર ન રાખશો. ઈશ્વરની તેના પર નજર રહેશે. જેમનો ધર્મ મરી પરવાર્યો છે એવા હજારો લોકો હોય તોયે શું ને ન હોય તોયે શું, બધું સરખું



છે.

આ બધી વાતો બરાબર ધ્યાનમાં લઈ આ સૃષ્ટિમાં મર્યાદા સાચવીને રહો. સંયમપૂર્વક વર્તો. ફાવે તેમ બેફામ વર્તશો મા. લોકસંગ્રહ કરવો એનો અર્થ લોકો કહે તેમ ચાલવું એવો નથી. માણસોના સંઘ વધારવા, સંપત્તિના ઢગલા એકઠા કરવા એ સુધારો નથી. વિકાસ સંખ્યા પર આધાર રાખતો નથી. વસ્તી બેસુમાર વધશે તો માણસો એકબીજાનાં ખૂન કરશે. પહેલાં પશુપક્ષીઓને ખાઈને માણસોનો સમાજ માતશે. પછી પોતાનાં છૈયાંછોકરાંને કરડીને ખાવાનો વારો આવશે. કામ-ક્રોધમાં સાર છે એ કહેવું સ્વીકારીને ચાલીએ તો છેવટે માણસ માણસને ફાડીને ખાવા માંડશે એ બાબતમાં તલભાર શંકા ન રાખશો. લોકસંગ્રહ એટલે સુંદર તેમ જ વિશુદ્ધ નીતિનો માર્ગ લોકોને બતાવવો તે. કામ-ક્રોધમાંથી મુક્ત થવાથી પૃથ્વી પરનો માણસ નાશ પામશે તો મંગળ પર ઉત્પન્ન થશે. એટલે તે વાતની ફિકર કરશો નહીં. અવ્યક્ત પરમાત્મા સર્વત્ર વ્યાપેલો છે. તે તમારી સંભાળ રાખશે. પહેલો તું મુક્ત થા. આગળનું ઝાઝું જોવાની જરૂર નથી. સૃષ્ટિ અને માણસજાતની ફિકર કરવાની રહેવા દે. તારી નૈતિક શક્તિ વધાર. કામ-ક્રોધને ઝાડીને ખંખેરી નાખ. 'आपुला तूं गळा घेई उगवूनि' - 'પોતાની ગરદન તું પહેલી ઉગારી લે, તારું ગળું પકડાયું છે તેને પહેલું બચાવી લે.' આટલું કરશે તોયે બહુ થયું.

સંસારસમુદ્રથી દૂર તેના તીર પર ઊભા રહી સમુદ્રની લીલા જોવામાં આનંદ છે. જે સમુદ્રમાં ડૂબકાં ખાય છે, જેના નાકમાં ને મોંમાં પાણી ભરાય છે. તેને સમુદ્રના આનંદનો અનુભવ ક્યાંથી મળે? સંતો સમુદ્રને તીરે ઊભા રહી આનંદ લૂંટે છે. સંસારના સમુદ્રથી અલિપ્ત રહેવાની આ જે સંતોની વૃત્તિ છે તે બરાબર લૂંટે છે. સંસારના સમુદ્રથી અલિપ્ત રહેવાની આ જે સંતોની વૃત્તિ છે તે બરાબર કેળવાઈને પચે નહીં ત્યાં સુધી આનંદ નથી. કમળના પાંદડાની માફક અલિપ્ત રહે. બુદ્ધે કહ્યું છે, ''સંતો ઊંચે પર્વતનાં શિખરો પર ઊભા રહી ત્યાંથી નીચે સંસાર તરફ જુએ છે. પછી એ સંસાર તેમને ક્ષુદ્ર દેખાય છે. '' તમે પણ ઉપર ચડીને જોતાં શીખો એટલે આ અફાટ ફેલાવો ક્ષુદ્ર લાગશે. પછી સંસારમાં ચિત્ત ચોંટશે નહીં.

સારાંશ, આસુરી સંપત્તિને દૂર રાખી દૈવી સંપત્તિને વળગવાનું આ અધ્યાયમાં ભગવાને ઊંડી લાગણીથી કહ્યું છે. તે પ્રમાણે યત્ન કરવો.



# સત્તરમા અધ્યાયનું માહાત્મ્ય

શ્રી મહાદેવજી બોલ્યા : હે પાર્વતી ! સોળમા અધ્યાયનું માહાત્મ્ય કહ્યું. હવે સત્તરમા અધ્યાયનો અનંત મહિમા સાંભળો.

રાજા ખડ્ગબાહુના પુત્રને દુઃશાસન નામે નોકર હતો. તે ઘણી દુષ્ટ બુદ્ધિનો મનુષ્ય હતો. એક વખત તે માંડલિક રાજુકમારો સાથે ખૂબ જ ધનનો દાવ લગાવી હાથી ઉપર ચઢ્યો અને થોડાં જ પગલાં આગળ ગયા પછી લોકોએ ના પાડવા છતાં તે મૂર્ખ હાથી પ્રત્યે જોર જોરથી કઠોર શબ્દ બોલવા લાગ્યો. તેનો અવાજ સાંભળી હાથી ગુસ્સાથી આંધળો થઈ ગયો અને દુઃશાસન પગ લપસવાથી નીચે પડી ગયો. દુઃશાસનને પડ્યા પછી કંઈક કંઈક શ્વાસ લેતો જોઈ કાળ સમાન નિરંકુશ થયેલા હાથીએ ક્રોધમાં તેને ઉપર ફેંકી દીધો. ઉપરથી પડતાં જ તેના પ્રાણ નીકળી ગયા. આ રીતે કાળવશ મૃત્યુને પામ્યા પછી તેની હાથીની યોનિ મળી અને સિંહલદ્વીપના મહારાજને ત્યાં તેણે ઘણો સમય પસાર કર્યો.

સિંહલદ્વીપના રાજાને મહારાજ ખડ્ગબાહુ સાથે મિત્રતા

હતા. એથી તેમણે જળમાર્ગે હાથીને મિત્રની પ્રસન્નતા માટે મોકલી દીધો. એક દિવસ રાજાએ શ્લોકની સમસ્યાપૂર્તિથી પ્રસન્ન થઈ કોઈ કવિને પુરસ્કારરૂપે તે હાથી આપી દીધો. કવિઓ સો સોનામહોરો લઈ તેને માલવ નરેશના હાથમાં વેચી દીધો. થોડા સમય પછી તે હાથીની સારી દેખરેખ હોવા છતાં અસાધ્ય જ્વરગ્રસ્ત થઈ મરણાસન્ન અવસ્થાએ પહોંચી ગયો. મહાવતોએ જ્યારે આવી શોચનીય સ્થિતિ જોઈ ત્યારે રાજા પાસે જઈ હાથીના ઉપચાર માટે તરત જ સમગ્ર પરિસ્થિતિનો વૃત્તાંત કહી સંભળાવ્યો :

'મહારાજ ! આપનો હાથી અસ્વસ્થ જણાય છે. તેણે ખાન-પાન અને શયન પણ છોડી દીધું છે. અમને સમજાતું નથી કે શું કરીએ.'

મહાવતો દ્વારા આ સમાચાર સાંભળી રાજાએ ગજરોગના પરીક્ષક ચિકિત્સાકુશળ મંત્રીઓ સાથે જ્યાં હાથી જ્વરગ્રસ્ત હતો ત્યાં ગયા. રાજાને જોતાં જ તે જ્વરના કારણે થતી વેદનાને ભૂલી સંસારને આશ્ચર્યમાં નાખતી વાણીમાં બોલ્યો :

'સંપૂર્ણ શાસ્ત્રોના જ્ઞાતા, રાજનીતિના સાગર, શત્રુ-સમુદાયને પરાસ્ત કરનારા તથા ભગવાન વિષ્ણુનાં ચરણોમાં અનુરાગ રાખનારા મહારાજ ! આ ઔષધોથી શું પ્રયોજન? વૈદ્યોથી પણ કોઈ લાભ થનાર નથી. દાન કે જપથી પણ કંઈ વળશે નહિ. આપ કૃપા કરી ગીતાના સત્તરમા અધ્યાયનો પાઠ



કરનાર કોઈ બ્રાહ્મણને બોલાવો.'

હાથીના કહ્યા મુજબ રાજાએ તે મુજબ કર્યું. તે પછી ગીતા-પાઠ કરનારા બ્રાહ્મણે જ્યારે પવિત્ર જળને અભિમંત્રિત કરી તેના ઉપર છાંટ્યું ત્યારે દુઃશાસન ગજયોનિનો ત્યાગ કરી મુક્ત થઈ ગયો. રાજાએ દુઃશાસનને દિવ્ય વિમાન ઉપર આરૂઢ અને ઈન્દ્ર સમાન તેજસ્વી જોઈને પૂછ્યું :

'તારી પૂર્વ જન્મમાં કઈ જાતી હતી? શું સ્વરૂપ હતું? કેવું આચરણ હતું? અને કયાં કર્મોથી તું અહીં હાથી થઈને આવ્યો? એ બધી વાત મને કહે.'

રાજાએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે સંકટથી મુક્ત થયેલ દુઃશાસને વિમાન પર બેઠાં બેઠાં જ શાંતિથી પોતાના પૂર્વ જન્મની સમગ્ર કથા કહી બતાવી. તે પછી નરશ્રેષ્ઠ માલવનરેશ પણ ગીતાના સત્તરમા અધ્યાયનો પાઠ કરવા લાગ્યા તેથી થોડા સમય પછી તેમની મુક્તિ થઈ.

## સપ્તદશ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**યે શસ્ત્રવિધિમુત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।**
**તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ સત્ત્વમાહો રજસ્તમઃ ॥૧॥**

અર્જુન બોલ્યા : હે કૃષ્ણ ! જે માણસો શાસ્ત્રવિધિને છોડીને શ્રદ્ધાભાવે જોડાયેલા, દેવ આદિને પૂજે છે, એમની સ્થિતિ તો પછી કઈ ગણાય? સાત્ત્વિકી, રાજસી કે તામસી? ॥૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।**
**સાત્ત્વિકી રાજસી ચૈવ તામાસી ચેતિ તાં શ્રૃણુ ॥૨॥**

શ્રીભગવાન બોલ્યા : માણસોની એ શાસ્ત્રીય સંસ્કારો વિનાની કેવળ સ્વભાવમાંથી જન્મેલી (જે શ્રદ્ધા શાસ્ત્ર વાંચવા-સાંભળવાથી જન્મી નથી, પણ પૂર્વેના અનેક જન્મોમાં તેમજ આ જન્મમાં કરેલાં કર્મોના સંચિત સંસ્કારોમાંથી જન્મી છે, એ શ્રદ્ધા 'સ્વભાવજા શ્રદ્ધા' કહેવાય છે.) શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી અને તામસી - એમ ત્રણ પ્રકારની જ હોય છે, એને તું મારી



પાસેથી સાંભળ. ॥૨॥

**સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।**
**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥૩॥**

હે ભરતવંશી ! સૌ માણસોની શ્રદ્ધા એમના અન્તઃકરણને અનુરૂપ હોય છે, આ જીવાત્મા શ્રદ્ધામય છે, માટે જે માણસ જેવી શ્રદ્ધા રાખનારો છે એ પોતે પણ એવા જ સ્વભાવનો છે. ॥૩॥

**યજન્તે સાત્ત્વિકા દેવાન્યક્ષરક્ષાંસિ રાજસાઃ ।**
**પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ ॥૪॥**

સાત્ત્વિક માણસો દેવોને પૂજે છે, રાજસી માણસો યક્ષ અને રાક્ષસોને તથા બીજા જે તામસી માણસો છે, તેઓ પ્રેતો અને ભૂતોને પૂજે છે. ॥૪॥

**અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ ।**
**દમ્ભાહઙ્કારસંયુક્તાઃ કામરાગબલાન્વિતાઃ ॥૫॥**

બીજા જે માણસો શાસ્ત્રવિધિ વિનાનું, માત્ર મનમાન્યું ઘોર તપ આચરે છે તથા દંભ અને અહંકારથી ભરેલા તેમજ કામના, આસક્તિ અને બળના અભિમાનથી પણ ભરેલા છે. ॥૫॥

**કર્શયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।**
**માં ચૈવાન્તઃશરીરસ્થં તાન્વિદ્ધ્યાસુરનિશ્ચયાન્ ॥૬॥**

તથા જેઓ શરીરરૂપે રહેલા ભૂતસમુદાયને (પાંચ

મહાભૂત, મન, બુદ્ધિ, અહંકાર, દસ ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના પાંચ વિષયો - આ ત્રેવીસ તત્ત્વોના સમૂહનું નામ 'ભૂતસમુદાય'છે) અને અન્તઃકરણમાં રહેલા મુજ પરમાત્માને પણ કૃશ કરનારા છે, (શાસ્ત્ર કરતાં અવળું, મનમાન્યું ઘોર તપ આચરીને અને વિવિધ જાતનાં ભયાનક આચરણો વડે શરીરને સૂકવી નાખવું તથા એવાં જ આચરણોથી અન્તઃકરણમાં રહેલા પરમાત્માના અંશસ્વરૂપ જીવાત્માને પણ કલેશ પહોંચાડવો, એનું નામ 'ભૂતસમુદાય અને અન્તર્યામી પરમાત્માને કૃશ કરવા' કહેવાય.

**આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।**
**યજ્ઞસ્તપસ્તથા દાનં તેષાં ભેદમિમં શ્રૃણુ ॥૭॥**

ભોજન પણ સૌને પોત-પોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે અને એ જ રીતે યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ-ત્રણ પ્રકારનાં હોય છે, એમના આ જુદા-જુદા ભેદને તું મારી પાસેથી સાંભળ. ॥૭॥

**આયુઃસત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવિર્ધના઼ઃ ।**
**રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારા સાત્ત્વિકપ્રિયાઃ ॥૮॥**

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનારા, રસયુક્ત, સ્નિગ્ધ, સ્થિર રહેનારા (જે પદાર્થોનો સાર ઘણા સમય સુધી શરીરમાં સ્થિર રહી શકે છે એવા ઓજ



ઉત્પન્ન કરનારા પદાર્થોને 'સ્થિર રહેનારા' કહે છે.) અને સ્વાભાવિક રીતે જ મનને ગમે એવા આહાર એટલે કે ભોજન કરવાના પદાર્થો સાત્ત્વિક માણસને ગમતા હોય છે. ॥૮॥

**કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।**
**આહારા રાજસસ્યેષ્ટા દુઃખશોકામયપ્રદાઃ ॥૯॥**

કડવા, ખાટા, ખારા, ઘણા ગરમ, તીખા, ભૂંજેલા, દાહ જન્માવનારા અને દુઃખ, ચિન્તા તથા રોગોને જન્માવનારા આહારો રાજસી માણસને ગમતા હોય છે. ॥૯॥

**યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।**
**ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥૧૦॥**

જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું, સુકાઈ ગયેલા રસનું, સ્વભાવે જ દુર્ગંધી, વાસી અને એઠું છે તથા જે અપવિત્ર (માંસ, ઈંડા જેવા હિંસામય અને દારૂ, ભાંગ, તમાકુ જેવા માદક પદાર્થો કે જે સ્વભાવે જ અપવિત્ર છે તથા જેમનામાં કોઈ જાતના સંગદોષને લીધે કે કોઈ અપવિત્ર વસ્તુ,સ્થાન, પાત્ર કે વ્યક્તિના સંયોગને લીધે તેમજ અન્યાય અને અધર્મથી ઉપાર્જિત અસત્ ધન વડે મેળવેલું હોવાને કારણે અપવિત્રપણું આવી ગયું હોય - એ સર્વ ભોજનના પદાર્થો 'અપવિત્ર' કહેવાય છે.)પણ છે, એ ભોજન તામસી માણસને ગમતું હોય છે. ॥૧૦॥

**અફલાકાઙ્ક્ષિભિર્યજ્ઞો વિધિદિષ્ટો ય ઈજ્યતે ।**

**યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ ॥૧૧॥**

જે શાસ્ત્રવિધિ દ્વારા નિયત થયેલો યજ્ઞ, 'કરવો એ જ કર્તવ્ય છે' એમ મનમાં નિશ્ચય કરીને ફળની ઈચ્છા વિનાના માણસો વડે કરવામાં આવે છે, એ સાત્ત્વિક છે. ॥૧૧॥

**અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્ ।**
**ઈજ્યતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥૧૨॥**

પણ હે ભરતશ્રેષ્ઠ ! કેવળ દંભ આચરવા ખાતર અથવા ફળ પ્રત્યે લક્ષ રાખીને જે યજ્ઞ કરાય છે, એ યજ્ઞને તું રાજસ જાણ.॥૧૨॥

**વિધિહીનમસૃષ્ટાન્નં મન્ત્રહીનમદક્ષિણમ્ ।**
**શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥૧૩॥**

શાસ્ત્રવિધિ વિના, અન્નદાન વિના, મંત્રરહિત, વિના દક્ષિણાએ અને શ્રદ્ધાભાવ વિના કરવામાં આવેલા યજ્ઞને તામસ યજ્ઞ કહેવાય છે. ॥૧૩॥

**દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ ।**
**બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥૧૪॥**

દેવો, બ્રાહ્મણ, ગુરુજનો (અહીંયાં 'ગુરુ' શબ્દથી માતા, પિતા, આચાર્ય અને વૃદ્ધ તેમજ પોતાના કરતાં જેઓ કોઈ પણ રીતે મોટા હોય, એ બધા વડીલોને સમજવા.) અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળપણું, બ્રહ્મચર્ય અને અહિંસા - આ શરીરનું તપ કહેવાય છે. ॥૧૪॥



**અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।**
**સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥૧૫॥**

જે ઉદ્વેગ ન જન્માવનારું, પ્રિય અને હિતકારક તેમજ યથાર્થ વચન છે તથા જે વેદશાસ્ત્રોના વાંચનનો અને પરમેશ્વરના નામ-જપનો અભ્યાસ છે - એ જ વાણીનું તપ કહેવાય છે. ॥૧૫॥

**મનઃપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।**
**ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ॥૧૬॥**

મનની પ્રસન્નતા, શાન્તભાવ, ભગવચ્ચિંતન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ અને અન્તઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા - આ પ્રમાણેનું આ મનનું તપ કહેવાય છે. ॥૧૬॥

**શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્તત્ત્રિવિધં નરૈઃ ।**
**અફલાકાઙ્ક્ષિભિર્યુક્તૈઃ સાત્ત્વિકં પરિચક્ષતે ॥૧૭॥**

ફળની ઈચ્છા વિનાના યોગી જનો દ્વારા પરમ શ્રદ્ધાથી આચરવામાં આવેલા એ ત્રણ પ્રકારના (કાયિક, વાચિક અને માનસિક) તપને સાત્ત્વિક કહે છે. ॥૧૭॥

**સત્કારમાનપૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્ ।**
**ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમધ્રુવમ્ ॥૧૮॥**

જે તપ સત્કાર, માન અને પૂજા ખાતર તથા બીજા કોઈ સ્વાર્થ ખાતર પાખંડથી આચરવામાં આવે છે, એ અનિશ્ચિત ('અનિશ્ચિત ફળ આપનારું' તપ એને કહે છે કે જે ફળની પ્રાપ્તિ અર્થે એનું અનુષ્ઠાન કરવામાં આવે છે, એ ફળ મળવા - ન મળવાનું નિશ્ચિત નથી.) તેમજ ક્ષણિક ફળ આપનારું તપ અહીં

રાજસ કહેવાયું છે. ॥૧૮॥

મૂઢગ્રાહેણાત્મનો યત્પીડયા ક્રિયતે તપઃ ।

**પરસ્યોત્સાદનાર્થં વા તત્તામસમુદાહૃતમ્ ॥૧૯॥**

જે તપ મૂર્ખતાપૂર્વક હઠથી, મન, વાણી અને શરીરની પીડાસહિત અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે આચરવામાં આવે છે, એ તપ તામસ કહેવાયું છે. ॥૧૯॥

**દાતવ્યમિતિ યદ્દાનં દીયતેઽનુપકારિણે ।**

**દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્ ॥૨૦॥**

'દાન આપવું એ જ કર્તવ્ય છે' એવા ભાવથી જે દાન યોગ્ય દેશ, યોગ્ય કાળ (જે દેશ તથા જે કાળે જે વસ્તુની આવશ્યકતા હોય, એ વસ્તુના દાન વડે સૌને યથાયોગ્ય સુખ પહોંચાડવા માટે, એ જ યોગ્ય દેશ અને યોગ્ય કાળ સમજવામાં આવે છે.) અને યોગ્ય પાત્ર (જેની પાસે જ્યાં જે કાળે જે વસ્તુનો અભાવ હોય, એ પ્રાણી ત્યાં અને એ જ કાળે એ વસ્તુના દાનને પાત્ર છે. જેમકે - ભૂખ્યાં, તરસ્યાં, નાગાં, દરિદ્ર, રોગી, આર્ત, અનાથ અને ભયભીત પ્રાણીઓ અન્ન, જળ, વસ્ત્ર, નિર્વાહયોગ્ય પાત્ર છે. આ સિવાય જે શ્રેષ્ઠ આચરણશીલ વિદ્વાન, બ્રાહ્મણ, ઉત્તમ બ્રહ્મચારી, વાનપ્રસ્થીઓ અને સંન્યાસીઓ તેમજ સેવાવ્રતીઓ છે, કે જેમને જે વસ્તુનું દાન આપવું શાસ્ત્રમાં કર્તવ્ય જણાવ્યું છે, એ લોકો તો પોત-પોતાના અધિકાર પ્રમાણે યથાશક્તિ ધન આદિ સઘળી આવશ્યક વસ્તુઓના દાનને પાત્ર છે.) પ્રાપ્ત થતાં, પોતાના પર જેણે ઉપકાર નથી કર્યો, એવા



માણસને પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં, નિઃસ્વાર્થભાવે જે આપવામાં આવે છે, એ દાન સાત્ત્વિક કહેવાયું છે. ॥૨૦॥

**યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।**

**દીયતે ચ પરિક્લિષ્ટં તદ્દાનં રાજસં સ્મૃતમ્ ॥૨૧॥**

પરંતુ જે દાન ક્લેશપૂર્વક (કોઈના ધરણાં કરવાથી, જિદ કરવાથી કે ભય દેખાડવાથી અથવા પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી માણસોના દબાણને વશ થઈને, વગર ઈચ્છાએ મનમાં વિષાદ અને દુઃખ અનુભવતાં નિરુપાય થઈને જે દાન આપવામાં આવે છે, એ ક્લેશપૂર્વક આપેલું દાન ગણાય.) તથા પ્રત્યુપકારની અપેક્ષાથી (એટલે કે દાનના બદલામાં પોતાનું સાંસારિક કાર્ય સિદ્ધ કરવાની અપેક્ષાથી) કે ફળને દૃષ્ટિમાં રાખ્યા (અર્થાત્ મન, પ્રતિષ્ઠા અને સ્વર્ગાદિની પ્રાપ્તિ અર્થે કે રોગ વગેરેની નિવૃત્તિ કાજે) પછી આપવામાં આવે છે, એ દાન રાજસ કહેવાયું છે. ॥૨૧॥

**અદેશકાલે યદ્દાનમપાત્રેભ્યશ્ચ દીયતે ।**

**અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥**

જે દાન સત્કાર વિના કે તિરસ્કારપૂર્વક અયોગ્ય દેશ-કાળમાં અને કુપાત્રને (ઢોંગી, ધૂતારો, હિંસા આચરનાર, બીજાની નિંદા કરનાર, બીજાની જીવિકા પર તરાપ મારીને પોતાનો સ્વાર્થ સાધવામાં તત્પર, બનાવટી વિનય દેખાડનાર, મદ્ય-માંસ જેવી અભક્ષ્ય વસ્તુઓને ખાનાર, ચોરી, વ્યભિચાર જેવાં નીચ કર્મો કરનાર, ઠગ, જુગારી, નાસ્તિક આદિ દાન

માટે કુપાત્ર કહેવાયા છે.) આપવામાં આવે છે, એ દાન તામસ કહેવાયું છે. ॥૨૨॥

**ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।**
**બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરાઃ ॥૨૩॥**

ૐ, તત, સત્ - એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે, એ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞ આદિ રચાયા. ॥૨૩॥

**તસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાનતપઃક્રિયાઃ ।**
**પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ॥૨૪॥**

માટે વેદમંત્રોનું ઉચ્ચારણ કરનારા શ્રેષ્ઠ માણસોની, શાસ્ત્રવિધિથી નિયત થયેલી યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ સદા 'ૐ' એ પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને જ શરૂ થાય છે. ॥૨૪॥

**તદિત્યનભિસન્ધાય ફલં યજ્ઞતપઃક્રિયા : ।**
**દાનક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાઙ્ક્ષિભિઃ ॥૨૫॥**

તત્ એટલે 'તત્' નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સઘળું છે - એવા ભાવ સાથે ફળને લક્ષમાં ન રાખતાં અનેક પ્રકારની યજ્ઞ - તપરૂપી ક્રિયાઓ, તેમજ દાનરૂપી ક્રિયાઓ કલ્યાણની ઈચ્છા રાખનારા માણસો દ્વારા કરવામાં આવે છે. ॥૨૫॥

**સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્પ્રયુજ્યતે ।**
**પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥૨૬॥**



સત્ - એ પ્રમાણે આ પરમાત્માનું નામ સત્યભાવમાં અને શ્રેષ્ઠભાવમાં પ્રયુક્ત થાય છે તથા હે પાર્થ ! ઉત્તમ કર્મોમાં પણ સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. ॥૨૬॥

**યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ સદિતિ ચોચ્યતે ।**
**કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥૨૭॥**

તથા યજ્ઞ, તપ અને દાનમાં જે શ્રદ્ધા અને આસ્તિકબુદ્ધિ છે, એ પણ સત્ કહેવાય છે અને એ પરમાત્માને કાજે કરેલું કર્મ તો નિશ્ચિતપણે સત્ કહેવાય છે. ॥૨૭॥

**અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।**
**અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥૨૮॥**

હે પાર્થ ! વગર શ્રદ્ધાએ કરાયેલો હવન, દીધેલું દાન, આચરેલું તપ અને જે કંઈ પણ કરવામાં આવેલું શુભ કર્મ છે - એ સઘળું અસત્ કહેવાય છે, માટે એ ન તો આ લોકમાં લાભદાયક છે કે ન તો મર્યા પછી ॥૨૮॥

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાત્રયવિભાગયોગો નામ સપ્તદશોઙધ્યાયઃ ॥૧૭॥

**॥શ્રદ્ધાત્રયવિભાગયોગ નામનો સત્તરમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય સત્તરમો

## સાધકનો કાર્યક્રમ

### સુબદ્ધ વર્તનથી વૃત્તિ મોકળી રહે છે

આપણે ધીરે ધીરે છેડે પહોંચતા જઈએ છીએ. પંદરમા અધ્યાયમાં આપણે જીવનનું સંપૂર્ણ શાસ્ત્ર જોયું. સોળમા અધ્યાયમાં એક પરિશિષ્ટ જોયું. માણસના મનમાં અને તેના મનનું પ્રતિબિંબ એવો જે સમાજ છે તે સમાજમાં બે વૃત્તિઓનો અથવા બે સંસ્કૃતિઓનો, અથવા બે સંપત્તિઓનો ઝઘડો ચાલી રહેલો છે. તે પૈકી દૈવી સંપત્તિનો વિકાસ કરવાની શીખ સોળમા અધ્યાયના પરિશિષ્ટમાં આપણને મળી. આજે સત્તરમા અધ્યાયમાં બીજું પરિશિષ્ટ જોવાનું છે. આ અધ્યાયમાં કાર્યક્રમ-યોગ બતાવ્યો છે એમ એક રીતે કહી શકાશે. ગીતા આ અધ્યાયમાં રોજને માટે કાર્યક્રમ સૂચવે છે. નિત્ય ક્રિયાઓ આજના અધ્યાયમાં આપણે જોવાની છે.

આપણી વૃત્તિ પ્રસન્ન તેમ જ મોકળી રહે એમ આપણે



ઈચ્છતા હોઈએ તો આપણે આપણા વર્તનને બાંધી લેવું જોઈએ. આપણો નિત્ય કાર્યક્રમ કોઈ પણ એક ચોક્કસ નક્કી કરેલી ભૂમિકા પરથી ચાલવો જોઈએ. તે મર્યાદામાં રહીને, તે એક ચોક્કસ કરેલી નિયમિત રીતથી આપણું જીવન ચાલે તો જ મન મોકળું રહી શકે. નદી છૂટથી, મોકળાશથી વહે છે પણ તેનો પ્રવાહ બંધાયેલો છે. બંધાયેલો ન હોય તો તે મોકળાપણું, તેની સ્વતંત્રતા એળે જાય. જ્ઞાનીપુરુષના દાખલા પર આપણે નજર નાખી જઈએ. સૂર્ય જ્ઞાનીપુરુષોનો આચાર્ય છે. ભગવાને સૌથી પહેલાં કર્મયોગ સૂરજને શીખવ્યો, પછી સૂર્ય પાસેથી મનુને એટલે વિચાર કરવાવાળા એવા માણસને મળ્યો. સૂર્ય સ્વતંત્ર અને મોકળો છે. તે નિયમિત છે એ હકીકતમાં જે તેની સ્વતંત્રતાનો સાર છે. ઠરાવેલે ચોક્કસ રસ્તે ફરવા જવાની આપણને ટેવ પડી હોય તો રસ્તા તરફ ધ્યાન ન આપવા છતાં મનમાં વિચાર કરતાં કરતાં આપણે ફરી શકીએ છીએ એ આપણા અનુભવની વાત છે. ફરવાને માટે આપણે રોજ નવો નવો રસ્તો લઈએ તો બધું ધ્યાન તે રસ્તા તરફ રોકવું પડે છે. મનને પછી છૂટ રહેતી નથી. સારાંશ, જીવન બોજારૂપ ન લાગતાં જીવનમાં આનંદ લાગે તેટલા સારુ આપણે આપણા વહેવારને બાંધી લેવો જોઈએ.

આને સારુ આ અધ્યાયમાં ભગવાન કાર્યક્રમ બતાવી રહ્યા છે. આપણે જન્મીએ છીએ ત્યારે ત્રણ સંસ્થાઓ સાથે લઈને

જન્મીએ છીએ. એ ત્રણ સંસ્થાઓનું કામ સારામાં સારી રીતે ચલાવી સંસાર આપણે સુખમય કરીએ તેટલા ખાતર ગીતા કાર્યક્રમ બતાવે છે. એ ત્રણ સંસ્થા કઈ? આપણી આજુબાજુ વીંટળાયેલું શરીર એ એક સંસ્થા, આપણી આસપાસ ફેલાયેલું આ વિશાળ બ્રહ્માંડ, આ અપાર સૃષ્ટિ, જેના આપણે એક અંશ છીએ તે બીજી સંસ્થા, અને જે સમાજમાં આપણે જન્મ્યા તે સમાજ, આપણા જન્મની વાટ જોઈ રહેલાં આપણાં માબાપ, આપણાં ભાઈબહેન, આપણી આસપાસનાં આપણાં આડોશી-પાડોશી એ ત્રીજી સંસ્થા છે. આ ત્રણે સંસ્થાઓને આપણે રોજ વાપરીએ છીએ અને તેમને ઘસારો પહોંચાડીએ છીએ. ગીતાની એવી ઈચ્છા છે કે આ સંસ્થાઓ આપણે માટે જે ઘસારો વેઠે છે તે ઘસારો ભરી કાઢવાને આપણે સતત પ્રયત્ન કરી આપણું જીવન સફળ કરીએ. અહંકારને અળગો રાખી આ સંસ્થાઓને લગતું જન્મથી આપણને જે કર્તવ્ય પ્રાપ્ત થયું છે તે આપણે અદા કરવું જોઈએ.

આ કર્તવ્ય અધા કરવાનું છે એ વાત સાચી, પણ તે માટે યોજના શી? યજ્ઞ, દાન અને તપ એ ત્રણ મળીને એ યોજના બને છે. આ શબ્દો આપણા પરિચયના હોવા છતાં, તેમાં રહેલો અર્થ આપણે બરાબર સમજીએ છીએ એવું નથી. એ અર્થ બરાબર સમજી લેવાય અને એ ત્રણે વાતો જીવનમાં ભરેલી રહે તો ત્રણે



સંસ્થા સાર્થક થાય અને આપણું જીવન પણ પ્રસન્ન તેમજ મોકળું રહે.

## તે સારુ ત્રિવિધ ક્રિયાયોગ

આ અર્થ સમજવાને સારુ પહેલાં યજ્ઞ એટલે શું તે આપણે જોઈએ. સૃષ્ટિ-સંસ્થાને આપણે રોજ વાપરીએ છીએ. સો માણસ એક ઠેકાણે રહે તો બીજે દિવસે ત્યાંની સૃષ્ટિ બગડેલી દેખાય છે. ત્યાંની હવા આપણે બગાડીએ છીએ, ત્યાંની જગ્યા ગંદી કરી નાખીએ છીએ. અનાજ ખાઈએ છીએ અને સૃષ્ટિનો ઘસારો પહોંચાડીએ છીએ. સૃષ્ટિ-સંસ્થાને પહોંચતો ઘસારો આપણે ભરી કાઢવો જોઈએ. એટલા ખાતર યજ્ઞ-સંસ્થા નિર્માણ થઈ, યજ્ઞનો ઉદ્દેશ શો છે? સૃષ્ટિને ઘસારો વેઠવો પડે છે તે ભરી કાઢવો તેનું નામ યજ્ઞ છે. આજે હજારો વરસથી આપણે જમીન ખેડતા આવ્યા છીએ. એથી જમીનનો કસ ઓછો થતો જાય છે. આપણે તેને ઘસારો પહોંચાડીએ છીએ. યજ્ઞ કહે છે, 'પૃથ્વીનો કસ તેને પાછો મેળવી આપ. તેમાં ખેડ કર. સૂર્યની ગરમી તેમાં સંઘરાય એવો બંદોબસ્ત કર, તેમાં ખાતર પૂર.' પહોંચેલો ઘસારો ભરી કાઢવો એ યજ્ઞનો એક હેતુ છે. બીજો હેતુ વાપરેલી ચીજનું શુદ્ધિકરણ કરવાનો છે. આપણે કૂવાનો ઉપયોગ કરીએ છીએ. તેથી તેની આજુબાજુ ગંદવાડ થાય છે. પાણી ભરાઈ રહે છે. કૂવાની પાસેની જે આ સૃષ્ટિ બગડી તેને શુદ્ધ કરવાની છે. ત્યાં ભરાયેલું પાણી

ઉલેચી કાઢવાનું છે. કાદવ પડ્યો હોય તો સાફ કરવાનો છે. ઘસારો ભરી કાઢવો. શુદ્ધિ કરવી એ વાતોની સાથે પ્રત્યક્ષ કંઈક નિર્માણ કરવું એ ત્રીજી વાત પણ યજ્ઞમાં સમાયેલી છે. કપડું વાપર્યું તો રોજ ફરી સૂતરકાંતી તે પેદા કરવાનું છે. કપાસ પકવવો, અનાજ પેદા કરવું, સૂતર કાંતવું, એ બધી પણ યજ્ઞક્રિયાઓ જ છે. યજ્ઞમાં જે પેદા કરીએ તે સ્વાર્થને ખાતર પેદા કરવાનું નથી. આપણે જે ઘસારો પહોંચાડ્યો, તે ભરી કાઢવાની કર્તવ્યભાવના એમાં હોવી જોઈએ. આ કંઈ પરોપકાર નથી. આપણે આગળથી જ દેવાદાર છીએ. જન્મથી દેવું માથે લઈને આપણે આવ્યા છીએ. એ દેવું ફેડવાને સારુ જે નવું પેદા કરવાનું છે, જે નિર્મિતિ કરવાની છે તે યજ્ઞ એટલે સેવા છે. પરોપકાર નથી. એ સેવા મારફતે ઋણ ફેડવાનું છે. ડગલે ને પગલે સૃષ્ટિ-સંસ્થાને આપણે વાપરીએ છીએ. તેને વેઠ્યો પડતો ઘસારો ભરી કાઢવાને ખાતર, તેની શુદ્ધિ કરવાને સારુ અને નવું પેદા કરવાને માટે યજ્ઞ કરવાનો છે.

બીજી સંસ્થા માણસનો સમાજ છે. માબાપ, ગુરુ, મિત્ર એ બધાં આપણે માટે મહેનત કરે છે. એ સમાજનું ઋણ ફેડવાને માટે દાન બતાવ્યું છે. સમાજનું ઋણ ચૂકવવાને કરેલો પ્રયોગ તે દાન છે. દાન એટલે પરોપકાર નથી. સમાજ પાસેથી પાર વગરની સેવા મેં લીધી છે. હું આ જગતમાં અસહાય અને દૂબળો



હતો. આ સમાજે મને નાનેથી મોટો કર્યો. એટલા ખાતર મારે સમાજની સેવા કરવાની છે, કરવી જોઈએ. સામા પાસેથી કશું ન લેતાં તેની હું જે સેવા કરું તે પરોપકાર છે. પણ અહીં તો સમાજ પાસેથી આગળથી ભરપૂર લીધેલું છે. સમાજના આ ઋણમાંથી છૂટવાને માટે જે સેવા કરવાની છે તે દાન છે. મનુષ્યસમાજને આગળ જવાને માટે જે મદદ કરવાની છે તે દાન છે. સૃષ્ટિને પહોંચેલો ઘસારો ભરી કાઢવાને કરેલી મહેનત તે યજ્ઞ છે. સમાજનું ચડેલું ઋણ ફેડવાને શરીરથી, ધનથી અથવા બીજાં સાધનથી કરેલી મદદ તે દાન છે.

આ ઉપરાંત ત્રીજી એક સંસ્થા છે. તે આ શરીર, શરીર પણ રોજરોજ ઘસાય છે. આપણે મન, બુદ્ધિ, ઈંદ્રિય એ બધાંને વાપરીએ છીએ અને તેમને ઘસારો પહોંચાડીએ છીએ. આ શરીરરૂપી સંસ્થામાં જે વિકાર, જે દોષ પેદા થાય તેમની શુદ્ધિને માટે તપ કહ્યું છે.

આમ સૃષ્ટિ, સમાજ અને શરીર એ ત્રણે સંસ્થાનું કામ સારામાં સારી રીતે ચાલે એ રીતે વર્તવાની ફરજ છે. આપણે યોગ્ય અથવા અયોગ્ય અનેક સંસ્થા ઊભી કરીએ છીએ. પણ આ ત્રણ સંસ્થા આપણી ઊભી કરેલી નથી. તે સ્વભાવતઃ આપણને આવી મળી છે. એ સંસ્થાઓ કૃત્રિમ નથી. એવી એ ત્રણ સંસ્થાઓને લાગેલો ઘસારો યજ્ઞ, દાન અને તપ એ સાધન

વડે ભરી કાઢવાનો મારો સ્વભાવપ્રાપ્ત ધર્મ છે. આ પ્રમાણે આપે વર્તવું હોય તો આપણી જે હશે તે બધીયે શક્તિની એમાં જરૂર પડશે. બીજી વાતો કરવાની વધારાની શક્તિ આપણી પાસે ફાજલ નહીં રહે. આ ત્રણ સંસ્થા સુંદર રીતે ચાલે તેટલા ખાતર આપણી બધીયે શક્તિ વાપરવી પડશે. કબીરની માફક આપણે પણ જો કહી શકીએ કે "હે ઈશ્વર ! તેં મને જે ચાદર આપી હતી તે જેવી ને તેવી પાછી આપી, આ હું ચાલ્યો. એ તારી ચાદર બરાબર તપાસી લે," તો કેવડી મોટી સફળતા ગણાય ! પણ એવી સફળતા મળે તે માટે યજ્ઞ, દાન અને તપનો ત્રિવિધ કાર્યક્રમ અમલમાં મૂકવો જોઈએ.

યજ્ઞ, દાન અને તપ એ ત્રણેમાં આપણે ભેદ જોયો. પણ ખરું જોતાં ભેદ નથી. કારણ કે સૃષ્ટિ, સમાજ અને શરીર એ પણ તદ્દન જુદી સંસ્થાઓ નથી. આ સમાજ સૃષ્ટિની બહાર નથી. આ શરીર પણ સૃષ્ટિની બહાર નથી. ત્રણે મળીને એક જ ભવ્ય સૃષ્ટિ-સંસ્થા બને છે. તેથી જે ઉત્પાદક શ્રમ કરવાનો છે, જે દાન કરવાનું છે, અને જે તપ આચરવાનું છે તે બધાંયને વ્યાપક અર્થમાં યજ્ઞ જ કહી શકાશે. ગીતાએ ચોથા અધ્યાયમાં દ્રવ્યજ્ઞ, તપોયજ્ઞ વગેરે યજ્ઞો કહ્યા છે. ગીતાએ યજ્ઞનો વિશાળ અર્થ કર્યો છે.

આ ત્રણે સંસ્થાને માટે જે જે સેવા આપણે કરીશું તે સેવા યજ્ઞરૂપ જ હશે. માત્ર એ સેવા નિરપેક્ષ હોય એટલે થયું. આ



સેવામાં ફળની અપેક્ષા રાખી શકાશે જ નહીં, કેમકે ફળ આપણે આગળથી લઈ લીધેલું છે. પહેલાંનું દેવું માથે છે. જે લીધું છે તે પાછું આપવાનું છે. યજ્ઞથી સૃષ્ટિ-સંસ્થામાં સામ્યાવસ્થા પ્રાપ્ત થાય છે, દાનથી સમાજમાં સામ્યાવસ્થા પ્રાપ્ત થાય છે અને તપથી શરીરમાં સામ્યાવસ્થા રહે છે. આમ આ ત્રણ સંસ્થાઓમાં સામ્યાવસ્થા રાખવાને માટેનો આ કાર્યક્રમ છે. એથી શુદ્ધિ થશે, દૂષિત ભાવ નીકળી જશે.

આ જે સેવા કરવાની છે તે માટે કંઈક ભોગ પણ લેવો પડશે. ભોગ એ પણ યજ્ઞનું જ એક અંગ છે. આ ભોગને ગીતાએ આહાર કહ્યો છે. આ શરીરરૂપી યંત્રને ખોરાકરૂપી કોલસો પૂરો પાડવો જરૂરી છે. એ આહાર પોતે યજ્ઞ નહીં હોય, તો પણ યજ્ઞ પાર પાડવાની ક્રિયાનું એક અંગ છે. તેથી 'આ ખાલી પેટ ભરવાપણું નથી, એને યજ્ઞકર્મ જાણ' એમ આપણે કહીએ છીએ. બગીચામાંથી ફૂલ વીણી આણી ઈશ્વરને માથે ચડાવ્યાં તે પૂજા થઈ. પણ ફૂલ ઉગાડવાને માટે બગીચામાં જે મહેનત કરી છે તે પણ પૂજા જ છે. યજ્ઞ પૂરો પાર પાડવાને જે જે ક્રિયા કરવી જરૂરી છે તે એક પ્રકારની પૂજા જ છે. દેહને આહાર આપીએ તો જ તે કામ આપે, યજ્ઞનાં સાધનરૂપ થનારાં કર્મો તે બધાં પણ યજ્ઞ જ છે. ગીતા એ કર્મને તદર્થીય કર્મ, યજ્ઞાર્થ કર્મ એવું નામ આપે છે. આ શરીર સેવાને માટે હંમેશ ખડું રહે તે માટે તેને હું જે આહુતિ

આપું છું તે આહુતિ યજ્ઞરૂપ છે. સેવાર્થ કરેલો આહાર પવિત્ર છે.

આ બધી વાતોના મૂળમાં વળી શ્રદ્ધા જોઈએ. સર્વ સેવા પરમેશ્વરને અર્પણ કરવાની છે એવો ભાવ જોઈએ. આ ઘણી જ મહત્ત્વની વાત છે. ઈશ્વરાર્પણ બુદ્ધિ સિવાય સેવામયતા આવી શકતી નથી. ઈશ્વરાર્પણતાની આ પ્રધાન વસ્તુને વીસર્યે ચાલે એમ નથી.

## સાધનાનું સાત્ત્વિકીકરણ

પણ આપણી ક્રિયાઓ આપણે ઈશ્વરને ક્યારે અર્પણ કરી શકીએ? તે સાત્ત્વિક થાય ત્યારે. આપણાં બધાં કર્મો જ્યારે સાત્ત્વિક થાય ત્યારે તે ઈશ્વરને અર્પણ કરી શકાય. યજ્ઞ, દાન, તપ બધું સાત્ત્વિક થવું જોઈએ. ક્રિયાઓને સાત્ત્વિક કેમ કરવી તેનું રહસ્ય આપણે ચૌદમા અધ્યાયમાં જોયું. આ અધ્યાયમાં ગીતા તે તત્ત્વનો અમલ શી રીતે કરવો તે બતાવે છે.

આ સાત્ત્વિકતાની યોજના કરવામાં ગીતાનો બેવડો ઉદ્દેશ છે. બહારથી યજ્ઞ-દાન-તપની મારી જે વિશ્વસેવા ચાલે છે તેને જ અંદરની આધ્યાત્મિક સાધનાનું નામ આપી શકાય. સૃષ્ટિની સેવા અને સાધના એ બંનેને માટે બે જુદા જુદા કાર્યક્રમની જરૂર નથી. સાધના અને સેવામૂળમાં બે જુદી જુદી વસ્તુઓ જ નથી. બંનેને માટે એક જ પ્રયત્ન, એક જ કર્મ છે. એવું જે કર્મ કર્યું હોય



તે આખરે ઈશ્વરને અર્પણ કરવાનું છે. સેવા+સાધના+ઈશ્વરાર્પણતા એ યોગ એક જ ક્રિયાથી સધાવો જોઈએ.

યજ્ઞ સાત્ત્વિક થાય તે માટે બે વસ્તુની જરૂર છે. નિષ્ફળપણાનો અભાવ અને સકામપણાનો અભાવ એ બે બાબતો યજ્ઞમાં હોવી જોઈએ. યજ્ઞમાં સકામપણું હોય તો તે રાજસયજ્ઞ થાય. નિષ્ફળપણું હોય તો તે તામસ યજ્ઞ થાય.

સૂતર કાંતવં એ યજ્ઞ છે. કાંતતાં કાંતતાં તેમાં આત્મા રેડ્યો ન હોય, ચિત્તની એકાગ્રતા ન હોય તો તે સૂત્રયજ્ઞ બોજારૂપ થશે. બહારથી કામ ચાલતું હોય ત્યારે અંદરથી મનનો મેળ ન હોય તો તે આખી ક્રિયા વિધિહીન થાય. વિધિહીન કર્મ બોજારૂપ થાય છે. વિધિહીન ક્રિયામાં તમોગુણ દાખલ થાય છે. તે ક્રિયા સારામાં સારી પેદાશ આપી શકતી નથી. તેમાંથી ફળ નીપજતું નથી. યજ્ઞમાં સકામપણું ન હોય પણ તેમાંથી સારામાં સારું ફળ મળવું જોઈએ. કર્મમાં મન ન હોય, તેમાં આત્મા ન હોય તો તે બોજારૂપ થાય છે. પછી તેમાંથી સારામાં સારું ફળ મેળવવાની વાત કેવી? બહારનું કામ બગડ્યું તો અંદર મનનો મેળ નહોતો એમ ચોક્કસ જાણવું. કર્મમાં આત્મા રેડો. અંદરથી મેળ રાખો. સૃષ્ટિ-સંસ્થાનું ઋણ ફેડવાને માટે આપણે ફળની સારામાં સારી પેદાશ કરવી જોઈએ. કર્મમાં ફળહીનતા ન આવે તેટલા સારુ આંતરિક મેળનું આ વિધિયુક્તપણું હોવું જોઈએ.

આ રીતે નિષ્કામતા કેળવાશે એટલે આપણે હાથે વિધિયુક્ત સફળ કર્મ થશે અને ત્યારે જ ચિત્તશુદ્ધિ થવા માંડશે. ચિત્તશુદ્ધિની કસોટી શી છે? બહારનું કામ તપાસી જોવું. તે નિર્મળ અને સુંદર નહીં હોય તો ચિત્તને મલિન માનવામાં વાંધો નથી. કર્મમાં સૌંદર્ય ક્યારે ઉતપન્ન થાય? ચિત્તશુદ્ધિપૂર્વક અને પરિશ્રમપૂર્વક કરેલા કર્મ પર પરમેશ્વર પોતાની પસંદગીની, પોતાની પ્રસન્નતાની મહોર મારે, પ્રસન્ન પરમેશ્વર કર્મના વાંસા પર પ્રેમથી હાથ ફેરવે, એટલે તેમાં સૌંદર્ય ઉત્પન્ન થાય છે. સૌંદર્ય એટલે પવિત્ર પરિશ્રમને મળેલો ઈશ્વરી પ્રસાદ. મૂર્તિ ઘડનારા શિલ્પીને એવો અનુભવ થવા માંડે છે કે આ સુંદર મૂર્તિ મારે હાથે બની નથી. મૂર્તિનો આકાર ઘડતાં ઘડતાં છેવટની ઘડીએ, છેલ્લી ક્ષણે ક્યાંકથી આપોઆપ સૌંદર્ય તેમાં આવીને ઊભું રહે છે. ચિત્તશુદ્ધિ વગર આ ઈશ્વરી કળા પ્રગટ થાય ખરી કે? મૂર્તિનું બધુંયે સ્વાસ્થ્ય જ એ છે કે આપણા અંતઃકરણમાં રહેલું સૌંદર્ય તેમાં રેડાયેલું હોય છે. મૂર્તિ આપણા ચિત્તની પ્રતિમા છે. આપણાં બધાંયે કર્મો આપણા મનની મૂર્તિઓ હોય છે. મન સુંદર હશે તો એ કર્મમય મૂર્તિઓ પણ સુંદર થશે. બહારના કર્મની શુદ્ધિનો મનની શુદ્ધિ પરથી અને મનની શુદ્ધિનો બહારના કર્મ પરથી તાળો મેળવી લેવો.

હજી એક વાત કહેવાની રહી છે. તે આ છે. આ બધાંયે



કર્મોમાં મંત્ર પણ જોઈએ. મંત્રહીન કર્મ વ્યર્થ છે. સૂતર કાંતતી વખતે આ સૂતર વડે હું ગરીબ જનતાની સાથે જોડાઉં છું એ મંત્ર અંદર હોવો જોઈએ. આ મંત્ર હૃદયમાં ન હોય અને કલાકોના કલાક સુધી ક્રિયા કરી હોય છતાં તે વ્યર્થ છે. એ ક્રિયા ચિત્તને શુદ્ધ નહીં કરે. પેલી રૂની પૂણીમાં રહેલો અવ્યક્ત પરમાત્મા સૂતરને રૂપે પ્રગટ થાય છે એવો મંત્ર તે ક્રિયામાં રેડીને તે ક્રિયા તરફ જુઓ. એ ક્રિયા અત્યંત સાત્ત્વિક અને સુંદર થશે. તે ક્રિયા પૂજા થશે, યજ્ઞરૂપ સેવા બનશે. એ નાનકડા કાચા સૂતરને તાંતણે તમે સમાજ સાથે, જનતાની સાથે અને ખુદ જગદીશ્વર સાથે બંધાશો. બાળકૃષ્ણના નાનકડા મોઢામાં જસોદામાને આખું વિશ્વ દેખાયું. તમારા એ મંત્રમય સૂતરના દોરામાં પણ તમને વિશાળ વિશ્વ દેખાવા માંડશે.

## આહારશુદ્ધિ

આવી એવા આપણે હાથે થાય માટે આહારશુદ્ધિ પણ જોઈએ. જેવો આહાર તેવું મન, આહાર, પરિમિત, માપસરનો હોવો જોઈએ. આહાર કયો અને કેવો હોવો જોઈએ તેના કરતાંયે તે કેટલો હોવો જોઈએ એ વાત વધારે મહત્ત્વની છે. ખોરાકની પસંદગીની વાત મહત્ત્વની નથી એવું નથી. પણ આપણે જે ખોરાક લઈએ તે પ્રમાણમાં લઈએ છીએ કે નહીં એ સવાલ વધારે મહત્ત્વનો છે.

આપણે જે કંઈ ખાઈએ છીએ તેની અસર થયા વગર રહેતી નથી. આપણે શા સારુ ખાઈએ છીએ? આપણે હાથે સારામાં સારી સેવા થાય તે માટે. આહાર પણ યજ્ઞનું અંગ છે. સેવારૂપ યજ્ઞ ફળદાયી થાય માટે આહાર છે. આહાર તરફ આવી ભાવનાથી જોવાનું રાખો. તે સ્વચ્છ અને શુદ્ધ હોવો જોઈએ. વ્યક્તિ પોતાના જીવનમાં આહારશુદ્ધિ કેટલી કરે એ વાતને મર્યાદા જ નથી. આપણા સમાજે આહારશુદ્ધિને માટે તપસ્યા કરેલી છે. આહારશુદ્ધિને માટે હિંદુસ્તાનમાં બહોળા પ્રયત્ન થયા છે. એ પ્રયોગમાં હજારો વર્ષ ગયાં. એ એક હિંદુસ્તાન દેશ જ એવો છે કે જ્યાં આખી જાતિની જાતિઓ માંસાહારમુક્ત છે. જે જાતિઓ માંસાહાર કરે છે તેમના આહારમાં પણ માંસનો ખોરાક હંમેશનો મુખ્ય હોય છે એવું નથી. અને જે માંસ ખાય છે તેમને પણ પોતે કંઈ બહુ સારું કરે છે એમ લાગતું નથી. મનથી તેમણે માંસ છોડી દીધું હોય છે. માંસાશન પર અંકુશ મૂકવાને ખાતર યજ્ઞ રૂઢ થયો. અને તેટલા જ ખાતર યજ્ઞ બંધ પણ થયો. શ્રીકૃષ્ણ ભગવાને તો યજ્ઞની વ્યાખ્યા જ પલટી નાખી. કૃષ્ણે દૂધનો મહિમા વધાર્યો. કૃષ્ણે અસામાન્ય વાતો કંઈ ઓછી કરી બતાવી નથી. પણ હિંદી પ્રજાને કયા કૃષ્ણનું ઘેલું લાગ્યું હતું? 'ગોપાળકૃષ્ણ ગોપાળકૃષ્ણ' એ જ નામ હિંદી જનતાને વહાલું છે. પેલો કૃષ્ણ, તેની પાસે બેઠેલી પેલી ગાય. પેલી અધર પર વિરાજતી મોરલી,



એવા એ ગાયની સેવા કરવાવાળા ગોપાળકૃષ્ણને જ નાનાં બાળકોથી માંડીને ઘરડાં સુધી સૌ ઓળખે છે. ગોરક્ષણનો મોટામાં મોટો ઉપયોગ માંસાહાર બંધ પાડવામાં થયો. ગાયના દૂધનો મહિમા વધ્યો અને માંસાશન ઓછું થયું.

તો પણ આહારશુદ્ધિ પૂરેપૂરી થઈ ગઈ છે એવું ન સમજશો. આપણે તેને આગળ લઈ જવાની છે. બંગાળી લોકો મચ્છી ખાય છે તેની કેટલાક લોકોને નવાઈ લાગી છે. પણ તે માટે તેમનો વાંક કાઢવો બરાબર નથી. બંગાળમાં ખોરાકમાં એકલો ભાત હોય છે. તેનાથી શરીરને પૂરેપૂરું પોષણ મળતું નથી. એને માટે પ્રયોગો કરવા પડશે. મચ્છી ન ખાતાં કઈ વનસ્પતિ ખાવાથી તેવી ને તેટલી પુષ્ટિ મળે એ બાબતનો વિચાર શરૂ થશે. અસામાન્ય ત્યાગ કરવાવાળી વ્યક્તિઓ નીકળશે અને આવા એક પછી એક અખતરા થતા જશે. આવી વ્યક્તિઓ જ સમાજને આગળ લઈ જાય છે. સૂર્ય જાતે બળે છે, ત્યારે માંડ જીવવા પૂરતી અઠ્ઠાણું ડિગ્રી ગરમી આપણા શરીરમાં રહે છે. સમાજમાં વૈરાગ્યના ધગધગતા સૂર્ય જ્યારે નિર્માણ થાય છે, શ્રદ્ધાથી પરિસ્થિતિને હઠાવી દઈ વગર પાંખે તેઓ ધ્યેયાકાશમાં ઊંચે ને ઊંચે ઊડે છે, ત્યારે માંડ સંસારને ઉપયોગી એવો થોડો સરખો વૈરાગ્ય આપણામાં આવે છે. માંસાહાર બંધ કરવાને ઋષિઓને કેટકેટલી તપસ્યા કરવી પડી હશે, કેવાં કેવાં પ્રાણાર્પણ કરવાં

પડ્યાં હશે તેનો આવે વખતે મને વિચાર આવે છે.

સારાંશ કે આજે આપણી સામુદાયિક આહારશુદ્ધિ આટલે સુધી થઈ છે. અનંત ત્યાગ કરી પૂર્વજોએ કરેલી એ કમાણી ગુમાવશો મા. ભારતીય સંસ્કૃતિમાં રહેલી આ વસ્તુ ડુબાવી મારશો મા. આપણે ફાવે તેમ જીવવું નથી. જેને ફાવે તેમ જીવવં છે તેનું કામ સહેલું છે. પશુઓ પણ ફાવે તેમ તો જીવે છે. પણ જેવા પશુ તેવા જ શું આપણે છીએ? જાનવરો અને આપણી વચ્ચે ફેર છે. એ ફેરને વધારતા રહેવું એને જ સંસ્કૃતિવર્ધન કહે છે. આપણા રાષ્ટ્રે માંસાહારત્યાગનો મોટો અખતરો કરી બતાવ્યો. તેને આગળ વધારો. કંઈ નહીં તો જે ભૂમિકા પર છો ત્યાંથી પાછા હઠશો મા.

આ સૂચના કરવાનું કારણ છે. હમણાં હમણાં કેટલાક લોકોને માંસાહારમાં ઈષ્ટતા દેખાવા માંડી છે. માંસાહાર કરવો જોઈએ એવું લાગવા માંડ્યું છે. આજે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિની પરસ્પર અસર પડે છે. એમાંથી છેવટે ભલું જ થવાનું ચે એવી મને શ્રદ્ધા છે. પશ્ચાત્ય સંસ્કૃતિની અસરથી આપણામાં નથી. સારું હશે તે ટકશે. ખરાબ બળી જશે. પણ અંધશ્રદ્ધા જાય તેની જગ્યાએ અંધ અશ્રદ્ધા પેદા થાય તે ન ચાલે. એકલી શ્રદ્ધા આંધળી હોય છે એવું ન માનશો. અંધ વિશેષણનો ઈજારો એકલી શ્રદ્ધાએ રાખ્યો નથી. અશ્રદ્ધા પણ આંધળી હોઈ શકે.



માંસાહારની બાબતમાં આજે ફરી વિચાર શરૂ થયો છે. એ જે હોય તે ખરું. પરંતુ કોઈ પણ નવો વિચાર નીકળે છે એટલે મને આનંદ થાય છે. લોકો જાગતા છે. જૂની વાતોને ધક્કો દેતા થયા છે એટલું એથી ખસૂસ જણાય છે. જાગૃતિનાં લક્ષણ જોવાનાં મળે તેથી સારું લાગે છે. પણ જાગ્યા પછી આંખ ચોળતા ચાલવા જઈશું તો પડી જવાય એવો સંભવ છે. તેથી પૂરેપૂરી જાગૃતિ આવે ત્યાં સુધી, પૂરું ચોખ્ખું દેખાય એટલા જાગતા થાઓ ત્યાં સુધી વિચાર કરો. ધર્મ પર વિચારની કાતર ચલાવો. આ વિચારરૂપ કાતરથી જેટલો ધર્મ કપાઈ જશે તે નકામો હતો એમ સમજવું જોઈએ. જે ટુકડા એમ તૂટી પડે તેને જવા દો. તારી કાતરથી જે તૂટે નહીં, ઊલટું તારી કાતર જ ત્યાં તૂટી એકદમ કરશો મા. અરધીપરધી જાગૃતિમાં કૃતિ કરવા જશો તો અથડાઈ પડશો. વિચાર જોરથી ભલે ચાલે પણ હાલ તુરત આચાર સાંભળો. કૃતિ પર સંયમ રાખો. પહેલાંની પુણ્યની કમાણી ગુમાવી બેસશો મા.

## અવિરોધી જીવનની ગીતાની યોજના

આહારશુદ્ધિથી ચિત્તશુદ્ધિ કાયમ રહેશે. શરીરમાં તાકાત આવશે. સમાજસેવા સારી રીતે કરી શકાશે. ચિત્તમાં સંતોષ રહેશે. સમાજમાં સંતોષ ફેલાશે. જે સમાજમાં યજ્ઞ-દાન-તપની ક્રિયાઓ વિધિયુક્ત તેમ જ મંત્રસહિત ચાલે છે તે સમાજમાં

વિરોધ જોવાનો નહીં મળે. જેમ અરીસા સામેસામે મૂક્યા હોય તો આમાંનું તેમાં દેખાય છે અને તેમાંનું આમાં દેખાય છે. તેમ વ્યક્તિ અને સમાજ એ બંનેમાં બિંબ-પ્રતિબિંબ ન્યાયે સંતોષ પ્રગટ થશે. મારો સંતોષ તે સમાજનો અને સમાજનો તે મારો છે. બંને સંતોષનો તાળો મેળવી શકાશે અને તે બંને એકરૂપ છે એવું દેખાઈ આવશે. સર્વત્ર અદ્વૈતનો અનુભવ થશે. દ્વૈત અને દ્રોહ આથમી જશે. જેનાથી આવી સુવ્યવસ્થા સમાજમાં રહી શકે તેવી યોજના ગીતા રજૂ કરે છે. આપણો રોજેરોજનો કાર્યક્રમ ગીતાની યોજના પ્રમાણે આપણે રચીએ તો કેવું સારું !

પણ આજે વ્યક્તિનું જીવન અને સામાજિક જીવ એ બંને વચ્ચે ઝઘડો છે. આ ઝઘડો કેમ ટાળી શકાય એની ચર્ચા આજે બધે ચાલી રહેલી છે. વ્યક્તિ અને સમાજ એમની મર્યાદા કઈ કઈ? વ્યક્તિ ગૌણ કે સમાજ ગૌણ? ચડિયાતું કોણ? વ્યક્તિવાદના કોઈ કોઈ હિમાયતી સમાજને જડ માને છે. સેનાપતિની પાસે એકાદ સિપાઈ આવે છે ત્યારે તેની સાથે વાત કરવામાં સેનાપતિ સૌમ્ય ભાષા વધારે છે. તેને ‘તું’કારથી બોલાવવાને બદલે ‘તમે’ કહીને વાત કરે છે. પણ લશ્કર પર તે ફાવે તેવા હુકમો છોડશે. લશ્કર અચેતન, જાણે પથરો જ ! તેને આમથી તેમ ને તેમથી આમ ગબડાવી શકાય. વ્યક્તિ ચૈતન્યમય છે. સમાજ જડ છે. એ વાતનો અનુભવ અહીં પણ થાય છે. મારી પાસે બસો-ત્રણસો



લોકો છે, પણ તેમને ગમે કે ના ગમે તોયે હું બોલ્યા કરું છું. મને જે સૂઝે તે હું કહેતો જાઉં છું. જાણે તમે બધા જડ ન હો ! પણ મારી સામે એક વ્યક્તિ આવે તો તે વ્યક્તિનું કહેવું મારે સાંભળવું પડે અને તેને વિચારપૂર્વક જવાબ આપવો પડે. અહીં જો કે મેં તમને કલાક-કલાક થોભાવી રહ્યા છે.

સમાજ જડ છે અને વ્યક્તિ ચૈતન્યમય છે એવા વ્યક્તિ-ચૈતન્યવાદનું કોઈ કોઈ પ્રતિપાદન કરે છે. તો બીજા વળી સમુદાયને મહત્ત્વ આપે છે. મારા વાળ ખરી જાય, હાથ તૂટી જાય, એક આંખ જાય, દાંત પડી જાય એટલું જ નહીં એક ફેફસું પણ જતું રહે તોયે હું જીવતો રહું છું. એકે એક છૂટો અવયવ જડ છે. તેમાંના એકાદ અવયવના નાશથી સર્વનાશ થતો નથી. સામુદાયિક શરીર ચાલ્યા કરે છે. આવી આ બે પરસ્પર વિરુદ્ધ વિચારસરણી છે. જેવી દૃષ્ટિથી તમે જોશો તેવું અનુમાન કાઢશો. જે રંગનાં ચશ્માં તે રંગની સૃષ્ટિ દેખાય છે.

કોઈ વ્યક્તિને મહત્ત્વ આપે છે. કોઈ સમાજે આપે છે. આનું કારણ એ છે કે સમાજમાં જીવનને માટેના કલહનો ખ્યાલ ફેલાયેલો છે. પણ જીવન શું કલહને માટે છે? તેના કરતાં મરી કેમ નથી જતા? કલહ એ મરવાને માટે છે. એથી જ સ્વાર્થ અને પરમાર્થ વચ્ચે આપણે ભેદ પાડીએ છીએ. સ્વાર્થ અને પરમાર્થ વચ્ચે ભેદ છે એ ખ્યાલ જે માણસે પહેલવહેલો ઊભો કર્યો તેની

## અઢારમા અધ્યાયનું મહાત્મ્ય

શ્રી પાર્વતીજી બોલ્યાં : હે ભગવાન ! આપે સત્તરમા અધ્યાયનું માહાત્મ્ય કહ્યું. હવે અઢારમા અધ્યાયનું માહાત્મ્ય પણ વર્ણવી બતાવો.

શ્રી મહાદેવજી બોલ્યા : હે ગિરિનંદિનિ ! ચિન્મય આનંદની ધારા પ્રવાહિત કરનારા અઢારમા અધ્યાયમા અધ્યાયનું પાવન માહામ્ત્ય જે વેદોથી પણ ઉત્તમ છે તેનું શ્રવણ કરો. આ સંપૂર્ણ શાસ્ત્રોનું સર્વસ્વ, કાનોમાં પડેલા રસાયણ જેવું તથા સંસારની યાતનાઓને છિન્ન ભિન્ન કરનાર છે. સિદ્ધ પુરુષો માટે આ એક પરમ રહસ્યની વસ્તુ છે. આમાં અવિદ્યાનો નાશ કરવાની પૂરી શક્તિ છે. આ ભગવાન વિષ્ણુની ચેતના તથા શ્રેષ્ઠ પરમપદ છે. એટલું જ નહિ, આ વિવેકમયી લતાનું મૂળ કામ, ક્રોધ અને મદનો નાશ કરનાર, ઈન્દ્રાદિ દેવોના ચિત્તનું વિશ્રામધામ તથા સનક-સનંદન આદિ મહાયોગીઓનું મનોરંજન કરનાર છે. આના પાઠ માત્રથી યમદૂતોની ગર્જના બંધ થઈ જાય છે. હે પાર્વતી ! આનાથી વિશેષ કોઈ રહસ્યમય



ઉપદેશ નતી જે સંતપ્ત માનવોના ત્રિવિધ તાપને હરનાર અને મોટાં પાપોનો નાશ કરનાર હોય. અઢારમા અધ્યાયનું માહાત્મ્ય લોકોત્તર છે. આના સંબંધમાં જે પવિત્ર ઉપાખ્યાન છે તેને ભક્તિપૂર્વક સાંભળો. તેના શ્રવણ માત્રથી જીવ સમસ્ત પાપોથી મુક્ત થાય છે.

મેરુગિરિના શિખર ઉપર અમરાવતી નામની એક રમણીય નગરી છે. તેને પૂર્વ કાળમાં સાક્ષાત્ વિશ્વકર્માએ બનાવી હતી. તે પુરીમાં દેવતાઓ વડે સેવિત દેવરાજ ઈન્દ્ર શચીની સાથે નિવાસ કરતા હતા. એક દિવસ તેઓ સુખપૂર્વક બેઠેલા હતા. એટલામાં જ તેમણે જોયું કે ભગવાન વિષ્ણુના દૂતોથી સેવિત એક બીજો પુરુષ ત્યાં આવી રહ્યો છે. ઈન્દ્ર તે નવા પુરુષના તેજથી તિરસ્કૃત થઈ તરત જ પોતાના મણિજડેલ સિંહાસન પરથી મંડપમાં પડી ગયો. ત્યારે ઈન્દ્રના સેવકોએ દેવલોકના સામ્રાજ્યનો મુકુટ નવા ઈન્દ્રના મસ્તક ઉપર મૂકી દીધો. પછી દિવ્ય ગીત ગાતી દેવાંગનાઓ સાથે બધા દેવો તેની આરતી ઉતારવા લાગ્યા. ઋષિઓએ વેદમંત્રોના ઉચ્ચાર કરી તેને આશીર્વાદ આપ્યા. ગંધર્વો લલિત સ્વરમાં મંગલીત ગાવા લાગ્યા.

આ રીતે આ નવા ઈન્દ્રને સો યજ્ઞોના અનુષ્ઠાન વગર જ વિવિધ પ્રકારના ઉત્સવોથી સેવિત જોઈ જૂના ઈન્દ્રને ઘણું આશ્ચર્ય થયું. તે વિચારવા લાગ્યો : ‘આ માણસે ક્યારેય માર્ગમાં વિસામા

બનાવ્યા નથી, તળાવ-સરોવર ખોદાવ્યાં નથી અને પથિકોના વિશ્રામ માટે વૃક્ષો પણ લગાવ્યાં નથી. દુકાળ પડતાં અન્નદાન કરી પ્રાણીઓને પણ આ માણસે સત્કાર્યા નથી.આ વ્યક્તિએ તીર્થોમાં સત્ર અને ગામોમાં યજ્ઞ-અનુષ્ઠાન પણ કર્યાં નથી. તેમ છતાં આ માણસે અહીં ભાગ્યથી મળતી બધી વસ્તુઓ કઈ રીતે મેળવી છે?' આ ચિંતાથી વ્યાકુળ થઈ ઈન્દ્ર ભગવાન વિષ્ણુને પૂછવા માટે પ્રેમપૂર્વક ક્ષીરસાગરના કિનારે ગયો. ત્યાં અકસ્માત્ સામ્રાજ્યથી ભ્રષ્ટ થવાનું દુઃખ નિવેદન કરતાં બોલ્યો :

'હે લક્ષ્મીકાન્ત ! મેં પૂર્વકાળમાં આપની પ્રસન્નતા માટે સો યજ્ઞોનું અનુષ્ઠાન કર્યું હતું. તેના જ પુણ્યથી મને ઈન્દ્રપદની પ્રાપ્તિ થઈ હતી. પરંતુ અત્યારે સ્વર્ગમાં કોઈ બીજો જ ઈન્દ્ર અધિકાર જમાવી બેઠો છે. તેણે ક્યારેય ધર્મનું કે યજ્ઞોનું અનુષ્ઠાન કરેલ નથી. તો પછી તેણે મારા દિવ્ય સિંહાસન ઉપર કઈ રીતે અધિકાર જમાવ્યો છે?'

શ્રી ભગવાન બોલ્યા : 'હે ઈન્દ્ર ! તે ગીતાના અઢારમા અધ્યાયમાંથી પાંચ શ્લોકોનો નિત્ય પાઠ કરે છે. તેના જ પુણ્યથી તેણે તમારા ઉત્તમ સામ્રાજ્યને પ્રાપ્ત કરેલા છે. ગીતાના અઢારમા અધ્યાયનો પાઠ સર્વ પુણ્યોનો શિરોમણિ છે. તેનો આશ્રય લઈ તમે પણ પોતાના પદ ઉપર સ્થિર થઈ શકો છો.'

ભગવાન વિષ્ણુનાં આ વચન સાંભળી તે ઉત્તમ ઉપાયને



જાણી ઈન્દ્ર બ્રાહ્મણનો વેશ ધરી ગોદાવરી કિનારે ગયો. ત્યાં તેણે કાલિકાગ્રામ નામે ઉત્તમ અને પવિત્ર નગર જોયું. ત્યાં કાળનું પણ મર્દન કરનાર ભગવાન કાલેશ્વર બિરાજમાન છે. ત્યાં જ ગોદાવરી કિનારે એક પરમ ધર્માત્મા ભૂદેવ બેઠેલા હતા. તે દયાળુ અને વેદોમાં પારંગત વિદ્વાન હતા. તેઓ પોતાના મનને વશ કર દરરોજ ગીતાના અઢારમા અધ્યાયનો સ્વાધ્યાય કરતા હતા. તેમને જોઈ ઈન્દ્રે ઘણી પ્રસન્નતા સાથે તેમનાં બંને ચરણોમાં મસ્તક ઝૂકાવ્યું અને તેમની પાસેથી અઢારમા અધ્યાયનો બોધ લીધો. પછી તેના જ પુણ્યથી તેમણે શ્રી વિષ્ણુનું સાયુજ્ય મેળવ્યું. ઈન્દ્ર આદિ દેવોની પદવી ઘણી નાની છે. આ જાણીને તેઓ પરમ આનંદ સાથે ઉત્તમ વેકુંઠ ધામમાં ગયા. તેથી આ અધ્યાય મુનિઓ માટે શ્રેષ્ઠ પરમ તત્ત્વ સ્વરૂપ છે.

હે પાર્વતી ! અઢારમા અધ્યાયનું આ દિવ્ય માહાતમ્યનું વર્ણન સમાપ્ત થયું. આના શ્રવણ માત્રથી મનુષ્ય સર્વ પાપોથી મુક્તિ મેળવે છે. આ રીતે સંપૂર્ણ ગીતાના પાપનાશક માહાતમ્યનું વર્ણન કર્યું છે. હે મહાભાગે ! જે માણસ શ્રદ્ધાયુક્ત થઈ આનું શ્રવણ કરે છે તે સમસ્ત યજ્ઞોનું ફળ પ્રાપ્ત કરી અંતે વિષ્ણુનું સાયુજ્ય મેળવે છે.

## અષ્ટાદશ અધ્યાય

**અર્જુન ઉવાચ**

**સંન્યાસસ્ય મહાબાહો તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।**
**ત્યાગસ્ય ચ હૃષીકેશ પૃથક્કેશિનિષૂદન ॥૧॥**

અર્જુન બોલ્યા : હે મહાબાહો ! હે અન્તર્યામી ! હે વાસુદેવ ! હું સંન્યાસના તેમજ ત્યાગના તત્ત્વને જુદું-જુદું જાણવા માંગું છું. ॥૧॥

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।**
**સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥૨॥**

શ્રીભગવાન બોલ્યા : કેટલાક પંડિતજનો કામ્યકર્મોનાં (સ્ત્રી, પુત્ર, ધન આદિ પ્રિય લાગતાં પ્રાપ્તિ અર્થે તથા રોર, સંકટ વગેરેના નિવારણ અર્થે જે યજ્ઞ, દાન, તપ અને ઉપાસના જેવા કર્મો કરવામાં આવે છે, એમનું નામ 'કામ્યકર્મો ' છે.) ત્યાગને સંન્યાસ સમજે છે, જ્યારે બીજા વિચારકુશળ માણસો સઘળાંય કર્મોના ફલના ત્યાગને (ઈશ્વરની ભક્તિ, દેવતાઓનું પૂજન,



માતા-પિતા આદિ વડીલોની સેવા, યજ્ઞ, દાન અને તપ તથા વર્ણાશ્રમ અનુસાર આજીવિકાનાં કર્મો તેમજ શરીરસંબંધી ખાવું-પીવું વગેરે જેટલાં કર્તવ્યકર્મો છે, એમના અનુષ્ઠાનમાં રહેલી ઈહલોક અને પરલોકની સઘળી કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો, એનું નામ 'સઘળાંય કર્મોનાં ફળનો ત્યાગ' છે.) ત્યાગ કહે છે. ॥૨॥

**ત્યાજ્યં દોષવદિત્યેકે કર્મ પ્રાહુર્મનીષિણઃ ।**
**યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યમિતિ ચાપરે ॥૩॥**

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે કર્મમાત્ર દોષયુક્ત છે, માટે ત્યાગ કરવા યોગ્ય છે, જ્યારે અન્ય વિદ્વાનો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી ॥૩॥

**નિશ્ચયં શૃણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ્ ।**
**ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥૪॥**

હે પુરુષશ્રેષ્ઠ ! હે ભરતવંશીઓમાં ઉત્તમ ! સંન્યાસ અને ત્યાગ - એ બેમાંથી પહેલાં ત્યાગ વિષે તું મારો નિશ્ચય સાંભળ, કેમકે ત્યાગ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો કહેવાયો છે. ॥૪॥

**યજ્ઞદાનતપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।**
**યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥૫॥**

યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી,

પરંતુ એ તો અવશ્ય કરવાં જોઈએ, કેમકે યજ્ઞ, દાન અને તપ - એ ત્રણેય કર્મો બુદ્ધિશાળી (વર્ણાશ્રમ અનુસાર જેના માટે જે કર્મો કર્તવ્યરૂપે જણાવાયાં છે, એ શાસ્ત્રવિહિત કર્મોનું શાસ્ત્રવિધિ અનુસાર અંગ-ઉપાંગસહિત નિષ્કામભાવે ભગવદર્થ કર્મ કરનારા મુમુક્ષુ માણસોને 'બુદ્ધિશાળી' માણસો કહ્યા છે.) માણસોને પવિત્ર કરનારાં છે. ॥૫॥

**એતાન્યપિ તુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ ।**
**કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥૬॥**

માટે હે પાર્થ ! આ યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને, તેમજ બીજાં પણ સઘળાંય કર્તવ્ય કર્મોને આસક્તિ અને ફળનો ત્યાગ કરીને ચોક્કસ કરવાં જોઈએ, આ મારો નિશ્ચિત કરેલો ઉત્તમ મત છે. ॥૬॥

**નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।**
**મોહાત્તસ્ય પરિત્યાગસ્તામસઃ પરિકીર્તિતઃ ॥૭॥**

(નિષિદ્ધ તેમજ કામ્યકર્મોનો તો સ્વરૂપથી ત્યાગ કરવો ઉચિત જ છે) પરંતુ નિયત કર્મનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી, માટે મોહને લીધે એ નિયત કર્મનો ત્યાગ કરી દેવો તામસ ત્યાગ કહેવાયો છે. ॥૭॥

**દુઃખિમિત્યેવ યત્કર્મ કાયક્લેશભયાત્ત્યજેત્ ।**
**સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥૮॥**



જે કંઈ કર્મ છે, એ સઘળું દુઃખરૂપ જ છે - એમ માનીને જો કોઈ માણસ શારીરિક ક્લેશના ભયથી કર્તવ્યકર્મોનો ત્યાગ કરી દે, તો એ આવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને કોઈ રીતે પણ નથી પામતો. ॥૮॥

**કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ।**
**સઙ્ગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥૯॥**

હે અર્જુન ! જે શાસ્ત્રવિહિત કર્મ, 'કરવું કર્તવ્ય છે' એવા ભાવથી આસક્તિ અને ફળનો ત્યાગ કરીને કરવામાં આવે છે, એ જ સાત્ત્વિક ત્યાગ મનાયો છે. ॥૯॥

**ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।**
**ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥૧૦॥**

જે માણસ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો કે કુશળ કર્મમાં આસક્ત નથી થતો, એ શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત માણસ સંશય વિનાનો, બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે. ॥૧૦॥

**ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ ।**
**યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥૧૧॥**

શરીરધારી કોઈ માણસ દ્વારા સંપૂર્ણપણે બધાં જ કર્મોને ત્યજવાં શક્ય નથી. માટે જે કર્મફળનો ત્યાગ કરનાર છે, એ જ ત્યાગી કહેવાય છે. ॥૧૧॥

**અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।**

**ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સંન્યાસિનાં ક્વચિત્ ॥૧૨॥**

કર્મફળનો ત્યાગ ન કરનારા માણસોનાં કર્મોનું સારું, નરસું અને મિશ્ર - એમ ત્રણ પ્રકારનું ફળ મર્યા પછી અવશ્ય હોય છે, પરંતુ કર્મફળનો ત્યાગ કરી દેનારા માણસોનાં કર્મોનું ફળ કોઈ કાળે પણ નથી હોતું. ॥૧૨॥

**પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે।**
**સાઙ્ખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ॥૧૩॥**

હે મહાબાહો ! સર્વ કર્મોના સિદ્ધ થવામાં આ પાંચ કારણો, કર્મોનો અંત કરવાનો ઉપાય દર્શાવનાર સાંખ્યશાસ્ત્રમાં કહેવાયાં છે, એમને તું મારી પાસેથી સારી રીતે જાણી લે. ॥૧૩॥

**અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।**
**વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્ ॥૧૪॥**

આ વિષે એટલે કે કર્મોની સિદ્ધિ થવામાં અધિષ્ઠાન, (જેના આશ્રયે રહીને ક્રિયાઓ થાય છે, એ શરીર અને ભૂમિ વગેરેને જ અહીં 'અધિષ્ઠાન' કહ્યાં છે.) કર્તા, જુદા-જુદા પ્રકારનાં કારણો, (મન, બુદ્ધિ અને અહંકારરૂપી અન્તઃકરણને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોરૂપી દસ બાહ્યકરણોને તેમજ કર્મો કરવામાં સહાયક ઉપકરણોને અહીં 'કરણ' કહ્યાં છે.) અનેક જાતની જુદી-જુદી ચેષ્ટાઓ અને એ જ રીતે પાંચમું કારણ દૈવ (પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોના સંસ્કારો કે જે 'પ્રારબ્ધ' કે 'અદૃષ્ટ'



ના નામે પણ ઓળખાય છે, એમને અહીં 'દૈવ' કહ્યા છે.) છે. ॥૧૪॥

**શરીરવાઙ્મનોભિર્યત્કર્મ પ્રારભતે નરઃ।**
**ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ ॥૧૫॥**

માણસ, મન, વાણી અને શરીરથી શાસ્ત્રને અનુકૂળ કે વિપરીત જે કંઈ પણ કર્મ આચરે છે - એનાં આ પાંચેય કારણો છે. ॥૧૫॥

**તત્રૈવં સતિ કર્તારમાત્માનં કેવલં તુ યઃ।**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વાન્ન સ પશ્યતિ દુર્મતિઃ ॥૧૬॥**

પરંતુ આમ હોવા છતાં પણ જે માણસ અશુદ્ધ બુદ્ધિનો (સત્સંગ અને સત્-શાસ્ત્રોના અભ્યાસ દ્વારા તેમજ વિવેક, વિચાર અને શમ, દમ આદિ આધ્યાત્મિક સાધનો દ્વારા જેની બુદ્ધિ શુદ્ધ થઈ નથી, એ માણસને 'અશુદ્ધ બુદ્ધિનો' સમજવો.) હોવાને કારણે કર્મોના થવામાં 'કેવળ' અર્થાત્ શુદ્ધસ્વરૂપ આત્માને કર્તા સમજે છે, એ મલિન બુદ્ધિનો અજ્ઞાની ખરું નથી સમજતો. ॥૧૬॥

**યસ્ય નાહઙ્કૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે।**
**હત્વાપિ સ ઈમાઁલ્લોકાન્ન હન્તિ ન નિબધ્યતે ॥૧૭॥**

જે માણસના અન્તઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, તેમજ જેની બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી,

એ માણસ આ બધા લોકોને હણીને પણ વાસ્તવમાં નથી હણતો કે નથી પાપથી બંધાતો. (જેમ અગ્નિ, વાયુ કે જળ વડે પ્રારબ્ધવશ કોઈ પ્રાણીની હિંસા થતી હોય એમ દેખાવા છતાં પણ એ અગ્નિ, વાયુ કે જળ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, એ જ રીતે જે માણસનું દેહમાં અભિમાન નથી, તેમજ સ્વાર્થ વિના કેવળ સંસારના હિતાર્થે જ જેની બધી ક્રિયાઓ થતી હોય છે, એ માણસના શરીર અને ઈન્દ્રિયો દ્વારા કદી કોઈ પ્રાણીની હિંસા થતી લોકદૃષ્ટિમાં જોવામાં આવે, તો પણ એ માણસ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, કેમકે આસક્તિ, સ્વાર્થ અને અહંકાર ન હોવાને કારણે કોઈ પ્રાણીની હિંસા થઈ જ નથી શકતી તથા કર્તૃત્વના અભિમાન વિના કરેલું કર્મ ખરેખર તો અકર્મ જ છે, માટે એ માણસ પાપથી નથી બંધાતો.) ॥૧૭॥

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસઙ્ગ્રહઃ ॥૧૮॥**

જ્ઞાતા, (કોઈપણ પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરનારને 'જ્ઞાતા' કહે છે) જ્ઞાન (જ્ઞાતા જે વૃત્તિ દ્વારા વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરે છે, એનું નામ જ્ઞાન છે.) અને જ્ઞેય (જ્ઞાતા જે વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરે છે એનું નામ જ્ઞેય છે.) - આ ત્રણ પ્રકારના કર્મના પ્રેરકો છે, અને કર્તા, (જોવું, સાંભળવું, સમજવું, સ્મરવું આદિ સઘળી ક્રિયાઓને કરનાર પ્રકૃતિસ્થ પુરુષને કર્તા કહે છે.)



કરણ તેમજ ક્રિયા (કર્તા કરણો દ્વારા જે કંઈ પણ કરે છે, એનું નામ ક્રિયા છે) - આ ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ એટલે કે કર્મનાં સાધનો છે. ॥૧૮॥

**જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ।**
**પ્રોચ્યતે ગુણસઙ્ખ્યાને યથાવચ્છૃણુ તાન્યાપિ ॥૧૯॥**

ગુણોને આધારે સઘળા પદાર્થોની ગણના કરનારા સાંખ્યશાસ્ત્રમાં ગુણોના ભેદને લીધે જ્ઞાન, કર્મ તથા કર્તા ત્રણ - ત્રણ પ્રકારનાં જ કહેવાયાં છે. એમને પણ તું મારી પાસેથી સારી પેઠે સાંભળ. ॥૧૯॥

**સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે।**
**અવિભક્તં વિભક્તેષુ વિદ્ધિ સાત્ત્વિકમ્ ॥૨૦॥**

જે જ્ઞાનથી માણસ ભિન્ન-ભિન્ન જણાતાં બધાં જ ભૂતોમાં એક અવિનાશી પરમાત્મભાવને, અવિભાજિતરૂપે સમભાવે રહેલો જુએ છે, એ જ્ઞાનને તું સાત્ત્વિક જાણ. ॥૨૦॥

**પૃથક્ત્વેન તુ યજજ્ઞાનં નાનાભાવન્પૃથગ્વિધાન્।**
**વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજજ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥૨૧॥**

પરંતુ જે જ્ઞાન સકળ ભૂતોમાં જુદી-જુદી જાતના અનેક ભાવોને જુદા-જુદા સ્વરૂપે જાણે છે, એ જ્ઞાનને તું રાજસ જાણ.॥૨૧॥

**યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્કાર્યે સક્તમહેતુકમ્।**

**અતત્ત્વાર્થવદલ્પં ચ તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥**

અને વળી જે જ્ઞાન એકલા કાર્યરૂપ શરીરમાં જ સંપૂર્ણની જેમ આસક્ત રહેનારું છે (એટલે કે જે અવળા જ્ઞાન વડે માણસ એક ક્ષણભંગુર અને નાશવંત શરીરને જ આત્મા માનીને, જાણે એ જ સર્વસ્વ છે એમ માનીને, એમાં 'આસક્ત' રહે છે.) તથા જે યુક્તિ વિનાનું તાત્ત્વિક અર્થથી રહિત તેમજ તુચ્છ છે, એ તામસ કહેવાયું છે. ॥૨૨॥

**નિયતં સઙ્ગરહિતમરાગદ્વેષતઃ કૃતમ્ ।**
**અફલપ્રેપ્સુના કર્મ યત્તત્સાત્ત્વિકમુચ્યતે ॥૨૩॥**

જે કર્મ શાસ્ત્રવિધિથી નિયત થયેલું હોય, કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કરવામાં આવ્યું હોય તેમજ ફળની લાસા વિનાના માણસ વડે રાગ-દ્વેષ વિના કરવામાં આવ્યું હોય - એ કર્મ સાત્ત્વિક કહેવાય છે. ॥૨૩॥

યત્તુ કામેપ્સુના કર્મ સાહઙ્કારેણ વા પુનઃ ।
ક્રિયતે બહુલાયાસં તદ્રાજસમુદાહૃતમ્ ॥૨૪॥

પરંતુ જે કર્મ ઘણો પરિશ્રમ વેઠીને કરાય છે અને વળી ભોગોને ઈચ્છતા માણસો વડે કે અહંકારી માણસ વડે કરવામાં આવે છે, એ કર્મ રાજસ કહેવાયું છે. ॥૨૪॥

**અનુબન્ધં ક્ષયં હિંસામનવેક્ષ્ય ચ પૌરુષમ્ ।**
**મોહાદારભ્યતે કર્મ યત્તત્તામસમુચ્યતે ॥૨૫॥**



જે કર્મ પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યને ધ્યાનમાં લીધા વિના, કેવળ અજ્ઞાનને લીધે આચરવામાં આવે છે, એ કર્મ તામસ કહેવાય છે. ॥૨૫॥

**મુક્તસઙ્ગોઽનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ ।**
**સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે ॥૨૬॥**

જે કર્તા સંગ વિનાનો, અહંકારભર્યા વચનો ન બોલનાર, ધૈર્ય અને ઉત્સાહ ધરાવનાર તથા કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિમાં હરખ-શોક આદિ વિકારોથી રહિત છે, એ સાત્ત્વિક કહેવાય છે. ॥૨૬॥

**રાગી કર્મફલપ્રેપ્સુર્લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ ।**
**હર્ષશોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ॥૨૭॥**

જે કર્તા આસક્તિ ધરાવનાર, કર્મોના ફળની લાલસા રાખનાર, લોભી, બીજાને કષ્ટ આપવાનો સ્વભાવ ધરાવનાર, અશુદ્ધ આચરણ રાખનાર તેમજ હરખ-શોકથી લિપ્ત છે, એ રાજસ કહેવાયો છે. ॥૨૭॥

**અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકોઽલસઃ ।**
**વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામસ ઉચ્યતે ॥૨૮॥**

જે કર્તા પોતાને વશમાં ન રાખનાર, અશિક્ષિત, ઘમંડી, શઠ, બીજાની આજીવિકાનો નાશ કરનાર, શોક કરનાર, આળસુ અને દીર્ઘસૂત્રી ('દીર્ઘસૂત્રી' એને કહેવાય છે, જે થોડા સમયમાં

થઈ જનારા સામાન્ય કામને પણ 'પછી કરી લઈશું' એ આશાએ મુલતવી રાખીને લાંબા સમય સુધી પણ પૂરું નથી કરતો.) છે, એ તામસ કહેવાય છે. ॥૨૮॥

**બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શ્રૃણુ ।**
**પ્રોચ્યમાનમશેષેણ પૃથક્ત્વેન ધનઞ્જય ॥૨૯॥**

હે ધનંજય ! હવે તું બુદ્ધિ તેમજ ધૃતિનો પણ ગુણો અનુસાર ત્રણ પ્રકારનો ભેદ મારા વડે સંપૂર્ણપણે વિભાગપૂર્વક કહેવાતો સાંભળ. ॥૨૯॥

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।**
**બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૦॥**

હે પાર્થ ! જે બુદ્ધિ પ્રવૃત્તિમાર્ગ (ગૃહસ્થમાં રહીને ફલ અને આસક્તિને છોડીને ભગવદર્પણ બુદ્ધિથી કેવળ લોકશિક્ષણ કાજે રાજા જનકની જેમ વર્તવાનું નામ 'પ્રવૃત્તિમાર્ગ' છે.) અને નિવૃત્તિમાર્ગને (દેહાભિમાનને ત્યાગીને કેવળ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત થયેલા શ્રીશુકદેવજી તેમજ સનકાદિની જેમ સંસારથી ઉપરત થઈને વિચરવાનું નામ 'નિવૃત્તિમાર્ગ' છે.) કર્તવ્ય તેમજ અકર્તવ્યને, ભય અને અભયને તથા બંધન અને મોક્ષને યથાર્થપણે જાણે છે, એ બુદ્ધિ સાત્ત્વિકી છે. ॥૩૦॥

**યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।**



**અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥૩૧॥**

હે પાર્થ ! માણસ જે બુદ્ધિ દ્વારા ધર્મ અને અધર્મને તથા કર્તવ્ય અને અકર્તવ્યને પણ યથાર્થપણે નથી જાણી શકતો, એ બુદ્ધિ રાજસી છે. ॥૩૧॥

**અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા ।**
**સર્વાર્થાન્વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥૩૨॥**

હે પાર્થ ! તમોગુણથી ઘેરાયેલી જે બુદ્ધિ અધર્મને પણ 'આ ધર્મ છે' એમ માની બેસે છે તથા એ જ પ્રમાણે બીજા સઘળા પદાર્થોને પણ અવળા માને છે, એ બુદ્ધિ તામસી છે. ॥૩૨॥

**ધૃત્યા યયા ધારયતે મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ ।**
**યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૩॥**

હે પૃથાપુત્ર ! જે અવ્યભિચારિણી (પરમાત્મા સિવાયના અન્ય સાંસારિક વિષયોને ધારણ કરવા એ વ્યભિચારદોષ છે. એ દોષથી જે રહિત છે, એ 'અવ્યભિચારિણી ધારણાશક્તિ' છે.) ધારણશક્તિથી માણસ ધ્યાનયોગ દ્વારા મન, પ્રાણ અને ઈન્દ્રિયોની ક્રિયાઓને (મન, પ્રાણ અને ઈન્દ્રિયોને પરમાત્મપ્રાપ્તિ અર્થે ભજન, ધ્યાન અને નિષ્કામ કર્મોમાં જોડાવાં, એનું નામ એમની 'ક્રિયાઓને ધારણ કરવી' છે.) ધારણ કરે છે, એ ધૃતિ સાત્ત્વિકી છે. ॥૩૩॥

**યયા તુ ધર્મકામાર્થાન્ધૃત્યા ધારયતેઽર્જુન ।**

**પ્રસઙ્ગેન ફલાકાઙ્ક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ॥૩૪॥**

પરંતુ હે પૃથાપુત્ર અર્જુન ! ફળની લાલસા રાખનાર માણસ જે ધારણશક્તિ દ્વારા ઘણી આસક્તિ-પૂર્વક ધર્મ, અર્થ અને કામને ધારણ કરે છે, એ ધારણશક્તિ રાજસી છે. ॥૩૪॥

**યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।**
**ન વિમુઞ્ચતિ દુર્મેધાં ધૃતિઃ સા પાર્થ તામસી ॥૩૫॥**

હે પૃથાપુત્ર ! દુષ્ટ બુદ્ધિનો માણસ જે ધારણ શક્તિ દ્વારા નિદ્રા, ભય, ચિંતા અને દુઃખને તથા ઉન્મત્તપણાને પણ નથી છોડતો, પણ પકડી રાખે છે, એ ધારણશક્તિ તામસી છે. ॥૩૫॥

**સુખં ત્વિદાનીં ત્રિવિધં શ્રૃણુ મે ભરતર્ષભ ।**
**અભ્યાસાદ્રમતે યત્ર દુઃખાન્તં ચ નિગચ્છતિ ॥૩૬॥**
**યત્તદગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્ ।**
**તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તમાત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥૩૭॥**

હે ભરતશ્રેષ્ઠ ! હવે ત્રણ પ્રકારનાં સુખને પણ તું મારી પાસેથી સાંભળ, જે સુખમાં સાધક માણસ ભજન, ધ્યાન અને સેવા આદિના અભ્યાસ વડે રમણ કરે છે અને જેથી દુઃખોના અન્તને પામી જાય છે - જે આ જાતનું સુખ છે, એ શરૂઆતમાં જોકે વિષ જેવું જણાય છે, (જેમ રમતમાં ચોંટેલા ચિત્તના બાળકને વિદ્યાનો અભ્યાસ, એનું મહત્ત્વ ન સમજાવાને લીધે શરૂઆતમાં ઝેર જેવો ભાસે છે, એ જ રીતે વિષયોમાં આસક્ત માણસોને



ભગવદ્ભજન, ધ્યાન, સેવા આદિ સાધનોનો અભ્યાસ, મર્મ ન સમજાવાને કારણે શરૂઆતમાં 'વિષ જેવો જણાય' છે.) પણ પરિણામે અમૃત જેવું છે, માટે એ પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઊપજનારું સુખ સાત્ત્વિક કહેવાયું છે. ॥૩૬-૩૭॥

**વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ ।**
**પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥૩૮॥**

જે સુખ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થાય છે, એ શરૂઆતમાં - ભોગકાળમાં અમૃત જેવું જણાતું હોવા છતાં પરિણામે વિષ (બળ, વીર્ય, બુદ્ધિ, ધન, ઉત્સાહ તેમજ પરલોકનો નાશ કરનારું હોવાને લીધે વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થનારા સુખને પરિણામે 'વિષ જેવું' કહ્યું છે.) જેવું છે. માટે એ સુખ રાજસ કહેવાયું છે. ॥૩૮॥

**યદગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમાત્મનઃ ।**
**નિદ્રાલસ્યપ્રમાદોત્થં તત્તામસમુદાહૃતમ્ ॥૩૯॥**

જે સુખ ભોગકાળે તેમજ પરિણામે પણ આત્માને મોહિત કરનારું છે, એ નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી જન્મેલું સુખ તામસ કહેવાયું છે. ॥૩૯॥

**ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।**
**સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્ત્રિભિર્ગુણૈઃ ॥૪૦॥**

પૃથ્વી પર, આકાશમાં કે દેવતાઓમાં,અથવા એ સિવાય

ક્યાંય પણ એવો કોઈ પણ જીવ નથી, જે આ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રણેય ગુણોથી મુક્ત હોય. ॥૪૦॥

**બ્રાહ્મણક્ષત્રિયવિશાં શૂદ્રાણાં ચ પરન્તપ।**
**કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ ॥૪૧॥**

હે પરંતપ ! બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રોનાં કર્મો સ્વભાવમાંથી ઊપજેલા ગુણો દ્વારા વિભક્ત કરવામાં આવ્યા છે. ॥૪૧॥

**શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ।**
**જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥૪૨॥**

અન્તઃકરણનો નિગ્રહ કરવો, ઈન્દ્રિયોનું દમન કરવું, ધર્મના પાલન કાજે કષ્ટ સહેવું, બાહ્ય-ભીતરથી શુદ્ધ રહેવું, બીજાના અપરાધોને ક્ષમા આપવી, મન, ઈન્દ્રિય તેમજ શરીરને ઋજુ સ્વભાવનાં રાખવાં, વેદો, શાસ્ત્રો, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી, વેદ-શાસ્ત્રોનું અધ્યયન તથા અધ્યાપન કરવું અને પરમાત્માના તત્ત્વને અનુભવવું - આ બધાંય બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મો છે. ॥૪૨॥

**શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્।**
**દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ॥૪૩॥**

શૂરવીરપણું, તેજ, ધૈર્ય, નિપુણતા તથા યુદ્ધમાં પણન ભાગવું, દાન આપવું અને સ્વામિભાવ (એટલે કે નિઃસ્વાર્થપણે



સૌનું હિત વિચારીને શાસ્ત્રની આજ્ઞા અનુસાર શાસન દ્વારા પ્રેમાળભાવે પુત્રની જેમ પ્રજાનું પાલન કરવાનો ભાવ.) - આ બધાં ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે. ॥૪૩॥

**કૃષિગૌરક્ષ્યવાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્।**
**પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્ ॥૪૪॥**

ખેતી, ગોપાલન અને ખરીદવા-વેચવારૂપી સત્ય વ્યવહાર (વસ્તુઓને ખરીદતી કે વેચતી વખતે તોલ, માપ કે ગણતરી કરતાં ઓછું આપવું અથવા વધારે લેવું, તેમજ વસ્તુને બદલીને કે એક વસ્તુમાં બીજી (ખરાબ) વસ્તુ ભેળવીને આપી દેવી અથવા (સીરી) લઈ લેવી, તથા નફો આડત અને દલાલી નક્કી કરીને એના કરતાં વધુ કિંમત લેવી કે ઓછી આપવી તથા જૂઠ, કપટ, ચોરી અને બળજબરીથી કે બીજા કોઈ પ્રકારે બીજાનો હક છીનવી લેવો ઈત્યાદિ દોષો વિનાનો જે સત્યતાપૂર્વક પવિત્ર વસ્તુઓનો વેપાર છે, એનું નામ 'સત્ય વ્યવહાર' છે.) - આ વૈશ્યના સ્વાભાવિક કર્ છે તથા સર્વ વર્ણોની સેવા કરવી, શૂદ્રનું પણ સ્વાભાવિક કર્મ છે. ॥૪૪॥

**સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ।**
**સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિન્દતિ તચ્છૃણુ ॥૪૫॥**

પોત-પોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતાપૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિને પામી જાય છે, પોતાના

સ્વાભાવિક કર્મમાં માણસ જે રીતે કર્મ કરીને પરમ સિદ્ધિને પામે છે, એ ઉપાયને તું સાંભળ ॥૪૫॥

**યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥૪૬॥**

જે પરમેશ્વરથી સઘળા પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ આખું જગત વ્યાપેલું છે, (જેમ બરફ જળથી વ્યાપેલો છે, એ જ પ્રમાણે આખો સંસાર સચ્ચિદાનંદઘન પરમાત્માથી વ્યાપેલો છે.) એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને (જેમ પતિવ્રતા સ્ત્રી પતિને જે સર્વસ્વ માનીને પતિનું ચિંતન કરતી કરતી, પતિની આજ્ઞા અનુસાર, પતિને માટે મન-વાણી-શરીરથી કર્મ કરે છે, એ જ રીતે પરમેશ્વરને જ સર્વસ્વ સમજીને પરમેશ્વરનું ચિંતન કરતાં કરતાં, પરમેશ્વરની આજ્ઞા અનુસાર, મન-વાણી અને શરીરથી પરમેશ્વરને માટે સ્વાભાવિક કર્તવ્ય કર્મનું આચરણ કરવું, અને કર્મ દ્વારા 'પરમેશ્વરનું પૂજન' છે.) માણસ પરમ સિદ્ધિને પામી જાય છે. ॥૪૬॥

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૪૭॥**

સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વિનાનો છતાં પણ પોતાનો ધર્મ ચઢિયાતો છે, કેમકે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મરૂપી કર્મ કરતો માણસ પાપને નથી પામતો.



॥૪૭॥

**સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।**
**સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ ॥૪૮॥**

હે કૌન્તેય ! દોષયુક્ત હોવા છતાં પણ સહજ (પ્રકૃતિ અનુસાર શાસ્ત્રવિધિથી નિયત કરવામાં આવેલાં જે વર્ણાશ્રમના ધર્મ અને સામાન્ય ધર્મરૂપ સ્વાભાવિક કર્મ છે, એમને જ અહીં 'સ્વધર્મ', 'સહજકર્મ', 'સ્વકર્મ', 'નિયતકર્મ', 'સ્વભાવજ કર્મ' અને 'સ્વભાવનિયતકર્મ' ઈત્યાદિ નામોથી ઓળખવામાં આવે છે.) કર્મને ન છોડવું જોઈએ, કેમકે ધૂમાડાથી અગ્નિની પેઠે સઘળાં કર્મો કોઈને કોઈ દોષથી મુક્ત છે. ॥૪૮॥

**અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહ઼ઃ ।**
**નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સન્ન્યાસેનાધિગચ્છતિ ॥૪૯॥**

સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિ ધરાવનાર, સ્પૃહા વિનાનો તેમજ જેણે અન્તઃકરણને જીત્યું છે એવો માણસ સાંખ્યયોગ દ્વારા એ પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. ॥૪૯॥

**સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાપ્નોતિ નિબોધ મે ।**
**સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥૫૦॥**

જે જ્ઞાનયોગની પરા નિષ્ઠા છે, એ નૈષ્કર્મ્યસિદ્ધિને જે પ્રકારે પામીને માણસ બ્રહ્મને પામે છે, એ પ્રકારને હે કુન્તીપુત્ર ! તું સંક્ષેપમાં જ મારી પાસેથી સાંભળ. ॥૫૦॥

**બુદ્ધયા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ ।**
**શબ્દાદીન્વિષયાસ્ત્યક્ત્વા રાગદ્વેષૌ વ્યુદસ્ય ચ ॥૫૧॥**
**વિવિક્તસેવી લઘ્વાશી યતવાક્કાયમાનસઃ ।**
**ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ॥૫૨॥**
**અહઙ્કારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।**
**વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે ॥૫૩॥**

વિશુદ્ધ થયેલી બુદ્ધિથી યુક્ત, પચવામાં હલકો, સાત્ત્વિક અને નિયમિતપણે ખોરાક ખાનાર, શબ્દાદિ વિષયોને ત્યજીને એકાન્ત તેમજ શુદ્ધ દેશનું સેવન કરનાર, સાત્ત્વિક ધારણશક્તિ દ્વારા અન્તઃકરણ અને ઈન્દ્રિયોને સંયમિત કરીને મન, વાણી તથા શરીરને વશમાં રાખનાર, રાગ-દ્વેષને સંપૂર્ણપણે નષ્ટ કરીને યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો આશરો લેનાર તથા અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને પરિગ્રહને છોડીને નિરંતર ધ્યાનયોગને પરાયણ રહેનાર, મમત્વ વિનાનો અને શાંત માણસ સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્નભાવે સ્થિત રહેવાને પાત્ર બને છે. ॥૫૧-૫૨-૫૩॥

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાઙ્ક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥૫૪॥**

પછી એ સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં એકાત્મભાવે સ્થિત, પ્રસન્નમન યોગી ન તો કોઈના માટે શોક કરે છે કે ન કશાયની આકાંક્ષા કરે છે, એવો બધાય પ્રાણીઓમાં સમભાવ રાખનાર યોગી મારી પરાભક્તિને (જે તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠા છે, જ્ઞાનયોગનું જે ફળ છે, તથા જે પરમાત્માના યથાર્થ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવીને એમનામાં અભિન્નભાવે પ્રવેશ કરાવે છે, એ જ અહીં 'પરાભક્તિ', 'જ્ઞાનની પરાનિષ્ઠા', 'પરમ નૈષ્કર્મ્યસિદ્ધિ' ઈત્યાદિ નામોથી કહેવાઈ છે.) પામી જાય છે. ॥૫૪॥



**ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥૫૫॥**

એ પરાભક્તિ દ્વારા એ યોગી મુજ પરમાત્માને, હું જે છું અને જેવો પ્રભાવનો છું, બરાબર એવોને એવો તત્ત્વથી જાણી લે છે તથા એ ભક્તિના પ્રભાવે મને તત્ત્વથી જાણીને તત્કાળ મારામાં પ્રવેશી જાય છે. ॥૫૫॥

**સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।**
**મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥૫૬॥**

માટે પરાયણ થયેલો કર્મયોગી સઘળાં કર્મોને સદા કરતો હોવા છતાંય મારી કૃપાથી શાશ્વત અવિનાશી પરમ પદને પામી જાય છે. ॥૫૬॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૧૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા